નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાંત-રક્ષા તથા પ્રચારનું પત્ર

૧૦૮ ધર્મકથા વિશેષાંક

વર્ષ ૨૧

અંક ૧

# શ્રી જૈન શાસન

અઠવાડિક

પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવ
શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી
સ્વ. શાહ ધરમશી નથુભાઇ (કાનાલુંશ-હાલાર) તથા
તેમના પૌત્ર સ્વ. ચંદ્રકાંતભાઇ તથા સ્વ. નરેશભાઇ જુઠાલાલ
તથા શ્રીમતિ પાનીબેન ધરમશી
તથા શાહ જુઠાલાલ ધરમશીના શ્રેયાર્થે
શ્રીમતિ યશોદાબેન જુઠાલાલ શાહ
પરિવારની શુભેચ્છા

14, WHITTINGTON WAY, PINNER MIDDX, LONDON, HAS GUT (U.K.)


શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫-દિગ્વિજય પ્લોટ,
જામનગર - 361 005. (સૌરાષ્ટ્ર) INDIA
Ph. : 0288 - 2770963

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડિક)

લ ાજમ
૧ ક   રૂા. ૧૦૦ • આજીવન રૂા. ૧,૦૦૦
૧ ક પરદેશમાં રૂા. ૫૦૦ • આજીવન રૂા. ૬,૦૦૦

તંત્રીઓ
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

✧ વર્ષ : ૧ વિ. સં. ૨૦૬૫, કારતક સુદ-૬, મંગળવાર તા. ૪-૧૧-૨૦૦૮ ✧ અંક -

કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨ ૦૦૭

## મહામંત્ર આરાધક શિવકુમાર

યશોભદ્ર નામના શ્રેષ્ઠીને શિવ નામનો પુત્ર હતો. બાલ્યવયથી જ તે જુગાર વગેરે વ્યસનમાં આસક્ત બન્યો હતો. તેના પિતાએ તેને ઘણી વાર સમજા ો છતાં તેની કંઇ પણ અસર તેના ઉપર થઇ નહીં. તેના પિતાએ તેને ર્મ માર્ગે વાળવા પણ પ્રયત્ન કર્યો; છતાં તેમાં પણ તેને સફળતા મ ી નહીં. છેવટે તેના પિતાએ તેને એકાંતમાં બોલાવી કહ્યું : 'પુત્ર, બીજું તો કંઈ નહીં પરંતુ જ્યારે તારા પર ભયંકર આફત આવી પડે ારે તું ''નવકાર'' મંત્રને યાદ કરજે. તારી સર્વ આફત તેના સ્મરણ માત્રથી નાશ પામી જશે.' પિતાના અતિશય આગ્રહથી તેણે નમસ્ક : મંત્ર શીખી લીધો.

જુ રી-લંપટ લોકોના સંસર્ગથી શિવકુમારની બધી સંપત્તિ નાશ પામી. દ્રવ્ય નાશ પામવાથી તેનાં માનપાન ઘટી ગયાં. મિત્રો પણ ને છોડી ચાલ્યા ગયા. નિસ્તેજ બનેલા શિવકુમારને એકદા એક ત્રિદંડી યોગીનો મેળાપ થયો. તેણે તેની નિસ્તેજતાનું કારણ પૂછ , એટલે શિવકુમારે પોતાની નિર્ધનતાનું દુઃખ વ્યક્ત કર્યું. પરિવ્ર જક પોતાની મંત્રસિદ્ધિ માટે શિવ જેવા સુલક્ષણા કુમારનો ભ ગ આપવા માગતો હતો. તેણે પોતાની જાળમાં ફસાવવા વિ ાર્યું અને કહ્યું, ''હે શિવ! જો તું મારું કહ્યું માને તો ઘરની દાસી ી માફક લક્ષ્મી તને વશ થઈ જાય.'' શિવે તે માની લીધું એટલે પરિવ્રાજકે કહ્યું કે 'સ્મશાનમાંથી કોઈ પણ અ ત શબ (આખું મડદું) લઈ આવ.'

કાળ . ચૌદશની ભયંકર રાત્રિ આવતાં પરિવ્રાજકે શિવને તેવું બ, કંકુ અને પુષ્પ આદિ સામગ્રી લઈ ભયાનક સ્મશાનભૂ માં આવવા જણાવ્યું. સ્મશાનભૂમિમાં ત્રિદંડીએ એક ભવ્ય માંડલ બનાવ્યું. હોમ કરવા માટે સુંદર વાટિકા બનાવી અને મડદાના હાથમાં તીક્ષ્ણ તલવાર આપી. પાસેના જ વૃક્ષ ઉપર શીકું બનાવી શિવકુમારને તેમાં બેસાડયો. જેથી તે પડે એટલે સીધો હોમમાં જ પડે. બાદ દુષ્ટ બુદ્ધિવાળો ત્રિદંડી નિશ્ચલ ચિત્તથી મંત્ર સ્મરણ કરવા લાગ્યો. આ બધા કારસ્તાન પરથી શિવકુમાર સમજી ગયો કે પોતે ભયંકર આફતમાં સપડાયો છે. ત્રિદંડી પોતાનો ભોગ લેવા માગે છે. ભયંકર સ્મશાન, કાળી અંધારી રાત્રિ, ક્રૂર ત્રિદંડી, ઉઘાડી તલવારે ઊભું રાખેલું શબ અને ત્રિદંડીનો મંત્રોચ્ચાર.... આ બધું જોઈ શિવકુમાર પોતાનું મૃત્યુ પાસે જ છે તેમ સમજી ગયો. આ સમયે પિતાની શિખામણ તેને યાદ આવી અને તે એક ચિત્તથી નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યો. ત્રિદંડીના મંત્રપ્રભાવથી તે શબ તલવાર લઈ શીંકાના સૂતરના તાર તોડવા આગળ ચાલે છે પણ નવકારમંત્રના પ્રભાવથી તે આગળ વધી શકતો નથી. આ પ્રમાણે બે-ચાર વખત થવાથી શંકાશીલ પરિવ્રાજકે શિવને પૂછ્યું : 'શું તું કોઈ પણ જાતનો મંત્ર જાણે છે ?' શિવકુમારને ખબર નથી કે પોતાના નવકાર મંત્રના સ્મરણથી પરિવ્રાજકનો મંત્ર નિષ્ફળ થાય છે. તેણે ભોળાભાવથી કહ્યું : 'હું કંઈ પણ જાણતો નથી.'

બન્ને જણ પોતપોતાના મંત્રો યાદ કરતા રહ્યા. ત્રિદંડીના મંત્રબળથી મડદામાં અધિષ્ઠિત થયેલ વૈતાલ શિવકુમારને કંઈ પણ ઉપદ્રવ કરી શક્યો નહીં. શિવકુમારના સ્થિર ચિત્તના નવકારના મંત્રજાપથી તેનું પરિબળ વધ્યું એટલે કંટાળેલા વૈતાલે તે ત્રિદંડીને જ ઊંચકીને હોમમાં ફેંકી દીધો. જેથી તેમાંથી સુવર્ણ પુરૂષ ઉત્પન્ન થયો.

શિવકુમારને આવો બનાવ જોઈ અતિ આશ્ચર્ય થયું. પોતાના મંત્રજાપનું જ આ પ્રત્યક્ષ પરિણામ જોઈને અતિ આનંદિત થયો. તેણે નીચે ઊતરીને સુવર્ણ પુરૂષને ભૂમિમાં ગુપ્તપણે દાટી રાખી દીધો. તેમાંથી થોડું થોડું સુવર્ણ મેળવી અલ્પ સમયમાં જ તે મહાશ્રીમંત બની ગયો.

# ૩ સતી શ્રેષ્ઠ શ્રીમતી

પોતનપુરમાં સુવ્રત શ્રેષ્ઠીને શ્રીમતી નામની સદ્‌ગુણી પુત્રી હતી. ધર્મશાસ્ત્રના અભ્યાસથી તે તત્ત્વના મર્મને પણ જાણતી હતી. તેમ જ તેનો આચાર પણ શુદ્ધ હતો. જેમ શ્રીમતી ધર્મમાં પ્રવીણ હતી તેમ ગૃહકાર્યમાં પણ પ્રવીણ હતી. તેનામાં રૂપ તેમ જ ગુણનો સુમેળ હતો. તે જ નગરમાં એક મિથ્યાદષ્ટિ શ્રેષ્ઠી પુત્ર હતો. તેણે શ્રીમતીના હસ્તની માગણી કરી. સુવ્રત શ્રેષ્ઠીએ પ્રથમ તો ઈનકાર કર્યો; પરંતુ તે શ્રેષ્ઠી પુત્રે પોતે અતિશય ધર્મી હોવાનો અને જૈનધર્મ પર પ્રીતિ હોવાનો આડંબર કરવા માંડ્યો. છેવટે બહુ સમજાવવાથી સુવ્રત શ્રેષ્ઠીએ શ્રીમતીને તેની સાથે ધામધૂમપૂર્વક પરણાવી.

પરણીને સાસરે આવ્યા બાદ શ્રીમતીનો ગૃહ-વ્યવહાર થોડો વખત તો શાન્તિપૂર્વક ચાલ્યો પરંતુ ત્યાર બાદ શ્રીમતી ચુસ્ત જૈનધર્મ પાળતી હોવાના કારણે તેની નણંદ વગેરે કોઈ ને કોઈ કારણ બતાવી તેના ઉપર ગુસ્સો દર્શાવવા લાગ્યાં. શ્રીમતી તેનું કારણ સમજી ગઈ છતાં નિશ્ચળ ચિત્તથી ધર્મનું પાલન કરતી. ધીમે ધીમે તેનો પતિ તેનાથી વિમુખ થવા લાગ્યો. તેનાં સાસુ-સસરા પણ તેના પ્રત્યે ઓછો આદર બતાવવા લાગ્યાં, છતાં, શ્રીમતી તો નિશ્ચળ મને ધર્મનું આરાધન કરતી, સાથેસાથે ગૃહકાર્યોમાં જરા પણ ખામી આવવા દેતી નહીં.

તેનાં સાસુ-સસરાએ પોતાના પુત્રને બીજી સ્ત્રી પરણાવવાનો ઘાટ ઘડવા માંડ્યો, પણ શ્રીમતીની હાજરીમાં તેમ કેમ બની શકે ? એકદા ઘરના સર્વ માણસોએ એકાંતમાં મળી એક પ્રપંચ રચ્યો. ઘરની અંધારી કોટડીમાં એક ઘડામાં મોટો ભયંકર સાપ મૂકીને તે ઘડાનું ઢાકણું ઢાંકી દીધું. પછી સમય જોઈને તેના પતિએ શ્રીમતીને આદેશ કર્યો કે પેલી ઓરડીમાં પડેલા ઘડામાંથી તું પુષ્પની માળા લઈ આવ, પૂજા માટે તેનો ઉપયોગ કરવાનો છે.

શ્રીમતીને આ કાવતરાની ગંધ પણ નહોતી. તે પ્રતિદિન નવકારમંત્રનું સ્મરણ કરતી. આજે પણ નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં તે અંધાર કોટડીમાં ગઈ,

**ઘડાનું ઢાંકણું ખસેડી ઘડામાં હાથ નાખી તે પુષ્પની માળા લઈને પતિ પાસે આવી.**

નવકાર મંત્રના પ્રભાવથી શાસનદેવીએ ઘડામાંથી સાપ ખસેડી પુષ્પની માળા ગોઠવી દીધી હતી. આ દશ્ય જોતાં જ ચકિત બનેલા તેના પતિએ બધા માણસોને એકત્ર કરીને બનેલો બનાવ કહી સંભાળાવ્યો. આ પ્રભાવથી ઘરના બધા માણસો શ્રીમતીના ચરણમાં પડ્યા અને પોતાના દુષ્ટાચરણની માફી માંગી.

શ્રીમતીએ જણાવ્યું કે "આપ સર્વ તો મારા પૂજ્ય છો. મારૂં કહેવું એટલું જ છે કે તમો સન્માર્ગે વળો: શુદ્ધ જૈનધર્મનું આચરણ કરો અને પ્રતિદિન નવકાર મંત્રનું સ્મરણ કરો." તુષ્ટ બનેલાં સાસુ-સસરાએ મોટો મહોત્સવ કર્યો અને પોતાનું દ્રવ્ય ધર્મકાર્યોમાં વાપરવા માંડ્યું.

શ્રી વિનયવિજય મહારાજે પુન્યપ્રકાશના સ્તવનમાં જણાવ્યું છે કે :

*શ્રીમતીને એ વળી મંત્ર ફળ્યો તત્કાળ*
*ફણીધર ફીટીને પ્રગટ થઈ ફૂલમાળ...*

❖ ❖ ❖



૩

# કુમારપાળનો પૂર્વભવ યાને નરવીર

*(આ કથાનક "શ્રી જયન્ત" તેમજ "જ્યતાક" નામે પણ કેટલાક ગ્રંથમાં છે.)*

મેવાડના રાજા જયકેશીનો પુત્ર નરવીર હતો. મોટો થયો ત્યારે ચોરી, લૂંટફાટ વગેરે આચરતો હોવાથી રાજાએ નરવીરને દેશનિકાલની સજા કરેલી. તેણે એક બાજુના પહાડ ઉપર અડ્ડો જમાવ્યો અને એક ટોળકી ઊભી કરી. તે ટોળકીનો સરદાર બની મોટા પાયે ડાકુગીરી કરવા લાગ્યો.

એક વખત માળવાનો મોટો વેપારી ધનદત્ત કેટલાંક ગાડાઓમાં ધન ભરી ત્યાંથી પસાર થતો હતો તેને નરવીરની ટોળીએ લૂંટી લીધો. બધું જ લૂંટાવાથી ધનદત્ત બેબાકળો બની ગયો. પણ અંધારાનો લાભ લઈ ત્યાંથી જીવતો ભાગી છૂટ્યો. આનું વેર લેવું જ જોઈએ એવો દૃઢ સંકલ્પ કરી તે માળવાના રાજા પાસે ગયો, પોતે કેવી રીતે લુંટાયો અને પાયમાલ થઈ ગયો છે તેની વાત માળવાના રાજાને કરી, અને *આજીજી કરી તેણે રાજા પાસે થોડા લશ્કરની માંગણી કરી.* આ ડાકુ પકડાય યા નાશ પામે તો સારૂં જ છે એમ સમજી રાજાએ લશ્કર આપ્યું. લશ્કર લઈ ધનદત્ત નરવીરની પલ્લી પાસે પહોંચ્યો. લશ્કરની મદદથી ચારે બાજુથી પલ્લીને ઘેરી લીધી. નરવીર તથા તેના સાથીઓ બહાદુરીથી લડ્યા પણ લશ્કરનો સામનો મુશ્કેલ હતો. એક પછી એક મરાતા ગયા. નછૂટકે નરવીર એકલો ભાગી ગયો. ધનદત્તે પલ્લીને આગ ચાંપી. એટલે પલ્લીમાંથી નરવીરની પત્ની જે ગર્ભવતી હતી તે બહાર નીકળી. ધનદત્તે તેનું માથું તલવારથી કાપી નાખ્યું અને તલવારથી એનું પેટ ચીરી ગર્ભને કાઢી તેને શિલા ઉપર પછાડી ક્રૂરપણે ગર્ભહત્યા કરી.

પલ્લીમાંથી જેટલું ધન-સંપત્તિ મળી તે ભેગી કરી. પોતાની ગુમાવેલી સંપત્તિનો મોટો ભાગ પણ તેમાં હતો. ગાડાઓમાં ધન-સંપત્તિ વગેરે ભરી તેણે ઘર-ભેગી કરી. માળવાના રાજા પાસે આવી બધી વાત કરી અને કેવી રીતે લડી નરવીરને ભગાડ્યો તથા તેની સ્ત્રીને કાપી નાખી તેના પેટમાં રહેલ ગર્ભને શિલા ઉપર પછાડી મારી નાખ્યું તે બધું કહી સંભળાવ્યું. રાજા આ સંભાળી ધનદત્ત ઉપર ખૂબ જ ગુસ્સે થઈ ગયો. તે દયાળુ હતો. તેણે ધનદત્તને સખત ધિક્કાર્યો અને કહ્યું, "તેં સ્ત્રીહત્યા તથા બાળહત્યા કરી છે, જેમણે તારૂં કંઈ બગાડ્યું નહતું." અને સૈનિકોને હુકમ કરી તેની ઘરભેગી કરેલી બધી સંપત્તિ રાજભંડારમાં લઈ લીધી, અને એનો ઘોર તિરસ્કાર કરી દેશનિકાલની સજા કરી.

ધનદત્ત જંગલમાં રખડતો-ભટકતો હતો. તેને હવે પોતે કરેલા પાપનો પશ્ચાત્તાપ થયો. તેણે ઉગ્રપણે તપ કરવા માંડ્યું. મરીને એ જીવનો પુનર્જન્મ થયો...તે જ પાટણનો **રાજા સિદ્ધરાજ સોલંકી.**

હારેલો અને બધું ખોઈ બેઠેલો નરવીર એક ઝાડ નીચે સૂઈ ગયો. આખી રાત ઊંઘી ન શક્યો. દિલમાં રોષ હતો. પોતાનાં કહેવાય એવું કોઈ હતું નહીં. અસહાય બનેલ નરવીર ચિંતા કરતો બેઠો છે, ત્યાં વિહાર કરતાં સાધુગણનું નાનું ટોળું ત્યાંથી પસાર થતું જોયું. તે ઊઠ્યો. વંદન કરી જાણ્યું કે તેના નાયક આચાર્યશ્રી યશોભદ્રસૂરિ હતા. તેમણે નરવીરને જોયો. નરવીરને પણ આચાર્યશ્રી તરફ ભક્તિભાવ જાગ્યો. આચાર્યશ્રીને દયા આવી. પ્રેમપૂર્વક હકીકત પૂછી. નરવીરે બધી જ હકીકત કહી દીધી. પોતે કરેલાં પાપ પણ વર્ણવી જણાવ્યા. આચાર્યશ્રીએ હવે એવાં પાપકર્મો ન કરવા અને સજ્જન બની રહેવાનો ઉપદેશ આપ્યો.

ગુરુદેવે તેને બાજુમાં આવેલા 'એકશિલા' નગરીમાં જવા કહ્યું. નરવીર એ નગરમાં પહોંચ્યો. એક મોટી હવેલી આગળ લોકોનું ટોળું ઊભું હતું. ત્યાં ઓઢર નામના શેઠનું સદાવ્રત ચાલતું હતું. શેઠે આ અજાણ્યા માણસને વિચારમાં ઊભેલ જોઈ જમી લેવા આગ્રહ કર્યો; પણ નરવીરે કહ્યું, "શેઠ કોઈ કામ બતાવો. કામના બદલામાં જમીશ. મફતનું નથી ખાવું." આવો પ્રમાણિકતાથી છલકાતો જવાબ સાંભળી શેઠને આશ્ચર્ય થયું. તેમને આ માણસ કામનો લાગ્યો. તેને ઘરમાં કામ કરવા રાખી

લીધો. અહીં નરવીરે ઘરનાં બધાં કામો સંભાળી લીધાં અને થોડા દિવસોમાં ઘરના બધા માણસોનાં દિલ જીતી લીધાં.

થોડા દિવસો બાદ શ્રી યશોભદ્રસૂરિ વિહાર કરતાં કરતાં એકશિલા નગરીમાં પધાર્યા. નરવીરે તેમને ઓળખ્યા. જંગલમાં ઉપદેશ આપનાર ગુરુદેવને મળી આનંદમગ્ન થઈ ગયો. ગુરુદેવે આશીર્વાદ આપ્યા.

નરવીરે ગુરુદેવ ક્યાં રહેવાના છે તે જાણી લીધું અને દરરોજ જઈ તેમને વંદન કરવા લાગ્યો. ગુરુદેવ રોજ થોડો થોડો ઉપદેશ આપી જૈન ધર્મ તેને સમજાવતા ગયા. રોજ નિયત સમયે નરવીરને બહાર જતો જોઈ એકદા શેઠે તેને

> લશ્કર લઈ ધનદત્ત નરવીરની પલ્લી પાસે પહોંચ્યો. લશ્કરની મદદથી ચારે બાજુથી પલ્લીને ઘેરી લીધી. નરવીર તથા તેના સાથીઓ બહાદુરીથી લડ્યા પણ લશ્કરનો સામનો મુશ્કેલ હતો. એક પછી એક મરાતા ગયા. નહૂરકે નરવીર એકલો ભાગી ગયો. ધનદત્તે પલ્લીને આગ ચાંપી. એટલે પલ્લીમાંથી નરવીરની પત્ની જે ગર્ભવતી હતી તે બહાર નીકળી. ધનદત્તે તેનું માથું તલવારથી કાપી નાંખ્યું અને તલવારથી એનું પેટ ચીરી ગર્ભને કાઢી તેને શિલા ઉપર પછાડી ક્રૂરપણે ગર્ભહત્યા કરી.

પૂછ્યું, 'તું રોજ ક્યાં જાય છે ?' નરવીરે વિવેકપૂર્વક જણાવ્યું,

'હું મારા પરમ ઉપકારી ગુરુદેવ યશોભદ્રસૂરિ પાસે જાઉં છું; તેમનું વ્યાખ્યાન મને ખૂબ ગમે છે. આ સાંભળી ઓઢર શેઠને ખૂબ આનંદ થયો અને જણાવ્યું, 'હું પણ તારી સાથે તારા ગુરુનો ઉપદેશ સાંભળવા આવીશ.'

નરવીર અને ઓઢર શેઠ દરરોજ યશોભદ્રસૂરિ પાસે જવા લાગ્યા. રોજનો ક્રમ થઈ ગયો. ઓઢરે શ્રાવકનાં બાર વ્રત ગ્રહણ કર્યાં, અને સૂરિદેવની પ્રેરણાથી એક ભવ્ય જિનમંદિર બંધાવ્યું. શ્રીમહાવીર સ્વામીની સુંદર મૂર્તિની ભવ્ય મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

ઓઢર શેઠના ખૂબ જ આગ્રહને લીધે યશોભદ્રસૂરિએ ચોમાસું એકશિલામાં કરવાનો નિર્ણય કર્યો. ચોમાસા દરમિયાન શેઠ અને નરવીરે ઘણી આરાધના કરી, અને નિત્ય ગુરુદેવનું વ્યાખ્યાન શ્રવણ કરે છે. પર્યુષણ પર્વ આવતાં ગુરુદેવના ઉપદેશ મુજબ તપ-જપ કરે છે. સંવત્સરીનો ઉપવાસ ઘરના દરેક સાથે નરવીર પણ કરે છે. તે પૂજા કરવા શેઠ સાથે જાય છે. શેઠ પોતાની સામગ્રી વાપરે છે. નરવીર પોતાની બચાવેલ ૫ કોરીથી ફૂલ ખરીદી ભગવાનને હર્ષોલ્લાસથી ચડાવે છે. પોતાની બચાવેલ મૂડીનો આવો સદુપયોગ થયો જાણી પોતાને મહાભાગ્યશાળી સમજે છે. સંવત્સરીનો ઉપવાસ કરી બીજા દિવસે ઘરના બધા સાથે બેસી પારણું કરે છે. નરવીરને ઘરના બધા જ લોકો 'સાધર્મિક ભાઈ' માનીને આગ્રહથી પારણું કરાવે છે. સાંજે નરવીરના શરીરમાં પીડા ઊભી થાય છે. પીડા વખત જતાં વધતી જાય છે. નરવીરને અંતિમ આરાધના કરાવે છે, અને નરવીર નવકાર સાંભળતાં સાંભળતાં સમતાભાવે અવસાન પામે છે. મરીને ત્રિભુવનપાળના પુત્ર તરીકે જન્મ લે છે. એ જ પુણ્યશાળી રાજા કુમારપાળ, જે સિદ્ધરાજ પછી પાટણનો રાજા બને છે. આ છે કુમારપાળનો પૂર્વ ભવ. ઓઢર શેઠ પણ કાળે કરી મૃત્યુ પામી પાટણ રાજ્યના ઉદયન મંત્રી બને છે અને યશોભદ્રસૂરિનો જીવ કાળે કરી પાહિણીની કુખે ચાંગદેવ તરીકે જન્મ લે છે. ચાંગદેવ મોટો થતાં દેવચંદ્ર સુરિ પાસે દીક્ષા લઈ સોમચંદ્રમુનિ બને છે અને વખત જતાં ગુરુદેવે તેમને આચાર્ય પદવી આપી તે જ આચાર્યશ્રી હેમચન્દ્રસૂરિ.

૪

# ચંપા શ્રાવિકા

રાજા અકબરના વખતની આ વાત છે. આગ્રા પાસે ફત્તેહપુર સિક્રી નામે ગામે છે. ત્યાં એક ચંપા નામે શ્રાવિકાએ છ મહિનાનાં ઉપવાસ કરેલા. તે ઉપવાસ નિમિત્તે ત્યાંના શ્રીસંઘે એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરેલ. વાજતે-ગાજતે જૈનશાસનની જય બોલાવતી આ શોભયાત્રા ગામના મુખ્ય રસ્તાઓ ઉપરથી પસાર થઈ રહી હતી. હજારો સ્ત્રી-પુરુષો આમાં સામેલ હતાં. ધામધૂમપૂર્વક આ શોભાયાત્રા રાજમહેલ આગળથી પસાર થતી હતી. રાજમહેલના ઝરૂખા ઉપર બેઠેલ અકબર બાદશાહે આ જોઈને પોતાના સેવકને પૂછ્યું, "આ શેનું જૂલુસ છે ?" સેવકે નીચે તપાસ કરી આવી બાદશાહને કહ્યું, "ચંપા નામની એક શ્રાવિકા બાઈએ છ મહિનાના ઉપવાસ કર્યા છે." બાઈ કંઈ ખાતી નથી. અકબરને ઘણું જ આશ્ચર્ય થયું. છ માસ લાગલગાટ ખાધા વગર કેમ રહેવાય ? માણસ મરી જ જાય. એમ એ માનતો હતો. તેણે હુકમ કરી જૈનોના બે આગેવાનોને બોલાવ્યા અને પૂછ્યું, "આ ખરેખર સાચું છે ?" બન્ને આગેવાનમાં એક વડિલ હતા, તેણે જણાવ્યું, 'જહાંપનાહ ! આ ચંપા શ્રાવિકાએ ૬ મહિનાના ઉપવાસનું પચ્ચક્ખાણ લીધેલ છે. રાત્રિ-દિવસ કંઈ જ ખાવાનું નહીં.' આ સાંભળી તેને ચંપા શ્રાવિકાને જોવા-મળવાની ઈચ્છા થઈ. શ્રાવકોએ ચંપા શેઠાણીને ડોલીમાં બેસાડી અકબર બાદશાહ પાસે હાજર કરી. અકબર બાદશાહે ઊભા થઈ તેનું સન્માન કર્યું અને ઉચિત આસન ઉપર બેસાડી પૂછ્યું :

> ચંપાએ કહ્યું, "મારા ગુરુદેવની કૃપાથી. "અરે ! તમારે પણ ગુરુ છે ?" "હાજી ! મારા ગુરુદેવ હાલ ગુજરાતમાં છે. એમનું નામ છે શ્રી હીરવિજયસૂરીશ્વરજી.

આ બધા કહે છે, "તમે છ મહિનાના દિવસ-રાતના રોજા કર્યાં છે, સાચી વાત!"

ચંપા કહે છે, "હા જહાંપનાહ." બાદશાહ કહે, "પરંતુ આવી ઘોર તપસ્યા તમે કેવી રીતે કરી શક્યાં ?"

ચંપાએ કહ્યું, "મારા ગુરુદેવની કૃપાથી. "અરે ! તમારે પણ ગુરુ છે ?" "હાજી ! મારા ગુરુદેવ હાલ ગુજરાતમાં છે. એમનું નામ છે શ્રી હીરવિજયસૂરીશ્વરજી. એમની મારા ઉપર અસીમકૃપા છે, અને એમના જ આશીર્વાદ અને કૃપાથી હું આ તપશ્ચર્યા કરી શકી છું." અકબરે આચાર્યશ્રીનું નામ યાદ રાખી લીધું અને મનમાં પાક્કો નિશ્ચય કરી લીધો કે જેની શકિતના પ્રતાપે આવી એક બાઈ છ-છ માસના રોજા કરી શકે છે. તેવા શક્તિશાળી ગુરુજીને ચોક્કસ મળી તેમની શક્તિનો લાભ લેવો જોઈએ. અકબર બાદશાહે શ્રાવકો મારફત સંદેશો મોકલી તથા પોતાના બે કાસદ-મોદી અને કમાલ મારફત આમંત્રણ મોકલી શ્રીહીરવિજયસૂરિજીને દિલ્હી આવવા વિનંતી કરી.

શ્રીહીરવિજયસૂરિ આમંત્રણ સ્વીકારી દિલ્હી પધાર્યા. અકબર બાદશાહને ધર્મ સમજાવ્યો અને હીંસા અટકાવવાના ઘણા કાર્યો કરાવ્યાં.

❋ ❋ ❋

# શ્રી હીરવિજયસૂરિ

**૫** આચાર્યશ્રી હીરવિજયસૂરિ એ વખતે ગાંધાર નગરમાં હતા; ત્યા તેમને અકબર બાદશાહે મોકલાવેલું આમંત્રણ તથા ફત્તેહપુર સિક્રીના જૈનસંઘના વિનંતીપત્રો મળ્યા. ત્યાંના સંઘ સાથે ચર્ચા-મંત્રણા ક્ર્યા બાદ આચાર્યશ્રીએ દિલ્હી અકબર બાદશાહને સદુપદેશ આપવા જવાનું નક્કી ક્ર્યું.

વિહાર શરૂ ક્ર્યો અને તેઓ વટાદરા ગામમાં આવ્યા. તે રાત્રે નિદ્રામાં તેમણે સ્વપ્ન જોયું. એક અતિ દેદીપ્યમાન સ્ત્રી નમસ્કાર કરી આચાર્યશ્રીને કુંકુમ અને મોતીથી વધાવે છે અને કહે છે કે "હે આચાર્યદેવ, અકબર નિખાલસ મને આપને બોલાવે છે. કોઈ જાતની શંકા વગર તેમને મળો અને જિનશાસનની શાન વધારો. આથી આપની અને જિનશાસનની કીર્તિ વધશે." અને એ દિવ્ય શરીરધારી સ્ત્રી આટલું કહી અદશ્ય થઈ ગઈ.

વિહાર કરી આચાર્યશ્રી અમદાવાદ આવ્યા. અમદાવાદના સૂબા શિહાબખાને તેમનું ભવ્ય સ્વાગત ક્ર્યું. જોકે શિહાબખાને ભૂતકાળમાં આચાર્યશ્રીનું અપમાન કરેલું અને જૈનોનો ભારે વિરોધી હતો. પણ અકબર બાદશાહના ફરમાનને લીધે લાચાર થઈ તેણે ગુરુ મહારાજની માફી માગી. દિલ્હી જવા હાથી, ઘોડા, સૈનિકો વગેરે જે જોઈએ તે આપવા આગ્રહ ક્ર્યો. જૂઠું પણ આચાર્યશ્રીએ જૈન આચાર સમજાવી તેમને તે કશું ખપે નહિ તેમ સમજાવીને કહ્યું કે 'અમારા મનમાં તમારા પ્રત્યે કોઈ રોષ નથી. અમારે શત્રુ કે મિત્ર બધા સરખા છે અને અમે સૃષ્ટિના તમામ જીવો સુખી રહે તેવી ખરા દિલથી કામના કરીએ છીએ.'

આચાર્યશ્રી પટ્ટધર શ્રી સેનસૂરીશ્વરજીને ગુજરાતમાં રહેવા આદેશ આપ્યો અને શ્રી હીરસૂરીશ્વરજીએ પોતાના વિદ્વાન શિષ્યરત્ન શ્રીવિમલહર્ષ ઉપાધ્યાય વગેરે મુનિવરો સાથે દિલ્હી તરફ વિહાર ક્ર્યો.

દિલ્હી પહોંચવાની થોડા દિવસની વાર હતી ત્યારે આચાર્યશ્રીએ શ્રી વિમલહર્ષ ઉપાધ્યાયને આગળ વિહાર કરી બાદશાહને મળી તેમના વિચારો જાણવા જણાવ્યું. એટલે ઉપાધ્યાયશ્રી ઉગ્ર વિહાર કરી ફત્તેહપુર સિક્રી પહોંચ્યા અને સંઘના આગેવાનોને મળ્યા. આગેવાનોની સલાહ અનુસાર ઉપાધ્યાયશ્રી પહેલા અબુલફ ઝલને મળ્યા અને અબુલફઝલે હર્ષપૂર્વક જણાવ્યું કે બાદશાહ ફક્ત આચાર્યશ્રી પાસે ધર્મની વાતો સાંભળવા ઈચ્છે છે. અકબર બાદશાહનો કોઈ બદ ઈરાદો નથી જ એમ સ્પષ્ટપણે સમજાવ્યું, અને અબુલફઝલ જાતે ઉપાધ્યાયશ્રીને લઈ અકબર બાદશાહ પાસે આવ્યા, બાદશાહને ઉપાધ્યાયજી તથા તેમની સાથે બીજા ત્રણ મુનિરાજો હતા તેમની ઓળખાણ કરાવી. તરત જ બાદશાહે પોતાના સિંહાસન ઉપરથી ઊતરી મુનિવરોનો સત્કાર ક્ર્યો. ઉપાધ્યાયે 'ધર્મલાભ' કહી આશીર્વાદ આપ્યા. બાદશાહે પૂછ્યું કે 'આચાર્યશ્રીને મળવાની ભારે ઉત્કંઠા છે, તેઓનાં દર્શન ક્યારે થશે ?'

થોડાક જ દિવસોમાં આચાર્યશ્રી અત્રે આવી પહોંચશે તેમ ઉપાધ્યાયશ્રીજીએ જણાવ્યું. વાતચીત દરમિયાન મુનિવરોને લાગ્યું કે બાદશાહ વિનયી અને વિવેકી છે, અને વિદ્વાનો પ્રત્યે આદરભાવ ધરાવે છે.

ઉપાધ્યાયશ્રી વિમળહર્ષ ફત્તેહપુર સીક્રીથી પાછો વિહાર કરી આચાર્યશ્રી હીરવિજયજી કે જેઓ અભિરામાબાદ પહોંચ્યા હતા ત્યાં જઈ તેઓને મળ્યા અને તેમને બાદશાહ સાથે થયેલો વાર્તાલાપ ટૂંકમાં કહી સંભળાવ્યો. આચાર્યશ્રીને આથી પૂરતો સંતોષ થયો, અને વિહાર કરી ફત્તેહપુર સિક્રી પહોંચ્યા. ત્યાંના શ્રીસંઘે ગુરુદેવનું બાદશાહી સ્વાગત ક્ર્યું.

આચાર્યશ્રીની પણ પહેલી મુલાકાત અબુલફઝલ સાથે થઈ. આ મુલાકાતથી અબુલફઝલ ખૂબ જ પ્રભાવિત થયો. આચાર્યદેવ ત્યાંના કેટલાક શ્રાવકો અને અબુલફઝલ સાથે અકબરને મળવા રાજમહેલમાં પધાર્યા. અકબરને આચાર્યશ્રી પધારતાં એટલો બધો આનંદ થયો કે આચાર્યશ્રીને બેસવાનું કહેવાનું પણ તેને ભાન ન રહ્યું અને આચાર્યશ્રી સાથે વાતો શરૂ કરી દીધી. કલાકો સુધી ઊભાં ઊભાં જ આ વાર્તાલાપ ચાલ્યો. પછી મંત્રણાગૃહમાં પધારવા અકબરે આચાર્યશ્રીને દોર્યા. તે ગૃહમાં દરવાજેથી જ ગાલીચો પાથરેલ હતો તેથી આચાર્યશ્રીએ એની ઉપર ચાલવાની ના પાડી અને સમજાવ્યું કે ગાલીચા નીચે જીવ-જંતુ હોય, તે ઉપર ચાલવાથી હિંસા થાય, તેવી હિંસા સાધુ ન કરે. **એટલે બાદશાહે ગાલીચો ઉપાડી લેવા સેવકોને કહ્યું, તેની નીચે ઘણી કીડીઓ દેખાઈ. અકબર આંખો ફાડી આચાર્યદેવ સામે જોઈ રહ્યો, એની શ્રદ્ધા ખૂબ વધી ગઈ.**

આ મુલાકાત બાદ રોજ અકબર બાદશાહ ઉપાશ્રયે આવી આચાર્યશ્રીને મળતો રહ્યો. ટીકટીક જ્ઞાનની ચાલતી

રહી. ાક વખત અકબરે પોતાને શનિની ગ્રહદશા ચાલે છે તેનું કંઈક ારણ પૂછ્યું. આચાર્યશ્રીએ પોતે સરળતાથી નમ્રપણે સ્પષ્ટ રીતે જણાવ્યું કે ''મારો વિષય ધર્મ છે, જ્યોતિષનો નહિ. એટલે મે અંગે હું કંઈ કહું નહીં.''

એ દિવસ કેટલાંક પુસ્તકો અકબરે શ્રી હીરવિજયસૂરિને બતા ાં બધાં જ ધાર્મિક પુસ્તકો હતાં અને તે એક તપાગચ્છના વિદ્વા ાન સાધુ શ્રી પદ્મ સુંદરજીનાં હતાં. તેઓનો સ્વર્ગવાસ થયો એટલે આ પુસ્તકો આચાર્યશ્રીને સ્વીકારવા આગ્રહ કર્યો. પણ આચા ર્શ્રી તે લેવા ના કહી અને જણાવ્યું કે, ''અમે આ સંગ્રહને અમા પાસે રાખીને શું કરીએ ? અમને જરૂર હોય તે પુસ્તકો લઈ વાંચી પાછા ભંડારને સોંપી દઈએ.'' આવી નિઃસ્પૃહતાથી અકબ વધુ પ્રભાવિત થયો.

ત્યાંથી ચોમાસું કરવા ગુરુદેવ આગ્રા પધાર્યા. પર્યુષણ પર્વના આઠ દિવસ 'અમારિ પ્રવર્તન' કરવામાં આવ્યું. બાદશાહે ફરમા બહાર પાડી ૮ દિવસ પર્યુષણના તથા આગળના ૨ દિવસ અને ર્યુષણ પછીના ૨ દિવસ એમ કુલ ૧૨ દિવસ જીવહિંસા બંધ કરાવી.

**થો ાક જ દિવસોમાં આચાર્યશ્રી અ ા આવી પહોંચશે તેમ ઉ ાધ્યાયશ્રીજીએ જણાવ્યું. વા ાચીત દરમિયાન મુનિવરોને લા યું કે બાદશાહ વિનયી અ ા વિવેકી છે, અને વિદ્વાનો પ્રત ા આદરભાવ ધરાવે છે.**

અહિંસા માટે બાદશાહને આચાર્યશ્રી જુદી-જુદી રીતે સમજાવતા ગયા. આની ઘણી સારી અસર બાદશાહને થઈ. એક દિવસ બાદશાહ આચાર્યશ્રીને લઈને 'ડાબર' નામન સરોવરના કિનારે ગયો. ત્યાં હજારો પંખીઓ પીંજ માં પૂરેલ હતાં તે બધાંને આચાર્યશ્રીની સામે જ બાદશ ાહે છોડી મૂક્યાં. આચાર્યશ્રી આથી ઘણો જ હર્ષ ા ામ્યા. ત્યાં માછીમારીની બીજી પણ હિંસા થતી ા ીતે અકબરે બંધ કરાવી.

બાદશાહે પોતે ઘણાં પાપો કરેલાં છે તે અંગેનો એકરાર કરતાં આચાર્યશ્રીને જણાવેલું કે ''ચિત્તોડમાં મેં હજારો માણસોની કતલ કરાવી હતી, ઘણા કૂતરાંને મારી નંખાવ્યા છે. હજારો હરણા ને માર્યાં છે અને રોજ પાંચસો ચકલાની જીભ કપાવીને ખાતો હતો.''

આવી ભયંકર હિંસા કરતાં રાજવીને ધર્મ પમાડવાનું ઉત્તમ કામ આચાર્યશ્રીએ કર્યું હતું. તેમની સૂચનાથી તીર્થસ્થાનોમાં મુંડકવેરો લેવાતો હતો તે અકબરે બંધ કરાવ્યો. ઉપરાંત પોતે વર્ષમાં ૬ મહિના માંસાહારનો ત્યાગ કરેલ. ગુજરાતમાં



જીજિયાવેરો જે લેવાતો હતો તે તેણે બંધ કરાવ્યો.

ભવ્ય દરબાર ભરી અકબરે દિલ્હીમાં શ્રી હીરવિજયજીને 'જગદ્‌ગુરુની' ની પદવી આપી હતી.

અહિંસા માટે આવું સુંદર કામ કરનારા આચાર્યશ્રી હીરવિજયજીને તથા નામી-અનામી મહામાનવો જેઓએ હિંસાનિવારણ માટે કાર્ય કર્યું છે તેમને અંતઃકરણથી આપણી વંદના......

# સવૈયા શેઠ સવા-સોમા

સોરઠનાં વંથલી ગામમાં એક મોટા વેપારી નામ સવચંદ... ધંધો ધમધોકાર ચાલે. પરદેશથી માલ આવે અને પરદેશ માલ વહાણો ભરી ભરી મોકલે.

તેમનાં બાર (૧૨) વહાણો માલ લઈ પરદેશ ગયેલાં તે માલ વેચી ત્યાંનો બીજો માલ ભરી પાછાં આવતાં હતાં તે ઘણો વખત થઈ ગયો પણ પાછાં ન આવ્યાં. બે દિવસ-ચારદિવસ એમ રાહ જોઈ. બીજું એક અઠવાડિયું નીકળી ગયું પણ ન વહાણો પાછા આવ્યાં કે ન કોઈ વહાણના સમાચાર મળ્યા.

સવચંદ શેઠ તો મહામુશ્કેલીમાં આવી ગયા. ગામમાં વાતો ચાલી. શેઠનાં બધાં વહાણ ડૂબી ગયાં છે. શેઠ દેવાળું કાઢશે, અને જેના જેના પૈસા શેઠ પાસે જમા હતા તેઓ ઉઘરાણીએ આવ્યા. પાસે હતું ત્યાં સુધી તો આપતા ગયા. ખાસ રોકડ રહી નહીં, અને માંગરોળ ગામના ઠાકોર જેમને સવચંદ શેઠ સાથે સારા સારી, તેમના રૂપિયા એક લાખ શેઠને ત્યાં જમા પડેલા. ઠાકોરના કુમારે ઠાકોરને વાત કરી. ''જલદી જાવ. સવચંદ શેઠને ત્યાં પડેલા બધા રૂપિયા લઈ આવો. શેઠ નવરાવી નાખશે.''

ઠાકોર પણ વહેમાયા. ઘોડી પર બેસી આવ્યા સવચંદ શેઠની પેઢી ઉપર, અને કરી ઉઘરાણી. કહે મારા દીકરાને પરદેશ જવું છે. બધા જ રૂપિયા તરત ને તરત આપો.

શેઠ જરા ગભરાયા. પૈસા જમે છે તે આપવા જ રહ્યા. પાક્કા જૈન - આ ભવે ન આપું તો આવતા ભવમાં પણ સેંકડો ગણા ચૂકવી આપવા જ પડે. એટલે નથી જોગ એમ તો કહેવાય નહીં. આબરૂ તો સાચવવી રહી. શેઠે નમ્રતાથી ઠાકોરને જણાવ્યું, ''ભાઈ રકમ મોટી છે, જોગ કરતાં બે-ત્રણ દહાડા લાગશે.''

ઠાકોર કહે : હું પાછો ખાલી હાથે જઉં તો મારો કુમાર મારી સાથે ઝઘડો કરશે, અને આપણી વચ્ચે નકામા વહાલામાં વેર થશે.

શેઠ સમજી ગયા. પડતાને પાટું મારનારા ઘણા હોય છે. ઠાકોર સાથે વેર તો પોસાય નહીં. દેવું છે એ તો સાચું. આપવા જ છે. શું કરું ? રસ્તો તો કાઢવો જ રહ્યો. વિચારતાં વિચારતાં શેઠને એક રસ્તો જડ્યો. અમદાવાદમાં એક મોટા વેપારી... નામ એમનું સોમચંદ. ભારે આબરૂદાર અને વટ-વહેવાર સાચવનારા. પણ સવચંદ શેઠને એમની સાથે કોઈ લેવડ-દેવડનો વહેવાર નહીં ફક્ત નામ જાણે. તેમના ઉપર હૂંડી લખવાનો વિચાર કર્યો અને ઠાકોરને કહ્યું ''જલદી જોઈતા હોય તો અમદાવાદ જાઓ, હું હૂંડી લખી આપું છું તે બતાવી તમારા રૂપિયા લઈ લેજો.'

ઠાકોર કહે ભલે. લખી આપો. સવચંદ શેઠે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં કલમ ઉઠાવી હૂંડી લખી. નરસિંહ મહેતાએ શામળ ગિરધારી શેઠ પર લખી હતી તેવી.

''એતાન શ્રી વણથલી ગામથી લખ્યા શેઠ સવચંદ જેરામ. સ્વસ્તિ શ્રી અમદાવાદ નગર મધ્યે રાખ્યા શેઠ સોમચંદ અમીચંદ. જત આ ચિઠ્ઠી લઈને આવનાર ઠાકોર સૂરજમલજી સતાવતને હૂંડીના દેખાડે રૂપિયા એક લાખ બાબાશાહી રોકડા તે રૂપિયા પચાસ હજારથી બમણા-સહી, નિછાન, પહોંચ. પાવતી લઈને આપશો.

સહી

દઃ પોતે. સવચંદ જેરામના જય જિનેન્દ્ર સ્વીકારશો.''

શેઠે લખતાં લખી તો નાખી પણ મન વિચારે ચડ્યું. નથી સોમચંદ શેઠ સાથે કોઈ ઓળખાણ, નથી કોઈ પૈસાનો વહેવાર. શેઠ લાખ રૂપિયાની હૂંડી કેમ સ્વીકારશે ?

શેઠને છાતીમાં ડૂમો ભરાઈ ગયો. આંખમાં આંસુ આવી ગયાં, અને આંસુનાં બે ટીપા હૂંડી પર પણ પડ્યાં. આંસું પડેલાં તેની નીચેના અક્ષરો થોડા ભીંજાઈ જરાક પ્રસર્યા. ભગવાનનું નામ લઈ હૂંડી ઠાકોરને આપી.

ઠાકોર તો મારતી ઘોડીએ પહોંચ્યા અમદાવાદ. શેઠની જાણીતી પેઢી શોધતાં વાર ન લાગી. સોમચંદ અમીચંદ શેઠની પેઢી શોધી કાઢી અને શેઠની ગાદી પાસે આવી હૂંડી બતાવી.

શેઠ વિચારમાં પડી ગયા. આવું સવચંદ જેરામ નામનું કોઈ ખાતું હોવાનો ખ્યાલ નથી. આ કોની હૂંડી ? કોણ લખનાર ?

શેઠે મુનિમને પૂછ્યું, વંથલીના સવચંદ શેઠનું ખાતું છે ? જુઓ. મુનિમને આવા નામનો કોઈ જાણ ન હતી પણ શેઠ પૂછે એટલે બરાબર ચોપડા જોઈ અડધા કલાકે શેઠને બાજુમાં બોલાવી ખાનગીમાં કહ્યું,

''ના શેઠ ! સવચંદ નામનું કોઈ ખાતું નથી. કોઈ વહેવાર આપણી સાથે નથી. તદ્દન અજાણ્યા ભાઈની આ હૂંડી

છે.''

શેઠે હૂંડી હાથમાં લીધી. બે-ત્રણ વખત વાંચી ગયા. અચાનક તેમનું ધ્યાન કાગળ ઉપર બે આંસુ પડ્યા હતાં તે પર પડ્યું. મૂળ જૈન વણિક. હૈયામાં જૈન સાધર્મિક પ્રત્યે લાગણી ઉભરાઈ. વસ્તુસ્થિતિ મનમાં સમજી ગયા. ઠાકોરને ૨-૩ દિવસ રહેવા કહ્યું અને ઠાકોરને ચકાસ્યા કે કોઈ ધૂર્ત તો નથી ને તપાસ કરતાં માલૂમ પડ્યું કે ઠાકોર માણસ મોભાદાર છે, ધૂર્ત ન હોઈ શકે.

શેઠે ઠાકોરને બે દિવસ ઘરે રાખ્યા. ઉમદા પરોણાગત બે દિવસ કરી અને ત્રીજે દિવસે પેઢી ઉપર બોલાવી મુનિમને આજ્ઞા કરી કે ''હૂંડીનાં નાણા એક લાખ રોકડા ઠાકોરને આપી દો.''

મુનિમે તો ચકળ-વકળ ડોળા કાઢતા કહ્યું, ''આવું કોઈ ખાતું નથી. નાણાં કેમ અપાય ? કોના ખાતે લખી આપું ?'' શેઠે કહ્યું ''ખર્ચ ખાતે લખીને આપી દો.''

મનમાં બબડતાં બબડતાં રૂપિયા લાખ ઠાકોરને ગણી આપ્યા. ઠાકોર તો રૂપિયા મળી ગયા એટલે હરખાતાં હરખાતાં પાછા આવ્યા વંથલી.

*શેઠે લખતાં લખી તો નાખી પણ મન વિચારે ચડ્યું. નથી સોમચંદ શેઠ સાથે કોઈ ઓળખાણ, નથી કોઈ પૈસાનો વહેવાર. શેઠ લાખ રૂપિયાની હૂંડી કેમ સ્વીકારશે ?*

શેઠ સોમચંદના મનને ખૂબ શાંતિ થઈ. કોઈ સાધર્મિક સ્વામીની ભાઈએ દુઃખમાં આવી જવાથી હૂંડી લખી છે. જો આવા દુઃખી ભાઈના દુઃખમાં કામ ન આવું તો મારો અવતાર શા કામનો ?'' મનથી ખૂબ હરખાયા.

ઠાકોરે સવચંદ શેઠને હૂંડીના રૂપિયા આવી ગયાની વાત કરી. સવચંદ શેઠ વિચારે છે. ખરેખર તો ભગવાને મારી લાજ રાખી. સોમચંદ શેઠના દિલમાં પ્રભુ વસ્યા, ન ઓળખાણ ન પિછાન, પણ સ્વામીભાઈની હૂંડી આનંદસહ સ્વીકારી રૂપિયા ગણી આપ્યા.

આ બાજુ સવચંદ શેઠનાં વહાણો જે ભયંકર તોફાનને લીધે એક ટાપુ પાસે રોકાઈ ગયેલાં તે તોફાન શમતાં વંથલી તરફ આવી રહ્યાંના સમાચાર મળ્યા, અને થોડા દિવસમાં બધાં જ વહાણો વંથલી માલ લઈને સહી સલામત આવી ગયા.

સવચંદ શેઠે માલ વેચી પૈસા ઊભા કરી લીધા, અને ઠાકોરને સાથે લઈને સોમચંદ શેઠના પૈસા ચૂકવવા અમદાવાદ ઊપડ્યા.

સોમચંદ શેઠની પેઢી ઉપર આવી સવચંદ શેઠે જય જિનેન્દ્ર કરી હૂંડીની વાત ઉલેખી.

સોમચંદ શેઠે મુનિમને પૂછ્યું ''ભાઈ જોને, સવચંદ શેઠને ખાતે કંઈ રકમ છે ?''

મુનિમ કહે, ''હા રૂપિયા એક લાખ આપેલા વ્યાજ સાથે ગણીને કહું છું. પણ કોઈના ખાતે લખ્યા નથી. ખર્ચ ખાતે લખીને આપ્યા છે.''

''તો સવચંદ શેઠ વંથલીવાલા ખાતે કંઈ રકમ નથી ને ?'' શેઠે પૂછ્યું.

મુનિમ કહે : ના એમના ખાતે નથી બોલતા.

શેઠ કહે, ''મુનિમજી ! મને બરાબર ખબર છે. એ હૂંડી મેં ખરીદી હતી. એના ઉપર લાખેણા માણસના બે આંસુ હતાં એ બન્ને આંસુ મેં એકેક લાખ એમ બે લાખમાં ખરીદ્યાં છે. એક લાખ આપી દીધા છે. બીજા એક લાખ આપવાના બાકી છે. પછી સવચંદ તરફ ફરીને કહ્યું, ''શેઠ ! અમારૂં કોઈ લહેણું તમારી પાસે નીકળતું નથી અમે જૈન શ્રાવક છીએ. વગર હક્કનું નાણું અમે ન લઈ શકીએ.''

સવચંદ શેઠ તો આ વાત સાંભળી હબકી ગયા. એમણે ગદ્‌ગદ કંઠે કહ્યું, ''શેઠ ! આ શું બોલો છો ! આ નાણું હું તમને દેખાડવા નથી લાવ્યો. જો હું એ પાછું લઈ જાઉં તો ચાર હત્યાનું પાપ છે મને.''

વાત તો વધી ગઈ. બન્ને મક્કમ. કોઈ પૈસા રાખવા તૈયાર નહીં. બાજુમાં ઉભેલા ઠાકોરનું તો કાળજું કહ્યું ન કરે ? મનોમન બોલાઈ ગયું, ''વાહ વાણિયા વાહ !'' આખરે બન્ને જણે સંધિ કરી. ''ગામના મહાજનને બોલાવવું અને એ જે ન્યાય કરે તે બંનેએ માન્ય રાખવો.

બીજે દિવસે મહાજન એકઠું થયું. બન્નેએ પોતાની વાત રજુ કરી. સવચંદ શેઠે સાક્ષી તરીકે ઠાકોરને ધર્યા.

મહાજને બધી રીતે વિચારી ચુકાદો આપ્યો કે આ નાણાં એક લાખ સોમચંદ શેઠના તથા સવા લાખ સવચંદ શેઠના ધાર્મિક કામે વાપરવા. શેત્રુંજાનો સંઘ લઈ જવો અને શેત્રુંજય ડુંગર ઉપર દહેરું બાંધવું.

વાજતે-ગાજતે અમદાવાદથી સંઘ શત્રુંજય આવ્યો. દર્શન-પૂજા કરી બન્ને શેઠે ડુંગર ઉપર બરાબર જગ્યા નક્કી કરી એક ટૂંક બંધાવી જે સવા સોમાની ટૂંકને નામે પ્રખ્યાત છે.

# ૭ ચંપક શ્રેષ્ઠી

ધન્યપુર નગરમાં ચંપક શ્રેષ્ઠી નામનો ધર્મિષ્ઠ અને વ્રતધારી શ્રાવક હતો. દરરોજ સામાયિક-પ્રતિક્રમણ અને પર્વના દિવસે પૌષધ કરતો. પૌષધ પાર્યા બાદ તે ગુરુમહારાજને વિનયથી પ્રાર્થના કરી કહેતો, "ગુરુદેવ ! મારા ઘરે પધારી ભાત-પાણીનો લાભ આપવા કૃપા કરજો." એમ વિનવી તે ઘરે જતો. ગોચરીનો સમય થાય ત્યારે પાછો ઉપાશ્રયે જઈ ગુરુ મહારાજને ગોચરી માટે ઘરે બોલાવી લાવતો. ગુરુ ઘરે પધારતા. તેમને જે ખપતું હોય તે ભક્તિસભર હૈયે વહોરાવતો. ગોચરી વહોરી લે એટલે ગુરુજીને ત્રિવિધે વંદના કરતો; અને થોડે સુધી સાથે જઈ ગુરુજીને વિદાય આપતો.

જે વાનગી બનાવેલ હોય પણ સાધુ મહારાજ ન વ્હોરે તો પોતે તે વાનગી ભોજનમાં ન વાપરતો. આ આચારનું ચુસ્તપણે ચંપક શ્રેષ્ઠી પાલન કરતો.

સાધુ ભગવંતનો ગામમાં જોગ ન હોય તો તે ભોજનવેળાએ ઘરની બહાર ઊભો રહી ભાવના ભાવતો કે અત્યારે જો કોઈ સાધુ ભગવંત આવી ચડે તો તેમને ગોચરી વહોરાવી હું કૃતાર્થ થાઉં.

અંતરના ઉમળકાથી અને શુદ્ધ ભાવનાથી તે સાધુ ભગવંતને ગોચરી વહોરાવતો.

એક દિવસ આવા જ અંતરના ઉમળકા અને ઉલ્લાસથી સાધુ મહાત્માને ગોચરી વહોરવી રહ્યો હતો. તેના હૈયે ભાવનાનો ઓઘ ઊછળી રહ્યો હતો. પાત્રમાં તે ઘી વહોરાવી રહ્યો હતો. ઘીની ધાર પાત્રમાં પડતી હતી અને તેની ભાવનાઓની ધાર ઊંચે ચડી રહી હતી. ચંપક શ્રેષ્ઠીની ભાવનાની તન્મયતા જોઈ સાધુ મહારાજે ઘીની ધાર પડવા જ દીધી. વચમાં બસ કે ના કહ્યું નહિ. તેઓ જ્ઞાની હતા અને શ્રેષ્ઠીની ભાવધારાથી અત્યારે અનુત્તર વિમાનની ગતિ બાંધી રહ્યો છે તે જોતા હતા.

માણસ સ્વભાવ અનુસાર ચંપક શ્રેષ્ઠીની ભાવધારા અચાનક તૂટવા લાગી. ઘીથી પાત્ર ભરાતું જતું જોઈ તેને વિચાર આવ્યો : "આ તે કોઈ સાધુ છે કે લોભી ધુતારો ? હું તો ભાવથી વહોરાવું છું પણ તે આ સાધુ ધર્મ સમજતા લાગતા નથી. ના કહેતા જ નથી."

તેની આ બદલાયેલી ભાવના સમજી જ્ઞાની મુનિએ કહ્યું : "ભાગ્યવાન ! આમ ઊંચે ચડી આમ પાછા નીચે પટકાવા જેવું કાં કરો છો ?"

ચંપક શ્રેષ્ઠીને આ સાંભળી આશ્ચર્ય થયું. તેણે કહ્યું : "ભગવાન ! હું તો અહીં જ તમારી સામે ઊભો છું. ક્યાંય ચડ્યો નથી તો પટકાવું કેવી રીતે ? આપની વાત કંઈ સમજાતી નથી." મુનિએ પોતાનું પાત્ર ખેંચી લીધું અને કહ્યું, "મહાનુભાવ ! દાન કરતે સમયે ભાવતા-સળતા વિકલ્પ કરવાથી દાન દૂષિત બને છે. સોના સમા દાનને તેથી લાંછન લાગે છે. દાન સમયે ચડતા ભાવને ચડતા જ રહેવા દેવા જોઈએ. તે સમયે બીજા ન કરવાના વિચાર કરીને ભાવધારા ખંડિત ન કરવી જોઈએ." એમ કહી તેની ભાવનાથી તે બારમાં દેવલોકની ગતિએ ચડેલ. પાછ મેલી ભાવનાથી તે પટકાયો એ વાત સમજાવી.

આ હા ! આ મેં શું કર્યું ? ભારે પશ્ચાત્તાપ કર્યો. એ પાપની ગુરુજી પાસે આલોયણા માંગી. તે આલોયણા પૂરી કરી. અંતે મૃત્યુ પામી બારમાં દેવલોકે ગયો.

વાંચકોએ આ ચંપક શ્રેષ્ઠીની કથામાંથી પ્રેરણા લઈ શુદ્ધ ભાવથી અને દોષરહિત દાન દેવામાં ઉપયોગ રાખવો જોઈએ, અને દાન દેતાં કોઈ પણ અતિચાર ન લાગે તેનો ખ્યાલ રાખવો જોઈએ, દાન દેતાં અતિચાર લાગે તો ફક્ત અલ્પ સુખ જ તેને મળે. મળવું જોઈતું બધું પુણ્ય તેને ન મળે. પછી મોક્ષની તો વાત જ ક્યાં ?

# ૯ અજબ અર્જુન માળી

રાજગૃહી નગરીમાં અર્જુન નામે એક માળી રહેતો હતો. તે અતિ ધનવાન હતો. તેને બંધુમતિ નામની સુંદર પત્ની હતી. ગામબહાર તેની ફૂલની વાડી હતી. તે વાડી પાસે એક મુદ્‌ગપાણી નામે યક્ષનું મંદિર હતું. આ પતિ-પત્ની દરરોજ યક્ષની પૂજા કરી પુષ્પો ચડાવતાં.

તે ગામમાં લલિતા નામે એક ટોળકી હતી. તેના બધા સભ્યો કુછંદે ચડેલા હતાં.

એકવાર આ મંડળીના છ સભ્યોએ બંધુમતિ ઉપર નજર બગાડી ગમે તેમ કરી તેને ભોગવવા નિર્ણય લીધો, બપોરના સમયે જ્યારે અર્જુન માળી તેની પત્ની સાથે યક્ષની ઉપાસના માટે મંદિરમાં દાખલ થયો ત્યારે મંદિરના દ્વાર પાછળ સંતાયેલા આ છ જણાએ અર્જુન માળીને મુશ્કેટાટ બાંધી એક તરફ નાંખ્યો અને બંધુમતિને તેની સામે જ વારાફરતી ભોગવી. બંધુમતિએ આમાંથી બચવા ઘણી મથામણ કરી પણ છ દુર્જન સામે તેનું શું ચાલે?

અર્જુન માળીને આ જોઈ કમકમાં આવી ગયાં. તેને અપાર ક્રોધ ચડ્યો. તે લાચાર હતો એટલે પોતાની જાતને ધિક્કારવા લાગ્યો, "માતા-પિતાના કે પોતાના પરાભવને હજુ કોઈ સહન કરે, પણ પત્નીના પરાભવને તો પશુ પણ સહી ન શકે. અરે! મારી નજર સામે આ પશુ જેવા લોકો આવું નિષ્ઠુર કાર્ય કરે છે, અને મને પણ એક પશુ સમજે છે. અરેરે, આ દુઃખ કોને કહેવું?"

પછી તેની દૃષ્ટિ યક્ષરાજ પર પડી. તે યક્ષને ઠપકો આપતાં બોલ્યો, 'ખરેખર! તું પથરો જ લાગે છે. તારા જ સ્થાનમાં આ અનર્થ તું સહી શકે છે. અરે, આટલા દિવસ તારી નિષ્ઠાપૂર્વક પૂજા કરી. એનું આ ફળ મળ્યું!' સંયોગ-વશાત્ મૂર્તિના અધિષ્ઠાયકે અવધિજ્ઞાનથી આ અનર્થ નિહાળ્યો અને તે ક્રોધિત થઈ અર્જુન માળીના શરીરમાં પ્રવેશી ગયો. યક્ષના બળથી અર્જુન માળી બંધન તોડી ઊભો થયો અને યક્ષની મૂર્તિના હાથમાં રહેલ મુદ્‌ગર ઉપાડી ઘોર ગર્જના કરતા બંધુમતિ અને પેલા છએ પુરૂષોને મારી નાખ્યાં.

એના ક્રોધે માજા મૂકી, એ મુદ્‌ગર ઉપાડી ગર્જના કરતો ઘોર જંગલમાં ચાલ્યો ગયો. પ્રતિદિન તે સાત જણને મારી નાખવા લાગ્યો. જ્યાં સુધી એ દરરોજ સાત જણને મારે નહીં ત્યાં સુધી એ શાંતિથી બેસતો નહીં. આથી એ તરફના રસ્તાઓ સૂનકાર થઈ ગયા, અને રાજગૃહી નગરીમાં હાહાકાર મચી ગયો. રાજા અને પ્રજાએ ઘણા ઉપાયો કરવા છતાં કોઈ સફળતા ન મળતાં શ્રેણિક મહારાજાએ ઉદ્‌ઘોષણા કરાવી કે 'જ્યાં સુધી અર્જુન માળીની સાત જણની હત્યા પૂરી ન થાય ત્યાં સુધી નગરવાસીઓએ બહાર નીકળવું નહીં.'

છ મહિના સુધી આ ક્રમ ચાલ્યો. રોજ સાત-સાતની હત્યા. એવા સમયે ભગવાન મહાવીર શહેરની બહાર ઉદ્યાનમાં સમોસર્યા. પણ જાય કોણ? શ્રેષ્ઠીપુત્ર સુદર્શને પરમાત્માને વાંદવા વિચાર્યું અને માતા-પિતાને જણાવ્યું કે 'હું પરમાત્માને વાંદવા તથા તેઓશ્રીનો ઉપદેશ સાંભળવા જાઉં છું.' માતા-પિતા કહે છે, 'બેટા! તને ખબર નથી, અહીં આટલો ઉત્પાત મચ્યો છે. કોઈ ક્યાંય જઈ શકતા નથી. અતિ ઉપયોગી અને અનિવાર્ય કામો પણ રખડી પડ્યાં છે, ને તું પ્રભુજીને વાંદવાની વાત કરે છે? પ્રભુજીને તો અહીં બેઠા ભાવથી પણ વાંદી શકાય છે.'

ઉત્તર આપતાં સુદર્શને કહ્યું, ''મા ! અહીં પધારેલા ભગવંતના જ્યાં સુધી દર્શન ન થાય ત્યાં સુધી જળ પણ કેમ ગ્રહણ થાય ? તાત ! ચિંતા કરશો નહીં, હું જાઉં છું, ધર્મના પ્રતાપ રૂડા છે.''

સુદર્શન ગામના દરવાજે પહોંચ્યા. દરવાને તેમને રોકવા પ્રયત્ન કર્યો. પણ સુદર્શન ગમે તેમ દરવાનને સમજાવી દરવાજા બહાર નીકળી ગયા. કેટલાક લોકો અને દરવાન બાજુના કોટ ઉપર ચડી હવે શું થશે તે જોવા લાગ્યા.

સુદર્શન થોડે આગળ ચાલ્યા ત્યાં તેમણે ઘોર ગર્જના સાંભળી અને સાક્ષાત્ નર-પિશાચ જેવા અર્જુનમાળીને મુદ્ગર ઉપાડી સામેથી દોડી આવતો નિહાળ્યો. ભયંકર બીહામણું અને મેલું ચીંથરેહાલ તેનું શરીર હતું. સુદર્શન તરત વસ્તુસ્થિતિ સમજી ગયા. ખેશથી જમીન પૂંજી પરમાત્મા તરફ મુખ કરી ભાવપૂર્વક વંદના કરી સર્વજીવરાશિ ખમાવવા લાગ્યા. જ્યાં સુધી ઉપસર્ગ શાંત ન થાય ત્યાં સુધી કાયા-માયા બધું વોશિરાવી દીધું અને કાઉસ્સગ્ગ ધ્યાને રહી નવકાર મંત્રનું રટણ કરવા લાગ્યા. માર માર કરતો અર્જુન માળી આવ્યો અને ધ્યાનમાં મગ્ન સુદર્શનને જોતા જ ઠરી ગયો. મંત્રપ્રભાવે જેમ સર્પનું વિષ ઊતરી જાય તેમ તેના શરીરમાંથી યક્ષ નાસી ગયો. અર્જુનમાળી ધરતી પર ઢળી પડ્યો. થોડી વારે ચેતના આવતાં તેણે સુદર્શન પૂછ્યું, 'શેઠ ! તમે કોણ છો ?' સુદર્શને કાઉસગ્ગ પારી જવાબ આપ્યો, ''હું ભગવાન મહાવીર દેવનો શ્રાવક છું. પ્રભુજી અહીં સમીપમાં પધાર્યા હોઈ હું તેઓશ્રીને વાંદવા જાઉં છું. તું પણ મારી સાથે ચાલ, તને ઘણો લાભ થશે.''

અર્જુનમાળીના ભાવ જાગ્યા. કરેલાં કર્મો હળવાં કરવાનાં હતાં. તે પ્રભુ પાસે આવવા સંમત થયો અને બન્ને જણ પ્રભુ મહાવીરના સમોસરણ પાસે આવી પહોંચ્યા. વંદનાદિ કરી ઉચિત જગ્યાએ બેઠા. પ્રભુજી ફરમાવતા હતા કે - ''આ મોહાંધ સંસારમાં મનુષ્યનું જીવન, આર્યદેશમાં જન્મ, શ્રદ્ધા, ગુરુવચન-શ્રવણની સગવડ, વિવેક, મોક્ષમહેલનાં પગથિયાંની શ્રેણિ... જેવું આ બધું અતિ સુકૃત કર્યું હોય તો જ મળે છે.'' ઈત્યાદિ દેશના સાંભળી. સુદર્શન વ્રત-પચ્ચકખાણ આદિ લઈ, પ્રભુજીને વંદન કરી પાછા ફર્યા, પણ અર્જુનમાળીએ પાપોની નિંદા કરવાપૂર્વક દીક્ષા લીધી, તે જ વખતે પરમાત્મા સમક્ષ તેમણે પ્રતિજ્ઞા કરી કે જીવનભર છઠ્ઠ (બે ઉપવાસ)ને પારણે છઠ્ઠ કરવો.

દીક્ષા બાદ અર્જુન માળી પારણાના દિવસે વહોરવા જતા ત્યારે તેમને લોકોનો તિરસ્કાર સહન કરવો પડતો અને લોકો કહેતા કે 'આ એ જ હત્યારો છે કે જેણે મારા માતા-પિતાને મારી નાખ્યા હતા.' એમ કોઈ મા, ભાઈ, બહેન, પુત્રાદિના ઘાતક કહી બોલાવતા અને અપમાનભર્યા શબ્દો બોલી રંજાડતા. છતાં અર્જુન મુનિ સમતા રાખતા, કોઈ પ્રત્યે મનમાં પણ અપ્રીતિ થવા દેતા નહીં, અને જે કંઈ ઉપસર્ગ થતા તે શાંતિથી સહી લેતા. આમ, ઉત્તમ કોટિનું તપ કરતાં અને ભાવના ભાવતા એ મુનિએ છ માસ પછી અનસન કર્યું.

પૂરા છ માસ રોજ સાતસાત જીવોની હત્યા એટલે કે એક મહિનાના ૩૦ દિવસ એટલે ૬ મહિનાના ૧૮૦ દિવસ રોજની ૭ હત્યા એટલે ૧૨૬૦ જીવોની હત્યાનું પ્રાયશ્ચિત છ માસ સુધી કરી કેવળજ્ઞાન પામી પંદર દિવસના અનસન બાદ કાળ પામી મોક્ષ ગયા.

આ માટે જ શાસ્ત્રકાર મહારાજા ફરમાવે કે શાસ્ત્ર શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન એ રીતે ક્રમશઃ પચ્ચક્ખાણ, સંયમ, તપ, નિર્જરા અને છેલ્લે મોક્ષ થાય છે :

❋ ❋ ❋

# ૯ નાગદત્ત શ્રેષ્ઠી

ખૂબ જ સુખી નાગદત્ત શ્રેષ્ઠીએ રહેવા માટે એક મહેલ બંધાવ્યો . મહેલ તૈયાર થયો. ફક્ત રંગ કરવાનો બાકી. ઘર રંગાઈ જાય એટલે ધામધૂમથી ગૃહપ્રવેશ કરવાનો વિચાર.

મહેલની બહાર ઊભા ઊભા કારીગરોને રંગ બાબત સૂચના આપી રહ્યા છે. ત્યાં એક જૈન મુનિ પસાર થતા હતા તેઓ શેઠની વાતો સાંભળી જરાક હસ્યા. શેઠે વિચાર્યું, મુનિ કેમ હસ્યા હશે ? કારણ વગર મુનિ હસે નહિ. હું મકાનને રંગવાની સૂચના આપું છું એમાં હસવા જેવું શું છે ? શેઠ વિચારે ચઢી ગયા. ઠીક નિરાંતે મુનિરાજને પૂછશું.

ત્યાંથી શેઠ ઘરે આવ્યા. અને ભોજનનો સમય થયો હોવાથી જમવા બેઠા. બાજુમાં શેઠનો નાનો છોકરો જે પારણામાં સૂતો હતો તેને જમતાં જમતાં પારણું હીંચોળે છે. ત્યાં જ છોકરો મૂતર્યો. થોડું મૂત્ર શેઠના ભાણામાં પડ્યું જાણ્યું ન જાણ્યું કરી હોંશે હોંશે જમતા રહ્યા. બરાબર આ જ વખતે પેલા મુનિ ત્યાં આવ્યા અને આ દશ્ય જોઈ ફરી પાછા હસ્યા. મુનિને હસતાં જોઈ શેઠને ભારે આશ્ચર્ય થયું.

થોડો આરામ કરી શેઠ દુકાને આવ્યા. તેટલામાં એક કસાઈ બોકડો લઈને જતો હતો તે બોકડો શેઠની દુકાનમાં ચઢી ગયો. શેઠે તેને બહાર કાઢવાની ઘણી મહેનત કરી પણ બોકડો દુકાનની બહાર નીકળે નહીં. છેવટે લાકડીથી મારી તેને બહાર કાઢ્યો. તે જ વખતે પેલા મુનિરાજ ત્યાંથી નીકળ્યા. તેમણે આ જોયું ને હસ્યા. કસાઈ લાકડીથી મારી ઝૂડી ખેંચીને બોકડાને લઈ ગયો. શેઠને મુનિનું હાસ્ય ન સમજાયું. એક જ દિવસમાં ત્રણ-ત્રણ વાર મુનિ પોતાની સામે હસે છે.

કેમ ?

હવે તો શેઠથી રહેવાયું નહીં. દુકાન બંધ કરી ઉપાશ્રયે આવ્યા. વંદન કરી મુનિને પુછ્યું, ''સાહેબ ! આજ ત્રણ ત્રણ વાર મારી સામે ક્યા કારણે આપ હસ્યા છો ? સમજાવશો ?''

જ્ઞાની મુનિવરે જણાવ્યું, ''જે મકાનને રંગવાની સૂચના આપતા હતા તે તમારા તો કામમાં આવવાનું નથી.''

''કેમ સાહેબ ?'' શેઠે પુછ્યું. ''તારું આયુષ્ય તો હવે ફક્ત સાત દિવસનું બાકી રહ્યું છે.''

''હેં !'' શેઠ ગભરાયા.

બીજીવાર હસવાનું કારણ મુનિશ્રીએ જણાવ્યું કે ''ભોજન કરતા અને બાળકને તમે હુલરાવી રહ્યા હતા તે જીવ તમારી સ્ત્રીનો જાર હતો. તમે જ તેને મારી નંખાવ્યો હતો. મરીને તમારી સ્ત્રીના ગર્ભમાં આવ્યો તે જ બાળક એ ઘોડિયામાં હતું. તમે જમતા હતા ત્યારે મૂતર્યો અને ઠીક ઠીક પ્રમાણમાં તે મૂતર તમારા ભાણામાં પડ્યું. છતાંય તમે તે ભોજન હોંશથી જમ્યા. એ જ્ઞાનથી સમજી હસવું આવ્યું હતું.''

''બોકડો દુકાન ઉપરથી કેમ ઉતરતો ન હતો, મારી-ઝૂડીને તેને કાઢ્યો ત્યારેય તમે હસ્યા. મુનિરાજ કારણ સમજાવશો ?'' શેઠે પુછ્યું.

મુનિશ્રીએ તે પણ સમજાવ્યું, ''જે બોકડો કસાઈ લઈ જતો હતો તે તમારા (નાગદત્તના) બાપનો જીવ હતો. કંઈક જાણીતી દુકાન જણાતાં જીવ બચાવવા તમારી દુકાને ચઢી ગયો. પણ તમે જીવ ન છોડાવતાં લાકડી મારી કાઢી મૂક્યો.''

આ સાંભળી શેઠ હાંફળા-ફાંફળા થઈ ગયા. તરત જ પોતાના બાપનો જીવ બચાવવા કસાઈની દુકાન શોધી ત્યાં પહોંચ્યા અને કસાઈને તે બોકડો વેચાતો આપવા કહ્યું. પણ કસાઈએ જણાવ્યું કે એ બોકડાને તો કાપી નાખ્યો છે, તેનું માંસ શેઠને બતાવ્યું. શેઠને ઘણું દુ:ખ થયું, અને આંસુ સારવા લાગ્યા.

તે મુનિરાજ પાસે પાછા આવ્યા, અને ગુરુદેવને વિનંતી કરવા લાગ્યા કે ''હવે મારે શું કરવું ? રસ્તો બતાવો, મને બચાવો.''


ગુરુદેવે પ્રેમથી તરવાનો માર્ગ બતાવ્યો. ''એક દિવસનું ચારિત્ર આત્માનો ઉદ્ધાર કરવા સમર્થ છે, તમારે તો હજુ સાત દિવસ છે.''

નાગદત્તે દીક્ષા લીધી. સાત જ દિવસ શુદ્ધ ચારિત્ર પાળી બધા જીવોને ખમાવી ત્યાંથી કાળ કરી નાગદત્ત દેવલોક પામ્યા.

# અંગર્ષિ ઋષિ

ચંપાપુરીમાં કૌશીકાર્ય નામના ઉપાધ્યાયને અંગર્ષિ અને રૂદ્રક નામના બે શિષ્યો હતા. તેમાં પહેલો શિષ્ય અંગર્ષિ સૌમ્ય મૂર્તિ, સ્વભાવે સૌમ્ય અને ન્યાય માર્ગે ચાલનારો તથા વિનયી હતો. કોઈ સાથે છળ કપટ કરતો નહીં. તેમાં પણ ખાસ કરીને ગુરુને (ઉપાધ્યાયને) તો કદીય છેતરવાની કલ્પના પણ નહોતો કરી શક્યો અને બીજો રૂદ્રક તેનાથી ઊલટા એટલે વિપરીત સ્વભાવનો હતો . ઉપાધ્યાય જ્યારે જ્યારે તેના અંગર્ષિ શિષ્યની પ્રશંસા કરતા ત્યારે તે રૂદ્રકથી સહેવાતું નહીં, ઈર્ષાની આગથી પ્રજ્વળતો તે અંગર્ષિનાં છિદ્રો શોધ્યા જ કરતો, બીજાનાં છિદ્રો શોધવામાં તે ઘણાં કાર્યો વિસરી જતો.

એક વાર પ્રાતઃકાળે જ ઉપાધ્યાયે તે બન્નેને ઈંધણ લાવવા મોકલ્યા. તે જ સમયે અંગર્ષિ, ગુરુજીની આજ્ઞાને શિરોમાન્ય કરી, ઈંધણ માટે જંગલમાં ગયો. રૂદ્રક આળસુ હોવાથી ભૂતાવાસ તથા દેવાલયમાં થતા નાટક જોવામાં મધ્યાહ્ન સુધી રોકાયો. તેટલામાં તેને ગુરુજીની આજ્ઞા યાદ આવી એટલે જંગલ તરફ ચાલ્યો. ત્યાં જ માર્ગમાં તેને અંગર્ષિને લાકડાનો મોટો ભારો લઈ આવતા જોયો. તે જોઈને તે ભય પામ્યો, અને નદીના નિર્જન કાંઠા તરફ ભાગ્યો. ત્યાં નદીના નિર્જન કિનારે પંથક નામના પુત્રને ભાત (ભોજન) આપીને પાછી વળતી અને માથે મોટો લાકડાનો ભારો ઊંચકેલી, કેડેથી વાંકી વળી ગયેલી એવી જ્યોતિર્યશા નામની ડોશીને જોઈ નિર્જનતામાં સારા-નરસાનો વિવેક વિસરી, ધર્મની સંજ્ઞા યાને રૂદ્રક નિતિશાસ્ત્રને પણ ભૂલી જઈ વૃદ્ધાની હત્યા કરી નાખીને તેની પાસેનો મોટો લાકડાનો ભારો ઊંચકી લઈ, ટૂંકા રસ્તાથી અંગર્ષિની પહેલાં રૂદ્રક આશ્રમમાં પહોંચ્યો, અને પહોંચતા જ બોલ્યો : હે ઉપાધ્યાય ! તમારા અતિ વહાલા શિષ્યના કરતૂકો સાંભળો - તેણે કરેલાં કાળા કૃત્યની કથા શું કહું ? તે તો તમારી આજ્ઞાને તૃણ તુલ્ય સમજીને બપોર સુધી નાટક-તમાશા ને નાચ જોતો હતો. પછી વધુ વિલંબ થવાથી અટવી તરફ ગયો અને ત્યાંની નિર્જનતાનો લાભ લઈ, પંથક નામના નાગરિકની બુઢ્ઢી માતાની હત્યા કરી, તેણીનો કાષ્ટ ભારો લઈને આવી રહ્યો છે. આ મુજબ કહેતો હતો તેટલામાં જ અંગર્ષિ લાકડાનો ભારો લઈને આવી પહોંચ્યો. તેને જોતાં જ ગુરુનો ક્રોધ ભડકી ઊઠ્યો અને કહ્યું, ''પાપી ! અહીંથી નીકળી જા, મારી નજર ન પડે ત્યાં ચાલી જા તું પાપી છો.'' આવાં કઠોર વચનો કહી તેને પોતાના આશ્રમમાંથી કાઢી મૂક્યો. પણ તે સૌમ્ય સ્વભાવ હોવાથી ગુરુ ઉપર દ્વેષ કર્યા વગર, નગરની બહાર જઈ એક વૃક્ષની છાયામાં બેસી વિચારવા લાગ્યો. ''ખરેખર ! ચંદ્રમંડળમાંથી અંગારાની વૃષ્ટિની જેમ જ આ ન બની શકે-તેવું અસંભવિત થયું ? કેમ કે આજે પ્રિયવાદીજનોના મુગટરત્ન જેવા મારા ગુરુએ સળગતા અગ્નિ જેવી વાણી કહી તેથી જરૂર, અજાણતાં કે જાણતાં મારાથી કોઈ મોટો અપરાધ થઈ ગયો હશે'' આવો વિચાર કરી મનમાં પોતાની આલોચના કરવા લાગ્યો. ખૂબ મનોમંથન કરવા છતાંય, પોતાની કોઈ પણ ભૂલ જ્યારે જણાઈ નહિ ત્યારે તે મનમાં કહેવા લાગ્યો , ''ગુરુજનને ઉદ્વેગ કરનાર અને અધન્ય એવા મને ધિક્કાર છે. જે સર્વે પ્રાણીઓમાં પ્રીતિ ઉત્પન્ન કરે છે તેને ધન્ય છે'' ઈત્યાદિક વિશુદ્ધ અને અતિશુદ્ધ અધ્યવસાયના[1] હેતૂની ભાવના ભાવતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી પૂર્વભવના અભ્યાસે ઊંચ્ચ ભાવનાને ભાવતા તે મહાત્મા અંગર્ષિ ક્રમશઃ કેવળજ્ઞાનની લક્ષ્મી પામ્યા. તે સમયે તેના પ્રભાવથી આનંદિત થયેલા સમીપના દેવોએ તેનો મોટો મહિમા કર્યો અને ઉચ્ચ સ્વરે આખી નગરીમાં ઉદ્‌ઘોષણા કરી કે : ''મહાઋષિ અંગર્ષિ ઉપર અભ્યાખ્યાન (ખોટું આળ) રૂદ્રકે આપ્યું છે. હે લોકો ! મહાપાપી રૂદ્રકે પોતે જ પંથકની માતાને મારી નાખી છે અને ખોટો આરોપ અંગર્ષિ ઉપર ચઢાડયો છે. માટે તે પાપી સાથે બોલવું, ચાલવું, કે સામે જોવું યોગ્ય નથી'' આવી ઉદ્‌ઘોષણા સાંભળી, પશ્ચાતાપના અગ્નિથી બળતાં ઉપાધ્યાયે નગરના લોકો સાથે જ્યાં ઋષિ અંગર્ષિ હતા ત્યાં લઈ તેમને ખમાવ્યા. ક્ષમા માંગી. તેમની પાસેથી ધર્મ સાંભળી પ્રતિબોધ પામ્યા. રૂદ્રક પણ લોકોનો નિંદાપાત્ર થયો.



આ રીતે સૌમ્ય પ્રકૃતિવાળા પ્રાણી પ્રાયે કરીને પોતાના અને પરના ઉપકારને માટે થાય છે. અર્થાત્ ઋષિ અંગર્ષિની જેમ તે ધર્મનો અધિકારી બને છે.

---

૧. આત્માના ભાવની તરતમતા

## ૧૧ કૌમુદી યાને અચ્ચંકારભટ્ટિકા

(આ કથા અચ્ચુંકારી ભટ્ટાને નામે પણ કહેવાય છે.)

એક નગરમાં અત્યંત ધનવાન એક નગર શેઠ વસતા હતા. તેમને અનુકૂળ સ્વભાવની પત્ની હતી. આ શેઠને વિનયી અને ગુણવાન સાત પુત્રો હતા. આ સાત પુત્રો હતા. આ સાત પુત્રો ઉપર એક પુત્રી જન્મી. એનું નામ કૌમુદી પાડ્યું. આ પુત્રી રૂપરૂપના અંબાર જેવી હતી. એથી માતાપિતાને બહુ લાડકવાયી હતી. એટલે બન્નેએ સહુ કુટુંબીજનોને કહેલું કે કોઈપણ રીતે દિલ દુભાય એવાં કોઈ વચન આ પુત્રીને કહેવા નહીં. પુષ્કળ ધન ખર્ચી એને ભણાવી અને ૬૪ કળાઓમાં નિપુણ બનાવી.

કૌમુદી યુવાન થઈ એટલે તેને પરણાવવાની કોશીશ મા-બાપ કરવા લાગ્યાં, ત્યારે આ લાડમાં ઉછરેલી કૌમુદીએ કીધું કે હું તો એને જ પરણીશ, જે મારી હા એ હા અને ના એ ના કરે અને મારી આજ્ઞામાં રહે તે જ મારો જીવનસાથી બનશે.

આ કૌમુદીના રૂપની પાછળ પાગલ બનેલા ઘણા યુવાનો તેને પરણવા આવવા લાગ્યા. પણ કૌમુદીની શરત જોઈ કોઈ તેને પરણવા તૈયાર થતું નહીં. પણ તે જ શહેરના નવા આવેલા પ્રધાને વિચાર્યું કે બહુ બહુ તો એની આજ્ઞામાં શું હશે ? મારે આ જોઈએ, તે જોઈએ. તો હું સંપત્તિવાન છું. પહોંચી વળીશ. એમ સમજી કૌમુદીની શરતનો સ્વકારી કરી તેને પરણ્યો. શેઠ પણ આથી ઘણા ખુશ થયા. આવો સંપત્તિવાન અને સત્તાધારી જમાઈ ક્યાંથી મળે ?

લગ્ન બાદ ઘણાં વર્ષો સંસાર સુખોમાં પસાર થયાં. ખાસ કંઈ વાંધો ન આવ્યો. દરેક વાતમાં આ પ્રધાન હા એ હા કરે ગયો. બધી જ આજ્ઞા કૌમુદીની તે પાળતો. એક દિવસ કૌમુદીએ પતિને કહ્યું, 'સ્વામીનાથ ! આપણા બન્ને વચ્ચે ક્ષીર નીર જેવી પ્રીતિ છે. એને જો આપ અખંડ રાખવા ઈચ્છતા હો તો આજથી મારી નવી આજ્ઞા છે કે હવેથી તમારે દરરોજ સૂર્યાસ્ત થઈ જાય તે પહેલા ઘેર પાછા આવતા રહેવું.'

પ્રધાને આ આજ્ઞા વધાવી લીધી. દરરોજ રાજ્યકાજથી પરવારી તે સાંજે વહેલો ઘેર આવવા માંડ્યો. રાજ્યસભામાંના કેટલાકોને આ વાતની ખબર પડી. દ્વેષને કારણે તેઓએ રાજાના કાન ભંભેર્યા અને કહ્યું કે આ પ્રધાન તો વહુઘેલો છે. તેની વહુ કહે તેમ કરે છે અને તેની પત્નીની આજ્ઞા હોવાથી વહેલો રાજ્યસભામાંથી ઘેર જાય છે. વગેરે વગેરે...

રાજાને વાત વિચિત્ર લાગી. પણ પ્રધાનનું પારખું કરવાનું મનથી નક્કી કર્યું. એવું તે કેમ બને કે પત્નીની આગળ પ્રધાનનું કંઈ ચાલે નહીં. એટલે એક દિવસ રાજાએ પ્રધાનને રાજસભામાં કહ્યું, ''આજ જરૂરી કામ હોવાથી સાંજે તમે અત્રે રોકાઈ જજો. ખાસ અગત્યનું કામ છે.''

પ્રધાનને રાજાના કહેવાથી સાંજે રોકાઈ જવુ પડ્યું. મોડી રાત સુધી રાજાએ તેને એક યા બીજી વાતો કરી રોકી રાખ્યા. એક એવું કામ સોંપ્યુ કે તે પતાવતાં રાતના એક વાગ્યો. એક વાગે પ્રધાનજી ઘરે જવા નીકળ્યા. મનથી વિચારતા હતા કે કંઈ વાંધો નહીં. પત્નીને સમજાવી લેવાશે. રાજ્યની નોકરી હોવાથી કોઈ વખતે મોડું થઈ જાય. તે ઘરે પહોંચી દ્વાર ખખડાવ્યાં. પત્ની તો બારણું બંધ કરી સૂઈ ગઈ હતી. ઘણું દ્વાર ખખડાવ્યું પણ કૌમુદીએ દ્વાર ન ખોલ્યું. બૂમો મારી પ્રધાન કહેવા લાગ્યો, ''કૌમુદી ! રાજઆજ્ઞાથી મારે રાજ્યના કામે રોકાઈ જવું પડ્યું હતું. નોકરે શેઠની આજ્ઞા પાળવી જ જોઈએ. એટલે રાજાજીના ખાસ કહેવાથી હું રોકાયો હતો અને સૂર્યાસ્ત પહેલાં આવી ન શક્યો. આજનો દિવસ માફ કર. અને કૃપા કરીને કમાડ ખોલ.'' આવી રીતે પ્રધાન ખૂબ કરગર્યો ત્યારે ધૂંઆપૂંઆ થયેલી કૌમુદીએ દ્વાર ખોલ્યાં અને કહ્યું, ''તમને મારી આજ્ઞાનો ભંગ કરતા શરમ ન આવી ? રાજની આજ્ઞા મહાન કે મારી આજ્ઞા મહાન ? તમે રાજાને પરણ્યા છો કે મને ? નહિ ચાલે.'' પ્રધાને ગદ્‌ગદ થતાં બહુ નમ્રતાથી કહ્યું, ''દેવી ! તારા માટે બધું કરવા તૈયાર છું. પણ રાજ્યની નોકરી છે તેથી રાજાની આજ્ઞાનું તો પાલન મારે કરવું પડે. હું મારી મરજીથી રોકાયો ન હતો. આ વખતે મને માફ કર.'' ત્યારે કૌમુદીએ કહ્યું, ''માફ નહિં થાય. મારી આજ્ઞા વિરુદ્ધ ચાલનાર પતિ

હવે મારે ન જોઈએ. હું તો અત્યારે ને અત્યારે મારા પિયર ચાલી જાઉં છું.''

મધરાતે કૌમુદી વસ્ત્રાભૂષણ સજીને પતિનું ઘર છોડીને જવા તૈયાર થઈ. પતિ સમજી ગયો કે હવે આ જિદ્દી સ્ત્રી કોઈ રીતે સમજે તેમ નથી. એટલે કહ્યું, ''કૌમુદી ! તારા પિતાને ત્યાં જવું હોય તો જા. પણ અત્યારે મધરાત્રે જવાનું રહેવા દે. સવારમાં ઊઠીને જ જે'', પણ કૌમુદી માની નહીં અને કહે કે ''ના હું તો અત્યારે જ ઘર છોડી ચાલી જાઉં છું.'' એમ કહી પતિનું ઘર છોડી ચાલી નીકળી. ક્રોધમાં બળી રહેલી કૌમુદી કોઈ રીતે માની નહીં. તેણે એ પણ વિચાર ન કર્યો કે મારૂં રૂપ અને આ વસ્ત્રાભૂષણ જોઈ રાત્રે કોઈ ગુંડાઓ મળશે તો ? તેનો સમજુ પતિ તેની સાથે સાથે ચાલવા લાગ્યો ત્યારે કૌમુદીએ ક્રોધિત સ્વરે કહ્યું, ''ખબરદાર ! જો મારી સાથે કે પાછળ આવ્યા છો તો. હું એકલી જઈશ.'' છેવટે પતિ પાછો વળ્યો. રસ્તામાં ચોરો મળ્યા. સુંદર અને અલંકારોથી સજ્જ સ્ત્રી છે. વળી, સાથે પણ કોઈ નથી. આવો અવસર ક્યારે મળે ! ચોરોએ એને પકડી લીધી અને પોતાના આગેવાન પલ્લીપતિને સોંપી. આ સ્ત્રીનું લાવણ્ય જોઈ પલ્લી સરદાર એના ઉપર મોહિત થયો અને સમય જોઈએ કૌમુદીને કહે છે, ''હે સુંદરી ! તારૂં સુંદર મજાનું રૂપ અને મારૂં થનગનતું યૌવન એ બન્નેનો સુંદર સુયોગ મળ્યો છે. એ સુયોગને આપણે વધાવી લઈએ.''

આ કૌમુદી ભયંકર ગુસ્સેબાજ અને અહંકારનો અવતાર હતી. એક જ વખત પોતાની આજ્ઞાનું પાલન ન થયું તો મધરાતે પતિને છોડીને ચાલી નીકળી અને ચોરોના હાથમાં સપડાઈ ગઈ. પણ એ પૂર્ણ ચારિત્રવાન નારી હતી. શીલગુણની મૂર્તિસમાન કૌમુદીએ ચોરોના સરદારને સાફ શબ્દોમાં સંભળાવી દીધું, ''હે પાપી ! આર્યાવર્તના ઉત્તમ સંસ્કારને વરેલી હું એક પરણેલી સન્નારી છું. મારા પતિ સિવાય કોઈ પુરૂષનો સ્પર્શ મારા શરીરને નહિ થવા દઉં.'' પલ્લીપતિએ વિચાર્યું કે આ બાઈ કળથી સમજે તેમ નથી હવે તો બળથી જ કામ લેવું પડશે. એટલે તે કૌમુદી પાસે સખ્ત મહેનતનું કામ લેવા માંડ્યું. કામ કરવામાં વાર લાગે તો ઢોર માર મારવા લાગ્યો. છતા, કૌમુદી સરદારની ઈચ્છાને આધિન ન થઈ અને સાફ શબ્દોમાં કહ્યું કે ''હે નરાધમ ! તું મારા શરીરના ટુકડે ટુકડા કરીશ તો પણ હું જીવતા મારા શિયળનું ખંડન નહિ થવા દઉં. પ્રાણ ગયા પછી મારા મડદાને કાગડા ચૂંથે એમ તારે ચૂંથવું હોય તો ચૂંથી નાખજે.''

આવી અડગ વાણી બે-ત્રણ વખત સાંભળી પલ્લીપતિ સમજી ગયો કે આ બાઈ સતી સ્ત્રી છે અને જો કદાચ મને શ્રાપ આપશે તે હું બળીને ભસ્મ થઈ જઈશ. એમ વિચારી તેણે કૌમુદીને બર્બરકુટ નામના નગરમાં એક નીચ કુળના માનવ સાથે સોદો કરી વેચી દીધી.

કૌમુદી ઘર છોડની નીકળી ગયા પછી એનો પતિ ખૂબ ચિંતા કરવા લાગ્યો કે આ મધરાતે એકલી ક્યાં ગઈ હશે ! એનું શું થયું હશે ? એના પિયરમાં પણ ખબર કાઢી પણ તેનો કોઈ પત્તો લાગ્યો નહીં. બર્બુરકુટનો નીચ માનવી પણ કૌમુદીનું રૂપ-યૌવન જોઈ તેના ઉપર મોહિત બન્યો અને એની પાસે વિષય-સુખની યાચના કરી. પણ શીલધર્મની ઝળહળતી જ્યોતને અખંડ રાખનાર કૌમુદીએ એને કઠોર શબ્દોમાં કહી દીધું, ''હે પાપી ! તું મારા જીવતાં મને નહિ અડી શકે.'' આ નીચ નરાધમે કૌમુદીને લલચાવવાના ઘણા પ્રયત્નો કર્યા પણ તે ચારિત્રમાં અડગ રહી; એટલે તે નીચ માનવીએ કૌમુદીને દુઃખ આપવું શરૂ કર્યું. તેને થાંભલા સાથે બાંધી એના શરીરમાં સોયા ભોંકીને એના દેહમાંથી લોહી ખેંચવા લાગ્યો. પછી થોડા દહાડા તેને મિષ્ટાન્ન વગેરે પૌષ્ટિક પદાર્થો ખવડાવતો અને એના શરીરમાં લોહી ભરાતું ત્યારે પાછો થાંભલા સાથે બાંધીને ધગધગતા અણીદાર સોયા ભોંકી લોહી ખેંચતો. આમ, લોહી વારંવાર ખેંચાવાથી કૌમુદીને પાંડું નામનો ભયંકર રોગ થયો અને એનું શરીર કૃશ થઈ ગયું. આવાં દુઃખોની સામે પણ કૌમુદી શીલધર્મમાં એક શૂરવીર સુભટની જેમ અડગ રહી, પણ કુશીલતાથી પોતાની કાયા અભડાવી નહીં.

એક વખતે આ કૌમુદીનો ભાઈ વેપાર અર્થે બર્બરકુટમાં આવ્યો. તેને નગરમાં ફરતાં ફરતાં એવા સમાચાર મળ્યા કે એક રૂપવાળી બાઈને એક પાપી માણસ ખરીદીને લાવ્યો છે અને આ બાઈને ઘણું દુઃખ આપે છે. કૌમુદીનો ભાઈ કુતૂહલવશ આ જોવા પેલા

પાર્પ ના ઘરે આવ્યો અને પોતાની સગી બહેનને દુઃખના ડુંગર ખડકાયેલા જોઈને ધ્રુજી ઊઠ્યો. તેણે પોતાની બહેનને ત્યાંથી ધન આપી છોડાવી પોતાને ઘેર લઈ આવ્યો.

કૌમુદીને જોઈ સઘળા કુટુંબીજન રાજી થયા, એણે પોતાનાં અસહ્ય દુઃખમાં પોતાની શીલ રક્ષા કરી હતી તે વિગત જણાવતાં તેના પતિ સહિત સઘળા હર્ષવિભોર બની ગયા.

એક અભિમાન અને ક્રોધથી કૌમુદી ઉપર શું શું વીત્યું તે તેને હવે સમજાઈ ચૂક્યું હતું. એટલે હવે પછી કોઈ પણ દિવસ અભિમાન કે ક્રોધ ન કરવાની તેણે મનોમન પ્રતિજ્ઞા કરી.

આ પ્રતિજ્ઞાથી તે એવી પવિત્ર બની કે એની ક્ષમા શીલતા અને ધીરતાની પ્રશંસા ખુદ દેવલોકના દેવો કરતા હતા. જે કૌમુદી પહેલા અભિમાન અને ક્રોધનો દાવાનળ હતી તે હવે ક્ષમાનો સાગર બની ચૂકી હતી.

એક દિવસ એ નગરની બહાર ઉદ્યાનમાં કોઈ મહાજ્ઞાની, ધ્યાની અને પ્રશાંત મુનિરાજ ધ્યાનમાં ઊભા હતા. તે વખતે કોણ જાણે ક્યાંથી અચાનક આગ લાગી. આથી ધ્યાનસ્થ મુનિનું શરીર અગ્નિના દાહથી બળવા લાગ્યું. પણ મુનિવરનું મન તો વિરાગની મસ્તીમાં જ રમતું હતું. તેઓ દેહની આસક્તિથી વિરક્ત જ રહ્યા. લોકોએ આગ ઓલવી નાખી. મુનિ તો સમભાવે વેદના સહન કરતા રહ્યા. આ મુનિરાજને એક શેઠે આ દશામાં જોયા. તેમણે ગામમાંથી એક વૈદ્યરાજને બોલાવ્યા અને મુનિરાજની વૈયાવચ્ચ કરી તેમને સાતા ઊપજે તેવી દવા કરવા કહ્યું. વૈદ્યરાજે કહ્યું "આ દાહ ફક્ત લક્ષપાક તેલથી મટે. માટે ક્યાંકથી પણ મળે તો લક્ષપાક તેલ લઈ આવો." લક્ષપાક તેલ ખૂબ મૂલ્યવાન હોય છે. એ કંઈ બધાના ઘરમાં નથી હોતું. આ કૌમુદીના ઘરે લક્ષપાક તેલ છે તે શેઠને ખબર હતી, તેથી તેમણે બીજા બે મુનિરાજોને કૌમુદીના ઘરે જઈ લક્ષપાક તેલ વહોરી લાવવા વિનંતી કરી અને બન્ને સાધુ કૌમુદીના ઘરે લક્ષપાક તેલ વહોરવા આવ્યા. કૌમુદીનું હૃદય મુનિરાજને જોઈ હર્ષથી વિકસી ગયું ને ઉભી થઈ સાથ-આઠ પગલાં આગળ ભરી બોલી પધારો મુનિરાજ પધારો. આપને કઈ ચીજનો ખપ છે ? જે કંઈ ખપ હોય તે વિના સંકોચે ફરમાવી મને લાભ આપવા કૃપા કરો. મુનિરાજે કહ્યું, "અમારે દાહજ્વરથી પીડાતા એક મુનિ માટે લક્ષપાકની જરૂર છે. તે વહોરવો."

કૌમુદીએ આ સાંભળી તેની દાસને આજ્ઞા કરી કે "બહેન ! માળિયાના કબાટમાંથી લક્ષપાક તેલનો બાટલો લાવો." દાસી ઉપરના માળિયેથી લક્ષપાકનો બાટલો કાઢી નીચે આવવા ઉતરી.

આ જ વખતે દેવલોકમાં કૌમુદીની પ્રશંસા થઈ રહી હતી અને આ પ્રશંસા એક દેવથી સહન ન થઈ. વળી, એવી તે કઈ સ્રી છે ? જે વિપરિત અવસ્થામાં ક્રોધ ન કરે અને ક્રોધના બદલે ક્ષમાશીલ જ રહે. એટલે દાસી જે લક્ષપાકના બાટલા સાથે નીચે ઊતરતી હતી તેના હાથમાંથી તે દેવ અદૃશ્ય રીતે ત્યાં આવી નીચે નખાવી દીધો. આથી અતિ મૂલ્યવાન એવું લક્ષપાક તેલ ઢોળાઈ ગયું. દાસી આથી ઘણી ગભરાઈ ગઈ. પણ કૌમુદીએ શાંતિથી ક્ષમા આપતાં કહ્યું, કંઈ નહીં. ગભરાઈશ નહિ. જા ત્યાંથી લક્ષપાકનો બીજો બાટલો લઈ આવ. તે દાસી લાવતી હતી તે પણ દેવે તેના હાથમાંથી ગબડાવી દીધો. આથી તો દાસી બેબાકળી બની રોવા લાગી. છતાં, કૌમુદી ગુસ્સે થઈ નહીં. એણે દાસીને સાંત્વન આપતાં મીઠા મધુરા શબ્દો દ્વારા ત્રીજો બાટલો ખૂબ સાચવીને લઈ આવવા વિનંતી કરી. પણ દૈવીશક્તિના પ્રભાવે ત્રીજા બાટલાની પણ એ જ દશા થઈ. લાખ-લાખ સોનામહોરની કિંમતના ત્રણ લક્ષપાકના બાટલા ફૂટી જવા છતાં એક વખતની ક્રોધાવતાર કૌમુદી સહેજ પણ ક્રોધની કાળમાંથી ખરડાઈ નહીં. પણ તેને એક વિચાર આવ્યો કે અહો ! મારે આંગણે ગુરુદેવ પધાર્યા છતાં મેં શેઠાણીની જેમ બેસીરહીને દાસીને લક્ષપાક તેલનો બાટલો લેવા મોકલી. હવે છેલ્લો એક જ બાટલો બાકી રહ્યો છે, તે હું જાતે લઈ આવું. પોતે જાતે જ ઊભી થઈ અને બાટલો લેવા ઉપર ચઢી બાટલો કાઢી નીચે ઊતરતાં દેવે તે પાડી નાખવા મહેનત કરી. પણ કૌમુદીના શીલના પ્રતાપે તે ન ફાવ્યો અને શાંતિથી મુનિશ્રીને લક્ષપાક તેલ ઘણા જ પ્રેમથી વહોરાવી પોતાની જાતને ધન્ય માનવા લાગી. મુનિરાજે કીધું, ધન્ય છે સન્નારી ! ત્રણ ત્રણ આવા કિંમતી બાટલા

દાસીથી ફૂટી ગયા પણ તે ક્રોધ ન કર્યો. હવે પછી અમારા ગયા પછી પણ દાસી ઉપર ક્રોધ ન કરીશ કે એને કોઈ દંડ ના આપીશ, ત્યારે કૌમુદીએ કહ્યું "ગુરુદેવ ! હું ક્રોધનાં ફળ જાણું છું. મેં મારી જાતે અનુભવ્યાં છે." એમ કહી પોતાની દાસ્તાન ટૂંકમાં મુનિરાજાઓને કહી સંભળાવી. મુનિરાજો સંભાળપૂર્વક લક્ષપાક તેલ લઈ આવી ગુરુજીનો ઉપચાર કરી તેમને નીરોગી બનાવ્યા.

આ તરફ પરીક્ષા કરવા આવેલ દેવ પોતાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ કૌમુદીને અભિનંદન આપવા પ્રત્યક્ષ રૂપે પ્રગટ થયો અને કહ્યું, ઈન્દ્રના મુખે તમારી પ્રશંસા સાંભળીને પરીક્ષા કરવા પોતે આવ્યો ને ત્રણ લક્ષપાકના બાટલા તેણે પોતે જ ફોડી નાખ્યા હતા તે વાત પ્રગટ કરીને નમ્રતામાં કહ્યું, "હે સતી ! તમે તમારા જીવનમાં ખરેખર ક્ષમાધર્મ અપનાવ્યો છે. ઈન્દ્ર મહારાજાએ કરેલ પ્રશંસા સત્ય છે. એમાં હવે મને કોઈ શંકા નથી. તમારી શીલપ્રિયતા અને ક્ષમાશીલતા આ જગતના જીવો માટે મહાન આદર્શરૂપ છે."

એમ કહીને દેવ કૌમુદીના ચરણમાં ઝૂકી પડ્યો.

શાસ્ત્રમાં કહ્યું કે જે શુદ્ધ ભાવથી બ્રહ્મચર્યનું પાલન કરે છે તેના ચરણમાં દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને કિન્નરો નમસ્કાર કરે છે. માનવ શરીર તેનાં પહેરેલ વસ્ત્રો કે અલંકારોથી શોભતું નથી પણ તેની શોભા શીલ, સત્ય, સદાચાર, સરળતા આદિ ગુણોથી શોભે છે.

કૌમુદીના આવા ઉચ્ચ ગુણોના પ્રભાવે દેવે તેના ઉપર પ્રસન્ન થઈ સુગંધિત પુષ્પો અને સોનામહોરોની વૃષ્ટિ કરી અને ત્રણ લક્ષપાકના જે બાટલા તેણે ફોડી નાખ્યા હતા તે જેવા હતા તેવા કરી મૂકી દીધા. પછી સતી તે ,પુનઃવંદન કરીને એના સ્થાને ચાલ્યો ગયો.

આગ જેમાંથી પ્રગટે તેને જ પહેલા બાળી નાખે છે. એ રીતે ગુસ્સો પણ જેના હૃદયમાંથી પ્રગટે તેને જ પહેલા બેચેન કરી મૂકે છે.

વાંચક મહાનુભાવો પણ ક્રોધના કષાયથી બચે તેવી અભ્યર્થના.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંકને હાર્દિક શુભેચ્છા

**શ્રી પદમશી વ્રજપાળ મારૂ પરિવાર**
ગામ : લાખાબાવળ, હાલ- જામનગર.
હસ્તે : વિનોદ પદમશી મારૂ
"શુભમ્"-૨, ઓશવાળ કોલોની
જામનગર.

પ. પૂ. ઉ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. સા. પર્વ પર્યુષણમાં
ઓશવાળ કોલોનીમાં પધારતાં

૧૨

# કલિશ્રેષ્ઠ શ્રી કાલિકાચાર્ય અને દત્ત

(મામા-ભાણેજ)

એક કાલિક નામનો બ્રાહ્મણ તુરમણિ નામની નગરીમાં રહેતો હતો. તેને એક ભદ્રા નામની બહેન હતી અને દત્ત નામનો ભાણેજ હતો.

કાલિકે જૈનાચાર્યથી પ્રતિબોધ પામી તેમની પાસે દીક્ષા લીધી. કાલિકે દીક્ષા લીધી એટલે દત્તને માથે કોઈ કહેનાર રહ્યું નહીં અને તે સ્વચ્છંદી બનવા લાગ્યો. તે નગરીના રાજા જિતશત્રુને સેવા કરતાં પોતાના કૌશલ્યથી રાજાનો મંત્રી બની ગયો. રાજકીય કાવા-દાવા ખેલતાં આસ્તેઆસ્તે બીજા કર્તા-કારવતાઓને વિશ્વાસમાં લઈ રાજાને બંદીવાન બનાવી પોતે રાજા બની બેઠો. તે નાસ્તિક હતો એટલે પાપમાં કે પુણ્યમાં માનતો નહીં. ઘણી જ નિષ્ઠુરતાથી રાજ ચલાવતો. પોતાની કીર્તિને માટે તે યજ્ઞ અને હોમ-હવન કરાવતો.

તેના મામા કાલિકે દીક્ષા લીધેલ. તેઓ શુદ્ધ ચારિત્ર પાળતા હોવાથી અને યોગ્ય ગુણવાન હોવાથી ગચ્છાધિપતિ થયા. મોટા સમુદાય સાથે શ્રી કાલિકાચાર્ય એકદા નગરમાં પધાર્યા. તેમનાં દર્શને લોકોનાં ટોળેટોળાં ઉભરાયાં. દત્તની માતાએ ઘણો આગ્રહ કર્યો એટલે દત્ત પણ મામાની વાણી સાંભળવા અને દર્શન-વંદન માટે કાલિકાચાર્ય પાસે આવ્યો. ઔપચારિક કેટલીક વાતો કર્યા પછી દત્તે પૂછ્યું, ''મામા ! યજ્ઞ કરવાથી શું ફળ મળે ?'' ગુરુમહારાજે જવાબ આપ્યો, ''દયામાં ધર્મ છે, અને ધર્મનાં ફળ ઘણાં સારાં છે.'' દત્તને આ જવાબથી સંતોષ થયો નહીં તેણે ઉદ્ધતાઈથી કહ્યું, ''મેં તમને યજ્ઞનું ફળ પૂછ્યું છે, તેનો જવાબ આપો. આડીઅવળી વાતો ન કરો.'' ત્યારે આચાર્યશ્રી બોલ્યા, ''દત્ત ! મેં તને બરાબર જવાબ આપ્યો છે. તું નથી જાણતો કે જ્યાં જ્યાં હિંસા હોય ત્યાં ત્યાં પાપ જ હોય, અને અતિઘોર હિંસામય પાપનું ફળ નિર્વિવાદ નરક જ હોય. યજ્ઞમાં તો ઘોર હિંસા જ થતી હોય છે. વૈદિક અને લૌકિક ગ્રંથમાં પણ માંસભક્ષણ ત્યાજ્ય કહ્યું છે, અને તલ કે સરસવ જેટલું પણ જે માંસ ખાય તે સૂર્ય-ચંદ્રની સ્થિતિ સુધી નરકનાં દુઃખ જ ભોગવે.''

દત્ત આ તો બધો મિથ્યા પ્રલાપ છે એમ સમજી હસવા લાગ્યો અને મામા મહારાજને કહે, ''ત્યારે તો તમે સ્વર્ગે અને હું નરકે જઈશ કેમ ?'' આચાર્ય બોલ્યા, ''હે રાજા ! આજથી સાતમે દિવસે તને કુંભીમાં પકવવામાં આવશે અને મરીને તું ચોક્કસ નરકે જઈશ.'' તેણે પાછું પૂછ્યું ''શી ખાતરી ?''

''ખાતરી એ કે મૃત્યુના આગલા દિવસે તારા મુખ પર વિષ્ટા પડશે. જો એમ થાય તો તું ચોક્કસ સમજજે કે બીજે દિવસે તારૂં મૃત્યુ છે અને નિશ્ચિત મરણ બાદ તારી દુર્ગતિ જ થશે.'' ખીજાએલા દત્તે પૂછ્યું, ''અને તમારી ગતિ કઈ થશે ?''

''રાજા ! હું સ્વર્ગે જઈશ. ધર્મનાં ફળ સારાં જ હોય, તે જીવને દુર્ગતિમાં પડવા દેતાં નથી.'' આ સાંભળી ક્રોધે ભરાયેલા દત્તને મામાનો ઘાત કરવાની દુષ્ટ ભાવના થઈ આવી. પણ પછી વિચાર્યું કે સાત દિવસ પછી આઠમે દિવસે હું જાતે આવી મામા મહારાજને મારી નાખીશ અને ગર્વથી કહીશ કે ''મામા ! મારૂં નહીં તમારૂં મોત આવ્યું છે.''

ઉપાશ્રયેથી મહેલે આવી તેણે ઉપાશ્રયની ચારે બાજુ ચોકીદારો ગોઠવ્યા અને ઢંઢેરો બહાર પાડ્યો કે રસ્તામાં કોઈએ વિષ્ટા કરવી નહીં કે ફેંકવી નહીં. કચરો પણ નાખવો નહીં અને નગર સાફસૂફ રહે તેની પાકી વ્યવસ્થા કરાવી અને દત્ત પોતે આ દિવસો દરમિયાન રાજમહેલમાં જ ભરાઈ રહ્યો. દિવસની ગણતરીમાં ભૂલ થવાથી છઠ્ઠા દિવસને સાતમો દિવસ સમજી ખૂબ દબદબાપૂર્વક મોટી સવારી કાઢી અને તે કાલિકાચાર્યને ખોટા પાડવા નીકળ્યો.

તે વખતે રાજમાર્ગથી જતા એક માળીને તીવ્ર હાજત થવાથી તેણે ઝાડે જઈ ઉપર ફૂલ મૂકી દીધાં. એટલામાં દત્ત રાજાની સવારી આવી. દત્ત રાજાના ઘોડાનો પાછળનો પગ તે વિષ્ટા ઉપર પડતાં અને જોરથી પગ ઉપાડતાં તેમાં ચોંટી આવેલી વિષ્ટા ઊડીને દત્તના મોઢા ઉપર પડી. તરત જ દત્ત ચમક્યો. ગંધાતી વિષ્ટા હાથ ફેરવતાં ઓળખાઈ ગઈ. શ્રી કાલિકાચાર્યના શબ્દો તાજા થઈ કાનમાં ગૂંજવા લાગ્યા. તેને શંકા પડતાં દિવસની ગણતરી કરી. એક આખા દિવસની ભૂલ સમજાતાં તે ખૂબ ગભરાયો, બેબાકળો થઈ ગયો અને પરસેવે રેબઝેબ થઈ જતાં ત્યાંથી પાછો ફર્યો.

આ બાજુ દત્તના સૈનિકો તેનાથી ત્રાસી ગયા હોવાથી આ છ દિવસમાં દત્તની અસાવધાનીનો લાભ લઈ બીજા રાજાની વ્યવસ્થિત તૈયારી કરી દત્ત પાછો ફરે પૂર્વે નવા રાજાને સિંહાસન પર બેસાડી દીધો. દત્તને પાછા ફરતાં રસ્તામાં જ સૈનિકોએ પકડી તેને કેદખાનામાં નાખી દીધો. ખૂબ જ માર મારી તેને બીજે દિવસે સળગતી કુંભીમાં પકાવી કરપીણ રીતે મારી નાખ્યો. અંતે તે નરકે ગયો.

# ૧૩ પશ્ચાતાપ અને દેવદત્ત

પૃથ્વીપુરમાં જિનદાસ નામનો શ્રાવક રહેતો હતો. તેને દેવદત્તનામનો પુત્ર હતો. પુત્રને જૈનધર્મનો રંગ લાગવાને બદલે કુસંગ હોવાથી વ્યસનોનો રંગ લાગ્યો હતો. દિવસે દિવસે વધુ ને વધુ નિષ્ઠૂર થતો ગયો અને છેવટે સાતેય વ્યસનો સેવતો થઈ ગયો.

જિનદાસ બહુ જ શાંતિથી તેને આ માર્ગેથી પાછો વાળતા, ધર્મશિક્ષા આપતા પણ દેવદત્ત ઉપર તેની કોઈ અસર થતી નહીં. ઉત્તરોત્તર તે વ્યસનોમાં વધુ ને વધુ ડૂબે જતો હતો.

દેવદત્તને સંસ્કારી બનાવવા જિનદાસ ઘણું વિચારતા. કોઈ ને કોઈ રીતે તેને સંસ્કારો આપી તેના આત્માને તારવો જ જોઈએ એવી સ્પષ્ટ સમજથી તેણે એક જિનપ્રતિમાની સ્થાપના ઘરના મુખ્ય દ્વારની સામે કરી અને પોતે તેની રોજ પૂજા કરતો. પૂજા પછી બહુ જ ભાવથી તે પ્રાર્થના કરતો કે "હે ત્રણ જગતના તારક પ્રભુ! તારી પ્રતિમા મને આત્મસ્વરૂપનું દર્શન કરાવવામાં દર્પણ રૂપ છે. મારી અનાદિકાળની ભ્રાંતિ તે દૂર કરવા સમર્થ છે." જેમ કે-

એક હંસ-બાળ બગલાના ટોળામાં આવી ગયું, ઘણો સમય તે બગલાના ટોળામાં રહ્યું અને મોટું થયું. એક વખત તેણે ક્યાંક સરોવર કાંઠે રાજહંસ ને જોયો અને વિચાર્યું, અરે આ તો મારા જેવો જ છે. આમ, વિચારતાં વિચારતાં તેને બગલા અને હંસ વચ્ચેનો ભેદ સમજાયો અને ભેદ સમજાતાં તેમ જ સ્વ-સ્વરૂપનો પરિચય થતાં જ તેણે બગલાના ટોળાનો ત્યાગ કર્યો અને રાજહંસ સાથે ઊડી ગયું.

આ કથાથી એમ સમજવાનું છે કે - રાજહંસને સ્થાને જિનેશ્વર જાણવા. હંસનું બચ્ચું તે જીવ સમજવો. સંસારમાં ભમાડનારાં આઠ કર્મ અને મિથ્યાત્વના માર્ગે લઈ જનારાને બગલાનું ટોળું સમજવું. જીવ અનાદિકાળના ભવાભ્યાસથી આ ટોળા સાથે મોટો થાય છે. તેનામાં કાંઈક લઘુકર્મીપણું પ્રાપ્ત થવાથી શ્રીજિનેશ્વરની પ્રતિમારૂપ રાજહંસને જોઈ તેનું સ્વપર પોતાની સાથે સરખાવતાં વિવેચનથી સ્વધર્મને સમજે છે.

જિનદાસ રોજ સ્તુતિ કરતો કે હે વીતરાગ! હંસના બાળકની જેમ મારો ઉદ્ધાર કરવાને કાજે તારી સ્થાપના કરી છે. જે સંસારનો અંત કરનારી છે. પરંતુ એનો પુત્ર દેવદત્ત પ્રતિમા સામું ક્યારેક જોતો પણ તે પ્રભુની સ્તુતિ કે વંદના કરતો નહિ. ધીરજ ગુમાવ્યા વિના સાર

સમજાવવાથી જિનદાસ દેવદત્તને પ્રભુને પગે [illegible]ાગતો અને વંદના કરતો કરવા ગૃહનું દ્વાર નીચું કરાવ્યું, [illegible]ાથી ગૃહમાં દાખલ થવા માટે માથું નીચું કરવું જ પડે અને આથી આપોઆપ ગૃહમાં દાખલ થતાં પ્રભુની પ્રતિ[illegible]મા સામે જ હોવાથી વંદના થઈ જતી. આમ પુત્રને જિનપ્રતિ[illegible]માને દ્રવ્યવંદના કરાવવામાં જિનદાસ સફળ થયો. [illegible]રંતુ દેવદત્તે ભાવવંદના કદિ કરી નહિ.

આયુષ્ય પૂરું થતાં દેવદત્ત મરીને [illegible]વયંભૂરમણ સમુદ્રમાં મત્સ્ય થયો. સમુદ્રમાં ભમતાં ભમ[illegible]ાં તેણે એક દિવસ જિનપ્રતિમાની આકૃતિવાળો એક મા[illegible]છલો જોયો. અનુભવી વડિલોનું કહેવું છે કે મત્સ્ય અનેક અ[illegible]કારના થાય છે. આ જિનબિંબના આકારવાળા મત્સ્યને જોઈને આ મત્સ્યને એમ થયું કે આવું તો ક્યાંક જોયું [illegible]. વિચારતાં વિચારતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું, પોતાનો [illegible]ૂર્વભવ જોઈ તેને અત્યંત પસ્તાવો થયો. પિતાનું કહ્યું ન માની અને અવસર હોવા છતાં જિનપ્રતિમાની પૂજા-વંદના ન કરી પોતે આવી નીચ ગતિ પામ્યો છે. આમ ચિંતવતાં પોત[illegible]ાની જાતને તે ખૂબ જ ધિક્કારવા લાગ્યો. હવે શું થાય? આ તિ[illegible]ચ હું શું કરી શકું?

હવે કંઈ ધર્મ પામવાની ઈચ્છાથી તે[illegible] મનોમન સૂક્ષ્મ મત્સ્યની હિંસા નહિ કરવાનો નિયમ [illegible]ીધો, અને ધીમેધીમે જળની બહાર નીકળીને ચોવીશ પહો[illegible]રનું અનસન કરીને મૃત્યુ પામ્યો, અને સ્વર્ગમાં દેવતા થયો દેવલોકમાં શાશ્વતી જિનપ્રતિમાની પૂજા કરતાં અવધિજ્ઞાન[illegible]થી પોતાનો પૂર્વભવ જોયો. પાછલી હકીકત જાણી જિનબિંબ[illegible]ના દર્શનનો મહાન ઉપકાર લોકોને સમજાવવાના ઉદ્દેશ[illegible]થી પ્રભુના સમવસરણમાં આવીને તેણે કહ્યું : "હે વીતરા[illegible]ગ! તમારી પ્રતિમા પણ સાક્ષાત્ પ્રભુના જેવી ઉપકારક છે. એ સત્ય મેં મારા જીવનમાં બરાબર અનુભવ્યું છે."

એના ગયા બાદ લોકોએ ભગવાનને [illegible]તેનું વૃત્તાંત પૂછ્યું. પ્રભુમુખેથી તેનું વૃત્તાંત સાંભળી બીજા ઘણા લોકોએ જિનપ્રતિમાની વ[illegible]ંદના-પૂજા કરવાના નિયમો લીધા.

આમ, ભવ્ય જીવોએ જિનેશ્વરની પ્રતિમાને સાક્ષાત્ જિનેશ્વર ભગવંત સમજીને તેની અંત[illegible]ના વિશુદ્ધ ભાવથી પૂજા અને ભક્તિ કરી મહાન લાભ મેળવ[illegible]ો જોઈએ.

¹૧. હિંસા કરવી, ૨. જૂઠ્ઠું બોલવું, ૩. ચોરી કરવી, ૪. વેશ્યાગમન, ૫. જુગાર રમવો, ૬. દારૂનું વ્યસન, ૭. માંસાહાર કરવો.

૪

# ચોખાનો સ્વાદ અને શુભંકર શ્રેષ્ઠી

કાંચનપુર નામના એક નગરમાં શુભંકર નામે એક શ્રેષ્ઠિ રહેતો હતો. તે હંમેશા જિનપૂજા, ગુરુવંદના આદિ ધાર્મિક કાર્યો સરળ સ્વભાવથી કરતો હતો.

એક દિવસ સવારની જિનપૂજા કરવાના સમયે તેણે રંગમંડપમાં દિવ્ય અક્ષતના ત્રણ નાના ઢગલા જોયા. આ અક્ષત અલૌકીક હતા અને તેની સુંગધ તન-મનને તરબતર કરી મૂકતી હતી. શુભંકરની દાઢ સળવળી ઊઠી. તેણે વિચાર્યું. ''આ ચોખા રાંધી તેના ભાત ખાધા હોય તો તેનો સ્વાદ દાઢમાં રહી જાય અને દિવસો સુધી તે ન ભુલાય.'' પણ દેરાસરમાં જિનેશ્વર ભગવંતને ધરેલા અક્ષત તો લઈ જવાય નહિ. આથી શુભંકરે રસ્તો કાઢ્યો એ સુંગધી ચોખાની તેને ચોરી ન કરી પરંતુ એટલા જ પ્રમાણમાં ચોખા પોતાના ઘરેથી લાવીને દેરાસરમાં મૂક્યા અને પેલી ત્રણ ઢગલીના ચોખા પોતાના ઘરે લઈ ગયો. આમ ચોખાની અદલા-બદલી કરી તે ચોખાની ખીર ઘરે બનાવી. ખીરની સુગંધથી રાજી રાજી થઈ ગયો.

એ દિવસે કોઈ માસક્ષમણના તપસ્વી મુનિ તેને ઘેર ગોચરી માટે પધાર્યા. શુભંકરે ગુરુભક્તિથી પેલા દિવ્ય અક્ષતથી બનેલી ખીર ભાવપૂર્વક વહોરાવી. મુનિ વહોરીને ઉપાશ્રયે ગયા.

ખીર પાત્રામાં હોવા છતાં તેની સુંગધ છાની રહેતી નહોતી. એ સુગંધે મુનિનું મન વિચાર કરતું કર્યું. વિચારો ખસબ આવવા લાગ્યા, ''ખરેખર આ શેઠ ભાગ્યશાળી છે. મારાકરતાંય તે વધુ ભાગ્યવાન છે. કારણ કે તેઓ તો રોજે આવું સુંગધી અને સ્વાદીષ્ટ ભોજન લઈ શકે છે. જ્યારે હું તો રહ્યો સાધુ. મને તો મળે તે જ ખાવાનું. ગમેતેમ આજે મારાં ભાગ્ય ઊઘડી ગયાં. મને આજે સ્વાદિષ્ટ અને સુગંધી ખીર ખાવા મળશે.''

મુનિ આવું દુર્ધ્યાન ધરતાં ધરતાં ઉપાશ્રય સુધી આવી પહોંચ્યા. ત્યાં તેમને બીજો કુવિચાર આવ્યો,

'ગુરુને આ ગોચરી બતાવીશ અને તેની સુગંધથી એ ખીર બધી જ તેઓ વાપરી લેશે તો ? આવી શંકાથી મુનિએ ગોચરી ગુરુને બતાવી જ નહીં અને પોતે જ વાપરી લીધી.'

વાપરતાં વાપરતાં પણ ખીરના સ્વાદ અને શુભંકરનાં ભાગ્યનો જ વિચાર કરતા રહ્યા, ''આહાહા ! ખીરનો શું સ્વાદ છે ? દેવતાઓને પણ આવી ખીર ભાગ્યે જ મળે. આજ સુધી મેં નાહક જ તપ કરી દેહદમન કર્યું. ધન્ય છે તેઓને કે જેઓને રોજ આવું ભોજન મળે છે.''

આમ વાપરીને મુનિ સૂઈ ગયા. સૂતા તે સૂતા. આવશ્યક ક્રિયા[1] કરવાના સમયે પણ ન જાગ્યા. સૂતા જ રહ્યા. ગુરુને વિચાર થયો, ''આ શિષ્ય ક્યારેય આવશ્યક ક્રિયા ચૂક્યો નથી, આજે ચૂક્યો. આથી લાગે છે કે તેણે કોઈ અશુદ્ધ આહાર લીધો હશે.''

સવારનો સમય થતાં શુભંકર ગુરુવંદન કરવા આવ્યા. તે સમયે પણ પેલા મુનિ સૂતેલા જ હતા. એ જોઈ ચિંતાથી શુભંકરે તેનું કારણ પૂછ્યું. ગુરુએ કહ્યું : ''હે શુભંકર ! આ મુનિ ગઈ કાલે બપોરે ગોચરી વાપરીને સૂતા છે તે સૂતા જ છે. ઉઠાડવા છતાં ઊઠતા નથી. લાગે છે કે અશુદ્ધ આહારનું તેમને ઘેન ચડ્યું છે.''

''શુભંકર ! તમને બરાબર યાદ છે કે તમે વહોવરાવેલ આહાર શુદ્ધ અને મુનિને ખપે તેવો હતો ?''

શુભંકરે નિખાલસતાથી સરળ ભાવે કહ્યું : ''સ્વામી ! દોષ કોઈ હોય તો મને ખબર નથી. પરંતુ મેં જે ચોખાની ખીર બનાવી હતી તે ચોખા મારા ઘરના ચોખાની બદલીમાં હું દહેરાસરમાંથી લાવ્યો હતો.'' પછી તે બધી ઘટના કહી સંભાળાવી.

ગુરુ : ''શુભંકર ! તેં આ યોગ્ય કર્યું નથી. સિદ્ધાંતમાં કહ્યું છે કે જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાનદર્શન

૧. છ આવશ્યક નીચે મુજબ
સામાયિક, પડિક્કમણુંઘ, ચઉવીસત્થો, કાઉસગ્ગ, વંદન, પચ્ચક્ખાણ.

ગુણનો પ્રભાવક મુનિ પણ જો જિન દ્રવ્યનું ભક્ષણ કરે તો તે સંસારી થાય છે અને શ્રાવક જો જિનદ્રવ્યનું ભક્ષણ કરે તો તે ઉતરતી કક્ષાનો સંસારી થાય છે.''

ગુરુએ આ સંબંધમાં એક દષ્ટાંત કહ્યું : એક શ્રીમંત શેઠ હતા. તે શેઠ મકાન ચણાવતા હતા. ગરીબ પાડોશીએ કોઈ જિનાલયની ઈંટો લાવીને શેઠના મકાનની ઈંટો ભેગી મૂકી દીધી. મકાન તો તૈયાર થઈ ગયું પણ જિનાલયની ઈંટોનો તેમાં ઉપયોગ થયો હોવાથી એ શેઠ થોડા દિવસમાં જ ગરીબ થઈ ગયા. એ જોઈને એક અવસરે પેલા ગરીબે શેઠને કહ્યું : ''કેમ શેઠ ! હવે સમજાય છે ને કે ગરીબી કેવી હોય છે ?'' એમ કહીને તેણે કરેલ કૃત્યની વાત કહી.

એ જાણતાં જ શેઠે ઘરમાંની એક ભીંત પડાવી પેલી ઈંટો કઢાવી નાંખી અને તેના પ્રાયશ્ચિત્તરૂપે એક નવું જિન ચૈત્ય બંધાવ્યું.

''શુભંકર ! આમ તેં જિનદ્રવ્યનું ભક્ષણ કર્યું છે. આથી તેં મોટું પાપ કર્યું છે'' ગુરુ મહારાજે કહ્યું.

''હા મને પણ ગઈ કાલે ઘણા દ્રવ્યની હાનિ થઈ છે.'' શુભંકરે કબૂલ્યું.

ગુરુ કહે : ''શુભંકર તારું તો બાહ્ય ધન ગયું છે. પણ આ મુનિનું તો અંતરંગ ધન હણાઈ ગયું છે. હવે, તારે આ પાપની આલોચના માટે તારી પાસે જે કંઈ દ્રવ્ય છે તેનાથી તારે એક ચૈત્ય યાને જિન મંદિર કરાવવું.''

શુભંકરે આલોચના માટે જૈનચૈત્ય બંધાવ્યું. ગુરુએ શિષ્યને રેચક-પાચક વગેરે ઔષધો આપી અશુદ્ધ આહારથી પેટ શુદ્ધ કર્યું. જે પાત્રામાં આહાર વહોર્યો હતો તે પાત્રાને છાણ અને રક્ષાનો લેપ કરી ત્રણ દિવસ તડકે મૂક્યા. એ મુનિએ પણ પોતાના દુર્ધ્યાન માટે ગુરુની આજ્ઞા મુજબ પ્રાયશ્ચિત્ત કર્યું.

આ શુભંકરની કથા પરથી આપણે શીખવાનું છે કે ભૂલેચૂકે પણ દેવદ્રવ્યનું ભક્ષણ આપણે ન કરીએ.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

શ્રી રંભાબેન કાનજીભાઈ ખીમજીભાઈ ગુઢકા પરિવાર

ગામ : સેતાલું, હાલ – ભિવંડી.

# વિદ્યાબલી લોહખુર

૧૫

શ્રે ાક રાજાના પિતા પ્રસેનજિત મગધનું શાસન ચલાવતા હત . લોહખુર નામનો ચોર રાજગૃહીમાં ઘણી વાર ચોરી કરી જતો પ પકડાતો નહીં. એક વાર તે જુગાર રમવા બેઠો ને થોડી જ વાર માં ઠીક ઠીક ધન જીતીને ઊભો થયો. ઉત્સાહમાં આવી તેણે જ તેલું ધન ગરીબોને આપી દીધું. મધ્યાહ્ન થવા આવ્યું હતું. તેને કક ને ભૂખ લાગી હતી. ઘરે જતા રાજમહેલ પાસેથી પસાર થતા ર રસ રસવંતી રસોઈની સોડમ આવી. તેણે નક્કી કર્યું કે આજે રાજા ા રસોડામાં જમવું. તેની પાસે એવું અંજન હતું કે તે લગાડતાં પોતે અદશ્ય થઈ શકતો. અંજન આંજી લોહખુર અદશ્ય થઈ તે રાજમ લમાં રાજા જમતા હતા તેમની પાસે બેસી તેમની થાળીમાંથી જ જમવા લાગ્યો. કદિ નહીં ચાખેલું એવું ભોજન તેને ઘણું ભાવ્યું. ારી રીતે જમીને તે ઘરે આવ્યો. પણ હવે તેને ઘરનું ભોજન ભાવતું નહીં. રસલોલૂપતાથી તે દરરોજ અદશ્ય થઈ રાજાની સાથે જમવા લાગ્યો. સ્વાદની લોલૂપતા વિચિત્ર વસ્તુ છે. જે વય વધવ ની સાથે વધતી જાય છે. રાજા શરમને લીધે વધારે જમવાનું માગ ી શકતા નહીં જે કંઈ વધારે લેતા તે થાળી ચટ દઈને સાફ થઈ જતી.

કેટ ાક દિવસ આમ ચાલવાથી રાજાને નબળાઈ જણાવા લાગ ી. શાણા મંત્રીએ રાજાને પૂછ્યું : "શું આપને અરૂચિ કે ખા ાની કોઈ તકલીફ છે ! શરીર નિસ્તેજ કેમ જણાય છે ! કંઈ ચિંતા છે ?" રાજા કહે : "ચિંતા તો છે જ પણ ભાણામાં ખાવાનું ઘણું વા છતાં ભૂખ ભાંગતી નથી. ભાણાની રસોઈ મારા ખાધા વિના ઓછી થઈ જાય છે. મને લાગે છે કે કોઈ વિદ્યાના બળથી આવી ભાણામાંથી જમી જાય છે."

બુ દ્ધિશાળી મંત્રીએ વિચાર્યું, કોઈ અદશ્ય રીતે આવતું હોય ત ા તેને શી રીતે પકડી શકાય. તેણે એક તૂક્કો અજમાવ્યો. ાજાજી જમતા હતા તે રૂમમાં ચંપાનાં સૂકાં ફૂલ ફરસ પર પાથર્યાં સમય થતાં ચોર આવ્યો અને તેના પગ તળે ચંપાના ફૂલનો ખખડાટ થયો. તરત જ મંત્રીએ દર ાજા બંધ કરાવી દીધા, અને યોજના પ્રમાણે તે ઓરડામાં ગૂંગળામણ થાય તેવો ધૂમાડો કરાવ્યો. આંખમાં ધૂમાડો જતાં ચોરને આંખમાં બળતરા થવા લાગી, અને આંસુ પડવા લાગ્યાં. બીજો કોઈ રસ્તો ન દેખાતાં તે દશ્ય થયો ને સહુએ પ્રત્યક્ષ જોયો. તેને પકડી લેવામાં આવ્યો અને રાજાની સમક્ષ ઉપસ્થિત કર્યો.

રાજાએ આજ્ઞા કરી કે ચોરને નગરમાં ફેરવી ફજેત કરવો અને પછી શૂળીએ ચડાવવો. રાજાના હુકમ પ્રમાણે તેને ઢોલ-નગારા વગાડતાં ગામમાં ફેરવ્યો અને શૂળી પાસે ઊભો કર્યો. જેથી કોઈ ચોરનું સગુંવહાલું આવે તો તેની પાસેથી તેનું ઠેકાણું મેળવી ચોરીની માલમત્તા મેળવી શકાય.

એટલામાં જિનદત્ત નામના શેઠ ત્યાંથી નીકળ્યા. રડતા ચોરને દયાથી તેઓ શિખામણ આપતાં કહેવા લાગ્યા, 'અરે ચોર ! વિચાર કર કે તારા જીવનમાં તને કેટલી શાંતિ મળી ? ચોરીના ફળ તરીકે આ લોકમાં તને તાડન, બંધન અને ફાંસી મળી ને પરલોકમાં દુર્ગતિની મહાવેદના મળશે. કારણ કે કરેલાં કર્મ તો સહુને ભોગવવાં પડે છે. પરંતુ અંત સમયે પણ ચોરીનો ત્યાગ કરે તો તને મોટો લાભ થશે. ભાવિની સારી સંભાવના છે. માટે ચોરીના ત્યાગરૂપ અદત્તાદાનનો ત્યાગ કર.

લોહખુર બોલ્યો : "આખા જીવનર્પંત માણેલા સુખ કરતાં આ દુઃખ અનેકગણું છે. શેઠ ! આ આપત્તિમાંથી હવે મને કોઈ બચાવે તેમ નથી; કેમ કે મેં ઘણાં પાપો કર્યાં છે તે બધાં મને યાદ આવે છે. મને આ પાપો ડોળા ફાડી મારી સામે જોતાં હું ધ્રૂજી ઊઠું છું. શેઠ મને ઘણી તરસ લાગી છે મને થોડું પાણી પાવ ને." આ વાત રાજાજ્ઞા વિરુદ્ધ હોઈ શેઠે જવાબ ન આપ્યો.

શેઠે સાહસ કરી કહ્યું : "હું પાણી લાવી આપું પણ તું જીવનભર કરેલાં પાપોની આલોચના કર." એટલે ચોરે પોતે સમજણા થયા પછી જે જે પાપો યાદ આવ્યાં તે કહી સંભાળાવ્યાં. જિનદત્ત શેઠે તેને ચોરી ન કરવી આદિ પચ્ચક્ખાણ કરાવ્યા પછી તેને **અનિત્ય આદિ બાર + મૈત્રી આદિ ચાર ભાવના**

૧૨ + ૪ ભાવના :- ૧. અનિત્ય ભાવના, ૨. અશરણ ભાવના,
૩. સંસાર ભાવના, ૪. એકત્વ ભાવના, ૫. અન્યત્વ ભાવના,
૬. અશુચિ ભાવના, ૭. આશ્રવ ભાવના, ૮. સંવર ભાવના,
૯. નિર્જરા ભાવના, ૧૦. ધર્મપ્રભાવ ભાવના,
૧૧. લોકસ્વરૂપ ભાવના, ૧૨. બોધિ દુર્લભ ભાવના,
૧. મૈત્રી ભાવના, ૨. પ્રમોદ ભાવના,
૨. કરૂણા ભાવના, ૪. મધ્યસ્થ ભાવના.

ભાવવા ભલામણ કરી કહ્યું : ''આનાથી તારા પાપસમૂહનો ક્ષણવારમાં નાશ થશે, સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખ, અને સઘળાં સંકટમાંથી ઉગારનાર પરમેષ્ઠિનું 'નમો અરિહંતાણં' આદિ મહામંત્રના સ્મરણપૂર્વક નમસ્કાર કરી સાચા ભાવથી ધ્યાન ધર. હું તારા માટે પાણી લેવાજાઉં છું.''

> ''ચિંતા તો છે જ પણ ભાણામાં ખાવાનું ઘણું લેવા છતાં ભૂખ ભાંગતી નથી. ભાણાની રસોઈ મારા ખાધા વિના ઓછી થઈ જાય છે. મને લાગે છે કે કોઈ વિદ્યાના બળથી આવી ભાણામાંથી જમી જાય છે.''

આવી શેઠની કલ્યાણભાવનાવાળી વાણી સાંભળી તેમનો આદર કરતાં બોલ્યો, ''તમે તો ઘણા દયાળુ છો. શું ખરેખર મારાં પાપો આ નિયમ અને નમસ્કારથી નાશ પામશે ?'' શેઠે કહ્યું : 'એમાં શંકાને સ્થાન નથી.' આ નવકારના સ્મરણથી મોટાં પાપો પણ નાશ પામે છે અને એને જપનાર માણસ તો શું પણ શ્રવણ-સ્મરણ કરનાર પશુ પણ સ્વર્ગ પામે છે ઈત્યાદિ કહી શેઠ જળ લેવા ઉપડ્યા. ચોર તો નવકારમાં લીન થતાં તેને પરમ શાંતિ અને સમાધિ મળી. ત્યાં જ આયુષ્ય પૂરૂં થતાં મૃત્યુ પામી પ્રથમ દેવલોકમાં દેવ થયો. સત્સંગતિનાં ફળ સદા સારાં જ હોય છે. નગરની ગલીઓનું પાણી ગંગા ભળતાં દેવોથી પણ અધિક મહત્ત્વ પામે છે.

થોડી વારમાં શેઠ પાણી લઈને આવ્યા, પણ ચોર તો મરી ગયો હતો. પોતે રાજ વિરુદ્ધ કર્યું છે એટલે રાજદંડની શંકાથી બાજુના ચૈત્યમાં કાઉસગ્ગ ધ્યાને સ્થિર થયા.

આ તરફ શેઠની આ બધી હકીકત રાજાને જણાવી. ક્રોધે ભરાયેલા રાજવીએ તરત આજ્ઞા કરી કે સમજમાં ગાય જેવો અને કૃત્યમાં વાઘ જેવા આ ણયા ચોરની જેમ નગરમાં ફેરવી શૂળી પર ચડાવી દો. રાજપુરૂષોએ તરત શેઠ પાસે આવી રાજાજ્ઞા જણાવી. શેઠ તો ધ્યાનમાં લીન હતા, આથી તેઓ શેઠને શારીરિક દુઃખ આપી રહ્યા હતા ત્યારે, એ જ અવસરે દેવ બનેલા લોહખુરે અવધિજ્ઞાનથી શેઠની સ્થિતિ જોઈ વિચાર્યું કે 'એક અક્ષર, અડધું પદ કે પદમાત્રનું જ્ઞાન આપનારને જે ભૂલી જાય છે તે ઘોર પાપી કહેવાય છે, તો પછી ધર્મ આપનાર ગુરુને ભૂલી જાય તે તો ઘોર પાપી કહેવાય જ.' એમ વિચારી તેણે દંડધારી તિહારીનો વેષ લીધો ને શેઠ પાસે આવી ડંડો પછાડ્યો. તેથી સુ મટો અચેત થઈ ગયા. ચારે તરફ નાસ ભાગ કરવા લાગ્યા. ' ત રાજા સુધી પહોંચી. એક માથાભારે માણસ (પ્રતિહારી) સા રાજા સૈન્ય લઈ આવ્યો. દેવે ગર્જના કરતાં કહ્યું, ઘણા બધા હાથી મેક સિંહને પહોંચી શકતા નથી, મહત્ત્વ ટોળાનું નહીં, સત્વ મહત્ત્વ છે. આ તમે સમજ્યા નથી એટલે જ સૈન્ય લઈ આવ્યા દ . એમ કહી માત્ર રાજા વિના આખાય સૈન્યને તેણે દેવમાયાથી અ ત કરી નાખ્યું. પછી તેણે પોતાનું વિરાટ રૂપ ઉપજાવી આખા ન ર જેટલી મોટી શિલા આકાશમાં ઊભી કરી. આથી જે જે ભાન ાં આવતા ગયા તેઓ બધા ભયભીત થયા. રાજા અને પ્રધાન આ દે સમજી ગયા કે આ કોઈ દેવ કોપ છે તેથી બે હાથ જોડી પ્રતિ ારીને વિનવવા લાગ્યા કે ''હે દેવ! અમારી ભૂલની ક્ષમા આ ો.'' દેવે કહ્યું, ''મારા ધર્મગુરુ આ જિનદત્તશેઠને વગર અપ ધે શા માટે દંડ કરવા તૈયાર થયા છો ? હું લોહખુર ચોર છું પણ ા મહાનુભાવથી મને આ સમૃદ્ધિ મળી છે.'' આમ પોતાની બધી ીના જણાવી.

આ સાંભળી રાજી થયેલા રાજાએ કહ્યું ''દેવતા ! વ્યવહારમાં જણાવ્યું છે કે 'કૃતજ્ઞ પુરૂષો કદી ઉપકાર ભૂલતા નથી.' આ તો તમારો ઉપકારી મહાનુભાવ છે. તેનો ઉપકાર ન ભૂલાય એ સ્વાભાવિક છે '' પછી બધાને સ્વસ્ કરી દેવે કહ્યું : ''આ મહાધર્મિષ્ટ અને ધર્મ માટે સાહસ કરના . મારા ધર્મગુરુને બધા નમસ્કાર કરો અને તેમની પાસેથી નવકાર ત્ર સાંભળો અને ચોરી આદિના ત્યાગ કરવા રૂપ વ્રતને ગ્રહણ કરો.'' બધાએ આનંદપૂર્વક તેમ કર્યું અને મોટા આડંબરપૂર્વક ાજાએ શેઠને ઘરે પહોંચાડ્યા. બધે શેઠ અને ધર્મનાં વખાણ થવા ાગ્યાં.

આમ, શૂળી પર ચઢવા નક્કી થયેલ અ . મરવાની અણી ઉપર પહોંચેલો લોહખુર ચોર થોડા ાળના નિયમના પ્રતાપે જિનદત્ત શેઠની પ્રેરણાથી થમ દેવલોકમાં ઉત્પન્ન થયો, અને ધર્મ પર દઢ નિષ્ઠા ાન બન્યો.

# ૧૬ જિનદાસ શેઠ

જિનદાસ ખૂબ જ ગરીબીમાં ઉછર્યો હતો. સારી એવી બાણવિદ્યા એણે સાધી હતી. તે મજૂરી કરતો. કપાસની ગાંસડીઓ તથા ઘીના કુડલા વગેરેનો બોજ ઉપાડી સાધારણ મજૂરી મેળવી સંસાર ચલાવતો.

એક વખત અતિ ભાવથી તેણે ભક્તામર સ્તોત્રનું સ્મરણ કર્યું. તેના ઉત્કટ ભાવથી પ્રસન્ન થઈ શાસનદેવીએ જિનદાસને વશીકરણ રત્ન આપ્યું.

એક સમયે કોઈ કામ અર્થે તે પરગામ જતો હતો. રસ્તામાં તેને લોકજીભે ચઢેલા રીઢા ત્રણ ચોરો મળ્યા. જિનદાસે સામે ત્રણ જ ચોર જોઈને પાસે હતાં તે બધાં બાણમાંથી ત્રણ રાખી બીજા તોડી ફેંકી દીધાં અને ત્રણ બાણથી ત્રણ ચોરને પોતાની આવડત તથા રત્નના પ્રભાવથી વીંધી નાખ્યા.

જિનદાસની આ પરાક્રમ ગાથા પાટણના રાજા ભીમદેવ પાસે પહોંચી. ભીમદેવે સન્માનપૂર્વક જિનદાસને રાજદરબારમાં બોલાવ્યો અને દેશની રક્ષા કરવા અને તેને ખડ્ગ આપીને સુભટોનો અધિકારી બનાવ્યો.

તે વખતે પાટણનો સેનાપતિ શત્રુ-શલ્ય નામનો ઈર્ષ્યાથી બળેલો હતો. તેણે આ વાણિયાને આવું પદ અપાતાં રાજ્યસભામાં વિરોધ કરતાં બોલી ઉઠ્યો :

''ખાંભો તાસ સમપ્પિએ, જસુ ખાંડે અભ્યાસ;
જિણહાકુ સમપ્પિએ, તુલ ચેલઉ કપાસ.''

''હે રાજન્! ખડ્ગ તેવાને આપીએ કે જેને વાપરવાનો અભ્યાસ હોય. વાણિયાને તો તોલવાનો કાંટો, વસ્ત્રો કે કપાસ જ વેપાર કરવા અપાય.''

આ સાંભળી જિનદાસે કહ્યું :

''અસિધર ધણુધર કુંતધર, સત્તિ ધરાવી બહુઅ;
સત્તુ સલ્લ જેરણસૂરનર, જણણિને વિરલ પસુઅ.''

''હે શત્રુશલ્ય! ખડ્ગધારી, ભાલાધારી તો ઘણા હોય છે પણ જે રણમાં શૂરવીરતા બતાવે તેવા પુરૂષને તો કોઈ વિરલ માતા જ જન્મ આપે છે. બીજું એ પણ જાણી લે કે અશ્વ, શસ્ત્ર, વાણી, વીણા અને નારી યોગ્યતા પ્રમાણે જ પ્રાપ્ત થાય છે.''

જિનદાસનો આ જવાબ સાંભળી ભીમદેવે તેને કોટવાળ બનાવ્યો. આ સમાચાર જાણતા ચોર લોકોએ જિનદાસના ભયથી ચોરી ત્યજી દીધી.

જિનદાસની કીર્તિ દિવસે દિવસે ફેલાતી જતી હતી. એક જૈન ચારણે, જિનદાસની ભક્તિ કેવી છે તે ચકાસવાનો વિચાર કરી, એક ઊંટડીની ચોરી કરી. ઊંટડી ઘર આગળ બાંધી પણ ઊંટડીની શોધ કરતાં તે ઊંટડી આ ચારણને ત્યાં મળી આવી. આથી સુભટોએ તેને પકડયો, અને આનું શું કરવું તે પૂછવા જિનદાસ પાસે આવ્યા. જિનદાસ આ વખતે સવારની જિનપૂજા કરવા બેઠો હતો. સુભટોએ ઘટના કહી અને શું કરવું તેની આજ્ઞા માગી. જિનદાસે વચનથી કંઈ આજ્ઞા ન કરી પણ પુષ્પનું ડીંટ તોડીને સંકેત કર્યો, શું કરવું તે સમજાવ્યું. આ જોઈ જૈન ચારણ બોલ્યો;

''જિણ હાને જિનવરહ, ન મિલેં તારો તાર;
જિણ કરે જિનવર પૂજિએ, તિ કેમ મારણહાર ?''

મતલબ કે ''જિનદાસને જિનેશ્વર એકરૂપ થયાં નથી. તેનું ચિત્ત સમગ્રરૂપે જિનપૂજામાં લાગ્યું નથી. નહિ તો જે હાથથી જિનેશ્વરની પૂજા થાય તે જ હાથથી બીજાનો વધ કરવાનો ઈશારો તે કેમ કરે?''

આમ કહીને તે ચોર ચારણે તુરત જ બીજો દુહો કહ્યો;

''ચારણ ચોરી કિમ કરે, જે
ખોરડે ન સમાય;
તું તો ચોરી તે કરે, જે
ત્રિભુવનમાં ન માય.''

મતલબ કે ''હે શેઠ! વિચાર તો કર કે જેના ખોરડામાં ઊંટડી માય નહિ તેવી ઊંટડીની ચોરી શા માટે કરે ? પરંતુ તેં તો શેઠ, ત્રણ ભુવનમાં પણ ન માય તેવી ચોરી કરી છે.''

આ સાંભળી, સમજીને જિનદાસ શરમાઈ ગયો. તેને પસ્તાવો થવા માંડયો : ''અરેરે ! મેં તો જિનેશ્વર ભગવંતની આજ્ઞા તોડી. પૂજામાં પરમાત્મામાં મન રાખવાને બદલે સંસારમાં મન ભમતું રાખ્યું. ખરેખર મને ધિક્કાર છે. આજ સુધી મેં માત્ર દ્રવ્યપૂજા જ કરી, પરંતુ ચારણ કહે છે તેમ ભાવ કદિ ભાવ્યો જ નહીં.'' એમ પસ્તાવો કરતાં શેઠે ચારણને કહ્યું, ''હે ચારણ ! તમે તો આજે મારા ગુરુ બન્યા છો. તમે મને અંધકારમાંથી પરમ તેજે લઈ ગયા છો. તમે તો મારો ઉદ્ધાર કર્યો છે. સાચે જ તમે મારા ઉપકારી છો.''

આ ઘટના પછી જિનદાસે હંમેશા દ્રવ્યપૂજા સાથે પોતાના કલ્યાણને માટે ભાવપૂજામાં ચિત્ત પરોવતા પોતાનું કલ્યાણ સાધી લીધું.

વાંચકોએ વિચારવાનું છે કે ફક્ત દ્રવ્યપૂજા આત્માના ઉદ્ધાર માટે પૂરતી નથી. ભાવપૂજા પરમ ઉપકારી છે. એટલે પૂજાના સમયે સંસારનાં નાના મોટા તમામ, પાપહેતુરૂપ, વિચારો અને આ પ્રવૃત્તિનો ત્યાગ આવશ્યક છે.

# ૧૭ લક્ષ્મણા સાધ્વી

ઘણા જૂના સમયની આ વાત છે. એક રાજાને પુત્રો ઘણા હતા પણ પુત્રી એક પણ ન હતી. તેણે ઘણી માનતાઓ અને બાધાઓ રાખી. આખરે આ બધું તેને ફળ્યું. એક પુત્રીનો તેના ઘરે જન્મ થયો. તેનું નામ લક્ષ્મણા રાખ્યું. ખૂબ જ લાલન-પાલનથી તેનું બાળપણ પૂરૂં થયું અને તે યુવાન થઈ.

લક્ષ્મણા યુવાન થતાં રાજાએ તેના માટે સ્વયંવર રચ્યો. સ્વયંવર મંડપમાં લક્ષ્મણા વરમાળા લઈ ફરતી ગઈ, અને એક ઈચ્છિત વરને વરમાળા પહેરાવી. રાજાએ લગ્નમહોત્સવ કર્યો. લગ્નની વિધિ થઈ. વર કન્યા ચોરીમાં મંગળ ફેરા ફરી રહ્યાં, ત્યાં જ અચાનક વરનું મૃત્યું થયું. લક્ષ્મણા તો અવાક્ થઈ ગઈ. તેને ખૂબ જ આઘાત લાગ્યો. "આવો સંસાર!" એમ વિચારતાં તેનું મન સંસાર ઉપરથી ઉઠી ગયું. દ્રઢ શ્રદ્ધાથી તે શ્રાવિકાધર્મ પાળવા લાગી અને છેવટે તેણે તે ચોવીસીના છેલ્લા તીર્થંકર પાસે દીક્ષા લીધી, અને ઘણી જ સારી રીતે દીક્ષા પાળતાં હતાં. પણ એક દિવસ એક ખૂણે ઉભેલાં ત્યાં તેમણે એક ચકલા-ચકલીને પ્રેમ કરતા જોયાં. એ દશ્ય સાદવી લક્ષ્મણાનું યૌવન ખળભળી ઊઠ્યું. વાસનાની વૃત્તિઓ સળવળી ઊઠી. અત્યંત કામાતૂર વિચારમાં તેમણે વિચાર્યું, "અરિહંત પ્રભુએ શું જોઈને આ ક્રીડા નહિ કરવાનું સાધુ-સાદ્વીને ફરમાન કર્યું હશે ? પણ તેમાં તેમનો શો દોષ ? ભગવાન તો અવેદી[1] છે. આથી સવેદીજનની પીડાઓની તેમને શું ખબર પડે ?"

આ પ્રશ્ન આંખના એક પલકારાની જેમ જ ઉદ્ભવ્યો. તરત જ બીજી પળે પોતે સાવધાન થઈ ગયાં પોતાની કુવિચારધારાથી ચમકી ઊઠ્યાં. પસ્તાવો કરવા લાગ્યાં. અરેરે મેં ખૂબ જ ખોટો વિચાર કર્યો. ન વિચારવાનું વિચાર્યું. મારાથી આ એક મહાપાપ થઈ ગયું. મારે તેની આલોચણા કરવી જોઈએ. પણ મને આવો કામી વિચાર આવ્યો તે તો હું કહી શકું તેમ નથી અને ન કહું તો શલ્ય રહી જાય છે. અને એ શલ્ય રહી જાય તો હું શુદ્ધ તો થઈશ નહિ.

ઘણા વિચારને અંતે તે ગુરુ પાસે આલોચણા લેવા નીકળ્યા. ચાલતાં ચાલતાં રસ્તામાં પગમાં કાંટો વાગ્યો. એ અપશુકનથી સાચી વાત ગુરુને કહી દેવા તૈયાર થયેલું મન પાછું પડ્યું. છેવટે તેમણે બીજાનું નામ દઈને પૂછ્યું, "ગુરુદેવ ! જે આવું દુર્ધ્યાન કરે તેને શું પ્રાયશ્ચિત્ત ? જાણી લીધું તે પ્રમાણે તેમણે પચ્ચાસ વરસ સુધી નીચે પ્રમાણે તપ કર્યાં. છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ અને પાંચ ઉપવાસ કરી દસ વર્ષ માત્ર નિર્લેપ ચણાનો આહાર લીધો. બે વર્ષ ફક્ત ભૂંજેલા ચણાનો આહાર લીધો, સોળ વર્ષ માસ ક્ષમણ કર્યાં અને વીસવર્ષ આયંબિલ તપ કર્યું. આમ લક્ષ્મણા સાદ્વીજીએ ઉગ્ર તપ કર્યું પણ હૈયે શલ્ય રાખી આ તપ કર્યું હતું તેથી તેમનો આત્મા વિશુદ્ધ ન થયો, અને આર્તધ્યાનમાં[1] તે કાળધર્મ પામ્યા, અને અનેક ભવો કરતાં કરતાં આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ પ્રભુના તીર્થમાં મુક્તિને પામશે."

૧. કામની કામના વિનાના

૧. સુખ-દુઃખની ચિંતાઓ કરવી, ઉદાસ થવું - શરીરની ચિંતા કરવી વગેરે.

૧૮

# કાર્તિક શેઠ

શ્રી મુનિસુવ્રત સ્વામીના વખતમાં પૃથ્વીભૂષણ નામના નગરમાં એક કાર્તિક નામના શેઠ વસતા હતા. તે ગામમાં એકદા ગૈરિક નામે એક તાપસ આવ્યો. તે માસોપવાસના પારણે માસોપવાસ કરતો હતો. તેના તપની ભારોભાર પ્રશંસા થતી હતી. તેથી આખું નગર તેનાં દર્શને આવતું અને લોકો તેનાં દર્શન કરી ધન્યતા અનુભવતા હતા. પણ તે તાપસ મિથ્યાત્વી હોઈ કાર્તિક શેઠ તેના દર્શને ન ગયા. ક્ષુદ્ર આત્માઓ પોતાને કોણે આદર આપ્યો અને કોણે ન આપ્યો તેનું ખાસ ધ્યાન રાખે છે. આ ગૈરિક તાપસે પણ કાર્તિક શેઠ પોતાના દર્શને નથી આવ્યા તેનું ધ્યાન રાખ્યું અને મનથી આ કાર્તિક શેઠને પણ ગમે તેમ કરીને પોતાને નમાવવાનો પ્રબળ વિચાર કર્યો.

તે નગરના રાજા પણ તાપસને વંદન કરવા આવ્યા, અને તાપસને પારણું કરવા પોતાના મહેલે પધારવા આમંત્રણ આપ્યું. તાપસે જો કાર્તિક શેઠ તેને પીરસે જમાડે તો તમારે ત્યાં પારણા માટે આવું એવી શરત કરી, રાજાએ તે શરત કબૂલ કરી પારણા માટે રાજમહેલે આવવા હા કહી અને પારણાના દિવસે કાર્તિક શેઠને પોતાના મહેલમાં બોલાવી તાપસ આવે ત્યારે તેમને પીરસવા-જમાડવા હુકમ કર્યો. કાર્તિક શેઠ આવા હુકમથી બહુ ખિન્ન થયા. કારણ કે પોતે વ્રતધારી શ્રાવક હતા. પોતાના સમ્યક્ત્વ અને વ્રતને બાધા પહોંચી હતી. પણ રાજ આજ્ઞાનો અનાદર કરવો મુશ્કેલ છે તેમ સમજી રાજાને જણાવ્યું કે તમારો હુકમ છે તેથી તેમને જમાડીશ.

પારણા માટે ઠરાવેલા સમયે ગૈરિક તાપસ રાજમહેલે આવ્યો, અને પોતાને ન રૂચતું હોવા છતાં કાર્તિક શેઠે તાપસને પીરસવા માંડ્યું. પીરસતાં તેઓ નીચા નમ્યા. તે જાણી કેવો નમાવ્યો છે, એમ સમજી તપાસને આનંદ થયો અને પોતાના નાક ઉપર આડી આંગળી ઘસી કેવું નાક કાપ્યું ! એવી શેઠને સંજ્ઞા કરી. શેઠને ઘણું લાગી આવ્યું. પોતાને ઘણું દુઃખ થયું. જો આ પહેલાં દીક્ષા લીધી હોત તો આ પરાભવનો વખત ન આવત. સંસારમાં જ રહેવાથી તેનું આ ફળ છે. એવા વિચારે ચડી ગયા, અને ઘરે આવી પોતાના સગાસંબંધી, મિત્રો તથા વેપારી વર્ગમાં પોતે દીક્ષા લેશે તે વાતની જાણ કરી.

એમની આ વાતની સજ્જડ અસર થઈ અને તેમની સાથે એક હજાર શેઠિયાઓ અને શ્રેષ્ઠી પુત્રોએ દીક્ષા લીધી, અને બાર વર્ષ સુધી ચારિત્ર પાળી, દ્વાદશાંગીના[૧] જ્ઞાતા થઈ પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં પ્રથમ દેવલોકમાં સૌધર્મ નામના ઇંદ્ર થયા. ગૈરિક પણ ઘણું ઘોર પણ મિથ્યાત્વ તપ કરી પોતે તે જ સૌધર્મ દેવલોકમાં ઈન્દ્રનું વાહન ઐરાવત હાથી થયો. નવા ઉત્પન્ન થયેલા તે દિવ્ય હાથીએ અવધિજ્ઞાનથી જાણી લીધું કે તે કાર્તિક શેઠ જ અવસાન પામી ઈન્દ્ર થયેલ છે. તેથી તેણે ઈન્દ્રને સવારી ન કરવા દેવા ઘણાં તોફાનો કર્યાં અને ભાગવા લાગ્યો. પણ ઈન્દ્રે પોતાના સામર્થ્યથી તેને પકડ્યો. ઈન્દ્રને હરાવવા પોતાની દૈવી શક્તિથી હાથીએ બે રૂપ કર્યાં. ઈન્દ્રે પણ બેરૂપ કર્યાં હાથીએ ચાર તો ઈન્દ્રે પણ ચાર રૂપ કર્યાં એમ બન્ને પોતાનાં રૂપ વધારતા ગયા. આ તમાશાથી ઈન્દ્ર થોડી વાર તો વિચારમાં પડી ગયા પણ પોતાના અવધિજ્ઞાનના ઉપયોગથી જાણ્યું કે આ તો ગૈરિક તાપસનો જીવ છે. એટલે મૂળ હાથી ઉપર ચડી ગર્જના કરતાં કહ્યું :-

'રે ગૈરિક ! જરાક તો સમજ. સમજણ વગરનાં આટલા તપ-અનુષ્ઠાન નિષ્ફળ ગયાં. હવે અહીં તારૂં શું ચાલે એમ છે ?'

છેવટે ઈન્દ્રના પ્રતાપને નહીં સહી શકતાં તેના વચન સાંભળી નમ્ર બન્યો અને તેમના કહ્યા પ્રમાણે વર્તવા લાગ્યો. ઈન્દ્ર બનેલા કાર્તિક શેઠનો જીવ એક અવતાર કરી મોક્ષે જશે.

આ વાર્તામાં કાર્તિક શેઠે રાજ આજ્ઞાથી પોતાના લીધેલ વ્રતને તથા સમ્યક્ત્વને[૨] બાધા પહોંચતી હોવા છતાં રાજ આજ્ઞા પ્રમાણે અનિચ્છાએ વર્ત્યા. આ અંગે જાણવું જરૂરી છે કે જિનેશ્વર દેવોએ સમ્યક્ત્વના વિષયમાં અપવાદ માર્ગે છ આગારો બતાવ્યા છે.

(૧) રાજાની આજ્ઞાએ (૨) માતા-પિતાની આજ્ઞાએ (૩) આજીવિકાના કારણે કોઈ ગણસમૂહ કે પંચ આદિના આગ્રહથી (૪) કોઈ દેવતાના દબાણથી (૫) કોઈ બળવાનની બળજેરીથી (૬) ગુરુની આજ્ઞાથી. એમ છ પ્રકારે થનારી આપવાદિક પ્રવૃત્તિની છૂટ રાખવામાં આવે છે. અર્થાત્ સમ્યક્ત્વની સ્વીકૃતિ વખતે આ છ આગારો મોકળા રખાય છે. આગારના હિસાબે અહીં કોઈ નિયમનો ભંગ થયેલો ગણાય નહીં.

૧. ગણધર ભગવંતોએ પ્રભુ મુખે દેશના સાંભળીને બનાવેલ ૧૨ આગમો.

૨. સાચી દૃષ્ટિ, સુદેવ, સુગુરુ અને સુધર્મ પ્રત્યેની અવિચલ રૂચિ.

# ૧૯ રાજા શિખિધ્વજ અને ચૂડાલા

રાજા શિખિધ્વજ અને રાણી ચૂડાલા પતિ-પત્ની હતાં. બન્ને ઈશ્વર-ભક્ત હતા. રાણીને તત્ત્વબોધ૧ થયો ન હતો. સમજ આવવાથી રાજાએ વિચાર્યું કે 'રાજ-પાટ, કુટુંબ પરિવાર, વગેરેનો ત્યાગ કરી વનમાં જઈને પરમાત્માનું ભજન કરું તો જ આત્મ-તત્ત્વને પામી શકાશે.' આવો વિચાર કરીને રાજ્યનો કારભાર કુંવરને સોંપી તેઓ વનમાં જવા તૈયાર થયા. રાણીએ સમજાવ્યા છતાં રોકાયા નહિ. ગાઢ અરણ્યમાં જઈ પાર્ણ કુટીર બાંધી ત્યાં રહેવા લાગ્યા.

થોડા દિવસ તો ઈશ્વરભજનમાં તલ્લીન થઈ આનંદથી દિવસ પસાર કર્યા કરતા. પણ ત્યારબાદ રાજ્ય, નગર, રાણી, કુંવર વગેરે યાદ આવવા લાગ્યાં. રાણી મારા વિના શું કરતી હશે ? તે કેમ રહી સકતી હશે ? કુંવરને રાજ્ય સોંપ્યું છે પણ તે હજુ બરાબર સમજુ થયો નથી એટલે દુશ્મન રાજા ચડાઈ કરી મારૂં રાજ્ય લઈ લેશે તો ? કોઈ ચોર-લૂંટારાઓ આવી ખજાનો લૂંટી જશે તો ? મારી પ્રજા સુખમાં તો હશે ને ? આવા આવા વિવિધ પ્રકારના વિચારો આવવા લાગ્યા.

આવી જ રીતે રાણી ચૂડાલા જે રાજ્યમાં જ રહેતી હતી તેને રાજાનું સ્મરણ થવા લાગ્યું. તેથી તેણીએ વિચાર ક્યો કે, રાજા મારો તથા રાજ્યનો ત્યાગ કરી ગયેલા છે. છતાં, મને હર વખત યાદ આવ્યા કરે છે. એટલે મને એમ લાગે છે કે, રાજાને પણ વનમાં આવા જ વિચારો આવતા હોવા જોઈએ. જો તેમને આવા વિચારો ન આવતા હોય તો મને પણ રાજા યાદ આવત નહિ, એટલે મારું મન સાક્ષી પૂરે છે કે રાજા વનમાં જઈને-ઈશ્વરભજન કરવાને બદલે ઊલટા અત્રેની ચિંતા કરતાં અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થયા છે. માટે તેમને સમજાવવા જોઈએ. એમ વિચારીને રાણી ચૂડાલા સંન્યાસીનો વેશ ધારણ કરીને રાજાને શોધવા નીકળી પડી. શોધતાં-શોધતાં જ્યાં રાજા પર્ણકુટીર બાંધીને રહેતા હતા ત્યાં આવી પહોંચી. કોઈ સંન્યાસી મહાત્મા પોતાના ગામથી આવ્યા છે એમ જાણી પર્ણકુટીરમાંથી રાજા બહાર આવ્યા અને સંન્યાસી વેશમાં આવેલી રાણીને નમસ્કાર ક્યાં.

રાજ્યના કુશળ વર્તમાન પૂછ્યા, રાણીએ યથાવિધ ઉત્તર આપ્યા અને પછી બન્નેનો વાર્તાલાપ ચાલુ થયો.

રાણીએ પૂછ્યું : 'મહારાજ ! તમે આ ગાઢ જંગલમાં ક્યારના આવ્યા છો ?'

રાજા : 'હું બે-ત્રણ મહિનાથી આવ્યો છું. હું મોટો રાજા હતો, રાજ્ય, સ્ત્રી, પુત્ર, કુટુંબ વગેરેનો ત્યાગ કરી આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે હું અરણ્યમાં આવીને વસ્યો છું.'

રાણી : 'અહો ! ત્યારે તો તમે મોટા મહાત્મા અને મહાન ત્યાગી પણ છો ?'

રાજા : 'હા ! મહારાજ, જેવી ઈશ્વરની ઈચ્છા. મેં તો એમની ઈચ્છાથી બધું છોડી દીધું છે.'

રાણી : 'ઠીક; રાજાજી આપ એમ માનો છો કે આપે બધું છોડી દીધું છે; પણ મારા જોવામાં તો એવું આવે છે કે, આપે કંઈ પણ ત્યજ્યું નથી.'

રાજા : 'નહિ મહારાજ ! મેં તો બધું જ છોડી દીધું છે. હવે મારી પાસે કૌપીન, તુંબી-પાત્ર, લાકડી અને આ ઘાસની બનાવેલી ઝૂંપડી છે. બીજું કાંઈ જ નથી. જો આપની આજ્ઞા થતી હોય તો ઝૂંપડી પણ બાળી નાખું.'

રાણી : ઠીક, તો બાળી નાખો, એમાં શું ?

તરત જ રાજાએ અગ્નિ વડે ઝૂંપડી સળગાવી દીધી.

રાજા : 'કેમ મહારાજ હવે હું ત્યાગી ખરો કે નહિ ?'

૧. નવ તત્ત્વોનું જ્ઞાન

રાણી : 'નહિ, મહારાજ, માત્ર ઝૂંપડી સળગાવી દેવાથી ત્યાગી ન બની શકાય.'

રાજા : 'સારૂં તો પછી આ લાકડી બાકી છે, કહો તો તે પણ ફેંકી દઉં.'

રાણી : 'સારૂં, ફેંકી દો.'

રાજાએ લાકડી ફેંકી દીધી અને કહ્યું : 'મહારાજ, હવે ત્યાગી થયો કે નહિ ?'

રાણી : 'નહિ મહારાજ, હજી પણ તમે ત્યાગી થઈ શક્યા નથી'

રાજા : તો પછી હવે તો મારી પાસે ફક્ત કમંડલ છે, તે સિવાય બીજું કંઈ જ નથી. જો આજ્ઞા થાય તો તે ફોડી નાખું.

રાણી : 'સારૂં ફોડી નાખો.' તરત જ રાજાએ તુંબીપાત્રને ફેંક્યું અને તે ફૂટી ગયું.

રાજા : કેમ મહારાજ ? હવે તો હું ત્યાગી થયો ને ?

રાણી : 'નહિ, મહારાજ હજી પણ તમે ત્યાગી થઈ શક્યા નથી.'

રાજા : 'મહારાજ, તમે તો બહુ કરી. હવે તો મારી પાસે માત્ર આ પહેરેલ કૌપીન છે, બીજું કંઈ નથી. જો આપની આજ્ઞા થાય તો તે પણ ફેંકી દઉં.'

રાણી : 'સારૂં, ફેંકી દો.'

તરત જ રાજાએ કૌપીન કાઢીને ફેંકી દીધું.

રાજા : 'કેમ મહારાજ ! હવે તો હું ત્યાગી ખરો ને ?'

રાણી : 'નહિ મહારાજ ! હજી તમે ત્યાગી થઈ શક્યા નથી, શું એક ત્રણ તસુનું સૂતરનું કપડું ફેંકી દેવાથી ત્યાગી બની શકાય કે ?'

રાજા : 'મહારાજા, તમારાથી થાક્યો. હવે તો મારી પાસે કંઈ જ નથી, છતાં આપ તો એમ જ કહ્યા કરો છો કે હજી તમે ત્યાગી બની શક્યા નથી ! 'તો આપને વિનંતી કરું છું, કે ત્યાગી કઈ રીતે બની શકાય એ આપ જ કહો.'

રાણી : 'જુઓ મહાત્મા, તમે રાજ્ય-પાટ, સ્ત્રી, પુત્ર, કુટુંબ બધું ત્યાગી આત્મસાક્ષાત્કાર કરવા માટે વનમાં આવ્યા છો; તેમ છતાં તમો અહિંયા પણ એવું જ ચિંતન, સ્મરણ કરો છો કે, મારી સ્ત્રી શું કરતી હશે ? મારું રાજ્ય કોઈ શત્રુ જીતી લેશે તો ? મારો ધનભંડાર કોઈ ચોર લૂંટી જશે તો ? આવા આવા ઘણા વિચારો તમે કરતા રહો છો, તો તમે જ કહો કે તમે શું તજ્યું ? કંઈ જ નહીં'

'હે રાજન્ ! સાધુ અને સંન્યાસી તો અનંતવાર બન્યા છે પણ 'મારૂં' અને 'હું' 'અહં' અને 'મમ' એ બન્નેનો ત્યાગ કોઈ વખત કર્યો નથી, અને મરણ વખતે પણ આ બધા શરીરાદિનો ત્યાગ થાય છે, તેથી કોઈ ત્યાગી કહેવાતો નથી. ખરી રીતે આત્મતત્ત્વથી પર એવા અનાત્મ-તત્ત્વમાં જે મારાપણું છે તે જ ત્યાગવા યોગ્ય છે. ત્યાગનો પણ ત્યાગ કરવાનો છે.' પ્રભુનો માર્ગ સર્વસ્વનો ત્યાગ માગે છે.ત્યાગનો ત્યાગ એટલે ત્યાગીપણાનું અભિમાન, અહંત્વ ત્યાગવાનું છે. તેનો ત્યાગ થાય ત્યારે જ વસ્તુની પ્રાપ્તિ થાય છે. બાહ્ય પરિગ્રહ છોડવો સરળ છે. પણ અંતર પરિગ્રહ 'અહં' અને 'મમ' નો ત્યાગ જ્ઞાન વિના થઈ શક્તો નથી. માટે બધા પદાર્થોમાંથી અહં-મમનો ત્યાગ કરો.'

'હે રાજન્ ! બાહ્ય ત્યાગની સાથે આંતર ત્યાગ થાય ત્યારે જ તમે ત્યાગી થાઓ. વાસ્તવમાં તો તમે ત્યાગી જ છો પણ સંસારી જંજાળ સાથે પોતાની એકરૂપતા માનીને ઉપાધિમય બન્યા છો તેના ત્યાગ વિના કલ્યાણ નહીં થાય.'

રાણીનાં વચનો સાંભળી રાજાનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં અને ત્યારબાદ પર વસ્તુમાંથી 'અહંકાર' 'મમકાર' કાઢવાનો અભ્યાસ કરીને આત્મસાક્ષાત્કાર કર્યો.

# ૩૦ સદ્દાલ પુત્ર

પોલાશપુર નામના નગરમાં શબ્દાલ પુત્ર નામે એક કુંભાર રહેતો હતો. તે ગોશાળાનો ઉપાસક હતો. તેને અગ્નિમિત્રા નામે સ્ત્રી હતી. તેની પાસે એક કોટિ સોનૈયા ભંડારમાં તેમજ એક કોટિ વ્યાજે અને એક કોટિ વ્યાપારમાં રોકયા હતા. ઉપરાંત, તેની પાસે ગાયોનું ગોકુળ પણ હતું ગામની બહાર તે કુંભારની ૫૦૦ દુકાનો તેના માટીનાં વાસણો વેચવાની હતી.

એક દિવસ અશોકવનમાં કોઈ દેવતાએ આવીને તેને કહ્યું કે 'આવતી કાલે પ્રાતઃકાળે મહાબ્રહ્મ અને ત્રિલોક પૂજિત સર્વજ્ઞ પ્રભુ અહીં આવશે. તેમની તું સેવા કરજે. એવી રીતે બે ત્રણ વાર કહી તે દેવ અંતર્ધાન થઈ ગયો.'

સદ્દાલ પુત્રે મનથી વિચાર્યું કે જરૂર મારા ધર્મગુરુ સર્વજ્ઞ એવા ગોશાળા જ પ્રાતઃકાળે અહીં આવશે. તેવા વિચારે તે તેમની રાહ જોઈ રહ્યો હતો. તેવામાં પ્રાતઃકાળે શ્રીવીરપ્રભુ સહસ્ત્રવન નામના ઉદ્યાનમાં આવીને સમવસર્યા. તે હકીકત સાંભળીને કુંભકારે ત્યાં જઈ ભગવંતને વંદના કરી. પ્રભુએ દેશના આપીને સદ્દાલ પુત્રને કહ્યું, "હે મહાનુભાવ ગઈ કાલે કોઈ દેવતાએ અશોક વનમાં આવીને તને કહ્યું કે, "કાલે પ્રાતઃકાળે મહાબ્રહ્મ અને સર્વજ્ઞ એવા અર્હંત પ્રભુ અહીં આવશે. તેમની તું ઉપાસના-સેવા કરજે. તે વખતે તેં વિચાર્યું હતું પ્રાતઃકાળ ગોશાળો અહીં આવશે." આવો પ્રભુનાં વચન સાંભળીને તેણે ચિંતવ્યું કે 'અહો ! આ સર્વજ્ઞ એવા અર્હત્ શ્રીમહાવીર પ્રભુ જ અત્રે પધાર્યા છે, તો તે મારે નમસ્કાર કરવા યોગ્ય અને સર્વથા ઉપાસના કરવા યોગ્ય છે' આ પ્રમાણે વિચારી ઊભો થઈને પ્રભુને નમી અંજલી જોડીને તે બોલ્યો કે "હે સ્વામી ! આ નગરની બહાર જે મારી માટીનાં વાસણોની પાંચસો કુંભકારપણાની દુકાનો છે તેમાં રહો અને જે જોઈએ તે ગ્રહણ કરીને મારા પર અનુગ્રહ કરો."

સદ્દાલપુત્ર ભારે ભક્તિભાવવાળો ભાવિક જન તે નિયતિવાદને દૃઢપણે માનનારો હતો. તે કહેતો કે, ભવિતવ્યતાથી[1] વધુ જગતમાં કાંઈ નથી વિકાસ કે વિનાશ, નફો કે નુકશાન, માન કે અપમાન - આ સઘળું કેવળ નિયતિ અનુસાર જ મળે છે. પુરુષાર્થ અને પરાક્રમ તો તેની આગળ વામણાં છે. પ્રભુ મહાવીરે સદ્દાલ પુત્રને સત્ય સમજાવવા તેનું આમંત્રણ સ્વીકાર્યું.

ભગવાન મહાવીર સદ્દાલ પુત્રને ત્યાં પહોંચ્યા ત્યારે સદ્દાલ પુત્ર માટીમાંથી કંડારેલા નકશીદાર ઘડાઓને મૃદુ હાથે તડકે ગોઠવી રહ્યો હતો. પ્રભુને જોતાં જ સદ્દાલપુત્ર પોતાનું કામ પડતું મૂકીને દોડ્યો. આદર વંદન સહિત પ્રભુનું સન્માન કર્યું. પ્રભુએ કુંભકારને પૂછ્યું, "ભાઈ ! આ ઘડા કોણે બનાવ્યા ? "

"મેં પ્રભુ!"

"વાહ ! શો અદ્‌ભુત એનો ઘાટ છે ! અને કેવો રૂડો એનો ચળકાટ છે ! ભાઈ, આ ઘડા ખરેખર તેં જ બનાવ્યા છે ?" ભગવાન મહાવીરે પૂછ્યું "જી, પ્રભુ ! આ નકસીદાર ઘડા, થોડા વખત પહેલાં માટીના ઢેફાંરૂપે હતાં. એ માટીના ઢેફાં જાનવરો ઉપર લાદીને હું ઘેર લાવ્યો. પછી તે માટીમાં જળ ભેળવીને માટીને ખૂબ કાલવી. મારી પત્ની અગ્નિમિત્રાના ચરણોએ તેને ખૂબ ખૂંદી - ઠીક ઠીક સમય સુધી માટીને સંસ્કારી. પછી તેને મારા હાથ વડે મેં ચાકડે ચઢાવી. મારા અનુભવી ટેરવાંએ એને અનેરા - અનોખા ઘાટ આપ્યા" કુંભકાર સદ્દાલપુત્ર બોલ્યો.

ભગવાન મહાવીરના અધર ઉપર મંદ સ્મિત ફરક્યું. કુંભકાર અવઢવમાં અટવાયો. તેણે પૂછ્યું "પ્રભુ ! આપને મારી વાતમાં ભરોસો નથી બેસતો ? આપના માર્મિક સ્મિતનો અર્થ મને કહો."

---

૧. નસીબ

ભગવાન મહાવીર શાંત ચિત્તે બોલ્યા : ''ભાઈ, નિયતિવાદને માનનારા આત્માને મુખે તારા જેવો શબ્દો કઈ રીતે ઉચિત ગણાય ? તું તો કહે છે કે નિયતિ સામે પરાક્રમ અને પુરૂષાર્થ, બળ અને વીર્ય, બુદ્ધિ અને પ્રજ્ઞા સઘળું વ્યર્થ છે. એમ જ હોય તો આ ઘડાનું સર્જન મેં કર્યું એમ તું કઈ રીતે કહી શકે છે ?'' સદ્દાલપુત્ર ચોંક્યો.

પ્રભુની વાત સાચી હતી. સદ્દાલ પુત્રે તરત જ વાતને ફેરવી તાળી અને કહ્યું:

''પ્રભુ મારા દ્વારા વાણી-વિલાસ થઈ ગયો. ખરેખર તો નિયતિ દ્વારા જ આ ઘડાનું સર્જન થયું છે, તેમાં મારો પુરૂષાર્થ તો કાંઈ જ નથી. નિયતિ દ્વારા જે થવાનું હોય તે થાય છે. તેથી અધિક કે અલ્પ કાંઈ જ થતું નથી.''

ભગવાન મહાવીર પુનઃ મંદમંદ હસ્યા. સદ્દાલપુત્રે ફરીથી પ્રશ્ન કર્યો :

''પ્રભુ ! હવે આપના આ માર્મિક સ્મિતનો શો અર્થ ?''

મહાવીર બોલ્યા, ''ભાઈ શ્રી ! આજે અત્યારે કોઈ માણસ લાકડી લઈને આવે અને તારા આ ઘડાનો ભૂક્કો કરી નાખે તો ?''

''કોની મગદૂર છે કે અહીં આવીને આ ઘડાને હાથ પણ લગાડી શકે ?'' કુંભકારે તીખારો પ્રગટ કર્યો.

''ભાઈ ! તેં મારા પ્રશ્નનો ઉત્તર ના વાળ્યો. મારો પ્રશ્ન તો માત્ર એટલો જ છે કે કોઈ માણસ આવીને તારા આ તમામ ઘડા ફોડીને ઠીકરાં કરી દે તો તું શું કરે ?''

''હું એવી ગુસ્તાખી કરનારનું માથું ફોડી નાખું.'' ''કેમ ?'' પ્રભુએ પૂછ્યું''

''મારી મહેનતને કોઈ માટીમાં મેળવે તો મને રોષ ઊપજે જ ને પ્રભુ !''

''ભાઈ, ફરી પાછી તારી મહેનતની વાત ? તું તો માત્ર નિયતિને માને છે ને ?''

સદ્દાલપુત્ર ભોંઠો પડ્યો. શો જવાબ આપવો ? મહાવીરે કહ્યું, ભાઈ ! કોઈ પણ વાત કે વિચારને માત્ર એક જ દૃષ્ટિએ નિહાળવાથી આવો અનર્થ થાય છે. દરેક વાતને એકાંતિક રીતે નહિ પણ અનેકાંત રીતે સમજવી અને સ્વીકારવી જોઈએ. તું નિયતિને એટલો બધો એકાંતિક રીતે વળગ્યો છે કે પુરૂષાર્થનું ગૌરવ કરવું જ ચૂકી ગયો છે. જો જગત આખું માત્ર નિયતિ કે પ્રારબ્ધને જ જીવનનો આધાર માની લે અને પુરૂષાર્થ તથા પરાક્રમથી વિમુખ રહે તો તેનું શું પરિણામ આવે ? તું કહે છે કે નીતિથી વડું જગતમાં કોઈ નથી. નીતિપૂર્ણ પુરૂષાર્થ એ જ ભક્તિ છે, એ જ તપ છે અને એ જ સાધના છે અને એ જ મંત્ર છે.

સદ્દાલપુત્ર પ્રભુની વાત સમજી ગયો અને પ્રભુને વંદન કરી રહ્યો. એણે ગોશાળાના મિથ્યામતને વોસિરાવી દીધો.


***પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.સા. ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંકને***

✤ હાર્દિક શુભેચ્છા ✤

**શ્રી ગોવીંદજી દેવરાજ ગડા - પરિવાર**

ખોડિયાર મંદિર સામે,
સમુદ્ર સેલ્સની પાસે,
એરોડ્રામ રોડ, જામનગર.

३१


# श्री रहनेमि

एक बार भगवान नेमिनाथ अपने साधु समुदाय के साथ विहार करते करते गिरनार पर्वत पर ठहरे थे। भगवान नेमिनाथ के संसारीपन के छोटेभाई रहनेमि गोचरी लेकर प्रभु के पास पधार रहे थे। अचानक वृष्टि हुई। बरसात से बचने के लिए मुनि नज़दीक की गुफा में घूसे। उसी समय साध्वी राजीमती प्रभु को वंदन करके लौट रही थी। उन्होंने भी अनजाने में गुफा मे प्रवेश किया। उनके वस्त्र बरसात में भीग गये थे इसलिये गुफा में भीगे हुए वस्त्र सूखाने के लिए निकाल डालें। अपकाय जीवों की विराधना की व्याकुलता के कारण धुंधले अंधकार में समीप खड़े रहेनमि मुनि को उसने देखा नहीं। धुंधले प्रकाश में वस्त्रविहीन दशा में राजीमती को देखकर मुनि कामातुर हुए। उन्होंने राजीमती को कहा, 'हे भद्रे ! मैनें पहले भी तुम्हारी आशा रखी थी। आज भी कहता हूँ कि अभी भी भोग का अवसर है।' आवाज़ से रहनेमि को पहचानकर राजीमती ने वस्त्रों से अपना शरीर ढक कर कहा, 'कुलीन जन को ऐसा बोलना शोभास्पद नहीं है। आप नेमिजी के लघु बन्धु हो और उनके शिष्य भी हो फिर भी आप में ऐसी दुर्बुद्धि आई कहाँ से ?मैं सर्वज्ञ की शिष्या होकर आपकी इच्छापूर्ति नहीं करुंगी। ऐसी इच्छा मात्र से आप भवसागर में डूबोगे। मैं उत्तम कुल की पुत्री हूँ, आप भी उत्तम कुल के पुरुष हो। हम कोइ नीच कुल में उत्पन्न नहीं है जो ग्रहण किये हुए संयम का भंग करें। अगंधन कुल के सर्प भी वमन किया हुआ पुन:खाने की इच्छा नहीं रखते, इससे अच्छा तो वे अग्नि में जाना पसंद करते है।'

रहनेमि ने इच्छा दुहराई, जवानी भोग ले और धर्म तो बुढापे में भी होगा ऐसा कहा। राजीमती जो महान चारित्रवान थी उन्होंने रहनेमि को प्रतिबोधित करके समझाया, 'उत्तम मनुष्य भव प्राप्त हुआ है और यह चारित्र लिया है तो भवसागर पार करने के बजाय नर्क जाने के लिये क्यों तैयार हुए हो ? रहेनमि को बड़ा पश्चाताप हुआ। सर्व प्रकार के भोगों की इच्छा उन्होंने छोड़ दी और राजीमती को बिनंती की, 'मेरा यह पाप किसीको कहना नहीं।'

राजीमतीने कहा, 'प्रभु सर्वज्ञ है, वे तो सब जानते ही है।' रहनेमिने प्रभु नेमिनाथ के पास जाकर अपने दुश्चारित्र की आलोचना की और एक वर्ष तक सुंदर तपश्चर्या और चारित्र पालकर केवलज्ञान प्राप्त किया व मोक्ष पधारे।





# २३ – श्री सुकोशल मुनि

एक समय अयोध्या नगरी में कीर्तिधर नामक राजा थे। सहदेवी नामक उनकी पत्नी थी। भर जवानी होने से वे इन्द्र समान विषय सुख उपभोग रहे थे। एक बार उन्हें दीक्षा लेने की इच्छा हुई। मंत्रियों ने उन्हें समझाया कि 'जहाँ तक पुत्र उत्पन्न नहि हुआ है, वहाँ व्रत लेना योग्य नहीं है। आप अपुत्रवान् व्रत लेंगे तो पृथ्वी अनाथ हो जायेगी। इसलिए स्वामी ! पुत्र उत्पन्न हो तब तक राह देखो।'

इस प्रकार मंत्रियों के कहने से कीर्तिधर राजा शर्म के मारे दीक्षा न लेकर गृहवास में ही रहे। कुछ अरसे बाद सहदेवी रानी से उन्हें सुकोशल नामक पुत्र हुआ। पुत्र जन्म जानकर पति दीक्षा लेगा - यूं सोचकर सहदेवी ने उसे छुपा दिया। बालक को गुप्त रखने पर भी कीर्तिधर को बालक की बराबर जानकारी मिल गई। उसे राजगद्दी पर बिठाकर उसने विजयसेन नामक मुनि से दीक्षा प्राप्त की। तीव्र तपस्या एवं अनेक परीसह सहते हुए राजर्षि गुरु की आज्ञा से एकाकी विहार करने लगे। विहार करते करते एक बार वे अयोध्या नगरी पधारे। एक माह के उपवासी होने के कारण पारणा करने के लिए भिक्षा लेने मध्याह्न को शहर में घुम रहे थे। 'मुनि सांसारिक समय के पति है और यहाँ पधारे होने के कारण सुकोशल उन्हें मिलेगा तो वह भी दीक्षा ले लेगा। पतिविहीन तो हूं ही पुत्रविहीन भी हो जाऊंगी, कीर्तिधर मुनि को नगरी से बाहर राज्य की कुशलता के लिए निकाल देना चाहिये' - ऐसा सोचकर रानी ने अपने कर्मचारियों द्वारा मुनि को नगर बाहर निकलवा दिया। इस बात को जानकर सुकोशल की धाव माता जोर से रोने लगी। राजा सुकोशल ने उसे रोने का कारण पूछा तब उसने बताया : 'आपके पिता, जिन्होंने राजगद्दी पर आपको बिठाकर दीक्षा ली है, वे भिक्षा के लिए नगर में पधारे थे। मुनि से आप मिलोगे तो आप भी दीक्षा ले लोगे, ऐसा मानकर आपकी माता ने उन्हें नगर से बाहर निकलवा दिया है, इस कारण मे रुदन कर रही हूँ क्योंकि मैं यह दुःख सहन नहीं कर सकती।' सुकोशल विरक्त होकर पिता के पास पहुँचे और हाथ जोड़कर व्रत की याचना की। उस समय पत्नी चित्रमाला गर्भिणी थी। वह मंत्रियों के साथ वहाँ आई। और सुकोशल को दीक्षा न लेने के लिए समझाने लगी लेकिन सुकोशल ने उसको कहा, 'तेरे गर्भ में जो पुत्र है उसका मैंने राज्याभिषेक कर दिया है' - यूं समझाकर सुकोशल अपने पिता से दीक्षा लेकर कड़ी तपस्या करने लगे। ममतारहित और कषायवर्जित पिता-पुत्र महामुनि होकर पृथ्वी के तल को पवित्र कर साथ ही विहार करते थे। पुत्र और पति वियोग से सहदेवी को बड़ा खेद हुआ। आर्तध्यान में मृत्यु पाकर गिरनार की गुफा में शेरनी रूप में अवतरित हुई।

कीर्तिधर और सुकोशल मुनि चातुर्मास निर्गमन के लिए पर्वत की गुफा में स्थिर ध्यानस्थ अवस्था में रहे। कार्तिक मास आया तब दोनों मुनि पारणा करने शहर की और चले। वहाँ मार्ग में यमदूती जैसी उस शेरनी ने उन्हें देखा। शेरनी नजदीक आई और झपटने के लिये तैयार हुई। उस समय दोनों साधु धर्मध्यान में लीन होकर कायोत्सर्ग के लिए तैयार थे। सुकोशल मुनि शेरनी के सन्मुख होने से प्रथम प्रहार उन पर किया, उन्हें पृथ्वी पर गिरा दिया नाखूनरुपी अंकुश से उनके शरीर को फाड़कर बहते रुधिर का पान करने लगी एवं मांस तोड़ तोड़कर खाने लगी। उस समय सुकोशल मुनि, 'यह शेरनी मेरे कर्मक्षय में सहकारी है' - ऐसा सोचते हुए उन्हें थोड़ीसी भी ग्लानि न हुई। इससे वे शुक्ल ध्यान में पहुँचते ही केवलज्ञान पाकर मोक्ष पधारे।

इसी प्रकार कीर्तिधर मुनि ने भी क्रमशः केवलज्ञान पाकर अद्वैत सुख स्थानरुपी परमपद प्राप्त किया।

# २३ श्री प्रसन्नचंद्र राजऋषि

पोतनपुर नगर के प्रसन्नचंद्रराजा प्रभु महावीर पोतनपुर पधारे हैं और मनोरम नामक उद्यान में रुके हैं - जानकर राजा प्रभु की वंदना के लिए पधारे और मोह का नाश करनेवाली प्रभु की देशना सुनी । संसार से उद्वेग पाया और अपने बालकुमार को राज्यसिंहसन पर बिठाकर उन्होने प्रभु से दीक्षा ग्रहण की । प्रसन्नचंद्र राजर्षि क्रमश: सूत्रार्थ के पुरोगामी हुए । प्रभु विहार करते करते राजगृह नगरी पधारे । प्रभु के दर्शनार्थ श्रेणिक राजा पुत्र-परिवार तथा हाथी की सवारी एवं घोडों वगैरह विविध दलो-कक्षाओं के साथ निकले। उसकी सेना में सबसे आगे सुमुख एवं दुर्मुख नामक सेनानी चल रहे थे । वे परस्पर वार्ताएं करते चल रहे थे । मार्ग में उन्होने प्रसन्नचंद्र मुनि को एक पांव पर खडे होकर, ऊँचे हाथ रखकर तपस्या करते देखा । उनको देखकर सुमुख बोला, 'अहोहो ! ऐसे कठिन तपस्या करनेवाला मुनि को स्वर्ग-मोक्ष दुर्लभ नहीं है ।' यह सुनकर दुर्मुख बोला, 'अहो ! यह तो पोतनपुर का राजा प्रसन्नचंद्र है । बड़ी गाड़ी मे बछड़े को जोडने की तरह राजाने राज्य भार अपने बालकुमार पर छोडा है, उसे क्या धर्मी कहेंगे ? इसके मंत्री चंपानगरी के राजा दधीवाहन से मिलकर राजकुमार को राज्य पर से पद से भ्रष्ट करेंगे, इसीलीये इस राजा ने उलटा अधर्म किया है ।' इस प्रकार के वचन ध्यानस्थ मुनि प्रसन्नचंद्र ने सुने और मन ही मन सोच-विचार करने लगे, 'अहो ! मेरे अकृतज्ञ मंत्रीयो को धिक्कार है, वे मेरे पुत्र के साथ ऐसा भेदभाव रखते हैं ? यदि इस समय मैं राज्य संभाल रहा होता तो उन्हें कड़ी सजा देता ।' संकल्प विकल्प से दु:खी राजर्षी अपने व्रत को भूलकर मन ही मन मंत्रियों से युद्ध करने लगे । आगे बढ़ते हुए श्रेणिक महाराज अपनी सवारी के साथ प्रभु के पास पधारे । वंदना की और भगवंत से पूछा- ''मार्ग में जा मुनि है, उस स्थिति में वै मृत्यु प्राप्त करें तो कौनसी गति को जायेंगे ' प्रभु बोले, 'सातवी नर्क जायेंगे ' यह सुनकर श्रेणिक राजा विचार में पड़े, 'साधु को नरकगमन ! हो नहीं सकता, प्रभु का कहना मुझसे बराबर सुनाई दिया नहीं होगा । थोडी देर के बाद श्रेणिक राजा ने पुन: पूछा : 'हे भगवान ! प्रसन्नचंद्र मुनि इस समय कालधर्म प्राप्त करे तो कहाँ जाये?' भगवंत ने कहा : सर्वार्थ सिद्ध विमान को प्राप्त करें ।' श्रेणिक ने पूछा : 'भगवंत आप ने क्षण भर के अंतर में दो अलग बात क्यों कहीं ?' प्रभु ने कहा : 'ध्यान भेद के कारण मुनि की स्थिति दो प्रकार की हो गई इसीलीये मैंने वैसा कहा । दुर्मुख की वाणी सुनकर प्रसन्नचन्द्र मुनि क्रोधित हुए थे और कोपित होकर अपने मंत्री वगैरह से मन ही मन युद्ध कर रहे थे । जीस समय आपने वंदना की, उस समय वे नर्क के योग्य थे । उस समय से आपके यहाँ आने के दौरान उन्होंने मन में सोचा कि अब मेरे सभी आयुध समाप्त हो चुके हैं । मस्तिष्क पर रखे सिरस्त्राण से शत्रु को मार गिराऊँ - ऐसा मानकर सिर पर हाथ रखा । सिर पर लोच करा हुआ जानकर 'में व्रतधारी हूँ' ऐसा ख्याल आ गया । अहो हो ! मैने क्या कर डाला ? इस प्रकार अपनी आत्मा को कोसने लगे । उसका आलोचना प्रतिक्रमण करके पुन: वे प्रशस्त ध्यान में स्थिर हुए हैं । आपके दुसरे प्रश्न के समय वे सर्वार्थ सिद्धि के योग्य हो गये हैं । इस प्रकार वार्तालाप हो रहा था तब प्रसन्नचंद्र मुनि के समीप देव दुंदुभि वगैरह बजते सुनाई दिये । सुनकर श्रेणिक ने प्रभु को पूछा : 'स्वामी ! यह क्या हुआ ?' प्रभु बोले : 'ध्यान में स्थिर प्रसन्न चंद्र मुनि को केवलज्ञान हुआ है और देवता केवलज्ञान की महीमा का उत्सव मना रहे हैं । अंतिम घडी पर क्षपक श्रेणी में पहुँचते ही प्रसन्नचंद्र राजऋषि केवलीज्ञान बने हैं ।

२४

# श्री त्रिपृष्ठ वासुदेव

त्रिपृष्ठ वासुदेव अंत:पुर की स्त्रीयों के साथ सुखपुर्वक विलास करते थे। एक दिन कई गवैये आये। विविध रागों से गाने गा के उन्होने त्रिपृष्ट वासुदेव का हृदय हर लिया। रात्रि के समय ये गवैये अपना मधुर गाना गा रहे थे। श्री त्रिपृष्ट वासुदेव ने अपना शय्यापालक को आज्ञा दी, 'जब मुझे निद्रा आ जाये तब गवैयो का गान बंद करवा कर उन्हें बिदा कर देना।' थोडी देर बाद त्रिपुष्ट वासुदेव को निद्रा आ गई। संगीत सुनने की लालसा में शय्यापालक ने संगीत बंद कराया नहीं। इस प्रकार रात्रि का कुछ समय गुजर गया। त्रिपृष्ट वासुदेव की निद्रा टूट गई। उस समय गायकों का गान चालू था, वे सुनकर विस्मित हुए। उन्होंने शय्यापालक को पूछा : 'इन गवैयो को अभी तक क्यों बिदा नहीं किया ?' शय्यापालक ने कहा, 'हे प्रभु ! उनके गायन से मेरा हृदय अक्षिप्त सा हो गया था, जिससे मैं इन गायकों को बिदा न कर सका, आप के हुक्म का भी विस्मरण हो गया।' यह सुनते ही वासुदेव को कोप उत्पन्न हुआ, पर उस समय छुपा रखा। प्रात: काल होते ही वे जब सिंहासन पर आरुढ हुये। तब रात्रि का वृतांत याद करके शय्यपालक को बुलवाया। वासुदेव ने सेवकों को आज्ञा दी, 'गायन की प्रीतवाले इस पुरुष के कान मे गर्म सीसा और तांबा डालो, क्योंकि उसके कान का दोष हैं। उन्होंने शय्यपालक को एकांत में ले जाकर उसके कान में अतिशय गर्म किया हुआ सीसा डाला। भयंकर वेदना से शय्यपालक शीघ्र ही मरण हो गया। वासुदेव ने घोर अनिष्टकारी अशाता-पिडाकारी कर्म बांधा। ऐसे कई पापकर्मो और क्रूर अध्यवसाय से समकित रुप आभूषण का नाश करनेवाला त्रिपृष्ट वासुदेव का पाप बांधकर, आयुष्य पूर्ण होते ही सातवें नर्क की भूमि में गया।

इस त्रिपृष्ट वासुदेव की आत्मा काल धर्मानुसार त्रिशला की कोख से पैंदा हुए और चोवीसमें तीर्थंकर श्री महावीर स्वामी हुए और शय्यापालक जीव इस काल में आहीर बना। एक दिन प्रभु महावीर काउसग्ग ध्यान लगाकर खड़े थे तब यह आहीर अपने बैलों को वहाँ छोड़कर गायें दुहने गया। बैल चरते चरते कहीं दूर गये। आहीर वापिस लौट, अपने बैलों को वहाँ न देखकर प्रभु को पूछा : 'अरे देवार्य ! मेरे बैल कहाँ गये ? तूं क्यों बोलता नहीं हैं। तूं मेरे वचन क्यों सुनता नहीं है ? ये तेरे कान के छिद्र क्या फोगट ही है ? इतना कुछ कहने के बाद जब प्रभु से उत्तर न मिला तो क्रोधित होकर प्रभु के दोनो कान में बबूल की शूले डाल दीं। शूले आपस मे इस प्रकार मिल गई मानो वे अखण्ड एक सलाई समान दिखने लगी। ये कीले कोई निकाल ले - ऐसा सोचकर वह ग्वाला, बाहर दिखता शूलों का भाग काटकर चलता बना। उस समय शूलों की पीड़ा से प्रभु जरा से भी कंपित न हुए। वे शुभ ध्यान में लीन रहे और प्रभु वहां से विहार करके अपापानगरी पधारें। सिद्धार्थ नामक बनिये यहाँ पधारे, वहाँ खरल नामक वैद्य ने कान का देखा और प्रभु के कान में से दो सँड़सी द्वारा दोनों कान में से दोनों कील एक साथ खींच निकाली। रुधिर सहित दोनो कीलें मानो प्रत्यक्ष अवशेष पीड़ाकारी कर्म निकल जाते हो उस प्रकार निकल पड़ी। कीले खींचते समय प्रभु को ऐसी भयंकर वेदना हुई कि उनसे भयंकर चीख निकल पडी। खरल वैद्य और सिद्धार्थ वणिक ने औषधि से प्रभु के कान का इलाज किया और प्रभु के घाव भर गये। इस प्रकार त्रिपृष्ट वासुदेव के भव में शय्यपालक के कान में गर्म सीसा भरने का कर्म प्रभु के भव में भगवान को कान में कीले ठुकवाकर भुगतना पड़ा।

# श्री नयसार

जंबुद्वीप में जयंती नामक नगरी थी। वहाँ शत्रुमर्दन नामक राजा राज्य करते थे। उसके पृथ्वी प्रतिष्ठा नामक गाँव में नयसार नामक स्वामीभक्त मुखिया थे । उसे कोई साधु-महात्माओं के साथ सम्पर्क न था । लेकिन वह अपकृत्यो से परांगमुख दूसरो के दोष देखने से विमुख और गुणग्रहण में तत्पर रहता था।

एक बार राजा की आज्ञा से लकड़े लेने वह पथ्य लेकर कई बैलगाडियों के साथ जंगल में गया । वृक्ष काटते हुए मध्याह्न का समय हुआ और खूब भूख लगी । उस समय नयसार के साथ आये अन्य सेवकों ने उत्तम भोजन सामग्री परोसी, नयसार को भोजन के लिये बुलाया । स्वयं क्षुधा-तृषा के लिए आतुर था लेकिन कोई अतिथि आये तो उसे भोजन कराने के बाद भोजन करूँ - एसा सोचकर आसपास देखने लगा । इतने में क्षुधातुर, तृषातुर और पसीने से जिनके अंग तरबतर हो गये थे ऐसे कुछ मुनि उस तरफ आ पहुँचे । 'अहा ! ये मुनि मेरे अतिथि बनें, बहुत अच्छा हुआ ।'- ऐसा चिंतन करते हुए नयसार ने उनको नमस्कार करके पूछा, 'हे भगवंत ! ऐसे बडे जंगल में आप कहाँ से आये हैं ! कोई शस्त्रधारी भी इस जंगल में अकेले घुम नहीं सकता ।' मुनियों ने कहा : 'प्रारंभ से हम हमारे स्थान से सार्थ के साथ साथ चले थे । मार्ग में हम एक गांव में भिक्षा लेने गये और सार्थ चल पड़ा । हमें कुछ भी भिक्षा न मीली । ह न सार्थ को ढुंढते हुए आगे ही बढ़ते गये । लेकिन हमें सार्थ तो मिला नहीं और इस घोर वन में पहुँच गये ।' नयसार ने कहा, अरे रे! वह सार्थ कैसा निर्दय ! कैसा विश्वासघाती ! उसके आशा पर साथ चले साधुओं को साथ लिये बिना स्वार्थ में नि ठुर बनकर चल दिया । मेरे पुण्य से आप अतिथि रूप में प ारे है, यह अच्छा ही हुआ है ।' इस प्रकार कहकर नयसार अपने भोजन स्थान पर ले गया और अपने लिये तैयार किये गये अन्न-पानी से मुनियों को प्रतिलाभान्वित किया । मुनियों ने अलग जाकर अपने विधि अनुसार आहार ग्रहण किया । भोजन करके नयसार मुनियों के पास पधारे और प्रणाम करके कहा : 'हे भगवंत! चलिये मैं आपको नगर का मार्ग बत दूं ।' मुनि नयसार के साथ चले और नगरी के मार्ग पर पहुँचा गये । वहाँ मुनियों ने एक वृक्ष के नीचे बैठकर नयसार को धर्मोपदेश दिया । सुनकर अपनी आ मा को धन्य मानते हुए नयसार ने उसी समय समकित प्रा त किया एवं मुनियों को वंदना करके वापिस लौटा और सर्व व टे हुए काष्ट राजा को पहुँचकर अपने गाँव आया।

तत्पश्चात् यह दरियादिल नयसार धर्म का अभ्यास करते, तत्त्वचिंतन और समकित पालते हुए व ाल निर्गमन करने लगा । इस प्रकार आराधना करते हुए नयसार अंत समय पर पंच नमस्कार मंत्र का स्मरण करके मृत्यु पाकर सौधर्म देवलोक में पल्योपम आयुष्य वाला देवता बना । यही आत्मा सत्ताईसवें भव में त्रिशला रानी की कोख से जन्मकर चोबीसवें अंतिम तीर्थंकर श्री महावीर स्वामी बनी।

૩૬

# સુદર્શના (શકુનિકાવિહાર)

ભરૂચ શહેરના સીમાડાના વનમાં નર્મદા કાંઠે એક વડના વૃક્ષ ઉપર એક સગર્ભા સમડીએ માળો બાંધ્યો. સમયે તે માતા બની. ખોરાકની તપાસમાં તે ઊડીને જતી હતી. તેને એક મ્લેચ્છે બાણ મારી ધરતી પર પાડી. તે અશ્વાવબોધ તીર્થની સમીપે પડી પડી તન-મનની વ્યથા સહતી હતી ને આક્રંદ કરતી હતી. તેના પુણ્યયોગે ત્યાંથી પસાર થતા મુનિએ તેને નવકાર મહામંત્ર સંભળાવ્યો. ક્રોધ અને મમતા છોડી અરિહંતાદિનાં શરણાં સંભળાવ્યાં. ચાર આહારનો ત્યાગ કરાવ્યો. થોડી જ વારમાં 'નમો અરિહંતાણં' આદિ સાંભળતાં તે મૃત્યુ પામી અને સિંહલદ્વીપનાં મહારાણીના ગર્ભમાં પુત્રી તરીકે ઊપજી. પૂર્ણ સમયે રૂપરૂપના અંબાર જેવી કન્યાનો જન્મ થયો. સાત પુત્રો ઉપર આ પુત્રી જન્મી હતી એટલે રાજા-રાણી અને રાજ્ય પરિવારમાં આનંદ વર્તી રહ્યો. તે દેખાવે સુંદર હતી, તેથી તેનું નામ સુદર્શના પાડવામાં આવ્યું. તે મોટી થતાં સર્વકળામાં ચતૂર અને વ્યવહારમાં દક્ષ થઈ. એક વાર ભરૂચ બંદરના વેપારી શેઠ ઋષભદત્ત સિંહલદ્વીપ આવ્યા. તેઓ રાજસભામાં બેઠા હતા. યુવાન રાજકન્યા પણ ત્યાં આવેલ હતી. એકાએક શેઠને છીંક આવી. તેમને છીંક વખતે 'નમો અરિહંતાણં' બોલવાની ટેવ હતી, એટલે હાક્...છી...નમો અરિહંતાણં એમ છીંક સાથે બોલ્યા. તે સાંભળી રાજકન્યા વિચારમાં પડી કે, આ 'નમો અરિહંતાણં' શું છે ? આ કોઈ દેવને નમસ્કાર જેવું લાગે છે. ક્યાંક મેં આ સાંભળ્યું છે. ક્યાં સાંભળ્યું હશે ? એમ કરતાં સ્મૃતિ સતેજ થતાં ને વિસ્મૃતિનો પડદો ભેદાતાં અતીતનો આખો ભવ તેને યાદ આવ્યો. વડલો, માળો, બચ્ચાં, સમડી ને-ને તેની છાતીમાં તીર. ઓ-ઓ. પછડાટ - કારમી ચીસ.... ને ભયંકર વેદના..... બધું જ સ્મૃતિ-પટ પર સ્પષ્ટ થયું, અને ઓ.....રે ચીસ પાડી કુંવરી ધરતી પર ઢળી પડી અને બેભાન થઈ ગઈ. શીતોપચારથી તે સચેત થઈ. પણ તેના બોલચાલ, રંગ-ઢંગ બધું જ બદલાઈ ગયું હતું. ધીમે-ધીમે તેણે એ સભામાં જ પોતાની ગત ભવની કહાની કહી સંભળાવી. સહુ આશ્ચર્ય પામ્યાં. માનવામાં ન આવે એવી વાત આખરે બધાંએ માની. માતા-પિતા આદિની અનુમતિપૂર્વક તે રાજબાળા ઋષભદત્ત શેઠ સાથે ભરૂચ આવી ત્યાંના મુનિ સુવ્રતસ્વામીના અશ્વાવબોધ નામના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમાં સમડીના ભવનાં ચિત્રો યોગ્ય સ્થાને મૂકાવ્યાં. ત્યારથી આ મંદિર શકુનિકાવિહાર (સમડીવિહાર) ના નામે પ્રસિદ્ધ થયું. ઘણા ઉદ્ધારો આ મંદિરના થયા છે. કુમારપાળ ભૂપાલના મંત્રી ઉદયનના પુત્ર અંબડ મંત્રીએ પિતાના શ્રેયાર્થે ઉદ્ધાર કરાવ્યો. હાલમાં જ સંવત ૨૦૪૧ થી ૨૦૪૫ની સાલમાં તેનો ભવ્ય જિર્ણોદ્ધાર આચાર્યદેવશ્રી વિક્રમસૂરીશ્વરજી નિશ્રામાં થયો. મંદિરજી નીચે ભોંયરામાં ભવ્ય ભકતામર મંદિરની રચના છે. આ મંદિરના દર્શન, પૂજાનો લાભ અવસરે લેવા જેવો છે.

૨૭

# મુનિ ધનશર્મા

ધનમિત્ર નામનો એક વણિક અવંતી નગરીમાં રહે. કોક સદ્ગુરુના ઉપદેશથી તેને વૈરાગ્ય થયો ને પોતાના પુત્ર ધનશર્મા સાથે તેણે દીક્ષા લીધી. સંયમની સારી રીતે આરાધના કરતાં થોડા જ સમયમાં ધર્મશાસ્ત્રમાં કુશળ થયા એકવાર કેટલાક સાધુઓ સાથે તેઓ વિહાર કરી ઓગલપુર નગરે જઈ રહ્યા હતા. મધ્યાહ્ન સમય થઈ ચૂકયો હતો. સૂર્ય જાણે આગ વરસાવી રહ્યો હતો. ધરતી પણ તપી ગઈ હતી. બાળસાધુ ધનશર્માને ઘણી તરસ લાગી. તાળવું સૂકાવા લાગ્યું. પગ ઢીલા પડ્યા. ચાલવું મુશ્કેલ થતું ગયું. બીજા બધા સાધુઓ આગળ ચાલતા રહ્યા. પિતા મહારાજ ધનમિત્ર તેની સાથે રહ્યા.

રસ્તામાં નિર્મળ જળની નદી આવતાં પિતા સાધુએ ધનશર્મા મુનિને કહ્યું, ''વત્સ ! મને લાગે છે કે તને અસહ્ય તરસ લાગી છે. પ્રાસુક (ખપે એવું ઉકાળેલું)પાણી તો આપણી પાસે નથી. યોગ ક્ષેત્ર અને સચિત્ત પાણી મુનિઓને આમ તો ખપતું નથી. હવે માર્ગ એક જ સૂઝે છે કે તું આ નદીનું પાણી પીને તારી તરસ છિપાવ. કારણ કે આપત્તિકાળમાં તો નિષિદ્ધ કાર્ય પણ કરવું પડે છે. માટે હે વત્સ !આ પ્રાણાંત આપત્તિને કોઈ પણ રીતે પાર કરી જા. પછી તેની શુદ્ધિ માટે આચાર્યદેવ પાસે આલોયણા કરી લેજે.'' એમ સમજાવી એકલા આગળ વધ્યા. એમણે વિચાર્યું કે મારી શરમથી આ નદીનું પાણી નહીં પીએ. માટે હું તેના દૃષ્ટિપથથી દૂર જતો રહું. એમ કલ્પી તે દૂર ચાલ્યા બાળમુનિ નદીના કાંઠે આવ્યા એટલે તે વિચારવા લાગ્યા કે, અનેષણીય અન્નપાન લેવાનો ભગવાને નિષેધ કર્યો છે. તે કેમ લેવાય ? સાચા વૈરાગી મુનિઓ બેતાળીસ[૧] દોષ રહિત શુદ્ધ આહારને જ ગ્રહણ કરે છે. આ એષણા સમિતિ કહેવાય. આ પાણી તેવી શુદ્ધિવાળું ન હોઈ અગ્રાહ્ય છે. મારી ઈચ્છા આ પીવા માટે થતી નથી પણ અતિ ખિન્ન થઈ ના છૂટકે પીવું પડે છે. પછી ગુરુમહારાજશ્રી પાસે આલોયણા લઈશ.

આમ વિચારી તેણે ખોબો પાણીથી ભરી મુખ પાસે લાવતાં પાછું વિચાર્યું મારા માટે શું ઉચિત છે ? તૃષાનું નિવારણ કરી મારા જીવને સુખ આપવું કે આ જળના જીવોને અભયદાન આપવું ? જો મારા જીવને લૌકિક સુખ આપું છું તો બીજા જીવોનો ઘાત થાય છે. આથી ચાર ગતિમય સંસારની વૃદ્ધિ અને તીર્થંકર ભગવંતની આજ્ઞાનો લોપ થશે. આ જીવો મારા જેવા જ છે. હું પણ આ અપ્કાયમાં આ જીવોના જ કુળમાં અનેક વાર રહ્યો હોઈ આ બધા મારા સંબંધી છે. પરમદયાળુ ભગવાને તો સકાય જીવોની દયા, દયાળુ-સંયમી સાધુના ખોળામાં મૂકી છે. વળી આ દુઃખ કાંઈ ઘણું મોટું દુઃખ નથી. નરકના જીવોને તો મારી તરસ કરતાં અનંતગણી તરસ સર્વદા હોય જ છે ને તે પરાધિનતા મેં અનંતી વાર સહન કરી છે. હમણાં હે જીવ ! આટલો સ્વચ્છંદ થઈ તું આવા કાર્યમાં પ્રવૃત્તિ કરવા તૈયાર થયો છે ? હે જીવ ! આત્મગુણથી ભ્રષ્ટ ન થા. એક જીવ માટે અનેક જીવોનો વધ કરવાના મહાપાપથી તું ડરતો કેમ નથી ? ધિક્કાર છે તારી મૂઢતાને ! તૃષાને શાંત કરનાર, પ્રત્યક્ષપણે થોડા વખત માટે સુખ આપનાર આ નિર્મળ અને શીતળ જળને તું અમૃત સમાન માને છે, પણ ખરેખર તે અમૃત નથી પણ વિષની ધારા છે.

૧. નિર્દોષ આહાર લાવવો તે બેતાળીસ દોષ રહિત ગોચરીની પ્રાપ્તિ.

જળના એક બિંદુમાં જિનેશ્વરોએ અસંખ્ય જીવો કહેલા છે ને એ જ બિંદુમાં શેવાળનો અંશ પણ હોય તો તે અનંત જીવ રૂપ હોય છે. માટે આ સચિત્ત પાણી હું કોઈ રીતે પી શકું નહીં. આવા દઢ નિશ્ચય અને ધૈર્યબળવાળા તે બાળમુનિએ ખોબામાં રહેલું પાણી, અનેક જીવોને બાધા ન થાય એવી રીતે વિવેકપૂર્વક ધીરેથી પાછું પાણીમાં ભેળવી દીધું અને હિંમત કરીને તે મહામહેનતે આગળ ચાલ્યા ને નદી પાર કરી. પણ તૃષા ન સંતોષાવાથી હવે એક ડગલું પણ આગળ ભરાયું નહીં. મસ્તકમાં ચક્કર આવ્યા અને નદીના કાંઠે જ પડી ગયા. અને વિચાર્યું : આ તૃષા વેદનીય કર્મ-કંઠ -તાળવા આદિનું શોષણ કરે છે; પણ હે કર્મ ! શું તું મારા આત્મામાં રહેલ રત્નત્રયરૂપ અમૃતનું પણ શોષણ કરશે ? પણ ઓ કર્મ ! સમજી લે, હવે હું તારે વશ નથી. કારણ કે સંતોષ અને સમાધિથી આત્માસ્વરૂપમાં હું એવો લીન થયો છું કે અહીં તારી કોઈ કારી ફાવશે નહીં. અહો ! પૂર્વના ઉપકારીઓએ આત્માની રક્ષા માટે કેવી સરસ વ્યવસ્થા આપી છે ? ઈત્યાદિ શુભ ભાવના ભાવતાં ભાવતાં અવસાન પામ્યા.

કાળ થતાં તે મુનિ ધનશર્મા સ્વર્ગમાં દેવ થયા. દેવ તરીકે ઉત્પન્ન થતાં જ અવધિજ્ઞાનનો ઉપયોગ દઈ જોયું કે પોતાના ગયા ભવના સંસારી પિતા નદીથી થોડે દૂર જઈ પુત્રની વાટ જોતા ઊભા છે ને પોતાનું શરીર નદીકાંઠે પડ્યું છે. તરત તે દેવે પોતાના પૂર્વના શરીરમાં પ્રવેશ કર્યો ને ઊભા થઈ પિતા તરફ ચાલવા માંડ્યું. તેને આવતો જોઈ ધનમિત્ર સંતુષ્ટ થયા ને આગળ ચાલવા માંડ્યા. આગળ જતાં બીજા સાધુઓ પણ તરસથી વ્યથિત થવા લાગ્યા. તેમની ભક્તિ માટે દેવતાએ માર્ગમાં ગોકુળ વિકુર્વ્યા (ઉપજાવ્યા), ત્યાંથી છાશ વગેરે લઈ સાધુઓ સ્વસ્થ થયા. તેઓ જ્યાં બેસી છાશ આદિ વાપરતા હતા તે જગ્યાએ એક સાધુનું વીંટિયું (વસ્ત્રોનું ઓશીકા જેવું પોટલું) ત્યાં ભૂલાવડાવી દીધું.

કેટલેક દૂર ગયા બાદ તે સાધુને પોતાનું વીંટિયું યાદ આવ્યું ને એ લેવા તે પાછા ફર્યા. થોડી વારે પાછા ફરી તેમણે બીજા સાધુઓને કહ્યું. "વીંટિયું તો મળ્યું, પણ ક્યાંય ગોકુળ દેખાયું નહી ! આવડી મોટી વસાહત ને સેંકડો ગાય-ભેંસો અચાનક ક્યાં અદશ્ય થઈ ગયાં ? અચરજની વાત !" આ સાંભળી સહુ ઘણું અચરજ પામ્યા, ને તેઓ વિચારવા લાગ્યા નક્કી, આ દેવાની માયા હશે. એટલામાં દેવે પ્રગટ થઈ બધાને વંદન કર્યું, પણ પોતાના પિતાને વંદન કર્યું નહી. આનો પરમાર્થ પૂછતાં દેવે આખી વાત કહી ઉમેર્યું - હું સચિત્ત જળ પીવું, એવું તેમણે ઈચ્છ્યું ને મને સંમતિ આપી. એ મારા પિતા હતા પણ સ્નેહવશ તેમણે શત્રુનું જ કામ કર્યું. સંસારી ગૃહસ્થો રાખે તેવો રાગ મારા પિતાએ મારા ઉપર રાખ્યો. જો મેં તેમના કહેવા પ્રમાણે નદીનું પાણી પીધું હોત તો અનંત ભવભ્રમણ ઊભું થાત. માટે મેં તેમને પ્રમાણ ન કર્યા. કહ્યું છે કે - તે જ ગુરુમહારાજ અને તે જ પિતાશ્રી સમજુ માણસો દ્વારા પૂજ્ય છે કે જેણે પોતાના શિષ્ય કે પુત્રને ઉન્માર્ગે પ્રવર્તાવ્યા નથી. ઈત્યાદિ કહી તે દેવે સ્વર્ગ ભણી પ્રયાણ કર્યું, ને સાધુઓ તેમનાં વખાણ કરતાં આગળ વધ્યાં.

જેમ ધનશર્મા નામના બાળમુનિએ પ્રાણાંત સંકટમાં પણ સાધુને માટે અનુચિત જળપાન કર્યું નહી, તેમ સર્વ સાધુઓએ પાપરહિત થઈને આ ચારિત્રાચારનો ત્રીજો આચાર એષણા સમિતિનું પાલન કરવું જોઈએ.

૩૪

# મૌન એકાદશી આરાધક સુવ્રત શેઠ

ધાતકી ખંડમાં વિજયપત્તન શહેરમાં સુર નામના એક અતિ ધનાઢ્ય શેઠ હતા. તેમની પત્નીનું નામ સુરમતિ હતું. એક પરોઢિયે જાગી જવાથી તે એકદમ અંતર્મુખ બન્યા. તેમણે વિચાર્યું : આ ભવે મને અઢળક ધન મળ્યું છે. સુશીલ પત્ની મળી છે. ભરપૂર યશ-પ્રતિષ્ઠા મળ્યાં છે. પણ આ બધું તો મને પૂર્વભવના કોઈ પુણ્યથી મળ્યું છે. હવે જો હું પરલોક માટે આ ભવે હિત ન સાધું તો મારૂં આ જીવન બધું એળે જાય. વિચારમાં ને વિચારમાં સૂર્યોદય થયો. સુરશેઠ નિત્યકર્મ પતાવી નહાઈધોઈને ગુરુમહારાજ પાસે ગયા. ગુરુમહારાજે ઉપદેશ આપ્યો :

''આળસ, મોહ, અવજ્ઞા, ઘમંડ, ક્રોધ, કંજુસાઈ, ભય, શોક, અજ્ઞાન, કુતૂહલ, રતિ, પ્રમાદ અને વિકથા આ તેર કાઠિયાનો (કાઠિયા એટલે ધર્મ કરતાં અંતરાય નાખે તે) અવશ્ય ત્યાગ કરવો જોઈએ; નહિ તો જીવ નારક ગતિના ભયંકર દુઃખોને પામે છે. સાતમી નરકના અપ્રતિષ્ઠાનના અંતિમ વખતના જીવને પાંચ કરોડ અડસઠ લાખ ને નવ્વાણું હજાર પાંચસો ચોર્યાસી (૫,૬૮,૯૯,૫૮૪) પ્રકારના રોગ થાય છે. આથી હે સુરશેઠ ! નરકાદિનાં દુઃખોના નિવારણ માટે ધર્મ આરાધના કરવી જરૂરી છે. ધર્મનો મહિમા અચિન્ત્ય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, આ ભરતભૂમિમાં કેટલાક જીવો મિથ્યાદષ્ટિ હોવા છતાંય એવા ભદ્રપરિણામી હોય છે કે તેઓ અહીંનું આયુષ્ય પૂર્ણ કરીને આગામી નવમા ભવે તો મહાવિદેહ ક્ષેત્રમાં કેવળી થાય છે. માટે હે સુર શેઠ ! સુલભ બોધિ જીવને કશું જ દુર્લભ નથી.''

ત્યારે શેઠે વિનયથી હાથ જોડી કહ્યું : ''હે ભગવંત ! સાંસારિક જંજાળને કારણે નિત્યધર્મની આરાધના મારાથી થઈ શકે એમ નથી, તો હે કૃપાળુ ! કોઈ એવો દિવસ આપ બતાવો કે જે દિવસનું આરાધન કરવાથી મને વર્ષભરની આરાધના જેટલું ફળ મળે.''

ગુરુમહારાજે કહ્યું : 'તો હે શેઠ ! માગસર માસની અજવાળી અગિયારસની આરાધના કરો. આ દિવસે અહોરાત (આખા દિવસ) નો પૌષધ કરવો. તે દિવસે ઉપવાસ કરવો અને મન-વચન અને કાયાથી તમામ પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરીને આખો દિવસ મૌન રાખવું. આ વિધિ પ્રમાણે ઓછામાં ઓછાં અગિયાર વરસ સુધી આ એકાદશી આરાધના કરવી, અને એ તપ પૂર્ણ થાય ત્યારે ઉલ્લાસ અને ઉદારતાથી મહોત્સવપૂર્વક તેનું (ઉદ્યાપન) ઉજમણું કરવું.'

સુરશેઠને આ મૌન એકાદશીનું વ્રત ગમી ગયું. વિધિપૂર્વક અને આત્માના ઉલ્લાસથી તે વ્રતનું ઉત્કૃષ્ટ આરાધન કર્યું. તપ પૂર્ણ થયે તેનું ભવ્ય ઉજમણું કર્યું. આયુષ્યકર્મ પૂરૂં થયું. સુરશેઠ મરીને આરણ નામના દેવલોકમાં દેવ થયા. દેવલોકનું એકવીશ સાગરોપમનું[1] આયુષ્ય પૂર્ણ કરીને તેમનો જીવ ભરત ક્ષેત્રના સૌરીપુર નગરમાં રહેતા સમૃદ્ધિદત્ત શેઠની ગુણિયલ પત્ની પ્રીતિમતિની કુક્ષિમાં અવતર્યો.

ગર્ભના પ્રભાવથી પ્રીતિમતિને તીવ્ર ઈચ્છા (દોહદ) થઈ : ''હું શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરૂં. મહાવ્રતધારી મુનિ ભગવંતોની વિવિધ પ્રકારે ભક્તિ કરૂં. સર્વ સંસારીઓને વ્રતનો મહિમા સમજાવી તે સૌને વ્રતધારી બનાવું. સંગીતકારો વ્રતધારીઓનો મહિમા ગાય. નર્તકો નૃત્ય કરે અને એ મહિમાનાં ગાન અને નૃત્ય બસ જોયા જ કરૂં.'' સમૃદ્ધિદત્તે પત્નીના આ દોહદને પૂર્ણ કર્યો. યોગ્ય સમયે તેણે પુત્રને જન્મ આપ્યો. ગર્ભાધાન સમયે માતાને વ્રત લેવાની ઈચ્છા થઈ હતી તેથી પુત્રનું

૧. ૧૦ કોડાકોડી પલ્યોપમનું એક સાગરોપમ થાય છે.

નામ 'સુવ્રત' રાખ્યું.

સુવ્રત મોટો થયો. ભણીગણીને વિદ્વાન પણ થયો. યુવાન વયે પિતાએ અગિયાર કન્યાઓ પરણાવી. કાળક્રમે તેનાં માતા-પિતા મૃત્યુ પામ્યાં. હવે તે અગિયાર ક્રોડ સોનામહોર આદિનો માલિક બન્યો.

એક સમયે સૌરીપુરમાં વિશુદ્ધ ચારિત્ર્યધારી આચાર્ય ભગવંત શ્રી ધર્મઘોષસૂરિજી વિશાળ શિષ્યસમુદાય સાથે પધાર્યા. આ સાંભળતાં સુવ્રત શેઠ સપરિવાર તેમની ધર્મદેશના સાંભળવા ગયા. દેશના સાંભળતાં સાંભળતાં તેમને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. દેશના પૂરી થયે સુવ્રત શેઠે ગુરુ ભગવંતને વિનયથી પૂછ્યું : "હે ભગવંત ! પૂર્વભવમાં મેં મૌન એકાદશી પર્વની આરાધના કરી, તેથી મને દેવલોકનાં પ્રથમ સુખ મળ્યાં અને આજે આ મહાસમૃદ્ધિ પામ્યો છું.તો હે ભગવંત ! હું હવે શેની આરાધના કરું, જેથી મને આથીય વિશેષ અસાધારણ ફળની પ્રાપ્તિ થાય ?"

આચાર્ય ભગવંત બોલ્યા : "હે મહાનુભાવ ! જે પર્વની આરાધનાથી તમને આવો અચિંત્ય લાભ થયો છે તે જ પર્વની આરાધના આ ભવે પણ તમે રૂડી રીતે કરો. કારણ કે જે ઔષધથી વ્યાધિ જાય તે જ ઔષધ બીજી વાર પણ એ જ વ્યાધિ માટે લેવું જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે કે - માગસર માસની સુદ અગિયારસનું જે અગિયાર વરસ સુધી વિધિપૂર્વક આરાધન કરે છે તે શીઘ્ર મુક્તિને પામે છે." આ માગસર સુદ અગિયારસને એકાદશી કહેવાય છે.

સુવ્રત શેઠે ત્યાર પછી ઘણા ઉલ્લાસથી મૌન એકાદશી પર્વનું આરાધન શરૂ કર્યું. આવા એક દિવસની વાત છે. સુવ્રત શેઠે સપરિવાર ઉપવાસ અને મૌનપૂર્વક મૌન એકાદશીએ પૌષધ કર્યો. બધા પૌષધશાળામાં હતા. તેમનું ઘર આથી સૂનું હતું. ચોરોએ આ તકનો લાભ લીધો. ઘરમાં ઘૂસી જઈને જેટલું બંધાય તેટલું બાંધવા માંડ્યું. પોટલાં બાંધી માથે મૂકીને ઘર બહાર નીકળવા લાગ્યા. પરંતુ આશ્ચર્ય ! કોઈ ચોરથી એક ડગલું આગળ વધી શકાયું નહીં. બધા જ ચોર સ્તંભિત બની ગયા. ન હાથ હલાવી શકાય, ન પગ છૂટો કરી શકાય. આ વેદનાથી તેઓ ચીસો પાડી ઊઠ્યા. ચીસો સાંભળી પાડોશીઓ દોડી આવ્યા. જોયું તો બધા ચોરો. તેમણે તરત રાજાને ખબર આપી. રાજાએ કોટવાળને દોડાવ્યા. કોટવાળ અને બીજા સીપાઈઓએ બધાને બાંધી લીધા અને કારાવાસમાં લઈ જવા ખેંચ્યા. દોરડું ખેંચતા જ બધા ચોરો આપોઆપ ચાલવા લાગ્યા.

સુવ્રત શેઠ સપરિવાર સવારે ઘરે આવ્યા. રાતની બધી વિગતની તેમને જાણ થઈ. આ માટે તેમણે વ્રતની અનુમોદના કરી. આ મૌન એકાદશી વ્રતનો જ પ્રભાવ કે ચોરો એક તણખલું પણ ન લઈ જઈ શક્યા ! વળી સુવ્રત શેઠને વિચાર આવ્યો : 'ચોર બધા રંગે હાથ પકડાઈ ગયા છે. આથી રાજા જરૂર તેમનો વધ કરશે. નહિ, નહિ, તેમને બધાને મારે બચાવી લેવા જ જોઈએ' અને સુવ્રત શેઠ વિના વિલંબે રાજા પાસે પહોંચ્યા. તેઓ મારા નિમિત્તે જ પકડાયા છે. એટલા માટે તેમને બચાવવા જોઈએ. તેમણે રાજાને ભેટણું ધર્યું અને ચોરોને હેમખેમ છોડી મૂકવા માટે આગ્રહભરી વિનંતી કરી; અને તેઓને સહીસલામત છોડાવી ઘર આવી પછી જ તેમણે ઉપવાસનું પારણું કર્યું.

બીજા વરસે મૌન એકાદશીએ સુવ્રત શેઠ પૌષધ લઈ પૌષધશાળામાં બેઠા હતા ત્યારે તે નગરમાં પ્રચંડ આગ લાગી. જીવ બચાવવા લોકોએ નાસભાગ કરી મૂકી. મકાનો બધાં ભડભડ બળવા લાગ્યાં. આગ કાબૂમાં આવવાને બદલે વધતી ગઈ. વધતી-વધતી તે પૌષધશાળામાં આવી. તે પણ બળવા લાગી. લોકોએ બૂમાબૂમ કરી મૂકી. "સુવ્રત શેઠ ! સુવ્રત શેઠ ! ભાગો, જલદી ભાગો. આગ લાગી છે, આગ લાગી છે, પૌષધશાળા ભડકે બળી રહી છે. જલદી દોડો, જીવ બચાવો."

પણ સુવ્રત શેઠ પૌષધમાં અને મૌનમાં સ્થિર રહ્યા. તેમણે કશી જ હાયવોય ન કરી. કાયોત્સર્ગમાં સ્થિર ઊભા રહ્યા અને આત્મધ્યાનમાં

લયલીન જ રહ્યા.

સવાર સુધીમાં તો આખી પૌષધશાળા બળીને ખાખ થઈ ગઈ પરંતુ આ આગમાં સુવ્રત શેઠ અને તેમના પરિવારને જરાય આંચ ન આવી. એટલું જ નહીં, આ પ્રચંડ આગમ તેમની હવેલી, દુકાન, વખારો બધું અકબંધ રહ્યું. આ જોઈ જાણીને નગરજનોએ સુવ્રત શેઠનો તથા જૈન ધર્મનો ભારે જયજયકાર કર્યો.

સુવ્રત શેઠ બરાબર સમજી ગયા હતા કે મૌન એકાદશીની આરાધનાના પ્રતાપે પોતે અગિયારમાં દેવલોકમાં ગયા હતા; અને અહીં આ જન્મે અગિયાર પત્નીઓ મળી અને પોતે અગિયાર કરોડ રૂપિયાના માલિક બન્યા. તેઓ જીવનમાં બાર ભાવનાઓનું સતત ચિંતન કરતા રહ્યા. તેમને દૈવી શક્તિનું રક્ષણ પ્રાપ્ત થયું હતું કારણ કે તેમનું ઉત્કૃષ્ટ પુણ્ય હતું અને તેઓ ઉત્તમ રીતે ધર્મ પાળતા હતા.

તેઓ હવે વિચારવા લાગ્યા : ચોરીનો બનાવ નજર સામે આવ્યો. આગમાં સંપૂર્ણ રીતે બચી ગયા. ભલે બધી સંપત્તિ બચી ગઈ, પણ શું આ ઘટનાઓ પોતાને જાગ્રત કરવા માટે પૂરતી નથી ? હવે ગૃહવાસ ત્યાગ કરવો જોઈએ અને ચારિત્ર્યધર્મનો સ્વીકાર કરી કર્મક્ષયનો પુરુષાર્થ હાથ ધરવો જોઈએ. હું સંયમ-ધર્મનો સ્વીકાર કરીશ તો મારી અગિયારે પત્ની પણ સંયમ લેશે. તેઓ પણ કર્મક્ષય કરી મુક્તિ પામી જશે. તેમના સુખનો આનંદનો પાર નહીં રહે. તો હવે વિલંબ શા સારુ કરવો જોઈએ ? તેમણે નિરાંતે પત્નીઓને પોતાનો વિચાર જણાવ્યો અને પૂરા ઉલ્લાસથી દીક્ષા લેવા પત્નીઓ પણ સંમત થઈ.

નગરમાં જ્ઞાનના ધારક આચાર્ય ભગવંત શ્રી વિજયશેખરસૂરિજી પધાર્યા હતા. તેમની દેશના સાંભળી સુવ્રત શેઠે અગિયારેય પત્નીઓ સાથે દીક્ષા લીધી. ઉત્તમ ભાવે તપસ્યાઓ કરી દ્વાદશાંગી નું જ્ઞાન પ્રાપ્ત કરી શ્રુતકેવળી (ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવનાર) બન્યા. તેમની અગિયાર સંસારીપણાની પત્નીઓ જે હવે સાધ્વી બની હતી તેઓએ અનશન કર્યું અને એક માસના અનશન બાદ બધી કાળધર્મ પામી મોક્ષે સિધાવી.

વળી પાછો મૌન એકાદશીનો દિવસ આવ્યો. સુવ્રત અણગાર એક વૃદ્ધ બીમાર સાધુની વૈયાવચ્ચ કરતા હતા. આ સમયે એક દેવતા સુવ્રત મુનિના મૌનની પરીક્ષા કરવા આવ્યા અને એ વૃદ્ધ સાધુના શરીરમાં પ્રવેશ કર્યો. એણે સાધુને અસહ્ય વેદના ઉપજાવી. તેમના શરીરમાં રહેલા દેવે કહ્યું : ''હે સુવ્રત મુનિ ! મારાથી આ વેદના સહન થતી નથી. તમે અત્યારે જ શ્રાવકના ઘરે જઈને મારી સારવાર માટે કોઈ કુશળ વૈદ્યને બોલાવી લાવો.''

સુવ્રત મુનિ વિચારમાં પડી ગયા. ''રાતનો સમય છે, મુનિથી રાતના ક્યાંય ઉપાશ્રય બહાર જવાય નહીં. વળી, 'મારે આજે મૌન છે. શું કરું ?' ત્યાં જ બીમાર સાધુ ગુસ્સાથી બોલ્યાઃ ''ગીતાર્થ[૧] સાધુ થયા છો અને અવસરની ગંભીરતા સમજો છો કે નહીં ? જાવ, જલદી વૈદરાજને બોલાવી લાવો.''

સાધુ મહાત્મા તો આવું બોલે નહીં, જરૂર કંઈ ભેદભરમ લાગે છે એમ સમજીને સુવ્રત મુનિ ત્યાંથી ખસ્યા નહીં; કંઈ બોલ્યા પણ નહીં. આથી બીમાર સાધુ તેમને ઓઘાથી મારવા લાગ્યા. તેઓ શાંતિથી માર સહન કરતા રહ્યા અને પોતાને નિંદતા રહ્યા, 'આ મુનિ તો નિર્દોષ છે. અપરાધ મારો છે કે તેમના કહેવા પ્રમાણે હું તેમની સારવાર કરી શકતો નથી. સાધુના શરીરમાં રહેલ દેવ મારતા જ રહ્યા. પણ સુવ્રત મુનિ ઉત્કૃષ્ટ શુભ ભાવમાં ચડી ગયા, સમતા-યોગી બની ગયા. વ્યંતરદેવ થાકી ગયો અને તે મુનિનું શરીર છોડીને પોતાના સ્થાને ચાલ્યો ગયો. સુવ્રત મુનિએ ચારે ઘાતીકર્મોનો (આત્માના ગુણોનો ઘાત કરનાર) ક્ષય કરી નાખ્યો અને કેવળજ્ઞાની બની ગયા.'

આ મૌન એકાદશી સાથે શ્રી મલ્લિનાથ ભગવાનનું નામ પણ જોડાયેલું છે. તેમના ત્રણ કલ્યાણક મૌન એકાદશીના દિવસે છે.

---
- ૧. ધર્મને બરાબર સમજનાર

## ૨૯ ધર્મવીર

વેદધર્મી નામના આચાર્ય શ્રી કુંથુનાથના શાસનના સમયે વિચરતા હતા. તેમની પાસે ધન્ના નામના વણિકે દીક્ષા લીધી. ગુરુએ 'ધર્મવીર' નામથી તેમને વિભૂષિત કર્યા.

થોડા સમય બાદ ગુરુજીએ તેમને બીજા શિષ્યો સાથે વિચરવા આદેશ આપ્યો. મુનિ ધર્મવીર ગુરુઆજ્ઞા સ્વીકારી બીજા શિષ્યો સાથે વિચરવા લાગ્યા. શરૂઆતમાં સંયમમાર્ગ અમૃત જેવો મધુર લાગ્યો, પણ થોડા પણ સમય બાદ એ માર્ગ કઠીન લાગવા માંડ્યો. એટલે એમાંથી છૂટવા ખોટાં નખરાં કરવા લાગ્યા અને વહેવારમાં તો એમ જ ચાલે એમ મન સાથે સમાધાન કરી સાથેના મુનિઓને પજવવા લાગ્યા. બીજા મુનિઓ જેમ કંટાળતા ગયા તેમ તેમ ધર્મવીર રાજી થતા ગયા. તે માનતા કે મારાથી કંટાળી મને ચારિત્ર્યમાંથી છૂટો કરી દેશે.

આખરે સાથેના મુનિઓ કંટાળ્યા અને ધર્મવીરને કહી દીધું કે તમે ગુરુદેવ પાસે જાઓ અને તેઓ જેમ કહે તેમ કરો, તેથી તમારું કલ્યાણ થશે.

મુનિ ધર્મવીર પહોંચ્યા ગુરુજીની પાસે અને કહ્યું, "હે ગુરુદેવ ! આપનો પંથ ઘણો જ કઠણ છે. આ માર્ગે મારા જેવો પામર જીવ ચાલી શકે એમ નથી, માટે મને સંયમ-જીવનમાંથી છૂટો કરો." ગુરુએ કહ્યું, "હે ધર્મવીર ! સાંભળ. દુ:ખ સહ્યા વગર સુખ મળતું નથી. વળી આવાં દુ:ખો તો આપણા જીવે પહેલાં પણ ઘણાં ભોગવ્યાં છે. આ દુ:ખ તો કોઈ હિસાબમાં નથી. માટે સમતા રાખી મહામૂલા એવા ચારિત્ર્યધર્મથી પતન ન પામ." આ પ્રમાણે સતત સમજાણ આપવા છતાં ધર્મવીર સમજ્યા નહીં, અને એક દિવસ ગુરુની શિખામણને ઠુકરાવી ભાગી ગયા અને પોતાનો જુદો પંથ ફેલાવવા લાગ્યા. કાળક્રમે લોકોમાં પ્રસિદ્ધિ તો મળી, પણ થોડા સમય બાદ દુષ્કૃત કર્મોના ઉદયથી ભયંકર રોગોથી શરીર ઘેરાઈ ગયું પરિણામે એ ઘણા જ દુ:ખી થયા. સેવા કરનાર કોઈ રહ્યું નહીં. બધા તેમને નવો પંથ ફેલાવવા બદલ ધુત્કારવા લાગ્યા. આથી એ ઘણો જ પસ્તાવો કરવા લાગ્યા પણ કર્મ આગળ કોનું ચાલે ? આખરે થાકીહારીને પાછા ગુરુ પાસે આવ્યા અને પોતે કરેલ અપકૃત્યની માફી માગી. ગુરુ તો મહાસમતાધારી હતા. તેમણે ધર્મવીરને કર્મ કોઈને છોડતું નથી એ વાત જુદી જુદી રીતે સમજાવી, સુખનો અનુભવ કરવો હોય તો સમતા રાખી બધું સહન કરવા બોધ આપ્યો; અને બાજુના નગરમાં ભગવાન કુંથુનાથ ભવ્ય જીવોને બોધ આપી રહ્યા છે ત્યાં તેમની પાસે જવા કહ્યું, અને ભગવાનની વાણી તમારો ઉદ્ધાર જરૂર કરશે તેમ સમજાવ્યું.

રોગથી પીડાતો ધર્મવીર ગુરુની આજ્ઞા માન્ય રાખી ભગવાન કુંથુનાથની પાસે પહોંચ્યો. ભાવપૂર્વક વંદન કરી, પોતાની વીતક કથા કહેતા કહ્યું : "હે ભગવાન ! હું અત્યારે ક્યા કર્મના ઉદયથી પીડામાં સપડાયો છું ?" ભગવંતે કહ્યું, "અશાતા વેદનીય કર્મના ઉદયથી જીવ દુ:ખ ભોગવે છે. અગાઉના ભવમાં તેં ઘણા જીવોને દુ:ખી કર્યા છે, જેના ઉદયથી આજે તને દુ:ખ પીડી રહ્યું છે અને હજી પણ તું સમતા રાખી સહન નહીં કરે તો ભાવિમાં અનંતકાળ દુ:ખી રહેવાનો માટે જે સ્થિતિમાં હોઈએ અને જે કંઈ કર્મને લીધે મળે તેમાં જ સમતા રાખવી, જેથી જીવ ઉત્તરોત્તર શાતા ભોગવે છે અને કાળક્રમે કર્મરહિત થઈ સિદ્ધ અવસ્થાને પામે છે."

ભગવાનની સારયુક્ત ધર્મવાણી સાંભળી ધર્મવીર ઘણો રાજી થયો અને પૂછ્યું, "હે ભગવાન ! હું આગળ કઈ ગતિમાં હતો ? તેમ આ ભવે મને સંયમ મળ્યું છતાં કેમ શુદ્ધ ચારિત્ર્યથી કંટાળ્યો ?" કરૂણાના સાગર ભગવંતે કહ્યું - "અગાઉના ભવમાં હે ધર્મવીર ! તું એક રાજાનો દીકરો હતો. તું એક વખત તારા પિતા સાથે ફરવા નીકળ્યો. તો ત્યાં દૂરથી આવતા શુદ્ધ સાધુના સમૂહને જોઈ વ્યંગ કરવા લાગ્યો - હે પિતાજી ! જુઓ જુઓ, પેલું ધૂતારાઓનું ટોળું આવે છે. એમને નમસ્કાર કરો. બસ આ જ કર્મે તને ચારિત્ર્ય ભ્રષ્ટ કર્યો. પરંતુ સાથે 'નમસ્કાર' શબ્દ વાપરેલો એટલે સંપૂર્ણ ચારિત્ર્યનો ત્યાગ ન કર્યો. તો હે ધર્મવીર ! જેવી વાણી આપણે ઉચ્ચારીએ તેના તેવા જ પડઘા પડ્યા વિના રહેતા નથી. હજી બાજી હાથમાં છે. શુદ્ધ ચારિત્ર્ય પાળ તો તું કર્મરહિત થઈ શકે છે."

ભગવંતની ભવ્ય વાણી સાંભળી પોતાનાં દુષ્કૃત કર્મોને નિંદતો, ફરીથી ભગવંત પાસે દીક્ષા અંગીકાર કરી કર્મો ખપાવવા એકાંતમાં ધર્મવીર ચાલી ગયા. ત્યાં સર્વ જીવોને મન-વચન તથા કાયાથી ખમાવી, અન્નજળનો ત્યાગ કરી, મરણપર્યંતના અનશનું પચ્ચક્ખાણ કરી ધ્યાનમાં ઊભા રહ્યા. સારાનરસા ઉપસર્ગો સહેતાં સહેતાં બધાં કર્મોને ખપાવી આયુષ્ય ક્ષય થતાં બાધારહિત મુક્તિપદને પામ્યા.

❖ ❖ ❖

## ૩૦ સર્વજ્ઞસૂરિજી અને કમલ

શ્રીપુર નામના નગરમાં શ્રીપતિ નામના ધર્મિષ્ઠ શેઠ રહે. તેમને કમલ નામનો એક પુત્ર. તે બધી કળામાં નિપુણ પણ ધર્મથી સદા દૂર રહે. જ્યાં દેવ-ગુરુનું નામ આવે ત્યાં તે ઊભો ના રહે. એક વાર શેઠે તેને શિખામણ આપતાં કહ્યું "દીકરા ! બોંતેર કળામાં આપણે નિપુણ છતાં જો ધર્મકળા ન જાણતા હોઈએ તો આપણે અજાણ જ કહેવાઈએ. સર્વ કળામાં શ્રેષ્ઠ તો ધર્મકળા જ છે.'

કમલે કહ્યું - "આપણે કોઈનું ખરાબ ન કરીએ, આપણે મેળવેલું આપણે વાપરીએ એ ધર્મ જ છે ને ? સ્વર્ગ અને મોક્ષ બધું અહીં જ છે. કેટલીક વાર તો ધર્મની વાત કરનારા ધર્મને નામે પોતાના સ્વાર્થને જ સાધે છે. તમને ગમે તો તમે ધર્મ કર્યા કરો. આપણા ગળે તો આ અમારી વાત ઊતરતી નથી." આમ કહી તે બહાર ફરવા નીકળી જાય. બાપાની વાત પૂરી સાંભળે પણ નહીં.

એકવાર શેઠે કહ્યું : "તું મારી સાથે ગુરુમહારાજના દર્શને ચાલ. સાંભળવાથી કાંઈ ચોંટી જતું નથી." આમ સમજાવી તેને ઉપાશ્રયે લઈ ગયા. ગુરુમહારાજે કહ્યું - "જો ભાઈ ! હું તને ધર્મકથા કહું, તું અમારી તરફ ધ્યાન રાખી બરાબર સાંભળજે, ન સમજાય તો પૂછજે." ધર્મકથા કહી ગુરુજીએ પૂછ્યું : 'તને સમજણ પડી ને ?' તેણે કહ્યું - "જી મહારાજ, થોડી પડી ને થોડી ન પડી; કેમ કે તમે બોલતા હતા ત્યારે તમારી ગળાની હાડકી ઊંચીનીચી થતી હતી તે મેં એકસો આઠ વાર તો ગણી પણ પછી તમે ઉતાવળે બોલવા લાગ્યા એટલે ગણવું મુશ્કેલ થઈ ગયું."

આ સાંભળી બેઠેલા માણસો હસી પડ્યા. મહારાજશ્રીએ પણ અયોગ્ય જાણી તેની ઉપેક્ષા કરી. વળી એક બીજા ઉપદેશક ધર્મગુરુ પાસે શેઠ કમલને સમજાવીને લઈ ગયા. તેમણે કમલની વાત શેઠ પાસેથી સાંભળી હતી, એટલે ધર્મગુરુએ કમલને કહ્યું, "તારે અમારી સામે જોવાની જરૂર નથી. તું તારે અમારે ઉપદેશમાં ધ્યાન રાખજે." ઉપદેશ પૂર્ણ થયે તેમણે પૂછ્યું - "કેમ, કાંઈ સમજાયું કે ?" તેણે કહ્યું, "જી મહારાજ, આપે ઉપદેશ શરૂ કર્યો ત્યારથી અત્યાર સુધીમાં એક હજાર ને આઠ કીડીઓ આ દરમાં ગઈ છે. તે મેં બરાબર ગણી છે." આમ અસંબદ્ધ બોલતો જોઈ ત્યાં બેઠેલા માણસોએ તેને ઠપકો આપ્યો અને સભ્યતા રાખવા કહ્યું. કમલ ઊઠીને ચાલ્યો ગયો.

એકવાર તે ગામમાં ઉપદેશલબ્ધિવાળા સર્વજ્ઞસૂરિજી મહારાજ પધાર્યા. કમલને શેઠ સમજાવીને ઉપાશ્રયે લાવ્યા. આચાર્યશ્રીએ કમલની વિચિત્રતા જાણી. તેમણે કમલને લાગણીપૂર્વક બોલાવ્યો અને અવસર મળતાં 'પાછો આવજે' એમ કહ્યું. કમલ એકલો જઈ ચઢ્યો. આચાર્યશ્રીએ કમલને કહ્યું, "તું શું જાણે છે ?" કમલે કહ્યું - "હું તો માત્ર સ્ત્રીમાં જાણું છું." આચાર્યશ્રીએ અકળાયા વિના પાછું પૂછ્યું - "સ્ત્રીઓના ભેદ અને લક્ષણ જાણે છે ?" તેણે કહ્યું, "હું થોડુંક જાણું છું પણ આપ કહો તો તેથી મારા જ્ઞાનની વૃદ્ધિ થશે." આચાર્યશ્રીએ સહુ-પ્રથમ પદ્મિની નારીના ગુણ-સ્વભાવ દેખાવ રૂચિ આદિની વાત કહી. આવી સન્નારી મહાપતિવ્રતા અને દૃઢ મનોબળવાળી હોય છે, તેમાં કેવું સત્ત્વ - શૌર્ય અને ઔદાર્ય હોય છે ઈત્યાદિ ઉદાહરણો આપી સમજાવ્યું, આ સાંભળી કમલ તો મહારાજની વાતમાં લટ્ટુ થઈ ગયો અને મહારાજને સ્ત્રીકળાના મર્મજ્ઞ જાણી આદરથી જોવા લાગ્યો. "હવે કાલે આવજે. ચિત્રિણી સ્ત્રીનાં લક્ષણો કાલે જણાવીશ."

બીજા દિવસે એ વગર બોલાવ્યે આવ્યો. આમ રોજ રોજ આવવા લાગ્યો ને સૂરિજી તેને શૃંગાર, હાસ્ય-વિનોદ આદિની કથા કહેતા રહ્યા. મનગમતી વાતો ને રસિયો કમલ નવરો પડે ને ઉપાશ્રયે આવે. મહારાજ સાહેબ પાસે રસથી વાતો સાંભળે. એમ કરતાં માસકલ્પ પૂર્ણ થતાં મહારાજએ વિહારની તૈયારી કરી. તેમણે કમલને કહ્યું - "ભાઈ ! હવે અમે વિહાર કરીશું, માટે તું કાંઈક

નિયમ લે.'' તે સાંભળી વ્યંગ કરવાના સ્વભાવવાળો કમલ બોલ્યો, ''સાહેબ, મારે તો ઘણા બધા નિયમો છે. સાંભળો આપઘાત નહીં કરવાનો, થોરનું દૂધ નહીં પીવાનો, આખું નાળિયેર નહીં ખાવાનો, બીજાનું ધન લઈ પાછું નહીં આપવાનો - સ્વયંભૂરમણ સમુદ્રની પેલી પાર નહીં જવાનો, એમ ઘણા નિયમો મારે છે.'' આચાર્યશ્રી બોલ્યા - ''કમલ ! અમારી સામે આમ બોલવું તને શોભતું નથી. ગુરુઓની હાંસી કરવાથી ભવ જ વધે છે. હવે અમે જઈએ છીએ. આટલો સમય અમારી પાસે બેસીને તું શું શીખ્યો ? નિયમ વગરનો માણસ માણસ જ નથી. એકાદ નિયમ લઈશ તો સદા માટે અમારું સંભારણું રહેશે. માટે કોઈક નિયમ તો લે જ.''

આ સાંભળી કમલ ઝંખવાઈ જઈ બોલ્યો - ''ઠીક સાહેબ, ત્યારે કરાવો નિયમ કે અમારી પાડોશમાં રહેતા જગા કુંભારના માથાની ટાલ જોઈને જ મોઢામાં કાંઈ નાખવું,'' આચાર્યદેવે આ પણ લાભનું કારણ જાણી'' નિયમ કરાવ્યો અને તેને બરાબર પાળવા ભલામણ કરીને વિહાર કર્યો. કમલ આ નિયમને સચ્ચાઈથી પાળવા લાગ્યો. એકવાર રાજદરબારે ગયેલા કમલને પાછા ફરતાં મોડું થઈ ગયું, તે જમવા બેસતો જ હતો અને તેની માતાએ તેને યાદ કરાવ્યું કે - 'તેં આજે જગા કુંભારની ટાલ જોઈ છે કે નહીં ?' કમલને ભૂખ, થાક અને કંટાળો ઘણો આવ્યો હતો પણ ઘણા દિવસથી નિયમ પાળતો હતો, તેનો ભંગ ન થવો જોઈએ એ માટે તે કુંભારની ટાલ જોવા ઊઠ્યો. પણ બાજુમાં તપાસ કરતાં ખબર પડી કે જગા કુંભાર તો ગામ બહાર માટી લેવા ગયા છે. તેથી તે ઊપડ્યો તેની તપાસમાં. તે ફરી ફરીને કંટાળી ગયો, પણ ક્યાંય જગો જડે નહીં. ટાલ જોયા વિના જમાય પણ નહીં. તે હિંમત ન હારતાં આગળ ને આગળ ચાલતો રહ્યો. કુંભાર માટી ભરતો આટલામાં જ ક્યાંક હોવો જોઈએ એમ સમજી શોધ ચાલુ રાખી. ત્યાં એક મોટા ખાડામાં માટી ખોદતો જગો દેખાયો. સારા જેવા તડકામાં ઊભો ઊભો ફાળિયું બાંધ્યા વગરનો જગો માટી ખોદતો હતો તેથી તરત જ કુંભારની ટાલ દેખાઈ. કમાલ આનંદમાં આવી ગયો અને જોરથી બોલી ઊઠ્યો - *'જોઈ લીધી રે જોઈ લીધી.'* એ જ વખતે કુંભારને માટી ખોદતાં ધન ભરેલી માટલી દેખાઈ અને કમલની બૂમ તે જ વખતે સંભળાઈ ''જોઈ લીધી રે.'' કુંભાર સમજ્યો કે કમલે આ ધનની માટલી જોઈ લીધી છે. જો તે રાજ્યને જાણ કરશે તો બધુંયે ધન જતું રહેશે અને ઉપરથી ઉપાધિ આવશે. માટે કમલને સમજાવી દેવાથી ધનનો આવેલ લાભ મળી રહેશે.

આવા વિચારથી કુંભારે ઊંચા હાથ કરી કમલને ઊભા રહેવા બૂમ મારી, કમલ કહે, ''હવે શું ? હવે તો જોઈ લીધી.''

કુંભારને વિશ્વાસ થઈ ગયો કે આણે ધનની માટલી ખરેખર જોઈ લીધી છે. એટલે કુંભારે કમલને સમજાવતાં કહ્યું : ''તેં ભલે આ ધનની માટલી જોઈ પણ તું બીજા કોઈને કહીશ નહીં આ ધન આપણે સંપી બન્ને અડધોઅડધ વહેંચી લઈશું,'' કમલ કાબેલ અને હોંશિયાર હતો એટલે કહે, ''ચાલ ચાલ, અડધે શું થાય ?'' કુંભારે કહ્યું ''ભાઈ, તું કહે તેમ. પણ વાત બીજા કોઈ જાણે નહીં તે જોજે.'' કમલે કેટલુંક મોંઘું ધન પોતે રાખી, દેખાવમાં વધારે કુંભારને આપી ધન લઈ ઘેર આવ્યો. તેથી ધનાઢ્ય થયો. હવે તે વિચારવા લાગ્યો : આ બધો પ્રતાપ તો શ્રી સર્વજ્ઞસૂરિજીનો છે. મશ્કરીમાં લીધેલ નિયમથી આવો લાભ થયો, તો સાચા અંતઃકરણથી નિયમ લેવામાં આવે તો કેટલો બધો લાભ થાય ?આમ શ્રદ્ધા થવાથી તેણે કેટલાક નાનામોટા નિયમો લીધા. તેના ઘોર મિથ્યાત્વનો નાશ થયો. ને તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. ફરીથી સર્વજ્ઞસૂરિજી મહારાજનો યોગ થતાં તેમની પાસે તેણે શ્રાવકનાં બાર વ્રત સ્વીકાર્યા અને ધર્મ આરાધી અવસાન થતાં સ્વર્ગે ગયો.

ભેંસ આગળ ભાગવત જેવી બહુ મોટી મોટી તત્ત્વોની વાતો કરીને પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરવાના બદલે સરળ યુક્તિપૂર્વક, કલ્યાણકારી, રસ પડે તેવી વાતો સમજાવીને શ્રી સર્વજ્ઞસૂરિજીએ નાસ્તિક અને જડ એવા કમલને ધર્મિષ્ઠ બનાવ્યો. સમય પારખી આવા આચાર્યો ભાવિકોની જડતાનો નાશ કરી તેમના કલ્યાણ સંયોગો ઊભા કરી આપે છે.

# જિનદાસ અને શાંતનું શેઠ

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. રાજગૃહી નગરીમાં શાંતનું નામે એક શેઠ વસે. કુંજીદેવી નામે તેમની પત્ની. બાપદાદાએ શરૂ કરેલ પેઢી ધમધોકાર ધંધો કરે. પિતાજી ગુજરી જવાથી પેઢીનો બધો ભાર શાંતનુંના માથે આવ્યો. ધંધાની આવડત નહીં એટલે આસ્તે આસ્તે મૂડી ઓછી થતી ગઈ. ભાગ્યનું ચક્ર ફરવા લાગ્યું. પેઢી તૂટતી ગઈ અને ભાવિ અંધકારમય બની ગયું. વખત એવો આવ્યો કે બે ટંક ખાવાના સાંસા પડવા લાગ્યા. શાંતનું શેઠ બહુ જ મૂંઝાયા. રાત્રે ઊંઘ ન આવે, પાસાં આમથી તેમ ફેરવે. રાતના એક તુક્કો સૂઝ્યો. ચોરી કરીને ધન મેળવવું એવો વિચાર પાકો કર્યો.

સવારે ઊઠી કુંજી શેઠાણીને વાત કરી. શેઠાણી ચોંકી ઊઠી. 'અરે, આવો ચોરીનો અધમ વિચાર ?'

શેઠ કહે : ''હવે કોઈ બીજો રસ્તો દેખાતો નથી. ભૂખનું દુઃખ સહેવાતું નથી. ગમે તેમ થોડું ધન ભેગું કરવું જ જોઈએ. ચોરી તો ચોરી કરીને પણ.''

શેઠાણી સમજદાર હતી. તેણે શેઠને કહ્યું : ''ચોરી જ કરવી હોય તો કોઈ સાધર્મિકને ત્યાં કરો. ચોરીના ધનથી વેપાર કરી તે પૈસા તેમને પાછા વ્યાજ સાથે આપી દેવાની ભાવના રાખીને જ ચોરી કરજો.'' શેઠે શેઠાણીની સલાહ માનવી પડી.

બીજે દિવસે સાંજે પ્રતિક્રમણ કરવાના બહાને ઉપાશ્રયે ગયા. પ્રતિક્રમણ કરવા જિનદાસ શેઠની બાજુમાં બેઠા. જિનદાસ શેઠ પ્રતિક્રમણ કરવા બેઠા ત્યારે તેમણે પોતાના ગળામાં મોતીનો હાર હતો તે કાઢી કોટના ગજવામાં મૂક્યો અને કોટ કાઢી બાજુમાં મૂક્યો. આ બધું ધ્યાનથી શાંતનું શેઠે જોયું પ્રતિક્રમણનું તે નાટક કરતા ગયા, ધ્યાન તેમનું જિનદાસ શેઠના કોટમાં મોતીનો હાર હતો તેમાં હતું. અંધારું થતાં લાગ જોઈ કોટના ખીસામાંથી શાંતનુંએ હાર ઝડપી લીધો અને પોતાની પાસે રાખી લીધો. છાનામાના ઘેર આવ્યા. પત્નીને બધી ચોરીની વાત કરી.

આ બાજુ ઉપાશ્રયમાં પ્રતિક્રમણ પૂરું થતાં શેઠે બીજાં કપડાં સાથે કોટ પહેરી લીધો અને હાર કાઢવા ખીસામાં હાથ નાંખ્યો. હાર મળ્યો નહીં શેઠ સમજી ગયા - ચોક્કસ ચોરી થઈ છે. ઉપાશ્રયમાં બહારનું કોઈ આવ્યું નથી. બાજુમાં શાંતનુ બેઠો હતો. તેની સ્થિતિ નબળી થઈ છે. બાપદાદાથી ચાલતી આવતી પેઢી તૂટી લાગે છે એનો ખ્યાલ જિનદાસને હવે આવી ગયો. પણ તેમણે બૂમાબૂમ ન કરી. સ્વામીભાઈ તકલીફમાં છે, એને વધુ તકલીફમાં મૂકવો ન જોઈએ એમ સમજી ચૂપાચાપ ઘરે આવ્યા.

જિનદાસ શેઠ ઘેર તો આવ્યા, પણ વિચારતા જ રહ્યા : શાંતનું શેઠને કેમ ચોરી કરવી પડી ? પોતાના સાધર્મિક હોવા છતાં પોતે તેમનું ધ્યાન કેમ ન રાખ્યું ? હું ગામના જૈન સંઘનો સંઘપતિ છું. મારે મારા સાધર્મિક બંધુઓની યોગ્ય દેખભાળ રાખવી જોઈએ એ ન રાખી. મારું એ કર્તવ્ય હું નિભાવી શક્યો નહીં. આવા વિચારે તેમની ઊંઘ હરામ થઈ ગઈ. સવારે ઊઠતાં પણ આ જ વિચારો તેમને સતાવતા રહ્યા.

બીજે દિવસે, હવે આ હાર કોને વેચવો તે બાબતે શાંતનું શેઠ અને કુંજીદેવી વચ્ચે વાતચીત થઈ. શેઠે કહ્યું, ''બજારમાં જઈ વેચી નાંખીશ, સારા જેવા પૈસા આવશે.'' પણ શેઠાણી કહે, ''ના, એવું જોખમ ન લેવાય. ત્યાં પકડાશો તો જેલ ભેગા થશો. આ હાર લઈ જિનદાસ શેઠને ત્યાં જ જાઓ અને હાર ગીરો મૂકવો છે એમ કહી ધન માગો. શેઠ જિનદાસ ધાર્મિક અને સમજદાર છે. એ તમને ચોક્કસ ધન આપશે.'' પહેલાં તો શાંતનુનું મન ન માન્યું. એમનો જ હાર એમના ઘરે જઈ એમને આપું તો ચોરી પકડાઈ જ જાય અને શેઠ બેઈજ્જતી જ કરે. આવા વિચારે તેમને તે વાત ન

ચી. પણ શેઠાણીએ જ્યારે આગ્રહપૂર્વક એમ જ કરવા સમજાવ્યું ત્યારે તે કચવાતા મને અને બીતાં બીતાં હાર લઈ જિનદાસ શેઠની પેઢીએ પહોંચ્યા.

જિનદાસ શેઠે શાંતનુને આવકાર્યા અને પૂછ્યું "શા કારણે પધાર્યા છો ?" શાંતનુએ ગભરાતાં ગભરાતાં કહ્યું, "મારે રૂપિયા પાંચ હજારની જરૂર છે. ધંધા માટે તે મને હાલ આપો. તેની સામે હાર હું ગીરવી રાખું છું." શેઠ કહે, "લઈ જાઓ. જોઈએ એટલા રૂપિયા લઈ જાઓ, અને કોઈ ચીજ ગીરવે મૂકવાની જરૂર નથી." હા ના, ના હા કરતાં કરતાં છેવટે હાર જિનદાસ શેઠને ત્યાં રાખી રૂપિયા પાંચ હજાર લઈ શાંતનું ઘેર આવ્યા. બધી વાત શેઠાણીને કરી અને કહ્યું "હાર જોઈ શેઠ કશું બોલ્યા નહીં. જાણે કંઈ જાણતા જ નથી. હાર તેમનો છે તે તેઓ બરાબર સમજ્યા હશે છતાં કશું જ કીધા વગર રૂપિયા ધિર્યા છે."

શાંતનુએ ધંધો શરૂ કર્યો અને થોડા વખતમાં ધંધો ધમધોકાર ચાલવા માંડ્યો. વ્યાજ સાથે પૈસા ગણી તેઓને જિનદાસને આપવા તેમના ઘરે ગયા અને પૈસા ગણી આપ્યા.

શેઠે તીજોરી ખોલી હાર બહાર કાઢ્યો અને શાંતનું શેઠને આપવા ધર્યો. શાંતનું શેઠથી હવે ન રહેવાયું. તેમણે "શેઠ ! હાર મારો નથી આપનો જ છે. તે તમે રાખી લો. મેં મારી લાચાર દશાના કારણે પ્રતિક્રમણ કરતાં આપના ડગલામાંથી ચોરી કરી કાઢી લીધેલો. હું પાપી છું. શેઠ ! મને માફ કરો."

જિનદાસ શેઠ વળતો જવાબ આપે છે : "ભાઈ ! પાપી તો હું છું. મેં મારા સ્વામીભાઈની મુસીબતોનો ખ્યાલ ન રાખ્યો, એ રીતે હું મારી ફરજ ચૂક્યો છું. ધિક્કાર છે મને ! તેં મારી આંખ ઉઘાડી છે એ તારો ઉપકાર છે." આમ બન્ને જણ પોતે ગુનેગાર છે એમ એકરાર કરે છે. થોડા જ દિવસો પછી પ્રભુ મહાવીર વિહાર કરતા રાજગૃહી પધાર્યા. બન્ને જણ પ્રભુ પાસે આ ભૂલોનું પ્રાયશ્ચિત કરવા માટે ગયા. ભગવાને સાધર્મિક ભક્તિનો સાચો પાઠ શીખવાડવા માટે જિનદાસ શેઠને સાબાશી આપી અને શાંતનું શેઠને નાનું શું પ્રાયશ્ચિત આપ્યું. જિનદાસ શેઠ અને શાંતનુ એક બીજાને વહાલથી વળગી પડ્યા.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

શ્રી મણિબેન જેશંગ કરમશી માલદે - પરિવાર
ગામ : ગોઈજ - હાલ - ભિવંડી

# ૩૨ સિંહ શ્રેષ્ઠી

કીર્તિપાલ નામે રાજા વસંતપુર નગરમાં રાજ્ય કરતા હતા. તેમને ભીમ નામનો પુત્ર હતો. આ ભીમને સિંહ નામનો, એક શેઠનો પુત્ર, મિત્ર હતો. આ સિંહ જિનેન્દ્ર દેવનો પરમ ઉપાસક હતો. તેણે ગુરુ પાસે દિગ્વિરતિ વ્રત લીધું હતું (દશે દિશાઓમાં એક દિવસમાં આટલા અંતરથી વધારે આગળ જવું નહીં એવી કાંઈક મર્યાદા કરવામાં આવે) અને ૧૦૦ યોજનથી વધારે આગળ ન જવું એવો નિયમ અંગીકાર કર્યો હતો. તેના ઉત્તમ ગુણોને લીધે રાજા કીર્તિપાલને તે ઘણો પ્રિય હતો.

એકવાર કોઈ દૂતે આવી રાજાને કહ્યું, ''મહારાજ ! નાગપુરના મહારાજા નાગચંદ્રને રત્નમંજરી નામે એક અતિરૂપવતી અને ગુણવતી કન્યા છે. તેને દેખવા માત્રથી માણસ મુગ્ધ થઈ જાય તેવો તેનો પ્રભાવ છે. તેના જેવી બીજી કોઈ કન્યા આ પૃથ્વી ઉપર હોય તેવું અમને લાગતું નથી. તેના માટે ઘણા કુમારો જોયા પણ ક્યાંય મન ઠર્યું નથી. એને યોગ્ય તમારો યુવરાજ ભીમ છે ને કુમારને યોગ્ય અમારી રાજકુંવરી છે, એવું ચિંતવી અમારા મહારાજાએ મને વિશ્વાસુ જાણી તમારી પાસે આ બાબત નિવેદન કરવા મોકલ્યો છે. માટે કુંવરી માટે કુમારને અમારી સાથે જ મોકલો તો સારૂં.''

યોગ્ય કરવાનું આશ્વાસન આપી રાજાએ દૂતને આવાસે મોકલ્યો અને સિંહ શેઠને બોલાવી લાવવા માણસ મોકલ્યો. સિંહ જવાબદારી સંભાળી શકે એવો ભરોસો રાજાને હતો. તેથી કુંવર ભીમ સાથે સિંહ શ્રેષ્ઠીને મોકલવા મનથી નકકી કર્યું હતું. સિંહ દરબારમાં આવતાં જ રાજાએ કહ્યું, ''તમારે ભીમ સાથે નાગપુર જવાનું છે. ત્યાંના રાજા નાગચંદ્રે તેમની રત્નમંજરી નામની કન્યા આપણા ભીમ સાથે પરણાવવા નકકી કર્યું છે અને તેમનો દૂત આ માટે આપણી પાસે આવેલો છે. તો તમે ભીમને લઈ નાગપુર જઈ યોગ્ય કરો.'' સિંહ શ્રેષ્ઠી આ સાંભળી વિચારમાં પડી ગયા. એટલે ઉત્તર તરત ન આપી શક્યા. રાજાજીએ પૂછ્યું : ''શો વિચાર કરો છો ? શું તમને સંબંધ ન ગમ્યો ?''

શેઠે કહ્યું ''રાજાજી ! એવું કાંઈ નથી. માત્ર મારા વ્રતની વાત છે. મેં સો યોજનથી વધારે દૂર ન જવાનો નિયમ લીધો છે, ને નાગપુર અહીંથી સવાસો યોજન દૂર છે. માટે મારાથી નહીં જઈ શકાય.'' રાજાજી આ સાંભળી ગુસ્સે થઈ ગયા અને કહ્યું, ''હું રાજા અને તમે પ્રજા. તમારે મારી આજ્ઞા માનવી જ પડશે. મારી આજ્ઞા નહીં માનો તો ખબર પડશે. હમણાં જ હું તમને ઊંટ ઉપર બેસાડી હજાર યોજન દૂર મોકલી દઈશ, સમજ્યા ?''

સિંહ શ્રેષ્ઠીએ રાજાજીના મોં સામું જોયું. તે અતિ ક્રોધિત દેખાયા. સમય વર્તે સાવધાન થવામાં તેમને ડહાપણ દેખાયું અને કહ્યું, ''ભલે ! આપ શાંત થાવ. મેં તો મારા વ્રતની વાત આપને જણાવી, છતાં રાજ આજ્ઞા હું શી રીતે તોડી શકું ?''

આ સાંભળી રાજાએ પ્રસન્ન થઈ કુંવર તથા સૈન્યને તૈયાર કરી સિંહ શેઠને આગેવાની સોંપી દિવસે પ્રયાણ કરાવ્યું.

આખા માર્ગે સિંહ શેઠે કુમાર ભીમને ઈન્દ્રિય અને મનના તમાશાની વાસ્તવિકતા સમજાવી, ભોગવિલાસમાં રહેલું અલ્પસુખ એ મહાપાપનું કાર્ય છે એનો અદ્‌ભુત બોધ આપ્યો, જે સાંભળી સમજી ભીમકુમારની સંસારવાસના જ નાશ પામી અને તે શેઠનો ઘણો ઉપકાર માનવા લાગ્યો. પ્રયાણ કરતાં સો યોજન પૂરા થયા એટલે શેઠ આગળ ચાલતા અટકી ગયા અને આગળ ચાલવાની ના પાડી.

સેનાનાયકે કુમારને બાજુમાં લઈ જઈ કહ્યું, ''શેઠ

આગળ વધવાની ના કહે છે અને નીકળતાં પહેલાં રાજાજીએ અમને સ્પષ્ટ આજ્ઞા આપી છે કે કદાચ આ શેઠ સો યોજનથી આગળ જવાની ના પાડે તો તેમને બાંધીને પણ નાગપુર લઈ જવા.'' આ વાત જાણી કુમારે તે પોતાના ધર્મગુરુ સમાન શેઠને જણાવી. શેઠે કહ્યું, ''કુમાર ! આ સંસાર આખામાં કાંઈ સાર નથી. અરે ! આ શરીર પણ જ્યાં આપણું થતું નથી ત્યાં બીજું તો કોણ આપણું થાય અને શા માટે થાય ? માટે હું તો પાદપોગમ (વૃક્ષની જેવી સ્થિરતાવાળું) અણસણ લઈશ. પછી મારા શરીરનું જે કરવું હોય તે ભલે ને કરે.'' આવો કરી નિર્ણય સિંહ શેઠ અણસણ લેવા બાજુના પર્વત ઉપર ચઢી ગયા. સમજપૂર્વક કુમાર પણ શેઠની પાછળ પર્વત પર પહોંચ્યો.

આ તરફ રાત્રિ પડી. કુમાર અને શેઠ બંને ક્યાંય દેખાય નહીં. તપાસ કરતાં અંતે સવારના સૈનિકોએ બન્ને જણને અણસણ લઈ બેઠેલા પહાડ ઉપર શોધી કાઢ્યા. સેનાધ્યક્ષ હવે મૂંઝાયો. શેઠ એકલા આગળ ન વધત તો તો તેમને બાંધીને લઈ જાત, પણ કુમાર જ અણસણ લઈ બેઠો છે હવે શું કરવું ? છેવટે વિનયપૂર્વક પ્રણામ કરી સેનાધ્યક્ષે શેઠ સામું જોઈ પૂછ્યું, ''અમારે શું કરવું ?'' પણ બેમાંથી કોઈ ન ચાલે કે ન બોલે ! બન્નેને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો. આખરે થાકી થોડા સૈનિકો દોડી બીતા બીતા રાજાની પાસે પાછા ગયા. થોડા ત્યાં જ રહ્યા તેઓ રાજાનો ક્રોધ સમજતા હતા. કદાચ સૈનિકોને ઘાંચીની ઘાણીમાં નાખી પીલી નાખે તો ?

ઘણી ઘણી વિનંતી કરી કહ્યું કે, ''તમે તો ધન્ય થઈ ગયા, ''પણ અમારૂં શું ?''

પણ બન્ને જણ લેશ માત્ર પણ ક્ષોભ પામ્યા નહીં. કહ્યું છે કે સંતોષરૂપી અમૃતની તૃપ્તિ પામેલા યોગી કશી જ ઈચ્છા રાખતા નથી તેમ જ કશાથી ડરતા નથી; તેમને મન તો માટી કે સોનું તથા શત્રુ કે મિત્ર બધું સરખું જ હોય છે.

સૈનિકએ રાજાને આ વાત કહી. હવે રાજા પોતે જ દોડ્યા. મનથી નક્કી કર્યું કે કુંવરને પરાણે બાંધીને પણ પરણાવવો અને સિંહ શેઠને શત્રુની જેમ મારી નાંખવો.

માર્ગના જાણકારો સાથે, દોડતા અને હાંફતા રાજા, ડુંગર પર પહોંચ્યા તો તેમના આશ્ચર્યની સીમા ન રહી; કારણ કે સિંહ વાઘ જેવા હિંસક પશુઓ તે બન્નેની પાસે બેઠાં હતાં, ને તેમના પગમાં માથું મૂકતાં હતાં. 'આમને હવે ભક્તિ અને બહુમાનથી સમજાવવા પડશે, ક્રોધ કે કોઈ પણ પ્રકારની બીકથી કામ નહીં સરે' એમ સમજી રાજાજીએ તે બન્ને ને ઘણી વિનવણી કરીને મીઠાં વચનો કહ્યાં, પણ કોઈ રીતે તે બન્ને ડગ્યા નહીં. રાજા હવે મૌન રહી, જે થાય તે જોયા કરવામાં ડહાપણ સમજી, બાજુમાં પડાવ નાંખી ત્યાં જ રહ્યા. આમ કરતાં એક મહિનાના ઉપવાસ અને અણસણ અંતે તે બન્નેને કેવળજ્ઞાન થયું. સુર-અસુરનો સમૂહ તેમને નમવા આવી પહોંચ્યો ને આયુષ્ય પણ ત્યાં જ પૂર્ણ થતાં તેઓ મુક્તિ પામ્યા.

કીર્તિપાલ રાજાને રોવું કે રાજી થવું એ ન સમજાયું. પોતાની અણસમજની નિંદા કરતા કહેવા લાગ્યા :

''અરે ઓ મિત્ર ! સો યોજનથી આગળ ન જવું એવો તમારો નિયમ હતો, નિશ્ચય હતો તો હવે તમને મૂકીને અસંખ્ય યોજન દૂર મોક્ષમાં શા માટે ગયા !''

આમ અનેક રીતે વિચારતા અને વિલાપ કરતા રાજા પોતાની રાજધાનીમાં પાછા આવ્યા અને ધર્મમાં ઉદ્યમશીલ બન્યા.

પ્રાણ તો ભવે ભવે મળે છે પણ વ્રતનિયમ દરેક ભવે મળતાં નથી માટે પ્રાણ છોડવા પડે તો છોડવા, પણ સ્વીકારેલ વ્રતનો ત્યાગ ન જ કરવો આવો દૃઢ સંકલ્પ કરી ભવ્ય જીવોએ સિંહ શ્રેષ્ઠી જેમ વ્રત આચરવું.

૩૨

# બ્રહ્મદત્ત ચક્રવર્તી

મહારાજ બ્રહ્મદત્ત પોતાના મહેલ વસંતભવનમાં આનંદપ્રમોદમાં જીવન વિતાવતા હતા.

એક દિવસ તેઓ સૂતા હતા ત્યારે કંઈક વિચારમાં અટવાઈ ગયા. કંઈક યાદ આવે, કંઈક વિસરાય એવી સુષુપ્ત દશામાં પોતાનો સમગ્ર જીવનપટ જોઈ ગયા. ક્ષણ બાદ તેઓ બેશુદ્ધ બની ગયા. અંતરમાં જાતિસ્મરણ જ્ઞાનની જ્યોત ઝળહળી અને પોતાના પાંચ પાંચ ભવોની ઘટનાઓ મનઃચક્ષુ સમક્ષ ઉપસી આવી.

પ્રથમ ભવનું દશ્ય દેખાય છે - દશાર્ણ નામે દેશમાં એક દાસપુત્રરૂપે મારો જન્મ થયો છે. મારે એક બંધુ પણ છે. અમારી બન્નેની પ્રીત અદ્‌ભુત છે. એકબીજા વિના ચાલતું નથી. રમવામાં કે ફરવામાં, જમવામાં કે આથડવામાં, સુખમાં કે દુઃખમાં સાથે, ક્યારેય જુદા પડવાની વાત જીવનપર્યંત એ જિંદાદિલી જાળવી રાખીને અમે મોતને મર્દાનગીથી માણ્યું.

હવે, આગળ દૃષ્ટિ પર બીજો ભવ દેખાય છે - કાલિંજર નામનો પર્વત છે. શું એની વિશાળતા, રમણીય ગિરિમાળાઓ અને ભયંકર ખાણો! નાનાં નાનાં ઝરણાં ભેંકાર ભેખડો ! એવા પર્વતની ગોદમાં અમે બન્ને મૃગરૂપે જન્મ્યા. સંગીત સંભળાય ત્યારે અમે તાનમાં આવી જતાં. બન્ને સાથે દોડતા- રમતા એક દિવસ સંગીત સાંભળતાં તેના સૂરે ડોલતા અમે કોઈક શિકારીના બાણે વીંધાઈ ગયા. 'આહ' એવી ચીસ પડી ગઈ.

અને મનઃસૃષ્ટિ આગળ ત્રીજો ભવ દેખાયો મૃતગંગા નામે નદી છે. નિર્મળ એના કિનારે અમારો બન્નેનો હંસરૂપે જન્મ થયો. શુભ્ર અમારો દેહ અને મોહક સ્વરૂપ. સ્વેચ્છાએ જળવિહાર કરતાં લોકો અમને જોઈ જ રહેતા. કોઈક અમને પકડી લેવાની કોશિશ કરતા પણ અમે એવા ચતૂર કે ક્ષણમાં દૂર નીકળી જતા. કાળ વહેતો રહ્યો. અને એક દિવસ અમારો આતમહંસ વિદાય થઈ ગયો કોઈકની જાળમાં ફસાઈ ગયા અને અમારા બન્નેનું પ્રાણપંખેરું ઊડી ગયું. દશ્યો આગળ વધે છે અને ચોથો ભવ દેખાય છે - કાશીનગરીમાં અમે બેય બંધુઓ ચાંડાલરૂપે જન્મ્યા. મારૂં નામ સંભૂતિ અને ભાઈનું નામ ચિત્ર. બાળપણમાં જ અમે સંગીતની સાધના કરી. અમારા સંગીતે અમને ઠીકઠીક પ્રસિદ્ધિ આપી. પણ લોકોને ખબર પડે કે આ તો ચાંડાલપુત્રો છે, એટલે લોકો ભાગી જતા. જ્યાં જઈએ ત્યાં આ જ દશા અમારી થતી. અમે જીવનથી કંટાળ્યા અને આત્મઘાત કરવા તત્પર બન્યા. પણ નસીબસંજોગે એક જૈન અણગારે અમને એ માર્ગે જતા અટકાવ્યા. અમે જૈન શ્રમણ બન્યા, ભોગી મટીને યોગી બન્યા. અંતે અનશન આદર્યું. ચક્રવર્તી સનત્કુમાર એમના સમગ્ર પરિવાર સાથે અમને વંદન કરવા આવ્યા. એમના સ્ત્રીરત્ન ઉપર મારી નજર પડી. એનું મનમોહક સૌંદર્ય જોઈ, આવું સ્ત્રીરત્ન મળે એવી મનથી કામના કરી. આખરે અમે મૃત્યુ પામ્યા.

થોડીવારમાં સ્મૃતિપટ પર પાંચમા જન્મની અનેક ઘટનાઓ તરવરવા લાગી - દેવલોકનું દિવ્ય વાતાવરણ છે. સ્વર્ગાંગનાઓનું સુંવાળું સાંનિધ્ય છે. પાર વગરની સમૃદ્ધિ છે. ત્યાં અમે બન્ને દેવ બન્યા. ખૂબ જ આનંદપ્રમોદ ત્યાં કર્યો. અનેક વર્ષો ત્યાં

સુખ ભોગવ્યું. આખરે એનોય અંત આવ્યો, અમો બન્ને દેવલોકની દિવ્ય દુનિયામાંથી વિદાય થઈ ગયા.

ચક્રવર્તી હવે તદ્દન જાગૃત અવસ્થામાં આવી ગયા : ઓહ ! પાંચ પાંચ ભવ જોયા. આ નવા ભવમાં હું તો ચક્રવર્તી છું, પણ મારો ભાઈ ક્યાં ? પાંચ ભવ સાથે ને સાથે હતા. આ ભવમાં એ ભાઈ ક્યાં ગયો ? આ જુદાઈ કેમ ? કર્મો કારણભૂત હશે ? એ વિચારના વમળમાં ચક્રવર્તી અટવાઈ ગયા. કોઈ નિર્ણયનું નવનીત એમને ન લાધ્યું.

'ક્યાં હશે એ ? હું તો સુખના સ્વર્ગમાં મહાલું છું. ક્યાંકએ દુઃખમાં તો નહીં હોય ? ગમે તેમને મારે એને શોધી કાઢવો જોઈએ. હું ન શોધી શકું તો મારી પાંચ જન્મની પ્રીત ને લાંછન લાગે.' આમ વિચારતાં તેમના સમગ્ર દેહમાં એક ધ્રૂજારી પ્રસરી ગઈ.

'ક્યાં હશે એ મારો જન્મોજન્મનો ભાઈ ? નથી એના નામની ખબર, નથી એના ગામની ખબર ! કેમ શોધવો ?' મૂંઝવણ વધતી ગઈ. ઘણા વિચાર-મંથનને અંતે એક વિચાર મનમાં ઝબક્યો. એક યુક્તિ લાધી. એ યુક્તિ અનુસાર, તેમણે એક ગાથા રચી. આ ગાથામાં તેમના પૂરા પાંચે ભવોનો ખ્યાલ આપ્યો. ગાથા આ પ્રમાણે હતી - आसि दासा मिगा हंसा, चांडाल अमरा जहा। અર્થાત્ અમે દાસ, મૃગ, હંસ, ચાંડાલ અને અમર રૂપે હતા. આ રચનાની સાથે રાજાએ ઢંઢેરો પીટી જાહેરાત કરાવી કે જે કોઈ આ ગાથાની પાદપૂર્તિ કરશે તેને રાજા પોતાનું અર્ધું સામ્રાજ્ય સમર્પિત કરી દેશે.

આમાં રાજાની ગણતરી એ હતી કે, જે કોઈ આ ગાથા પૂર્ણ કરશે તે મારો ભવોભવનો ભાઈ જ હશે. તેને પણ મારી માફક પાંચે ભવ યાદ આવશે અને આ ગાથાની યથાર્થ પાદપૂર્તિ કરી શકશે. બસ, પછી તો અમારૂં મિલન થઈ જશે અને અમો આનંદ આનંદ કરીશું.

ગામમાં, બીજાં શહેરોમાં, જ્યાં ને ત્યાં બધા આ ગાથાનું શ્રવણ કરે છે પણ કોઈથી પાદપૂર્તિ થતી નથી. બ્રહ્મદત્ત પ્રતીક્ષા કરી રહ્યા છે. જરૂર મારો સાથી, મારો ભાઈ મને મળશે જ.

હવે બ્રહ્મદત્ત ચાલુ ભવની બાળપણથી અત્યાર સુધીની વાતો વિચારવા લાગ્યા :

કાંપિલ્યપુર નગરના રાજા બ્રહ્મને ચાર પાક્કા મિત્રો હતા : કાશીદેશનો રાજા કંટક, હસ્તિનાપુરનો સ્વામી કરેણુ, કોશલનો અધિપતિ દીર્ઘ અને ચંપાનરેશ પુષ્પચૂલ. આ બધા વારંવાર એકબીજાને મળતા અને એકબીજાના રાજ્યમાં વારાફરતી રહેતા. કાળના પ્રતાપે રાજા બ્રહ્માસખ્ત માંદા પડ્યા. મસ્તક વેદનાએ ભરડો લીધો. ચારે મિત્રો બ્રહ્મ રાજા પાસે આવી પહોંચ્યા. બ્રહ્મ રાજા પોતાના બાળક બ્રહ્મદત્તને તથા પોતાના રાજ્યને સાચવવાનું જણાવી મુત્યુ પામ્ય .રાજા દીર્ઘને રાજ્યને સાચવવાનું જણાવી બીજા ત્રણે પોતપોતાના રાજ્યમાં ચાલ્યા ગયા.

રાજ્યનો વહીવટ કરતાં દીર્ઘ રાજા બ્રહ્મ રાજાની રાણી ચૂલણીના અતિ પરિચયમાં આવ્યા ને પરિચય પ્રણયમાં પરિણમ્યો. બ્રહ્મદત્ત શૈશવકાળ વટાવી ચૂક્યો હતો. તે પોતાની સગી માનાં આ કારસ્તાન જાણી ગયો. માને ગમે તેમ આ ખોટા રસ્તાથી પાછી વાળવી જોઈએ એવા વિચારથી એક દિવસ એક કાગડા અને એક કોકિલાને લઈ તે રાણીવાસમાં ગયો. દીર્ઘ અને તેની માતા ચૂલણી ત્યાં હતાં તે સાંભળે એ રીતે કુમાર જોરથી બોલ્યો -

"ઓ કાગડા તું કોકિલામાં મુગ્ધ થયો છે, પણ આનું પરિણા ન સારૂં નહીં આવે. માટે સમજી જા. એમ કે ? નહું માને, તો લે" એમ કહી કટારીથી કાગડાને માર નાખતાં જોરથી બોલ્યો, "આવી નાદાની જે કો કરશે તેને આ બ્રહ્મદત્ત જીવતો નહી મૂકે." આમ : હી બ્રહ્મદત્ત ત્યાંથી જતો રહ્યો પણ આ સાંભળી : ોર્ઘ ગભરાઈને કહેવા લાગ્યો, "તું કોકિલા ને હું ક ાગડો ! સમજાણ પડી ?" રાણી કહે, "આ તો બાળ મત કહેવાય. તમારી શંકા અસ્થાને છે. આપાણા સં બંધની એને શી ખબર પડે ?"

થોડા દિવસ પછી દીર્ઘ અને રાણી ચૂલણી ઉપવનમાં હત ત્યાં ગોઠવણ મુજબ કુમારે આવી હાથણી સાથે પાડાનો સંબંધ કરાવ્યો અને તરત પાડાનું ગળું ક પતાં તે બોલ્યો - "કેમ તને લાજ ન આવી ? તને શું, પણ જે કોઈ આવું કરશે તે અવશ્ય મારા હાથે મરશે."

હવે દીર્ઘ રાજાને પાક્કો વિશ્વાસ થઈ ગયો કે આ અમારા સંબંધને જાણી ગયો છે અને બીજાના બહાને મને શિ ખામણ આપે છે. એણે તરત રાણીને કહ્યું કે "મને ભય છે ને તે સકારણ છે." રાણીએ ચિંતિત થઈને કહ્યું - "તમારી વાત સાચી છે, પણ પ્રિયતમ ! તમા ! ચિંતા કરવાની જરૂર નથી. હું તેને ઠેકાણે પાડું છું. તમે ને હું આનંદમાં હોઈશું તો આપણને ઘણ ા પુત્રો થશે." રાજા સહમત થયો અને યોજના ઘડી. થોડા દિવસમાં એમણે ગુપ્ત રીતે લાક્ષાગૃહ (લાખનો મહેલ) બનાવરાવ્યું, જે બહારથી સુંદર પથ્થરનું મકાન લાગે. અને એક સામંતની સુંદર કન્યા સાથે બ્રહ્મદત્તનાં લગ્ન કરાવ્યાં. સુહાગરાત માટે નવદંપતીને તે લાક્ષાગૃહમાં રહેવાની મનગમતી સગવડ કરી આપી. ચાલાક મંત્રીને પહેલેથી જ ખ્યાલ આવી જતાં રક્ષણની ગુપ્ત વ્યવસ્થા કરી જ રાખી હતી. લગ્નની રાતે નવદંપતી નવા મહેલમાં આવ્યાં. મધ્યરાત્રિ થતાં મહેલને આગ ચાંપવામાં આવી. નવદંપતી સાથે મંત્રીપુત્ર વરધેનું મહેલમાં હતો જ. તે સાવધાન હતો. તરત કુમારને લઈ સુરંગ માર્ગે ભાગ્યો. આખો મહેલ ગારાના ઢગલાની જેમ બેસી ગયો સુરંગ દ્વારે ઊભા રાખેલા ઘોડા ઉપર ત્રણે બેસીને દેશાંતર નીકળી પડ્યાં.

ભાગ્યશાળી બ્રહ્મદત્તે પૃથ્વી પર ભ્રમણ કરતાં બધે જ વિજય મેળવ્યોને સાર્વભૌમ થયો. તેને ચક્રરત્ન મળ્યું ને તે ચક્રવર્તી બન્યો. મંત્રી વરધેનુ જે એની સાથે જ હતો તેને સેનાધિપતિપદે સ્થાપન કર્યો. સારો દિવસ જોઈ પછી પોતાના વતન કાંપિલ્યપુરમાં આવ્યો અને ચક્રથી દીર્ઘરાજાનું મસ્તક છેદી નાખ્યું. પિતાના સિંહાસન ઉપર મોટા સમારોહપૂર્વક તે બેઠો ને અનુક્રમે ભરતક્ષેત્રના છયે ખંડને સાધ્યા.

બ્રહ્મદત્તને બધી જ જાતનું સુખસાધન અને સંપત્તિ હતી. પણ પાંચ પાંચ ભવનો સાથીદાર ભાઈ ન મળવાથી મન દુઃખી રહેલું હતું. હજુ કોઈ आसि दासा मिगा हंसा, चांडाल अमरा जहा। ની પાદપૂર્તિ કરનાર કોઈ મળ્યું નહીં એની ઉદાસીથી મન વ્યથિત રહેતું હતું.

એક દિવસની વાત. કાંપિલ્યપુર નગરના બાહ્ય ઉદ્યાનમાં એક માળી છોડને જળ સીંચી રહ્યો હતો અને પેલી અર્ધી ગાથા એના મુખમાં રમી રહી છે. એ અપૂર્ણ ગાથા સાંભળતા બાજુમાં ધ્યાનમાં ઊભેલા મુનિવર ચમકી ઊઠ્યા, 'ઓહ' આ તો મારા જ પૂર્વજન્મોનો વૃત્તાંત ! લાગે છે કે મારા સાથીદારે મને શોધવા આ ગાથા રચી છે. તેઓ માળી સમીપ આવ્યા અને ગાથાનો પૂરો ઈતિહાસ

મેળવી લીધો. એમને પૂર્ણ ખાતરી થઈ કે બ્રહ્મદત્ત ચક્રવર્તી પોતે જ મારો સાથી છે. મુનિવરે તરત જ એ અપૂર્ણ શ્લોકની પૂર્તિ કરી : इमानो छट्ठिया जाई, अन्नमन्नेण जा विणा । (ઉત્તરાધ્યયન સૂત્ર) અર્થાત્ જે આસક્તિના કારણે અમે એકબીજા વિના જુદા જુદા ઉત્પન્ન થયા એ આ છઠ્ઠો જન્મ છે. મુનિવરે એ અર્ધગાથા માળીને સુપ્રત કરી. માળી તો રાજી રાજી થઈ ગયો. આ પૂર્તિ બ્રહ્મદત્ત ચક્રવર્તીને સંભળાવીશ, અને અર્ધું રાજ્ય મળી જશે. તે તો દોડ્યો રાજમહેલે. બધી જાતની દ્વાર ઉપર સુરક્ષા હતી. સેવકો ઊભા હતા. તેમને હર્ષભર વાત કરી પહોંચ્યો બ્રહ્મદત્તની પાસે. ચક્રવર્તી કથાની પાદપૂર્તિ સાંભળી અવાક્ થઈ ગયા. ચોક્કસ આ જ મારો પાંચ જન્મનો સાથીદાર ! પણ એના દેદાર જોઈ દુઃખી થઈ ગયાઃ મારા સાથીના આ હાલ ? શા કામની મારી સમૃદ્ધિ ? ઓહ, એમ ચીસ પાડી મૂર્છિત થઈ ભૂમિ પર પડી ગયા.

ચક્રવર્તી ભૂમિ પર પડી જતાં જ માળી ધ્રૂજી ઊઠ્યો : રે ! ગાથાની પંક્તિમાં મુનિવરે કોઈ મંત્ર મૂક્યો છે, નહિ તો રાજા મૂર્છિત કેમ થઈ જાય ? ના, મારે સાચી વાત જણાવી દેવી જોઈએ. નહીં તો પુરસ્કારને બદલે કોઈ મોટી પીડા પ્રાપ્ત થઈ જશે. ભયંકર ભયની ભ્રમણામાં એ થરથરી ઊઠ્યો.

થોડી ક્ષણોમાં ચક્રવર્તી કંઈક સ્વસ્થ થયા. માળીએ ધ્રૂજતાં ધ્રૂજતાં હાથ જોડી કહ્યું, 'મહારાજ ! આ ગાથાની રચના મેં નથી કરી.'

'હેં ?' તો પછી આ ગાથા તને કોણે આપી ?' ચક્રવર્તીએ પૂછ્યું. માળીએ કહ્યું, 'મને આ ગાથા એક મુનિવરે કહી છે, જેઓ આજે જ ઉદ્યાનમાં પધાર્યા છે.' સાચી હકીકત જણાવી હાથ જોડી ઊભો રહ્યો. ચક્રવર્તી આનંદિત થઈ ગયા.

તરત જ સેવકો દ્વારા એમણે મુનિવરને મુલાકાત કાજે આમંત્રણ પાઠવ્યું . મુનિવરે એ આમંત્રણ સ્વીકાર્યું અને તેઓ રાજમહેલમાં પધાર્યા.

બ્રહ્મદત્તે મુનિવરને નિહાળ્યા. નયનોથી નયનો મળતાં જ સ્નેહનો ધોધ પૂરજોશમાં વહ્યો. ચક્રવર્તીને વિશ્વાસ થઈ ગયો કે આ જ મારો સાથી. તેમણે મુનિવરને પ્રણામ કર્યા અને બોલ્યા, 'પ્રભુ ! પ્રીત તો આપણી પુરાણી છે, પણ વર્તમાનની કોઈ પિછાન, પરિચય નથી. મને આપનું નામ જણાવશો ?' 'મારું નામ ચિત્રમુનિ છે.' મુનિવરે ટૂંકમાં ઉત્તર દીધો.

'ઓહ ! ચિત્રમુનિ ? ગત માનવજન્મમાં પણ આપનું નામ એ જ હતું ને ?આપ ચિત્ર ને હું સંભૂતિ, યાદ છે ને ? કેવો યોગાનુયોગ ! નામ પણ એ જ અને વેશ પણ એ જ.' 'રાજન્ ! નામ તો દેહનાં છે. દેહના એ દેવાલયમાં વસતો આતમ તો અનામી છે. નામ વિનાશી છે. આત્મા અવિનાશી છે.' મુનિવરે વિરાગની વાત કહી.

'ઓહ મુનિવર ! આપની વાણી વિરલ છે. સારું થયું, આપણા સંબંધોના તૂટેલા તાર ફરીથી સંધાયા. પણ મને એ નથી સમજાતું કે પાંચ પાંચ ભવનો આપણો સ્નેહસંબંધ કેમ તૂટી ગયો ?' ચક્રવર્તીએ ચિત્તની ચિંતા રજૂ કરી.

મુનિવરે જવાબ આપ્યો, રાજન્ ! સંબંધ તૂટવાનું પણ કારણ છે. યાદ કરો એક ભવ. આપણે બન્ને અણગાર હતા. આપણે અણસણ આદર્યું. આપણા દર્શને ચક્રવર્તી સનત્કુમાર સપરિવાર આવ્યા. તમારી નજર તેમની પટરાણી પર પડી. એના સૌંદર્યે તમને મોહિત કર્યા. એવું સ્ત્રીરત્ન મળે એવી તમે કામના કરી. અંત સમયે

તમે અનાસક્તિ ચૂક્યા અને આસક્તિમાં પડ્યા. એ આસક્તિએ જ આપણને જુદા કર્યા. તમે નિયાણાના પ્રભાવે ચક્રવર્તી બન્યા. હું અનાસક્તિની આરાધનાના પ્રભાવે આ ભવે પણ અણગાર બન્યા.'

બ્રહ્મદત્તે 'ધન્ય છે આપને' એમ કહી નમસ્કાર કર્યા અને બોલ્યો : 'હવે આપ અત્રે મારી સાથે મહેલમાં જ રહો, એટલે આપણે જુદા ન પડીએ.' પૂરા ભાવથી એમણે મુનિરાજને વિનંતી કરી. આજીજી કરતાં કહ્યું, 'મારું મન આપનું સ્નેહાળ સાન્નિધ્ય ઝંખી રહ્યું છે.'

અનાસક્તિના આરાધક અણગારે સ્વસ્થતાથી ઉત્તર દીધો, 'રાજન્ ! નીલગગનમાં વિહરતાં પંખી જો કદી પાંજરાની પરતંત્રતા ઝંખે ખરાં ? ભલે પછી પાંજરું રત્નજડિત અને સોનાનું હોય ! અમારે મન સંસારની સુખ-સમૃદ્ધિ એ રત્નજડિત પાંજરા જેવી છે. એ સુખ-સમૃદ્ધિ અમને ન ખપે. સંસારમાં પાપ થયા કરે છે. પણ હા, એવો એક ઉપાય છે ખરો કે જેથી આપણો સંયોગ સજીવન બને, એટલું જ નહિ, શાશ્વત પણ બને.' કયો ઉપાય, પ્રભુ ?' ચક્રવર્તીના અંતરમાં આતુરતા તરવરી રહી. 'સંસાર છોડી ચારિત્ર્ય ગ્રહણ કરવું એ એક જ ઉપાય છે.' મોહમય ચક્રવર્તી બોલ્યા, 'ના, ના, એ અશક્ય છે. સંભૂતિના ભવમાં સ્વપ્નાં સેવ્યા હતાં તે સાકાર થયાં છે. આ સાહ્યબી, આ સ્ત્રીરત્ન હું ના છોડી શકું.'

મુનિરાજે પોતાના ભવોભવના સાથીદારને સંસારની મોહમાયામાંથી છોડાવવા ભરપૂર પ્રયત્ન કર્યો. ઘણું સમજાવ્યું પણ મોહાંધ રાજા આ સુખ-સાહ્યબી છોડવા કોઈ રીતે તૈયાર ન થયા. આખરે મુનિરાજે સાફ શબ્દોમાં જણાવ્યું, 'રાજા ! હજુ જો આ સાહ્યબીની આસક્તિ ચાલુ જ રાખશો તો દુર્ગતિનાં દુઃખો ભોગવવાં પડશે. જે જે ચક્રવર્તીઓએ સામ્રાજ્ય, સમૃદ્ધિનો ત્યાગ કર્યો છે તે બધા સદ્ગતિ પામ્યા છે, જે નથી છોડી શક્યા તે નરકે જ ગયા છે. માટે આટલી કાતિલ આસક્તિ છોડો.'

'હું પામર છું આપ પરમ છો. આપ-ધર્મને સમજી આચરવાનું સામર્થ્ય ધરાવો છો, જ્યારે હું ધર્મ સમજવા છતાં તેને આચરી શકતો નથી. ધન્ય છે આપને અને ધિક્કાર છે મને !' મુનિવરે જોયું કે ભાવિભાવને કોઈ મિથ્યા કરી શકતું નથી. આસક્તિ એ અભિશાપ છે. હવે તો એકવાર નરકમાં જઈને ફરી જ્યારે આ જીવ ક્યારેક નરભવમાં આવશે ત્યારે એનું ઠેકાણું પડશે, તે પહેલાં શક્ય નથી. એમ ચક્રવર્તીની ભાવદયા ચિંતવતાં ચિત્રમુનિ રાજમહેલમાંથી વિદાય થઈ ગયા.

એક દિવસ ચક્રવર્તીની સવારી રસ્તા ઉપરથી પસાર થતી હતી ત્યારે એક બ્રાહ્મણ રસ્તા વચ્ચે એક મોટો વાંસડો હાથમાં લઈ ઊભો હતો. વાંસડાને ખાસડાનો હાર પહેરાવ્યો હતો. એના ઉપર ચીંથરાં વીંટી ઉપર સૂપડું મૂક્યું હતું. આ જોઈ રાજાને આશ્ચર્ય થયું. તેણે ચાકર મારફતે બ્રાહ્મણને બોલાવ્યો અને પૂછ્યું, 'ભાઈ ! કેમ શા કારણથી આમ ઊભો છે ?' બ્રાહ્મણે કહ્યું, 'મહારાજ આપને મળવા ઘણી મહેનત કરી, પણ રાજદરબારમાં મને કોઈએ આવવા ન દીધો. એટલે આપનું કોઈ પણ રીતે ધ્યાન દોરવા ઊભો છું. આપ નાના હતા અને વિપત્તિમાં ભમતા હતા ત્યારે મેં તમને પાણી પાયું હતું. મને ખબર પડી કે આપ તો ચક્રવર્તી થયા છો, તો તમને મળું તો મારું દળદર ફીટે. આવા આશયથી અહીં આ રીતે ઊભો છું.' ચક્રવર્તીએ તેને ઓળખ્યો. પ્રસન્ન થઈ

૧. ધર્મના ફળ રૂપે સંસાર સુખની માગણી

તેને જે જોઈએ તે માંગવા કહ્યું. મંદબુદ્ધિના બ્રાહ્મણે પોતાની સ્ત્રીએ શીખવ્યા પ્રમાણે પ્રતિદિન નવા ઘરે જમણ તથા દક્ષિણામાં બે સોનામહોર મળે તેવી વ્યવસ્થા કરી આપવા જણાવ્યું. રાજાએ બીજું કાંઈ સારૂં માંગવા કહ્યું, પણ તેણે માન્યું નહીં, એટલે રાજાએ બ્રાહ્મણની માગણી મુજબ પ્રબંધ કરી આપ્યો અને તેના કહેવાથી આની શરૂઆત પોતાના રસોડેથી કરાવી. ચક્રવર્તીએ બ્રાહ્મણને સમજાવ્યો કે મારા માટે કરેલી રસોઈ તને નહીં ફાવે. પણ તે માન્યો નહીં. ચક્રવર્તીએ પોતાના રસોડે બ્રાહ્મણને સપરિવાર જમાડ્યો અને સારી દક્ષિણા આપી. પણ ચક્રવર્તીનું અતિગરિષ્ઠ ભોજન જીરવવું કઠણ હતું. ઘરે આવ્યા પછી પછી સહુને તેનો કેફ ચઢ્યો. રાત્રિને સમયે તેણે બહેન, માતા સાથે પશુવત્ નિષિદ્ધાચરણ કર્યું. સવારે જ્યારે ભાન થયું ત્યારે તેને ઘણી લજ્જા આવી ને સાથે ચક્રવર્તી ઉપર ક્રોધ આવ્યો. આ અપકૃત્ય તે રાજાએ જાણીજોઈને કરાવ્યું છે એવું તેને લાગ્યું. તેથી તે રાજાનો વેરી થયો અને 'આ ચક્રવર્તીને તો મારી નાખવો જોઈએ' એમ વિચારી તેને કેમ મારવો તેનું ચિંતવન કરવા લાગ્યો.

એવામાં તેણે જંગલમાં એક પાક્કો નિશાનબાજ જોયો. તે ગીલોલથી ઝાડ ઉપરના પાંદડામાં ધાર્યાં કાણાં પાડી શકતો હતો. તેને કેટલુંક દ્રવ્ય તથા બીજી મોટી લાલચ આપી તેના દ્વારા ચક્રવર્તીની બન્ને આંખો ફોડાવી નાખી. પણ તે નિશાનબાજ પકડાઈ ગયો. તેણે બ્રાહ્મણનું નામ આપી દીધું રાજાએ પરિવાર સાથે બ્રાહ્મણને મારી નંખાવ્યો, છતાં ચક્રવર્તીનો ક્રોધ ઓછો થયો નહીં. તેણે આજ્ઞા આપી કે થોડા બ્રાહ્મણોને રોજ મારી નાખવા અને તેમની આંખો મને આપવી. આમ રોજ કરવામાં આવતું. તેમની આંખો હાથેથી ચોળી ચક્રવર્તી ઘણો રાજી થતો. આવી રીતે ઘણા નિર્દોષ જીવોનો ઘાત થતો જાણી મંત્રીએ આંખના આકાર જેવાં ફાડેલાં વડગુંદા આપવાનું ચાલુ કર્યું. તે વડગુંદાં બ્રાહ્મણોની આંખો જ છે એમ ચક્રવર્તી સમજતા. આ રીતે તેણે સોળ વર્ષ આ પાપ કર્યા કર્યું. છેવટે રૌદ્ર ધ્યાનમાં મૃત્યુ પામી તે સાતમી નરકે ગયો.


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

**શ્રી છન્નાલાલ બી. શાહ**
**પરિવાર**

મુંબઈમાં સીવનાસ્વામાં બંગલા ૩૦૦૦ થી ૬૦૦૦ સ્કે. ફીટ તથા
મુંબઈ વસઈમાં ફેક્ટરી ગાળા વેચાણથી મળશે

સંપર્ક : છન્નાલાલ બી. શાહ
મો.: ૦૯૮૯૨૨ ૮૮૬૫૯

# ૩૪ વરદત્ત મુનિ

વરદત્ત નામના મુનિ ઈર્યા સમિતિમાં[1] સદા તત્પર રહેતા. તેમના ઉપયોગની શક્રેન્દ્રે પોતાની સભામાં પ્રશંસા કરી. આ વાત એક દેવને ગળે ન ઊતરી. તે મુનિનું પારખું કરવા આવ્યો....ને મુનિના માર્ગમાં અસંખ્ય માખી જેવડી ઝીણી ઝીણી દેડકી વિકુર્વી. તેનાથી આખો માર્ગ છવાઈ ગયો. પગ મૂકવાની પણ જગ્યા ન જોઈ, મુનિ ઈર્યા સમિતિમાં સાવધાન થઈ ત્યાં જ સ્થિર થઈ ગયા. દેવે લડતા હાથીઓ વિકુર્વ્યા. જાણે હમણાં ઉપર જ આવી પડશે એમ લાગવા છતાં સ્વયંને બચાવવા ખસ્યા જ નહીં. દેવે વિકુર્વેલા માણસો રાડ પાડી કહેવા લાગ્યા, 'ઓ મહારાજ ! જલદી માર્ગમાંથી ખસી જાઓ, અરે ખસી જાઓ. આ હાથીઓ કચરી નાખશે.' પણ તેઓ તો સ્વભાવ દશામાં રમતા જ રહ્યા. ત્યાં તો હાથી દોડતો આવ્યો ને માર્ગમાં ઊભેલા મુનિને સૂંઢથી પકડી આકાશમાં ઉછાળ્યા. ઉપરથી નીચે પડતા મુનિ વિચારે છે કે ધરતી પર તો અસંખ્ય દેડકીઓ છવાઈ ગઈ છે. ભૂમિનું પ્રમાર્જન[2] પણ નહીં કર્યું હોય ત્યાં આ મારૂં શરીર પડશે ને કોણ જાણે કેટલીયે દેડકીઓનો કચ્ચરઘાણ નીકળી જશે. દેવે ઘણી રીતે વ્યથિત કર્યા પણ તેઓ ઈર્યા સમિતિથી ભ્રષ્ટ થયા નહીં. તેથી પોતાના સ્વયંના જ્ઞાનથી અને ઈન્દ્ર મહારાજના વચનથી તેણે મુનિની અડગતા, ભાવની નિર્મળતા ભાળી. દેવ પ્રગટ થયો, ને પ્રણામ કરી બધી વાત નમ્રતાપૂર્વક જણાવી. પોતે કરેલ અપરાધની ક્ષમા માગીને મુનિની ઘણી પ્રશંસા કરી. તેના મિથ્યાત્વનો નાશ થતાં તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ. ઘણો પ્રસન્ન થઈ તે દેવ સ્વર્ગે ગયો.

આ પ્રમાણે વરદત્ત મુનિની જેમ ઈર્યાસમિતિ નામનો પ્રથમ ચારિત્ર્યાચાર[3] સર્વે મુનિઓએ, વિરતિવંતોએ પાળવો. તે મુનિરાજનું વિરતિમય જીવન જોઈ મિથ્યાત્વી દેવ પણ સમ્યક્ત્વ પામ્યો.

---

૧. ઈર્યા સમિતિ એટલે ચાલતી વખતે પગ નીચે આવીને કોઈપણ ત્રસ કે સ્થાવર જીવ કચડાઈ ન જાય, મરી ન જાય તેની સાવધાની રાખવી.

૨. જયણાપૂર્વક સાફસૂફી.

૩. ઈન્દ્રિયો, વિષયો અને કષાયોના વિજયવાળું ત્યાગી જીવન.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

શ્રી ભગવાનજી કેશવજી
માલદે પરિવાર

હસ્તે : અમીત ભગવાનજી

૫૩- દિગ્વિજય પ્લોટ, જામનગર.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

શ્રી અમૃતલાલ મુલજી માલદે
પરિવાર
ગામ : વસઈ, હાલ : જામનગર.

A. N. Malde
B. A. Malde

GOMEX Plastic Industries

All kinds of Electrical Brass Parts, Full Range of MEM, HC., H.R.C. Type Contact for Switch Gear, Fuse Unit & Turned Brass Components

K-1 / 256, G.I.D.C., Jamnagar-361 004
Tele/Fax : +91-288 (O) 2560342, 554234 (R) 2713509 (M) : 98242 99124
E-mail : gomex_od1@sancharnet.in

૩૫

ભગવાન ઋષભદેવે દીક્ષા લેતાં અગાઉ સૌ પુત્રની જેમ પુત્ર ાવિડ અને વારિખિલ્લને પણ રાજ્યભાગ આપ્યો હતો. દ્રાવિડને મેથિલાનું રાજ્ય તથા વારિખિલ્લને લાખ ગામો આપ્યાં હતાં.

આમ છતાંય બન્ને એકબીજાની સંપત્તિની ઈર્ષ્યા કરવા ાગ્યા અને એકમેકનું રાજ્ય પડાવી લેવા જુદા-જુદા પેંતરા રચવા ાંડ્યા.

એક વખત વારિખિલ્લ દ્રાવિડના નગરમાં આવી રહ્યો હતો. ા સમાચાર મળતાં દ્રાવિડે તેને પોતાને નગરમાં આવતો અટકાવ્યો. ોટાભાઈના આ વર્તાવથી વારિખિલ્લ રોષે ભરાયો અને તેણે સૈન્ય ાથે દ્રાવિડના નગર પર આક્રમણ કર્યું. બન્ને વચ્ચે સાત-સાત વરસ ુધી ભીષણ યુદ્ધ ચાલ્યું. આ યુદ્ધમાં બંને પક્ષે પાંચ-પાંચ કરોડ ્રભુટો માર્યા ગયા. અનેક હાથી, ઘોડા, આદિ હણાઈ ગયા તોયે ન્નેમાંથી કોઈએ મચક આપી નહીં.

યુદ્ધના નિયમોના હિસાબે તે વખતે ચોમાસામાં યુદ્ધ બંધ હેતું. આવા એક ભીના દિવસે દ્રાવિડ પોતાના પરિવાર સહિત વનનું ૌંદર્ય જોવા નીકળ્યો. ફરતાં ફરતાં તે કોઈ તાપસના આશ્રમમાં હોંચ્યો. ત્યાંના કુલપતિ સુવલ્ગુ સ્વામી પાસે નમન કરીને બેઠો. વામીજી તે વખતે ધ્યાનમાં બેઠા હતા. ધ્યાન પૂર્ણ થતાં દ્રાવિડે ફરીથી ણામ કર્યા. સુવલ્ગુએ દ્રાવિડને આશીર્વાદ આપ્યા અને ઉપદેશ ાપતા કહ્યું કે-

"હે રાજન્ ! તમે આમ બન્ને સગા ભાઈઓ રાજ્ય માટે હેંસક યુદ્ધ લડો છો તે તમોને જરાય શોભાયમાન નથી. ભરત અને ાહુબલી પણ પોતાની ભૂલ સમજ્યા હતા અને યુદ્ધ બંધ કરીને ાહુબલી મોટાભાઈ ભરતને વિનયથી પ્રણામ કરીને તરણતારણ દાદા ઋષભદેવના સંયમ પંથે વળ્યા હતા. તો તમે બન્ને ભાઈઓ યુદ્ધ બંધ રો. વેર-ઝેરને ભૂલી જાઓ અને તમારા જીવનનું કલ્યાણ રો."

કુલપતિ સુવલ્ગુસ્વામીની પ્રેમાળ વાણી ાવિડના હૈયા સોંસરી ઊતરી ગઈ. તેને પોતાની ભૂલ મજાઈ. તરત જ બધાં શસ્ત્રો છોડી દઈને ઉઘાડા પગે નાનાભાઈ ારિખિલ્લને ખમાવવા માટે દોડ્યો. મોટાભાઈના હૃદયપરિવર્તનની ાત જાણીને નાનો ભાઈ પણ સામે દોડ્યો. બન્ને એકમેકને પ્રેમથી ભેટ્યા, એકબીજાની ક્ષમા માગી અને બન્ને ભાઈઓએ બચેલા પાંચ-પાંચ કરોડ સૈનિકો સાથે તાપસી દીક્ષા લીધી. અને વનમાં તપસ્યા સાથે ધર્મધ્યાનમાં લીન રહેવા લાગ્યા.

એક દિવસે નમિ-વિનમી નામના વિદ્યાધર રાજર્ષિના બે પ્રશિષ્યો આકાશ માર્ગે એ વનમાં આવી પહોંચ્યા. તાપસોએ તેમને વંદન કરીને પૂછ્યું, 'આપ હવે અહીંથી કઈ તરફ જવાના છો ?' મુનિઓએ કહ્યું : 'અમો અહીંથી શ્રી સિદ્ધાચળ ગિરિરાજની યાત્રાએ જઈએ છીએ.'

તાપસોએ ગિરિરાજનો મહિમા પૂછ્યો. મુનિઓએ કહ્યું : 'શ્રી સિદ્ધાચળ ઉપર તીર્થના પ્રભાવથી શુદ્ધ ચારિત્રવાન અનંત જીવો મુક્તિએ ગયા છે અને હજી પણ અનંત જીવો મોક્ષે જશે. આ તીર્થનો મહિમા અચિંત્ય છે, અપાર છે. લાખ વરસ સુધી તેનો મહિમા-ગાન કરીએ તો પણ પાર આવે એમ નથી. આ તીર્થમાં નમિ-વિનમી નામના મુનીન્દ્રો બે કરોડ મુનિઓ સાથે શ્રી પુંડરીક ગણધરની જેમ ફાગણ સુદ દશમે મોક્ષે ગયા છે. ભગવાન શ્રી ઋષભદેવના ગણધરો અને કેવળી ભગવંતો પાસેથી અમોએ સાંભળ્યું છે કે આગામી કાળમાં તીર્થમાં ઘણા ઉત્તમ પુરૂષો સિદ્ધિપદને પામશે. શ્રી રામચંદ્ર રાજર્ષિ, ભરતજી, શાંબ અને પ્રદ્યુમ્ન, પાંચે પાંડવો, થાવચ્ચા પુત્ર તથા શુકાચાર્ય વગેરે અનેક મહાનુભાવો બીજા અસંખ્ય સાધુઓ સાથે આ શ્રી સિદ્ધાચળ ઉપર મુક્તિ પામશે.'

શ્રી સિદ્ધાચળ ગિરિનો આવો અપરંપાર મહિમા સાંભળીને બધા જ તાપસો તેની યાત્રા કરવા તૈયાર થયા. મુનિઓએ તે સૌને ભાગવતી જૈન દીક્ષા આપી. પછી સૌ શ્રી સિદ્ધાચળ ગિરિ ઉપર આવ્યા. ત્યાં ભગવાન શ્રી ઋષભદેવસ્વામીની પ્રતિમાજીનાં દર્શન કર્યાં. ત્યાર પછી માસખમણના પારણે વિદ્યાધર મુનિએ તાપસ મુનિઓએ કહ્યું, 'મુનિઓ ! તમારાં અનંત કાળનાં સંચિત પાપકર્મો આ તીર્થની સેવા કરવાથી જ ક્ષય પામશે; માટે તમારે સૌએ અત્રે જ સ્થિરતા કરીને તપ-સંયમમાં અપ્રમત્ત રહેવું.' ગુરુઆજ્ઞા શિરોમાન્ય કરીને દ્રાવિડ અને વારિખિલ્લ આદિ દશ કરોડ મુનિઓ શ્રી સિદ્ધાચળ તીર્થમાં રહીને ધ્યાનમાં સ્થિર થયા અને અનુક્રમે એક માસ ઉપવાસ કરીને કાર્તિકી પૂર્ણિમાના દિવસે તે સર્વે કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.

આ તીર્થનો મહિમા આજે પણ એવો જ પાવન છે. ભવ્ય જીવોએ આ તીર્થની યાત્રા દર વરસે પગ ચાલીને કરવી જોઈએ. ત્યાં જઈને તપ સહિત યાત્રા કરવી. એવી યાત્રા કરવાથી યાત્રિકનાં પાપકર્મ નાશ પામે છે અને ચિત્ત નિર્મળ અને શુદ્ધ બને છે.

# ૩૬ માસતુસ મુનિ

પાટલીપુત્ર નગરમાં બે ભાઈઓ વેપાર કરી પોતાની જીવિકા ચલાવતા હતા. તેમણે એક વાર ગુરુમહારાજ પાસેથી ધર્મની દેશના સાંભળી વૈરાગ્યભાવ જાગ્યો અને બન્નેએ દીક્ષા લીધી. તેમાં એક ભાઈએ ભણવાનો પ્રયત્ન જ ન કર્યો ને બીજાને ક્ષયોપશમ સારો હોઈ બહુશ્રુત થયા અને આચાર્ય પદવી પણ પામ્યા. તેઓ પાંચસો શિષ્ય-સમુદાયના નાયક થયા. સાધુઓને તેઓ વાચના આપતા, તેમાં કોઈ શંકા-સંદેહ થતાં અવારનવાર તે સાધુઓ તે તે સૂત્રાદિ સમજવા આવતા. આમ થવાથી ક્રિયા અને પઠનપાઠનમાં સઘળો સમય વીતી જતાં વિશ્રાંતિ મળતી નહીં. કોઈવાર તો નિદ્રાનો અવકાશ પણ ન મળતો. આમ કરતાં જોગાનુજોગ તેમને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થતાં વિચાર આવ્યો : 'હું શાસ્ત્ર ભણ્યો એનું જ આ દુઃખ છે. થોડી વાર આરામ પણ મળતો નથી. મારો અભણ ભાઈ કેવો સુખી છે ? કોઈ જાતની ચિંતા નથી કે નથી કોઈ ભાર ! એ...ય નિરાંતે આહાર કરીને ઊંઘે છે !' - ઈત્યાદિ વિચાર કરતાં 'હવે હું આ ક્લેશથી છૂટું' એવો વિચાર કર્યા કરતા હતા. ત્યાં એક વખત બધા સાધુઓ ખાસ કારણે કશે બહાર ગયા હતા ત્યારે છટકી જવાનો અવસર છે એમ જાણી તેઓ નગર બહાર ચાલી આવ્યા. તે વખતે કૌમુદી પર્વ ચાલતું હોવાથી ગામની સીમમાં એક મોટો સ્તંભ રોપી લોકોએ શણગાર્યો હતો ને તેની ફરતે સારાં કપડાં પહેરી લોકો બેઠા હતા, ને ગીત-સંગીતની રંગીન સભા જામી હતી. આચાર્ય એક તરફ ઊભા રહી આ કૌતૂક જોતા હતા. ત્યાં ઉત્સવ પૂરો થતાં થાંભલા ઉપરથી વસ્ત્રાભૂષણનો શણગાર ઉતારી લોકો ચાલતા થયા. થડ જેવો એકલો થાંભલો ઉજ્જડ સીમમાં રહી ગયો, ને કાગડાઓએ ત્યાં કાગારોળ કરી મૂકી, આચાર્ય મહારાજે આ જોઈ વિચાર્યું કે, ''માણસોનો સમૂહ હતો તેથી થાંભલો શણગાર્યો હતો; ને માણસોથી જ તેની શોભા હતી. એ માણસો ચાલ્યા જતાં થાંભલો હાડપિંજર જેવો લાગે છે. ખરેખર પરિવારથી પરિવરેલાની જ શોભા છે, એકલાની કશી શોભા નથી. શિષ્યાદી પરિવાર અને ધર્મથી ભ્રષ્ટ થઈ એકલા વિચિરવાનો વિચાર કરનાર મને ધિક્કાર છે !'' - ઈત્યાદિ વિચારતા તેઓ ઉપાશ્રયે પાછા ફર્યા. આ કાર્યનું પ્રાયશ્ચિત્ત લઈ તે પાપની નિંદા-ગર્હા કરી, છતાં દુર્ભાવનાથી બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ પૂરેપૂરૂં નષ્ટ ન થયું. પછી તો તેમણે શુદ્ધ ચારિત્ર્ય પાળ્યું. અંતે અણસણ પણ કર્યું ને આયુ પૂર્ણ કરી સ્વર્ગે ગયા.

દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી તેઓ રબારીને ત્યાં પુત્ર તરીકે અવતર્યા. યુવાન થતાં તેમનાં લગ્ન થયાં ને તેમને એક રૂપાળી દીકરી પણ થઈ. તે દીકરી તરૂણ થતાં તેનું રૂપ પણ ખીલી ઊઠ્યું. હંમેશની જેમ એકવાર ઘણા રબારીઓ પોતપોતાનાં ગાડાં ભરી બીજે ગામ ઘી વેચવા ચાલ્યા. આની સાથે આ રબારી પણ એક ગાડા સાથે હતો. કોઈ કાર્યવશ તેની દીકરી પણ સાથે હતી, જે ગાડું ચલાવતી હતી. રૂપવાન આ છોકરીને જોઈ બીજા ગાડાવાળાઓ મોહાંધ થયા. મોહવશ, ગાડાં ચલાવવા ઉપર તેઓનો કાબૂ ન રહેતાં ગાડાં આડા માર્ગે ખાડામાં પડ્યાં. આ જોઈ એ

રબારીએ વિચાર્યું : ''અસાર અને મળ-મૂત્રની મશક જેવા સ્ત્રીના શરીરમાં બધા જ મોહાંધ બનતાં કામાંધ બને છે અને પોતાના હિતાહિતનો પણ વિચાર કરતા નથી.'' આમ અશુચિ આદિ ભાવના ભાવતાં વૈરાગ્ય ઊપજ્યો. ઘી વેચી તે પોતાના ઘરે આવ્યો. પુત્રીને યોગ્ય સ્થાને પરણાવી અને સદ્‌ગુરુનો સમાગમ થતાં દીક્ષા લીધી. આવશ્યકાદિ સૂત્રના યોગ કરી અનુક્રમે ઉત્તરાધ્યયનના યોગ આરંભ્યા. ત્રણ અધ્યયન તો પૂરાં કર્યાં, પણ ચોથા અધ્યયનના પ્રારંભમાં પૂર્વસંચિત જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થતાં, ઘણો જ પ્રયત્ન કરવા છતાં, ચોથા અધ્યયનના સંખ્યજીવીય આ ગાથાનો એક અક્ષર પણ ન આવડ્યો.

આ વાત તેમણે પોતાના ગુરુને જણાવી : ''અચાનક આ શું થઈ ગયું ? મને ઉપાય બતાવો.'' ગુરુએ કહ્યું, ''તમે આયંબિલનું તપ કરો. રાગ-દ્વેષનો નિગ્રહ કરો અને તે માટે **મા રુસ મા તુસ** (રોષ ન કર - રાગ ન કર) નું રટણ કર્યા કરો. તેથી રાગ-દ્વેષ ઉપજાવનાર વૃત્તિ પર તમારું નિયંત્રણ થશે. આને તમે રહસ્યમય મંત્ર સમજીને રટણ કર્યા કરો. તેથી તમને ઘણો લાભ થશે.''

તે મુનિએ ગુરુમહારાજે આપેલું પદ લઈ ગોખવા માંડ્યું ને બીજો કોઈ પાઠ ન લીધો. કારણ કે બીજા પાઠ મહેનત કરવા છતાં યાદ રહેતા ન હતાં. એ ગુરુએ આપેલ પદ ગોખતા જ રહ્યા. દિવસ-રાત એક જ ધૂન 'માસ રુસ માસ તુસ' ગોખતા. પણ ગોખતાં જીભ થોથરાવા લાગી અને આસ્તે આસ્તે અસલ મંત્રને બદલે 'માસ તુસ માસ તુસ' મોંએ ચડી ગયું એટલે 'માસ તુસ માસ તુસ' ગોખવા માંડ્યું આ સાંભળી બધા હસવા લાગ્યા. છતાં મુનિએ એ ગુરુમહારાજની શિખામણ ધ્યાનમાં રાખી અને આપેલા પદને મંત્ર જાણી રોષ ન કર્યો ને ક્ષમા રાખી. જેમ જેમ બીજા હસતા તેમ તેમ તેઓ પોતાના આત્માની વધારે નિંદા કરતા કે 'હે જીવ ! તું રોષ ન કર, તું તોષ (રાગ) ન કર.'

આમ ગુરુજીએ બતાવેલ રહસ્યમય શબ્દના અર્થો અને સકલ સિદ્ધાંતના સારભૂત આ પદ ગોખતા જ ગયા, તે ત્યાં સુધી કે બીજા મુનિઓએ તેમનું નામ માસતુસ મુનિ પાડી દીધું. છતાં આત્મનિંદા અને આયંબિલ તપ કરતાં ધીરતાપૂર્વક મુનિએ બાર વર્ષ વીતાવ્યાં અને એપદ ગોખતા ગોખતા અને તેની ભાવના ભાવતા શુભ ધ્યાને તેઓ ક્ષપકશ્રેણીએ ચડ્યા ને લોકાલોકપ્રકાશી કેવળજ્ઞાન પામ્યા. દેવોએ કેવળજ્ઞાનનો મહિમાકર્યો. જ્યાં અક્ષર પણ ચડતો ન હોતો ત્યાં રાગ-દ્વેષ જીતીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું; પૃથ્વી ઉપર વિચરી ઘણા જીવોને ઉપદેશ આપી અંતે સિદ્ધ-બુદ્ધ-મુક્ત થયા.

આમ માસતુસ મુનિ શુભ ભાવે ભાવના ભાવતા, ઉચ્ચાર ખોટો થતો હોવા છતાં સર્વ પાપનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી મુક્તિ પામ્યા.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.સા.
ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી
મહારાજની પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા
વિશેષાંકને
હાર્દિક શુભેચ્છા
શ્રી જીવરાજ દેવરાજ ગડા - પરિવાર
ખોડિયાર મંદિર સામે,
સમુદ્ર સેલ્સની પાસે,
એરોડ્રામ રોડ, જામનગર.



# ૩૭ સુવ્રત મુનિ

સુવ્રત મુનિ એમનું નામ. તે જ્ઞાની, ધ્યાની અને મહાતપસ્વી હતા. તેમને માસક્ષમણનું પારણું હતું. તેઓ પહેલી પોરશીના સમયે જ ચંપા નગરીમાં ગોચરી માટે નીકળ્યા. દીર્ઘતપસ્વી સાધુ માટે સર્વકાળ ગોચરી માટે યોગ્ય ગણાય છે. શ્રીકલ્પસૂત્રમાં 'સામાચારી' વ્યાખ્યાનામાં કહ્યું છે કે આચાર્ય, ઉપાધ્યાય કે બીમાર સાધુની સેવા-સારવાર (વૈયાવચ્ચ) કરવા માટે બે વાર પણ ગોચરી માટે જઈ શકાય. કારણ કે તપ કરતાં વૈયાવચ્ચનું ફળ સવિશેષ છે. બાળમુનિ હોય તે બે વાર પણ ગોચરીએ જઈ શકે છે. તેમ જ અઠ્ઠમ કે તેથી ઉપવાસ કરનાર તપસ્વી સાધુ પારણા માટે ગોચરીએ દિવસના કોઈ પણ સમયે જઈ શકે છે. પરંતુ પરોઢિયે લાવેલી ગોચરીને રાખી મૂકી શકાય નહિ. એવી રાખી મૂકેલી ગોચરીમાં જીવજંતુ પડવાની પૂરી સંભવના છે.

તપસ્વી સુવ્રત મુનિ ફરતાં-ફરતાં નગરીની શ્રાવક વસ્તીમાં આવ્યા, ત્યારે ત્યાં કોઈ મંગલ પ્રસંગે સિંહકેસરિયા લાડુની પ્રભાવના થઈ રહી હતી. લોકો મોટેથી આ પ્રભાવનાની વાહવાહ કરી રહ્યા હતા. તપસ્વી મુનિએ એકથી વધુ વાર સિંહકેસરિયા લાડુનું નામ અને ગુણગાન સાંભળ્યાં. આથી તેમણે મનમાં નિર્ણય (અભિગ્રહ) કર્યો કે ''આજે ગોચરીમાં માત્ર સિંહકેસરિયા લાડવા જ વ્હોરવા.''

એવા વિચાર સાથે એક શ્રાવકના ઘરમાં 'ધર્મલાભ' બોલી પ્રવેશ કર્યો. શ્રાવકે તપસ્વી મુનિનું ભાવથી સ્વાગત કર્યું, 'પધારો ભગવંત'; અને તેમને વહોરાવા માટે એકથી વધુ વાનગી કાઢી, પણ સિંહકેસરિયા લાડવા એમાં ન હતા તેથી મુનિ મૌનભાવે ગોચરી લીધા વિના જ પાછા ફરી ગયા. શ્રાવકે માન્યું કે મુનિને કોઈ અભિગ્રહ હશે તેથી જ ગોચરી ન વ્હોરી.

ત્યાંથી મુનિ બીજા શ્રાવકને ત્યાં ગયાં પણ સિંહકેસરિયા લાડું ન મળ્યા. ત્યાંથી ત્રીજા ઘરે ગયા ત્યાંથીય ગોચરી લીધા વિના પાછા ફર્યા. આમ ફરતા ફરતા સાંજ પડવા આવી છતાંય તે ગોચરી માટે ફરતા જ રહ્યા. તેમના મનમાં સિંહકેસરીયા લાડું જ રમતા હતા. અત્યાર સુધી ક્યાંયથી તે ન મળ્યા તેથી તે ખિન્ન અને ઉદાસ પણ બન્યા. સિંહકેસરિયા વ્હોરવા માટે સાંજ પછી પણ તે ગોચરી માટે ફરતા રહ્યા.

સૂર્ય આથમી ગયો. સંધ્યાના રંગો પણ વીખરાઈ ગયા. આકાશમાં તારલા ચમકવા લાગ્યા. તપસ્વી મુનિ એક શ્રાવકના ઘરઆંગણે જઈ ઊભા, બોલ્યા, 'સિંહકેસરિયા.'

શ્રાવક વિચારમાં પડી ગયો. આંગણે સિંહકેસરિયા કોણ બોલે છે ? તે ઊભો થયો, બહાર આવ્યો તેની આંખો વિશ્વાસ ન કરી શકી. સામે કૃશકાય પણ તેજસ્વી સાધુ ઊભા હતા. તેના આશ્ચર્યની અવધિ ન રહી. આ સાધુ 'ધર્મલાભ' ના બદલે 'સિંહકેસરિયા' કેમ બોલ્યા હશે ?

શ્રાવક શ્રમણોપાસક હતો, વિવેકી અને જ્ઞાની હતો. તેણે મશાલના અજવાળામાં ધ્યાનથી જોયું - 'અરે ! આ તો મહાતપસ્વી સુવ્રત મુનિ ! માસખમણના પારણે માસખમણ કરે છે. ખૂબ જ જ્ઞાની અને ધ્યાની છે આ તો.' તેનું મન તેને પૂછી રહ્યું : 'આવા વૈરાગી, જ્ઞાની અને તપસ્વી આ રાતના સમયે ગોચરી માટે કેમ નીકળ્યા હશે ? ક્યાંક કશુંક ખોટું થયું છે તે એ પામી ગયો. આ શ્રાવકને સાધુઓ પ્રત્યે અનહદ્ આદર અને ભક્તિભાવ હતો. તે સાધુઓની વૈયાવચ્ચ તન્મયતાથી કરતો. તેથી સાધુને સીધો પ્રશ્ન ન કરતાં તેમનું સન્માન અને સ્વમાન સચવાય તેવી રીતે વર્તવા મનથી નક્કી કર્યું.'

ઉમળકાથી સાધુનું સ્વાગત શ્રાવકે કર્યું - 'પધારો ભગવંત', અને પછી થાળ ભરીને વહોરાવા માટે વાનગીઓ લઈ આવ્યો. એક પછી એક વાનગી વ્હોરાવવા માટે આગ્રહ કરતો ગયોને મુનિ 'ખપ નથી' એમ કહેતા ગયા.

શ્રાવકની મૂંઝવણ વધી ગઈ. સાધુ દરેક વાનગીની ના પાડે છે. લાગે છે કે તેમણે કોઈ અભિગ્રહ કર્યો છે. પરંતુ એ અભિગ્રહ જાણવો કેવી રીતે ? ત્યાં તેને યાદ

આવ્યું કે સાધુ આવ્યા ત્યારે 'ધર્મલાભ' ના બદલે 'સિંહકેસરિયા' બોલેલા. શ્રાવકને હવે તાળો મળી ગયો. સાધુને મોટા ભાગે 'સિંહકેસરિયા' લાડુનો ખપ હશે, એમ સમજી અંદર જઈ બીજો થાળ ભરી લાવ્યો, જેમાં સિંહકેસરિયા લાડુ પણ હતા. શ્રાવકે કહ્યું : ''મહારાજ ! આ સિંહકેસરિયા લાડુનો જોગ છે. વ્હોરી મને કૃતાર્થ કરો.''

મુનિએ તરત જ પાત્રું ધર્યું. ગોચરીમાં સિંહકેસરિયા મળ્યા તેથી તેઓ આનંદિત થયા. હવે તેમનું ચિત્ત શાંત અને સ્વસ્થ બન્યું. મુનિ બોલ્યા. 'ધર્મલાભ'.

શ્રાવકની મૂંઝવણ અને ચિંતા હવે વધી ગઈ. તેને થયું કે આ મુનિ આ લાડવાની લોલુપતાથી રાત્રિભોજન કરશે તો તેમનું મહાવ્રત ખંડિત થશે. હું શું કરું તો આ મુનિરાજ મહાદોષમાંથી ઊગરી જાય ?

ત્યાં તેના મનમાં ચમકારો થયો. મુનિ પાછા ફરવા જાય છે ત્યાં જ તેને વિનયથી કહ્યું : 'હે તપસ્વી ભગવંત ! એકાદ મિનીટ મારા માટે થોભવાની કૃપા કરો. આજ મેં પુરિમુઢ્ઢનું પચ્ચખાણ ધાર્યું છે. એનો સમય થયો કે નહિ તે કહેવા કૃપા કરો.'

તપસ્વી મુનિએ સમય જોવા આકાશ તરફ આંખ ઊંચી કરી જોયું; અને એ ગજબની હેબત ખાઈ ગયા. હૈયે ધ્રાસકો પડ્યો : અરે ! રાત થઈ છે આતો અને હું રાત્રે શ્રાવકના ઘરે ગોચરી માટે આવ્યો છું ! ઓહો ! મારાથી આ શું થઈ ગયું ? ! લાડવાના લોભ અને લાલસામાં હું મારી મર્યાદા પણ ભૂલી ગયો ? ધિક્કાર છે મારી આ આહારલાલસાને....! આમ આત્મનિંદા કરતા મુનિએ સ્વસ્થતા અને કૃતજ્ઞભાવે કહ્યું - ''હે શ્રાવક ! તું સાચે જ તત્ત્વજ્ઞ અને વિનયી શ્રાવક છે. ખરેખર તું કૃતપુણ્ય છે. શ્રાવકનું કર્તવ્ય સમજી તે મને ગોચરી તો વ્હોરાવી, પણ વિનય અને વિવેક સાચવીને તેં મને પચ્ચક્ખાણનો સમય પૂછીને સંસારમાંથી ડૂબતો બચાવી લીધો. સાચે જ શ્રાવક ! તારી પ્રેરણા ઉત્તમ અને આદરણીય છે. માર્ગથી ગબડેલાને - માર્ગ ભૂલેલાને સાચા પંથે ચડાવનાર તું મારો ધર્મગુરુ છે. હું તને વંદન કરું છું.''

જાણ્યા અને સમજ્યા પછી સુજ્ઞજન એ ભૂલનું કદિ પુનરાવર્તન નથી કરતો. મુનિને પોતાની ભૂલ સવેળા સમજાઈ. તેમણે શ્રાવક પાસે એકાંત જગ્યાની યાચના કરી અને ત્યાં એ મુનિ કાયોત્સર્ગ કરી આત્મધ્યાનમાં લીન બન્યા.

સવાર પડી. મુનિ રાતની ગોચરીને પરઠવા શુદ્ધ ભૂમિ તરફ ગયા. લાડુનો ભૂક્કો કરતા ગયા. ભૂક્કો કરતા કરતા એ પોતાના આત્માને વધુ ને વધુ તીવ્રતાથી નિંદતા રહ્યા અને શુભ ભાવના ભાવતા રહ્યા, ભાવતા જ રહ્યા. અતિ શુભને શુક્લ ધ્યાનના બળથી તેમનાં બધાં જ ઘાતી કર્મોનો ક્ષય થઈ ગયો. તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. દેવોએ જાણી આનંદથી તેનો મહોત્સવ ર્ક્યો.

આ કથાથી સાધુ અને શ્રાવક બન્નેએ બોધ પાઠ લેવાનો છે. સાધુએ લોભ અને લાલસાથી આહાર ગ્રહણ કરવો ન જોઈએ. લોભપિંડનો તેમણે સર્વથા ત્યાગ કરવો જોઈએ. ગૃહસ્થ શ્રાવકોએ સાધુના દેખીતા નાના નાના શિથિલાચાર જોઈને તેમની ઘૃણા કે તિરસ્કાર ન કરવા જોઈએ. એવા શિથિલાચારી સાધુઓની મનની દુર્બળતાને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ; અને સાધુ અનાચારી ન થાય તેમ વિનય-વિવેકથી તેમને સન્માર્ગ યાદ કરાવવો જોઈએ. એના બદલે નનામી પત્રિકાઓ કે છાપામાં છપાવે ને જૈન શાસનની નિંદા થાય એવું ન કરવું જોઈએ. વિનયપૂર્વક આચરણથી સાધુઓને સન્માર્ગમાં સ્થાપિત કરવા જોઈએ.


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંકને
હાર્દિક શુભેચ્છા



**શ્રી હંસરાજભાઈ રાયશીભાઈ ખીમસિયા**

હસ્તે :
**ચિંતામણિ ઈન્ડસ્ટ્રીઝ**

૪૪૭/૧, જી.આઈ.ડી.સી.
ઉદ્યોગનગર, જામનગર.

# ૩૭ પ્રજાપાલ અને સુમિત્ર

ચંદ્રિકા નામની નગરીમાં પ્રજાપાલ નામે રાજા હતો. તેને સુમિત્ર નામે મંત્રી હતો. આ રાજા અને મંત્રી વચ્ચે લગભગ રોજ ધર્મના પ્રશ્નો અંગે ચર્ચા થતી. રાજાને ધર્મ ઉપર જરાય શ્રદ્ધા ન હતી. આથી ધર્મતત્ત્વોની તે મજાક ઉડાવતો અને મંત્રીને વિચિત્ર પ્રશ્નો પૂછી તેને મૂંઝવવાનો કે નિરુત્તર કરવાનો પ્રયત્ન કરતો. એક દિવસ રાજાએ મંત્રીએ પૂછ્યું ''મંત્રીવર્ય ! તમે આ દેવપૂજામાં શા માટે મોહ રાખો છો ?''

મંત્રીએ સામો પ્રશ્ન કર્યો – ''હે રાજન્ ! પૂર્વભવમાં કયું પુણ્ય બાંધ્યા વિના તમે રાજા કેમ થયા, અને અમે તમારા સેવક કેમ થયા ? આપણે બધા સમાન કેમ નથી ?''

રાજા : ''પથ્થરની એક શિલા છે. તેના બે કટકા કરવામાં આવે છે. એમાંથી એક કટકો ભગવાનની મૂર્તિ બને છે અને બીજો કટકો પગથિયું બને છે. તો આમાંથી કોણે પુણ્ય કર્યું હશે અને કોણે પાપ ? મારા મતે તો માત્ર સ્થાનક ઉપરથી જ ન્યૂનતા અને વિશેષતા ગણાય છે.'' રાજાની આ દલીલનો રદિયો આપતાં મંત્રીએ કહ્યું – ''રાજન્ ! એવું નથી. તમારું આમ માનવું યોગ્ય નથી. કેમ કે તે જડ છે. જડ વસ્તુના ઉત્કર્ષ કે અપકર્ષની પાછળ તેના માલિક કે ઉપભોક્તાનાં પુણ્ય-પાપ ભાગ ભજવતાં હોય છે. બીજું, તે પથ્થરમાં પણ એકેન્દ્રિય જીવ હોય છે. તેમાંના એક ખંડમાં રહેલા જીવે પૂર્વભવમાં મોટું પુણ્ય ઉપાર્જન કરેલું તેથી તે ભગવાનની પ્રતિમા બને છે અને તે પૂજાય છે જ્યારે શિલાના બીજા કટકામાં રહેલા પૂર્વે પાપકર્મ બાંધેલું હોય છે, તેથી તે પગથિયું બને છે અને તેમાં રહેલા સ્થાવર પૃથ્વીકાયના જીવો વર્ષો સુધી તાડન, ઘર્ષણ વગેરે અનેક દુઃખ-કષ્ટને પામે છે.''

રાજા કહે : ''મંત્રી ! તમારી વાત સાચી હોય તેમ મને તો લાગતું નથી. મને તે વાત ઉપર વિશ્વાસ નથી બેસતો. હું તો પ્રત્યક્ષ ફળ જોઉં તો મને તમારા આ પુણ્યના પ્રભાવ પર શ્રદ્ધા થાય.''

આ ચર્ચા બાદ થોડા દિવસે રાજાને પુણ્યના પ્રભાવ પર શ્રદ્ધા થાય તેવો પ્રસંગ બન્યો.

તે દિવસ પાખીનો હતો. જૈનમંત્રીએ તે રાત્રે ઘરમાંથી બહાર નહીં જવાના પચ્ચક્ખાણ કરેલા. એ જ રાત્રે અચાનક મંત્રીનું રાજાને જરૂરી કામ પડ્યું. રાજાએ મંત્રીએ બોલાવવા માટે સેવકને મોકલ્યો. જૈન મંત્રીએ પ્રતિહારી સાથે રાજાને કહેવડાવ્યું કે આજે રાત્રે ઘરની બહાર નહીં નીકળવાનો મેં નિયમ લીધો છે;

તેથી તમારી આજ્ઞાનું પાલન નથી કરી શકતો, તો મને આ માટે ક્ષમા કરશો.

જૈન મંત્રીનો આ જવાબ સાંભળી રાજાનું અભિમાન ઘૂંઘવાઈ ઊઠ્યું. સેવકને પાછો મોકલી મંત્રીને મુદ્રા ને મહોર પાછાં આપવા જણાવ્યું. મંત્રીએ જરીકે ક્ષોભ પામ્યા વિના પોતાની મુદ્રા અને મહોર પાછાં આપી દીધા. પ્રતિહારીને મંત્રીની મુદ્રા જોઈ કુતૂહલ થયું. એણે એ મુદ્રા પહેરી લીધી અને બીજા સેવકોને કહેવા લાગ્યો : ''અરે સેવકો ! જુઓ, રાજાએ મને મંત્રીપદ આપ્યું.'' એની આંગળીએ મંત્રીની મુદ્રા જોઈ સેવકોએ તેને મંત્રી સમજી તેનું 'ઘણી ખમ્મા ! મંત્રીરાજ ! ઘણી ખમ્મા કહીને સ્વાગત કર્યું.'

આ સમયે આ સેવકને દુર્ભાગ્ય કર્મવશાત્ ભોગવવાનું આવ્યું. તે થોડો આગળ ગયો અને કેટલાક અજાણ્યા સુભટોએ તેને ઘેરી લીધો અને તેની હત્યા કરી નાખી.

રાજાને આ સમાચાર મળ્યા ત્યારે તેને પ્રથમ તો વિચાર આવ્યો કે જરૂર જૈન મંત્રીનું જ આ કામ લાગે છે. હવે તો મારે જ ખુદ જઈને તેનો હિસાબ પતાવવો પડશે ! અને રાજા મંત્રીના ઘર તરફ આવવા નીકળ્યો.

આ દરમિયાન વફાદાર સુભટોએ સેવકના હત્યારાઓને પકડીને બાંધી દીધા હતા. આ બાંધેલા સુભટોને જોઈને રાજાને પૂછ્યું, ''તમે કોણ છો ? અને તમને કેમ બાંધવમાં આવ્યા છે ?''

પકડાયેલા દુષ્ટ સુભટોએ એકીસાથે કહ્યું - ''મહારાજ ! અમને પેટભરાઓને શું પૂછો છો ? તમારા દુશ્મન રાજા સૂરે મંત્રીની હત્યા કરવા અમને રોક્યા હતા. આ પ્રતિહારીએ મંત્રીની મુદ્રા પહેરી હતી તે જોઈ તેને મંત્રી માનીને અમે તેની હત્યા કરી છે.''

રાજાની શંકાનું આથી નિવારણ થઈ ગયું. મંત્રીના ઘરે પહોંચીને તેણે ભળતી જ વાત કરી. સેવકની થયેલી હત્યાની વાત પણ કરી. રાજાએ કહ્યું ''મંત્રીરાજ ! આજે મેં પુણ્યનું પ્રત્યક્ષ ફળ જોયું. તમારું પુણ્ય તપતું હશે, તેથી તમે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને પણ ઘરની બહાર ન નીકળ્યા અને આ પ્રતિહારીના પાપોદયે તેના અણધાર્યો વધ થઈ ગયો.''

આ ઘટના બાદ રાજા શ્રદ્ધાવાન બન્યો. કાળક્રમે રાજા અને મંત્રી બંને પુણ્યનું ઉપાર્જન કરી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદને પામ્યા.

સુમિત્ર મંત્રીએ એક રાત માટે દિશાસંક્ષેપ કર્યો. (દિક્પરિમાણ વ્રત) તે પ્રમાણે શ્રાવકોએ દિવસ અથવા રાત માટે દિશાસંક્ષેપ કરવો, તેમ કરવાથી અણધાર્યો લાભ મળી જાય છે.


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી **જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક** ને હાર્દિક શુભેચ્છા


સ્વ. શ્રી ઘેલજીભાઈ નરશી દોઢિયા

**શ્રી હંસરાજ ઘેલજીભાઈ દોઢિયા - પરિવાર**
**હસ્તે શ્રી ભરત હંસરાજ દોઢિયા**
''કેવલ'', ૧૦-કામદાર કોલોની,
જામનગર - ૩૬૧ ૦૦૬.


સ્વ. ડાહીબેન ઘેલજીભાઈ દોઢિયા


સ્વ. કસ્તુરબેન હંસરાજ દોઢિયા


સ્વ. શ્રી ન્યાલચંદ ઘેલજીભાઈ શાહ


શ્રી હંસરાજ ઘેલજી દોઢિયા

ફોન : O. ૦૨૮૮ - ૨૭૧૩૨૭૭
R. ૦૨૮૮ - ૨૪૬૪૩૨૦
M. ૦૯૮૨૪૪ ૨૯૩૧૫

ઈન્દુ, પૂજા, કેવલ,
જિતલ, અંકોલ

# રજ્જા સાધ્વી

શ્રી જૈનશાસ્ત્રમાં એક પ્રસંગ ટાંકતાં કહ્યું છે કે શ્રી મહાવીર ભગવાને એકવાર દેશનામાં કહ્યું કે, 'માત્ર એક જ કુવાક્ય બોલવાથી રજ્જા નામક આર્યા (સાધ્વી) ઘણું દુઃખ પામે.' આ સાંભળી ભગવાન મહાવીરદેવના પ્રધાન શિષ્ય શ્રી ગૌતમસ્વામીએ વંદન કરી વિનયપૂર્વક પ્રભુને પૂછ્યું, ''ભગવાન ! કોણ હતી એ રજ્જા સાધ્વી, જેણે વચન માત્રથી આવું ઘોર પાપ ઉપાર્જન કર્યું કે તેનો દારૂણ વિપાક આપના શ્રીમુખે સાંભળી ગ્લાનિ થાય છે.''

રજ્જા સાધ્વીનું જીવન સંક્ષેપમાં જણાવતાં ભગવાને કહ્યું, ''સાંભળ, ગૌતમ ! ઘણા વખત પહેલાંની આ વાત છે. આ ભરત ક્ષેત્રમાં ભદ્ર નામના આચાર્ય મહારાજ વિચરતા હતા. તેમના સમુદાયમાં તેમના આજ્ઞાવર્તી પાંચસો સાધુમહારાજો અને બારસો સાધ્વીઓ હતા. તેમનાં સંઘાડામાં ત્રણ ઉકાળાવાળું ઊનું, આયામ (ઓસામણ) અને સૌવીર (કાંજી) એમ ત્રણ પ્રકારનું પાણી લેવાતું હતું. તે સિવાયનું પાણી વાપરવાનો ત્યાં વ્યવહાર નહોતો. તેમના સમુદાયમાં રજ્જા નામનાં ઉત્કૃષ્ટ તપ-સંયમ આચરનારાં એક સાધ્વી હતાં. પૂર્વકર્મના ઉદયથી તેમને દુષ્ટ કોઢનો વ્યાધિ થયો. કોઈ સાધ્વીએ તેમને પૂછ્યું, 'ઓ દુષ્કર સંયમ-તપને આચરનારાં ! તમને આ શું થયું ?' પાપોદયવાળાં રજ્જા સાધ્વીએ કહ્યું, 'આપણે ત્યાં જે પાણી વ્યવહારમાં લેવાય છે ને, તેથી મારા શરીરની આવી દશા થઈ.' આ સાંભળી એક પછી એક બધી સાધ્વીઓએ વિચાર કરી લીધો કે 'આપણે આવું ઉકાળેલું પાણી ન લેવું.' છતાં તેમાંનાં એક સાધ્વીએ વિચાર્યું કે 'શરીરનું ગમે તે થાય, ગમે તેવા વ્યાધિ થાય, કદાચ શરીર નષ્ટ પણ થાય, પણ હું ઉકાળેલું પાણી તો નહીં જ છોડું. પરમ-દયાળુ ભગવાન તીર્થંકરોએ ઉકાળેલું જળ પીવાનો અનાદિ-અનંત ધર્મ ફરમાવ્યો છે. અમૃત પીવાથી મૃત્યુ થાય જ નહીં. આ રજ્જા સાધ્વીને વ્યાધિ પાણીથી નહીં પણ પૂર્વના પાપકર્મને લીધે થયેલો છે. છતાં આ વાત વિચાર્યા વિના અનંત તીર્થંકરોની આજ્ઞાનો લોપ કરનારું તેથી જ મહાઘોર દુઃખ આપનારું કેવું દુષ્ટ વચન આ રજ્જા સાધ્વી બોલ્યા ? ઈત્યાદિ શુભ ધ્યાને સવિશેષ શુદ્ધિ થતાં તે સાધ્વી કેવળજ્ઞાન પામ્યાં. દેવોએ તરત કેવળીનો મહિમા કર્યો અને ધર્મદેશના આપી.''

દેશનાને અંતે રજ્જા સાધ્વીએ વંદન કરીને પૂછ્યું : 'મને શાથી આવો રોગ થયો ?'

કેવળીએ કહ્યું, ''રજ્જા ! તમને રક્તપિત્તનો રોગ હોવા છતાં સ્નિગ્ધ આહાર વધુ પડતો લેવાથી, ને એ આહારમાં કરોળિયાની લાળ મિશ્રિત હોવાથી અને વધુમાં તમોએ સચિત્ત પાણીનો ઉપયોગ કર્યો તેથી શાસન દેવીથી સહેવાયું નહીં. બીજા પણ આવું અકાર્ય ન કરે એવા ઉદ્દેશથી કર્મનું ફળ તમને તરત આપવામાં આવ્યું. આમાં ઉકાળેલા પાણીનો જરાયે દોષ નથી.''

આ સાંભળી રજ્જા સાધ્વીએ પૂછ્યું, ''ભગવાન ! વિધિપૂર્વક હું પ્રાયશ્ચિત્ત લઉં તો મારું શરીર સારું થાય ને ?'' કેવળીએ કહ્યું, ''હા, જો કોઈ પ્રાયશ્ચિત્ત આપે તો અવશ્ય સારું થાય.'' રજ્જાએ કહ્યું, ''તો આપ જ આપો. આપના જેવું કોઈ ક્યાં મળવાનું છે ?'' કેવળી બોલ્યાં : 'તમને બાહ્ય રોગની ચિંતા છે, પણ તમારા અંતરંગ રોગો ઘણા વૃદ્ધ પામ્યા છે તે શી રીતે જશે ? છતાં હું તમને પ્રાયશ્ચિત્ત આપું છું. પણ એવું કોઈ પ્રાયશ્ચિત્ત જ નથી કે જેથી તમારા આત્માની શુદ્ધિ થાય, કારણ કે તમે સર્વ સાધ્વીઓને કહ્યું છે કે,'આ અચિત્ત જળ પીવાથી મને રોગ થયો.' આ દુષ્ટ વચનથી તમે સર્વ સાધ્વીઓના મનને ડહોળી નાખ્યું છે ને તેથી તેમની શ્રદ્ધામાં ક્ષોભ ઉત્પન્ન કર્યો છે. તમે તો મહાપાપ જ ઉપજાવ્યું છે. તેથી તમારે કોઢ, ભગંદર, જળોદર, વાયુ, ગુલ્મ, શ્વાસ, ગંડમાળ આદિ અનેક મહારોગોથી અનંત ભવના દીર્ઘકાળ સુધી દુઃખ વેઠવું પડશે. નિરંતર દુઃખ, દારિદ્ર્ય, દુર્ગતિ, અપયશ, સંતાપ અને ઉદ્વેગનું પાત્ર થવું પડશે.'' ઈત્યાદિ કેવળીનાં વચન સાંભળી બીજી બધી સાધ્વીઓએ મિથ્યા દુષ્કૃત આપી પાપથી છુટકારો મેળવ્યો.

માટે હે ગૌતમ ! જે ભાષા સમિતિથી શુદ્ધ વાક્ય બોલે છે તે કેવળજ્ઞાન પામે છે ને જે ભાષા સમિતિ નથી જાળવતા ને વિના વિચાર્યું બોલે છે તે આચાર અને કંઈક શ્રદ્ધાથી ભ્રષ્ટ થઈ રજ્જા સાધ્વીની જેમ દુર્ગતિઓમાં અનેક પ્રકારની વિડંબના અને દુઃખ પામે છે. માટે ભાષા સમિતિમાં ઉપયોગવંતું થવું.''

# ૪૦ કેશરી ચોર

શ્રીપુરનગરમાં પદ્મ નામના એક શ્રેષ્ઠીને કેશરી નામે એક પુત્ર હતો. કેસરીના મિત્રો ઘણા હતા પણ એક પણ મિત્ર સંસ્કારી ન હતો. કોઈ લબાડ, કોઈ લુચ્ચો, તો કોઈ તદ્દન અધર્મી. આવા મિત્રોને લીધે ધર્મના સંસ્કાર ક્યાંથી જળવાય ? કેશરીને જન્મે મળેલા ધાર્મિક સંસ્કાર આથી લુપ્ત થઈ ગયા અને તે ખરાબ મિત્રોના વાદે બગડી ગયો. ચોરીની તેને ટેવ પડી ગઈ. નાની-મોટી ચોરી તે કરવા લાગ્યો. કેશરીના આવા અપકૃત્યની ફરિયાદ રાજા સમક્ષ આવી. રાજાએ કેશરીને પકડી મંગાવ્યો. નગરના પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીનું સંતાન સમજી તેને શિખામણ આપીને છોડી મૂક્યો.

કેશરીને આની કોઈ અસર થઈ નહીં. તે ચોરીને ભૂલ્યો નહીં. રાજ્યમાં તેનો ઉપદ્રવ વધતો ગયો. રાજાએ તેના પિતાનો સંપર્ક સાધ્યો અને તેમની સંમતિથી કેશરીને દેશનિકાલ કર્યો.

માણસને જ્યારે કોઈ પાપની ટેવ પડી જાય છે ત્યારે તેને કોઈ શિક્ષા અસર કરતી નથી. કેશરીને ચોરીનું વ્યસન થઈ ગયું હતું. આથી દેશનિકાલ થવા છતાંય તે રસ્તે ચાલતાં માત્ર એક જ વિચાર કરતો રહેતો કે આજે રાતના હું કોને ત્યાં ચોરી કરીશ.

ચાલતાં ચાલતાં તે નગર બહાર એક સરોવર પાસે આવ્યો. સરોવર પાસે એક વૃક્ષ હતું. એ વૃક્ષ ઉપર તે ચડ્યો અને ઘરે ચોરી થઈ શકે એનું નિરીક્ષણ કરવા લાગ્યો. તેની નજર ચારે દિશામાં ફરી રહી હતી. તેવામાં તેણે એક સિદ્ધ પુરૂષને આકાશમાંથી ધરતી ઉપર ઊતરતો જોયો. કેશરીએ તેનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું. સિદ્ધ પુરૂષે સરોવર પાસે ઊતરીને પોતાની પાદુકા વગેરે કાઢીઅને તે સરોવરમાં સ્નાન કરવા ઊતર્યો.

કેશરીએ આ તક ઝડપી લીધી. વૃક્ષ ઉપરથી તે ટપટપ ઊતર્યો અને દોડીને સિદ્ધ પુરૂષની પાદુકા પહેરી લીધી અને આકાશમાં ઊડી ગયો.

પાદુકા મળતાં કેશરીના આનંદનો પાર ન રહ્યો. હવે પકડાવનો ડર ન હતો. ચોરી કરવી ને ઊડી જવું. બસ. મજા જ મજા ! અને કેશરીએ પોતાના નગરમાં ફરી ચોરીઓ શરૂ કરી દીધી. રાજાના અંતઃપુર સુધી જવાની પણ તેણે રચના કરી.

ચોરના આ ઉપદ્રવથી રાજાની ચિંતાનો પાર ન રહ્યો. ચોરને પકડી પાડવા તેણે કમર કસી અને ઉઘાડી તલવાર લઈને તે ચોરની શોધ કરવા લાગ્યો. ચોરની શોધમાં એક દિવસ તે જંગલમાં ગયો. જંગલમાં તેણે દિવ્ય પૂજા-કેસર ચંડિકાનો એક પ્રાસાદ જોયો. રાજાએ ગણતરી મૂકી કે ચોર જરૂર અહીં આવવો જોઈએ. આથી પ્રાસાદના પ્રવેશદ્વારની પાછળ નાગી તલવાર લઈને તે સંતાઈ ગયો.

થોડી વાર થઈ હશે ત્યાં કેશરી ચોર એ પ્રાસાદમાં આવી પહોંચ્યો. પાદુકાને બહાર ઉતારી દેવીને પ્રણામ કરીને બોલ્યો : 'હે દેવી ! આજે જો મને ખૂબ ધન મળશે તો હું વિશેષ પ્રકારે તારી પૂજા કરીશ.' આમ કહી બહાર નીકળી જ્યાં પોતાની પાદુકા પહેરવા જાય છે ત્યાં જ રાજાએ પ્રકટ થઈ એક પાદુકા ખેંચી લીધી.

કેશરી માટે હવે ઊડવું અશક્ય બન્યું. આથી મુઠ્ઠી વાળીને તે ભાગ્યો. રાજાએ પણ એનો શ્વાસભેર પીછો પકડ્યો. પણ દોડતાં દોડતો કેશરી એક બાજુના રસ્તે વળી ગયો પણ રાજા આગળ ને આગળ દોડતો રહ્યો. ચોર હાથથી જતો રહ્યો તેની ચિંતા કરતો રહ્યો. તેણે આજુબાજુ બધે પોતાની શોધ ચાલુ રાખી.

કેશરી દોડતાં દોડતાં વિચારે છે કે 'આજે મારૂં આવી બન્યું. મારૂં પાપ ફૂટી નીકળ્યું. હવે કેમ બચાય ? ત્યાં તેણે એક મુનિને જોયા. મુનિને વંદન કરીને પૂછ્યું, "મુનિરાજ ! મેં ભયંકર પાપો કર્યાં છે. અસંખ્ય ચોરીઓ કરી છે મારાં ભવપર્યંતનાં પાપને શી રીતે ખમાવવાં ?"

મુનિએ કહ્યું : "કોઈ એક માણસ સો વરસ સુધી એક પગ ઉપર ઊભો રહીને તપ કરે તોપણ તેનું તે તપ ધ્યાનયોગ

(સામાયિક) ના સોળમા ભાગની તોલે પણ આવે નહીં.'' પછી તેમણે કેશ ીને સામાયિકનું સ્વરૂપ તથા તેના ફળની ટૂંકમાં સમજ આ ી.

કેશરીએ તરત જ સામાયિક લઈ લીધું, અને પોતે કરેલાં આજ પર્ય ંતનાં પાપનો ખરા અંતઃકરણથી પસ્તાવો કરવા લાગ્યો. આ કરેલાં પાપો માટે તેણે પોતાની આત્મનિંદા કરી : 'ખરેખર મ ને ધિક્કાર છે. મેં ન જાણે નાસ્તિક બુદ્ધિથી કેટકેટલાં પાપો ક ર્યાં છે. કેશરી ચોર આમ સામાયિકમાં શુભ ધ્યાન ધરવા લાગ ો અને ક્રમશઃ ક્ષપક શ્રેણી પર ચઢતાં તેને કેવળજ્ઞાન ઉત્પ ન્ન થયું. દેવતાઓએ કેવળીનો ઉત્સવ ઊજવ્યો. તેમણે કેશરીને રજોહરણાદિ ઉપકરણો આપ્યાં.

શોધતો શોધતો રાજા છેવટે અહીં આવી પહોંચ્યો. ક્યાં છે ચોર ? પણ તેણે જોયું કે કેશરી તો ધર્મધ્યાનમાં મશગુલ છે. આ જોઈ તે આ શ્ચર્ય પામ્યો અને અનિમેષ નજરે તેને જોઈ રહ્યો. આ જોઈ ક ેવળી મુનિરાજે તેને કહ્યું 'રાજન્ ! તને એમ પ્રશ્ન થાય છે ને કે એક ચોરને કેવળજ્ઞાન કેવી રીતે થયું ? તો રાજન ! એનું સમાધાન કરતા તને કહેવાનું કે આ કેવળજ્ઞાનની ઉપલબ્ધિ તેણે કરેલ સામાયિકને આભારી છે, સામાયિકના ફળસ્વરૂપે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. કહ્યું છે કે :-'

''કરોડો જન્મ સુધી ઉગ્ર તપસ્યા કરવા છતાં જેટલાં કર્મનો નાશ થાય નહિ તેટલાં કર્મનો નાશ સમતા ભાવે સામાયિક કરનાર માત્ર અર્ધી ક્ષણમાં કરી શકે છે.'' કેવળી કેશરી મુનિનો ઉપદેશ સાંભળી રાજાએ પ્રતિદિન સાત-આઠ સામાયિક કરવાનો અભિગ્રહ કર્યો. અનુક્રમે કેશરી મુનિ મુક્તિને પામ્યા.

આમ ચોરમાંથી મુનિ અને કેવળજ્ઞાની બનેલા કેશરી ચોરની પ્રેરક કથા જાણી-સમજીને ઉત્તમ અને ઉત્કૃષ્ટ ફળ આપનાર સામાયિકનું વિધિપૂર્વક શુભ અને શુદ્ધ ભાવથી આરાધન કરવા દરેકે દઢ પ્રતિજ્ઞાબદ્ધ થવું જોઈએ.


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા


શ્રી કામદાર કોલોની, જૈન સંઘ- જામનગર


સોનેરી આ જીવનની કીમતી ઘડી પળ જાય છે,
દિન ઉગે ને આથમે આયુષ્ય ઘટતું જાય છે.
જે જે દીસે છે જગતમાં, ક્ષણમાં બધું યે ક્ષય થશે,
આંખો મીંચાતા આખરે બધું મારી માંહી જશે

દુશ્મનને મારો એના કરતાં દુશ્મનાવટને મારો.
કુહાડાના ઘા રુઝાય પણ કડવાડશના ઘા રુઝાતા નથી.
મિલ્કતના ટુકડા ખાતર જીગરના ટુકડા ન કરશો.

વીશ સ્થાનક તપ તથા વિવિધ તપોની અનુમોદનાર્થે

૭૧

# દુંદલ ચારણ

રા'ખેંગાર જૂનાગઢ નરેશ એક દિવસ જંગલમાં શિકારે ગયો. તેણે ઘણાં સસલાંનો શિકાર કર્યો. મારેલાં સસલાંને તેણે ઘોડાના પૂંછડે બાંધ્યાં. નગરમાં પાછા ફરતાં તે રસ્તો ભૂલી ગયો.

રસ્તામાં એક જગ્યાએ ઝાડ નીચે એક જણને સૂતેલો જોયો. તે એક ચારણ હતો. ખેંગારે તેની પાસે જઈને પૂછ્યું, ''ભાઈ! હું રસ્તો ભૂલી ગયો છું.'' ''હાં, એ તો દેખાય જ છે.'' ખેંગાર કહે : ''મને સાચો રસ્તો બતાવીશ.''

ચારણની નજર પૂંછડે બાંધેલાં મરેલાં સસલાં ઉપર પડી હતી. આ શિકાર કરેલાં સસલાં જોતાં તે થરથર કંપી ઊઠ્યો. રસ્તો બતાવતાં તેણે કહ્યું :

જીવ વધંતા નરગ ગઈ,
અવધંતા ગઈ સગ્ગ;
હું જાણું દો વાટડી
જિણ ભાવે તિણ લગ્ગ.

એટલે કે, 'જીવનો વધ-હત્યા કરનાર નરકે જાય છે અને દયા પાળનાર સ્વર્ગે જાય છે; મને તો માત્ર આ બે રસ્તાની ખબર છે. તને જ ગમે તે રસ્તે તું જા '


રા'ખેંગાર આ સાંભળી ખુશ થઇ ગયો. પેલાનું નામ પૂછ્યું. તેણે કહ્યું, ''હું ચારણ દુંદળ.'' રા'ખેંગારે તરત જ જીવદયા પાળવાની પ્રતિજ્ઞા લઈ ધી, ચારણને રાજસભામાં બોલાવીને તેનું સન્માન કર્યું અને તેને અશ્વો તથા એક ગામ ભેટ આપ્યું.

અભયદાન કરવાથી દાતા મુક્તિ (મોક્ષ) પામે છે. અનુકંપા દાન કરવાથી દાતા સુખ પામે છે. ઉચિત દાન કરવાથી દાતા પ્રશંસા પામે છે અને કીર્તિદાન કરવાથી દાતા સમાજમાં પ્રતિષ્ઠા - મોટાઈ પામે છે.


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને
હાર્દિક શુભેચ્છા

**શ્રી પુંજીબેન નરશી કરણિયા પરિવાર**

ગામ : જોગવડ, હાલ : જામનગર
બી/૧૧ શાહ એપાર્ટમેન્ટ, હિરજી મિસ્ત્રી રોડ,
જામનગર-૩૬૧ ૦૦૫.
ફોન : ૨૫૬૭૧૦૦


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને
હાર્દિક શુભેચ્છા


**Premchand Bhai Gadhka**


Glass Decora Industries

Decorators of : **DESIGNER TILES**
103, Kamla Bhavan, Sharma Industrial Estate,
Walbhat Road, Goregaon (E)
Mumbai-400 063. (India)
Phone : +91-22-2685 17 54
Tele/Fax : +91-22-2685 17 83

# શય્યંભવસૂરિ

શ્રી જંબૂસ્વામીની માટે શ્રી પ્રભવસૂરિ બિરાજમાન થયા. શ્રી પ્રભવસૂરિ પોતાની પાટે બેસાડવા માટે કોઈ યોગ્ય શિષ્ય માટે વિચારતા હતા. આવો કોઈ યોગ્ય શિષ્ય પોતાના શિષ્ય પરિવારમાં કે ગચ્છમાં જોવા મળ્યો નહિ. આથી તેમને શ્રુત-દષ્ટિનો ઉપયોગ કર્યો. આથી તેમણે જાણ્યું કે રાજગૃહી નગરીમાં રહેતો શય્યંભવ નામનો બ્રાહ્મણ તેમને પોતાના ઉત્તરાધિકારી તરીકે યોગ્ય જણાયો. આથી શ્રી પ્રભવસૂરિ રાજગૃહી ગયા.

શય્યંભવ બ્રાહ્મણ રાજગૃહીમાં યજ્ઞકર્મ કરાવતો હતો. તેને પ્રતિબોધ પમાડવા શ્રી પ્રભવસૂરિએ બે શિષ્યોને યજ્ઞસ્થળે મોકલ્યા. ગુરુની આજ્ઞા પ્રમાણે યજ્ઞસ્થળે પહોંચી આ બે શિષ્યો એક શ્લોક બોલ્યા : ''અહો કષ્ટમહો કષ્ટં તત્ત્વં ન જ્ઞાયતે પરં.'' (અરે ! આ તે કેવી કષ્ટની વાત છે કે મહાકષ્ટ કરે છે પણ તે પરમતત્ત્વને જાણતો નથી.) આટલું બોલીને બન્ને શિષ્યો ત્યાંથી ચાલ્યા ગયા.

શય્યંભવ એ શ્લોક સાંભળી વિચારમાં પડી ગયો - 'શું હું મહાકષ્ટ કરૂં છું, છતાંય પરમતત્ત્વને નથી જાણતો ? આ પરમતત્ત્વ શું હશે ? આ સાધુઓને એવું અસત્ય બોલવાનું કોઈ પ્રયોજન ન હોઈ શકે, તો પછી હવે મારે યજ્ઞાચાર્યને જ તત્ત્વ વિષે પૂછવું જોઈએ.'

યજ્ઞાચાર્યને પૂછતાં તેમણે કહ્યું : ''હે વત્સ ! તું સંદેહ ન કર. યજ્ઞ જ તત્ત્વ છે.'' પરંતુ શય્યંભવનું તેથી બરાબર સમાધાન થયું નહીં. તેથી પેલા બે સાધુઓની શોધ કરતો કરતો તે પ્રભવસૂરિ પાસે આવ્યો. પૂર્વઘટના કહી પૂછ્યું : ''પરમતત્ત્વ શું છે ?'' સૂરિજીએ કહ્યું : ''હે ભદ્ર ! આ પરમતત્ત્વને તો તને તારા યજ્ઞાચાર્ય જ કહેશે, પણ આ માટે તારે તેમને ખોટી રીતે ડરાવવા પડશે.''

શય્યંભવ યજ્ઞાચાર્ય પાસે આવ્યો. લાલ આંખ કરી, ખડ્ગ બતાવી, ઊંચા અવાજે કહ્યું : ''મને તત્ત્વ શું છે તે કહો, નહિ તો આ ખડ્ગથી હું તમારૂં માથું છેદી નાખીશ.''

યજ્ઞાચાર્ય એથી ડરી ગયા, તેમણે તરત જ યજ્ઞના સ્તંભ નીચે સ્થાપિત કરેલી શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા બહાર કાઢીને બતાવી. એ પ્રતિમા જોઈ શય્યંભવ શાંતરસમાં લીન થઈ ગયો. એ પ્રતિમા લઈ તે ફરી પાછો પ્રભવસૂરિ પાસે પહોંચ્યો અને તેનું સ્વરૂપ વગેરે પૂછ્યું સૂરિજીની પ્રેરક દેશનાથી શય્યંભવે મિથ્યાત્વ છોડી દીધું અને અશાતના ન થાય તેવા સ્થળે જિનપ્રતિમાની સ્થાપના કરી. તે પછી શય્યંભવે જિનધર્મની દીક્ષા અંગીકાર કરી. દીક્ષા પર્યાયમાં તેમણે દ્વાદશાંગી કર્યું. પૂરતી યોગ્યતા આવી જતાં પ્રભવસૂરિએ શય્યંભવસૂરિને પોતાની પાટે સ્થાપિત કર્યા.

શય્યંભવે દીક્ષા લીધી ત્યારે તેની પત્ની સગર્ભા હતી. ગર્ભકાળ પૂરો થતાં પત્નીએ પુત્રને જન્મ આપ્યો અને તેનું નામ મનક રાખ્યું. મનક શેરીમાં રમવા લાગ્યો ત્યારે બાળકો એને નબાપો કહીને તેનું અપમાન કરતાં અને ચીડવતાં. મનકે માતાને પૂછ્યું : ''મારા પિતા કોણ છે અને ક્યાં છે ?માતાએ અશ્રુભીની આંખે બધી માંડીને વાત કરી અને કહ્યું, ''હાલ તે પાટલીપુત્ર નગરમાં છે.''

માતાની આજ્ઞા લઈ મનક પાટલીપુત્ર આવ્યો. નગરમાં ફરતાં તેણે મુનિઓના એક સમૂહને જોયો. તેમાંથી એક મુનિને પૂછ્યું, ''તમારા માંથી શય્યંભવ મુનિ કોણ છે ?''

શય્યંભવ સૂરિએ તેને શ્રુતજ્ઞાનના ઉપયોગથી ઓળખી કાઢ્યો અને ઉપાશ્રયમાં લાવી ઉપદેશ આપીને તેને દીક્ષા આપી. જ્ઞાનના ઉપયોગથી જાણ્યું કે મનકનું આયુષ્ય માત્ર છ માસનું છે. આથી પુત્રનો ઉદ્ધાર કરવાના શુભાશયથી શય્યંભવસૂરિએ

વ્દાદશાંગીમાંથી ચિંતન-મનન કરી દશવૈકાલિક સૂત્રની રચના કરી પુત્રને ભણાવ્યો.

આયુષ્ય પૂર્ણ થતાં બાળમુનિ કાળધર્મ પામ્યા. તે સમયે સૂરિની આંખ અશ્રુભીની જોઈને એક શિષ્યે પૂછ્યું : ''ગુરુદેવ ! આપની આંખમાં મૃત્યુના શોકનાં આંસુ ! આપના જેવા જ્ઞાની, ત્યાગી મોહમાં તણાઈ આમ આંસુ સારે તો પછી અમારાથી સમતાભાવ કેવી રીતે જળવાશે ?''

આંસુ લૂછતાં સૂરિએ કહ્યું, ''વત્સ ! મારાં આંસુ મોહનાં કે મૃત્યુની વેદનાનાં નથી. આ મારા પુત્રનું આયુષ્ય ટૂંકું હતું. આયુષ્યમાં પણ ચારિત્ર્યધર્મની સુંદર આરાધના કરી તે સ્વર્ગે ગયો તેના હરખથી આજે મારી આંખો અશ્રુથી ભીંજાઈ છે. તેનું આયુષ્ય લાંબું હોત તો તે સ્વર્ગથી વધુ મહત્ત્વનું પદ પ્રાપ્ત કરી શકત ને ? એ વિચારથી ખેદનાં આંસુ મારી આંખમાંથી દદડી રહ્યાં છે.''

આ સાંભળી સૌને વિષાદ અને વિસ્મયની અનુભૂતિ થઈ. એકે વિનયથી કહ્યું, ''ગુરુદેવ ! આ બાળમુનિ આપના પુત્ર હતા એવી જાણ અમને કરી હોત તો અમે વૈયાવચ્ચ કરત.''

સૂરિજીએ ગંભીરતાથી કહ્યું : ' વત્સ ! એવી જાણ કરી હોત તો તેનું આત્મહિત ન સધાત.''

શય્યંભવસૂરિની આ કથા વાંચીને જિનપ્રતિમાની પૂજા કરવામાં, સ્તુતિ કરવામાં સજાગ બનવાનું છે. જિનપ્રતિમાને ચિત્તમાં ધારવાથી તેમના જીવનનો ઉદ્ધાર થઈ ગયો તેમ આપણો પણ ઉદ્ધાર થઈ શકે છે. આથી હંમેશા જિનપ્રતિમાના ઉપકારોને ચિત્તમાં ધારણ કરવા.


ISO 9001:2000 Company



Visit us at : www.rajhans.com

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

રાજહંસ મેટલ્સ પ્રા. લિ.

૨૧/૩, જી.આઇ.ડી.સી. શંકર ટેકરી,
જામનગર.

RajHans Metals Pvt. Ltd.

Manufacturers of Copper Alloys Extrusion

21/3, G.I.D.C. Shanker Tekri, Jamnagar - 361 004. INDIA
Tel : (0288) 2560111-2560112-2560113 Fax : 0288 - 2560114
E-mail : info@rajhans.com

Mumbai Office :
3, Shiley Industrial Estate, S. V. Road, Goregaon (w), Mumbai - 400 062.
Tel : (022) 28751713 / 28752280 Fax : (022) 28743477

૪૩

# સુશીલા - સુભદ્ર

રાજપુર નગરમાં જિનદાસ નામે શેઠ રહે. તેમનું આખું કુટુંબ ઘણું ધર્મિષ્ઠ હતું. તેમને એક દીકરી હતી. એનું નામ સુશીલા હતું. તેને કોઈ સાધર્મિક સાથે જ પરણાવવી એમ જિનદાસે નક્કી કરેલું.

એક સુભદ્ર નામનો યુવક પૃથ્વીપુર નગરથી વ્યાપાર અર્થે રાજપુરમાં આવ્યો. જિનદાસ શેઠ આ સુભદ્રના સંપર્કમાં આવ્યા. તેનું બોલવું - ચાલવું, રીત-નીતિ અને વાતચીત ઉપરથી 'આ ઉત્તમ શ્રાવક છે' એમ જાણી જિનદાસે પોતાની દીકરી સારી ધામધૂમથી તે સુભદ્ર સાથે પરણાવી. તે નામે સુશીલા તેમ ગુણથી પણ સુશીલ હતી. ઘરના કામક જ ઉપરાંત પતિની ભક્તિ તે નિર્મળ અંતઃકરણથી કરતી

એક દિવસ સુશીલાની કોઈ રૂપે સુંદર સખી ઉદ્‌ભટ વેશ પહેરીને સુભદ્રના ઘરે આવી. સુભદ્ર તેને જોતાં જ અનુરાગી થયો. કુળવાન હોવાથી લજ્જાથી કંઈ બોલ્યો નહીં પણ મનથી પેલી સુંદરી ભુલાઈ નહીં. એની યાદ તેને સતત સતાવતી રહે . આને કારણે તે દિવસે દિવસે દુર્બળ થતો ગયો. તેની આવી સ્થિતિ જોઈ પત્નીએ વારંવાર કારણ પૂછ્યું. અતિ આગ્રહના લીધે તેણે ખરી વાત સુશીલાને કહી દીધી અને કહ્યું : ''જ્યાં સુધી મને તે સ્ત્રીનો સમાગમ નહીં થાય ત્યાં સુધી મને કળ વળવાની નથી.''

સુશીલા આ સાંભળી સ્તબ્ધ થઈ ગઈ, 'મારો વ્રતધારી પતિ આવો પાપી કામેચ્છા કરે છે ?' પણ તે ચતુર અને ધીર હતી. તેણે કહ્યું, ''તમારી એવી જ ઈચ્છા છે તો તે હું પૂરી કરીશ. મારી સહેલી હું જે કહું તે ટાળે જ નહીં. હું શીઘ્ર જ આ કામ કરી આપીશ.''

એક દિવસ સુશીલાએ પતિને કહ્યું, ''જુઓ, મારી સહેલી તૈયાર તો થઈ છે, પણ તેને ઘણી શરમ આવે છે તમારાથી અને તેમાં આવા પ્રસંગે તેને ઘણી જ શરમ આવશે. તે પોતે જ એમ કહેતી હતી અને તેણે આગ્રહપૂર્વક કહ્યું છે કે, ''હું શયનગૃહમાં આવું કે તરત જ દીવો ઓલવી નાખે. નહી તો હું ઓલવી દઈશ. ' સુભદ્રે બધું કબૂલ ક્યું. સુશીલાએ કહ્યું, ''તે આજે સાંજે જ આવશે.''

સમય થતાં વાતચીત ક્ર્યા મુજબ સુશીલાની સહેલી એવો જ ઉદ્‌ભટ વેશ પહેરીને આવી. બંને ખૂબ હળીમળી આનંદ કરવા લાગી. સુભદ્રને ભરોસો થઈ ગયો કે સાચે આજે લાંબા કાળની અભિલાષા પૂર્ણ થશે. તે સુગંધી પુષ્પ, ધૂપ-ચંદન કપૂર આદિથી યુક્ત શય્યાવાળા પલંગ ઉપર બેઠો હતો. શયનાગાર બરાબર સજાવેલું હતું ને દીપકનો આછો પ્રકાશ રેલાતો હતો.

સુશીલા વિચારતી હતી; ખરે જ વિષયરૂપી આવેશવાળો જીવ પારકી નારીના વિચારોમાં ડૂબી જવું આદિ બધી જ કુચેષ્ટાઓ કરે છે ને ચંચળ વૃત્તિવાળો થઈને રહે છે. અરેરે ! અનંત સુખ આપનાર વ્રતને પણ તે ગણકારતો નથી. લીધેલા વ્રતની પણ તે ઉપેક્ષા કરે છે. સુશીલ અને સમજુ એવો મારો પતિ જ વિષયાધીન થઈ ગયો તો બીજા સાધારણ માણસની શી દશા ? ગમે તે થાય પણ મારા પતિનું વ્રત તો ખંડિત નહીં જ થવા દઉં. બાર વ્રતધારી શ્રાવક અને પરસ્ત્રીની અભિલાષા ? તેણે મનથી નક્કી કરેલ ઉપાય અજમાવ્યો. આવેલ સહેલીનાં બધાં જ વસ્ત્રો તેણે પહેરી લીધાં. બધાં તેના આભૂષણો પહેર્યાં. રાત્રિની શરૂઆત થઈ ગઈ હતી. તેણે લટક મટક કરતી શયનગૃહમાં પ્રવેશ ર્ક્યો અને તરત સુભદ્રે દીવો બૂઝવી નાખ્યો. તે પલંગ પાસે આવતાં સુભદ્રે તેને ખેંચી બાહુપાશમાં જકડી લીધી અને ચુંબનોથી ભીંજવી નાખી. તેની સાથે કામક્રીડા કરી પોતે અતિસંતુષ્ટ થયો અને નિદ્રાધિન થઈ ગયો. પ્રાતઃકાળ થતાં પૂર્વે સ્ત્રી પલંગ ઉપરથી ઊઠી ઘરે જવાનું કહી ચાલતી થઈ. તેના ગયા પછી સુભદ્રને ઘણો પશ્ચાત્તાપ થયો, ''અહો ! જિનેશ્વર દેવોએ પરમ હિત માટે કહ્યું છે, તે પરલોકના ભાતા સમાન શીલને હું આજે હારી ગયો. ધિક્કાર છે મારી જાતને !''

આવી ભાવનાથી સુભદ્રનું અંતઃકરણ સંવેગમય થઈ પશ્ચાત્તાપથી જાણે બળવા લાગ્યું. ત્યાં સુધી કે તે પોતાની પત્ની સાથે આંખ પણ મેળવી ન શકતો. તેની આંખો શરમથી ઢળી પડતી. તેની આ સ્થિતિ જોઈ પત્નીએ વિચાર્યું : ''મારા પતિ લજ્જાવાન છે માટે સરળતાથી ધર્મ પામશે. જે સાવ નિર્લજ્જ અને વાચાળ હોય છે તે ધર્મ નથી

પામી શકતા. તે એવા નથી.'' તે સામાયિકમાં સ્વાધ્યાય કરતી વેળા વ્રત - પાળવાના પ્રસંગો મોટેથી સુભદ્ર સાંભળે એમ બોલતી, તેમાં વ્રતભંગથી થતી હાનિ સંભળાવતી. જેમ કે વ્રત લેવું તો સહેલું છે પણ પાલન કરવું દુષ્કર છે. જે પુણ્યશાળી વ્રત લઈ પ્રાણની જેમ પાળે છે તેમને ધન્ય છે. વ્રત લેવા પાળવાની ચઉભંગી છે. જેમ કે લેવું સરળ પણ પાળવું મુશ્કેલ; લેવું કઠિન પણ પાળવું સરળ; લેવું સહેલું અને પાળવું પણ સહેલું; અને લેવું - પાળવું બંને મુશ્કેલ. આમાં ત્રીજો ભંગો ઉત્તમ અને ચોથો અનિષ્ટ.

આ બધું સાંભળી સુભદ્ર પોતાની પત્નીની ભાવનાનાં વખાણ મનોમન કરતો. અને પોતાના મનમાં વ્રતભંગનું દુ:ખ તો તેને સાલ્યા જ કરતું. તે દિવસે દિવસે પાપભીરું હોવાથી દૂબળો થવા લાગ્યો. પત્નીએ આગ્રહ કરી કારણ પૂછ્યું, ત્યારે તે ખિન્ન થઈ બોલ્યો, ''હે સુભા ! મોક્ષપ્રાપ્તિની અભિલાષાએ લાંબા વખત સુધી મેં વ્રત પાળ્યું હતું, પણ મનકલ્પિત સુખને માટે ક્ષણ વારમાં મેં નષ્ટ કરી, મૂર્ખ પણ ન કરે તેવું અકાર્ય મેં ક્યું. આથી દિવસે દિવસે ચિંતાથી દુ:ખી છું અને આના લીધે હું સુકાતો જાઉં છું. હવે આ પાપનું પ્રાયશ્ચિત્ત કોણ આપશે ? વ્રતભ્રષ્ટ મારી ગતિ કઈ થશે ? આવું મહાપાપ આચર્યા પછી ફક્ત મિથ્યા દુષ્કૃત બોલ્યા કરવાથી પાપ નાશ કેમ થાય ?''

આમ શુદ્ધ અંત:કરણ અને શુભ પરિણામ જાણી અને આ માત્ર પત્ની સમક્ષનો જ પશ્ચાત્તાપ અને દેખાડો નથી એમ સમજી તથા સંવેગરંગથી રંગાયેલું આ હૃદય હવે ઈન્દ્રની અપ્સરાથી પણ હારે એવું નથી એવો વિશ્વાસ થવાથી સુશીલાએ બધી સાચી વાત જણાવી દીધી : ''જેને એ રાત્રે તમે ભોગવી તે મારી સહેલી નહીં પણ તેના વેશ ને હાવભાવવાળી હું જ હતી.'' આ સાંભળી સુભદ્ર મનથી હળવો થઈ ગયો. 'અહો ! મારી પત્ની કેવી નિપુણ, કેવી ચતૂર કે મને નરક જતો બચાવી લીધો ! ધર્મ પોકારી પોકારીને કહે છે કે પરનારીના સંગથી જીવ નરકે જાય. તેણે કેવી ધીરતાથી કામ લીધું ! મારૂં એટલું સૌભાગ્ય કે અંત:કરણથી મારી હિતચિંતા કરનાર સુશીલ પત્ની મળી છે.' ઈત્યાદિ તેણે અંતરથી પત્નીની સ્તુતિ કરી અને ગુરુમહારાજ પાસે જઈ પરસ્ત્રીસેવનનો સર્વથા ત્યાગ કર્યો, પાપની આલોચના કરીને ધર્મમાં આદરવાળો થયો. કાળાંતરે પુત્રને વ્યવહારભાર સોંપી પતિપત્ની બંનેએ ચારિત્ર્ય લીધું. ઉત્કટ આરાધના તપ સંયમથી તે બંને કેવળી થઈ મોક્ષે સિધાવ્યાં.


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

શ્રી વેલજી કરમણ ચંદરિયા પરિવાર
હસ્તે : અમૃતલાલ વેલજી ચંદરિયા, ગામ : ચાંપાબેરાજા, હાલ- જામનગર.

Divya Electricals

Mfrs. & Suppliers
All Kinds of Electrical Brass Parts, Full Range of Mem, HC., H.R.C. Type Contact for Switch Gear & Fuse Unit.

P.O. BOX No. 730, K-1/243,
G.I.D.C. Industrial Estate, Jamnagar - 361 004.
Phone : (0288) O. 2560346, 2561283,
R. 2566872, 2564473, Fax : (0288) 2561120,
Mobile : 98242-12652, Reliance : 3090583,
E-mail : divyaele@satyam.net.in

# શેઠ જગડુશા

કચ્છનું ભદ્રેશ્વર ગામ. ત્યાં એક ગુરુ મ. પધાર્યા. શેઠ જગડુશા દર્શનાર્થે ગયા. ગુરુજીએ ભાવિના ગોઝારા દિવસોની આગાહી કરતાં કહ્યું : ''ત્રણ ત્રણ વર્ષનો કપરો દુકાળ આવી રહ્યો છે. ધાન્યનો એકેક કણ કીમતી ગણાશે. લોકો ઢોરઢાંખર તો ઠીક પેટનાં જણ્યાંનેય વેચવા તૈયાર થાય એવી પરિસ્થિતિ સર્જાશે.'' ગુરુજીએ શેઠને માથે હાથ મૂકી આશીર્વાદ આપતાં એટલું કહ્યું કે, ''સમય ઓળખી પાણી પહેલા પાળ બાંધજો.'' જગડુશાએ હુકમ છોડ્યો. દેશવિદેશની પોતાની તમામ પેઢીઓને અનાજ ખરીદી કોઠારો ભરવા જણાવ્યું.

સંવત ૧૩૧૩ની સાલ. ભયંકર દુષ્કાળ. પોતાની પાસેનું સંઘરેલું અનાજ ખાઈને ગમે તેમ વર્ષ પૂરું કર્યું. સંવત ૧૩૧૪ની સાલ. કારમો દુષ્કાળ. પરસ્પર મદદ કરીને જેમ તેમ વસમા દિવસો વિતાવ્યા.

૧૩૧૫ની સાલમાં પણ વરસાદ નહીં. અવનિ પર કારમો દુષ્કાળ. બાળકના હાથમાંથી બટકું રોટલો ઝૂંટવી લઈને ખાવાનો પણ ક્ષોભ નહીં એવા દિવસો ને પરિસ્થિતિમાં જગડુશાએ દાન કરી પુણ્ય કરવાની પળ પારખી લીધી અને ત્રણે વર્ષ પોતાના ભંડારો ખુલ્લા મૂક્યા.

ગુજરાતના રાજા વિશળદેવે શ્રેષ્ઠીવર્ય જગડુશાને દરબારમાં બોલાવી તેની કીર્તિની કદર કરતાં કહ્યું, ''શેઠ ! સાંભળ્યું છે કે પાટણમાં તમારા સાતસો કોઠારો ધાન્યથી ભરેલા પડ્યા છે. મને તે અનાજ આપો. હું મોં માંગ્યા દામ દેવા તૈયાર છું.''

શેઠે કહ્યું, ''ના એ કોઠારો હું વેચી શકું એમ નથી. એમાં મારું કંઈ નથી.'' રાજાને શંકા થઈ. વિચાર્યું કે વાણિયાને લાલચ જાગી લાગે છે. આવેશમાં આવી રાજાએ કોઠારોનાં તાળાં તોડાવ્યા. અંદર જોયું તો ભરપૂર અનાજ ભરેલું હતું. વિશળદેવે કરડી નજરે ઉપાલંભ સાથે કહ્યું, ''શેઠ ! વસમી વેળાએ તમને વેપારી વૃત્તિ સૂઝી ? વિશળદેવે આગળ બોલે તે પહેલાં એક સિપાઈ કોઠાર બાજુથી દોડતો આવ્યો અને હાથમાં તામ્રપત્ર મૂકતાં બોલ્યો કે આવું તામ્રપત્ર પ્રત્યેક કોઠારમાં લાગેલું છે. રાજાએ તામ્રપત્ર પર કોતરાયેલું લખાણ વાંચ્યું. ''આ કોઠારનું અનાજ ગરીબ લોકોનું છે.'' રાજા વિશળદેવ ક્ષોભ સાથે શેઠનાં ચરણોમાં ઝૂકતાં બોલ્યા, તમારું નામ લઈને દાનતા દાનનો ઈતિહાસ પોતાનું ગૌરવ વધારશે.''

કહેવાય છે કે જગડુશા શેઠે 'લજ્જાપિંડ' લાડવા બનાવ્યા હતા. એ લાડવાની અંદર છાનું રૂપું મૂકતા. આ લાડવા આબરૂદાર કુટુંબો માટે હતા. કારણ કે કપરા કાળમાં આવાં કુટુંબો કોઈની સામે હાથ લંબાવી શકતાં નહોતાં ને ભૂખે મરતાં હતાં. જગડુશા શેઠ દરરોજ વહેલી પરોઢે આ લજ્જાપિંડ લાડવા જાતે આબરૂદાર કુટુંબોમાં વહેંચી આવતા. જગડુશાએ ગામેગામ ભરેલા કોઠારો ખૂલ્લા મૂકી દીધા. લોકોને કંઈ પણ મૂલ્ય લીધા વિના ધાન્ય આપવા હુકમો છોડ્યા. કારમી અછતમાં એ ધાન્યથી હજારો કુટુંબો બચી ગયાં.

ઈતિહાસ નોંધે છે કે જગડુશાએ દુકાળના સમયમાં વિશળદેવને આઠ હજાર મુંડા, હમીર રાજાને બાર હજાર મુંડા અને દિલ્હીના સુલતાનને એકવીસ હજાર મુંડા અનાજ મફત આપ્યું

હતું. તે સમયે જગડુશાએ ૧૧૨ દાનશાળાઓ ખોલી હતી.

ખાનદાન માણસો દાન લેતાં લજવાય અને ખચકાય નહીં માટે તેમની અને દાન લેનારની વચ્ચે પડદો રાખવામાં આવતો.

એક દિવસ વિશળદેવ રાજા પોતાના ભાગ્યની પરીક્ષા કરવા માટે વેશ બદલીને દાન લેવા ગયા. એ ખુલ્લી હથેલી જોઈને જગડુશા વિચારમાં પડી ગયા. તેમને થયું, 'આ તો કોઈ રાજાનો હાથ લાગે છે. ખૂબ જ ભાગ્યશાળી લાગે છે. આ વ્યક્તિએ પણ દુકાળના કારણે આજે હાથ લંબાવ્યો છે તો હું તેની જિંદગીભરની ગરીબી દૂર થઈ જાય તેવું જ કંઈ તેને આપું.' અને જગડુશાએ પોતાની આંગળી પરની રત્નજડિત વીંટી વેશધારી રાજાના હાથમાં પહેરાવી દીધી. વિશળદેવ રાજાએ તરત બીજો હાથ ધર્યો. એ હાથે પણ જગડુશાએ પોતાની બીજી રત્નજડિત વીંટી પહેરાવી દીધી. રાજા બંને વીંટી લઈ રાજસભામાં આવ્યો.

બીજે દિવસે વિશાળદેવે જગડુશાને સન્માનથી રાજ્યસભામાં બોલાવ્યા. તેમને પેલી બે વીંટીઓ બતાવીને પૂછ્યું, 'શ્રેષ્ઠી ! આ શું છે ?' ત્યારે જગડુશાએ કહ્યું, ''હાથની રેખા જોતાં સમજાયું કે આ કોઈ ભાગ્યશાળી છે એમ સમજી મેં આ વીંટીઓ પહેરાવી હતી.'' આમ કહી જગડુશા રાજાને પ્રણામ કરવા ગયા. પરંતુ રાજાએ તેમને તેમ કરતા અટકાવ્યા અને તેમને હાથી ઉપર બેસાડીને સન્માનપૂર્વક વિદાય આપી.

સંવત ૧૩૧૬ની સાલમાં સારો વરસાદ પડ્યો. લોકોએ જૈન શ્રાવક જગડુશાનો જયજયકાર બોલાવ્યો.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

કાનજીભાઈ પુંજાભાઈ ચંદરિયા - પરિવાર

C/o જયદીપ એન્ટરપ્રાઈઝ
સી-૨/૩૮, એસ.ટી. ઉદ્યોગનગર,
જી.આઈ.ડી.સી. જામનગર.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

ATUL H. SHAH

ATUL
BRASS PRODUCTS

Mfg. of : Precision Brass Components

Holder Parts, Connector Pipe,
Screws 5 & 15 Amp Tops Set,
Auto Parts, Electrical Parts,
& As Per Your Speciman & Drawing .

56, Digvijay Plot, "ATUL" Jamnagar-361 005 (INDIA)
Ph. : (O.&R.) : 564311

# ૭૫ રાજા યશોવર્મા

કલ્યાણકટક શહેરમાં યશોવર્મા નામનો રાજા રાજ્ય કરતો હતો. તે ન્યાયનો જબ્બર પક્ષપાતી હતો. તેના રાજ્યમાં સહુને સહેલાઈથી ન્યાય મળે તે માટે તેણે રાજમહેલના પ્રાંગણમાં મોટો ઘંટ બંધાવ્યો હતો, જેને સહુ કોઈ ન્યાયઘંટા કહેતા. જે કોઈને ન્યાય જોઈતો હોય તે દોરડું ખેંચી ઘંટ વગાડે એટલે રાજા પોતે આવી ઘંટ વગાડનારની વાત સાંભળી ન્યાય તોળે અને તે બધાને માન્ય રહે એવો એ રાજ્યનો નિયમ હતો.

એકવાર રાજ્યની અધિષ્ઠાયિકા દેવીને રાજાના ન્યાયનું પારખું કરવાનું મન થયું. તેણે દૈવી માયા કરી, રાજાનો કુમાર વેગથી રથ દોડાવતો રાજમાર્ગથી જતો હતો ત્યાં માર્ગમાં તરતના જન્મેલા વાછરડા સાથે બેઠી. વેગથી આવતા રથના પૈડાથી ચગદાઈને તરતનું જન્મેલું બાળ વાછરડું મરણ પામ્યું. આ જોઈ ગાયે રાડરાડ કરી મૂકી ને ઊનાં ઊનાં આંસુઓ પાડવા લાગી. લોકોની ભીડ જામી. કોઈએ ગાયએ સંભાળાવ્યું, 'એમ આંસુ પાડ્યે શું વળશે ? જા રાજના ન્યાયાલયમાં, ત્યાં તને જરૂર ન્યાય મળશે. અહીં બરાડા પાડવાથી કશું નીપજશે નહીં.' ગાય તો ચાલી ન્યાય મેળવવા. તેણે જોરશોરથી દોરડું ખેંચી ઘંટ વગાડવા માંડ્યો. ત્યારે રાજા જમવા બેઠો હતો. તેણે સેવકને જોવા મોકલ્યો. સેવકે જોઈને કહ્યું, 'મહારાજ ! આપ આરોગો કોઈ નથી.'

ત્યાં પાછો ઘંટનો અવાજ આવવા માંડ્યો. રાજાએ કહ્યું કે, 'આંગણે ન્યાયનો પોકાર પડતો હોય ને જમાય શી રીતે ? ધાન ગળે ઊતરે જ નહીં.' રાજાએ ઊઠીને જોયું તો એક દુઃખિયારી ગાય આંસુ સારતી ત્યાં ઊભી હતી. રાજાએ પ્રેમથી ગાયને પંપાળતાં પૂછ્યું, 'ધેનું ! તારો કોઈએ અપરાધ કર્યો છે ?' તેણે ડોકું ધુણાવી હા પાડી. રાજાને સાથે આવવાનું જણાવતી હોય તેમ આગળ ચાલી. રાજા તેની પાછળ પાછળ ચાલ્યો. જ્યાં વાછરડું મરેલું પડ્યું હતું ત્યાં પોતાનું નવજાત વારછડું મરેલી સ્થિતિમાં પડેલું બતાવ્યું. જોતાં જ રાજા સમજી ગયો કે 'આ વાછરડાને કોઈએ વાહનની અડફેટમાં લઈ મૃત્યુ પમાડ્યું છે અને ગાય આનો ન્યાય માગે છે.'

રાજા તરત પાછો ફર્યો. નગરમાં ઘોષણા કરાવી કે 'જેનાથી વાછરડું ચગદાયું હોય તે ન્યાયસભામાં ઉપસ્થિત થાય.' પણ કોઈ અપરાધી તરીકે આગળ આવ્યો નહીં. ત્યારે રાજાએ પ્રતિજ્ઞા કરી કે 'જ્યાં સુધી અપરાધી નહીં મળે ત્યાં સુધી હું ભોજન કરીશ નહીં.'

એક દિવસના લાંઘણ પછી બીજે દિવસે રાજકુમારે રાજાની સમક્ષ ઉપસ્થિત થઈ કહ્યું, દેવ ! અપરાધી હું છું. મને પણ સમજાતું નથી કે આ દુષ્કૃત્ય કેવી રીતે બની ગયું ? આપને જે યોગ્ય લાગે તે દંડ કરો.' સાંભળી રાજા આશ્ચર્ય પામ્યો. તરત ન્યાયશાસ્ત્રીઓને બોલાવી રાજાએ ન્યાય માગ્યો. નીતિશાસ્ત્રીઓએ કહ્યું, 'મહારાજ ! રાજકુમારનો તો શો દંડ હોય ? તેમાં પાછો રાજ્યને યોગ્ય આ એક જ રાજકુમાર છે.'

રાજાએ કહ્યું, ''ન્યાયશાસ્ત્રી થઈને આ તમે શું બોલો છો ? આ રાજ્ય કોનું ? રાજકુમાર કોનો ? રાજનીતિ પ્રથમ છે. તે છે તો રાજા અને પ્રજા છે. નીતિ તો સાફ કહે કે 'પોતાના પુત્રને પણ અપરાધ અનુસાર દંડ આપવો જોઈએ, માટે જે દંડ હોય તે નિઃશંક થઈ કહો.'' રાજાની વાત સાંભળી એક નીતિનિપુણ પંડિત બોલ્યા, 'જેવી વ્યથા-પીડા

બીજાને કરી હોય તેવી અપરાધીને કરવી' રાજા તરત નિર્ણય કરી ઊભા થયા અને પોતાના વહાલા, વિવેકી ને સજ્જન પુત્રને કહ્યું, "દીકરા ! અપરાધ પ્રમાણે તને દંડ થશે. તે તારે સહેવો જોઈએ. તારે તે જગ્યાએ માર્ગમાં સૂવાનું ને રાજપુરૂષો તારા ઉપરથી રથ હાંકી જશે."

વિનયી રાજકુમાર તરત પિતાને પગે લાગીને રાજમાર્ગ ઉપર સૂઈ ગયો. રાજાએ સેવકોને તેના ઉપર રથ દોડાવવા આજ્ઞા કરી. અધિકારી તથા નગરજનોએ રાજાને ઘણા વિનવ્યા. પરિસ્થિતિ ત્યાં સુધી પહોંચી કે સેવકોએ રથ ચલાવવાની ના પાડી, માથું નમાવી એક તરફ ઊભા રહ્યા.

ત્યારે નીતિમાન રાજાએ પોતે રથ પર ચડી લગામ હાથમાં લીધી ને જોશથી વજનદાર રથ રાજકુમાર તરફ દોડાવ્યો. સહુ જોનારના શ્વાસ થંભી ગયા. ઘણાએ આંખો બંધ કરી લીધી કે મુખ ફેરવી લીધું.

રાજા અડગ હતા. રથ પૂરવેગે દોડતો રાજકુમાર ઉપરથી નીકળતાં અદ્ધર થઈ ગયો. જયજયકાર ઘોષ ને પુષ્પની વૃષ્ટિ થવા લાગી. ન મળે ગાય કે ન મળે વાછરડું. રાજા વિસ્મિત થઈ જુએ છે તો કોઈ જાજ્વલ્યમાન દેવી રાજકુમારને ઊભો કરી ઉઠાડી રહી હતી. તેણે કહ્યું, "રાજા ! ઉદાસી છોડો. હું તમારી પરીક્ષા કરવા આવી હતી. સાચા સોનાની જેમ તેમ સાચા ઠર્યા છો. વાછરડું ગાય બધી મારી માયા હતી. હવે ખબર પડી કે પ્રાણથી અધિક એકના એક દીકરા કરતાં પણ તમને ન્યાય-નીતિ અધિક વહાલી છે. તમે ખરે જ ધન્ય છો. સુખે રાજ કરો ને અમર તપો !" આમ કહી દેવી ચાલી ગઈ. નગરમાં ને રાજકુટુંબોમાં આનંદ આનંદ વર્તાઈ રહ્યો.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને
હાર્દિક શુભેચ્છા

DIPEN SHAH

LP

Liberty Products

Mfg. & Supp. of :
ELECTRICAL, ELECTRONICS, AUTO
& SANITARY BRASS PARTS

56, DIGVIJAY PLOT, JAMNAGAR - 361 005.
Phone : O. (0288) : 564852, F. (0288) : 560427
R. (0288) : 563860, Fax : 91-28-564852

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને
હાર્દિક શુભેચ્છા



શ્રી નેમચંદ રાજપાળ મારૂ - પરિવાર

ગામ : નાની રાફૂદળ, હાલ : ભિવંડી

# सेवा मूर्ति नंदिषेण

मगध के नंदि गाँव में सोमील नामक ब्राह्मण रहता था । उसकी सोमीला नामक स्त्री थी। उन्हे नंदिषेण नामक पुत्र था । दुर्भाव से वह कुरुप था । बचपन में माता-पिता की मृत्यु हों गई, वह मामा के वहां जाकर रहता था । वहाँ वह चारा-पानी वगैरह लाने का काम करता था । मामा की सात पुत्रियाँ थी । 'सात में से एक का ब्याह तेरे साथ करुंगा'- एसा मामा ने नंदिषेण को कहा, जिससे वह घर का काम करने लगा । एक के बाद एक सातों बेटियों ने कुरूप नंदिषेण से शादि करने का इनकार कर दिया और कहा, 'जोर-जुल्म से नंदिषेण से शादी करवाओगे तो मैं आत्महत्य करके मर जाऊंगी, '- ऐसा हरेक पुत्रीने कह । इससे यहाँ रहना ठीक नहीं है, ऐसा मानकर खेद व्यक्त करने लगा कि मेरे दुर्भाग्य से मेरे कर्मों का उदय हुआ है, इस प्रकार के जीवन जीने से मर जाना बेहतर है । सोच विचार करके वह मामा का घर छोड़कर रत्नपुर नामक नगर में गया । वहाँ स्त्री-पुरुष को भोग भुगतते हुए देखकर अपनी निंदा करते हुए कहने लगा, 'अहो ! मैं कब एसा भाग्यवान बनूंगा?' वह बन में जाकर आत्महत्या करने का विचार करने लगा । वहाँ कायोत्सर्ग करते हुए मुनि ने उसको अटकाया । उनको प्रणाम करके नंदिषेण ने अपने दु:ख की सब कहानी मुनि को सुनाई ।

मुनि ने ज्ञान से उसका भाव जानकर कहा, 'हे मुग्ध ! ऐसा जुठा वैराग्य मत ला। मृत्यु से कोई भी मनुष्य करे हुए कर्मों से छूटता नहीं है । शुभ अथवा अशुभ जो कुछ कर्म किये हो वह भुगतने ही पड़ते है । श्री वीतराग परमात्मा भी धर्म से ही अपने पूर्व के पापकर्मो से छूटते है । इसलिए तू आजीवन शुद्ध धर्म ग्रहण कर जिससे तू अगले भव में सुखी हो पायेगा ।'

ऐसे उपदेश से वैराग्य पाकर, नंदिषेण ने गुरु से दीक्षा व्रत ग्रहण किया और विनयपूर्वक अध्ययन करने लगा और धर्मशास्त्र में गीतार्थ बने । उन्होंने आजीवन छट्ठ, पारणे से आंयबिल और लघु, वृद्ध या रोगवाले साधुओं की सेवा (वैयावच्च) करने के बाद ही भोजन करने का अभिग्रह लिया, और इस प्रकार वे नित्य वैयावच्च करने लगे ।

नंदिषेण की इस उत्तम वैयावच्च को अवधिज्ञान से जानकर इन्द्र ने अपनी सभा मे कहा, 'नंदिषेण जैसा वैयावच्च में निश्चल अन्य कोई मनुष्य नहीं हैं ।' एक देव ने यह बात न मानी, नंदिषेण की परीक्षा करने का विचार किया और एक रोगी साधू का रुप लिया एवं अतिसारयुक्त देह बनाई और अन्य साधू का रुप लेकर नंदिषेण जहाँ ठहरे थे उस उपाश्रय पर पहुँचे । वहाँ नंदिषेण भिक्षा लेकर इर्यापथिकी प्रतिक्रमी, पच्चक्खाण पालकर गोचरी (आहार) लेने बैठे । उस समय साधू के रुपवाले देव ने कहा : 'आपने साधू की वैयावच्च करनेका नियम किया है, फिर भी आप ऐसा करे बिना अन्न क्यों ले रहे हो ?' नंदिषेण के पूछने पर उसने बताया कि 'नगर के बाहर एक रोगी साधू है । उसे शुद्ध जल चाहिए ।' यह सुनकर शुद्ध जल लेने के लिए नंदिषेण श्रावक के घर गये । जहाँ जहाँ वे जाते वहाँ वहँ देव-साधू जल को अशुद्ध कर देते थे । बहुत ही भटकने बाद अपनी लब्धी के प्रताप से ज्यों त्यों शुद्ध जल प्राप्त करके उस देव-साधू के साथ नंदिषेण नगर से बाहर रोगी साधू के पास गये । उन्हें अतिसार से पीडित देखकर, 'उनकी वैयावच्च से मैं कृतार्थ हो जाऊंगा ।' एसा मानकर उन्हें जल से साफ किया लेकिन ज्यों ज्यों साफ करते जा रहे थे त्यों त्यों बहुत ही दुर्गंध निकलने लगी । इससे वे सोचने लगे, 'अहो ! ऐसे भाग्यवान साधू फिर भी ऐसे रोगवाले हैं, राजा या रंक, यति या इन्द्र कोई भी कर्म से छूटता नहीं है ।' वे साधू को कंधो पर बिठाकर पौषधशाला में ले जाने के लिये चल पडे । रास्ते में ये देव-साधू नंदिषेण पर मलमूत्र करते है, इसकी बहुत ही दुर्गंध आने पर भी बुरा नहीं मानते हैं । वे धीमे चलते हैं तो कहते है, 'तू मुझे कब पहुँचायेगा ?

रास्ते में ही मेरी मौत हो जायेगी तो मेरी दुर्गति होगी । मैं आराधना भी नहीं कर सकूंगा । वे तेज चलते है तो कहते हैं, इस प्रकार चलेगा तो मेरे प्राण ही निकल जायेंगे, तूंने यह कैसा अभिग्रह लिया है ?' ऐसा सुनते सुनते भी नंदीषेण को साधू के प्रति जरा सी भी घृणा, क्रोध और द्वेष न हुआ और उन्हें उपाश्रय पर ले आये ।

उपाश्रय पर ले जाकर सोचने लगे कि इस साधू को निरोगी कैसे किया जाये ! मैं स्वयं योग्य चिकित्सा न ही कर सकता हूँ एसा समझकर स्वयं अपनी निंदा करते हैं । देवसाधू ने जान लिया कि नंदीषेण वैयावच्च करने में मेरु समान निश्चल हैं । उन्होंने प्रकट होकर सर्व दुर्गंध समेट ली और नंदिषेण पर पुष्पवृष्टि करके कहा, 'हे मुनि ! आपको धन्य है ! इन्द्र ने वर्णन किया था उससे भी आप बढकर हो ।' इस प्रकार कहकर क्षमायाचना कर देव स्वर्ग लौट चले ।

तत्पश्चात् नंदिषेण मुनि ने बारह हजार वर्ष तक तप किया और तप के अंत में अनशन प्रारंभ कर दिया । तपस्वी को वंदन करने अपनी स्त्री सहित चक्रवर्ती वहाँ आये । स्त्री की काया तथा अति सुकुमार और कोमल केश देखकर उन्होंने संकल्प किया कि 'मैं इस तप के प्रभाव से ऐसी कई स्त्रियों का वल्लभ बनूँ ।' वहाँ से मृत्यु पाकर वे महाशुक्र देवलोक में देवता बने । वहाँ से वे सूर्यपुरी के अंधक वृष्णि की सुभद्रा नामक स्त्री के दसवें वसुदेव नामक पुत्र हुए । वहाँ नंदिषेण के भव के संकल्पसे बहत्तर हजार स्त्रियों से उनका ब्याह हुआ । वे ही श्री कृष्ण के पिता वसुदेव !

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

મહેતા પ્રભાબેન હેમતલાલ વિઠલજી
સહ પરિવાર

૮શાક માર્કેટ પાસે, ગિરધારી મંદિર રોડ,
જામનગર.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

શાન્તાબેન ગોસરભાઈ વીરપાર દોઢિયા પરિવાર

ગામ : નવાગામ, હાલ : જામનગર
પીળી બંગલી, ખંભાળિયા નાકા બહાર,
જામનગર.

४७

# चंदनबाला

चंपापुरी का राजा दधिवाहन चेटक राजा कि पुत्री – पद्मावती जिसका दूसरा नाम धारिणी – से ब्याह कीया था। उन्हें वसुमती नामक पुत्री थी। वह दधिवाहन राजा को शतानिक राजा के साथ दुश्मनी थी। उस कारण शतानिक राजा ने अपने सैन्य के साथ चंपापुरी पर घेरा डाला। घोर युद्ध हुआ। हजारों मनुष्य उसमें मारे गये। दधिवाहन राजा राज्य छोडकर भाग गया। शतानिक राजा ने चंपापुरी को लूंटा। एक सैनिक ने दधिवाहन राजा की रानी धारीणी और पुत्री वसुमती को पकडा।

सैनिक ने धारीणी को अपनी स्त्री बनने को कहा लेकिन धारिणी ने सैनिक को धूत्कार कर कहा : 'अरे ! अधम और पापीष्ट ! तू यह क्या बोल रहा है ? मैं परस्त्री हूँ, और परस्त्री लंपट तो मरकर नरक को जाता है।' सैनिक ने धर्मवचनों को अनसून कर धारिणी का शील खण्डन करने के लिए उस पर बलात्कर करने लगा तो धारिणी ने प्राणत्याग कर दिया। माता के वियोग से वसुमती विलाप करने लगी। करुण आक्रंद करती हुई कहने लगी, 'हे माता ! तू मेरे उपर का स्नेह छोड़कर चल दी। मुझे अब पराये हस्तों में जाना पड़ेगा, उससे तो अच्छा हो गया होता कि मेरी मृत्यु हो जाये।' इस प्रकार रोते–मचलते हुए मृत माता के चरण पकड़ लिये और 'तुझे मैं अब नहीं जाने दूंगी, मुझे छोड़कर नहीं जाने दूंगी' – ऐसा करुण विलाप करने लगी।

वसुमती के ऐसे रुदन वचन सुनकर सैनिक ने कहा : 'हे मृगाक्षी ! मैंने तूझे कोई भी कुवचन नहीं कहे हैं। तू एसा सोचना भी मत कि मैं तुजसे शादी करुंगा।' इस तरह वसुमति को समझाकर धारीणी के शरीर पर से हार वगैरह मुख्य मुख्य अलंकार उतार लिये और वसुमति को अपने घर ले गया। घर पर उसकी स्त्रीने उसे कटु वचन शब्दों मे सुना दिया कि इस परस्त्री को आप घर लायें हो लेकिन मैं सहन नहीं करुंगी। इसे घर से बहारनिकाल दो। घर से ऐसे वचन सुनकर वसुमति को लेकर सैनिक बाजार में बेचने चला। बाजार में वसुमति का रुप देखकर कई खरीदनेवाले तैयार हो गये। गाँव की वेश्याएँ उसे खरीदना चाह रही थी। एक वेश्या ने वसुमति का हाथ पकडा तो राजकुमारीने उसको पूछा, 'तुम्हारा कुल कौनसा है और तुम करती क्या हो ?' वेश्या ने उत्तर दिया, 'तुझे कुल से क्या काम ? उत्तम वस्त्र और उत्तम भोजन हमारे यहां तूझे मिल जायेगा।' वसुमति समझ चुकी थी कि ये तो वेश्याएँ हैं। इससे उनके साथ जाने की मनाही कर दी। उसे ले जाने के लिये वेश्याओं ने बल का आसरा लिया। उस समय वसुमति चित्त से बड़ा खेद व्यक्त करने लगी। उसके शील की रक्षा के लिये एक देव ने आकाश में से उतरकर वेश्या का नाक काट डाला। और उसकी काया काली तुंबी जैसी कर डाली। इससे वेश्याएँ घबराकर अपने घर चली गई। सुभट वसुमति को बेचने दूसरे बाजार में गया। वहाँ धनावह श्रेष्ठी उसे खरीदने आया। उसे राजकुमारी ने उन्हें पूछा, 'आपके घर में मुझे क्या करना होगा ?' सेठ ने कहा, 'हमारे *कुल में जिन देवों* की पूजा, साधूओं की सेवा, धर्मश्रवण, जीवदया पालन आदि होता हैं।' धनावह सेठ की ऐसी बात सुनकर हर्षित होकर वसुमति कहने लगी, 'हे सुभट ! यदि तू मूझे बेचना चाहता है तो इस सेठ को बेचना।' सैनिक ने उसे सेठ को बेच दिया। सेठ वसुमति को घर ले गया। इस प्रकार राजपुत्री शुभ कर्म से भले घर पहुँची।

सेठ की स्त्री मूला उसे देखकर सोचने लगी। मेरा पति इसे स्त्री बनाकर रखने के लिये लाया लगता है। इस समय तो उसको वह पुत्री कह रहा है, लेकिन पुरुष का मन कौन समझ सकता हैं ?

धनावह सेठ ने वसुमति का नाम चंदनबाला रखा, जिससे वसुमति अब चंदनबाला नाम से पहचानी जाने लगी।

एक बार मूला सेठानी पड़ौसन के घर गई होगी।

उतने में धनावह सेठ घर पर आये। उस समय चंदनबाला सेठ पिता को आसन पर बिठाकर विनयपूर्वक उनके चरण धोने लगी। उस वक्त मूला शेठानी घर पर आ गई। चंदनबाला के केशो की चोटी भूमि को छू रही थी तो सेठ ने उसे ऊंचे उठा रखा था। चंदनबाला को सेठ के चरण धोते देखकर सेठानी




सोचने लगी कि सेठ किसी भी समय इसे अपनी स्त्री बना लेगा और मुझे निकाल देगा या विष देकर मार डालेगा। इसीलीए विषबेल को पनपने से पहले ही काट देना चाहिये।

धनावह सेठ एक बार बाहरगाँव गये थे। उस समय मूला सेठानी ने चन्दनबाला का सर मुंडवा डाला और पैर मे बेड़ी डालकर उसे तहखाने मे छोड़कर ताला लगा दिया। वह अपने मन से संतोष मानने लगी, और सोचती रही कि सौतन को मारने में दोष कैसा?

तहखाने में पडी हुई चन्दनबाला सोचती है कि मेरे कर्म ही ऐसे है। नगर में से सैनिक ने मुझे पकड़ा। मार्ग में माता की मृत्यु हुई। जानवर की तरह बाजार मे बिकना पड़ा लेकिन कुछ अच्छे भाग्य से वेश्या के यहाँ से बिकने से बची। अब अंधेरे में भुखे - प्यासे रहना है। 'हे वीतराग! तेरी शरण है, यहाँ एकांत है, धर्मध्यान करुंगी' -ऐसा सोचते हुए वह नवकार मंत्र का जप करती रहती है। इस प्रकार तीन दिन वीत गये। उसके कई कर्मो का नाश हो चुका था।

धनावह श्रेष्ठी बाहरगाँव से लौटे। उन्होंने चन्दनबाला को देखा नहीं। जिससे उन्होने पत्नी को पूछा, 'चन्दनबाला कहाँ गई है?' तब सेठानी ने कहा, 'वह तो लड़को के साथ घूमती-फिरती है। इस प्रकार सच बात छुपायी। एक वृद्ध दासी ने सेठ को चुपके से आकर मूला तथा चन्दनबाला की सब हकीकत बतायी और दिखाया कि चन्दनबाला को कहाँ रखा गया है। धनावह सेठ ने स्वयं जाकर द्वार खोला। धनावह ने बंधी हुई, सर मुण्डित और अश्रुभरी आँखोवाली चन्दनबाला को देखा और ढाढ़स बंधाकर उसे स्वस्थ होने को कहा। उसे भूख से तृप्त करने के लिये रसोईघर में पके हुए उडद जाकर दिये और उसकी बेडी खोल सके ऐसे लुहार को लेने चल दिये।

चन्दनबाला सोचती है, 'कैसे कैसे नाटक मेरे जीवन में आये' मैं राजकुमारी - किन संयोगो से बजार में बिकी - कर्मयोग से कुलवान सेठ ने खरीदा। कैदी की भाँति बेडीयों के साथ तहखाने में कैद हुई - तीन दिन के उपवास हुए। अब पारणा हो सकता है पर कोई तपस्वी आये और अट्ठम के पारणे पर उसे भोजन भिक्षा देकर व्रत खोलूं तो आत्मा को आनंद होगा। कोई अतिथि आये, उसे देने के पश्चात ही मैं भोजन करुंगी, अन्यथा खाऊंगा ही नहीं।'


यों विचार कर रही है, उतने में भिक्षा के लिए घूमते घूमते श्री वीर भगवान वहाँ आ पहुँचे। उनका अभिग्रह था कि 'यदि कोई स्त्री चौखट पर बैठी हो; उसका एक पैर घर के अन्दर और एक पैर घर के बाहर हो, जन्म से वह राजपुत्री हो पर दासत्व पाया हो, पाँव में बड़ी

हो, सर मुण्डन किया गया हो व रुदन करती हो – ऐसी स्त्री अट्ठम के पारणे पर सूपड के कौने से यदि मुझे भिक्षा काल व्यतीत हो जाने के बाद उडद मझे भिक्षा में दे तो उससे मुझे पारणा करना है।'

ऐसे अभिग्रह वीर प्रभु को पधारे देखकर प्रसन्न होकर वह कहने लगी; 'हे तीनों जगत के वंदनीय प्रभु ! मेरे उपर प्रसन्न होकर, यह शुद्ध अन्न स्वीकार करके मुझे कृतार्थ करिए।' अपने अभिग्रह के १३ वचन में से १ वचन कम याने अभिग्रह के वचन सब तरह से पूर्ण हो रहे थे लेकिन एक रुदन की अपूर्णता देखकर प्रभु वापिस लौटने लगे। यह देखकर चन्दनबाला स्वयं को हीन भाग्य समझकर जोर से रुदन करने लगी। वीर भगवान ने रुदनध्वनि सुनकर अपना अभिग्रह पूर्ण हुआ माना और उडद की भिक्षा का स्वीकार किया ही था कि तुरंत ही देवताओं ने आकर बारह करोड़ सुवर्णमुद्राओं की वृष्टि की। उसी समय चन्दनबकाला की लोहे की बेड़ीया टूट गई और सुन्दर आभूषण बन गये। सीर पर सुंदर केश आगये। आकाश में देवदुंदुभि बजने लगी।

देवदुंदुभी सुनकर नगरजन एकत्रित हुए। वहाँ का राजा शतानिक भी वहाँ आ पहुँचा। वहाँ देवकृत्य सुवर्णवृष्टि देखकर वह आश्चर्यचकित हो गया और बोला कि' यह सर्व इस चन्दनबाला का हो जाये। ' इस प्रकार भगवंत ने पाँच माह और पच्चीस दिन बीतने पर पारणा किया।

चन्दनबाला बड़े हर्ष से बोली, 'आज मेरे महाभाग्य से मैने प्रभु को पारणा करवाया; इसमें मूला सेठानी भी धन्य हैं। वे मेरी माता समान है। मेरी माता धारीणी जो कार्य नहीं कर सकी वे सब मेरी ये मूलादेवी माता से सिद्ध हुआ है।' उसने धनावह सेठ को भी समझाया कि, 'मूलादेवी को कुछ कहना मत।' इससे मूला श्राविका बनी और चन्दनबाला का योग्य सम्मान करने लगी।



महावीर प्रभु यहाँ से विहार कर गये। क्रमानुसार उनके सर्व कर्मो का क्षय हुआ और उन्हें केवल ज्ञान प्राप्त हुआ। प्रभु के पास आकर चन्दनबाला ने प्रभु को प्रणाम करके चारित्र की याचना की।

देवताओं ने दिया हुआ धन सात क्षेत्रो में खर्च करकेउसने दीक्षा ली।

जिन्होंने चन्दनबाला से दीक्षा ली थी वह मृगावती एक बार भगवान की वाणी सुनने गई थी। भगवान की वाणी श्रवण करने के लिये सूर्य, चन्द्र भी पधारे थे। उनके उजाले के कारण मृगावती उपाश्रय पर बड़ी देर से पहुँची; रात्रि हो जाने के कारण चन्दनबाला ने उन्हें डाँटा।

मृगावती अपने पर लगे अतिचार के लिए आत्मा की निंदा करती हुई, 'अब एसा नहीं करूंगी' कहकर मिथ्या दुष्कृत्य देने लगी। आत्मनिंदा के उत्कृष्ट परिणाम स्वरूप उन्हें केवलज्ञान हुआ। उसी रात्री को मृगावती जो चन्दनबाला के पास ही खड़ी थी, उसने चन्दबाला के समीप से जाता हुआ एक साँप देखा। उसने चन्दनबाला का हाथ उठाकर दुसरी और रखा। तब चन्दनबाला बोली, 'तुमने मेरा हाथ क्यों उठाया ?' मृगावती ने उत्तर दिया, 'यहाँ से सर्प जा रहा था, जिससे मैने आपका हाथ उठाकर दूसरी और रखा।' चन्दनबाला ने पूछा, 'रात्रि के घोर अंधकार मे तुमने सर्प कैसे देखा ?'

मृगावतीने कहा, 'ज्ञान से।' 'अहो हो ! प्रतिपाति या अप्रतिपाति ज्ञान ?' चन्दनबालाने पूछा। जवाब में मृगावतीने 'अप्रतिपाति ज्ञान' कहा। चन्दनबाला समझ गई कि मृगावती को केवलज्ञान हुआ है। उसने मृगावती से क्षमायाचना करके मिथ्या दुष्कृत्य कीया। इस कारण से चन्दनबाला ने भी केवलज्ञान पाया और दोनों ने मुक्ति पाई।



# ४८ श्री चिलाती पुत्र

एक यज्ञदेव नामक ब्राह्मण... क्षितिप्रतिष्ठित नगर में रहता था। वह हंमेशा जिनमत की निंदा करता था और स्वयं को पण्डित समझता। उसने जाहिर किया कि जो मुझे शास्त्रार्थ में जीतेगा उसका मैं शिष्य बनूंगा। समय बीतने पर एक बालसाधू ने उसको शास्त्रार्थ करने के लिए अपने गुरु के पास पधारने का निमंत्रण दिया। खुश होकर यज्ञदेव उस बालसाधू के साथ उनके गुरु के यहाँ गया। कुछ ही देर में वह हार गया और तय किये मुताबिक उन गुरु से दीक्षा ली। एक दिन शासनदेवी ने उससे कहा, 'जिस प्रकार चक्षुवाला मनुष्य भी प्रकाश के बगैर नहीं देख सकता, उसी प्रकार जीव ज्ञानी होने पर भी शुद्ध चारित्र के बिना मुक्ति नहीं पा सकता है।'

ऐसी वाणी सुनकर यज्ञदेव मुनि अन्य सर्व यतियों की भाँति शुद्ध चारित्र पालने लगे।

यज्ञदेव के साधु बनने कारण उनकी स्त्री विरहवेदना न सह पाई, इसलिये यज्ञदेव को वश करने के लिए तप के पारणे के दिन यज्ञदेव पर जादू-टोना किया। यज्ञदेव का शरीर दूबला पड़ता गया और मृत्यु पाकर स्वर्ग को गया।

उसकी स्त्री भी यह दु:ख सहन न कर पाई और ज्ञान होते ही वह भी दीक्षा ग्रहण करके स्वर्ग पधारी। लेकिन अपने-संसारीपने के पति ने भी साधुता ग्रहण थी पर उसके उपर वशीकरण फेंका था - इसकी गुरु के पास जाकर आलोचना न की।

यज्ञदेव का जीव स्वर्ग से राजगृह नगर में धनसार्थवाह की चिलाती नामक दासी के उदर से पुत्ररूप में उत्पन्न हुआ। उसका नाम चिलाती पुत्र रखा गया।

यज्ञदेव की स्त्री का जीव भी स्वर्ग से चिलाती दासी की सेठानी याने धनसार्थवाह की स्त्री सुभद्रा की कोख से पांच पुत्र के बाद छठ्ठी सुसुमा नामक पुत्री के रूप में उत्पन्न हुआ।

धनसार्थवाह ने अपनी पुत्री की रक्षा के लिए चिलाती पुत्र को रखा। सुसुमा और चिलातीपुत्र साथ साथ खेलते लेकिन कोई कारण से सुसुमा रोने लगती तो चिलातीपुत्र उसके गुप्तांग पर अपना हाथ रखता तो सुख पाकर बाला सुसुमा रोना बंद कर देती।

कुछ समय पश्चात श्रेष्ठी को इस बात कि जान कारी मिली, उसने इस दासीपुत्र - चिलाती पुत्र को अपने घर से निकाल दीया।

यहाँ से निकाले जाने पर वह जंगल में गया। सिंहगुफा नामक भील लोगों के दल में पहुँचा। दलपति की मृत्यु होने पर उसका श्रेष्ठ शरीर वैभव देखकर भील लोगों ने उसे अपना स्वामी बनाया।

चिलाती पुत्र को सुसुमा की याद सताया करती थीं। विषय रुपी शस्त्र की पीड़ा बढ़ती चली, इस कारण अपने सर्व सेवको को धन सार्थवाह के यहाँ चोरी करने ले गया एवं सेवकों को कहा, 'जो माल सामान हाथ लगे वह सर्व सवेकों का और सुसमा को उठा लाये तो वह चिलाती पुत्र की।'


रात्रि के समय सब चोर धनवह सेठ के यहाँ पहुँचे। कई चोरों को देखकर धनसेठ अपने पांच पुत्रों को लेकर प्राण बचाने के लिए एकांत में छुप गये।

सामना करनेवाला कोई न होने से चोरों ने खूब धन बटोर कर और चिलातीपुत्र सुसुमा को उठाकर बिदा हो गये।

चोरों घर से बाहर निकलते ही सेठ ने कुहराम मचा दीया; नगररक्षक वहाँ आ गये । उन्हें लेकर सेठने अपने पुत्रों के साथ चोरो का पीछा किया । नगररक्षकों और सेठ को अपने पीछे पीछे आते देखकर चोरी का माल रास्ते के बींच फेककर चोर अपने रास्ते पर दौड चले । अपने पीछे सेठ और पांच पुत्रों को आता देखकर चिलातीपुत्र ने सुसुमा का वध कर डाला । चिलातीपुत्र ने तेज हथियार से उसका सर काटकर सिर हाथ में लिया व धड वहीं पर छोड़कर भाग गया । सेठ और पुत्रोंने सुसुमा का धड देखा । सेठ ने अपनी पुत्री और पांचो भाइयों ने अपनी बहिन की ऐसी क्रूरता पूर्ण मृत्यु देखकर बड़ा विलाप किया और घर लौटते समय वीर प्रभु का उपदेश सुना । देशना सुनकर पाँच पुत्रों ने श्रावक धर्म स्वीकार और सेठ ने तो संयम ही ग्रहण कर लिया । उत्तमतापूर्वक संयम पालकरा तथा उग्र तपश्चर्या करके सेठ स्वर्ग पधारे ।

चिलातीपुत्र सुसुमा का सिर हाथ में लेकर तेज गति से मार्ग काट रहा था । उसका शरीर खून से भीगा हुआ था, सुसुमा की हत्या के कारण वह मानसिकरुप से टूट चुका था । वह अपने आप पर क्रोधित हो उठा था । मार्ग में उसने एक मुनिराज को कार्योत्सर्ग दशा में खड़े देखा । मुनि को देखकर वह बोला, 'हे मुनिश्वर ! जल्दी से मुझे धर्म कहीये, नहि तो मैं इस स्त्री के मस्तिष्क की भाँति आपका मस्तिष्क भी उडा दूंगा।' मुनि को कुछ पात्रता ठीक लगी इसलिये उन्होंने 'उपशम् – वेवेक – संवर' इन तीन पदों का उच्चारण किया और आकाशमार्ग से चल दिये । चिलातीपुत्र ने सोचा, 'मुनि ने आकाशगामिनी विद्या का उच्चारण किया या कुछ मंत्राक्षर कहे ? या कोई धर्ममंत्र कहा ?' ऐसे चिंतन करके वह मुनि की जगह खड़ा रहा और वह उपशम विवेक और संवर इन तीन पदों का ध्यान धरने लगा । वह ध्यान के साथ सोचता गया कि इन तीन शब्दों का अर्थ क्या ? सोचते सोचते उसने अपने आप उपशम् शब्द का अर्थ बिठाया कि 'उपशम याने क्रोध की उपशांति, क्रोध का त्याग ।' ऐसा सोचकर उसने उपशम का आचरण किया । विवेक शब्द का अर्थ सोचते हुए उसने समझा कि 'करने योग्य हो, उसको ही ग्रहण करो और न करने योग्य हो उसका त्याग करना याने विवेक ।' ऐसा समझकर उसने विवेक का ग्रहण किया । अन्त में संवर शब्द का अर्थ भी वह समझा कि 'पांच इन्द्रियों के जो तूफान हैं उसका निरोध अर्थात पांच को उनके विषय में जाती हुई रोकना उसका नाम है संवर ।' यह अर्थ समझकर उसने संवर का भी प्रारंभ कर दिया । इस प्रकार वह चिलातीपुत्र उस त्रिपद का ध्यान धरते हुए वहीं कायोत्सर्ग में रहा । उसका पूरा शरीर खून से सराबोर था । उसकी गंध से सूई समान मुखवाली (शुचिमुखी) चींटीया आकर काटने लगी । काटते काटते असंख्य चींटीयो ने उसका शरीर छलीनी जैसा कर डाला । उसने सर्व वेदना धीरजपुर्वक सहन की और ढाई दिन में उसकी मृत्यु होते ही वह स्वर्ग में गया ।

इस प्रकार सिर्फ ढाई दिन मे उपशम्, विवेक और संवर का चिंतन करते हुए चीटींयो के दंश की असह्य पीड़ा शांत चित से सहन करके चिलाती पुत्र स्वर्ग पधारे । ऐसे चिलाती पुत्री को हमारे लाख लाख वंदन ...



# श्री भद्रसेन

उज्जैन नगरी में एकबार साधू समुदाय के साथ पू. आचार्य श्री चंडरुद्राचार्य पधारे हैं । कर्मयोग से आचार्य श्री शिष्यो की स्खलना सहन न कर पाते थे । इससे उनको बड़ा दुःख पहुँचता और वे क्रोधित हो उठते । वे बराबर समझते थे कि यह क्रोध उनका दोष है लेकिन दूसरो का हित करते हुए उनका अपना चुक जाता है – यह भी समझते । ऐसे दोष के प्रसंग बार बार न हो इसलीये समुदाय से थोडी दूरी पर अपना निवास रखते थे । उस प्रकार वे अपने समुदाय से थोडी दूरी पर एकांत भाग मे जप–तप तथा ध्यान आदि धार्मिक प्रवृति में बैठे थे ।

उस दिन गाँव के पाँच–सात ऊच्छंखल युवक मजाक मस्ती करते हुए वहाँ आ पहुँचे ।

एक दूसरे की मजाक करते करते एक युवक ने दूसरे एक युवक भद्रसेन को दीक्षा लेने की बात कही । दूसरे नवयुवकों ने 'हाँ ... हाँ ... मजे की बात तो यह है कि भद्रसेन तो है भी भद्रिक । व्रत–तप करता है । साधू–संतो की भक्ति करता है, वह साधू बन जाये तो अच्छा ।' यों दिल्लगी–हँसी करते हुए वे साधू समुदाय के पास गये और कहा, 'साहब, यह भद्रसेन दीक्षा का भाविक है इसका सिर मुण्ड डालीये ।' यह सुनकर दूसरे हँसीटट्ठा करने लगे । साधू समझ गये कि ये युवक मात्र हाहाठीठी करने आये हैं । साधू समुदाय ने अंगूलीनिर्देश करते हुए कहा, 'भाइयों ! हमारे गुरुदेव आचार्य श्री वहाँ बैठे हैं, वहाँ जाओ और उनको अपनी बात बताओ ।'

इस प्रकार वह टोली आचार्य चंडरुद्रसूरिजी के पास पहुँची और कहा, 'महाराज ! यह हमारा दोस्त भद्रसेन ! इसने हाल ही में ब्याह किया है पर संसार का मोह नहीं है और भद्रिक है । उसे दीक्षा दीजीये ।' अन्य मित्रो ने यह सुनकर हाहाहीही करके ताली बजाकर उसमें साथ दीया । आचार्यश्री समझ चुके थे कि ये युवक की जवानी का यह विनोद – मजाक है ।

उन्होंने भद्रसेन को पूछा, 'बोल भाई ! तेरी क्या इच्छा है ?' भद्रसेन ने मजाक में कहा, 'हा महाराज ! बात सच है संसार में कुछ सार नहीं है । मुझे दीक्षा दे दो तो मेरा कल्याण हो जायेगा और सुखपुर्वक रह पाऊंगा ।'

आचार्यश्री इन युवकों का विनोद समझ चुके थे लेकिन इन युवकों को पाठ पढ़ाना ही चाहीयें – ऐसा मानकर भद्रसेन को कहा, 'अरे भाई ! तुझे दीक्षा लेनी ही है न ?' भद्रसेन दुबारा मजाक मे ही कहता है,' महाराज ! पलटे वह दूसरे ! दीक्षा लेनी ही है, चलीये दे दीजीये, मैं तैयार हूँ ।'

श्री चंडरुद्रसूरिजी एक दूसरे युवको को थोडी दूर पडी राख भरी मिट्टी के कुण्डी पडी हैं, वह लाने को कहते है । वह युवक ला देता है और भद्रसेन के सिर पर मलकर आचार्य उसके केश का लोच कर डालते हैं । आचार्य श्री का रोष उनकी मुखमुद्रा देखकर युवक स्तब्ध हो जाते है और यह तो लेने के देने पड गये यूं मानकर भागने की तैयारी की और भद्रसेन को कहा, 'चल अब बहुत हो गया । साधुओं को अधिक सताने में सार नहीं हैं, चल हमारे साथ, दौड ... भाग चलें ।'

भद्रसेन अब घर जाने के लिए ना कहता है, उसके हृदयमें निर्मल विचारणा जाग उठी है । वह मन ही कहता है कि 'मैं अब घर कैसे जाऊं ? मैंने स्वयं मांगकर व्रत स्वीकारा है । अब भागूंगा तो मेरी खानदानी लज्जित हो जायेगी मेरा कुल कलंकित बनेगा । अब तो मैं विधिपूर्वक गुरुमहाराज से व्रत लेकर मेरी आत्मा का

कल्याण साध लूं । बिना कोई प्रयत्न से अचानक ऐसा उत्तम मार्ग मझे मिल गया । मेरा तो श्रेय हो ही गया ।' ऐसी निर्मल विचारणा करके वह आचार्यश्री को प्रार्थना करता है, 'भगवान ! आपने कृपा करके मुझे संसारसागर से तारा है, आप विधिपूर्वक व्रत देकर मुझे कृतार्थ करिये । आपके मुझ पर अनंत उपकार है ।

तत्पश्चात् चंडरुद्राचार्य उसे विधिपूर्वक व्रत ग्रहण कराते है और भद्रसेन अब भद्रसेन मुनि बनते हैं । नवदीक्षीत अब सोचते हैं कि 'मेरे माँ-बाप, सास, ससुर, पत्नी वदगैरह उज्जैन में ही हैं, वे यहाँ आकर मुझे दीक्षा छुड़वाकर घर ले जायेंगे, परंतु किसी भी प्रकार से मुझे यह धर्म छोड़ना नहीं है । इसलिए गुरुमहाराज को हाथ जोड़कर बिनती करते है, 'भगवान मेरा कुटुम्ब बड़ा है । उनको ये युवक खबर देंगे, वे मुझे यहाँ लेने आयेंगे और जबरजस्तीपूर्वक यहाँ से ले जाने का प्रयत्न करेंगे । आपका गच्छ तो बहुत बड़ा है । सबके साथ शीघ्र विहार तो हो नहीं पायेगा । लेकिन हम दोनों को यहाँ से चुपके चल देना चाहिये । सब विहार करेंगे तो लोग आयेंगे और हमें अटकायेंगे, तो कृपा करके जल्दी कीजिये ।'

आचार्य महाराज नूतनदीक्षित मुनि को कहते है, 'तेरी बात सही है । तू एक बार रास्ता देखकर आ । इस समय शाम होने आई है । अंधेरा हो जायेगा तो रास्ते में तकलीफ खड़ी हो जायेगी ।' भद्रसेन मुनि थोडा दूर जाकर रास्ता देख आते है और आचार्यश्री को लेकर उस स्थानक से निकाल जाते है । गुरुमहाराज वृद्ध हैं और आँखें कमजोर हैं इसलिए भद्रसेन मुनि उन्हें कंधो पर बिठाकर जल्दी जल्दी विहार करते हैं । रास्ता उबडखाबड होने से कंधे पर बैठे महाराज को हिचकोले आते है और वे नूतन दीक्षित को बराबर चलने के लिए चेतावनी देते हैं । अंधेरा बढ़ते रास्ते के खड्डे में पांव धंसने से भद्रसेन मुनि कइ बार सन्तुलन गँवा देते है । इस कारण आचार्य अति क्रोध से नूतन मुनि के सिर पर अपने डण्डे का वार करते हैं, 'तुझे दिखता नहीं है । मेरी इस वृद्धावस्था में भी तू इस प्रकार दु:ख दे रहा है ।' डण्डे की चोट से और केश लोचन भी उसी दिन किया होने के कारण नूतन मुनि के गंजे सिर में से खुन आने लगता है । इस अवस्था में भी नवदीक्षीत भद्रसेन मुनि समता धर कर सोचते है, 'धिक्कार है मेरी आत्मा को, मैंने पूज्यश्री को प्रथम दिन पर ही, गुरुदेव को कष्ट पहुँचाया । मुझे धीरे धीरे संभल संभल कर चलना चाहिए था । ऐसे गुणरत्नसागर जैसे गुरुदेव को मैने रोष का निमित्त दे दिया । इसमें उनका कोई दोष नहीं है । दोषित तो वाकई मैं हूँ ।' इस प्रकार हृदय की सरलता से भद्रिक ऐसे नूतन मुनि अपने दोषों को देखकर शुभ ध्यान में डूब गये और क्षपक श्रेणी में पहुँचते ही उन्होंने केवलज्ञान पाया । अब वे कंधो पर बैठे गुरुमहाराज को थोडा सा भी धक्का न लगे उस प्रकार से सीधे रास्ते पर ले जाते हैं । आचार्य महाराज कहते है, 'अब तू वाकई में ठिकाने आ गया । संसार में ऐसा नियम है कि चमत्कार के बिना नमस्कार नहीं । डंडा पडा तो कैसा सीधा हो गया । क्यों बराबर है ना ? अब सीधा चलने लगा न ।'

नवदीक्षित कहते है, 'भगवान ! यह सब आपकी कृपा का फल है । रास्ता बराबर जान सकता हूँ, यह आपश्री की मधू दृष्टि एवं योग के ज्ञान से पता चल जाता है' यह सुनकर आचार्य चकित हो जाते है और सोचते है कि नूतन दीक्षीत कहता है कि ज्ञान से जान सकता है तो उसे कौन सा ज्ञान होगा ? अब थोड़ा थोड़ा उजाला होने से, गुरुमाराज को शिष्य के सिर पर खून निकला हुआ दिखता है, वे पूछते है, 'मेरे डण्डे की चोट से तूझे यह खून तो नहीं निकला न ? लेकिन भद्रसेन मौन रहते हैं । आचार्य पूछते हैं, 'तूझे सीधा रास्ता दीखा तो कौनसे ज्ञानयोग से ? रास्ते में तूझे कुछ स्खलना तो नहीं आई है ना ? वत्स ! क्या हकीकत है ? वह तू मुझे यथार्थ बता दे ।

भद्रसेन कहते हैं, 'प्रभु ! आपकी कृपा से ही ज्ञान प्राप्त हुआ है। उसके योग से मैं मार्ग जान सका हूँ।' आचार्यश्री अधिक स्पष्टीकरण करने के लिए शिष्य को पूछते है, 'वत्स ! वह ज्ञान प्रतिपाति या अप्रतिपाति ?'

भद्रसेन कहते है, 'भगवन ! अप्रतिपाति ।' यह सुनकर आचार्यश्री कंधे पर से उतरकर केवलज्ञानी शिष्य से क्षमा-याचना करते हैं । अपने ही क्रोध के कारण जो अपराध हुआ है उसका उन्हें तीव्र पश्चाताप होता है और मन ही मन सोचते हैं, 'हाँ... मैं कैसा पापी ? इतने वर्षो से संयम, तप, स्वध्याय आदि की आराधना करने पर भी बात बात में क्रोध के आधीन होकर मुझे उग्र होने में देर नहीं लगती है। आचार्य के पद पर आरुढ़ होने के बावजूद मैं इतनी क्षमा नहीं रख सकता हूँ। मेरा संयम, मेरी आराधना वाकई निष्फल हो गई। इस नवदीक्षीत को धन्य है। अभी कल ही जिसने संयम स्वीकार किया है, उसमें कैसी अद्‌भुत क्षमा ! कैसी अप्रतिम सरलता ! और कैसा उनका अनुपम समर्पण ! मैं हीनभाग्य हूँ। यह पुण्यात्मा तैर गया, मैंने पाया है फिर भी डूब रहा हूँ।

इस प्रकार सोचते और केवलज्ञानी नूतन मुनि से क्षमा माँगते हुए, अपनी आपकी लघुता और सरलतापूर्वक निंदा करते हुए, शुभ ध्यान में लीन होकर आचार्य महाराज ने भी क्षपक श्रेणी पर आरूढ होकर केवलज्ञान पाया। इस प्रकार गुरु व शिष्य दोनों ही तैर गये। धन्य सरलता ! धन्य क्षमापना !

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને
હાર્દિક શુભેચ્છા

CHANDRAKANT H. SAVLA

DHIRENDRA PLASTIC INDUSTRIES
Manufacturers of :
ALL KINDS OF ELECTRICAL BRASS PARTS
56, DIGVIJAY PLOT, JAMNAGAR - 361 005.
Phones : (0288) (O) 564289 (R) 564599
SIS. CON. : DARSHAK BRASS PRODUCTS

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

NITIN SOLANI (B.Com., LLB)
Mobile : 94269 78476

SOLANI'S
He & She Play House & Nursery

SOLANI TYPE CLASS & ENTERPRISE

Computer Job Work
D.T.P. Job Work Screen &
Offset Printing

Eng./Guj. Electronic &
Manual Typing
Cyclostyle

Xerox Copy Jumbo Xerox
Colour Xerox Lamination
Spiral Buy

SOLANI GROUP
Anandabawa Chaklo, Near
Kacheri Fali, Jamnagar-361 001
Phone : (0288) 2671830

# ५० श्री अषाढाचार्य

अषाढाचार्य नामक एक आचार्य शिष्य को धर्म सुनाते हैं । शिष्य मृत्युशय्या पर हैं ।आचार्य श्री शिष्य को प्रतिज्ञा कराते है कि, वह देवलोक जायेगा तो वहाँ से आकर आचार्य श्री से बाते करेगा और ऊर्ध्वगगति जाने का मार्ग दिखायेगा । नवकारमंत्र सुनते सुनते शिष्य ने सम्मति दे दी और कहा, 'जरुर आऊंगा और मिलूंगा ।'

कालानुसार शिष्य देव बना लेकिन वहाँ के भोगविलास में ऐसा आसक्त हो गया कि वह गुरु के वचन भूल गया । यहाँ गुरुदेव राह देखते रहे ।

इस प्रकार से आचार्य महाराज श्री अषाढाचार्य ने चार शिष्यों से देवलोक में से आकर उनसे बात करनी - ऐसे वचन लिये ।

कई वर्ष राह देखने पर भी उनमें से आचार्य महाराज से बात करने के लिये या धर्म प्राप्त कराने के लिए कोई आया नहीं । आचार्य महाराज को धर्म पर अश्रद्धा जाग उठी । यह सब तूत है, पाप-पुण्य जैसा कुछ है ही नहीं । तप-जप बेकार के प्रयत्न हैं । यूं सोचते सोचते उन्होंने साधुता छोड़ी लेकिन साधू के भेष में ही रहते है और मन ही मन में संसारी बनने का तय करते हैं ।

चोथा शिष्य - जो देवलोक में है, उसने अवधिज्ञान से यह बात जानकर गुरुजी को संसारी होने से बचाने का निश्चय किया और इसी कारण से पृथ्वी पर आकर गुरुजी के विचरण मार्ग पर आकर दैवी नाटक शुरु किया । गुरुजी नाटक देखने में लीन हुए । नाटक देखते देखते छ: माह खराब हो गये ।

देव ने मायावी छ: लड़के बनाये । वे आगे विहार करके जाते आचार्य महाराज को जंगल में मिले । एकांत जंगल में सुंदर आभूषण पहिने हुए लड़के मिलते ही अषाढ मुनि होश गँवा बैठे । लड़को के सब सोने और जवाहरात मढ़े गहने उतार लिये और लड़के को मार कर वहाँ से आगे बढ़े ।

मार्ग मे एक साध्वीजी से मिले । साध्वीजी के साथ धर्मो की ठीकठीक बातें चलीं । सूरीजी बड़े शरमाये और महसूस करने लगे कि कुछ गलत हो गया है । आगे विहार करने पर एक बड़ा सैन्य मिला, जिसमें राजा-रानी वगैरह का बड़ा परिवार भी शामिल था ।

जैन साधू कि भेंट होने से सैन्य के आदमी गुरुजी के चारोंओर खड़े हो गये । गुरुजी को भिक्षा के लिए बिनती की । गुरुजी ने आनकानी करके मना कर दिया । वे मनमें थोडा घबराये । अरेरे... मैंने कैसे पाप किये ? मेरी सब पोल खुल जायेगी । राजा ने जरा जोर से झोली पकडकर खींची, गहने उछलकर बहार गिर पडे । गुरुजी थर थर काम्पने लगे और अपना मुँह छिपाकर रोने लगे ।

यह सैन्य राज-रानी वगैरह चौथे शिष्य जो कि देव था, उसका नाटक था । गुरुजी का पश्चाताप देखकर वह प्रकट हुआ और गुरुजी को दैवी रिद्धि बताई तथा कहा, 'यह सब धर्म का प्रभाव है । आपकी कृपा का फल है । स्वर्ग, मोक्ष, पुण्य पाप सब सचमुच है ही ।'

नया देव देवलोक में पैदा होता है तो वहाँ नाटक - चेटक देखने में ही हजारो वर्ष निकल जाते हैं । इसलिये वह तुरंत वहाँ से पृथ्वी पर नहीं आ सकता है । इससे लोग समझते हैं कि देवलोक जैसा कुछ है ही नहीं । परंतु यह बात झूठी है । शास्त्र सच्चे हैं । पुण्य-पाप के फल जानकर पुन: दीक्षा ली । श्रद्धा में दृढ बने और उच्च भावना व्यक्त करते हुए उसी भव में मोक्ष पधारें ।

૫૧

# કેશી ગણધર

ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની પરંપરામાં કેશીસ્વામી આચાર્ય હતા અને ગણધર કહેવાતા હતા. તેઓ મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની હતા. ચારિત્રવંત, ક્ષમાવંત અને મહાતપસ્વી હતા. તેમના અનેક શિષ્યો હતા. તેઓ એક વાર શ્રાવસ્તી નગરીના તિંદુક નામના ઉદ્યાનમાં પધાર્યા. એ જ અરસામાં ભગવાન શ્રી મહાવીરનાં પ્રથમ ગણધર શ્રી ઈંદ્રભૂતિ ઉર્ફે ગૌતમસ્વામી પણ તે જ શ્રાવસ્તી નગરીના કોષ્ટક નામે ઉદ્યાનમાં અનેક શિષ્યો સહિત પધાર્યા. આ બંને મહામુનિઓના શિષ્યો ગોચરી અર્થે નીકળતાં ભેગા થયા. બંને જૈન ધર્મના સાધુઓ હોવા છતાં એકબીજાથી જુદો વેશ જોઈ પરસ્પર તેઓને સંશય થયો કે આનું કારણ શું હશે ? ઉભય શિષ્યવૃંદોએ પોતપોતાના ગુરુને આ વાત કરી. આથી શ્રી ગૌતમ ગણધરે વિચાર્યું કે, ભગવાન શ્રી પાર્શ્વનાથના શિષ્ય મારાથી મોટા ગણાય, માટે નિયમ પ્રમાણે મારે કેશી સ્વામીને વંદન કરવા જવું જોઈએ. આમ વિચારી શ્રી ગૌતમ સ્વામી તિંદુક વનમાં શ્રી કેશી ગણધર પાસે આવ્યા અને તેમને ભાવયુક્ત વંદન કર્યું. કેશીસ્વામીએ પણ તેમનો સત્કાર કરી યોગ્ય આસને બેસાડ્યા. આ વખતે શ્રી કેશી અને શ્રી ગૌતમ ચંદ્ર-સૂર્ય જેવા શોભવા લાગ્યા. અન્ય મતાવલંબીઓ આ કૌતૂક જોવા માટે ઉદ્યાનમાં આવ્યા. જૈનધર્મીઓ પણ એકબીજાની ચર્ચા સાંભળવાની ઉત્સુકતાની આવ્યા. દેવલોકના દેવતાઓ પણ ત્યાં આવી પહોંચ્યા.પરસ્પર વાર્તાલાપ શરૂ થયો. તેમાં પ્રથમ શ્રી કેશી ગણધરે શ્રી ગૌતમસ્વામીને પૂછ્યું, ''હે બુદ્ધિમાન્ ! પાર્શ્વનાથ પ્રભુએ ચાર મહાવ્રતરૂપ ધર્મ કહ્યો અને મહાવીર પ્રભુએ પાંચ મહાવ્રતરૂપ ધર્મ કહ્યો. તો આ તફાવતનું કારણ શું ?''

શ્રી ગૌતમે જવાબ આપ્યો, '' સ્વામી ! પહેલા તીર્થંકરના સાધુઓ સરળ અને જડ હોય છે; છેલ્લા તીર્થંકરના સાધુઓ વક્ર અને જડ હોય છે; જ્યારે વચ્ચેના ૨૨ તીર્થંકરોના સાધુઓ સરળ અને બુદ્ધિવંત હોય છે. તેથી પ્રભુએ બે પ્રકારનો ધર્મ કહ્યો છે. અર્થાત્ પહેલા તીર્થંકરના સાધુઓ ત્વરાએ ધર્મ સમજી શકતા નથી, પણ સમજ્યા પછી તેઓ સારી રીતે આરાધના કરે છે; જ્યારે છેલ્લા તીર્થંકરના સાધુઓ જલદીથી ધર્મ સમજી શકે છે ખરા, પરંતુ આચારપાલનમાં તેઓ શિથિલ રહે છે. આ કારણથી પહેલા અને છેલ્લા તીર્થંકરે પાંચ મહાવ્રત પ્રરૂપ્યાં છે અને વચ્ચેના ૨૨ તીર્થંકરોએ ચાર મહાવ્રત પ્રરૂપ્યાં છે.''

આ જવાબથી કેશી સ્વામી ઘણા સંતોષ પામ્યા. પુનઃ તેમણે શ્રી ગૌતમ સ્વામીની વિનય-ભક્તિ કરીને બીજો પ્રશ્ન પૂછ્યો : ''મહાનુભાવ ! શ્રી પાર્શ્વનાથ ભગવાને બહુમૂલાં અને રંગીન વસ્ત્રો વાપરવાની સાધુઓને છૂટ આપી છે જ્યારે ભગવાન મહાવીરે અલ્પ મૂલ્યવાળાં અને શ્વેત વસ્રો પહેરવાની સાધુઓને આજ્ઞા કરી છે, તો આનું કારણ શું હશે ?''

શ્રી ગૌતમે જવાબ આપ્યો : ''પહેલા અને છેલ્લા તીર્થંકરોના સાધુઓ અનુક્રમે સરળ અને જડ તથા વક્ર અને જડ હોવાથી તેઓને વસ્ત્ર પર મોહભાવ થાય એ સ્વાભાવિક છે; જ્યારે ૨૨ તીર્થંકરોના સાધુઓ મોહમાં આસક્ત બને તેવા નહિ હોવાથી તેમને રંગીન અને મૂલ્યવાન વસ્ત્રો પણ વાપરવાની છૂટ આપી છે. સાધુ આચારથી ભ્રષ્ટ થતો હોય તે વખતે તે પોતાના વેશ પરથી પણ શરમાય છે કે હું જૈન સાધુ છું, મારાથી દુષ્કર્મ ન સેવાય.''

ઉપર્યુક્ત આચાર અને વેશના પ્રશ્નો ઉપરાંત બીજા ઘણા પ્રશ્નો કેશી સ્વામીએ પૂછ્યા અને શ્રી ગૌતમે તેના સંતોષકારક ખુલાસાઓ કર્યા. ભેગા થયેલા સર્વે લોકો આ વાર્તાલાપ સાંભળી આનંદ પામ્યા. ત્યારબાદ કેશી ગણધરે ગૌતમ ગણધર પાસે ચાર મહાવ્રતને બદલે પાંચ મહાવ્રતનો[1] સ્વીકાર કર્યો.

બંને ગણધર દેવો પોતપોતાના શિષ્યમંડળ સાથે અન્ય સ્થળે વિહાર કરી ગયા. થોડાક વખત પછી કેશી સ્વામીને કેવળજ્ઞાન થયું અને તેઓ મોક્ષે ગયા.

આ પાંચેને ઉકેરવાના વ્રત

૧. પાંચ મહાવ્રત.

| | | |
|---|---|---|
| પ્રાણાતિપાત | = | જીવહિંસા કરવી. |
| મૃષાવાદ | = | જૂઠું બોલવું. |
| અદત્તાદાન | = | ચોરી કરવી. |
| મૈથુન | = | વિષય સેવવો. |
| પરિગ્રહ | = | ધન ધાન્યનો સંગ્રહ કરવો. |

૫૨

# તરંગવતી

યમુના નદીના કાંઠે કૌશામ્બી નગરી, ઉદયન રાજા પ્રજાભિમુખ વહીવટથી રાજ્ય કરે. આ રાજ્યમાં કોઈ ચોરી ન કરે; કોઈને દંડ ન દેવાય. રાજાના બળ અને વ્યવસ્થા ઉપર લોકોને શ્રદ્ધા. વાસવાદત્તા એમની પટરાણી. ગામના નગરશેઠ પ્રિય ઋષભદેવ, બુદ્ધિમાન અને જિનધર્મમાં શ્રદ્ધાવાન. એમને આઠ પુત્રો. પછી, યમુનાદેવીની ઉપાસનાથી એક દીકરી જન્મી. નામ પડ્યું એનું તરંગવતી.

દીકરી માબાપની લાડલી. દાસ-દાસીઓ એના લાલનપાલન માટે ખડે પગે ઊભા રહે. પિતાજી બહારથી આવે અને પહેલાં પૂછે, 'તરંગવતી ક્યાં ?' તરંગવતીને જોયા વિના ચેન ન પડે. પ્રખર અર્થશાસ્ત્રી અને ધનકુબેર નગરશ્રેષ્ઠીને કોઈ ઘરમાં જુએ તો આશ્ચર્ય જ પામે; ઘરમાં પિતાજીનો ઘોડો કરે, 'ચલ ઘોડા ચલ' એમ બોલતી જાણે ચાબૂક ન મારતી હોય એવી એમની સાથે રમત રમે તરંગવતી ! વખત જતાં એને ભણવા મૂકી લેખન, નૃત્ય, વીણાવાદન, ગીત અને ધર્માચરણ ધીરે ધીરે શીખતી ગઈ. પિતાજી ભણવામાં કોઈ વાતે કચાશ ન રહે તેવો પ્રયત્ન કરતા રહેતા.

પણ તરંગવતીને વધુ રસ પડ્યો જૈનધર્મનાં સારભૂત તત્ત્વો શીખવામાં. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત વગેરે થકી તે જિનધર્મને ઊંડાણથી સમજવા માંડીને પુણ્ય પામતી ગઈ.

સમયના વહેણ સાથે યુવાની આવી ગઈ. તેને લજ્જાનો અનુભવ થવા માંડ્યો. આથી આનંદ અને આશ્ચર્ય થવા લાગ્યાં. અઢળક રૂપ તો જન્મથી મળ્યું હતું અને આવી ઊભી જુવાની. કોઈ છોગાળો યુવાન તેને તાકી તાકી જુએ છે તે યોગ્ય ન લાગતું હોવા છતાં મનથી તેને તે ગમે છે. ગોખલામાં ગટરગૂ કરતાં નર-માદા પારેવડાંની ગોષ્ઠિ જોવાની મજા આવવા લાગી. બધી આવી આવી વાતો અને મનમાં ઊઠતા તરંગો કોને કહે ? વાત કરવાનું એક ઠેકાણું હતું, તેની પ્રિય સખી સારસિકા, પેટછૂટી વાતો તેની સાથે થતી. તરંગવતીની એક શરત - કોઈ વાત બીજાને કહેવાની નહીં. સારસિકાની કબૂલાત હતી બધું જ છાનું; તેમની વાતો બીજા કોઈને કહેવાની નહીં.

સારસિકા ટીખળ કરે કે 'કેસરિયા સાફો પહેરી કોઈક વરણાગી વાલમો આવશે ને અમારાં બ્હેનબાને ઉપાડી જશે.' તરંગવતી કહે : ' ના, ના. હું તો ક્યાંય નહીં જઉં.' ટીખળ આગળ વધે. 'ના' તો કહેવી પડે; તરત 'હા' ભણવામાં આપણું મૂલ્ય ઓછું થાય. આમ હસતાં રમતાં દિવસો પસાર થતાં ગયા.

એક દિવસ નગર બહારના એક મોટા ઉદ્યાનમાં જવાનો કાર્યક્રમ નક્કી કર્યો. એક રથમાં બેસી તરંગવતી કેટલીક સાહેલીઓ સાથે ઉદ્યાને જવા નીકળી. સારસિકા બાજુમાં જ બેઠી હતી. વારેવારે તરંગવતી પોતાનામાં ખોવાઈ જતી હતી, વિચારતી હતી : કોઈકે તેને પકડી છે. કલ્પના જ હતી. તે બંને હાથોથી આખા શરીરને ભીંસે છે. ભીંસ બહુ મીઠી લાગતી હતી. ભીંસ જાણે કે વધુ ને વધુ ગમતી હતી. 'હજુ વધુ

ભીંસે દબાવ, નિષ્ઠુરતાપૂર્વક ભીંસી દે ' એમ થતું. પણ થોડીવારમાં ઝબકી સ્વસ્થ થઈ ગઈ. સારસિકા પૂછે છે, 'શું થયું ?' 'કંઈ નહીં' જવાબ મળે છે. પણ સારસિકા એમ થોડી માને ? કહે છે, હું જાણું છું સખી ! તારા મનમાં શું રમે છે.' તરંગવતી હસી પડી, 'શું જાણે તું ?' સારસિકા કહે છે, 'તને કામબાણ વાગ્યાં છે. પ્રિયદર્શનની ઈચ્છા જાગી છે. બોલ ખરું કે નહીં ?' તરંગવતી હસીને કહે છે, 'સારસિકા તું ઘણી હોશિયાર છે. મારા મનની વાતો પણ તું સમજે છે.'

હવે રથ આવી પહોંચ્યો ઉદ્યાનના દ્વારે. બધાં નીચે ઊતર્યાં. થોડીવાર દોડાદોડી અને પકડાપકડી જેવી નિર્દોષ રમતો રમ્યાં અને થાક લાગવાથી તરંગવતી એક ઝાડ નીચે આરામ કરવા જરાક આડી પડી. તેણે જોયું એક ચક્વાકચક્વાકીનું કલ્લોલ કરતું જોડકું. તેને કંઈક યાદ આવ્યું. સૂનમૂન થઈ ગઈ, બેહોશ અવસ્થામાં આવી ગઈ અને જાતિસ્મરણજ્ઞાન થતાં તેને પોતાનો પૂર્વભવ દેખાયો. એક પછી એક દશ્ય દેખાતું ગયું. સારસિકા અને બીજી સખીઓ ગભરાઈ ગઈ. 'આ તરંગવતી કેમ કંઈ બોલતી નથી ? કેમ હાલતી નથી. શું થયું તેને ?' બાજુમાંથી પાણી લાવી તેના મોં ઉપર થોડું છાંટ્યું. થોડી વારે આળસ મરડી તે બેઠી થઈ સારસિકા પૂછે છે. 'શું થાય છે ?'

તરંગવતી કહે છે : 'અદ્‌ભુત !' 'પણ શું ?' 'ના, અત્યારે નહીં. પછી એકાંતે કહીશ. કેટલોક વખત ઉદ્યાનમાં વિતાવી સાંજે મહેલે બધાં આવી ગયાં. સારસિકા અને તરંગવતી એક ઓરડામાં પલંગ ઉપર બેઠાં. સખી કહે છે, 'હવે કોઈ અહીં નથી. મને કહે. તેં ઉદ્યામાં શું અદ્‌ભુત જોયું ?' તરંગવતી કહે છે, 'બધું કહું છું. પણ તું કોઈને કહેતી નહીં. તદ્દન ખાનગી રાખવાની વાત.' સંભળાવી તેણે એક વિચિત્ર વાત. પોતાના પૂર્વજન્મની કથા, જે તેણે પોતાની મૂર્ચ્છાવસ્થામાં સૂક્ષ્મ ચેતનાથી અનુભવી હતી.

"અંગ દેશની ચંપાનગરી. ઠેર-ઠેર ઉદ્યાનોને ફળાવો. હું હતી ચક્વાકી પૂર્વજન્મમાં અને મારો પતિ ચક્વાક. એના વિના હું રહી શકતી ન હતી. એ મારો શ્વાસ, એ મારો પ્રાણ. પ્રવીણ અને ચતૂર. સ્વભાવે દયાળુ અને ક્રોધ તો તેણે કદિ કર્યો જ ન હતો. અમે એક દિ' એક નદી ઉપર પ્રેમથી ઊડતાં હતાં અને અમે જોયું એક મહાકાય હાથી સૂર્યના તાપથી અકળાયેલો સ્નાન કરવાની ઈચ્છાથી નદી તરફ આવી રહ્યો હતો. પાણી પીધા પછી તે નદીના પ્રવાહિત જળને પોતાની સૂંઢ વડે પોતાની પીઠ ઉપર રેલાવવા લાગ્યો. થોડી વારે તે જળ બહાર નીકળ્યો. પોતાના માર્ગે આગળ વધતો જતો હતો અને એક વિશાળકાય શિકારી ત્યાં દેખાયો. તે વિચિત્ર અને ભયાનક લાગતો હતો. તેણે પોતાના ધનુષ્ય ઉપર બાણ ચડાવી પણછ ખેંચી. લક્ષ હાથીનું. પણ હાય ! તે બાણ હાથીને ન લાગતાં લાગી ગયું મારા પ્યારા ચક્વાકને. તે બાણથી મારા સ્વામીની પાંખ વીંધાઈ ગઈ. શરીર છેદાઈ ગયું અને મારો કિલ્લોલ કરતો સ્વામી મૂર્છિત થઈને જમીન ઉપર પડ્યો. આ મેં જોયું. મારાથી ચીસ પડાઈ ગઈ ઓહ રે ! મારી પીડાનો કોઈ પાર ન હતો. બધું મારી નજર સમક્ષ જ બની ગયું હતું. તે તરફડતો હતો. તેની ચીસો, તેની વેદના મારાથી જોવાતાં ન હતાં. છૂટેલ તીર હજુ તેના શરીરમાં ખૂંપેલું હતું. મેં હિંમત કરી તીર તેના શરીરમાંથી મારી ચાંચ વડે ખેંચી બહાર કાઢ્યું. તેના શરીરમાંથી લોહી વહેવા માંડ્યું અને તેણે તરફડવાનું બંધ કર્યું. તેનો આત્મા પરલોક પહોંચી ગયો હતો. મારે માટે આ અસહ્ય હતું. કેમ જિવાય ? એકલું જીવવું મારા માટે ન કલ્પાય એવું હતું.

થોડીવાર પછી શિકારી ત્યાં આવ્યો. તેણે મારા ચક્વાકનો નિશ્ચેતન દેહ પડ્યો હતો તે જોયો. તેને પોતાની ભૂલ સમજાઈ. તે લક્ષ ચૂકી ગયો હતો. પોતે કરેલ વિપરીત કાર્યને જોઈને તે દુઃખી બન્યો. મારા સ્વામીના શરીરને ઉપાડી એક રેતીના ઢગલા ઉપર મૂકી તે થોડાં લાકડાં લેવા ગયો. આજુબાજુ ફરીને થોડાં લાકડાં વીણીને લઈ આવ્યો. મને સમજાઈ ગયું કે જરૂર આ શિકારી મારા સ્વામીના દેહને જલાવી દેશે. હું મારા સ્વામીના શરીર ઉપરના આકાશમાં ઊડી રહી હતી. મારી નિરાશાનો કોઈ પાર ન હતો, દુઃખની કોઈ હદ નહોતી.

પેલા શિકારીએ લાકડાં વ્યવસ્થિત ગોઠવ્યાં. તેના

ઉપર સ્વામીના દેહનાં અંગોને ગોઠવ્યાં અને પછી અગ્નિ પ્રગટાવ્યો. શોકથી હુંય પ્રજ્વળી ઊઠી. મારા અંગમાં પણ દાહ ઊઠ્યો. ચિત્કાર કરતાં મેં કહ્યું, 'હે સ્વામી, હું એકલી શી રીતે જીવું. ના, ના. તમારા પછી મારે જીવીને શું કરવું છે ? નાથ, હું આવું છું...તમારી સાથે જ આવું છું...' ને એ સાથે જ નીચે ભડભડ સળગતા અગ્નિ પર મેં પડતું મૂક્યું. એ અગ્નિજ્વાળાએ મને પોતાની ગોદમાં સમાવી લીધી. હું મનુષ્યની ભાષામાં કહું તો સતી થઈ. આ છે મારા પૂર્વજન્મનો વૃત્તાંત. આ બધું મેં આજે જ નીરખ્યું, મારી તંદ્રા અવસ્થામાં.'' આ સાંભળી સારસિકાનું હૃદય દ્રવી ઊઠ્યું. એની આંખોમાં આંસુ આવી ગયાં.

દિવસ અને રાત સતત ચિંતામાં તરંગવતી વિચાર્યા કરે છે : 'મારો પતિ, મારો પ્રાણનાથ પણ કોઈક જગ્યાએ જન્મ્યો હોવો જોઈએ. એ કેમ મળે ? ક્યાં મળે ? ગમે તેમ મારે એને શોધવો જ રહ્યો. તેના વિના હું નહીં રહી શકું. હું એને શોધી કાઢીશ. તે મળશે જ અને મારા બધા પ્રયત્નો છતાં એ નહિ મળે તો હું શ્રી જિનેશ્વર ભગવંતે પ્રાણીઓના સાર્થવાહરૂપ જે માર્ગ કહ્યો છે તે જ મારા માટે સ્વીકાર્ય અને સુખકારી બની રહેશે.''

ચિંતામાં તરંગવતી શરીરે નબળી પડતી જાય છે. માતાજી પૂછે છે, 'શું થાય છે તરંગવતી !' ભળતા જ જવાબો તરંગવતી આપે છે, 'માથું દુઃખે છે. ઊંઘ નથી આવતી' વગેરે. હવે એને એક વિચાર સૂઝી આવે છે. પૂર્વભવનાં ચિત્રો મોટા પટ જેવાં જાહેરમાં ચીતર્યા હોય તો કોક ને કોક દિવસે પૂર્વભવનો પ્રિય તે જોતાં તેને પણ જાતિસ્મરણ થાય અને તે મળી આવે. વિચાર સુંદર હતો. તેણે ચીતરવા માંડ્યાં પૂર્વભવનાં ચિત્રો અને બનાવ્યો એક મોટો પટ. ચકવાક અને ચકવાકી. શિકારી અને હાથી; બાણનું છોડાવું અને હાથી ખસી જતાં બાણ ચકવાકને વાગવું; ચકવાકીનું રૂદન; શિકારીનો પશ્ચાત્તાપ અને ચકવાકનો અગ્નિદાહ; નાની શી ચિતામાં ચકવાકીનું બલિદાન વગેરે...

જતા આવતા લોકો આ ચિત્રપટ જુએ, વાતો કરે અને ચાલ્યા જાય એમ કેટલોક વખત ચાલ્યું.

આવી પહોંચ્યો કાર્તિકી પૂર્ણિમાનો દિન, કાર્તિકી પૂર્ણિમા એટલે કૌમુદી પર્વનો ઉત્સવ, શુભ દિવસ અરિહંત ભગવંતોની પ્રતિમાનાં દર્શન – વંદન થાય છે. મેળો ભરાય છે અને ગામના અને બહારગામથી આવેલા મહેમાનો વેપારીઓ વગેરે એ પર્વને આનંદથી ઊજવે છે. એક સુંદર જગ્યા પસંદ કરીને ત્યાં તરંગવતીએ પેલાં કલામય ચિત્રાવલીવાળાં દશ્યો અંકિત કરતા પટો ખૂબ આકર્ષક રીતે ગોઠવીને મૂક્યા અને તે બધાનું ધ્યાન રાખવા સખી સારસિકાને જણાવ્યું.

તરંગવતીએ સારસિકાને જણાવ્યું, ''પૂર્વભવનો મારો સ્વામી જો આ નગરમાં હશે તો તે જરૂર અહીં આવશે. તું બરાબર ધ્યાન રાખજે. જ્યારે તે આ ચિત્રાવલી જોશે ત્યારે જરૂર તેને પોતાના પૂર્વભવનું અવશ્ય સ્મરણ થશે. પૂર્વભવની સ્મૃતિ પામીને દુઃખી બનેલા જીવ ચોક્કસ મૂર્છા પામે છે. સખી સારસિકા ! તું મારી આ વાર્તાનું જરૂર ધ્યાન રાખજે. થોડી વારમાં તેને ચેતના પ્રગટશે અશ્રુ સારતાં તે તને પૂછશે : 'હે સુલક્ષણા ! મને કહે તો ખરી, આ ચિત્રો કોણે ચીતર્યાં છે ?' જો આવું થાય તો, હે સખી ! તું એને પૂર્વજન્મમાં છૂટો પડેલો અને મનુષ્ય જન્મને પામેલો મારો સ્વામી જાણજે. તું એને એનું નામ, ઠેકાણું અવશ્ય પૂછી લેજે અને આમ બધું જાણી લીધા પછી મને મળજે અને બધી હકીકત જણાવજે.''

રાત પડતાં તરંગવતી સૂઈ ગઈ. પરોઢ થતા પહેલાં તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે જોયું કે ગિરિ ઉપર ચઢેલી લતાઓમાં તે ભમતી હતી. ત્યારબાદ તે જાગ્રત થઈ પિતાજી પાસે ગઈ અને તેમને તે સ્વપ્નનું શું ફળ થાય તે પૂછ્યું. પિતાજીએ કહ્યું, ''હે પ્રિય પુત્રી ! આ સ્વપ્નથી તને સાત દિવસમાં જ તારૂં સૂચિત સદ્ભાગ્ય પ્રાપ્ત થશે.''

તરંગવતી આ સાંભળીને આનંદવિભોર બની ગઈ.

ના મનમાં તો ઈષ્ટ ફક્ત તેનો પ્રિયતમ જ હતો, બીજું કોઈ હીં.

થોડા જ વખતમાં તેની સખી સારસિકા ાચતીકૂદતી આવી. 'જડી ગયું, જડી ગયું' એમ પાગલની ાફક ઉદ્‌ગાર કાઢતી, તરંગવતી આશ્ચર્ય પામતી બોલી : 'આ તે કેવું ગાંડપણ ! શું છે ? માંડીને વાત તો કર.''

સખીએ કહ્યું, ''મને તારો પ્રાણવલ્લભ મળી ગયો છે.''

તરંગવતીએ કહ્યું, ''હેં ! ક્યાં છે ? કોણ છે ? મને રત કહે. મને લઈ જા ત્યાં.''

સખીએ કહ્યું, ''ઉતાવળી ન થા. વાત તો સાંભળ. ઈ કાલે તારા કહેવા મુજબ ચિત્રાવલી બરાબર ગોઠવીને હું ળામાં ઊભી હતી. લોકોનાં ટોળેટોળાં આવતાં, આ ચિત્રો ોતાં હસતાં-આનંદ પામતાં. કોઈ વળી ખિન્ન થતા, વિચાર રતા કરતા જતા રહેતા. પણ સાંજ પડ્યે એક યુવક આવ્યો. ચિત્ર જોતાં જ 'આહ' એમ કહી પડી ગયો. બેભાન થઈ ગયો. અને બીજા બે-ત્રણ પ્રક્ષકોએ એના મોં પર પાણી છાંટ્યું. ોડા જ વખતમાં તે શુદ્ધિમાં આવ્યો. ફરીથી તેણે ચિત્રાવલી ોવા માંડી. તે કહે, ''અરે, આ તો મારી જ વાત. મારા ૂર્વભવની જ આ વાત છે. તેના જ ચિત્રો છે. કોણે દોર્યાં આ ચિત્રો ?''

સારસિકાએ કહ્યું, ''મહાનુભાવ ! આ મારી સખી ગરશેઠની પુત્રી તરંગવતીએ દોરેલાં ચિત્રો છે. તેણે જ આ ચિત્રો પોતાનો પૂર્વભવ યાદ આવતાં દોર્યાં છે. તમારે તેને ળવું હોય તો હું તેનો મેળાપ કરાવી આપું. પણ તે પહેલાં મે પોતાનું નામઠેકાણું બતાવો તો હું આ મારી સખીને મારે ત્યાં લઈ આવું.'' આટલું કહેતાં તો તેણે વાબ આપ્યો, 'મારું નામ છે પદ્મદેવ. મારા પિતાનું નામ છે ધનદેવ ને માતાનું નામ છે સુમતિ.' તે તેના ઘર તરફ જતો હતો હું પણ તેની ાછળ પાછળ ચાલી. ત્યાં જઈને તેનો સંપૂર્ણ પરિચય ળવીને તરત હું અહીં આવી છું.'' આ બધું એક શ્વાસે સારસિકાએ જણાવ્યું.

તરંગવતી તો આ જાણી રાજી રાજી થઈ ગઈ. સારસિકાને વિદાય આપી તેણે સ્નાન કર્યું. ગુરુવંદન કરી શ્રી જિનેન્દ્ર ભગવંતની પૂજા કરીને પારણું કર્યું.

એ જ દિવસે સાંજે મોડેથી સખી સારસિકા ઉતાવળે આવી. તેણે અશ્રુભીની આંખે નવા અઘાતજનક સમાચાર આપ્યા :

''પદ્મદેવના પિતાજી શ્રેષ્ઠ ધનદેવ પોતે થોડા મિત્રો સાથે તારા પિતાજીની પાસે આવ્યા હતા. તેમણે ખૂબ સ્પષ્ટ ભાષામાં પોતાની વાત તારા પિતાને કહી, 'હું તમારી પુત્રી તરંગવતી માટે મારા ગુણવાન પુત્રનું માગું લઈને આવ્યો છું. મારા પુત્રનું નામ પદ્મદેવ છે. તે વ્યવહારું, જ્ઞાની અને કલાકુશળ છે.' ત્યારે તારા પિતાજીએ ધનદેવની વાત કાપી નાખતાં કહ્યું કે, 'તમારો પુત્ર વારંવાર દેશાંતરનો પ્રવાસ કરે છે. ઘરમાં સ્થિર બની ન રહેનારને મારી પુત્રી કેવી રીતે આપું ?' આમ તારા પિતાએ આંગણે આશાભર્યા આવેલાં શ્રેષ્ઠીની વાતને નકારી કાઢી આથી માનભંગ થયેલા શ્રી ધનદેવ શોકથી ઉદ્વિગ્ન બનીને ત્યાંથી શીઘ્ર જતા રહ્યા.''

આ સાંભળી પોતાના મન પર જાણે વજ્રાઘાત થયો હોય તેમ તરંગવતી ચિત્કાર પાડી બોલવા લાગી :

*''રે, રે, આ વિજોગ શેં સહેવાશે ?*

*એના વિના કેમ જિવાશે ?*

ગયા જન્મમાં એ બાણથી વિંધાઈને મરણ પામ્યો હતો અને દૈહિક દુઃખોને ગણકાર્યા વિના હું પણ એની પાછળ પ્રાણની આહુતિ આપી સતી થઈ હતી. આ ભવે પણ હું એ જીવશે ત્યાં સુધી જ જીવીશ. એ જ મારો પ્રાણ, એ જ મારો શ્વાસ છે.''

પિતાની ચેષ્ટાથી તરંગવતીનાં અરમાનોનો ભાંગીને ભૂક્કો થઈ ગયો હતો, પણ તે હિંમત ન હારી, ભાંગી ન પડી. તેણે સારસિકાને કહ્યું, ''સખી ! મારૂં એક કામ કર. હું એક પત્ર લખી આપું તે તું

મારા પ્રાણપ્રિયને આપીને એનો જવાબ લઈ જેમ બને તેમ જલદી મને પહોંચાડ.'' તરંગવતીએક પત્ર તરત લખી નાંખ્યો. પ્રિયતમના પ્રેમાળ સંબોધન પછી પોતાના હૃદયની વાતો લખી, પ્રેમ અતિદૃઢ બને તેવા બે ત્રણ વાક્યો લખ્યાં અને શીઘ્રમિલનની આકાંક્ષા જણાવી.

પત્ર લઈ સખી પહોંચી ગઈ શ્રેષ્ઠી ધનદેવના આવાસે, જ્યાં તરંગવતીનો પ્રાણેશ્વર રહેતો હતો. દરવાને રોકી, પણ પદ્મદેવે ખાસ બોલાવી છે એમ સમજાવી મહેલમાં ગઈ. કુમાર જે મહેલના ઉપરના માળે રહેતો હતો તે એક ભવ્ય આસન ઉપર બેઠો હતો. તેની બાજુમાં એક મૂઢ બ્રાહ્મણ બેઠો હતો. કુમારને પ્રણામ કર્યા ત્યારે તે બ્રાહ્મણે ક્રોધ કરી સારસિકાને કહ્યું, ''અરે ગમાર ! મને બ્રાહ્મણને મૂકીને તું ક્ષુદ્રને પહેલાં પ્રણામ કેમ કરે છે. ?'' સારસિકાએ વિવેકપૂર્વક એમની માફી માગી. ગમે તેમ એ ક્રોધ કરી ત્યાંથી ચાલ્યા ગયા. સારસિકાએ તરંવતીનો પત્ર કુમારને આપ્યો. કુમારે વાંચ્યો. વાંચીને તે આનંદિત થઈ ગયો.

નગરશ્રેષ્ઠીને ત્યાંથી પિતા અપમાનિત થઈને પાછા આવ્યા હતા તે તેને યાદ આવ્યું. પણ ગમે તેમ તરંગવતી મને મળવા તલસી રહી છે જાણી સારસિકાને જણાવ્યું, ''હે ઉત્તમે ! જા. તારી સખી તરંગવતીને કહે કે તે મને જલદી મળે, હું એના વિના જીવી શકું એમ નથી.'' પિતાજીએ જ્યારે સમાચાર આપ્યા હતા કે નગરશેઠ પોતાની દીકરી પદ્મદેવ સાથે પરણાવવા રાજી નથી ત્યારે તેણે નક્કી કર્યું કે તરંગવતી ચોક્કસ આ ભવે મળશે જ; અને કોઈ સંજોગોમાં તે ન મળે તો જીવીને શું કરવું છે ? જીવવાનો પણ તેણે નિર્ણય કરી લીધો હતો. સારસિકાએ આપેલ પત્ર વાંચી પદ્મદેવને ઘણી આશા બંધાઈ કે મોટા ભાગે તરંગવતી કે જેની સાથે ગયા ભવની પ્રીત છે તે મળશે જ.

પદ્મદેવે પણ પ્રેમપત્ર તરંગવતી માટે લખ્યો :

''હે કમલાક્ષી ! હે પ્રિયે ! તારી કુશળતાના સમાચાર સાંભળી હું આનંદિત થયો છું. હું કામદેવના તીવ્ર બાણથી વીંધાયો છું. તે કારણથી, જ્યાં સુધી તું દૂર છે ત્યાં સુધી મારું શરીર સ્વસ્થ નથી. હે સુલક્ષણા ! સંબંધીઓ અને મિત્રોની સહાયથી નગરશ્રેષ્ઠીનું મન હું રાજી ન કરું અને જ્યાં સુધી મારા પિતાની ઈચ્છા અને પરમાત્માની કૃપાથી શુભ ઈચ્છિત સિદ્ધ ન થાય ત્યાં સુધી ધૈર્ય રાખજે.''

આ વાંચી તરંગવતી રાજી થઈ. તેને થોડી મૂંઝવણ પણ થઈ. હવે ધૈર્ય શી રીતે ધરાય ? હવે તો ઈચ્છિત સિદ્ધિ શીઘ્ર મેળવવી જ રહી – તેવા વિચારથી તરંગવતીએ સખી સારસિકાને કહ્યું, ''હે સખી ! તું મને પદ્મદેવના મહેલે લઈ જા. હું મારા પ્રાણપ્રિયને મળીને મારે હવે શું કરવું તેનો નિર્ણય કરીશ.''

સારસિકા તો તૈયાર જ હતી. ''ચાલ સખી ! અત્યારે જ મારી સાથે ચાલ. હું તને પદ્મદેવના મહેલે પહોંચાડી તારા પરભવના સ્વામી અને આ ભવના તારા ઈચ્છિત વરનો મેળાપ કરાવી આપું.''

તરંગવતી સારસિકાની સાથે પહોંચી પદમદેવના નિવાસે. બંને અંદર પ્રવેશ્યાં. તેનો ચહેરો રક્તવર્ણો બની ગયો હતો.

દર્શન ! નાથનું પ્રથમ દર્શન ! દર્શનની તરસ અને આ તરસ આજે જ, અત્યારે જ બુઝાવવી હતી અને બંને પહોંચ્યાં. જ્યાં પદ્મદેવ બેઠો હતો ત્યાં. સારીસકાએ કહ્યું, ''જો, સખી જો જો ! તારા પ્રેમદેવતાને !''

તરંગવતી જોઈ રહી. તે હર્ષવિભોર બની ગઈ. બંનેએ એકબીજાને જોઈ લીધાં. પદ્મદેવે બાજુમાં મિત્રો હતા તેમને પોતાને ઊંઘ આવે છે એવું બહાનું બતાવી રજા આપી અને તરંગવતીની સામે આવી તે ઊભો રહ્યો. તરંગવતી અતિનમ્રતાથી તેના ચરણોમાં ઝૂકી ગઈ, પ્રણામ કર્યા અને તરત જ પદ્મદેવે તેને ઊભી અને પોતાની વજ્ર જેવી છાતી સાથે ચાંપી દીધી.

પદ્મદેવે કહ્યું, ''પ્રિયા ! તું આવી છે અત્યારે રાત્રે. તારા પિતાજી જાણશે તો તે કોપિત થશે. તેઓ શક્તિમાન છે. ક્રોધને કારણે તે મારા સમગ્ર કુટુંબનો નાશ કરાવશે. માટે તું

સત્વરે પાછી તારા પિતા પાસે પહોંચી જા.''

આ વાત થતી હતી ત્યારે રસ્તે પસાર થતો કોઈ માણસ બોલ્યો, ''સ્વૈચ્છાએ આવેલી સ્ત્રી, યૌવન, અર્થસંપત્તિ, રાજલક્ષ્મી, વર્ષા અને મિત્રોનો આનંદ - આનો જે માણસ તિરસ્કાર કરે છે, તેને ભોગવતો નથી તેના મનોરથ ક્યારેય સિદ્ધ થતા નથી.''

આ વચન સાંભળીને પ્રિયના મન પર અસર થઈ. તેણે કહ્યું, '....અને જો તારી ઈચ્છા હોય તો એક ઉપાય છે.'

તરંગવતી કહે, ''ચાલો ! હે નાથ જ્યાં તમે ત્યાં હું. હું મક્કમ છું. ગમે તેટલાં દુઃખો સંકટો કે આપત્તિઓનાં પહાડ તૂટી પડશે તો પણ હું તમારી સાથે જ રહીશ.''

પદ્મદેવે વિચાર્યું એમને એમ ખાલી હાથે ન જવાય. તેણે જરૂરી ધન સાથે લઈ લીધું. સારસિકા તરંગવતીનો ઈશારો સમજી તેના અલંકારો લેવા તેના ઘરે ગઈ. પદ્મદેવે હવે ઉતાવળ કરવા કહ્યું, વિલંબ હવે મોંઘો પડી જશે. ઓચિંતું જ વિઘ્ન આવીને ઊભું રહે તે પહેલાં અત્રેથી તરત જ નીકળી જવું એ જ ઈષ્ટ છે. તેમણે ન રાહ જોઈ સારસિકાની, ને હાથમાં હાથ પકડીને બંને ચાલી નીકળ્યાં. ચાલતાં ચાલતાં યમુના નદીને કિનારે આવ્યાં. કિનારે એક દોરડાથી બાંધેલી નાવ જોઈ. જાણે બધું પરમાત્માએ તૈયાર ન રાખ્યું હોય !

એ બંને નાવમાં બેસી ગયાં. તરંગવતી રોમાંચિત થઈ ઊઠી હતી. પ્રિયને પામીને તે ધન્ય બની હતી. તેના અંતઃકરણની ઈચ્છા આજે સિદ્ધ થઈ હતી. થોડીવારે નાવડું ઊભું રાખ્યું. પદ્મદેવે તરંગવતીને પોતાની નજીક ખેંચી. તેનાં અંગોને યૌવનનો પ્રથમ સ્પર્શ આપ્યો. ગાઢ આશ્લેષમાં બંને એક થઈ ગયાં. ચંદ્ર પણ જાણે શરમાઈ ગયો. સંગનું અનેરું સુખ બંનેએ ભોગવ્યું. તૃપ્તિનો આનંદ એમના ચહેરા ઉપર રમી ગાંધર્વ વિવાહથી બંને જોડાઈ ગયાં.

વળી નાવડું આગળ ચાલ્યું. સમય ક્યાં પસાર થયો તેની તેઓને ખબર પણ પડી નહીં. પૂર્વમાં સૂર્ય ઊગ્યો. તેઓ એક કિનારે ઊતર્યાં. સુંદર લાગતી હતી એ ભૂમિ. તેઓ થોડુંક ચાલ્યાં. બંને જણ એકબીજાનાં પગલાં પડતાં હતાં તેના વખાણ કરતાં આગળને આગળ ચાલતાં હતાં.

ત્યાં એમની નજર દૂર પહોંચી. બાપ રે ! બિહામણા લાગતાં માણસો હથિયારો સાથે એમની નજીક આવી રહ્યા હતા. તે લૂંટારાઓ હતા. તરંગવતી ગભરાઈ ગઈ, સ્વામીની સોડમાં લપાઈ ગઈ ને ચિત્કાર કરી ઊઠી, 'બાપ રે ! હવે શું થશે ?' પદ્મદેવે તેને હિંમત આપી કહ્યું, 'હું છું. તું ગભરાય છે કેમ ? હું પહોંચી વળીશ.' પણ તરંગવતી ન માની. સામે આટલા બધા લૂંટારા હથિયારો સાથે અને તેનો સ્વામી એકલો. તેણે કહ્યું, 'ના, આપણે લડવું નથી. જોખમ ઘણું છે. અત્યારે શરણે થવું એ જ ડહાપણ છે.'

લૂંટારા નજીક આવી પહોંચ્યા. તેઓએ તીરકામઠાં બતાવી તેમને ડરાવવા પ્રયત્ન કર્યો. તેઓએ પદ્મદેવને પકડી લીધો. તરંગવતી ના શરીર ઉપરનાં આભૂષણો નિર્દય રીતે ઉતારી લીધાં. તેણે જોરથી રડવા માંડ્યું ત્યારે એક લૂંટારો જે તેમાં નાયક જેવો લાગતો હતો તેણે તરંગવતીને મૂંગી રહેવા જણાવ્યું, 'વધારે હોહા કરીશ તો તારા ધણીને મારી નાખીશ' એવી બીક બતાવી. પતિને મારી નાખવાની વાત શી રીતે સહન થાય ? તરંગવતીએ માંડ રૂદન દબાવી દીધું, પણ નિઃસાસા ન રોકી શકી. પદ્મદેવ પાસે રત્નની પોટલી હતી તે લૂંટારાઓએ પડાવી લીધી. તરંગવતીના કહેવાથી તેનો પતિ બળપ્રયોગથી દૂર રહ્યો. મૂલ્યવાન રત્નો જોઈ લૂંટારા રાજી થઈ ગયા અને તે બંનેને બિહામણા રસ્તાઓ ઉપર ચલાવી એક પર્વતની ભયાનક કોતરમાં ગુફા હતી ત્યાં લઈ ગયા. ગુફામા એક અદ્ભુત મંદિર હતું અને ત્યાં દેવીની મહાપૂજનનો ઉત્સવ ચાલતો હતો. કેટલાક ગાતા હતા, કેટલાક નર્તન કરતા હતા. એક પછી એક, ચોરો ટનો માલ જે લાવેલા તેનો ત્યાં ઢગલો કરતા હતા. તરંગવતી અને પદ્મદેવ બંધનમાં હતાં. મૂંગામૂંગા જે થાય તે જોયા કરવા સિવાય બીજો કોઈ તેમને માટે ઉપાય ન હતો.

એ બંનેને લૂંટારા તેમના મુખીના એક ગુપ્ત ખંડમાં લઈ ગયા. ત્યાં મુખી ઊંચા આસન ઉપર બેઠો હતો. તેના મોં ઉપરથી જ જણાતું હતું કે તે અતિક્રૂર જ હશે તેણે બન્નેને જોયાં કેટલીક વાતો તેણે બીજા લૂંટારાઓ સાથે કરી. પછી તે નિષ્ઠુર અને ઘાતકી માણસે પોતાની બે તગતગતી આંખો આ બંને તરફ માંડી. તરંગવતી ઘણું ગભરાઈ થરથર ધ્રૂજવા લાગી. મુખી ખરેખર આનંદથી ડોલવા લાગ્યો. પોતાની મનોકામના પૂર્ણ થતી હોય તેમ તેને લાગ્યું.

તે ઇચ્છિતની પ્રાપ્તિ માટે દેવીને બલિ ચડાવવા માંગતો હતો અને દેવીની કૃપાએ જ આ બંને ઉત્તમ બલિ મળી આવ્યા ! તેને લૂંટારાઓને કહ્યું, 'સાંભળો ! આવતી નવમીની રાત્રિએ દેવીને આ બંનેનો બલિ ચડાવીશું.' ત્યાં સુધી એમને ભોંયરામાં અમુક જગ્યાએ રાખવા તેણે હુકમ કર્યો.

એક લૂંટારાએ તે બંનેને એની પાછળ પાછળ આવવા કહ્યું. બંને જણ તેના કહેવા પ્રમાણે આગળ વધતાં હતાં ત્યાં એક જગ્યાએ મોટો પથ્થર પડેલો હતો, ત્યાં તે લૂંટારો બેઠો પદ્મદેવને રસીથી બરાબર બાંધેલો હતો. તરંગવતીને કાંઈ બંધન ન હતું. તે રોતી અને કાલાવાલા કરતી હતી. તે લૂંટારો ત્યાં બેસી કાચું માંસ ખાવા લાગ્યો હતો – તે ઉપર તેણે દારૂ પીધો.

તરંગવતીને છાની રાખતાં પદ્મદેવ તેને સમજાવતો હતો : " આ બધા આપણા કર્મનાં ફળ છે. કર્મ ભોગવવાં જ પડે છે. માટે ધૈર્યને ત્યજીશ નહિ. " પતિની મધુર અને સાંત્વન આપનારી વાણી સાંભળી તેનો શોક કંઈક અંશે ઓછો થયો. બાજુમાં કેટલાંક સ્ત્રી–પુરુષો બંદીવાન તરીકે ઊભાં હતાં. તેમને તરંગવતીએ પોતાની વીતક કથા સંભળાવી : "ગયા ભવમાં અમે ચક્રવાક અને ચક્રવાકી હતા. એક પારધીના બાણે ચક્રવાક ઘવાયો ને મરણ પામ્યો. હું ચક્રવાકી તેની પાછળ બળીને સતી થઈ. આ પછી અમે બંને માનવ તરીકે જન્મ્યાં. હું નગરશેઠની પુત્રી છું અને આ મારા પતિ એક વેપારીના પુત્ર છે. મને પૂર્વભવનું જ્ઞાન થતાં મેં ચિત્રાવલીનું આલેખન કર્યું અને મારા ગત ભવના પતિને ચિત્રાવલી દ્વારા ઓળખ્યો. મારા પિતાની આ લગ્ન માટેની સંમતિ ન મળતા અમે બંને નાસી છૂટ્યાં છીએ. ગંગા નદી પાર કરી અમે આગળ વધતાં હતાં ત્યાં આ લૂંટારાઓ અમને પકડી ને અહીં લાવ્યા છે. અમને બંનેને દેવીના બલિ બનાવવાનો તેઓએ નિશ્ચય કર્યો છે. હે ભગવાન ! હજાર હાથવાળો તું જ અમને બચાવી શકે."

દૂર બેઠેલો એક લૂંટારો પણ તરંગવતીની આ વાત સાંભળી રહ્યો હતો. તેના ચહેરા પર ગજબના ફેરફારો થયા. તે તેમની પાસે આવ્યો. પદ્મદેવનાં બંધન તેણે છોડ્યાં અને કહ્યું, "શાંત થાઓ. તમને બચાવવા મેં નિશ્ચય કર્યો છે." સાચે જ આ એક ચમત્કાર હતો. આવી તો બંનેએ કોઈ આશા જ નહોતી રાખી. તેની વાત સાંભળી હૈયામાં પડેલી મરણની ભીતિ દૂર થઈ.

લૂંટારાએ કહ્યું, "અહીં એક ગુપ્ત માર્ગ છે. તે રસ્તે તમને હું બહાર લઈ જાઉં છું. મારી પાછળ પાછળ આવો." બંને તેની પાછળ પાછળ ચાલ્યાં. કેટલાંક વિષમ માર્ગ કાપ્યા પછી તે ત્રણે ગુફાની બહાર આવ્યા. લૂંટારાએ કહ્યું, "તમે ચાલ્યાં જાઓ. થોડેક દૂર એક ગામ આવશે. તમે ત્યાં પહોંચી યોગ્ય લાગે તે કરજો."

પદ્મદેવે તેને કહ્યું, "ભાઈ ! તેં અમારો જીવ બચાવ્યો છે. અમને લાગતું હતું કે અમારૂં મૃત્યુ થશે, પણ હૃદયમાં પરોપકાર તથા દયાનો ભાવ લાવીને તેં જ અમને મુક્તિ અપાવી છે. હું ધનદેવ નામના વેપારી કે જે વત્સ નગરમાં રહે છે તેમનો પુત્ર છું. તે નગરના બધા લોકો અમને ઓળખે છે. તું કદિક ઈચ્છા થાય તો મારે ઘેર જરૂર આવજે. તારું ઋણ ઉતારવા હું મથીશ." તે છૂટો પડ્યો અને પાછો ગુફા તરફ ગયો. બંને ગામના માર્ગે આગળ વધ્યાં.

તરંગવતી બહુ જ થાકી ગઈ હતી. ભૂખ અને તરસ હવે સહેવાતાં ન હતાં. હવે આગળ વધતું તરંગવતી માટે ખૂબ જ મુશ્કેલ હતું. જિંદગીમાં કોઈ દિવસ

આવાં ભૂખ-તરસ વેઠ્યાં ન હતાં લગભગ તેને ચક્કર આવવા લાગ્યા. પદ્મદેવ પણ થાકેલો હતો, પણ સમય ઓળખી તે તરંગવતીને પીઠ ઉપર બેસાડી આગળ ચાલ્યો. થોડી જ વારમાં એક ગામ દેખાયું. બંને બહુ રાજી થયાં. સામેથી થોડાક ગોવાળિયા આવી મળ્યા. તેમને પૂછતાં ખબર પડી કે એ ખાયક નામે ગામ છે.

ભૂખથી થાકેલી તરંગવતીએ પતિને કહ્યું, "આપણે હવે કોઈકને કહીએ, કંઈક ખાવાનું આપે." પણ પદ્મદેવે માંગવાની ના પાડી. 'મને અન્ન આપો એમ યાચના કરવી ? એથી તો મરણ ભલું. આવો દીનતાભાવ ન ખપે.'

ત્યાં બાજુમાં એક મંદિર દેખાયું. ખૂબ જ રળિયામણું હતું એ મંદિર. શ્રમ દૂર કરવા તરંગવતી એ મંદિરમાં ગઈ. પ્રભુનું સ્તવન કરી તે બહાર આવી. દુઃખના સમયે સ્વામી પડખે છે તેનો તેને આનંદ હતો. દુઃખ ભુલાતું હતું. મંદિરની બાજુમાં જ એક સરોવર હતું. બન્ને જાણે ત્યાં જઈ પોતાના કપડાથી પાણી ગાળ્યું, તૃષાને શાંત કરી. જળમાં થોડે અંદર જઈ બંનેએ છબછબિયાં કર્યાં અને બહાર નીકળી રાહતનો દમ ખેંચ્યો.

શાંતિથી સરોવર કિનારે બંને બેઠાં હતાં. ત્યાં એક ઘોડેસવાર દૂરથી આવતો દેખાયો. તેની સાથે બીજા કેટલાંક માણસો વેગથી ચાલતા હતા. બંને વિચારતાં હતાં કોણ હશે એ ?

તેઓ આવી પહોંચ્યા. પદ્મદેવને જોતાં જ ઘોડેસવાર ઘોડા ઉપરથી ઊતરી તેના પગે પડી નમસ્કાર કર્યા. તેણે કહ્યું, 'કુમાર ! મને ન ઓળખ્યો ? હું આપના મહેલમાં લાંબા વખત સુધી રહ્યો છું.' પદ્મદેવે તેને ઓળખ્યો 'ઓહ ! તમે કુલ્માકહસ્તિ ?'

તેણે કહ્યું, 'હા ! અમે તમને જ શોધીએ છીએ. પિતાજીની આજ્ઞાથી ઘણા જણા જુદા જુદી બાજુ તમારી શોધમાં નીકળ્યા છે. અમે નસીબદાર કે અમને તમે મળી ગયા.'

તેઓ બંનેને ગામમાં લઈ ગયાં. કુલ્માકહસ્તિનો એક સંબંધી બ્રાહ્મણ આ ખાયક ગામમાં રહેતો હતો. તેમને ત્યાં બંનેને તે લઈ ગયો. તેઓએ ત્યાં સ્નાન કરી, જમી લીધું. ભૂખ-તૃષાને સારી રીતે શાંત કર્યાં. પછી કુલ્માકહસ્તિએ નગરશેઠને ત્યાં શું બન્યું તે બધું બંનેને કહ્યું, "નગરશેઠ અને એમના કુટુંબે જાણ્યું કે પુત્રી નથી મળતી. તો તે અંગે તપાસ કરવા માંડી. સારસિકાએ તેમની સમક્ષ તમારી પૂર્વજન્મની કથા કહી. તેણે એમ પણ કહ્યું કે બંને જણાં સંપૂર્ણ તૈયારી સાથે નાસી ગયાં છે, કારણ કે નગરશેઠે પોતાની પુત્રીનો વિવાહ પદ્મદેવ સાથે કરવા ચોખ્ખી ના કહી હતી. તેથી તરંગવતીએ નાસી જવાનું અને પદ્મદેવ સાથે ગાંધર્વ વિવાહ કરવાનું નક્કી કર્યું છે. નગરશેઠ આ જાણી ઘણું ઘણું પસ્તાયા. તેઓ તરત પદ્મદેવના પિતા ધનદેવને મળ્યા અને ક્ષમા માગતાં કહ્યું કે, 'શેઠ ! તેમના પૂર્વજન્મના સ્નેહ-સંબંધનો મને કોઈ ખ્યાલ ન હતો. તેથી અજાણતાં હું નિર્દય બન્યો. તમારી માગણી ન સ્વીકારી.' તેમણે ધનદેવ શેઠનો હાથ પકડી વધુમાં કહ્યું, 'તમારો દીકરો હવે મારો જમાઈ છે. મને ચિંતા થાય છે. તેમની જેમ બને તેમ જલ્દી શોધ કરાવો.' આથી કેટલાક માણસો તમારી શોધ માટે નીકળ્યા છે. બન્નેએ એટલા માણસો તમારી બન્નેની શોધ માટે ચારેકોર મોકલ્યા છે. બંને શ્રેષ્ઠીઓએ સ્વહસ્તાક્ષરમાં જ બે પત્રો લખ્યા છે તે વાંચો." કુલ્માકહસ્તિએ બે પત્રો પદ્મદેવને આપ્યા. બંને પત્રોમાં નર્યો પ્રેમ નીતરતો હતો.. ટૂંકમાં 'તમો બંને જલદી ઘેર આવો' એવો ભાવ હતો.

જે બ્રાહ્મણના ઘરે આ પ્રેમીપંખીડાં મહેમાન હતાં તે બ્રાહ્મણ ઘરગથ્થુ દવાઓ પણ જાણતો હતો. તેણે પદ્મદેવના હાથ જે દોરડાના બંધનના કારણે સૂજી ગયા હતા તેની શુશ્રૂષા પણ કરી.

પ્રાણાશક નગરમાં એક દિવસ રહી વાસાલિકા નામના નગરમાં તેઓ આવ્યાં. નગરના પાદરમાં જ પ્રભુ શ્રીમહાવીરનું એક મંદિર હતું. ત્યાં બંનેએ ભાવવિભોર બની ભગવાનનું સ્તવન કર્યું.

બાજુમાં એક વિશાળ અને ઊંચો વડલો હતો. અહીં પ્રભુએ આ વડલા નીચે ધ્યાનસ્થ અવસ્થામાં થોડો વખત વિતાવ્યો હતો. બંનેએ વડલાને નમસ્કાર કર્યો, તેની ફરતે પ્રદક્ષિણા કરી. પછી આગળ વધ્યાં. છેવટે તેઓ પહોંચ્યાં પોતાના નગરે. દૂરથી તરંગવતીની સખી સારસિકા દેખાઈ. બહુ જ ઉત્સાહપૂર્વક તેમનું સ્વાગત થયું ઘરના આંગણામાં ઠીકઠીક માણસો ભેગા થયા હતા. તેમને ઉદ્દેશીને પદ્મદેવે બધી વિગતે વાત કહી.

થોડા જ દિવસોમાં બંનેનાં વિધિસર લગ્ન ધામધૂમથી થયાં. સંસારનું ચક્ર ચાલ્યા જ કરે છે. જિનદર્શન, પૂજન, કીર્તન, જિનવાણીનું શ્રવણ, આત્મધ્યાન અને આત્મતત્ત્વની શ્રદ્ધામાં ઘણો કાળ વહી ગયો.

એક દિવસ પદ્મદેવ અને તરંગવતી નગર બહારના ઉદ્યાનમાં ગયાં. તેમણે એક વૃક્ષની નીચે ધ્યાનમાં બેઠેલા એક મુનીશ્વરને જોયા. બંનેએ હાથ જોડી એમની વંદના કરી. મુનિએ એમને 'ધર્મલાભ' કહેતાં આશીર્વાદ આપ્યા અને કહ્યુ, ''સર્વ દુઃખોનો અંત આવી જાય એવી જગ્યાએ જાઓ; જ્યાં ગયા પછી બીજે ક્યાંય જવાનું રહેતું નથી એવા નિર્વાણસ્થાનને પ્રાપ્ત કરો. આ માનવભવમાં જ આવો સર્વશ્રેષ્ઠ લાભ મળે છે. બીજે કશે મેળવાતો નથી.'' મુનીશ્વરના ઉપદેશથી બંને કૃતકૃત્ય બની ગયાં અને મુનીશ્વરને પ્રણામ કરીને પૂછ્યું, ''અમને કહો, આવી સિદ્ધિ કેવી રીતે શક્ય બને?''

મુનિરાજે કહ્યું, ''સાંભળો, હે ધર્મી જીવાત્માઓ! તમારી ઉત્કંઠા જરૂર હું પૂરી કરીશ. પણ આ માટે પહેલાં તમે મારો જીવનવૃત્તાંત સાંભળો : એક મોટું અને ભયંકર જંગલ હતું. એના એક ભાગમાં ચંપા નામનું નગર હતું. ત્યાં પૂર્વભવમાં હું એક શિકારીને ત્યાં જન્મ્યો હતો. અમારા કુટુંબો હાથીના દાંત અને હાડકામાંથી વિચિત્ર પ્રકારનાં શસ્ત્રો બનાવતા હતાં. હું હાથીઓનો શિકાર કરતો મારું એ જ એક કામ હતું. વનમાં ફરતો. ગમે તેમ હાથીને મારતો, માંસનું ભક્ષણ કરતો. લક્ષવેધી બાણ છોડવામાં હું એકકો ગણાતો. મારા પિતાજી મને ઉપદેશ આપતાં, 'કોઈ બાળહાથીને કદી ન મારવો' વગેરે.

એક દિવસ હું ગંગાકિનારાના વનમાં ફરતો હતો. ત્યાં એક મોટા પહાડ જેવા ઉત્તમ હાથીને મેં જોયો. મને એના શિકારનું મન થઈ ગયું. મેં ધનુષ્ય પર બાણ ચડાવી લક્ષ્ય સાધવા બાણ છોડ્યું. બાણ ઊંચે ગયું. તેણે હાથીના શરીરને વીંધ્યું નહીં, તો પણ એક ચક્રવાક ઊડતો હતો તે એ બાણથી વીંધાઈ ગયો અને તરફડીને નીચે પડ્યો. તે લોહીથી ખરડાયેલો હતો. તેની છેદાયેલી એક પાંખ જમીન પર પડી. થોડી જ વારમાં તરફડીને મૃત્યુ પામ્યો. આ ચક્રવાકની પત્ની ચક્રવાકી સ્વામીના મૃત્યુથી અત્યંત આક્રંદ કરવા લાગી. કરુણ વિલાપ કરતી તે ચક્રવાકની આસપાસ પરિભ્રમણ કરવા લાગી. આ જોઈને મારા દિલમાં દયા ઉત્પન્ન થઈ. મને પસ્તાવો થયો, 'અરેરે, મેં આ શું કર્યું?'

પેલો હાથી તો ક્યાંય દૂર ચાલ્યો ગયો હતો. મેં પેલા ચક્રવાકને સંભાળપૂર્વક ઉપાડ્યો અને એક સુંદર સ્થળે મૂક્યો. થોડાંક લાકડાં વીણી લાવ્યો . તેના ઉપર ચક્રવાકના મૃતદેહને મૂક્યો અને અગ્નિસંસ્કાર કર્યો. હું નતમસ્તકે ઊભો હતો ત્યાં એક સખ્ત આઘાત આપતું આશ્ચર્ય થયું. ઊડતી ચક્રવાકી કલ્પાંત કરતી સળગતી ચિતામાં પડી ને પોતાના સ્વામીની સાથે બળીને ભસ્મ થઈ ગઈ. કહો ને, પતિ પાછળ તે સતી થઈ ગઈ. મને આ જોઈ કંપારી છૂટી ગઈ. 'મેં આવું પાપ કેમ કર્યું? એક નિર્દોષ કિલ્લોલ કરતા સુખી જોડલાનો મેં શા માટે નાશ કર્યો? આ પાપનો બોજ લઈને હું શી રીતે જીવી શકીશ? આવા પાપી જીવન કરતાં જીવનનો અંત લાવવો સારો.' એમ વિચારી મેં પણ તે સળગતી ચિતામાં ઝંપલાવ્યું. પણ પ્રભુકૃપાએ ફરીથી મને મનુષ્ય જન્મ મળ્યો. વારાણસી નગરીમાં એક ઉત્તમ શ્રેષ્ઠીવર્યને ત્યાં મારો જન્મ થયો. આ નગરી કે જ્યાં તીર્થંકર ભગવંતો અનેક વાર વિચર્યા છે. અહીં શ્રી સુપાર્શ્વનાથ ભગવાને સુરાજ્ય સ્થાપ્યું હતું અને અપાર વૈભવનો ત્યાગ કરી, ચારે ઘાતીકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. શ્રી

પાર્શ્વનાથ ભગવાન, કે અશ્વસેન જેમના પિતા હતા અને વામાદેવી જેમની માતા હતી, તેઓ પણ આ નગરમાં થઈ ગયા.

મારો જન્મ થતાં રુદ્રયશા મારૂં નામ પાડ્યું. હું ગુરુના આવાસે જેને ગુરુકુલ કહેવાય ત્યાં અભ્યાસ કરવા લાગ્યો, પણ મારું મન જુગાર ભણી ખેંચાઈ ગયું. હું જુગારી બન્યો. જુગાર, માંસભક્ષણ, મદિરાપાન, વેશ્યાગમન, શિકાર, ચોરી અને પરદારા સેવન – આ સાત વ્યસનો ઘોર અને અતિભયંકર નરકમાં માણસને લઈ જાય છે. જુગારને લીધે મારે ચોરી કરવી પડી. થોડા દિવસોમાં મારા કુટુંબમાં પણ મારી આ પ્રવૃત્તિની જાણ થઈ ગઈ. એમને ભારે દુ:ખ થયું. એક દિવસ ચોરી માટે રાત્રે નીકળેલો. મારા હાથમાં ખુલ્લી તલવાર હતી. કેટલાક લોકોએ મને પકડવા પ્રયત્ન કર્યો પણ હું ત્યાંથી ભાગી જંગલમાં જતો રહ્યો અને એક ગુફા આગળ આવી ઊભો. એ ગુફા સિંહગુફા નામે ઓળખાતી હતી. તેમાં કેટલાક લૂંટારા રહેતા હતા. હું તેમાં દાખલ થયો. ચોરોનો નાયક એક જગ્યાએ બેઠો હતો. ઘણા ચોરોનો તે અગ્રણી હતો. હું તેમની ટોળીમાં ભળી ગયો. થોડા જ વખતમાં હું નિર્દય યમદૂત જેવો લૂંટારો બની ગયો. મારાં ચોરીના પરાક્રમોને લીધે હું નાયકનો ખાસ માનીતો બની ગયો.

એક દિવસ લૂંટ કરવા તત્પર એવી અમારી ટોળી એક સ્થળે ચોરી માટે ઊભી હતી, ત્યાં એક તાજા યૌવનથી શોભતું સ્ત્રી–પુરૂષનું જોડકું આવી પહોંચ્યું. સ્ત્રી સુંદર યૌવનથી દીપતી હતી અને પુરુષ કામદેવનેય ટક્કર મારે તેવો હતો. તેમને પકડી લેવામાં આવ્યાં અને તેમને અમારા નાયક પાસે લઈ ગયા. તેમનાં અલંકારો – આભૂષણો લઈ લીધાં. નાયકે ખૂબ ખુશ થઈને જ કહ્યું, 'આવતી નવમીની રાત્રે કાલીદેવીની સમક્ષ આ બંનેને બલિરૂપે હોમી દેવાનાં છે.' મરણના ભયથી તે બંને આક્રંદ કરવા લાગ્યાં. હું તેમના રક્ષણ માટે નિમાયો. પેલી સ્ત્રી જિનેશ્વર ભગવાનને યાદ કરી આવા કસમયના મૃત્યુથી બચાવવા રૂદન સાથે આજીજી કરવા લાગી. મને દયા આવી, એમને ઉગારી લેવા વિચાર્યું અને એક પાછળના રસ્તે લઈ જઈ તેમને ગુફાની બહાર કાઢ્યાં. ગુફા બહાર આવી મેં તેમને તેમનો વૃત્તાંત પૂછ્યો. બધી હકીકત તેમણે જણાવતાં મને ભાસ થયો કે મેં જે ચક્રવાકને ગયા ભવમાં હણેલ અને ચક્રવાકી સતી થઈ હતી તે જ જીવોનું આ ભવમાં જન્મેલ આ માનવયુગલ છે. તેથી મારા પાપ ધોવા માટે તો આ જ સુંદર સમય છે. મેં તેમને છોડાવ્યાં. હવે મારે પણ આ પાપમાંથી છૂટવું જોઈએ. નરપિશાચ જેવા નાયક પાસે ફરીથી ન જતાં ઉત્તર દિશા તરફ વળી ગયો. વીતરાગની વાટ પકડી લેવાનો વિચાર મનથી કર્યો અને ફરતો ફરતો પુરિમતાલ નગરે આવી પહોંચ્યો. ત્યાં એક માટ નામનું ઉદ્યાન હતું. ત્યાં એક દેવમંદિર હતું. તેના પ્રાંગણમાં એક વિશાળ વડલો ઊભો હતો. ત્યાં રહેલા એક માણસને પૂછતાં જાણ્યું કે, ઈક્ષ્વાકુકુળમાં જન્મેલા ઋષભદેવ રાજા થયા હતા, જેઓ ચોવીસ અરિહંતોમાં પહેલા અરિહંત ગણાય છે તેમને આ વડલા નીચે કેવળજ્ઞાન થયું હતું, તેથી આ સ્થળ ભાવિકોથી ભાવપૂર્વક પૂજાય છે તે જ શ્રી પ્રભુ જેઓ પાછળથી આદિનાથ કહેવાયા તે જિનેશ્વર ભગવંતની પ્રતિમા અહીં પ્રતિષ્ઠિત છે. મેં તે ઉદ્યાનમાં એક અશોકવૃક્ષ નીચે પદ્માસનવાળીને બેઠેલા એક ધ્યાનસ્થ મુનિને જોયા. તેમની પાસે પહોંચી ભાવપૂર્વક નમસ્કાર કરી મેં તેમને કહ્યું, ''પ્રભુ ! પાપકર્મથી નિવૃત્ત થવા તમારા શરણે શિષ્યભાવે આવ્યો છું. તેમણે મારી આજીજી સાંભળી–સહજી મને દીક્ષા આપી.

આ પછી મેં ક્રમપૂર્વક આગમનો અભ્યાસ કર્યો. આ પ્રમાણે બાર વર્ષ સુધી સંસારમોહના નાશ માટે ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ આચાર માટે હું અહર્નિશ પ્રયત્ન કરૂં છું. આ છે મારી જીવન કથની.''

આખાયે વૃત્તાંત તરંગવતી અને પદ્મદેવે સાંભળ્યો. સાંભળતાં ચિત્રપટની જેમ બની જ ઘટના નજર સમક્ષ તરવરી. ભોગવેલાં દુ:ખોની સ્મૃતિ થઈ. બંનેએ એકબીજા સામે આંખમાં અશ્રુ સાથે જોયું. બંને ઊભાં થયાં અને ભાવપૂર્વક મુનિના ચરણોમાં ભક્તિભાવ પૂર્વક નમ્યાં.

૧. આત્માના ગુણોનો ઘાત કરનારો આદિ

પદ્મદેવે કહ્યું, ''હે મુનિશ્રેષ્ઠ ! તમે જે ચકવાકનો અગ્નિસંસ્કાર કર્યો હતો અને જે ચકવાકી તે ચિતામાં પતિના દેહ સાથે બળી મરી હતી તથા તમે લૂંટારાઓની ગુફામાંથી બે જીવોના પ્રાણની રક્ષા કરી હતી. તે સ્વયં અમે બંને છીએ. જેમ તે વખતે તમે અમારા પ્રાણોનું રક્ષણ કર્યું હતું તેવી જ રીતે હવે પણ અમને દુ:ખમાંથી મુક્ત કરો. તમે અમારા મુક્તિદાતા બનો. હે દયાવંત ! ભવતારિણી મુમુક્ષુ ભાવના હૈયામાં જાગી છે, એટલે તમે અમને તીર્થંકર ભગવંતે બતાવેલા માર્ગે લઈ જાઓ.''

મુનિ બોલ્યા, ''જે ધર્મને શરણે જાય છે તે સર્વ દુ:ખોથી મુક્ત થાય છે. વ્રત અને તપથી જ આ લોક અને પરલોકની સિદ્ધિ થાય છે. મૃત્યુ આ જીવનને ક્યારે ઝડપી લેશે એનો કોઈને ખ્યાલ નથી, માટે જ્યાં સુધી મૃત્યુ આવે નહીં ત્યાં સુધીમાં ધર્મને આચરી લેવો. ધર્મમાર્ગે જવામાં આળસ કરવી હાનિકારક છે ''

આ ધર્મવચનોએ બંનેનાં હૈયાંને હચમચાવી નાખ્યાં. બંનેએ ભાગવતી દીક્ષા લેવાનો તરત જ નિર્ણય લીધો. બધાં આભૂષણો અંગો ઉપરથી ઉતારીને દાસીઓને આપ્યાં અને કહ્યું, ''આ આભૂષણો અમારા પિતાને આપજો અને કહેજો કે બંનેએ આ સંસાર અસાર જાણી ધર્મમાર્ગનું આલંબન કર્યું છે અને ખાસ કરીને જણાવજો કે અજ્ઞાન કે પ્રમાદથી તેમ જ અસદ્ આચરણથી એમની વિરાધના - અશાતના થઈ હોય તો કૃપા કરી તેઓ અમને તેની ક્ષમા આપે.


દાસીઓએ ઘરે આવવા બંનેને પ્રાર્થના કરી, કલ્પાંત કર્યો પણ પદ્મદેવે તેમને અટકાવ્યાં, વાર્યા, બંને સંસારથી વિરક્ત બન્યા. માથા પરથી વાળને ચૂંટી કાઢ્યા અને મુનિના ચરણોમાં નમસ્કાર કરી, હાથ જોડી પ્રાર્થના કરી. ''હે ગુરુ, અમને દુ:ખથી મુક્ત કરો.'' તરત જ બંનેને સર્વ વિરતિ[1] સામાયિક વ્રત અંગીકાર કરાવ્યું. ગુરુએ પ્રતિજ્ઞા લેવડાવી : ''ધર્મશાસ્ત્રોમાં જેનો નિષેધ કર્યો છે તે સર્વ પાપી ક્રિયાઓનો અમે સર્વદા ત્યાગ કરીએ છીએ અને જૂઠ, હિંસા, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ અને રાત્રિભોજન કદિ કરીશું નહીં.''

બંનેની દીક્ષાની વાત વાયુવેગે આખાય નગરમાં પ્રસરી ગઈ. તેમની દીક્ષાના પ્રસંગે સગાં, સંબંધીઓ અને શુભેચ્છકોનાં ટોળેટોળાં ઉમટ્યાં. જોતજોતામાં વિશાળ ઉદ્યાન ચિક્કાર ભરાઈ ગયું.

તરંગવતીનાં માતાપિતા તથા સાસુસસરા હૃદયભેદક આક્રંદ કરતાં રડવા લાગ્યાં અને મોહયુક્તપણે બન્નેને પ્રવ્રજ્યા લેતાં રોકવા પ્રયત્ન કર્યો, પણ તરંગવતી અને પદ્મદેવ એ દિશામાંથી પાછા વળવા માંગતાં ન હતાં. તે નગરમાં એક સુપ્રસિદ્ધ સાધ્વીજી હતાં, જેઓ મહાપ્રજ્ઞા શ્રીચંદના સાધ્વીજીનાં શિષ્યા હતાં, તેમની પાસે મુનિશ્રીના કહેવાથી તરંગવતીએ શિષ્યાપણું ગ્રહણ કર્યું અને પદ્મદેવ એ મુનિના શિષ્ય બન્યા. કર્મને ખપાવતાં તે બંને મહાભાગી સદ્ગતિ પામ્યાં.

૧. હિંસા, ચોરી, જૂઠ આદિ પાપોનો સર્વદા ત્યાગ


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા



શ્રી ફુલચંદ નાગપાર મારૂ

ગામ : સિક્કા, હાલ : મુંબઈ
C/o અમૃતલાલ ફુલચંદ મારૂ
૩૦૧-પ્રણવલીલા બી-વીંગ પીરામલ નગર,
ગોરેગાંવ, મુંબઈ-૪૦૦ ૦૬૨.
ફોન : ૨૮૭૯૨૯૮૮
મો. : ૯૮૬૯૦ ૬૨૬૧૧

૫૩

# સુરસેન - મહાસેન

બંધુરા નામનું એક નગર. વીરસેન નામનો પરાક્રમી રાજા ત્યાં રાજ્ય કરે. પ્રજાનો તે એકદમ પ્રિય હતો, કારણ કે તે પરદુ:ખભંજન અને સદાચારી હતો. તે રાજાને બે કુમાર હતા. મોટાનું નામ સુરસેન અને નાનાનું નામ મહાસેન. બંને રૂપાળા અને ગુણિયલ હતા. સારી રીતે દાનધર્મ કરતાં હતાં.

એક દિવસ અચાનક મહાસેનને જીભ ઉપર દુ:ખાવો ઊપડ્યો. જીભ ચરચરવા લાગી. સોજો આવી ગયો. મહાસેને સુરસેનને પોતાના દુ:ખાવાની વાત કરી.

થોડા વખતમાં વૈદો આવ્યા. રાજવૈદની હાજરીમાં જીભ ઉપર દવા લગાડી. બધા વૈદો ઉપચાર કરવા લાગી ગયા, પણ દુ:ખાવો ઓછો ન થતાં વધતો ગયો. રાત પડતાં સુધીમાં તો દુ:ખાવો અસહ્ય થઈ ગયો. રાત્રે ઊંઘ ન આવી. બીજે દિવસે સવારે વૈદો પાછા આવ્યા. જીભ ઉપર કાણાં પડી ગયા હતાં વૈદોએ થઈ શકે એટલા ઉપચારો કર્યા પણ કોઈ રીતે દુ:ખાવો ન મટ્યો.

દુ:ખાવા સાથે હવે જીભ સડવા લાગી. મોંમાથી દુર્ગંધ આવવા લાગી. તેની બાજુમાં બેસવું બધાંને મુશ્કેલ લાગવા લાગ્યું. ધીરેધીરે બધાં એ ખંડમાંથી બહાર નીકળી ગયાં. ફક્ત એક સુરસેન જ મહાસેનની ચાકરી કરતો રહ્યો.

રાજાએ વૈદોને. કહ્યું, "કુમારને સાજો કરો. જે જોઈશે તે આપીશ."

વૈદ્યો કહે, "આ રોગ માટે જે જે દવાઓનો અમને ખ્યાલ છે તે બધી અમે આપી ચૂક્યા. હવે અમારી પાસે બીજો કોઈ ઉપચાર નથી." રાજાની આંખમાંથી આંસુ સરી પડ્યાં. સુરસેનકુમાર ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

બે-ત્રણ દિવસ એમ જ પસાર થયા. જીભ સડવાથી દુર્ગંધ વધતી ગઈ. મહાસેનને નિંદ નથી આવતી. સુરસેન યોગ્ય ચાકરી રાતદિવસ કર્યા જ કરે છે.

સુરસેન વિચારે છે – શું કરવું ? અચાનક તેને વિચાર આવે છે : શ્રી નવકાર મંત્રના પ્રભાવથી! જીવોના રોગ-શોક દૂર થાય છે, એમ જ્ઞાની પુરૂષો બતાવે છે. તો એ પ્રભાવશાળી મંત્રનો ઉપયોગ કરૂં તો જરૂર મહાસેનનો રોગ દૂર થાય. તેણે ચાંદીના પ્યાલામાં અચિત્ત[1] પાણી લીધું. એકાગ્ર મનથી નવકાર મંત્રનું સ્મરણ કરતો જાય છે અને પાણી પોતાના આંગળાથી લઈ મહાસેનની જીભ ઉપર મૂકતો જાય છે.

જેમ ભૂખ્યા માણસને કોળિયે કોળિયે ક્ષુધાશાન્તિ થતી જાય તેમ મહાસેનને પાણીના ટીપે ટીપે શાન્તિનો અનુભવ થતો ગયો. પહેલા દિવસે દુર્ગંધ ઘટી ગઈ. બીજા દિવસે છિદ્રો પૂરાઈ ગયાં. ત્રીજા દિવસે સોજો ઊતરી ગયો. સતત ત્રણ દિવસ નવકાર મહામંત્રથી મંત્રેલું પાણી સુરસેને મહાસેનની જીભ ઉપર સિંચ્યા કર્યું. ચોથે દિવસે સવારે મહાસેન સંપૂર્ણ નીરોગી બનીને ઊઠ્યો. તે સૂરસેનને ભેટી પડ્યો. બંને ભાઈઓની આંખો આંસુથી છલકાઈ ગઈ. સુરસેને કહ્યું, "ભાઈ! આ બધો પ્રભાવ શ્રી નવકાર મંત્રનો છે."

મહાસેન કહે છે : "ભાઈ ! મારા માટે તો તું જ ઉપકારી છે. જ્યારે બધાં સ્નેહીજનો મને છોડી જતાં રહ્યાં ત્યારે તેં જ મારી સેવા કરી. મને હિંમત આપી ને મને નીરોગી કર્યો. તારો ઉપકાર જન્મોજન્મ સુધી નહીં ભૂલું, ભાઈ !" સુરસેને પોતાની આંગળીઓ મહાસેનના મોઢે મૂકી તેને વધુ બોલતો બંધ કરી દીધો. નગરમાં સુરસેન મહાસેન બાંધવબેલડીના ગુણો ગવાવા લાગ્યા : 'ભાઈઓ હો તો આવા હો !' ચોરોને ચૌટે એક જ વાત. શ્રી નવકારનો પ્રભાવ જોઈ નગરજનો રોજ ૧૦૮ નવકારમંત્રનો જાપ જપવા લાગ્યાં.

આ વાતને કેટલાક મહિનાઓ થઈ ગયાં. એક દિવસ આ બંધુરા નગરીમાં શ્રી ભદ્રબાહુસ્વામી નામનાં આચાર્ય પધાર્યા. આચાર્યદેવ

૧. જેનામાં જીવ નથી તે.

અવધિજ્ઞાની હતા. કરૂણાના સાગર જેવા હતા. રાજા-રાણી તેમજ નગરજનો સર્વે તેમનાં દર્શને આવ્યાં. તેઓનો ઉપદેશ સાંભળ્યો. સહુના આત્માને શાંતિ મળી. વ્યાખ્યાન પૂરૂં થયું. બધાં ઘર તરફ પાછાં ફર્યાં. પણ સુરસેન-મહાસેન બંને રાજકુમારો બેસી રહ્યા. ઊભા થઈ આચાર્યદેવને ત્રણ પ્રદક્ષિણા દીધી. વિનયપૂર્વક સામે બેસીને સુરસેને આચાર્યશ્રીને પૂછ્યું, "ગુરુદેવ ! આ મારા ભાઈ મહાસેનને ભયંકર જીભનો રોગ થયો હતો તેનું શું કારણ હશે ? એણે એવું ક્યું પાપકર્મ બાંધ્યું હશે ?"

આચાર્યદેવે કહ્યું, "કુમાર ! એનું કારણ પૂર્વજન્મનાં પાપનું છે. સાંભળ : મણિપુર નામનું એક સુંદર નગરમાં એક મદન નામનો વીર સૈનિક રહેતો હતો. તેને બે પુત્રો હતા. એકનું નામ ધીર અને બીજાનું નામ વીર હતું. બન્ને વિવેકી યુવકો હતા."

એક દિવસ બંને ભાઈઓ તેમના પોતાના ઉદ્યાનમાં ગયા. ત્યાં તેમણે પોતાના સંસારી મામા મુનિરાજને જમીન પર ઢળી પડેલા જોયા. બંને ભાઈઓ 'શું થયું ? શું થયું ?' બોલતા મુનિરાજ પાસે બેસી ગયા. મુનિરાજ મૂર્ચ્છિત થઈ ગયેલા હતા. બંને ભાઈઓ અત્યંત વ્યથિત થઈ ગયા. તેમણે ઉદ્યાનના માળીને પૂછ્યું. માળીએ કહ્યું, 'મુનિરાજ ધ્યાનસ્થ દશામાં ઊભા હતા. ત્યાં એક દુષ્ટ સાપે એમના પગ ઉપર ડંખ દીધો અને તે આ દરમાં ઘૂસી ગયો. મહામુનિ થોડી જ વારમાં જમીન ઉપર ઢળી પડ્યાં !' માળી પણ બોલતાં રડી પડ્યો.

વીરને મામા-મુનિરાજ ઉપર દૃઢ અનુરાગ હતો. તેણે માળીને કહ્યું, 'અરે, તમે રાંકડાઓ છો ! ડંખ મારીને સાપ જ્યારે નાસી જતો હતો ત્યારે તમે એને મારી કેમ ન નાખ્યો ?' આ સાંભળી ધીરે કહ્યું, 'ભાઈ ! શા માટે જીભથી પાપ બાંધે છે ? જે બનવાનું હતું તે બની ગયું છે.'

વીરે કહ્યું, 'મુનિરાજને ડસનાર એવા સાપને મારવામાં પણ ધર્મ છે, તો પછી 'મારવો' એવા શબ્દમાત્રથી પાપ શાનું લાગે ? સાધુઓની રક્ષા કરવી અને દુષ્ટોનો નાશ કરવો એ તો ક્ષત્રિયનો ધર્મ છે ! અને જો આ વાત ખોટી હોય તો ભલે આ પાપ મારી જીભને લાગે.' ધીરે કોઈ જવાબ ન આપ્યો. તેણે મુનિરાજના શરીરમાં વ્યાપેલા ઝેરને ઉતારવાના પ્રયત્ન કર્યા. ગારુડીને બોલાવીને તેણે ઝેર ઉતરાવ્યું મુનિરાજ સારા થઈ ગયા.

આ રીતે મુનિરાજના પ્રાણ બચાવવાથી, મુનિરાજ પ્રત્યે અપાર પ્રીતિ કરવાથી બંને ભાઈઓએ પોતાનું જીવન સાર્થક કર્યું.

આયુષ્ય પૂર્ણ થતાં બંનેનું મૃત્યું થયું. ધીર મરીને સુરસેન થયો. વીર મરીને મહાસેન થયો. મોટા મોટા વૈદરાજો જે રોગ ને ન મટાડી શક્યા, એવો જીભનો રોગ સાપને મારી નાખવાનાં વચન બોલવાથી થયો હતો ! પરંતુ મુનિના પ્રાણ બચાવવાથી ધીરે જે પુણ્ય ઉપાર્જન કર્યું હતું તેના પ્રભાવે તથા નવકાર મંત્રના પ્રભાવે તે મહાસેનનો રોગ મટાડી શકાયો."

આ રીતે આચાર્યદેવ પાસેથી બંને ભાઈઓએ પોતાના પૂર્વજન્મની વાતો સાંભળી. પૂર્વજન્મનું જ્ઞાન થવાથી ને જાતિસ્મરણ થવાથી પૂર્વભવને અંતરથી જોઈ શક્યા. બંનેને સંસાર પ્રત્યે વૈરાગ્ય થયો. તેમણે ભદ્રબાહુસ્વામીના ચરણોમાં જીવન સમર્પિત કરી દીધું.

દીર્ઘકાળ પર્યંત સંયમધર્મનું પાલન કરી, કર્મોનો નાશ કરી, બંનેએ મુક્તિ પ્રાપ્ત કરી પૂર્ણ સુખ મેળવી લીધું.

માટે સમજુ માનવોએ અનર્થદંડના[૧] જીવને ફોગટ દંડાવનાર એવાં વચનો ક્યારેય, કોઈપણ સંજોગોમાં ન જ બોલવાં જોઈએ.

૧. બિનજરૂરિયાતવાળા પાપ - જેના વિના ચાલે તેવા પાપ.

## ૫૪ આનંદ શ્રાવક

મગધ દેશના વાણિજ્યગ્રામ નામના નગરમાં આનંદ નામનો ગૃહસ્થ રહેતો હતો. તે ઘણો ધનવાન હતો. તેની પાસે ચાર કરોડ સોનામહોરો જમીનમાં દાટેલી હતી, ચાર કરોડ વેપારમાં રોકાયેલી હતી અને ચાર કરોડ ઘરવખરીમાં રોકાયેલી હતી. ઉપરાંત તેને ત્યાં ૪૦ હજાર ગાયોનાં ચાર ગોકુળ હતાં. તે ઘણો બુદ્ધિમાન એને વ્યવહારકુશળ હોવાથી સૌ કોઈ તેની સલાહ લેતું. તેને શિવાનંદા નામની સ્વરૂપવાન પત્ની હતી. ૭૦ વર્ષની ઉંમર થતાં સુધી તે જૈન ધર્મ અને તેનાં તત્ત્વોથી અજાણ હતો. તેવામાં એક દિવસ ભગવાન મહાવીર તે ગામમાં પધાર્યા. હજારો લોકો ત્યાં જતા હતા તેથી તે પણ પ્રભુની દેશનામાં ગયો. પ્રભુએ શ્રાવક અને સાધુનું આબેહૂબ સ્વરૂપ સમજાવ્યું.

આનંદને જિજ્ઞાસાબુદ્ધિ જાગી અને પ્રભુ પાસે તેણે સમજપૂર્વક બાર વ્રત અંગીકાર કર્યા. ઘેર આવી તેણે શ્રાવકધર્મ અંગીકાર કર્યાની વાત પોતાની પત્નીને કરી અને તેને પણ તેમ કરવા ઉપદેશ્યું. એટલે શિવાનંદાએ પણ પ્રભુ પાસે જઈ બાર વ્રત[1] અંગીકાર કર્યાં. આ રીતે બંને જણ, પતિ-પત્ની શ્રાવકધર્મનું સુંદર રીતે પાલન કરતાં કરતાં સુખપૂર્વક સમય વિતાવવા લાગ્યાં.

કેટલોક કાળ વીત્યા પછી આનંદને ઉગ્ર તપશ્ચર્યા કરવાનો ભાવ થયો. એટલે તેણે સગાસંબંધીઓને ભેગાં કરી, જમાડી, તેમની હાજરીમાં ગૃહકાર્યનો ભાર પોતાના મોટા પુત્રને સોંપ્યો અને પોતે શ્રાવકની અગિયાર પ્રતિમાઓનું વહન-પાલન કરવા લાગ્યો. આકરા તપથી તેનું શરીર દુર્બળ બન્યું.

એક વખત પૌષધ વ્રતમાં ધર્મચિંતન કરતાં તેને અવધિજ્ઞાન થયું. તે વડે તેણે પૂર્વ દિશામાં લવણ સમુદ્રમાં ૫૦૦ ધનુષ્ય સુધી જોયું અને પશ્ચિમ તથા દક્ષિણમાં એટલું જ જાયું અને ઉત્તરમાં ચુલહિમવંત અને વર્ષધર પર્વત જોયા. ઊંચે સૌધર્મ દેવલોક અને નીચે રત્નપ્રભા નરકનો વાસ જોયો. આ જોઈ તેને ખૂબ પ્રસન્નતા થઈ અને પ્રભુ મહાવીરના દર્શનની જિજ્ઞાસા થઈ.

ભાગ્યવશાત્ પ્રભુ મહાવીર તે જ ગામમાં પધાર્યા. ગૌતમ મુનિ ગોચરીએ નીકળ્યા. લોકોને મોઢે આનંદના અવધિજ્ઞાનની વાત સાંભળી ગૌતમમુનિ આનંદની પૌષધશાળામાં ગયા. ગૌતમ મુનિને આવતા જોઈ આનંદે વિધિપૂર્વક વંદન કર્યું અને પછી વિવેકપૂર્વક પૂછ્યું કે, ''મહારાજ ! શ્રાવકને સંસારમાં રહેતાં થકી અવધિજ્ઞાન થાય?''

શ્રી ગૌતમ મુનિએ જવાબ આપ્યો, ''થાય .'' આનંદે કહ્યું, ''પ્રભુ ! મને તે થયું છે. હું લવણ સમુદ્રમાં ૫૦૦ ધનુષ્ય સુધી તથા સૌધર્મ દેવલોક અને રત્નપ્રભા નરક દેખું છું.'' આ સાંભળી ગૌતમ મુનિ સંશયમાં પડ્યા. તેમણે કહ્યું, ''આનંદ ! તમે જૂઠું બોલો છો. એક શ્રાવકથી એટલું દેખી શકાય નહીં.'' માટે મૃષાવાદનું પ્રાયશ્ચિત્ત લો.''

આનંદે કહ્યું, ''દેવ ! હું યથાર્થ કહું છું. આપ ભૂલ્યા છો. માટે આપે જ પ્રાયશ્ચિત્ત લેવું ઘટે.''

શ્રી ગૌતમ મુનિને આ વાત હૈયે ન બેઠી. તેઓ સંશયાત્મક બની 'બહુ સારું' કહી રસ્તે પડ્યા અને પ્રભુ મહાવીર દેવ પાસે આવી, બનેલી વીતક કથા કહી સંભળાવી. પ્રભુ મહાવીરે કહ્યું, આનંદનું કથન સત્ય છે અને તમારી સમજ ખોટી છે.'' આ સાંભળતાં જ આશ્ચર્ય સાથે શ્રી ગૌતમે પ્રાયશ્ચિત્ત લીધું અને આનંદ શ્રાવક પાસે આવી પોતાની ભૂલની માફી માગી.

આનંદ શ્રાવકે ૨૦ વર્ષ સુધી શ્રાવક વ્રત પાળ્યું.

મરણાંતે તેમણે એક માસનું અનશન કર્યું અને વિશુદ્ધ બની પરિણામે કાળધર્મ પામી તેઓ પહેલા સૌધર્મ નામના દેવલોકમાં ગયા. ત્યાંથી મહાવિદેહમાં[2] જન્મ લઈ મોક્ષમાં જશે.

૧. બાર વ્રત સમજવા વંદિત્તા સૂત્રનો અભ્યાસ કરવો.

૨. જંબૂદ્વીપનાં મધ્યભાગમાં પૂર્વ-પશ્ચિમ એક લાખ યોજન લાંબુ ક્ષેત્ર.

# દ્વિમુખ (પ્રત્યેકબુદ્ધ)

પાંચાલ દેશના કંપિલપુર નગરમાં જય નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ગુણમાળા નામે રાણી હતી. ઉભય દંપતી બહુ જ ધર્મિષ્ઠ હતાં. જૈન ધર્મ પ્રત્યે ઘણો પ્રેમ હતો.

એકવાર રાજા કચેરી ભરીને બેઠો છે. તેવામાં એક પરદેશી ચારણ રાજસભામાં આવ્યો અને મહારાજાના ગુણોની પ્રશંસા કરવા લાગ્યો. આ સાંભળી રાજા બોલ્યો, ''બારોટજી ! તમે દેશદેશાવરમાં ફરો છો, તો તમે મારી સભામાં કાંઈ ઊણપ હોય તો તે જણાવો. કારણ કે માત્ર આત્મશ્લાઘા મને પસંદ નથી.'' આ સાંભળી બારોટે જણાવ્યું : ''મહારાજ ! આપની રાજસભામાં બધું જ સુંદર છે પણ એક ચિત્રશાળા નથી. રાજાને આ ઠીક લાગ્યું. તેણે કુશળ ચિત્રકારો બોલાવ્યા અને સભાના હોલની બાજુમાં એક ચિત્રશાળા તૈયાર કરવા કહ્યું.

ચિત્રકારોએ આવીને કામ શરૂ કર્યું. પ્રથમ તો તે માટે પાયો ખોદવા માંડ્યો. પાયો ખોદતાં નીચેથી રત્નજડિત મુગટ નીકળ્યો. કારીગરોએ તે મુગટ રાજાને આપ્યો. દિવ્ય મુગટ જોઈ રાજા આનંદ પામ્યો. મુગટ પોતાને કેવો શોભે છે તે જોવા રાજાએ પોતાનું મોં અરીસામાં જોયું. અરીસામાં તેને પોતાના બે મોં દેખાયાં. તે ઉપરથી તેનું નામ 'દ્વિમુખ' તરીકે પ્રસિદ્ધ થયું.

ચિત્રકારોએ ચિત્રશાળા તૈયાર કરી. તેની આરોહણક્રિયા માટે તે મકાનની વચ્ચે એક સુશોભિત સ્તંભ ઊભો કર્યો હતો. સ્તંભને વસ્ત્રાલંકારથી શણગારી ભવ્ય અને આકર્ષક બનાવ્યો હતો. રાજા આ ચિત્રશાળાની આરોહણક્રિયા કરવા માટે આવ્યો. ચિત્રશાળાની નમૂનેદાર કારીગરી જોઈ તે ખૂબ સંતોષ પામ્યો. તે હર્ષપૂર્વક બારોટ પ્રત્યે બોલ્યો, ''કેમ બારોટજી ! હવે આ ચિત્રશાળા બરાબર મારા રાજ્યને શોભે તેવી છે ને ?''

બારોટે જવાબ આપ્યો, ''હા મહારાજા ! આવી ચિત્રશાળા મેં ક્યાંય જોઈ નથી.'' રાજા આનંદ પામી સ્વસ્થાનકે ગયો.

કેટલાક દિવસો બાદ પેલો ઊભો કરેલો સ્તંભ ઉપાડી લેવામાં આવ્યો. તેના ઉપરથી વસ્ત્રાલંકાર ઉતારી લઈને તે સ્તંભને ચિત્રશાળાના એક ખૂણામાં આડો ફેંકી દીધો. વખત જતાં તે સ્તંભ ઉપર ધૂળ વગેરે જમા થયું. પરિણામે તે સ્તંભ તદ્દન બેડોળ લાકડાના ઠુંઠા જેવો બની ગયો. એક દિવસ રાજા ચિત્રશાળામાં આવ્યો. ત્યાં તેણે આ લાકડાનું ઠુંઠું જોયું. તે જોઈને રાજાએ બાજુમાં ઊભેલા રક્ષકને પૂછ્યું, ''આવા ! આ લાકડું અહીં કેમ મૂક્યું છે ? રક્ષકે જવાબ આપ્યો : ''મહારાજ ! આપે આ ચિત્રશાળાનું આરોહણ કર્યું ત્યારે સ્તંભ ઊભો કરેલો તે ઉતારીને અહીં મૂક્યો છે.''

રાજા આશ્ચર્ય પામી મન સાથે બોલી ઊઠ્યો : ''પેલા ભવ્ય અને સુંદર સ્તંભની આ દશા ? શું તે ફક્ત ઉપરનાં વસ્ત્ર અને અલંકારોથી જ સુંદર લાગતો હતો ? ખરેખર આ જોતાં તો મારું શરીર પણ એક દિવસ આવી જ દશા પામશે. અત્યારે સુશોભિત દેખાતા મારા આ શરીરની પણ આખરે આ લાકડાના ઠુંઠા જેવી દુર્દશા થવાની જ ! તો પછી આજે જ, અરે અત્યારે જ, આ શરીર પરથી મમતા કેમ ન ઉતારવી ? કાળનો ક્યાં ભરોસો છે ? ખરેખર, મેં પુદ્‌ગલીક વસ્તુઓના મોહમાં અંધ બની આત્મકલ્યાણ સાધ્યું નહીં.''

''ખરેખર આ બધાં વળગણો તજવા યોગ્ય છે'' એમ કહી દ્વિમુખ રાજાએ ત્યાં જ પોતાનાં સઘળાં વસ્ત્રો–અલંકારો ઉતારી નાખ્યાં અને પંચમુષ્ટિલોચ કરી સ્વયમેવ[1] દીક્ષા લઈ ચાલતા થયા. ખૂબ તપ, જપ, સંવર કરી કૈવલ્યજ્ઞાન પામી રાજા દ્વિમુખ પ્રત્યેકબુદ્ધ મોક્ષપદને પામ્યા.

૧. પોતાની મેળે, એટલે કોઈ ગુરુ પાસે નહીં.

૧૬

# ક્ષપક મુનિ

ક્ષપક નામના એક મુનિ નિરંતર માસક્ષમણાદિક દુષ્કર તપશ્ચર્યા કરતા હતા. એક ઉદ્યાનમાં રહીને આત્મસ્વરૂપનું ધ્યાન ધરતા હતા. તેમના ગુણથી પ્રસન્ન થયેલી કોઈ દેવી હંમેશા તે મુનિની વંદના તથા સ્તુતિ કરીને કહેતી કે 'હે મુનિ ! મારા પર ઉપકાર કરીને મારા યોગ્ય કાંઈ કાર્ય બતાવશો.'

એક દિવસ ક્ષપક મુનિ કોઈ બ્રાહ્મણનાં દુષ્ટ વચન સાંભળીને ક્રોધ પામી તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા. મુનિ તપસ્યા વડે અતિકૃશ થયેલા હોવાથી તે બ્રાહ્મણે તેમને મુષ્ટિ વગેરેના પ્રહારથી મારીને પૃથ્વી ઉપર પાડી નાખ્યા. મુનિ ક્રોધના માર્યા ફરીથી ઊભા થઈ યુદ્ધ કરવા લાગ્યા. તોપણ તે બ્રાહ્મણે પ્રહાર કરી તેમને પાડી નાખ્યા. એમ અનેક વાર તે બ્રાહ્મણે તેમને પરાજય આપ્યો. એટલે ક્ષપકમુનિ અપમાનિત થઈને માંડ પોતાને સ્થાને આવ્યા. બીજે દિવસે પ્રાતઃકાળે હંમેશાની જેમ તે દેવીએ આવીને મુનિને વંદના કરી, પણ મુનિએ દેવીની સામું પણ જોયું નહીં, તેમ કાંઈ બોલ્યા પણ નહીં, તેથી તે દેવીએ પૂછ્યું, "હે સ્વામી ! ક્યા અપરાધથી આજે મારી સામે જોતા નથી અને બોલતા પણ નથી ?" મુનિ ઉચ્ચ સ્વરે બોલ્યા કે 'કાલે પેલા બ્રાહ્મણે મને માર્યો, તોપણ તેં મારૂં રક્ષણ કર્યું નહીં, તેમ જ મારા તે શત્રુને કાંઈ દંડ કર્યો નહીં, માટે માત્ર મીઠાં વચન બોલીને પ્રીતિ બતાવનારી એવી તારી સાથે હું બોલવવા ઈચ્છતો નથી.'

તે સાંભળીને સ્મિત કરતાં દેવી બોલી : 'હે મુનિ ! જ્યારે તમે બંને એક-બીજાને વળગીને યુદ્ધ કરતા હતા, તે વખતે કૌતુકને ખાતર જોવાની ઈચ્છાથી હું પણ ત્યાં આવીને તમારૂં યુદ્ધ જોતી હતી; પરંતુ તે વખતે મેં તમને બંનેને સમાન ક્રોધવાળા જોયા તેથી તમારાં બેમાં સાધુ કોણ અને બ્રાહ્મણ કોણ એ હું જાણી શકી નહીં. તેથી કરીને હું તમારી રક્ષા કે બ્રાહ્મણને શિક્ષા કરી શકી નહીં.

આ સાંભળીને મુનિનો ક્રોધ શાંત થયો. તે મુનિ બોલ્યા કે, "હે દેવી ! તેં મને આજે બહુ સારી પ્રેરણા કરી, તેથી હવે હું ક્રોધરૂપી અતિચારદોષનું પ્રાયશ્ચિત કરૂં છું. હે દેવી ! મેં ધ્યાન-સંબંધી શાસ્ત્રનો ઘણા યત્નથી અભ્યાસ કર્યો છે, શ્રવણ કર્યું છે અને બીજા ઘણાંને શીખવ્યું છે, તેમ જ તેનું અનુમોદન પણ કર્યું છે. તોપણ ખરે વખતે હું તે આચરી ન શક્યો. મને એનું સ્મરણ જ ન થયું. શાસ્ત્રમાં કહ્યું છે કે, 'ધ્યાનના ઉપયોગ વિના માત્ર કાયક્લેશરૂપ સ્થાનક વગેરે તપ અભવ્ય પ્રાણીઓને પણ દુર્લભ નથી, અર્થાત્ ઘણાં પ્રાણીનો પણ તેવું તપ કરે છે પણ તપ કરતાં જે ઈન્દ્રિયો જય કરે છે, જે આત્મવીર્યના સામર્થ્ય વડે પરિષહ[1] અને ઉપસર્ગો[2] સહન કરી શકે છે અને જેના ક્રોધાદિક કષાયો શાંત થયેલા છે એવા તપસ્વીની તુલના કરી શકાય એવું ત્રિભુવનમાં કોઈ નથી. હે દેવી ! આ પ્રમાણે અનેક ધ્યાનશાસ્ત્રનું ઉલ્લઘંન કરીને મેં અયોગ્ય કર્યું, તે ઠીક કર્યું નહીં.'

પછી તે દેવી ભક્તિપૂર્વક નમન કરીને પોતાના સ્થાને ગઈ.


ત્યાર પછી તે મુનિ નિરંતર નિશ્ચલ ચિત્તથી ધ્યાન કરવા લાગ્યા. દેવાદિકે કરેલા ઉપસર્ગોમાં પણ પ્રથમની જેમ ચલાયમાન થયા નહીં. મેરૂની જેમ નિશ્ચલ ધ્યાન ધ્યાયીને અંતે સ્વર્ગે ગયા.

---

૧. ભૂખ, તરસ, ટાઢ, તડકો આદિ વિપત્તિ.

૨. રોગ, માંદગી, આફત, ઈજા તથા દેવ અને મનુષ્ય વગેરે તરફથી થતી કનડગત.

૫૭



ચંપાનગરીમાં જિતશત્રુ નામે રાજા હતો. તેને શ્રમણભદ્ર નામે પુત્ર હતો. તેણે એક દિવસ ધર્મઘોષ નામના ગુરુમહારાજ પાસે ધર્મોપદેશ સાંભળ્યો. આ ઉપદેશ સાંભળીને કામભોગથી વિરક્ત થયેલા શ્રમણભદ્રે દીક્ષા ગ્રહણ કરી. ગુરુની કૃપાથી ખૂબ જ ઊંડાણથી ધાર્મિક અભ્યાસ કર્યો. ગુરુની આજ્ઞા લઈ એકલવિહાર પ્રતિમા અંગીકાર કરી.

એકવાર તે મુનિ નીચી ભૂમિવાળા પ્રદેશમાં વિહાર કરતાં, શરદ ઋતુને સમયે કોઈ મોટા અરણ્યમાં રાત્રિને વિષે પ્રતિમા ધારણ કરીને રહ્યા. ત્યાં સોયની અણી જેવા તીક્ષ્ણ મુખવાળા હજારો ડાંસો તે મુનિના કોમળ શરીર ઉપર લાગીને તેમનું લોહી ચૂસવા લાગ્યા. ડંખવામાં મશગુલ એવા ડાંસો લોહી ચૂસી ચૂસી સુવર્ણ પર્ણ જેવા તે મુનિ લોહના વર્ણ જેવા શ્યામ થઈ ગયા. ડાંસોના ડંખથી મુનિના શરીરમાં મહાવેદના થતી હતી તો પણ ક્ષમાધારી તે મુનિ તેને સમતાપૂર્વક સહન કરતા રહ્યા. તેમણે ડાંસોને ઉડાવવાનો લેશ પણ પ્રયત્ન ન કર્યો અને મનથી વિચારતા રહ્યા, "આ વ્યથા મારે શી ગણતરીમાં છે? આનાથી અનેક ગણી વેદના નરકમાં મેં અનંતવાર સહન કરી છે. નારકીમાં ઉત્પન્ન થતી વેદનાનું સંપૂર્ણ વર્ણન જ્ઞાનીઓ પણ કરવા કોઈ સમર્થ નથી અને આ શરીર આત્માથી ભિન્ન છે તેમ જ આત્મા શરીરથી ભિન્ન છે, તો મારે શરીર પર મમતા શું કામ કરવી?" ઈત્યાદિ વિવેક કરીને શુભ ભાવ ભાવતાં તે મુનિ તે મહાવ્યથાને સહન કરતા રહ્યા. તે ડાંસોના કરડવાથી તેમના શરીરનું સઘળું લોહી શોષાઈ ગયું, તેથી તે જ રાત્રિએ તે મુનિ કાળ કરીને સ્વર્ગે સિધાવ્યા.


K. P. Chandaria
M. P. Chandaria

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા

☎: O. 0288-2560636
R. 0288-2563533
0288-2564971
📱: 98242 12668

વિશેષાંકને અમારી હાર્દિક શુભેચ્છા

માતુશ્રી ભાવલબેન પ્રેમચંદ કચરા ચંદરીયા પરિવાર
ગામ : રાવલસર હાલ : જામનગર
હસ્તે
સ્વ. રમણીકલાલ પ્રેમચંદ ચંદરીયા પરિવાર
સ્વ. દીનેશચંદ્ર પ્રેમચંદ ચંદરીયા પરિવાર
શ્રી મનસુખલાલ પ્રેમચંદ ચંદરીયા પરિવાર
શ્રી કાંતીલાલ પ્રેમચંદ ચંદરીયા પરિવાર
શ્રી હરખચંદ પ્રેમચંદ ચંદરીયા પરિવાર
શ્રી મહેન્દ્ર પ્રેમચંદ ચંદરીયા પરિવાર
રાવલસર વાળાના જય જિનેન્દ્ર



Sanjay Button Works
Specialist in : ALL TYPES OF CYCLE SPOKE NIPPLE
K-1 / 246, G.I.D.C., Shanker Tekri,
Udyognagar, JAMNAGAR - 361 004. (Guj)

# ૫૮ પ્રદેશી રાજા

શ્વેતાંબિકા નગરીમાં પ્રદેશી નામે રાજા રાજ્ય કરતો હતો. તે ઘણો અધર્મી હતો. રૈયત પાસેથી જુલમ કરી ખૂબ કર ઉઘરાવતો. તેને પરલોકનો લેશમાત્ર ડર ન હતો. તે કેવળ નાસ્તિક હતો. જીવહિંસા કરીને માંસનું ભોજન તથા દારૂનો નશો કરી મોજશોખમાં જીવન વિતાવતો હતો. તેને સૂરિકાન્તા નામે રાણી હતી, સૂર્યકાન્ત નામનો પુત્ર હતો અને ચિત્તસારથિ નામે એક બુદ્ધિશાળી મંત્રી હતો. આ રાજાને કુણાલ દેશના શ્રાવસ્તિનગરીના જીતશત્રુ રાજા સાથે સારો સંબંધ હતો. તેણે એક વાર ચિત્તસારથિ સાથે મહામૂલ્યવાન નજરાણું જીતશત્રુ રાજાને ભેટ આપવા સારુ મોકલાવ્યું. ચિત્તસારથિ પ્રધાન કેટલાક માણસો લઈને અશ્વરથમાં બેસીને શ્રાવસ્તિ નગરીમાં ગયો. રાજાને નજરાણું ભેટ આપ્યું. જીતશત્રુ રાજા ઘણો જ સંતોષ પામ્યો અને ચિત્તસારથિ પ્રધાનનો સારો સત્કાર કરીને થોડો વખત રહેવા માટે એક સુંદર મહેલ આપ્યો. ત્યાં ચિત્તસારથિ આનંદપૂર્વક રહેવા લાગ્યો.

એકવાર પાર્શ્વનાથ ભગવાનના શિષ્ય કેશી ગણધર શ્રાવસ્તિ નગરીના કોષ્ટક ઉદ્યાનમાં પધાર્યા. ચિત્તસારીથને જાણ થતાં તે કેશીસ્વામીને વાંદવા આવ્યા. વંદના કરી તેમની દેશના સાંભળી. સારા ભાવો જાગ્યા. તેમણે કેશીસ્વામીને કહ્યું, "હે પ્રભુ ! હું હાલ સાધુ તો થઈ શકતો નથી, પણ મને શ્રાવકનાં બાર વ્રત અંગીકાર કરાવો." કેશીસ્વામીએ તેને બાર વ્રત ઉચ્ચરાવ્યાં. ચિત્તસારથિ તેમનો ઉપાસક થયો.

થોડો સમય વીત્યા બાદ ચિત્તસારથિ શ્વેતાંબિકા નગરી જવા તૈયાર થયો. જતાં પહેલાં કેશી સ્વામીને વંદન કરવા ગયો. વંદન કર્યા બાદ તેણે કેશીસ્વામીને શ્વેતાંબિકા પધારવા વિનંતી કરી. કેશીસ્વામી મૌન રહ્યા. પણ બે-ત્રણ વખત ચિત્તસારથિએ એ જ વિનંતી કરી ત્યારે ખુલાસો કરતાં કેશીસ્વામીએ કહ્યું, "તમારી નગરીનો રાજા અધર્મી છે તો હું ત્યાં કેવી રીતે આવું ?" ચિત્તસારથિએ જવાબ આપ્યો, "પ્રભુ ! આપને પ્રદેશી રાજા સાથે શી નિસબત છે ? ત્યાં ઘણા શેઠ, શાહુકારો રહે છે તે બધાને ધર્મનો લાભ મળશે."

કેશીસ્વામીએ સમયની અનુકૂળતાએ શ્વેતાંબિકા પધારવા હા કહી. રાજી થઈ ચિત્તસારથિ પોતાના માણસો સાથે શ્વેતાંબિકા પરત આવ્યો અને શ્રાવસ્તિ નગરીના રાજાએ આપેલું નજરાણું તેણે પ્રદેશી રાજાના ચરણે ધર્યું.

કેટલાક સમયે કેશી ગણધર વિહાર કરતાં કરતાં શ્વેતાંબિકા નગરીના મૃગ ઉદ્યાનમાં પધાર્યા. ચિત્તસારથિના આદેશ મુજબ ત્યાંના માળીએ મુનિનું યોગ્ય સ્વાગત કર્યું અને પાટ, પાટલા વગેરે જરૂરી ચીજોની સગવડ કરી આપી.

ચિત્તસારથિને ખબર મળવાથી, પોતાના ધર્માચાર્યના આગમનથી ખૂબ આનંદ થયો અને કેશીસ્વામીને વંદન કરી તેમનો ઉપદેશ સાંભળવા આવ્યો. વંદન કરી તેણે ગુરુજીને કહ્યું, "પ્રભુ ! અમારો રાજા અધર્મી છે તો તેને આપ ધર્મબોધ આપો તો ઘણો લાભ થશે." ત્યારે કેશીસ્વામી બોલ્યા, "હે ચિત્ત ! જીવ ચાર પ્રકારે કેવળી પ્રરૂપિત ધર્મ પામે છે :

[illegible]

હે ચિત્ત ! તમારો પ્રદેશી રાજા આરામમા પડ્યો રહે છે, સાધુમુનિનો સત્કાર કરતો નથી. તો હું તેમને કેવી રીતે ધર્મબોધ આપુ."

ચિત્તસારથિએ કહ્યું, "પ્રભુ ! મારે તેમના સારુ ઘોડા જોવાને માટે સાથે ફરવા નીકળવાનું છે તો તે રીતે હું તેમને આપની પાસે લાવીશ. આપ ત્યારે તેમને ધર્મબોધ આપજો." એટલું કહી ચિત્ત સ્વસ્થાનકે ગયો.

બીજે દિવસે સવારે ચિત્તસારથિએ પ્રદેશી રાજાએ કહ્યું : "કંબોજ દેશથી જે ચાર ઘોડા આવ્યા છે, તે ચાલવામાં કેવા છે તે જોવા સારુ પધારો." તે સાંભળી પ્રદેશી રાજા તૈયાર થયો. ચાર ઘોડાથી રથને જોડી બંને જણ એમાં બેસી સહેલગાહે ઊપડ્યા. ઘોડા પણ પાણીદાર હોવાથી જોતજોતામાં ઘણા દૂર નીકળી ગયા. રાજાને તરસ અને ભૂખ લાગવાથી ચિત્તસારથિને પાછા ફરવા જણાવ્યું. ચિત્ત સમજપૂર્વક જ્યાં કેશી ગણધર ઊતરેલા હતા તે મૃગ ઉદ્યાનમાં રથ લાવીને ઊભો રાખ્યો. તેણે ઘોડાઓને છૂટા કર્યા

અને થાક ખાવા તેઓ એક ઝાડની નીચે બેઠા. થોડે જ દૂર કેશી સ્વામી બુલંદ અવાજે દેશના આપી રહ્યા હતા. આ સાંભળી પ્રદેશી રાજા મનમાં વિચરવા લાગ્યો : આ કેવો જડ જેવો લાગે છે! સાંભળનારા પણ બધા જડ જેવા છે. વળી ભાષણ કરનારાએ મારા બાગની કેટલી બધી જગ્યા રોકી છે. પણ એ બોલવામાં તો હોશિયાર લાગે છે. તેણે પૂછ્યું : "ચિત્ત! કોણ છે આ ?"

ચિત્તે કહ્યું, "મહારાજ! આ તો એક મહાન પુરૂષ છે. વળી તે અવધિજ્ઞાની છે અને જીવ અને શરીરને જુદાં માને છે." આ સાંભળી રાજાને તેની પાસે જવાનો ભાવ થયો. ચિત્તસારથિ અને પ્રદેશી રાજા કેશીસ્વામી પાસે આવ્યા. પ્રદેશી રાજાએ સામે ઊભા રહીને રોફથી કેશીસ્વામીને પૂછ્યું - "શું તમે અવધિજ્ઞાની છો ? તમે શરીર અને જીવને જુદાં જુદાં માનો છો ?"

કેશીસ્વામીએ કહ્યુ, "હે પ્રદેશી રાજા તું વિનય-વિવેક વગર, ભક્તિ કર્યા વગર પ્રશ્ન પૂછે છે તે ઉચિત નથી. હે રાજા! મને દેખીને તને એવો વિચાર થયો કે આ જડ માણસ છે અને સાંભળનારા પણ જડ છે તેમ જ આ મારો બગીચો રોકીને બેઠો છે."

પ્રદેશી રાજાએ આશ્ચર્ય પામીને પૂછ્યું, "હા, સત્ય છે. તમારી પાસે એવું ક્યું જ્ઞાન છે જેથી તમે મારા મનનો ભાવ જાણ્યો ?"

કેશીસ્વામીએ કહ્યું, "અમારા જેવા સાધુને કોઇને પાંચ જ્ઞાન હોય છે પણ મને ચાર જ્ઞાન છે. તેથી તમારા મનનો ભાવ મેં જાણ્યો. પાંચમું કેવળજ્ઞાન શ્રી અરિહંત ભગવાનને હોય તથા બધા કેવળી ભગવંતો એ જ્ઞાન પામ્યા પછી જ સિદ્ધ થાય."

પ્રદેશી રાજાએ કહ્યું, "ભગવાન! હું અહીં બેસું ?"

કેશીસ્વામીએ કહ્યું, "આ તમારી ઉદ્યાનભૂમિ છે, તેથી તમે જાણો."

પ્રદેશી રાજાએ પૂછ્યું, "તમારી પાસે એવું પ્રમાણ છે કે જેથી તમે જીવ અને શરીર જુદાં માનો છો ?"

કેશીસ્વામીએ કહ્યું, "હા, મારી પાસે પ્રમાણ છે."

પ્રદેશી રાજાએ કહ્યું, "મારા દાદા હતા, તે મારા પર બહુ જ પ્રીતિ રાખતા હતા. તે ઘણા જ અધર્મી અને માંસહારી હતા. તેથી તે તમારા કહેવા મુજબ તો નારકીમાં હશે. તો મને આવીને તે એમ કેમ નથી કહેતા કે તું અધર્મ કરીશ નહીં, કરીશ તો નારકીમાં જઈશ ? જો તે આવીને મને કહે તો હું જીવ અને શરીર જુદાં માનું."

કેશીસ્વામીએ કહ્યું, "હે રાજન્! તારી સૂરિકાન્તા નામની રાણી કોઈ બીજા પુરૂષ સાથે કામભોગ સેવે તો તું શું કરે ?"

પ્રદેશી રાજાએ કહ્યું, "હું તે પુરૂષના હાથપગ કાપી શૂળી ઉપર ચઢાવી દઉં."

કેશી સ્વામીએ કહ્યું, "જો તે પુરૂષ તને કહે કે મને થોડો વખત જીવતો રાખો, હું મારાં સગાં-સંબંધીઓને કહી આવું કે વ્યભિચાર કોઈ કરશો નહિ. કરશો તો મારા જેવી દુર્દશા થશે. તો હે રાજન્, તું તેને થોડો વખત માટે પણ છૂટો કરે ખરો."

પ્રદેશી રાજાએ કહ્યું, "ના જરા પણ નહિ."

કેશીસ્વામીએ કહ્યું, "તારા દાદા નરકમાંથી અહીં આવવા ઈચ્છા તો કરે છે, પણ પરમાધામી લોકો તેને ખૂબ માર મારે છે. એક ક્ષણ પણ તેને છૂટો કરતા નથી, તો અહીં તે કેવી રીતે આવે ?"

પ્રદેશી રાજાએ કહ્યું, "ભગવાન! તમે કહો છો કે નરકમાંથી તે આવી શકે નહિ, પણ મારી દાદી તો ઘણી જ ધર્મિષ્ઠ હતી. તે દેવલોકમાંથી આવીને મને ધર્મ કરવાનું કેમ કહેતી નથી ?"

કેશીસ્વામીએ કહ્યું, "હે રાજન્! તમે સ્નાન કરી, સ્વચ્છ વસ્ત્ર પહેરી, રાજદરબારમાં બેઠા હો, તે વખતે પાયખાનામાં બેઠેલો કોઈ માણસ તમને ત્યાં બોલાવી બેસવાનું કહે તો તમે ત્યાં જાવ ખરા ?"

પ્રદેશી રાજાએ કહ્યું, "નહિ, સાહેબ! તે તો અશુચિ સ્થાનક છે તેથી હું ત્યાં જાઉં જ નહિ."

કેશીસ્વામીએ કહ્યું, "તેવી જ રીતે તારી દાદી મનુષ્યલોકમાં આવવાની ઈચ્છા તો કરે છે, પણ તે દેવની રિદ્ધિસિદ્ધિમાં મૂર્છા પામવાથી આ દુર્ગંધવાળા મનુષ્યલોકમાં આવી શકતી નથી. માટે શરીર અને મન જુદાં છે એમ માન."

પ્રદેશી રાજાએ કહ્યું, "એક વાર મારો કોટવાલ ચોર પકડી લાવ્યો. મેં તેને લોઢાની કુંભીમાં ઘાલ્યો અને સજ્જડ ઢાંકણ વાસી દીધું. કેટલાક વખત પછી જોયું તો ચોર મરી ગયો હતો. એ કુંભીને કોઈ છિદ્ર તો હતું નહિ, તો કયે રસ્તેથી જીવ બહાર નીકળી ગયો ?"

કેશીસ્વામીએ કહ્યું, "એક મકાન હોય, તેના બધાં બારીબારણાં બંધ કરીને કોઈ અંદર ભેરી વગાડે તો બહાર સંભળાય કે નહિ ?"

પ્રદેશી રાજાએ કહ્યું, "હા, તેનો અવાજ બહાર સંભળાય."

કેશીસ્વામીએ કહ્યું, "તેવી જ રીતે જીવની ગતિ છે. પૃથ્વીશિલા પવતને ભેદીને જેમ બહાર નીકળી જાય છે તે પ્રમાણે શરીર અને જીવ જુદા છે."

પ્રદેશી રાજાએ કહ્યું, "એક વાર મેં એક ચોરને મારી તેના બે કટકા કર્યા, પણ જીવ જોવામાં આવ્યો નહીં. પછી ત્રણ કટકા કર્યા, પછી ચાર, એમ અનેક કટકા કર્યા, છતાંય ક્યાંય મને જીવ દેખાયો નહીં. તેથી હું માનું છું કે શરીર અને જીવ જુદાં નથી."

ગણધર કેશીસ્વામીએ કહ્યું, "એકવાર એક પુરૂષે રાંધવા માટે લાકડાં સળગાવ્યાં. પછી તે કામસર ક્યાંક ગયો. ત્યારબાદ આવીને જોયું તો લાકડાં બુઝાઈ ગયેલાં. તેણે લાકડાને ફેરવીને ચોતરફ જોયું તો અગ્નિ ક્યાંય દેખાયો નહિ. માટે, હે રાજા! તું મૂઢ ન થા અને સમજ કે શરીર અને જીવ જુદાં છે."

પ્રદેશી રાજાએ કહ્યું, "મહારાજ ! આવી ભરી સભામાં મને મૂઢ કહીને મારૂં અપમાન કેમ કરો છો ?"

કેશીસ્વામીએ કહ્યું, "હે રાજન્ ! તું જાણે છે છતાં મારી સાથે વક્રતાથી (આડાઈથી) કેમ વર્તે છે ?"

પ્રદેશી રાજાએ કહ્યું, "મેં પ્રથમથી જ વિચાર કરી રાખેલો કે હું વક્રતાથી વર્તીશ, તેમ તેમ મને જ્ઞાનનો લાભ મળતો જશે."

થોડો વધુ વાર્તાલાપ કર્યા બાદ પ્રદેશી રાજા ધર્મ પામ્યો. તેણે વિધિપૂર્વક કેશીસ્વામીને વંદન કર્યા. તેણે બાર વ્રત ગ્રહણ કર્યા. તેણે પોતાના રાજ્યનો ચોથો ભાગ પરમાર્થ માટે કાઢ્યો. દાનશાળા બંધાવી. પોતાના રાજ્યને રામરાજ્ય જેવું બનાવી દીધું.

કેશીસ્વામી આ રીતે પ્રદેશી રાજાને બોધ આપી વિહાર કરી ગયા.

પ્રદેશી રાજાએ જીવનક્રમ બદલી નાખ્યો. નિયમ મુજબ વ્રત, સામાયિક, પૌષધ વગેરે શ્રાવકની ક્રિયાઓ કરતો તે આત્મભાવના ભાવવા લાગ્યો.

હવે રાજાએ રાજ્ય પોતાના પુત્રને સોપ્યું અને સતત ધર્મધ્યાનમાં મગ્ન રહેતો થયો. રાણી સૂરિકાન્તાને રાજાજીનું આ ધર્મકાર્ય ગમ્યું નહિ. આખો દહાડો રાજા પૌષધશાળામાં રહી ધ્યાન ધરે તે તેને ગમ્યું નહિ. તે ધૂંધવાતી રહી. રાજાએ અપનાવેલા પવિત્ર અને ધાર્મિક માર્ગથી તેને ભ્રષ્ટ કરવાના એણે ઘણા પ્રયત્નો કર્યા પણ કોઈ પ્રયત્નથી તે મોહમાં ફસાવી શકી નહીં, અંતે મક્કમ રહેલા રાજાને ખતમ કરવાનો મનસૂબો તેણે રચ્યો.

છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા રાજાના પારણાનો એ દિવસ હતો. બિલકુલ સરળ દિલે પારણું કરવા તે બેઠો. પારણાના દ્રવ્યમાં સૂર્યકાન્તાએ ઝેર ભેળવ્યું હતું. આ ઝેરથી રાજા સર્વથા અજ્ઞાત હતો. ઝેર શરીરમાં ભળતાં જ તેણે પોતાનો ભાગ ભજવ્યો. રાજાના હાથ-પગ ખેંચાવા લાગ્યા, નસો તણાવા લાગી, ડોળા ઉપર ચડવા લાગ્યા.

રાજાને બચાવવા પરિચારક વર્ગ દોડ્યા રાજવૈદને બોલાવવા. સૂરિકાન્તા ગભરાઈ ગઈ. એને થયું કે જો રાજવૈદના સમયસરના ઉપચારથી એ બચી જશે તો પોતાની પોલ ખૂલી જશે અને એથી એને સર્વત્ર ફિટકાર મળશે અને કદાચ પોતાને મરવાના દહાડા આવશે. આ ગણતરીએ એ રાજાને વળગી પડી અને જોરથી રાજાના ગળાની નસ પોતાના હાથથી દબાવી. રાજા બરાબર સમજી ગયો કે તેને મારી નાખવાનું આ કાવતરૂં રાણી સૂરિકાન્તાનું જ છે. પણ રાણી પ્રત્યે તેણે દુર્ભાવ પેદા ન થવા દીધો. કેશી ગણધર પાસેથી સમજવા મળેલા ધર્મના પ્રતાપે તેને આટલી ભારે કટોકટીના સમયે પણ સૂરિકાન્તા પ્રત્યે દ્વેષ ન જાગ્યો. તેની મનોમન ક્ષમાપના કરી. અરિહંત ભગવંતનું ખરા ભાવથી શરણ સ્વીકારી તેનું ધ્યાન ધર્યું અને એ જ શુભ લેશ્યામાં[1] એનું જીવન સમાપ્ત થયું.

પ્રદેશી રાજા મરણ પછી સૌધર્મ દેવલોકમાં સૂર્યાભ નામે મહાઋદ્ધિવંત દેવ થયા. ધન્ય છે પ્રદેશી રાજાને કે જેઓ નાસ્તિક છતાં કેશી ગણધર જેવા મહાપુરૂષના સમાગમથી આત્મકલ્યાણ કરી શક્યા!

---

૧. લેશ્યા - ૬
લેશ્યા એટલે જેનાથી આત્મા કર્મોથી લેપાય તે.

૩. અશુભ લેશ્યા
૧. કૃષ્ણ લેશ્યા ૩. કાપોત લેશ્યા
૨. નિલ લેશ્યા

૪. શુભ લેશ્યા
૪. પીત લેશ્યા ૬. શુક્લ લેશ્યા
૫. પદ્મ લેશ્યા

૫૯

# કુંતલાદેવી

અવનીપુરમાં જિનશત્રુ રાજાની કુંતલા પટ્ટરાણી હતી. જિનશત્રુને કુંતલા ઉપરાંત બીજી ઘણી રાણીઓ હતી. કુંતલા જિનધર્મની અનુરાગિણી હતી. તેના ઉપદેશથી તેની શોક્યો પણ જિનધર્મમાં શ્રદ્ધાવાન થઈ.

આ શોક્યોએ ભેગી થઈ જિનેશ્વર ભગવાનનાં ચૈત્યો કરાવ્યાં. એ જોઈ કુંતલાને ઓછું આવ્યું. તેને થયું : મેં એમને જૈન ધર્મ બતાવ્યો અને તેઓ મારા પહેલાં દહેરાસર બંધાવે ? આમ દ્વેષ અને અભિમાનના કારણે તેણે એ બધાય કરતાં વિશેષ ભવ્ય એવું ચૈત્ય કરાવ્યું અને બધીને પાછળ પાડી દેવાના ભાવથી તે પોતે બંધાવેલા જિનચૈત્યમાં જિનભક્તિ કરવા લાગી.

ફૂલ વેચનારાઓને તેણે જણાવી દીધું કે તમારે બધાં પુષ્પો મને જ આપવાં. બીજી રાણીઓને ફૂલ આપવાની તેણે મનાઈ કરી દીધી. આ રીતે ઈર્ષ્યાથી બીજાને અંતરાય કર્યો. બીજી રાણીઓને આવી કંઈ ખબર નહીં. એ બધી તો કુંતલાની અનુમોદના કરતી હતી.

પૂર્વના અશુભ કર્મના ઉદયથી કુંતલાને ઉગ્ર વ્યાધિ થયો અને એ વ્યાધિમાં તે મૃત્યુ પામી. મત્સરપણાથી[1] જિનભક્તિ કરી હોવાથી મરીને તે કૂતરી થઈ. પૂર્વભવના પુણ્યથી એ કૂતરી તેણે જ બંધાવેલા જિન ચૈત્યમાં સતત બેસી રહેતી.

એક સમયે ત્યાં કોઈ કેવળી ભગવંત પધાર્યા. બીજી રાણીઓએ તેમને કુંતલાની ગતિ વિશે પૂછ્યું. કેવળીએ જે યથાર્થ હતું તે કહ્યું. એ જાણી રાણીઓને સંવેગ ઉત્પન્ન થયો અને તે બધી પેલી કૂતરીને વધુ પ્રેમ કરવા લાગી. પ્રેમ કરતાં બધી કહેતી, ''હે પુણ્યવંતીબહેન ! તું તો ધર્મિષ્ઠ હતી, તો પછી તેં આવો ધર્મદ્વેષ શા માટે કર્યો ? એવો મત્સરભાવ ન રાખ્યો હોત તો આજે તને આવી ગતિ ન મળત.''

આવું રોજ રોજ સાંભળતાં કૂતરીને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વભવ જાણી પ્રભુની પ્રતિમા સમક્ષ તેણે પોતાના પાપની આલોચના કરી અને અનશન કર્યું. ત્યાંથી તે મૃત્યુ પામીને વૈમાનિક દેવી થઈ.

૧. ઈર્ષા – અદેખાઈ

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

[illegible]

વર્ધમાન નગર-પેલેસ રોડ,
રાજકોટ.

પ્રાર્થના

ચરમ તીર્થંકર ત્રિશલાનંદ ! મહાવીર સ્વામીને વંદન,
નામ તમારૂં લેતાં મારા પુલકે પ્રાણોના સ્પંદન.
ધર્મનો રાહ બતાવ્યો સ્વામી, સહુને સુખ-શાંતિ દેવા,
ભવોભવ મુજને મળજો તમારા, ચરણકમળની શુભ સેવા.

૫૦

# આરોગ્યદ્વિજ

ઉજ્જૈની નગરીમાં દેવગુપ્ત નામનો બ્રાહ્મણ હતો. તેને નંદા નામે ભાર્યા હતી અને એક પુત્ર હતો. પુત્ર પૂર્વજન્મનાં કરેલાં દુષ્કૃત્યોનાં કારણે રોગિષ્ઠ હતો. તેથી તેનું નામ પાડ્યું ન હતું, પણ લોકમાં તે 'રોગ' નામે ઓળખવા લાગ્યો હતો. એક વાર વિહાર કરતાં ઈશ્વર નામે મુનિ તેના ઘરે ગોચરી વહોરવા આવ્યા. તે સમયે બ્રાહ્મણે પોતાના પુત્ર રોગને સાધુનાં ચરણોમાં ધરીને વિનંતી કરી : ''હે ભગવાન ! તમે સર્વજ્ઞ છો તેથી કરૂણા કરીને મારા આ પુત્રના રોગની શાંતિનો ઉપાય કહો. '' સાધુએ કહ્યું કે, ''ગોચરી માટે નીકળેલા અમે સાધુઓ કોઈની સાથે કોઈ પણ સાંસારિક વાત કરતા નથી.'' તેથી તે બ્રાહ્મણ મધ્યાહ્ન સમયે પુત્રને સાથે લઈ ઉદ્યાનમાં ગયો. ત્યાં ગુરુને વાંદીને તેણે પોતાના પુત્રના દુઃખનો ઉપાય ફરીથી પૂછ્યો. ત્યારે ગુરુ બોલ્યા : ''દુઃખ પાપથી થાય છે. તે પાપ ધર્મથી અવશ્ય નાશ પામે છે. જેમ અગ્નિથી બળતું ઘર જળના છંટકાવથી બુઝાઈ જાય છે તેમ સારી રીતે કરેલા ધર્મના કારણે સમગ્ર દુઃખો શીઘ્રતાથી નાશ પામે છે અને બીજા ભવમાં ફરીથી તેવાં દુઃખો ઉત્પન્ન થતાં નથી.'' આ પ્રમાણે ઉપદેશ સાંભળી, બંને પ્રતિબોધ પામ્યા અને તેથી તે બંને શ્રાવક થયા. તેમાં પણ તે પુત્ર ધર્મમાં વિશેષ દઢ થઈ શુભ ભાવનાપૂર્વક રોગને સહન કરવા લાગ્યો. તે સાવદ્ય ઔષધ કે ચિકિત્સા પણ કરાવતો નહીં.

એકવાર ઈન્દ્રે રોગના દઢ ધર્મની પ્રશંસા કરી. ઈન્દ્રની વાત પર શ્રદ્ધા ન બેસવાથી બે દેવો વૈદ્યનું રૂપ ધરી દેવદત્ત બ્રાહ્મણને ત્યાં આવ્યા અને બોલ્યા : ''અમે આ બટુકને સાજો કરીએ, પરંતુ અમે કહીએ તે પ્રમાણે ક્રિયાઓ તમારે કરવી જોઈશે.'' સ્વજનો બોલ્યાં કે, ''શી ક્રિયા કરવાની છે તે કહો.'' વૈદ્યોએ કહ્યું, ''બાળકના આ રોગો અસાધ્ય એવા રોગો હોવાથી સવારે ઊઠતાં વેંત મધ ખાવાનું, સાંજે મદિરા પીવાની ને પછી રાત્રિ ભોજનમાં તેણે જળચર, સ્થળચર અને ખેચરનું માંસ ખાવું પડશે.'' આ બધું સાંભળતાંવેંત બટુકે કહ્યું ''ક્ષમા કરો. આમાંની એક પણ ક્રિયા હું કરી શકું તેમ નથી. કારણ કે આમાં મારા વ્રતનો ભંગ થાય છે.'' ત્યારે વૈદ્યો બોલ્યા, ''ધર્મનું સાધન શરીર છે. તેથી કોઈપણ પ્રકારે સાજું કરવું જોઈએ. તેમ કરવાથી જો વ્રતનો ભંગ થાય તો પાછળથી પ્રાયશ્ચિત્ત લેવાથી વ્રતશુદ્ધિ થઈ શકે છે.'' આ પ્રમાણે તેને ઘણો સમજાવ્યો તેનાં સગાં, સ્નેહીઓ અને છેવટે રાજાએ પણ રોગને ઘણી જ યુક્તિપ્રયુક્તિથી સમજાવ્યો તોપણ તે વ્રતભંગમાંથી ચલિત થયો નહિ. ત્યારે પ્રસન્ન થયેલા દેવોએ પ્રગટ થઈ તેની પ્રશંસા કરી અને તેનું શરીર રોગરહિત કર્યું.

નીરોગી થયેલા શરીરને જોઈ સર્વજન આનંદિત થયા બીજા લોકો પણ ખુશ થયા અને કહેવા લાગ્યા : ''ખરેખર ! ધર્મનો મહિમા અદ્ભુત છે.'' આ જોઈ ઘણા લોકો પ્રતિબોધ પામ્યા.

ત્યારથી તે 'આરોગ્યદ્વિજ' નામથી ઓળખાતા થયા.

૧. ન ખપે તેવા એટલે કે હિંસક રીતે બનેલા.

# ૬૧ દ્રમક મુનિ

ભગવાન મહાવીર પાસે એક ભિખારીએ દીક્ષા લીધી. તેણે ભવતારક વીર પરમાત્માને બે હાથ જોડી વિનયથી કહ્યું, ''પ્રભુ ! આપ તો સર્વજ્ઞ છો. આપ જાણો છો કે મારી પાસે કશુંય જ્ઞાન નથી. હું અબુધ અને અજ્ઞાન છું. તો આ જ્ઞાન વિના હું ચારિત્ર્ય માર્ગે કેવી રીતે આગળ વધી શકીશ ?''

અનંત ઉપકારી પરમાત્માએ તેને ચૌદ પૂર્વનું રહસ્ય સંક્ષેપમાં સમજાવ્યું અને કહ્યું, ''તું તારા મનને હંમેશા વશમાં રાખજે.''

દીક્ષિત ભિક્ષુકે પરમાત્માના વચનનો સ્વીકાર કર્યો અને માસક્ષમણ જેવી ઉગ્ર તપસ્યા એકધારી કરવા લાગ્યો. તપની સાથોસાથ તે શુભ ધ્યાન પણ ધરતો. હવે ક્યારેક એવું પણ બનતું કે પારણાના દિવસે તેને આહાર મળતો નહીં, તોપણ તે કંઈ મનમાં લાવતો નહીં અને તપમાં આગળ વધતો. લોકો તરફથી અપમાન થવાનો પ્રસંગ ઘણી વાર બનતો, પરંતુ લોકોના અપમાનને તે સમભાવે સહી લેતો અને શુભ ધ્યાનમાં વધુ દૃઢ બનતો.

એક વખત આ નવદીક્ષિત તપસ્વી બજારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કોઈએ તેમની મશ્કરી કરતાં કહ્યું કે, ''વાહ ભાઈ, વાહ ! આ માણસ ધન્ય છે ! તેણે કેટલી બધી સંપત્તિ છોડી છે ! અને પછી છેલ્લે કહ્યું, ''આ તો નર્યો પાખંડી છે પાખંડી. સાધુના વેશમાં રહી તે બધાંને ધૂતે છે.''

એ જ સમયે મંત્રી અભયકુમાર ત્યાંથી પસાર થઈ રહ્યા હતાં. તેમણે તરત જ ત્યાંના લોકોને ભેગા કરી કહ્યું, ''તમારામાંથી જે કોઈ જણ ચક્ષુ-ઈન્દ્રિયના વિષયો છોડી દે તેને હું આ બહુમૂલ્ય રત્ન ભેટ આપું.''

કોઈએ આ પડકાર ઝીલ્યો નહિ. અભયકુમારે ફરી એલાન કર્યું : ''જે કોઈ જણ સ્પર્શ-ઈન્દ્રિયના વિષયો છોડી દે તેને હું આ બીજું મહામૂલું રત્ન ભેટ આપીશ ''

તેનો પણ કોઈએ પ્રતિભાવ કે જવાબ ન આપ્યો.''

ત્યારે અભયકુમારે પડકાર ફેંક્યો, ''તમારામાંથી જે કોઈ જણ પાંચે ઈન્દ્રિયોના વિષયોને છોડી દેશે તેને હું આ બધાં જ મોંઘા રત્નો ભેટ આપીશ.''

પણ કોઈનામાંય એકેય ઈન્દ્રિયના વિષયનો ત્યાગ કરવાની હામ ન હતી. બધા જ ઓછાવત્તા અંશે ઈન્દ્રિયોના ગુલામ હતા. મેદનીને મૌન જોઈને અભયકુમાર નવદીક્ષિત ભિક્ષુક પાસે ગયા, તેમને ભક્તિભાવથી વંદન કરી અને કહ્યું, ''આપે પાંચેય ઈન્દ્રિયોના વિષયોના ત્યાગ કર્યા છે આથી આ બધાં રત્નો આપ ગ્રહણ કરો.''

મુનિએ કહ્યું, ''અભયકુમાર ! આ અર્થ અનર્થ કરનાર છે. આથી જ તો મેં વીરપ્રભુ પાસે યાવજ્જીવ[1] તેનાં પચ્ચક્ખાણ લીધાં છે.''

મુનિશ્રીનો આ પ્રત્યુત્તર સાંભળી અભયકુમારે મેદનીને મોટા અવાજે કહ્યું : ''તમે લોકો જુઓ છો ને ? આ મુનિ રત્નોને અડકવાની પણ ના પાડે છે. એ કેટલા બધા નિઃસ્પૃહી છે એ હવે તમે જ જુઓ, અને પછી તમે જ નક્કી કરો કે તમે તેમની જે મજાક કરો છો તે શું ગ્ય છે ખરી ?''

લોકોને પોતાની ભૂલ સમજાઈ, તેમને પસ્તાવો થયો. એ સૌએ મુનિને વંદન કરી માફી માગી.

૧. શરીરમાં જ્યાં સુધી જીવ હોય ત્યાં સુધી ના.

# કરકંડુ (પ્રત્યેકબુદ્ધ)

દધિવાહન રાજા ચંપા નગરીમાં રાજ્ય કરતો હતો. તે ચેડા રાજાની પુત્રી પદ્માવતીને પરણ્યો હતો. રાણી પદ્માવતી ગર્ભવતી હતી ત્યારે તેને રાજાનો પોશાક પહેરી, માથે છત્ર ધરી, હાથી ઉપર બેસી ફરવા નીકળવાનો દોહદ થયો. રાજાને જાણ થતાં તેઓ દોહદ પૂર્ણ કરવા, પદ્માવતીને રાજાનાં કપડાં પહેરાવી, માથે છત્ર મૂકી, હાથી ઉપર બેસાડી ઉદ્યાનમાં જવા નીકળ્યો. રસ્તે જતાં એકાએક ગાજવીજ સાથે વરસાદ પડવો શરૂ થયો. પવન, ગાજવીજ અને વરસાદના તોફાનને લીધે હાથી મસ્તીએ ચઢ્યો અને પૂરવેગે તે દોડવા લાગ્યો. હાથી રાજાના કબજામાં ન રહ્યો. દધિવાહન રાજાએ હાથીને વશ કરવા ઘણી મહેનત કરી, પણ તે તેમ ન કરી શક્યો. એટલે દધિવાહને રાણી પદ્માવતીને કહ્યું કે, 'પેલું ઝાડ આવે છે તેની ડાળ પકડી લેજે અને હું પણ તેમ કરીશ, જેથી હાથીના તોફાનથી બચી જવાશે.' ઝાડ આવતાં રાજાએ તો ડાળ પકડી લીધી પણ રાણી ડાળ પકડી શકી નહીં. હાથી તો દોડતો જ રહ્યો અને રાણી સહિત ઘણો દૂર નીકળી ગયો. દધિવાહન રાજાને ઘણો શોક થયો. રાણીનું શું થશે તેની ચિંતા કરતો કરતો સાચવીને ઝાડ ઉપરથી ઊતરી ધીરેથી ચાલતો પોતાના મહેલે આવ્યો.

રાણી ઘણી ગભરાઈ, શું થશે તેની ચિંતામાં પડી અને ભક્તિભાવથી મનોમન પ્રભુને વંદના કરી પોતે કરેલાં પાપો ખમાવવા લાગી, જે આજે પણ 'પદ્માવતીની આરાધના' નામે પ્રખ્યાત છે અને ઘણા ભાવિક જીવો તેનું સ્મરણ કરે છે.

હાથી પાણીનો તરસ્યો થયો હતો. તે એક જળાશય પાસે આવી ઊભો રહ્યો, એટલે રાણી બચી જવાથી ભગવાનનો ઉપકાર માનથી હાથી ઉપરથી નીચે ઊતરી ગઈ અને જંગલ માર્ગે ચાલવા લાગી. રસ્તામાં એક તાપસ મળ્યો. તેણે પદ્માવતીને ઓળખી કારણ કે તે ચેડા રાજાને જાણતો હતો. તેણે પદ્માવતીને ખૂબ આશ્વાસન આપ્યું. ખાવા માટે ફળફળાદિ આપ્યાં અને બાજુમાં ધનપુર નામે ગામ છે ત્યાં જવા કહ્યું તથા ત્યાં જવાનો ટૂંકો સલામત રસ્તો બતાવ્યો. પદ્માવતી ધનપુર સહીસલામત પહોંચી. ત્યાં તેને એક સાધ્વીજી મળ્યાં. પદ્માવતીનું નિસ્તેજ વદન જોઈ તેને ઉપાશ્રયે આવવા કહ્યું. પદ્માવતી ઉપાશ્રયે આવી, ત્યાં ધર્મબોધ પામી, સાધ્વીજીને પામી, સાધ્વીજી પાસે દીક્ષા લીધી; પણ પોતે ગર્ભવતી છે તે વાત સાધ્વીજીને કહી નહીં. થોડો વખત વીત્યા બાદ પ્રસવકાળ નજીકમાં આવ્યો ત્યારે સાધ્વીજીને વાત જાણી, ત્યારે તેમણે કોઈ ગૃહસ્થને ત્યાં ગુપ્ત રીતે પદ્માવતીને રાખી અને ગર્ભકાળ પૂરો કરાવ્યો. અહીં પદ્માવતીએ એક પુત્રને જન્મ આપ્યો. સાધુજીવનમાં પુત્રને સાથે રખાય નહિ. એટલે પદ્માવતીએ બાળકને એક કાંબળામાં વીંટ્યું અને પોતાના પતિના નામવાળી વીંટી તેને પહેરાવી. બાળકને લઈ તે સ્મશાનભૂમિમાં આવી, બાળકને ત્યાં મૂક્યું અને તેનું શું થાય છે તે જોવા એક ઝાડ નીચે છુપાઈને ઊભી રહી. તેવામાં એક ચંડાળ ત્યાં આવ્યો અને બાળકને ઉપાડી તે લઈ ગયો. છાની રીતે પાછળ પાછળ જઈ પદ્માવતીએ તેનું ઘર જોઈ લીધું. તેણે ઉપાશ્રયમાં આવી અને સાધ્વીજીને કહ્યું કે બાળક મરેલું અવતર્યું, તેથી હું તેને સ્મશાનમાં મૂકી આવી છું. પુત્રપ્રેમને વશ થઈ સાધ્વી પદ્માવતી કોઈક કોઈક વાર પેલા ચંડાળના ઘર આગળ જતી અને પોતાના પુત્રને રમતો જોઈ આનંદ પામતી.

આ બાળક ચંડાળના ઘરે દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે. તેને ખરજવાનું દર્દ થયું હતું એટલે તે પોતાના શરીરને વારંવાર ખણ્યા કરતો હતો, તેથી તેનું નામ

રકંડુ પાડ્યું. સ્મશાનરક્ષકનું કામ કરતો હતો. એકવાર બે સાધુ તે રસ્તે થઈને જતા હતા. તેમણે કહ્યું, 'જો કોઈ માણસ આ વાંસની ઝાડીમાંથી પેલા ઊભા વાંસને કાપી લે તો તે રાજા થાય.' આ શબ્દો કરકંડુએ સાંભળ્યા. તેમ જ બીજો એક ચંપા નગરીનો બ્રાહ્મણ હતો જે ઝાડીમાં બેઠો હતો તેણે પણ સાંભળ્યા. કરકંડુ એકદમ તે ઝાડી પાસે દોડી ગયો, પણ તે પહેલાં પેલા બ્રાહ્મણે તે વાંસ કાપી લીધો. કરકંડુ આથી ગુસ્સે થયો અને તેણે તે વાંસ પેલા બ્રાહ્મણ પાસેથી છીનવી લીધો. બ્રાહ્મણે ગામમાં જઈ પંચ ભેગું કરી ન્યાય માગ્યો. પંચે કરકંડુને બોલાવી વાંસ આપી દેવા કહ્યું. કરકંડુએ આપવાની ના કહી અને કહ્યું કે એ જગ્યાની રખેવાળી પોતે કરે છે, ત્યાંથી કોઈ ચીજ કોઈ ન લઈ જઈ શકે.

પંચે કરકંડુને સમજાવતાં કહ્યું : "ભલા, એક વાંસ બ્રાહ્મણને આપી દેવામાં તને શો વાંધો છે ?" કરકંડુએ જવાબ આપતાં જણાવ્યું કે "આ જાદુઈ વાંસ છે. આનાથી તો મને રાજ્ય મળવાનું છે." પંચે હસીને કહ્યું, "એમ હોય તો ભલે, વાંસ તું રાખ. પણ જો તું રાજા બને તો આ બ્રાહ્મણને બિચારાને એક ગામ આપજે." કરકંડુએ કહ્યું, "એકના બદલે બે ગામ આપીશ." એમ કહી વાંસ લઈ તે પોતાના ઘરે આવ્યો.

પેલા બ્રાહ્મણને તો ક્રોધ માય જ નહીં. તેણે કરકંડુનો ઘાટ ઘડી નાખવાનો વિચાર કર્યો. કરકંડુને આ વાતની ખબર પડી એટલે તે ગામ છોડીને ચાલી નીકળ્યો અને કંચનપુર પહોંચ્યો. ત્યાંના એક બગીચામાં તે આરામ કરવા માટે બેઠો. કંચનપુરનો રાજા નિઃસંતાન મરણ પામ્યો હતો. પ્રજાએ રાજા નક્કી કરવા એક અશ્વને છૂટો મૂક્યો. અશ્વ ફરતો ફરતો જ્યાં કરકંડુ બેઠો હતો ત્યાં આવ્યો અને તેના માથા ઉપર હણહણાટ કર્યો. એટલે પ્રજાજનોએ જયવિજયનો ધ્વનિ કરી કરકંડુને ઊંચકી લીધો અને રાજ્યાસને બેસાડ્યો. આ વાતની પેલા બ્રાહ્મણને ખબર પડી એટલે તેને વધારે ક્રોધ ચઢ્યો. તે કરકંડુ પાસે આવ્યો અને તેને બીક દેખાડી. કરકંડુએ પોતાની પાસેનો લાકડાનો દંડ ફેરવ્યો, જેમાંથી અગ્નિના તણખા ઝર્યા. આથી બ્રાહ્મણ ગભરાયો અને બે હાથ જોડી બોલ્યો, "ભાઈ ! જેના કિસ્મતમાં રાજ્ય હોય તે જ ભોગવી શકે. પણ તમે મને વચન આપેલું તે મુજબ એક ગામ તો આપશો ને ?" કરકંડુએ કહ્યું, 'હા જરૂર. તારે કઈ જગ્યાએ ગામ જોઈએ છે ?' એટલે બ્રાહ્મણ બોલ્યો, "ચંપા નગરીની બાજુમાં." કરકંડુએ તે બ્રાહ્મણને એક ચિઠ્ઠી ચંપાનગરીના રાજા દધિવાહન ઉપર લખી આપી, તેમાં એક ગામ બ્રાહ્મણને આપવા જણાવ્યું. બ્રાહ્મણ ચિઠ્ઠી લઈ દધિવાહન રાજા પાસે ગયો અને ચિઠ્ઠી આપી. આ બ્રાહ્મણ ચંડાળ જાતિનો હતો તેની ખબર દધિવાહન રાજાને પડી, તો તે ઉશ્કેરાયો. તેણે ચિઠ્ઠીના ટુકડેટુકડા કરી ફેંકી દીધી અને બ્રાહ્મણને માર મારી નસાડી મૂક્યો. બ્રાહ્મણ કરકંડુ પાસે આવ્યો અને બધી વાત કહી. એથી કરકંડુ બોલ્યો, "શું દધિવાહનને આપણી ચંડાળ જાતિ ઉપર આટલો બધો તિરસ્કાર છે ?" આમ કહી તેણે સેનાપતિને બોલાવી લશ્કર તૈયાર કરાવ્યું અને દધિવાહન સામે લડવા નીકળ્યો. દધિવાહન પણ લશ્કર લઈ લડવા મેદાનમાં આવ્યો.

આ વાતની પદ્માવતી સાધ્વીને ખબર પડી એટલે તે તરત જ કરકંડુના તંબુમાં આવ્યાં. સાધ્વીને કરકંડુએ પ્રણામ કર્યા અને આગમનનું કારણ પૂછ્યું. જવાબમાં સાધ્વીજીએ કરકંડુને કહ્યું, "તું જેની સામે આ યુદ્ધ ખેલે છે તે તારા પિતા છે એ તું જાણે છે ?"

કરકંડુ આશ્ચર્ય પામી બોલ્યો, "કહો, મહાસતીજી ! કેવી રીતે ?" સાધ્વીજીએ કરકંડુનાં આગળાં ઉપરની વીંટી બતાવી. "જો આ વીંટી ! એના ઉપર કોનું નામ છે ?"

વીંટી ઉપર દધિવાહનનું નામ વાંચી કરકંડુ વિસ્મય પામ્યો. સાધ્વી બોલ્યાં, "સબૂર ! મને એકવાર તારા પિતા પાસે જવા દે." આમ કહી સાધ્વીજી દધિવાહન પાસે ગયાં અને કહ્યું, "રાજન્ ! તમારી પદ્માવતી રાણીને લઈ હાથી ભાગી ગયો હતો પછી તેનું શું થયું, તે તમે જાણો છો ?" 'નહિ, મહાસતી જી ! હું તેમાંનું

"હુ પોતે જ પદ્માવતી" સાધ્વીજી બોલ્યાં.

"ત્યારે તમને ગર્ભ હતો તેનું શું થયું ?" રાજાએ આશ્ચર્યથી પૂછયું.

"તે જ આ કરકંડુ, કે જેની સામે તમે યુદ્ધ ખેલો છો."

રાજા દિગ્મૂઢ બની ગયો. યુદ્ધ બંધ થયું અને તે કરકંડુ પાસે આવી પ્રેમથી તેને ભેટ્યો. સાધ્વીજીએ તેમને બંનેને ધર્મબોધ આપ્યો. દધિવાહન રાજા વૈરાગ્ય પામ્યો અને ચંપાનગરીનું રાજ્ય કરકંડુને સોંપી, દીક્ષા લઈ આત્માનું કલ્યાણ સાધવા ચાલી નીકળ્યા.

હવે કરકંડુ ન્યાયપૂર્વક રાજ્ય ચલાવે છે. પેલા બ્રાહ્મણને બોલાવી તેનાં ઈચ્છિત બે ગામ આપે છે.

કરકંડુને ગાયના ગોકુળ બહુ પ્રિય હતા. એકવાર એક બાળવાછરડાને જોઈ તેને તેના ઉપર બહુ પ્રેમ થયો. તેથી તેણે ગોવાળને કહ્યું, "આ ગાય જેણે વાછરડાને જન્મ આપ્યો છે તેને દોહવી નહીં." તેનું બધું દૂધ વાછરડાને પીવા દેવા હુકમ આપ્યો. ગોવાળે તે પ્રમાણે કર્યું, એટલે તે વાછરડો શરીરમાં હૃષ્ટપૃષ્ટ થયો. તે દેખી કરકંડુને ઘણો આનંદ થયો. સમય જતાં તે વાછરડો ઘરડો થયો. એકવાર કરકંડુએ ગોવાળ તે વાછરડા અંગે પૂછ્યું. ગોવાળે વૃદ્ધ અને અશક્ત થયેલો વાછરડો બતાવ્યો. તે જોઈ રાજા ચમક્યો. તેણે મન સાથે વિચાર કર્યો. "અહો, વાછરડાની અંતે આ દશા ! શું ત્યારે જગતમાં જન્મેલા સૌ કોઈને આ સ્થિતિએ પહોંચવાનું ! ખરેખર જન્મ્યું તે મરવાનું જ છે. ખીલ્યું તે અવશ્ય કરમાવાનું જ છે. ઉદય પામ્યું તે અસ્ત થવાનું જ છે. તો મારે શા માટે આત્મકલ્યાણ ન સાધવું ?" એમ આત્મભાવના ભાવતાં કરકંડુને ત્યાં જ જાતિસ્મરણ જ્ઞાન થયું. તરત તેણે સ્વયમેવ પંચમુષ્ઠિ લોચ કર્યો અને દીક્ષા લીધી. સખત તપ, જપ, સંવર કરી હૃદયની ઊંચ્ચ ભાવનાને વિકસાવતાં તે કૈવલ્યજ્ઞાન પામ્યા અને મોક્ષમાં ગયા.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા



પાર્ક મેટલ્સ

હસ્તે - સતીષ હંસરાજ ગોસરાણી
ભરત હંસરાજ ગોસરાણી
જય જેન્તીલાલ ગોસરાણી
જીતેન્દ્ર ભરતભાઈ ગોસરાણી
પરાગ ભરતભાઈ ગોસરાણી
હીરેન સતીષભાઈ ગોસરાણી

હંસરાજ સોજપાર કચરા ગોસરાણી
પરિવારનાં જય જિનેન્દ્ર

PARK METALS

Manufacturers of Precision Brass
Components &
Turned Components

48, Digvijay Plot,
Jamanagar - 361 005. India
Phone : +91-288-2551059
Fax : +91-288-2558221
E-mail : info@parkmetals.com
Web : www.parkmetals.com

Jitendra Shah Cell : 98985 41717

# ૬૩ નિર્ગતિ (પ્રત્યેકબુદ્ધ)

ગાંધાર દેશમાં પુણ્યવૃદ્ધ નામનું નગર હતું. ત્યાં સિંહરથ નામે રાજા હતો. એકવાર તે નગરમાં કોઈ એક સોદાગર કેટલાક ઘોડાઓ વેચવા આવ્યા. તેમાંનો એક સુંદર ઘોડો રાજાએ ખરીદ્યો. પછી તેની પરીક્ષા કરવા માટે, રાજા તે ઘોડા ઉપર બેસી શહેર બહાર આવ્યો. તેણે ઘોડાની લગામ ખેંચી કે તરત જ ઘોડો પવનવેગે દોડવા લાગ્યો. પણ ઘોડો અવળીલગામ જાતિનો હોવાથી રાજાના કાબૂ બહાર જતો રહ્યો. થાકીને રાજાએ અવળી લગામ ખેંચતા તે ઊભો રહ્યો. પણ ત્યાં સુધીમાં તો ઘોડો ઘણો દૂર નીકળી ગયો હતો અને એક વિશાળ પહાડ પર આવ્યો હતો. રાજા ઘોડા પરથી ઊતર્યો તો તેણે બાજુમાં એક મોટો મહેલ જોયો. રાજા તે મહેલમાં દાખલ થયો. આખો મહેલ સુનકાર જેવો હતો. રાજા આશ્ચર્યમાં ગરકાવ હતો. તેવામાં જ એક નવયુવાન સુંદરી રાજા સામે આવી. તેણે રાજાને આવકાર આપ્યો.

રાજાએ આશ્ચર્ય પામી તે સુંદરીનો પરિચય પૂછ્યો. એટલે સુંદરીએ કહ્યું, "રાજન્ ! હું વૈતાઢ્ય પર્વત પરના તોરણતુર નગરના રાજાની પુત્રી છું. મારું નામ કનકમાળા છે. મારા રૂપ પર મોહિત થઈ વાસવદત્ત નામનો વિદ્યાધર મને પરણવાની ઈચ્છાથી મને અહીં લઈ આવ્યો છે. આ વાતની મારા ભાઈને ખબર પડતાં તે મને બચાવવા આવ્યો, પરિણામે બેઉ વચ્ચે યુદ્ધ થયું. તેમાં વિદ્યાધર તથા મારો ભાઈ મૃત્યુ પામ્યા. રાજન્ ! હું હવે અહીં એકલી જ છું. હું તમારા રૂપ પર પ્રસન્ન થઈ છું. માટે આપ મારી સાથે લગ્ન કરો. રાજાએ કનકમાળાની વિનંતિ સ્વકારી. તેની સાથે ગાંધર્વ લગ્ન કર્યું. ત્યારબાદ બંને રાજ્યમાં આવ્યા અને સુખચેનથી રહેવા લાગ્યાં. હંમેશા તેઓ વિમાનમાં બેસી ફરવા જતાં, તેથી સિંહરથ રાજાનું 'નિર્ગતિ' એવું નામ પડ્યું.

નિર્ગતિ રાજાને બગીચામાં ફરવાનો બહુ શોખ હતો. તે રોજ બગીચામાં આવે અને લીલાછમ જેવી વનસ્પતિ દેખીને આનંદ પામે. એકવાર નિર્ગતિ રાજાની દૃષ્ટિ ફળ-ફૂલથી ખીલેલા એક આંબા પર પડી. તે દેખી રાજાને અત્યંત આનંદ થયો. એમ કરતાં વસંત અને ગ્રીષ્મ ઋતુ પસાર થઈ અને તે આંબો સૂકાયો. તે દરમ્યાન રાજાની દૃષ્ટિ ફરી વાર તે જ આંબા પર પડી. આ વખતે આંબો વેરાન હતો. તેના પર ફળ, ફૂલ વગેરે ન હતાં. આંબાને નિસ્તેજ દેખી રાજા વિચારમાં પડ્યો, "અહો ! થોડા વખત પહેલાં ખીલેલો આ આંબો એકાએક નિસ્તેજ કેમ દેખાય છે ? તેનાં ફળ, ફૂલ વગેરે ક્યાં ગયાં ? શું દરેક ચીજમાં અસ્ત થવાનો ગુણ હશે ? હા. જરૂર !" નિર્ગતિ રાજા આત્મવિચારણાને માર્ગે વળ્યો. તેને જડ અને ચેતનનું ભાન થયું. શરીર અને આત્માની ભિન્નતા તેને સમજાઈ. પૌદ્ગલિક સ્થિતિ અને આત્મિક સ્થિતિ વચ્ચેનાં ભેદનું ભાન થયું. તરત જ તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. રાજા ઘેર આવ્યો. વૈરાગ્ય દશા વધી અને તે જ દશામાં તેણે સ્વયમેવ પંચમુષ્ટિ લોચ કરી દીક્ષા અંગીકાર કરી.

એક વખતે ૧. કરકંડુ, ૨. દ્વિમુખ, ૩.

ગુરુ વિના પોતાની મેળે જ્ઞાન પામનાર.

નમિરાજ અને ૪. નિર્ગતિ એ ચારેય પ્રત્યેકબુદ્ધ એક મંદિરમાં એકઠા થયા અને એકબીજાના દોષ જોતા ચર્ચા કરતા હતા. તેમનો સંવાદ નીચે પ્રમાણે છે :

કરકંડુ મુનિને લુખી ખરજ હજુ સુધી દેહમાં હતી, તેથી શરીરે ખરજ આવવાથી તેઓ એક ઘાસની સળી ઉપાડીને ખૂબ ખણવા લાગ્યા. પછી તે સળી સાચવીને રાખવી. તે જોઈ દ્વિમુખ મુનિ બોલ્યા : "હે કરકંડુ મુનિ ! તમે રાજ્યાદિક સર્વનો ત્યાગ કર્યો છે ત્યારે આટલી આ ખરજ ખણવાની સળીનો સંચય શા માટે કરો છો ?" તે સાંભળી કરકંડુ મુનિ તો કંઈ બોલ્યા નહીં, પણ નમિરાજર્ષિએ દ્વિમુખ મુનિને કહ્યું : "હે મુનિ ! તમે રાજ્યાદિક સર્વ કાર્યનો ત્યાગ કરીને નિર્ગ્રંથ થયા છો, તોપણ અન્યના દોષો કેમ જુઓ છો ? આ તમને નિઃસંગને યોગ્ય નથી." તે સાંભળીને દુર્ગતિરહિત થયેલા નિર્ગત મુનિએ નમિ મુનિને કહ્યું કે : "હે મુનિ ! તમે એમને કહો છો, પણ તમે જ્યારે સર્વનો ત્યાગ કરીને મોક્ષને માટે જ ઉદ્યમી છો ત્યારે શા માટે વૃથા અન્યની નિંદા કરો છો ?" પછી કરકંડુ મુનિ સર્વને ઉદ્દેશીને બોલ્યા : "મોક્ષની ઈચ્છાવાળા મુનિઓને અહિતથી રોકનારા સાધુને નિંદક શી રીતે કહેવાય ?" કેમ કે 'ક્રોધથી પરનો દોષ કહેવો તે નિંદા કહેવાય છે, તેવી નિંદા મોક્ષમાર્ગને અનુસરનારા મુનિઓએ કોઈની પણ કરવી નહીં. પણ હિતબુદ્ધિથી કોઈ શિખામણ આપવી તે નિંદા કહેવાતી નથી. માટે તેવી શિક્ષા સામો માણસ કોપ કરે તોપણ શિખામણ આપવી.'

આ પ્રમાણે કરકંડુ મુનિએ ઉપદેશ આપ્યો, તે ત્રણે મુનિઓએ હર્ષથી અંગીકાર કર્યો; અને કરકંડુ મુનિએ શરીરને ખણવાનો ત્રિવિધે ત્રિવિધે[1] ત્યાગ કર્યો. દ્વિમુખ મુનિએ વિચાર્યું : 'મેં સાધુ થઈને પણ કરકંડુ મુનિને ખંજવાળતા જોઈને તેમની નિંદા કરી તે મેં યોગ્ય કર્યું નહીં, માટે આજથી મારે સમતા જ રાખવી.'

આ પ્રમાણે સર્વ મુનિઓએ પોતપોતાના વચનને સામ્યરહિત[2] અયોગ્ય માનીને વિશેષે સમતા ધારણ કરી. આથી ચારે એક સાથે કેવળજ્ઞાન પામી સાથે જ મોક્ષમાં ગયા.

૧. ત્રણ પ્રકારે મને-વચને અને કાયા એ. ૨. સરખી રીતે નહીં.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

Ashish P. Sanghvi
M. : 94283 19999

document solution
design creation
printing revolution
Quality is our Identity
Jainam ENTERPRISE
A-3 RANJIT TOWER, 1ST FLOOR,
NR. LALA BUNGLOW. CIRCLE,
JAMNAGAR. PH. : 0288-2556559

ગંગા નદીના કિનારે એક નાના ગામમાં ચંડાળ જાતિના મનુષ્યો રહેતા હતા. ત્યાં બળકોટ નામે એક ચંડાળ હતો. તેને બે સ્ત્રીઓ હતી : એક ગૌરી અને બીજી ગાંધારી. ગાંધારીથી તેને એક પુત્ર થયો, તેનું નામ હરિકેશબળ.

હરિકેશ પૂર્વભવમાં બ્રાહ્મણ હતો અને દીક્ષા લઈને દેવલોકમાં ગયો હતો. પણ બ્રાહ્મણ જાતિમાં તેણે પોતાના કુળનો અને અથાગ રૂપનો મદ કર્યો હતો તેથી તે આ ભવમાં નીચ કુળમાં ઉત્પન્ન થયો અને પૂર્વના રૂપના મદને કારણે તે બેઢોળ, કાળો અને કદરૂપો થયો. આને લીધે તેના બાપ બળકોટને તે ગમતો ન હતો.

બળકોટનું મન બાળક ઉપરથી ઊતરી ગયું હતું. તે બાળક ઉપર પ્રેમ કરી શકતો ન હતો. પણ તેની મા તેમને સમજાવતી કે 'તે કાળો છે તેમાં શું ? કસ્તૂરી કાળી હોય છે, પણ તે શું નીચી ગણાય છે ? શિલાજીત કાળું હોય છે, પણ તે શું બેકાર કહેવાય છે ? સોમલ ઝેર સફેદ હોય છે, તેથી એ શું સારું ગણાય છે ? વસ્તુને ગુણથી જોવી જોઈએ. તેના રૂપરંગથી નહીં.' પણ ગમે તે હો, બળકોટનું મન માનતું ન હતું. તે કારણ મળતાં હરિકેશને મારતો, ફટકારતો હતો. હરિકેશ શરીરે બળવાન હતો એટલે બીજા છોકરાઓ સાથે લડતો, ઝઘડતો અને તેમને મારતો પણ ખરો. તેથી માર ખાધેલા છોકરાઓનાં માબાપ બળકોટ પાસે આવી રાડ નાખ્યા કરતા.

એવા જ એક અવસરે હરિકેશે કંઈક બાળકોના ટોળા સામે મારામારી કરી તે ઘરભેગો થયો. પણ કોઈક માએ પોતાના છોકરાને માર પડવાથી બળકોટ પાસે આવી વાત કરી એટલે બળકોટ ક્રોધાયમાન થઈ હરિકેશને મારવા દોડ્યો. તેથી હરિકેશ નાશી જઈને રેતીના એક મોટા ઢગલા ઉપર જઈ બેઠો અને એકઠાં થયેલાં જ્ઞાતિજનો તરફ દૂર નજરથી તે જોતો રહ્યો. સઘળા ચંડાળો ત્યાં ભેગા થઈ આનંદ કરતા હતા ત્યારે ભયંકર ફુંફાડા મારતો એક ઝેરી સર્પ ત્યાં આવ્યો. એક જોરાવર ચંડાળે એક લાકડીથી સાપને મારી ટુકડા કરી નાખ્યા.

થોડી વારે ત્યાં એક બીજો સર્પ આવ્યો. એક-બે માણસો બોલી ઊઠ્યા. 'મારો, મારો' ત્યારે બીજાઓએ કહ્યું, 'આ સર્પને કોઈ મારશો નહીં, કારણ કે તે ઝેરી નથી એટલે તે કોઈને ઈજા કરશે નહીં.' સર્પ ધીરેધીરે ત્યાંથી ચાલ્યો ગયો. માણસો પુનઃ પ્રમોદ કરવા લાગ્યા.

આ સઘળું દૃશ્ય રેતીના ઢગલા ઉપર બેઠેલો હરિકેશ જોઈ રહ્યો હતો. તેણે વિચાર્યું કે, "અહો ! જેનામાં ઝેર હોય છે તેની બુરી દશા થાય છે અને જેનામાં ઝેર હોતું નથી અને જે સર્વદા શાંત છે તેને કોઈ સતાવતું નથી. ખરેખર હું ઝેરી છું. મારો સ્વભાવ તોફાની છે તેથી જ લોકો મને સતાવે છે. માટે મારે મારો સ્વભાવ બદલવો જ રહ્યો." આ સ્થાનમાં ન રહેતાં બીજી કોઈ જગ્યાએ જતા રહેવું ઉચિત સમજી, તરત જ તે જંગલમાર્ગે દૂર ને દૂર ચાલ્યો ગયો. રસ્તામાં ચાલતાં ચાલતાં તેણે એક શાંતમૂર્તિ સાધુ-મહાત્માને બેઠેલા જોયા. જોતાં જ તેનામાં સદ્‌ભાવ ઉત્પન્ન થયો. તેણે મુનિનાં ચરણોમાં શિર ઝુકાવી વંદન કર્યું. મુનિએ પૂછ્યું, "હે વત્સ તું કોણ છે ? અને અહીં ક્યાંથી આવી ચઢ્યો છે ?" હરિકેશે જવાબ આપ્યો, "મહારાજ ! હું ચંડાળનો પુત્ર છું. મારા તોફાની સ્વભાવથી વડીલોએ મારો તિરસ્કાર કર્યો છે. પરંતુ મને હવે ખાતરી થઈ છે કે જગતમાં ઝેર અને કંકાસની દુર્દશા થાય છે અને નમ્રતાથી જીવનું કલ્યાણ છે. મહારાજ ! મેં હવે જ્યાં શાંતિ મળે ત્યાં જવાનો નિશ્ચય કર્યો છે માટે કૃપા કરી શાંતિનો માર્ગ બતાવો."

મુનિ સમજ્યા કે આ હળુકર્મી જીવ છે, તેથી તેને બોધ આપતાં કહ્યું, "શાંતિ તને બહાર શોધવાથી

નહિ મળે. ખરી શાંતિ તારા આત્મામાં રહેલી છે. આ જીવ અનંતકાળથી ૮૪ લાખ જીવયોનિમાં રખડ્યો છે અને કલેશ, પ્રપંચ, નિંદા કષાય, પ્રમાદ વડે સંસારમાં દુઃખ પામે છે. માટે ભાઈ, તારે ખરી શાંતિ જોઈતી હોય તો જગતની સર્વ ઉપાધિનો, સર્વ માયાનો પરિત્યાગ કર અને મારી જેમ ત્યાગદશાને આધિન થા, તો જ તારું કલ્યાણ થશે.'' આ સાંભળી હરિકેશ બોલ્યો, ''પણ પ્રભુ હું તો ચંડાળ છું ને ! શું તમે મને દીક્ષા આપી શકશો ?''

''હા, ચંડાળ હો તેથી શું થયું ? પ્રભુ મહાવીરના માર્ગમાં લાયકાતવાળા સર્વ કોઈને આત્મકલ્યાણ કરવાનો હક્ક છે.'' મુનિનું કથન સાંભળી હરિકેશબળે ત્યાં જ મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી અને એકાંત તપ કરવા તેઓ જંગલમાં નીકળી પડ્યા. તેઓ ફરતાં ફરતાં વારાણસી નગરીના તિંદુક નામના ઉદ્યાનમાં પધાર્યા. આ ઉદ્યાનમાં તિંદુક નામના યક્ષનું મંદિર હતું. તેમાં હરિકેશ મુનિ કાયોત્સર્ગ ધ્યાનમાં લીન રહ્યા. તિંદુક નામનો યક્ષ હરિકેશ મુનિની તપશ્ચર્યા અને ચારિત્ર્યથી પ્રસન્ન થઈ તેમનો ભક્ત બન્યો અને મુનિની સેવા ચાકરી કરવા લાગ્યો.

હવે તે નગરીના રાજાની પુત્રી ભદ્રા કેટલીક સખીઓ સાથે તિંદુક યક્ષની પૂજા કરવા આ મંદિરમાં આવી. ત્યાં તેણે આ મેલાંઘેલાં વસ્ત્રવાળા અને કદરૂપ શરીરવાળા હરિકેશમુનિને જોયા. તેમને જોતાં જ તેને ધૃણા થઈ અને તે મુનિની નિંદા કરવા લાગી. પેલા યક્ષથી મુનિની નિંદા સહન થઈ નહી, તેથી તે રાજપુત્રી ઉપર ગુસ્સે થયો અને ક્ષણભરમાં તેને જમીન પર પછાડી દીધી. બાળા મૂર્છા પામી અને બેહોશ બની ગઈ. તેના શરીરમાંથી રુધિર નીકળવા માંડ્યું. આ જોઈ તેની સખીઓ ગભરાઈ ગઈ અને રાજા પાસે જઈ સઘળી વાત કરી. રાજા તિંદુક ઉદ્યાનના આ મંદિરમાં આવ્યો. તેણે જાણ્યું કે પુત્રીએ આ સાધુની નિંદા કરી છે તેથી સાધુએ કોપાયમાન થઈ આ પ્રમાણે કર્યું લાગે છે. આથી રાજા બે હાથ જોડી મુનિને કહેવા લાગ્યો. ''હે મહારાજ ! મારી પુત્રીનો અપરાધ ક્ષમા કરો.'' તરત પેલો યક્ષ રાજપુત્રીના શરીરમાં પેસી ગયો અને બોલ્યો, ''રાજન્ ! જો તમે તમારી પુત્રીને આ મુનિ સાથે પરણાવો તો જ તે બચશે.'' આ સાંભળી રાજા પોતાની પુત્રીને મુનિ સાથે પરણાવવા કબૂલ થયો. એટલે યક્ષ રાજકુમારીના શરીરમાંથી નીકળી મુનિના શરીરમાં પેઠો. પુરોહિતને બોલાવી રાજાએ મુનિ સાથે તે બાળાનું લગ્ન કર્યું. લગ્ન બાદ તિંદુક યક્ષ મુનિના શરીરમાંથી નીકળી સ્વસ્થાનકે ગયો. બાળાએ મુનિને કહ્યું, ''મહારાજ ! મેં તમારી નિંદા કરી હતી. તો મારો અપરાધ ક્ષમા કરો અને મારો પ્રેમ સ્વીકારો.'' આ સાંભળી હરિકેશ મુનિ બોલ્યા, ''હે બાળા હું પંચ મહાવ્રતધારી સાધુ છું અને બ્રહ્મચારી છું. અમારાથી મન, વચન અને કાયાથી સ્ત્રીસમાગમ થઈ શકે નહિ. બાળા ! મેં તારી સાથે લગ્ન કર્યું નથી, પણ આ યક્ષે મારા શરીરમાં પ્રવેશી આમ કર્યું છે. માટે કૃપા કરી ફરી આવું વચન મારી સાથે બોલતી નહીં.'' બાળા વચનથી નિરાશ થઈ અને ઘેર આવી તેણે સર્વ વાત રાજાને કહી. રાજાએ પુરોહિતને બોલાવ્યો. પુરોહિતે જણાવ્યું, 'મહારાજ ! યક્ષથી ત્યજાયેલી બાળા પુરોહિત બ્રાહ્મણને આપી શકાય છે.' રાજાએ પોતાની પુત્રીને રૂદ્રદત્ત નામના પુરોહિત સાથે પરણાવી. પુરોહિત રાજકન્યા મળવાથી ઘણો રાજી થયો.

રૂદ્રદત્તે આ કન્યાને પવિત્ર કરવા એક મોટો યજ્ઞ આરંભ્યો. યજ્ઞ માટે અનેક બ્રાહ્મણોને નોતર્યા. તે સર્વને જમવા માટે અનેક પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજન રંધાવ્યાં. યજ્ઞ મંડપમાં બ્રાહ્મણો મંત્રોચ્ચાર કરવા લાગ્યા. તેવામાં હરિકેશ મુનિ ભિક્ષાર્થે ફરતાં ફરતાં આ યજ્ઞમંડપ પાસે આવી પહોંચ્યા અને લાંબા દાંતવાળા આ કદરૂપા અને બેડોળ મુનિને જોઈ કેટલાક અભિમાની બ્રાહ્મણો

ગુસ્સે થઈ બોલી ઊઠ્યા, "અરે, તું કોણ છે ? અને અહીં શું કામ આવ્યો છે ? ચાલ્યો જા અહીંથી, નહીં તો જીવતો નહીં રહેવા દઈએ." હરિકેશ મુનિએ નમ્રતાથી જવાબ આપ્યો કે, "ભૂદેવો ! ક્રોધ ન કરો. હું અહીં ભિક્ષા લેવા સારુ આવ્યો છું."


"અહીંથી ભિક્ષા નહીં મળે. અમોએ તારા જેવા ભામટા માટે ભોજન નથી બનાવ્યું. આ ભોજન અમારા જેવા પવિત્ર બ્રાહ્મણો માટે છે. કદાચ ભોજન વધે તોપણ તારા જેવા બેડોળ ભિખારીને હરગિજ નહીં આપીએ. તું આવ્યો છે એ રસ્તે ચાલી જા, નહિ તો જોરજુલમથી તને મારીને હાંકી કાઢીશું." આવા કઠિન શબ્દો બ્રાહ્મણના મુખેથી સાંભળી હરિકેશ બોલ્યા, "હે ભૂદેવો ! હું બ્રહ્મચારી છું. નિરંતર તપશ્ચર્યા કરૂં છું. અસત્ય બોલતો નથી અને વધેલા અનાજમાંથી નિર્દોષ ભોજન લઉં છું. તમે તો યજ્ઞમાં હિંસા કરો છો, જૂઠું બોલો છો. હું તો પવિત્ર છું. માટે તમારા માટે નિપજાવેલાં ભોજનમાંથી થોડુંક આપો."

આ સાંભળી કેટલાક યુવાનો બ્રાહ્મણો વધુ ગુસ્સે થયા અને મુનિને ત્યાંથી હાંકી કાઢવા તત્પર થયા. કોઈક મુનિને મારવાની શરૂઆત કરી. એટલે કેટલાક તો મુનિ ઉપર તૂટી પડ્યા અને બેફામપણે મારવા લાગ્યા. આ દૃશ્ય તિંદુક યક્ષના જોવામાં આવ્યું. તેથી તે મુનિની વહારે આવ્યો અને મુનિના શરીરમાં પેસી ગયો. પેસતાં જ તેણે પોતાના પ્રચંડ બળથી ઘણા બ્રાહ્મણોને ભોંય ભેગા કરી દીધા. કેટલાંકનાં નાક, કાન છૂંદી નાંખ્યાં, કેટલાકના શરીરમાંથી લોહીની ધારાઓ વહેતી કરી દીધી. એટલામાં રૂદ્રદત્ત બ્રાહ્મણ અને ભદ્રા ત્યાં આવી પહોંચ્યાં. ભદ્રા હરિકેશ મુનિને જોઈ આશ્ચર્ય પામી અને તેમને ઓળખી તેમનાં ચરણમાં વંદન કર્યું.

ભદ્રાએ બધા ભૂદેવોને કહ્યું, "તમે આ મુનિની નિંદા શા માટે કરો છો ? આ તો મહાતપસ્વી મહાત્મા છે અને બાળબ્રહ્મચારી છે. યક્ષના પ્રભાવે તે મને પરણ્યા હતા, પરંતુ પોતે બ્રહ્મચારી હોવાથી તેમણે મારો ત્યાગ કરેલો. માટે આ પવિત્ર મુનિને જે જોઈએ તે આપો." આમ કહી ભદ્રા મુનિની ક્ષમા મ ગવા લાગી. યક્ષ આ વખતે મુનિના શરીરમાંથી પલાય ન થઈ ગયો. એટલે મુનિએ બાળાને કહ્યું, "હે ભદ્ર ! હું ત્યાગી ને તપસ્વી છું. મારાથી ક્રોધ થઈ શકે નહીં. પણ યક્ષના મારા શરીરમાં પ્રવેશવાથી આમ બન્યું છે. મારે માસખમણનું આજે પારણું છે તે માટે ગોચરી માટે હું અહીં આવ્યો છું. તમે આ યજ્ઞ માટે નિપજાવેલ અન્નમાંથી મને વહોરાવો." તરત જ રાજકન્યા ભદ્રાએ હરિકેશ મુનિને ભિક્ષાદાન આપ્યું. સુપાત્રદાનના પ્રભાવે 'અહો દાનમ્, મહા દાનમ્' એવો ત્યાં આકાશધ્વનિ થયો.

યજ્ઞપાડામાં દિવ્ય સુવર્ણવૃષ્ટિ થઈ. સૌ કોઈ સ્તબ્ધ બનીને મુનિની ક્ષમા માગવા લાગ્યા. હરિકેશ મુનિએ તેમને ધર્મબોધ આપ્યો. કેટલાક બ્રાહ્મણોને મુનિનો ઉપદેશ રૂચ્યો, તેથી તેમણે હરિકેશ મુનિ પાસે દીક્ષા લીધી.

એ રીતે અનેક જનોને પ્રતિબોધી, પોતે અદ્‌ભુત તપશ્ચર્યા કરી હરિકેશબળ મુનિ પોતે ચંડાળ કુળમાં ઊપજેલા હોવા છતાં આત્માની ઉચ્ચતમ ભાવના ભાવતાં કેવલ્યજ્ઞાન પામ્યા અને નિર્વાણપદે પહોંચ્યાં. ધન્ય છે આવા મહાન તપસ્વી ક્ષમાક્ષમણ હરિકેશ બળ મુનિને, તેમને અનેક વંદના હો !



# સુલસ

૬૫

રાજગૃહ નગરીમાં કાલસૌકરિક નામનો કસાઈ હતો. તે અભદ્ર હતો. તે હંમેશાં પાંચસો પાડાની હિંસા કરતો હતો. તે દુષ્કર્મથી તેણે સાતમા નરકથી પણ વધારે પાપ ઉપાર્જન કર્યું હતું. આયુષ્યના અંત સમયે તે મહાવ્યાધિની પીડાથી ઘેરાયો. અષ્ટધાતુના રોગને કારણે શરીરની દરેક ઈન્દ્રિયન વિષયો તેને વિપરીત જણાવા લાગ્યા. સુગંધી અને શીતળ લેપ તેને અશુચિમય અને અંગાર સમો ભાસવા લાગ્યો. એ જ પ્રમાણે ભોજન, પાન, સૂવાની તળાઈ વગેરે તેને દુઃખદાયી લાગ્યાં. તેને સુલસ નામનો એક પુત્ર હતો. તે પિતાના રોગનો આદરપૂર્વક પ્રતિકાર-ઉપાય કરાવતો હતો. જ્યારે કોઈ પણ ઉપાય કારગત ન નીવડ્યા ત્યારે સુલસે પોતાના મિત્ર અભયકુમાર મંત્રીની સલાહ લીધી. અભયકુમારે કહ્યું, "તારા પિતાએ ઘણા જીવોનો ઘાત કરી ઘોર પાપકર્મ ઉપાર્જિત કર્યું છે. તે પાપ તેને આ ભવે જ ઉદયમાં આવ્યું છે તેથી તું તેમને કાંટાની શય્યામાં સૂવાડ. દુર્ગંધવાળા (અશુચિ) પદાર્થો વિલેપન કર અને ખારું, કષાયેલું અને દુર્ગંધવાળું પાણી આપ, તેથી તેને સુખ ઊપજશે." સુલસે મિત્રના કહ્યા પ્રમાણે કર્યું. તેથી તેના પિતાને થોડી રાહત તો થઈ, પણ અંતે તે કાલસૌકરિક થોડો કાળ જીવી મૃત્યુ પામ્યો અને સાતમી નરકમાં ગયો.

કાલસૌકરિકના મૃત્યુ પછી સુલસ પિતાના સ્થાને આવ્યો. તેનાં સ્વજનોએ તેને પિતાનો ધંધો સંભાળવા જણાવ્યું અને કહ્યું કે દીકરા બાપનો ધંધો વધારે છે એમ તું પણ ધંધો વધાર. સુલસે પિતાએ ભોગવેલી વેદના અને દુઃખો જોયાં હતાં, તેથી સુલસે બધા સ્વજનોને કહ્યું, "ના હું મારા પિતા જેવું દુઃખ ભોગવવા શક્તિમાન નથી." ત્યારે સ્વજનો (કુટુંબીઓ) એ કહ્યું, "પાપનો ભાગ પાડીને અમારે ભાગે આવતાં પાપ અમે ભોગવીશું." પણ સુલસ એ વાત માનવા તૈયાર ન હતો. ત્યાર પછી બધાં કુટુંબીઓ સમજે તે માટે તેણે તીક્ષ્ણ કુહાડો પોતાના પગ ઉપર માર્યો અને જોરજોરથી બૂમબરાડા પાડતો બોલ્યો, "મને ઘણું દુઃખ થાય છે. આ વેદના અસહ્ય છે. જલદી કરો. આ મારા દુઃખનો થોડો થોડો ભાગ તમે બધાં ગ્રહણ કરો, જેથી મારું દુઃખ એકદમ ઓછું થઈ જાય." ત્યારે સ્વજનો બોલ્યા, "જો કોઈ પણ કારણથી અમને દુઃખ ઉત્પન્ન થાય તો અમે તે ભોગવીએ, પણ એવો ઉપાય નથી કે બીજાના શરીરનું દુઃખ કે પીડા અન્ય લઈ શકે, માટે અમે લાચાર છીએ. તારું દુઃખ તો તારે જ ભોગવવું રહ્યું."

હવે સુલસે બધાંને સમજાવ્યું : "તમે પાપ વહેંચી લેવાની વાત કરો છો, તે શી રીતે ભાગે લેશો? માટે હું મારા બાપનો ખોટો ધંધો સહેજ પણ કરનાર નથી." આમ પોતાનો નિશ્ચય જાહેર કર્યો. આ સાંભળી સઘળાં સગાંઓ મૌન થઈ ગયાં.

પછી સુલસને, મંત્રી અભયકુમારે ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસે શ્રાવક ધર્મ અંગીકાર કરાવ્યો અને સમ્યક્ પ્રકારે ધર્મપાલન કરી તે સ્વર્ગે ગયો.

# તેતલિપુત્ર

ત્રિવલ્લી નગરી પર કનકરથ રાજાની આણ પ્રવર્તતી હતી. તેમને રાજ્યનો બહુ મોહ હતો. તે માનતા હતા કે રાજકુમારો મોટા થતાં રાજ્ય માટે બાપને મારી નાખીને રાજા થાય છે. તેથી રાજકુમારો તો જોઈએ જ નહિ. આવી માન્યતાને લીધે તે પોતાની રાણી કમલાવતીને જે પુત્ર થાય તેને જન્મતાં જ મારી નંખાવતો. કમલાવતીથી આ સહન થતું નહીં. પરંતુ શું થાય ? સહન કર્યા સિવાય છૂટકો ન હતો. કાળક્રમે તે પુનઃ સગર્ભા થઈ. હવે તે પુત્ર ઝંખતી હતી. જન્મેલો પુત્ર જીવતો રહે તેવી તેની અદમ્ય ઈચ્છા હતી. પુત્ર થાય તો તેને કેવી રીતે જિવાડવો તેનો તે વિચાર કરવા લાગી. આ માટે તેણે રાજાના મંત્રી તેતલિપુત્રને વિશ્વાસમાં લીધો. તેતલિપુત્ર નગરશેઠની પુત્રી પોટિલા સાથે પ્રેમલગ્નથી પરણ્યો હતો. રાણીએ મંત્રીને બોલાવીને કહ્યું, ''મને જો પુત્ર થાય તો તમે તેની રક્ષા કરશો એવું વચન આપો.'' મંત્રીએ કરવાનું વચન આપ્યું.

એ અરસામાં મંત્રીપત્ની પોટિલા પણ સગર્ભા હતી. દૈવયોગે બંનેને એક જ સમયે પ્રસૂતિ થઈ. રાણીએ પુત્રને અને પોટિલાએ પુત્રીને જન્મ આપ્યો. અગાઉ નક્કી કર્યા પ્રમાણે તેતલિપુત્રે એ નવજાત સંતાનોની અદલાબદલી કરી નાખી. નગરમાં જાહેર થયું કે, રાણીને ત્યાં પુત્રીનો જન્મ થયો છે અને મંત્રીને ત્યાં પુત્રનો જન્મ થયો છે. મંત્રીએ રાણીના પુત્રનું નામ કનકધ્વજ રાખ્યું કાળક્રમે કનકરથ રાજા મૃત્યુ પામતાં મંત્રીએ અને રાણીએ કનકધ્વજને રાજગાદી પર બેસાડ્યો. કનકધ્વજ મંત્રીતેતલિપુત્રનું ખૂબ જ માન જાળવતો અને તેની સલાહ પ્રમાણે રાજ્યકારોબાર ચલાવતો.

પુરૂષનું મન ભ્રમર જેવું છે. તેતલિપુત્રનું મન સમય જતાં પોટિલા ઉપરથી ઊઠી ગયું. પોટિલાએ પતિનો પ્રેમ પાછો મેળવવા કોઈ એક સાધ્વી પાસે ઉપાય પૂછ્યો. સાધ્વી મહારાજે પોટિલાને ધર્મદેશના આપી. એ સાંભળી પોટિલાને સંસાર ઉપર વૈરાગ્ય જાગ્યો. દીક્ષા માટે તેણે પતિ તેતલિપુત્રની આજ્ઞા માંગી. તે પતિએ કહ્યું, ''દીક્ષા લઈને તું સ્વર્ગે જાય ત્યારે ત્યાંથી તું મને પ્રતિબોધ પમાડશે એવું વચન આપે તો હું તને દીક્ષા લેવાની સંમતિ આપું.'' પોટિલાએ વચન આપ્યું.

સમ્યક્ રીતે કરેલી ચારિત્ર્યની આરાધના નિષ્ફળ જતી નથી. સાધ્વી પોટિલા કાળધર્મ પામીને સ્વર્ગે ગઈ. તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ કરી પોતાનો પૂર્વભવ જોયો. પોતે આપેલું વચન યાદ આવ્યું. તેણે તરત જ મંત્રીને ધર્મમાં જોડવા માટે પ્રેરણા કરવાના પ્રયત્નો શરૂ કરી દીધા. પરંતુ વિષયવિકારમાં લુબ્ધ માણસોને એમ સરળતાથી ધર્મ કરવાનો ઉત્સાહ જાગતો નથી. તેતલિપુત્રને પણ ધર્મ પ્રત્યે કંઈ રસ જાગ્યો નહીં. પોટિલાદેવીએ હવે વધુ આકરા ઉપાય અજમાવવા માંડ્યા.

કનકધ્વજને ઉશ્કેરીને તેણે મંત્રી તેતલિપુત્રનું ભયંકર અપમાન કરાવ્યું. કનકધ્વજે મંત્રી ઉપર ગુસ્સો કર્યો અને ખૂબ જ કડવાં વેણ કહ્યાં. અપમાનની આગથી તેતલિપુત્ર સળગી ઊઠ્યો. તેનું સ્વમાન ઘવાયું હતું. તેથી તેણે આવું અપમાનિત જીવન જીવવા કરતાં મરવાનું પસંદ કર્યું. તેતલિપુત્રે નગર છોડી દીધું અને જંગલમાં જઈ તાલકૂટ વિષ ઘોળ્યું. પણ દેવપ્રભાવથી તેની કોઈ જ અસર થઈ નહીં. આથી તેતલિપુત્રે આગમાં ઝંપલાવ્યું. પણ આગ બુઝાઈ ગઈ. દરિયામાં ડૂબકી મારી, તોય ડૂબી ન મરાયું. આમ આત્મહત્યાના ઘણા પ્રયત્ન તેણે કરી જોયા પરંતુ દેવના પ્રતાપથી તે નિષ્ફળ ગયા.

એક વખત તે કોઈ જંગલમાંથી પસાર થતો હતો. ત્યાં તેની પાછળ એક ગાંડો હાથી દોડ્યો. હાથીથી બચવા તે દોડ્યો. દોડતાં દોડતાં તે એક ખાડામાં પડી ગયો. મૂર્છા આવી ગઈ. ભાનમાં આવતાં સહસા જ તે બોલી ઊઠ્યો, ''અરે ઓ ! પોટિલા ! તું ક્યાં છે ? શું તને મારી આ હાલતની કોઈ જ દયા નથી

ક્યાં છે ? શું તને મારી આ હાલતની કોઈ જ દયા નથી આવતી ? મોત પણ મને સાથ નથી આપતું. હું હવે કોના શરણે જાઉં ?'' તે સાંભળતા જ પોટિલાદેવીએ પ્રગટ થઈને કહ્યું, ''તેતલિપુત્ર ! હું તો તારી સાથે જ છું, પણ તું મને જુએ છે જ ક્યાં ?'' અને પછી તેણે બધી દેવલીલાની વાત કહી. તે સાંભળી મંત્રીએ કહ્યું, ''ક્ષમા કરો મને દેવી ! અજ્ઞાનના કારણે મને કંઈ ખબર ન પડી. હવે હું પ્રથમ શ્રાવકધર્મનું પાલન કરીશ અને પછી દીક્ષા લઈશ. પરંતુ તે પહેલાં મારા ઉપર એક ઉપકાર કરો. આ ખાડામાંથી બહાર કાઢી મારા ઉપર કનકધ્વજ પ્રસન્ન થાય તેમ કરો.''

પોટિલાદેવીએ કનકધ્વજ પ્રસન્ન કરાવ્યો. તેતલિપુત્ર શ્રાવકનાં બાર વ્રતનું પાલન કરવા લાગ્યો. એક દિવસ તેણે જ્ઞાની ગુરુ ભગવંતને પોતાનો પૂર્વભવ પૂછ્યો. ગુરુએ કહ્યું, ''તું મહાવિદેહ પુંડરીકિણી નગરીમાં મહાપદ્મ નામે રાજા હતો. ગુરુની પ્રેરક દેશનાથી તેં દીક્ષા લીધી. અનુક્રમે તું ચૌદ પૂર્વધારી દેવ થયો. પ્રાંતે એક માસનું અનશન કરીને મહાશુક્ર દેવલોકે દેવતા થયો. ત્યાંથી આવીને તું તેતલિપુત્ર તરીકે જન્મ્યો છે.''

પૂર્વભવ સાંભળતાં જ તેતલિપુત્રને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ જાણી તેણે તરત જ ત્યાં ચારિત્ર્ય અંગીકાર કર્યું. વિશુદ્ધ આરાધના કરતાં કરતાં કાળક્રમે તે મુક્તિને પામ્યો.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

શાહ કાનજી હીરજી એન્ડ સન્સ
૫, ગ્રેઈન માર્કેટ, જામનગર.
ફોન : (ઓ.) (૦૨૮૮) ૨૫૫૪૮૧૭, (રે.) (૦૨૮૮) ૨૬૭૭૮૯૬

Sister Concern

શાહ જીવરાજ હીરજી એન્ડ સન્સ
માર્કેટ યાર્ડ, રાજકોટ.
ફોન : ૨૪૫૬૬૦૬, મો. ૯૮૨૪૦ ૩૯૪૭૬

હું વ્રત એકટાણાં, ઉપવાસ કરું અને મારા મનમાંથી ગુસ્સો, ઈર્ષ્યા, ડંખ નિર્મૂળ ન થાય તો મારું તપ મિથ્યા છે.

## ૬૭ રતિસુંદરી

સાકેતપુરમાં જીતશત્રુ રાજાને રતિસુંદરી નામે પુત્રી હતી. તે જ નગરમાં મંત્રીની પુત્રી બુદ્ધિસુંદરી, તે જ નગરના શ્રેષ્ઠીની પુત્રી ઋદ્ધિસુંદરી અને ત્યાંના નગરપુરોહિતની પુત્રી ગુણસુંદરી હતી. આ ચારે સખીઓ સુંદર અને રૂપાળી હતી; શ્રાવક ધર્મ પાળનારી હતી; પરસ્પર પ્રેમવાળી હતી. દરરોજ દહેરાસરે, ઉપાશ્રયે એકઠી મળી ધર્મગોષ્ઠી કરતી હતી. ધર્મક્રિયા કરતાં પર-પુરૂષ ત્યાગવાનો નિયમ તેમણે લીધો હતો.

નંદપુરનો રાજા રાજપુત્રી રતિસુંદરીને પરણ્યો. ઘણાને ઘેલું કરે તેવું રતિસુંદરીનું રૂપ અને લાવણ્ય હતું. આ વાત હસ્તિનાપુરના રાજાએ સાંભળી. તેણે નંદપુરના રાજા પાસે દૂત મોકલીને રતિસુંદરીની માગણી કરી. તે સાંભળી નંદપુરના રાજાએ દૂતને કહ્યું કે "એક સાધારણ માણસ પણ પોતાની પત્ની બીજાને આપતો નથી. તો હું શી રીતે મારી પત્નીને આપું ? માટે તું તારા સ્થાને ચાલ્યો જા." તે સાંભળી દૂતે જઈને પોતાના રાજાને સર્વ વાત કહી. તેથી રાજાએ નંદપુર પર ચઢાઈ કરી. બંને રાજાઓનું યુદ્ધ થતાં હસ્તિનાપુરના રાજાનો જય થયો. તે રતિસુંદરીને બળપૂર્વક લઈને પોતાના નગરમાં આવ્યો. પછી તેણે રતિસુંદરીને મનાવવા ઘણી કોશિશ કરી. ત્યારે રતિસુંદરીએ કહ્યું કે "મારે ચાર માસ સુધી શીલવ્રત છે." તે સાંભળી રાજાએ વિચાર્યું કે ચાર માસ પછી તે મારે જ આધીન છે, ક્યાં જવાની છે ? આમ વિચારી તે દિવસો નિર્ગમન કરવા લાગ્યો. રતિસુંદરી હંમેશા તેને પ્રતિબોધ આપવા લાગી, પણ રાજાનો રાગ તેના પરથી જરા પણ ઓછો થયો નહીં.

એક દિવસે રાજા બોલ્યો : "હે ભદ્રે ! તું હંમેશા મને ઉપદેશ આપે છે. તું તપ વડે અતિકૃશ થઈ ગઈ છે તેમ જ શરીર પરથી સર્વ શ્રૃંગાર તેં કાઢી નાખ્યા છે. તોપણ મારૂં મન તારામાં અતિ-આસક્ત છે. તારાં બીજા અંગોનાં તો હું શું વખાણ કરૂં ? પરંતુ એક તારા નેત્રનું પણ વર્ણન હું કરી શકતો નથી." તે સાંભળીને રતિસુંદરીએ પોતાનાં નેત્રોને જ શીળલોપનું કારણ જાણ્યું. તેણે તરત જ રાજાની સમક્ષ છરી વડે પોતાનાં બંને નેત્રો કાઢીને રાજાના હાથમાં ધર્યાં. આ જોઈ રાજાને અત્યંત ખેદ થયો. તે પસ્તાવા લાગ્યો. રાજાનું દુઃખ જોઈને રતિસુંદરીએ તેને ધર્મોપદેશ આપ્યો. રાજાએ પ્રતિબોધ પામીને તેને ખમાવી. 'મારા માટે આ સ્ત્રીએ પોતાનાં બંને નેત્રો કાઢી આપ્યાં !' - આ સમજથી તે ઘણો દુઃખી થયો. રાજાનું દુઃખનિવારણ કરવા રતિસુંદરીએ દેવતાનું આરાધન કર્યું. દેવતાએ તત્કાળ આવીને રતિસુંદરીને નવાં નેત્રો આપ્યાં. રાજાના આગ્રહથી કેટલાક દિવસ ત્યાં રોકાયા પછી રતિસુંદરીએ દીક્ષા ગ્રહણ કરી. કાળે કરી મૃત્યુ થતાં સદ્ગતિ પામી.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

Lalit Novelty Store
DEALERS IN :
READY MADE - HOSIERY GARMENTS &
HANDLOOM GOODS
TEEN BATTI, OLD RAILWAY STATION ROAD,
JAMNAGAR -361 001 (GUJARAT)
Ph. : (0288) 2558403

# ૬૪ શેઠ મોતીશા

હાલમાં આણંદ જિલ્લાનાં સોજિત્રાના વતની શેઠ મોતીશાના આરંભકાળમાં, મુંબઈમાં ધર્મક્રિયા માટે વૈષ્ણવો અને પારસીઓ પાસે જેટલી સગવડ હતી તેટલી જૈનો પાસે ન હતી. પ્રમાણમાં જૈનોની વસ્તી પણ મુંબઈમાં ઓછી હતી. મોતીશાના ભાઈ નેમચંદે કોટવિસ્તારમાં શાંતિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું હતું. પછી કોટ બહાર વસ્તી થવા માંડી એટલે શેઠ નેમચંદ તથા શેઠ મોતીશાએ બીજાઓના સહકારથી શાંતિનાથ ભગવાન, ગોડીજી પાર્શ્વનાથ અને ચિંતામણિ પાર્શ્વનાથ એમ ત્રણ જિનમંદિરો પાયધૂની વિસ્તારમાં બંધાવ્યાં.

શેઠ મોતીશાને શત્રુંજયની યાત્રામાં બહુ શ્રદ્ધા હતી. જ્યારે પોતે મુંબઈથી વહાણમાં ઘોઘા કે મહૂવા બંદરે ઊતરે ત્યારે ત્યાંથી ગાડામાં બેસી પાલિતાણા જઈને તેઓ શત્રુંજયની યાત્રા કરવા અવશ્ય જતા. પોતાની ધંધામાં સફળતા એને લીધે જ છે એમ તેઓ શ્રદ્ધાપૂર્વક માનતા. એ દિવસોમાં રેલવે કે મોટરકાર હજુ આવી નહોતી, એટલે શત્રુંજયની યાત્રા કરવાનું ઘણું કપરું હતું. સાધારણ માણસને શત્રુંજયની યાત્રાનું મન થાય તોપણ આર્થિક અગવડને લીધે જઈ નહોતા શકતા. એટલે શત્રુંજય તીર્થની યાત્રા જેવો લાભ મુંબઈમાં જ મળે તેવા ભાવથી મોતીશા શેઠે પોતાની ભાયખલામાં આવેલી વિશાળ વાડીમાં આદીશ્વર ભગવાનનું દહેરાસર બંધાવ્યું. આનોસરખો શત્રુંજય જ સમજાય તે માટે તેમણે સૂરજકુંડ, રાયણ પગલાં વગેરેની પણ રચના કરાવી.


ભાયખલાની પોતાની વાડીમાં દહેરાસર કરવા માટે મોતીશા શેઠને દેવે સ્વપ્નમાં આવીને કહ્યું કે, 'આ દેરાસરમાં રાજનગરના (અટલે કે અમદાવાદના) દહેરાસરમાંથી ઋષભદેવ ભગવાનની પ્રતિમાજી મંગાવી તેની પ્રતિષ્ઠા કરાવો.' દેવના આવા સૂચનથી મોતીશા શેઠ આનંદમાં આવી ગયા અને અમદાવાદથી પ્રતિમાજી મુંબઈ કેમ લાવવાં તે વિચારવા લાગ્યા. રેલવે લાઈન હતી નહીં, નર્મદા અને તાપી ઉપર પુલ નહોતા, એટલે ઋષભદેવ ભગવાનની પ્રતિમાજી સહિત ૧૬ પ્રતિમાજીઓ પાલખીમાં પધરાવી જમીન માર્ગે ભરૂચ લાવવામાં આવી. આખે રસ્તે રોજ નાહઈ-ધોઈ સ્વચ્છ વસ્ત્ર સાથે પ્રતિમાજીની પૂજા કરી, પૂજાનાં કપડાંમાં શ્રાવકો પાલખી ઊંચકતા. ભરૂચથી પ્રતિમાજી નદી અને દરિયા માર્ગે વહાણમાં લાવવાની હતી. એ માટે મોતીશા શેઠે નવું જ વહાણ તૈયાર કરાવ્યું. દિવસો એવા નક્કી કરવામાં આવ્યા કે જેથી ચોમાસું નડે નહીં અને અમદાવાદથી હેમાભાઈ, બાલાભાઈ, ત્રિકમભાઈ વગેરે શ્રેષ્ઠીઓ આવી શકે. વહાણમાં ધૂપ, દીપ વગેરેની બરાબર વ્યવસ્થા કરવામાં આવી. ભરૂચથી વહાણ સૂરત બંદરે આવ્યું. ત્યાં એક દિવસ રોકાઈ પવનની અનુકૂળતા થતાં તે મુંબઈ આવ્યું. શેઠ મોતીશાએ ભાવપૂર્વક અને ભારે ઠાઠમાઠથી પ્રતિમાજીનું સામૈયું કર્યું.

આ પ્રસંગે જલયાત્રાનો મોટો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. સુહાગણ સ્ત્રીઓએ માથે જળકળશ લીધા હતા. શેઠાણી દિવાળીબાઈએ રામણદીવડો લીધો હતો. હાથી, ઘોડા, રથ, ઘોડાગાડી, અષ્ટ મંગલ, ધૂપ, દીપ, ચામર, છત્ર, ઈન્દ્રધ્વજ, ભેરી, ભૂંગળ, શરણાઈ, નગારાં વગેરે વડે આ વરઘોડો એવો તો શોભતો હતો કે, શ્રી વીરવિજયજી મહારાજ કહે છે તેમ, ટોપીવાળા અંગ્રેજ હાકમો પણ તે જોઈને બહુ

જ હરખાયા હતા. કારણ કે વરઘોડા માટે ખાસ વિલાયતી વાજિંત્રો પણ લાવવામાં આવ્યાં હતાં. વિલાયતી મેન્ડવાજાં આ પહેલાં મુંબઈમાં કોઈએ જોયાં ન હતાં. લોકોના હરખનો કોઈ પાર ન હતો. વરઘોડો ઉતરતાં શેઠે સારી પ્રભાવના અને રાત્રે ભાવના સાથે રાત્રિજગો કર્યો. વિક્રમ સંવત ૧૮૮૫ના માગસર સુદ ૬ને દિવસે ભાયખલાના દહેરાસરનો પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ઠાઠથી ઊજવ્યો.

મુંબઈમાં ભાયખલા વિસ્તારમાં શત્રુંજયની ટૂંક થતાં કાર્તિકી પૂનમ અને ચૈત્રી પૂનમે આ દહેરાસરે જ યાત્રાએ જવાનો રિવાજ મુંબઈમાં પડી ગયો, જે આજ દિવસ સુધી ચાલુ છે. મુંબઈના કેટલાક જૈનો મુંબઈમાં જ્યાં રહેતા હોય ત્યાંથી પગપાળા ભાયખલા જિનમંદિરની નવ્વાણું જાત્રા કરતાં. મોતીશા શેઠ એ વખતે કોટમાં રહેતા હતા. તેમણે હરરોજ બે ઘોડાની બગીમાં બેસી ભાયખલામાં દેવ-દર્શને આવવાનો નિયમ રાખ્યો હતો. જિંદગીનાં પાછળનાં વર્ષોમાં તેઓ ભાયખલામાં પોતાના બંધાવેલા બંગલામાં રહેતા હતા. તે બંગલામાં તેમણે પોતાની બેઠક માટે એવી જગ્યા પસંદ કરી હતી કે જ્યાં બેઠાં બેઠાં મંદિરના શિખરના, શિખર ઉપર બિરાજમાન ધર્મનાથ ભગવાનનાં તથા શિખર ઉપર ફરફરતી ધજાનાં દર્શન થાય.

હજુ પણ કોઈક સારું કામ કરવાનું જીવનમાં બાકી છે એમ શેઠ મોતીશાના મનમાં ઘોળાયા કરતું હતું. એમનો વહાણવટાનો વેપાર હતો. અંગ્રેજ સરકારનું રાજ્ય હતું. એક વખત વહાણવટના બાબતે જકાતના રૂપિયા તેર લાખ ભરવા સરકારે મોતીશા શેઠને નોટિસ મોકલી. શેઠથી આ સહન ન થતાં કોર્ટમાં કેસ દાખલ કર્યો. જો આમાં પોતે જીતી જાય તો તે તેર



લાખની રકમ સારા માર્ગે જ ખર્ચવી તેવો તેમણે સંકલ્પ કર્યો. ધર્મશ્રદ્ધાના બળે આ કેસમાં તેઓ વિજયી બન્યા. તેથી આ રકમ ક્યાં વાપરવી તેનો પોતે વિચાર કરતા હતા. આ બાબતે તેમણે તેની પત્ની દીવાળીબહેનને પૂછ્યું. દીવાળીબહેન પણ ધર્મભાવનામાં હંમેશા સહાય કરનારાં હતાં. તેમણે એક ભવ્ય જિનમંદિર પાલિતાણાના મહાન ગિરિરાજ ઉપર નિર્માણ કરવા જણાવ્યું કે જેથી ત્યાં નિત્ય હજારો લોકો ભાવપૂર્વક દર્શન કરે.

મોતીશા શેઠને તો આ શબ્દોએ જાણે ભાવનાનું પૂર આણ્યું. તેમણે કહ્યું, "આ વિચાર તો

મને નહોતો આવ્યો; પરંતુ હવે તો હું પાલિતાણાના પર્વતાધિરાજ શત્રુંજય ઉપર અલૌકિક જિનચૈત્ય બંધાવીશ. શત્રુંજયની ભક્તિથી મારો આત્મા મૃત્યુંજય બનશે.'' મોતીશા શેઠ પાલિતાણા પહોંચ્યા. શત્રુંજય ડુંગર ચડી ગયા. દહેરાસર ક્યાં બનાવવું તે માટે જગ્યા શોધવા લાગ્યા. નસીબ-સંજોગે અમદાવાદના નગરશેઠ હેમાભાઈનો તેમને ભેટો થઈ ગયો. મોતીશાએ કહ્યું, ''મારે અહીં સુંદર મંદિરનું નિર્માણ કરવું છે.''

''બહુ સુંદર !'' હેમાભાઈએ આનંદ વ્યક્ત કર્યો. ''ચાલો ! સ્થળ પસંદ કરીએ.''

મોતીશા શેઠે મોટી ટૂંક અને ચૌમુખજીની ટૂંકની વચ્ચેની ખાડી પસંદ કરી ! ઊંડી અને ભયંકર ખીણ ! શેઠ હેમાભાઈ મનોમન ખચકાયા. પરંતુ મોતીશા શેઠે કહ્યું, ''આ ખીણને પૂરીને હું મંદિર બનાવીશ. મને આ ખીણ આપી દો.''

હેમાભાઈ શેઠને કોઈ વાંધો ન હતો. ખીણ મોતીશા શેઠને સોંપાઈ. મોતીશાએ વખત ગુમાવ્યા વગર શિલ્પીને તેડું મોકલ્યું. શિલ્પી રામજી કુશળ કસબી અને પાછો નિષ્ણાંત જ્યોતિષી ! રામજી શિલ્પીએ મુહૂર્ત જોવા માંડ્યું. ઘણું ચિંત્વન કર્યા પછી કહ્યું, ''હમણાં મુહૂર્ત નથી આવતું. ધનાર્કના દિવસો ચાલે છે.'' શેઠે કહ્યું, ''... પરંતુ મારે થોભવું નથી. મારે જેમ બને તેમ જલદી મંદિર બનાવવું. છે. કોઈ સંજોગોમાં થોભવું પોષાય તેમ નથી. શીઘ્ર કામ શરૂ કરો.''

સલાટ રામજીનું કંઈ ન ચાલ્યું. શેઠને હાથે મુહૂર્ત થયું. રામજીને ભાવિના લેખ વંચાયા : 'શેઠના હાથે કદાચ પ્રતિષ્ઠા ન પણ થાય !' જેવા ભાવિભાવ.

વિક્રમ સંવત ૧૮૮૮નું એ વર્ષ અને માગસરનો એ કૃષ્ણ પક્ષ. ખીણ પૂરાઈ ગઈ. ઈંટ-માટી ન વાપરતાં ખીણમાં નક્કર પથરા ભર્યા કે જેથી મંદિરનો પાયો નક્કર ભૂમિ પર મંડાય; અને દહેરાસર બનવા માંડ્યું.

શેઠે મંદિરનિર્માણ માટે ૧૧૦૦ કારીગરો અને ૩૦૦૦ મજૂરો રોક્યા. તેમણે કુલ્લે, ૫૦૦૦ પ્રતિમાજી ઘડાવી. તે જે દહેરાસરમાં પધરાવી શકાય, તેટલી પધરાવાની અને વધે તે જેને જોઈએ તેને આપવી. શેઠ મોતીશાની ભાવના એથી ઊંચી હતી કે પથ્થરમાંથી પ્રતિમા ઘડતી વખતે પણ શિલ્પીઓ નાહી-ધોઈ, પૂજાનાં કપડાં પહેરી, મુખકોશબાંધી પ્રતિમા ઘડતા. મુખમાંથી આખો દિવસ દુર્ગંધ ન આવે એ માટે દરેકને સવારે કેસર-કસ્તૂરીનો મુખવાસ આપવામાં આવતો. વળી, રસોડામાં એવી કાળજીથી રસોઈ બનાવવામાં આવતી કે જે જમવાથી વાછૂટ પણ ન થાય અને કદાચ થાય તો સ્નાન કરીને જ પાછું ઘડવા બેસાય. વળી, પ્રતિમાજીને ઘડતાં તેને ઊંધી કરવાની કે પગ વચ્ચે દબાવવાની પણ મનાઈ હતી. આ વખતે આ પ્રતિમાજી ઘડવા પાછળ અને મંદિરના બાંધકામ પાછળ શેઠને રૂપિયા નવ લાખ અને સાત સોનો ખર્ચ થયેલો. તે જમાનામાં આખા દિવસની મજૂરી દોઢ આનો (દસ પૈસા) જેટલી હતી. એ વખતે આટલો ખર્ચ તો ખરેખર અધધધ ગણાય !

૪૭ વર્ષની ઉંમરે શેઠે ટૂંક બંધાવવા માંડી. સંવત ૧૮૮૮માં મંદિર-બાંધણીનું કામ સતત ચાલતું હતું. શેઠની ૫૩ વર્ષની વયે તબિયત લથડી. પોતે પ્રતિષ્ઠાનો દિવસ જોશે કે કેમ તે વિષે શંકા થવા લાગી. તેમણે પોતાના પુત્ર ખીમચંદભાઈને ભલામણ કરતાં કહ્યું, ''મારે પ્રતિષ્ઠા જરૂર કરવી છે, પણ ગોડીજી મહારાજનો હુકમ હશે તેમ થશે. મારું શરીર પડી જાય તો શોક કરવો નહીં, શોક પાળવો નહીં, લીધેલ મુહૂર્ત ફેરવવું નહીં અને મારી ખોટ

૧૮૯૩ના મહા સુદ દશમનું હતું. પરંતુ સંવત ૧૮૯૨ના પર્યુષણ પર્વ દરમ્યાન ભાદરવા સુદ એકમના દિવસે ૫૪ વર્ષની વયે શેઠ મોતીશાનો સ્વર્ગવાસ થયો.

પ્રતિષ્ઠાનો દિવસ નજીક આવતો ગયો. પતિના મનોરથ પૂર્ણ કરવાના ભાવથી દીવાળીબહેને તથા શેઠના દીકરા ખીમચંદભાઈએ પ્રતિષ્ઠાના સમયે મુંબઈથી પાલિતાણાનો સંઘ કાઢ્યો. સૌને આમંત્રણ હતું અને વિનંતી કરાઈ હતી કે કોઈએ શોક કરવાનો નથી.

સંઘ પાલિતાણા પહોંચ્યો. છૂટા હાથે દીવાળીબહેને દાનની વર્ષા કરી. કિન્તુ કુદરતના કાનૂન ન્યારા છે. પાલિતાણામાં જ દીવાળીબહેન અચાનક માંદા પડી ગયાં. પથારીમાં સૂતાં સૂતાં તેમણે કહ્યું, "હું પણ જાઉં છું. ધર્મકાર્યમાં કોઈ વિક્ષેપ ન કરશો. પ્રતિષ્ઠા અદ્‌ભુત થવી ઘટે. હું પ્રતિષ્ઠા સુંદર રીતે થઈ રહી છે તેમ શેઠને કહેવા જાઉં છું." એમ કહેતા શેઠાણીનો પ્રાણ ઊડી ગયો.

શેઠ ખીમચંદભાઈએ સમય સાચવી લીધો. શોક નહીં કરીને અને કમર કસીને પ્રતિષ્ઠા માટે જરૂરી કામ ચાલુ રાખ્યું. શિલ્પી રામજીની વેદનાનો પાર ન હતો. 'પોતે શેઠને સમજાવી ન શક્યો; કમૂરતાંએ ભાવ ભજવ્યો. મંદિર તો બનાવ્યું પણ પ્રતિષ્ઠા જોવા ના રહ્યા શેઠ કે શેઠાણી રે ! કેવો ભાવિભાવ !'

મહા સુદ દસમે, બરાબર મુહૂર્ત પ્રમાણે પ્રતિષ્ઠા થઈ. પ્રતિષ્ઠાની પૂર્ણાહૂતિ થતાં આકાશમાંથી ઝરમર ઝરમર વર્ષા વરસવા લાગી અને પર્વતાધિરાજ શત્રુંજયની ચોમેર અલૌકિક હવા મહેંકી ઊઠી. સકળ ચતુર્વિધ સંઘે સુવિખ્યાત 'મોતીશાની ટૂંક'ને વધાવતાં ગાયું :

***લાવે લાવે મોતીશા શેઠ ન્હવણ જળ લાવે છે !***
***નવરાવે મરુદેવા નંદ ન્હવણ જળ લાવે છે !***
***સકળ સંઘને હરખ ન માય ન્હવણ જળ લાવે છે !***


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર

**પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની**

પ્રેરણાથી *જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક*ને હાર્દિક શુભેચ્છા


## નિયાણાંથી નુકશાન

જે મહામંત્ર સઘળાય પાપોનો નાશ કરીને મોક્ષનું રાજ્ય કાયમનું આપે તે મહામંત્ર માત્ર માગ્યું આપે પણ અધિક ન આપે એટલે કોડી માટે ક્રોડ ગુમાવવાનો વખત આવે, માટે શાસ્ત્રકાર ભગવંતોએ નિયાણાનો નિષેધ કર્યો છે. નિયાણું કરવા જેવું નથી. નિયાણું ન કરનારને શ્રી નવકાર મહામંત્રની નિષ્કામ આરાધના કરવાથી બધુંય મળે એટલે મોક્ષેય મળે અને મોક્ષનું સાચું સ્વરાજ ન પામે ત્યાં સુધી સંસારમાં પણ ઉત્તમ પ્રકારનાં રાજ્યાદિકના દેવગતિ આદિ સુખોને પામે છે.


**શ્રીમતી કંચનબેન મોતીચંદ ગુઠકા**

**પુત્ર જિતેન્દ્ર, પુત્રવધૂ રાખી, પૌત્રી જયની, પૌત્ર ક્રીસ્ટલ**

29 - Regal Way, Kenton Harrow, Midde'x, HA3, ORZ, (U.K.)

# ૬૯ રાજા સૂર્યયશા

પ્રભુ ઋષભદેવના જ્યેષ્ઠ દીકરા ભરત ચક્રવર્તીનો જયેષ્ઠ પુત્ર તે સૂર્યયશા. દસ હજાર રાજાઓનો તે અધિપતિ હતો. વિનીતા નગરીનાં નગરજનોનું તે નીતિથી પાલન કરતો હતો. શકાવતાર નામના શ્રી ઋષભદેવ પ્રભુના ભવ્ય જિનાલયમાં રોજ સવારે સેના સહિત જવાનો તેનો નિયમ હતો. આ ઉપરાંત, તેને અનેક રાજાઓ અને બીજા અનેક પરિજનો સાથે પાક્ષિકના દિવસે પૌષધ કરવાનો નિયમ હતો. પાક્ષિકના દિવસે તે તો કોઈ આરંભ સમારંભ કરતો નહીં પરંતુ બીજા નાગરિકો પણ તે દિવસે આરંભ સમારંભ ન કરે તેવો આગ્રહ રાખતો. સંજોગો અનુકૂળ હોય કે પ્રતિકૂળ પરંતુ પાક્ષિકના દિવસે પૌષધ કરવાનું તે ક્યારે પણ ચૂકતો નહીં.

એક દિવસ સૌધર્મેન્દ્રે પોતાની સભામાં બેઠાં બેઠાં અવધિજ્ઞાનથી પર્વ સંબંધી સૂર્યયશાનું દઢ મન જોયું. આથી તેણે મનોમન પ્રશંસા કરી અને મસ્તક નમાવી ભાવથી સૂર્યયશાને નમસ્કાર કર્યા. ઈન્દ્રસભામાં એ વખતે સંગીત અને નૃત્યનો સારો જલસો જામ્યો હતો. રંભા અને ઉર્વશી બીજી ગાંધર્વીઓ સહિત સંગીત-નૃત્યમાં મશગૂલ હતી. તે વખતે સૌધર્મેન્દ્રને આમ અચાનક માથું નમાવતા જોઈ અપ્સરાઓએ ઈન્દ્રને પૂછ્યું, ''સ્વામીન્ ! મૃત્યુલોકના વૃદ્ધ આદમીની જેમ તમે માથું કેમ ધુણાવ્યું ? શું અમારા નૃત્ય તાલમાં કંઈ ભૂલ થઈ છે ?''

ઈન્દ્રે જવાબ આપ્યો, ''મેં માથું ધુણાવ્યું નથી, પણ માથું નમાવ્યું હતું. મૃત્યુલોકમાં ભરત ચક્રવર્તીના જ્યેષ્ઠ પુત્ર સૂર્યયશાની ધર્મ પ્રત્યેની દઢ શ્રદ્ધા જોઈને અહીં બેઠાં બેઠાં મેં ભાવથી તેમને વંદના કરી છે. તેઓ પોતાના વ્રત-નિયમોમાંથી કદિ ચલિત થતા નથી. વ્રતનિયમોમાં હંમેશાં અટલ અને અડગ રહે છે. આથી બીજા અનેક લોકો તેમના સંગથી આરાધનામાં જોડાય છે. આથી આવા દઢ શ્રદ્ધાળુ સૂર્યયશાને મેં ભાવથી વંદના કરી છે.''

રંભા અને ઉર્વશી તરત જ બોલી ઊઠી, ''અન્ન અને પાણી ઉપર જીવતા પામર માનવની આટલી પ્રશંસા ? અમે જોઈશું તેની દઢતા. અમારું સૌંદર્ય જોશે તો મોહ પામી જશે અને એની શ્રદ્ધા ક્યાંય ફેંકાઈ જશે.''

રંભા અને ઉર્વશી માનવસ્ત્રીનું રૂપ ધરીને વિનીતા નગરીમાં આવી. આવીને સીધી શકાવતાર જિનમંદિરમાં ગઈ. ત્યાં જઈને વિણાના મધુર સૂર સાથે પોતાના કોકિલ કંઠે જિનેશ્વર ભગવંતની સ્તુતિ કરવી લાગી. મંદિરનું વાતાવરણ ભક્તિતરબોળ બન્યું.

સમય થતાં પૌષધ પાળીને સૂર્યયશા પરિવાર સહિત દર્શન કરવા માટે આ ચૈત્યે આવી પહોંચ્યો. ચૈત્યને જોતાં વાહનમાંથી તે નીચે ઊતર્યો. મુગટ, છત્ર અને ચામર બાજુએ મૂક્યાં અને ઉઘાડા પગે ચૈત્યમાં દાખલ થયો. ત્યાં તેણે આ ભક્તિમય અને તાલબદ્ધ સંગીત સાંભળ્યું. તેણે પરમાત્માની સ્તુતિ કરી. બહાર નીકળતાં તેની નજર નૃત્યગાન કરતી બે યુવતીઓ ઉપર ગઈ, પરંતુ જિનાલયમાં એવી નજર કરવી વ્યર્થ છે એમ સમજી તેણે તે અંગેના તમામ વિચારો બળપૂર્વક છોડી દીધા. મહેલમાં પાછા ફરી તેણે યુવતીઓની માહિતી મંગાવી. મંત્રી યુવતીઓ પાસે આવ્યો. તેમનો પરિચય પૂછ્યો. યુવતીઓએ કહ્યું, ''અમે બંને વિદ્યાધરની પુત્રીઓ છીએ. અમે અમારું વચન પાળનાર અને અમારું કહ્યું કરે એવા પતિની શોધમાં છીએ. કેટલાય વખતથી અમે આવા પતિને શોધીએ છીએ પણ હજુ તેવો પુરૂષ અમને મળ્યો નથી. હવે અમે આશા છોડી દીધી છે. આથી અહીંથી અમે અમારા સ્થાને જઈશું.''

મંત્રીએ કહ્યું, ''સુકન્યાઓ ! તમે નિરાશ ન થાઓ. તમારી ઈચ્છાઓ પૂર્ણ કરે એવો પુરૂષ આ નગરીમાં છે. નગરીનો રાજા સૂર્યયશા. ઋષભદેવ પ્રભુના પૌત્ર

થાય છે અને ચક્રવર્તી ભરતરાજના જ્યેષ્ઠ પુત્ર છે. તે રૂપવાન, ગુણવાન અને બળવાન છે. તેમના જેવો કોઈ પુરૂષ ત્રણે ભુવનમાં શોધતાં નહીં જડે. તમે તેમને ભરથાર કરો. તમારા વચનનું તે કદી ઉલ્લંઘન નહિ કરે; કારણકે એક વખત પ્રતિજ્ઞા લીધા પછી તે પ્રતિજ્ઞાભંગ કદિ નથી કરતા.'' યુવતીઓ (રંભા અને ઉર્વશી)એ કહ્યું, ''અમારા વચનનું તથે ઉલ્લંઘન નહીં કરે તે ખાતરી શી ?''

મંત્રીશ્વરે કહ્યું, ''મારા રાજા વતી હું તમને ખાતરી આપું છું કે સૂર્યયશા રાજા તમારા વચનનું કદિ ઉલ્લંઘન નહિ કરે.'' મંત્રીનું વચન મળતાં આ માનવ-દેહધારી રંભા અને ઉર્વશીએ સૂર્યયશા સાથે લગ્ન કર્યાં. રાજા સાથે સંસારનો સુખોપભોગ કરતી સ્વર્ગની અપ્સરાઓએ એક દિવસ પડહનો અવાજ સાંભળ્યો. તેઓએ રાજાને પૂછ્યું, ''સ્વામી ! આ શેનો અવાજ સંભળાય છે ?''

સૂર્યશાએ કહ્યું, ''પ્રિયે ! આ ધર્મપડહનો અવાજ છે. આવતી કાલે અષ્ટમીનો પર્વનો દિવસ છે. પર્વના દિવસે નગરનો કોઈ પણ પ્રજાજન દળાણ, ખંડન, રંધન, અબ્રહ્મસેવન, જ્ઞાતિભોજન, તિલ વગેરેનું પીલણ, રાત્રિભોજન, વૃક્ષછેદન, ઈંટ અને ચૂનો પકાવવા માટે અગ્નિપ્રજ્વલન, શાકભાજી ખરીદવી વગેરે કોઈ પણ જાતનો પાપવ્યવહાર કરશે નહીં, તેમ જ કરાવશે નહીં. બાળકો સિવાય લગભગ બધાં જ કાલે ઉપવાસ કરશે. ઉપરાંત અનેક રાજાઓ તથા પ્રજાજનો પર્વનો દિવસ હોવાથી પૌષધ કરશે. હું પણ કાલે પૌષધશાળામાં રહીને ધર્મની આરાધના કરીશ.''

રંભા અને ઉર્વશી જે તકની રાહ જોતી હતી તે તક તેમને મળી ગઈ. સૂર્યયશાનો ખુલાસો સાંભળતાં જ બંને મૂર્ચ્છિત થઈ ગઈ. રાજાએ તરત જ તેમની યોગ્ય સારવાર કરી. થોડું સ્વસ્થ થયા બાદ બંનેએ કહ્યું, ''પ્રાણેશ ! અમને તમારા ઉપર એટલો બધો પ્રેમ છે કે આવો તમારો વિરહ અમારે માટે અસહ્ય છે અને તમે કાલે આખો દિવસ અમારાથી દૂર રહેવા માગો છો ? ના નાથ ! ના. અમારાથી તમારો વિરહ જિરવાશે નહીં. સંભવ છે કે તમારા વિરહથી તરફડીને અમારૂં મૃત્યુ પણ થઈ જાય. અમારી પ્રાર્થના સ્વીકારો અને કાલે પૌષધ કરવાનું માંડી વાળો.''

સૂર્યયશાએ તેના જવાબમાં જણાવ્યું, ''દેવીઓ ! મારા માટેનો તમારો પ્રેમ હું જોઈ શકું છું. પરંતુ નિત્ય આનંદ આપતા ધર્મને હું છોડી શકું તેમ નથી. સ્વર્ગનું સુખ સુલભ છે, પરંતુ જિન ધર્મ મળવો અત્યંત દુર્લભ છે. પર્વના દિવસે પૌષધ કરવાનો મારો નિયમ છે. નિયમભંગ કરી મારો ભવ હું એળે જવા દેવા નથી માંગતો.'' આ સાંભળી રંભા-ઉર્વશી બોલી, ''નાથ ! આમ કહેતા તમે કેમ ભૂલી જાઓ છો કે લગ્ન વખતે તમે અમને અમારૂં કહ્યું કરવાનું વચન આપ્યું હતું ? અમે તમને પૌષધ કરવાની ના કહીએ છીએ છતાંય પૌષધ કરીને શું તમે વચનભંગ થવા માગો છો ?''

સૂર્યયશાએ કહ્યું, ''રૂપાંગનાઓ ! તમને વચન આપ્યું હતું. એ ખરૂં, પરંતુ તમે કહો તો રાજપાટ સઘળું છોડી દઉં પણ હું મારો સ્વધર્મ નહિ છોડી શકું.''

''તો અમે કાલે આગમાં જીવતાં બળી મરીશું.'' છંછેડાઈને રંભા-ઉર્વશીએ કહ્યું.

સૂર્યયશા આથી મનની શાંતિ ખોઈ બેઠો. તેણે ઊંચા અવાજે કહ્યું, ''લાગે છે કે તમે કોઈ વિદ્યાધરની કન્યાઓ નથી, કોઈ ચાંડાળ કુળની પુત્રીઓ છો. નીચ કુટુંબના માણસો જ ધર્મમાં અંતરાય ઊભો કરે છે; અને હું પૌષધ કરૂં તેમાં તમારે આત્મહત્યા કરવાની શી જરૂર છે ?''

''તમે તે વચનના બદલામાં બીજું ગમે તે માગો. હું તે જરૂરથી આપીશ.''

''પ્રાણેશ ! તમારા ઉપર અમને અતૂટ સ્નેહ છે. તપસ્યાથી તમારા દેહને કોઈ કષ્ટ ન પડે તેવા શુભ હેતૂથી અમે તમને પૌષધ ન કરવા કહીએ છીએ. આથી તમારે ગુસ્સે થવાનું કોઈ કારણ નથી. અમે અભંગ સુખ માગીએ છીએ અને તમે વચનભંગ થઈ તે

સુખ ખંડિત કરો છો. અમે તો હજીએ પ્રાર્થના કરીએ છીએ કે કાલે પૌષધ કરવાનું માંડી વાળો અને અભંગ સુખ અમને આપો; અને જો તેમ ન કરી શકો તેમ હો તો જે જિનેશ્વર ભગવંત સમક્ષ તમે અમને વચન આપ્યું હતું તે જિનાલય ને તોડી નાખો કે જેથી તેને જોઈએ અમને તમારા વચનભંગની કોઈ કડવી યાદ ન આવે.''

''જિનાલયને તોડી નાંખવાનું ?'' - આ સાંભળતા જ રાજા સૂર્યયશાના હૈયે વજ્રાઘાત થયો. મૂર્ચ્છાથી તે ભોંય પર પડી ગયો. ઉપચારથી ભાનમાં આવતાં તે બોલ્યો, ''તમે સાચે જ અધમ સ્ત્રીઓ છો. મેં તમને કંચન ધારી હતી પણ તમે કથીર નીકળી. ખેર, જેવાં મારાં ભાગ્ય. પણ હવે તમે ધર્મનો લોપ ન થાય તેવું કંઈ પણ માગો, જેથી તે આપીને હું વચનભંજક ન ગણાઉં.''

''તો તમે તમારા પુત્રનું મસ્તક છેદીને અમને આપો.'' અપ્સરાઓ બોલી.

''ભદ્રે ! શા માટે બીજા કોઈની જીવહિંસા માગો છો ? જોઈએ તો તમે મારૂં જ મસ્તક લઈ લો.'' એમ કહીને સૂર્યયશા તરત જ ખડ્ગ કાઢી પોતાનું મસ્તક છેદવા લાગ્યો. પણ ત્યાં જ ખડ્ગ સ્તંભિત થઈ ગયું. રાજાએ બીજું ખડ્ગ લીધું તે પણ સ્તંભિત થઈ ગયું. આમ ઘણી વખત તેણે પોતાનું મસ્તક છેદવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં તે સફળ ન થયો.

છેવટે સૂર્યયશાની નિયમમાં દઢ અને અવિચળ શ્રદ્ધા જોઈ રંભા-ઉર્વશીએ પુષ્પવૃષ્ટિ કરી અને મૂળ સ્વરૂપે પ્રકટ થઈ બોલી, ''રાજન્ ! તમારા દઢ નિયમને ધન્ય છે ! તમારા મહિમાથી અમારૂં મિથ્યાત્વ નાશ પામ્યું છે.''

ત્યાર પછી સૂર્યયશા આરિસા ભવનમાં જ, પોતાના પિતાની જેમ, કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

સૂર્યયશાના જીવનમાંથી પ્રેરણા લઈને ભવ્ય જીવોએ પર્વના દિવસે પૌષધ કરવાનો અતૂટ નિયમ જાળવવો. તેવા નિયમપાલનથી આ લોકમાં અને પરલોકમાં સુખ મળે છે.


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી *જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક* ને હાર્દિક શુભેચ્છા

**With Best compliments From**

**વર્ધમાન કો. ઓ. બેંક લીમીટેડ**

જય લાભ કોમ્પ્લેક્ષ, ચાંદી બજાર, જામનગર.
ફોન : ૨૫૫૭૭૭૦-૭૧

* શહેરની સમૃધ્ધ-જાણીતી તંદુરસ્ત તથા આધુનીક પ્રગતી કરતી બેંક
* R.B.I. ગ્રેડ - I તથા ઓડીટ ક્લાસ ''અ'' જાળવતી બેંક
* ૧૦% થી વધારી ૧૨% ડીવીડન્ડ હવે થશે.
* Zero - N.P.A.
* તમામ પ્રકારની આધુનીક અઈ ઓન લાઇન કોમ્પ્યુટરાઇઝ બેંક
* ઓછામાં ઓછા સર્વિસ ચાર્જ તથા કમીશન-ડ્રાફ્ટ તથા બહારગામ
* વિનયી અનુભવી સીની. બેંક મેનેજર્સ સ્ટાફ
* અનુભવી બાહોશ માનદ ડીરેક્ટર બોર્ડ
* ઉત્તરોત્તર ઝડપી વ્યાજબી પ્રગતી

**ચેરમેન**
જે. કે. શાહ

**મેને. ડીરેક્ટર**
હસમુખલાલ એસ.
વીરમગામ

**વાઇસ ચેરમેન**
મહેશ એસ. મ્હેતા

**C.E.O.**
હરેશ એસ છાપિયા

# ૭૦ શીતલાચાર્ય

શીતલ એક રાજકુમાર હતો. ગુરુભગવંતની અધ્યાત્મવાણી સાંભળી તેનો સંસારભાવ ઓસરી ગયો. તેણે ગુરુ પાસે દીક્ષા અંગીકાર કરી. સાધુપણામાં શીતલમુનિએ ખૂબ જ ઉત્કટતાથી તપ અને જ્ઞાનની સાધના કરી, અનુક્રમે એ શીતલાચાર્ય બન્યા.

શીતલાચાર્યને એક સંસારી બ્હેન હતી. ગુણવતી તેનું નામ. પ્રિયંકર રાજાની તે માનીતી રાણી હતી. ગુણવતી પોતાના ચારેય પુત્રોને અવારનવાર કહેતી કે તમે બધા મામા જેવા તપસ્વી અને જ્ઞાની બનજો. ચારેય પુત્રો ઉંમરલાયક થતાં કોઈ સ્થવિર પાસે દીક્ષા લીધી. બહુશ્રુત થયા. એક દિવસ ગુરુની આજ્ઞા લઈને તેઓ ચારેય મામા મહારાજને વંદન કરવા નીકળ્યા.

મામા મહારાજ શીતલાચાર્ય જે ગામમાં હતા તે ગામના પાદરે તેઓ આવી પહોંચ્યા. રાત થવા આવી હતી એટલે તેઓ ગામની બહાર ક્યાંક રોકાયા અને શીતલાચાર્યને સંદેશો મોકલાવ્યો, 'તમારી સંસારી બ્હેનના પુત્રો દીક્ષિત થઈને આપને વંદન કરવા આવ્યા છે. પરંતુ રાત થવાથી તેમણે ગામમાં પ્રવેશ કર્યો નથી.'

આ સમાચાર સાંભળીને શીતલાચાર્યના હૈયે પ્રમોદભાવ ઉત્પન્ન થયો. એ રાતે ચારેય ભાણેજ-મુનિઓને શુભ ધ્યાન ધરતાં કેવળજ્ઞાન થયું. સવાર થઈ. સમય થઈ ગયો. છતાંય ભાણેજસાધુઓ આવ્યા નહીં, તેથી શીતલાચાર્ય પોતે જ તેમને મળવા ગયા. ભાણેજ સાધુઓએ મામા મહારાજને આવેલા જોયા પરંતુ તેમનું સ્વાગત ન કર્યું. શીતલાચાર્યે ઈરિયાવહી કરી. પછી રોષથી પૂછ્યું, 'પ્રથમ કોને વંદન કરું?'

એકે કહ્યું, 'જેવી તમારી ઈચ્છા.' આ જવાબથી શીતલાચાર્યને ખોટું લાગ્યું. મનમાં ગુસ્સો પણ આવ્યો, કે કેવા અવિનયી અને ઉદ્ધત છે આ બધા? એક તો મારો વિનય ન સાચવ્યો અને ઉપરથી કહે છે કે જેવી તમારી ઈચ્છા. એમ છતાંય તેમણે રોષથી ચારેને વંદન કર્યું. વંદનવિધિ બાદ એક કેવળી ભગવંતે શીતલાચાર્યને કહ્યું, 'તમે દ્રવ્યવંદન કર્યું છે. કષાયદંડની વૃદ્ધિથી વંદન કર્યું છે, માટે હવે ભાવથી વંદન કરો.'

શીતલાચાર્યે તરત જ કહ્યું, 'મેં દ્રવ્યવંદન કર્યું અને ભાવવંદન નથી કર્યું તે તમે શી રીતે જાણ્યું? અને મને કષાયદંડની વૃદ્ધિ થઈ છે તે તમને કેવી રીતે ખબર પડી? શું તમને કંઈ અતિશય જ્ઞાન થયું છે?' કેવળીએ 'હા' કહી. શીતલાચાર્યે પુનઃ પૂછ્યું, 'છાદ્મસ્થિક' જ્ઞાન કે કેવળ જ્ઞાન'?' કેવળીએ કહ્યું, 'સાદિ - અનંત કેવળજ્ઞાન.'

આ જાણીને આચાર્યનું અંતર પસ્તાવાથી રડી ઊઠ્યું, 'અરેરે! મેં કેવળી ભગવંતની આશાતના કરી? મેં ઘણું જ ખોટું કર્યું!' અને સંવેગ પામી ભાવ-વંદન કરતાં કરતાં કષાયદંડકથી તે પાછા ફર્યા. પછી અપૂર્વકરણ ગુણસ્થાનકમાં પ્રવેશ કર્યો. ત્યાંથી ઉત્તરોત્તર વિકાસ કરી ક્ષપક શ્રેણીએ પહોંચતાં તેમને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

શીતલાચાર્યનું દૃષ્ટાંત વાંચીને અને સમજીને અંતરના શુદ્ધ અને શુભ ભાવથી ગુરુવંદન કરવું જોઈએ, દ્રવ્યવંદન નહિ. અંતરના પરિપૂર્ણ ભાવપૂર્વક કરેલું વંદન જ ફળ આપે છે તેથી ભાવપૂર્વક જ ગુરુને વંદન કરવું.

---

૧. જતું રહે એવું જ્ઞાન

૨. કદિ ન જાય તેવું જ્ઞાન

૭૧

# मृगावती

सुरप्रिय नामक यक्ष साकेत नगर में रहता था । वहाँ के लोग उस यक्ष को खूब मानते थे । हर साल उसकी यात्रा के दिन उसके विचित्र रुप को चित्रित करते थे । वह यक्ष उस हरेक चित्रकार को मार डालता था । यदि चित्र चित्रित नहीं किया जाता तो वह यक्ष पुरे वर्ष भर लोगों का पकड़ पकड़ कर नाश करता था । इस प्रकार चित्रकारों का वध हो जाने के कारण कई चित्रकार परिवार वहाँ से भागकर दूसरे नगर में चले गये । इस दुष्ट यक्ष के डर से राजा ने अपने सैनिक को भेजकर उन चित्रकारो को वापिस बुलवाया और उन सर्व के नामों की पर्चियां एक घड़े मे डाली, और जिसका नाम आता वह यक्ष की यात्रा के दिन चित्र चित्रित करें और यक्ष उसका वध करे – ऐसा निर्णय लिया गया । इस प्रकार लम्बा काल व्यतीत हुआ ।

एक बार कोशांबी नगरी से चित्रकला सीखने के लिये किसी चित्रकार का पुत्र साकेतपुर नगरी में आया और एक चित्रकार की वृद्ध स्त्री के घर ठहरा । उसे उस वृद्ध के पुत्र से मैत्री हो गई । दैवयोग से उस वर्ष उस वृद्ध के पुत्र के नामकी ही चिट्ठी निकली, जो कि वाकई में यमराज का आमंत्रण ही मानी जाती थी । यह खबर सुनकर वृद्ध रुदन करने लगी । यह देखकर कौशांबी के युवा चित्रकार ने रुदन करने का कारण पूछा; 'तब वृद्धा ने अपने पुत्र पर आ पडी विपदा की बात कह सुनायी । वह बोला, माता ! घबराना मत, आपका पुत्र घर ही रहेगा, मैं जाकर चित्रकार भक्षक यक्ष का चित्र बनाऊंगा । ' वृद्धा ने कहा, 'वत्स ! तू भी मेरा पुत्र ही है ।' वह बोला, 'मात मैं हूँ मगर मेरा भाई स्वस्थ रहे ।' तत्पश्चात वह युवक चित्रकार ने तप करके, स्नान करके चंदन का विलेपन किया, मुख पर पवित्र वस्त्र आठ परतें करके बांधा । नई तुलिका व सुंदर रंगो से यक्ष की मूर्ति चित्रीत की । तत्पश्चात वह बालचित्रकार यक्ष की और शीश झुकाकर बोला, 'हे सूरप्रिय देव अति चतुर चित्रकार भी आपका चित्र बनाने में समर्थ नहीं है, तो मैं गरीब बालक मात्र ! उसके सामने क्या हूँ ? यद्यपि हे यक्षराज ! मैंने मेरी शक्ति से जो कुछ बनाया है, वह युक्त या अयुक्त जो भी हो उसे स्वीकार करें और कुछ भी भूलचूक हुई है तो उसके लिए मुझे क्षमा करना; कारण आप निग्रह और अनुग्रह करने में समर्थ हो ।' चित्रकार की विनय से भरी वाणी से यक्ष प्रसन्न होकर बोला, 'हे चित्रकार वर माँग ।' वह बाल चित्रकार बोला, 'हे देव ! यदि आप इस गरीब पर प्रसन्न हुए हो तो मैं एसा वरदान माँगता हूँ कि अब किसी चित्रकार को मारे नहीं । यक्ष बोला 'मैने तुझे मारा नहीं, तब से ही कीसी को भी मारना अब बंद है । परंतु हे भद्र ! तेरे स्वार्थ की सिद्धि के लिए अब दूसरा वरदान माँग ले ।' युवा चित्रकार बोला, 'हे देव ! आपने इस नगरी के महामारी हटायी, उससे ही मैं कृतार्थ हो गया हूँ ।' यक्ष विस्मित होकर बोला, ' कुमार ! परमार्थ के लिये वरदान मांगा, जिसमे मैं तुझ पर पुनः संतुष्ट हुआ हूँ । इसलीये स्वार्थ के लिये कुछ वरदान माँग ले ।' चित्रकार बोला, 'हे देव ! यदि विशेष संतुष्ट हुए हो तो मुझे एसा वरदान दो कि जिससे कोई मनुष्य, पशु या अन्य को मैं एक अंश के अनुरुप उसके पूरे स्वरुप को वास्तविक रुप से आलेखित करने की शक्ति मुझे प्राप्त हो' यक्ष ने 'तथास्तु' कहा । तत्पश्चात नगरजनो से बहुमान पाकर वह उस वृद्धा तथा अपने मित्र चीत्रकार से अनुमति लेकर शतानिक राजा से अधिष्ठित कौशांबी नगरी में आया ।

कौशांबी मे एक बार राजा लक्ष्मी से गर्वित एसी राज्यसभा में बैठा था । उस समय देश-परदेश आते जाते एक दूत को पूछा, 'हे दूत ! जो अन्य राजाओं

के पास है और मेरे पास नहीं है ऐसा क्या है वह मुझे बताओ ।' दूत बोला, 'हे राजन् ! आपके यहाँ एक चित्रसभा नहीं है ' यह सुनकर शतानिक राजा ने अपने नगर में बसे चित्रकारों को बुलवाकर एक चित्रसभा बनाने की आज्ञा दी । चित्र बनाने के लिये हरेक चित्रकार को उनकी जरुरत के अनुसार जगह बाँट दी। उस युवा चित्रकार को अंतःपुर के नज़दीक का एक भाग चित्रकाम के लिये मिला । वहाँ चित्रकार्य करते हुए एक खिड़की में से मृगावती देवी का अंगूठा उसे दिखाइ दिया । इस से 'यह मृगावती देवी होगी' - ऐसा अनुमान करके उस चित्रकार यक्षराज के वरदान से उसका स्वरुप यथार्थ रुप से आलेखित करने लगा । अंत में उसके नेत्रो का आलेखन करते समय तुलिका से मसी का एक बिंदु चित्र मे मृगावती की जांघ पर जा गिरा । तत्काल चित्रकार ने वह पोंछा । दुबारा मसी का बिंदु वहीं जा गिरा उसे भी पोंछा डाला । तत्पश्चात तीसरी बार बिंदु गिरा देखकर चित्रकार ने सोचा, जरुर इस स्त्री के उरु प्रदेश में लांछन होगा । तो यह लांछन भले ही रह, मैं अब पोछूं गा नहीं । तत्पाश्चत् उसने मृगावती का पूरा चित्र आलेखित किया । इतने में चित्रकार्य देखने के लिए राजा वहाँ आया । चित्र देखते मृगावती के चित्र मे जाँघ पर लांछन देखकर राजा एकदम क्रोधित हुआ और मन से सौचा, 'जरुर इस पापी चित्रकार ने मेरी पत्नी को भ्रष्ट की हो ऐसा लगता है, नहीं तो वस्त्र के भीतर के लांछन को वह किस प्रकार जान सका ?' ऐसा मानकर कोप करके उसका दोष बताकर उसे पकड़कर रक्षकों के स्वाधीन किया । उस समय दूसरे चित्रकार ने कहा कोई यक्ष देव के प्रभाव से एक अंश देखकर पूर्ण स्वरुप यथार्थ रुप से आलुखित कर सकता है । इसलिये इसका कोई अपराध नहीं है । 'उसके ऐसे वचन से क्षुद्र चित्तवाले राजा ने उस उत्तम चित्रकार की परीक्षा करने के लिये एक कुबडी दासी का मात्र मुख दिखाया । उस पर से चतुर चित्रकार ने उसका यथार्थ स्वरुप आलेखित कर दिखाया । यह देखकर राजा को भरोसा हुआ लेकिन ईर्ष्या हुई, जिससे क्रोध हुआ और चित्रकार के दाँये हाथ का अंगूठा उसने कटवा डाला।

उस चित्रकार ने यक्ष के पास जाकर उपवास किया । यक्ष ने उसे कहा, 'तू बाँये हस्त से भी वैसे चित्र अंकित कर पायेगा' -ऐसा वरदान दिया।

चित्रकार ने क्रोध से सोचा कि, 'शतानिक राजा ने मुझ निरपराधि की एसी दशा की, इसलिये कोइ उपाय से उसका बदला ले लूं।' ऐसा सोचकर एक पट्ट पर विश्वभूषण मृगावती देवी को अनेक आभूषणो सहित अंकित किया, तत्पश्चात् स्त्री-लंपट और प्रचण्ड ऐसे चण्डप्रद्योत राजा के पास जाकर वह मनोहर चित्र दिखाया । उसे देखकर चंडप्रद्योत बोला :'हे उत्तम चित्रकार ! तेरा चित्रकौशल्य वाकई विधाता जैसा ही है - एसा मैं मानता हूँ। एसा स्वरुप इस मनुष्यलोक में पूर्व कहीं देखने में आया नहीं है। हैं चित्रकार ! ऐसीस्त्री कहाँ है । वह मुझ सचमुच बता दे तो मैं तुरंत उसे पकड ले आऊं क्योंकि ऐसी स्त्री किसी स्थान पर हो तो वह मेरे लायक है ।' राज के ऐसे वचन सुनकर, 'अब मेरा मनोरथ पुरा होगा' - ऐसा मानकर चित्रकार ने हर्षित होकर कहा, 'हे राजा ! कौशांबी नगरी में शतानिक नामक राजा है। उसकी मृगावती नामक यह मृगाक्षी शेर जैसे पराक्रमी की पटरानी है । उसका यथार्थ रुप आलेखित करने को विश्वकर्मा भी समर्थ नहीं है। मैंने तो इसमें थोडा रुपमात्र आलेखित किया है।' चण्डप्रद्योत ने कहा, 'मृग को देखकर शेर जिस प्रकार मृगनी ग्रहण करता है उस प्रकार मैं शतानिक राजा के सामने उस मृगावती को ग्रहण को करुंगा । यद्यपि राजनीति अनुसार उसकी माँग करने के लिए प्रथम दूत भेजना ही योग्य है, जिससे मेरी आज्ञा माने तो कुछ भी अनर्थ नही होगा।' एसा विचार करके चण्डप्रद्योत ने अपने दूत को समझाकर राजा के पास भेजा । उस दूत ने शतानिक राजा के पास जाकर कहा, 'हे शतानिक राजा ! चण्डप्रद्योत राजा आपको आज्ञा देते है कि तुमने दैवयोग से मृगावती देवी को प्राप्त किया है परंतु वह स्त्रीरत्न मेरे योग्य है, तू

तो नाममात्र है; इसलिये यदि राज्य और प्राण प्यारे है तो उसे शीघ्र यहाँ भेज दे।' दूत के ऐसे वचन सूनकर शतानिक बोला, 'अरे अधम दूत ! तेरे मुख से तू ऐसे अनाचार की बात बोल रहा है परंतु जा, दुतपने के कारण आज मैं तुझे मारता नहीं हूँ, जो स्त्री मेरे आधीन है उसके लिए भी तेरे पापी राजा का ऐसा आचार है तो अपनी स्वाधीन प्रजा पर वह कैसा जुल्म करता होगा ?' इस प्रकार से कहकर शतानिक ने निर्भिकतापूर्वक दूत को तिरस्कृत करके निकाल दिया। दूत ने अवंति आकर यह बात चंम्ड प्रद्योत को कही। वह सुनकर चण्डप्रद्योत को बड़ा क्रोध चढ़ा। जिससे मर्यादारहित सैन्य लेकर कौशांबील तरफ चला। चण्डप्रद्योत को आता सुनकर शतानिक राजा क्षोभ व अतिसार पीड़ीत हो जाने के कारण तत्काल मृत्यु पा गया।

देवी मृगावती ने सोचा, 'मेरे पति तो मृत्यु पा गये।' उदयनकुमार अभी बालक है। 'बलवान को अनुसरना' ऐसी नीति है। परंतु स्त्रीलंपट राजा के सम्बन्ध में ऐसा करने से मुझे कलंक लगेगा, सो उसके साथ कपट करना ही योग्य है, इस कारण अब तो यहीं रहकर अनुकूल संदेशा भेजकर उसे लालायीत करके योग्य समय आये तब तक काल निर्गमन कर लूं। ऐसा विचार करके मृगावती ने एक दूत को समझाकर चण्डप्रद्योत के पास भेजा। वह दूत छावनी में रहे चण्डप्रद्योत के पास जाकर बोला, 'देवी मृगावती ने कहलवाया है कि मेरे पति शतानिक राजा स्वर्ग पधारे हैं, अब मुझे आपकी शरण है, परंतु मेरा पुत्र अभी बलरहित बालक है, इसलिये यदि मै अभी उसे छोड दूँ तो पिता की विपत्ती से हुए उग्र शोकावेग की तरह शत्रु राजा भी उसका पराभव करेंगे। मृगावती की ऐसी बिनती सुनकर चण्डप्रद्योत बड़ा हर्ष पाया और बोला, 'मै रक्षक, फिर भी मृगावती के पुत्र का परभव करने के लिये कौन समर्थ है?' दूत बोला, 'देवी ने ऐसा भी कहा है कि प्रद्योत राजा स्वामी, तो मेरे पुत्र का पराभव करने के लिए कौन समर्थ है?' पर आप पुज्य राजा तो बडे दूर रहते हो तो और शत्रु राजा तो निकट रहनेवाले है, इससे 'सर्प तकिये पर और औषधियाँ हिमालय पर' - ऐसा है तो यहाँ का हित चाहते तो उज्जयनी नगरी से इटे लाकर कौशांबी के चारोंओर मजबूत किल्ला बनवा दे।' गरजवान को अक्ल नहीं होती है, जिससे चण्डप्रद्योत ने वैसा करना स्वीकार कीया और कुछ समय में कौशांबी के चारोंओर मजबूत किल्ला बनवा दिया। तत्पश्चात मृगावती ने फिर से दूत भेजा और कहलवाया, 'हे प्रद्योत राजा ! आप धन, धान्य और ईंधन आदि से कौशांबी नगरी को भरपूर कर दो।' चण्डप्रद्योत ने वह कार्य भी शीघ्र करा दिया; 'आशा-पाश' से बंधा पुरुष क्या नहीं करता ? बुद्धिमान मृगावती ने जाना कि' अब नगरी विरोध करने योग्य है' जिससे उसने दरवाजे बंद किये और किल्ले पर सैनिको को चढवाया। चण्डप्रद्योत राजा फल से भ्रष्ट हुए कपि की तरह अत्यंत बिलग्न कर नगरी को घेरा डालकर पडा रहा।

एक बार मृगावती को वैराग्य हुआ, 'जहाँ तक श्री वीरप्रभु विचर रहे हैं, वहाँ तक मैं उनसे दीक्षा लूँ' उसका ऐसा संकल्प ज्ञान से जानकर श्री वीरप्रभु सुर-असुर के परिवार के साथ वहाँ पधारे। प्रभु के बाहर पधारने का सुनकर, मृगावती पुर्व के द्वार खोलकर निर्भिकता से बड़ी समृद्धि के साथे प्रभु के पास पधारी। प्रभु को वन्दना करके योग्य स्थान पर बैठी। चण्डप्रद्योत भी प्रभु का भक्त था वह आकर बैर छोड़कर बैठा और सब वीर प्रभु की देशना सुनने लगे।

'यहाँ सर्वज्ञ पधारे है'- ऐसा जानकर एक धनुष्यधारी प्रभु के पास आया और नजदीक खड़ा रहकर प्रभु को मन से ही अपना संशय पूछा। प्रभु बोले 'अरे भद्र ! तेरा संशय वचन द्वारा कह बता कि जिससे अन्य भव्य प्राणी प्रतिबोध पाये।' प्रभु ने इस प्रकार कहा तो भी वह लज्जावश होकर स्पष्ट बोलने के लिये समर्थ था जिससे वह थोडे अक्षरों मे बोला, 'हे स्वामी ! यासा, सासा।' प्रभु ने भी छोटा ही उत्तर दिया, 'एव मेव

।' यह सुनकर गौतम स्वामी ने पूछा, 'हे भगवंत ! 'यासा,सास्रा ' इस वचन का क्या अर्थ है?'

प्रभु बोले, 'इस भरत क्षेत्र की चम्पानगरी में पूर्व एक स्त्रीलंपट सुवर्णकार था। वह पृथ्वी पर घुमता था और जो जो रुपवती कन्याएँ देखता उन्हें पांचसौं पांचसौं सुवर्णमुद्राएँ देकर उनसे ब्याह करता था। इसी प्रकार क्रमानुसार वह पांचसौं स्त्रीयों से ब्याह और प्रत्येक स्त्री को उसने सर्व अंगो के आभूषण करा दिये थे जिससे बाद में जिस स्त्री की बारी आती तब वह स्त्री - स्नान , अंगराग वगैरह करके सर्व आभूषण पहिनकर उसके साथ क्रीडा करने के लिये सज्ज बनती थी। उसके सिवा दूसरी कोई भी स्त्री अपने भेष में कुछ भी परिवर्तन करती तो उसका तिरस्कार करके मार-पीट करता था। अपनी स्त्रियों की अति इर्ष्यालुता से उनके रक्षण में ' तत्पर वह सोनी नजरकैद की भाँति - कदापि गृहद्वार छोड़ता नहिं था। और स्वजनों को भी अपने घर बुलाता नहीं था तथा स्त्रियों से अविश्वास के कारण वह स्वयं भी अन्य के घर भोजन के लिए न जा पाता था।

एक बार उसकी जाने कि चाह नही थी फिर भी उसका कोइ प्रिय मित्र अत्याग्रह करके अपने घर भोजन करने ले गया, क्योंकि वही मैत्री का आद्यलक्षण है। सोनी के बाहर जाने पर सब स्त्रियों ने सोचा कि 'हमारे घर, हमारे यौवन और हमारे जीवन को धिक्कार है कि जिसमें हम यहाँ कारागृह की भाँति बंदिवान होकर रहती हैं। हमारा पापी पति यमदूत की भाँति कदापि बाहर जाता नहीं है तो परंतु आज वह कहीं गया हैं, इसलिये ठीक हुआ है, चलो आज तो हम थोडी देर जो जी मैं आये वैसा करे।' ऐसा सोचकर सर्व स्त्रियों ने स्नान करकें, अंगरांग लगाकर उत्तम पुष्पमाला आदि धारण करके सुशोभित वेष धारण किया। तत्पश्चात दर्पण लेकर वे सब अपना अपना रुप निहार रही थी, उतनें मे सोनी आया और यह सब देखकर बड़ा क्रोधित हुआ। उनमें से एक स्त्री को पकड़कर उसने ऐसा पीटा कि हाथी के पैर नीचे रौंदी गई कमलिनी की भाँति उसकी तत्काल मृत्यु हो गई। यह देखकर दूसरी स्त्रियों ने सोचा कि 'इस तरह हमें भी वह दुष्ट मार डालेगा, इसलीये हम इकट्ठी होकर उसे ही मार डाले। ऐसे सोचकर उन सब निःशंक होकर चारसौ निन्यानवें दर्पण उस पर फेंके। सोनी तत्काल मृत्यु पा गया। इसके बाद सर्व स्त्रियाँ पश्चाताप करती हुई चितावत गृह को जलाकर भीतर ही रहकर जल मरी। पश्चाताप के योग से अकाम निर्जरा होने से वे चारसौं निन्यानवें स्त्रियाँ मृत्यु पाकर पुरुषरुप में उत्पन्न हुई। दुर्दैव योग से वे सब इकट्ठी मिलकर कोई अरण्य में किल्ला बनाकर रहते और चोरी करने का धंधा करने लगे थे। वह सोनी मृत्यु पाकर तिर्यंच गति में उत्पन्न हुआ। उसकी एक पत्नि जिसने प्रथम मृत्यु पाई थी वह भी तिर्यंच में उत्पन्न हुई और दुसरे भव में ब्राह्मण' कुल में पुत्र के रुप में उत्पन्न हुई। उसकी पाँच वर्ष की आयु होते ही वह सोनी भी ब्राह्मण के घर कन्या के रुप में अवतरित हुआ।

बड़ा भाई अपनी बहिन का ठीक तरह से पालन करता था तथापि अति दुष्टता से वह रोया करती थी। एक बार वर द्वीज पुत्र ने उसके उदर को सहलाते हुए अचानक उसके गुह्यस्थान पर स्पर्श किया, तो वह रोती बंद हो गयी। जिससे उसके रुदन को बंद करने का उपाय समझकर जब जब वह रोती तब उसके गुह्य स्थान का स्पर्श करता तो वह रोना बंद कर देती थी। एक बार उसके मातापिता ने उसे ऐसा करते हुए देख लिया सो क्रोध करके निकाल दिया। तब वह गिर की कोई गुफा में चला गया। कालानुसार वह जहाँ चारसौ निन्यावे चोर रहते थे वहाँ पहुँच गया और उनके साथ धंधे में शामिल हो गया।

उसकी बहिन जो द्विज घर में बड़ी हो रही थी, युवावस्था में पहुँचते ही कुलटा बनी। स्वैच्छा से घुमती हुई एक गाँव में पहुँची। वहाँ चोरो ने गाँव को लूंटा और उस कुलटा को पकड़कर सबकी स्त्री के रुप में रख ली। कुछ ही दिन में चोरो को हुआ कि 'यह बिचारी अकेली है, हम सब के साथ भोग विलास करने के जरुर थोडे समय में मृत्यु

पायेगी इसलिए कोई अन्य स्त्री ले आये तो ठीक।' ऐसे विचार से वे एक अन्य स्त्री को पकड लाये। तब वह कुलटा स्त्री इर्ष्या से उसके छिद्र ढूंढने लगी और उसे अपना हिस्सेदार मानने लगी। एक बार सब चोर कोई ठिकाने चोरी करने गये थे, उस समय छल करके वह कुलटा स्त्री कुछ नया दिखाने के बहाने एक कुएँ के पास उस स्त्री को ले गयी और कुंए में देखने के लिए कहा। सरल स्त्री कुँए में देखने लगी तो उसे धक्का मारकर कुंए में गिरा दिया फ चोरों ने आकर पूछा कि 'वह स्त्री कहाँ है?' तबै उसने कहा, 'मुझे क्या खबर ? तुम तम्हारी पत्नि की क्यो देखभाल नहीं करते ? ' चोर समझ गये कि जरुर उस बेचारी को इसने इर्षा से मार डाला है।' जो ब्राह्मण चोर बना था उसने सोचा कि दु:शील के बारे में पूछने कि लज्जा आने से प्रथम मन से पूछा, बाद में मैंने कहा, वाणी से पूछा- इसलीये उसने 'यासा सासा' ऐसे अक्षरों से पूछा कि क्या वह स्त्री मेरी बहिन है ? उसका उत्तर हमने 'एव मेव' कहकर बता दिया, 'वह उसकी बहिन है।' इस प्रकार रागद्धेषादिक से मूढ बने प्राणी इस संसार में भवोभव भटकते है और विविध दु:ख भुगतते है।

इस प्रकार सर्व हकीकत सुनकर वह ब्राह्मण पुरुष परम संवेग पाकर प्रभु से दीक्षा अंगीकार करके वापिस पल्ली में आया और चारसों निन्यानवें को प्रतिबोधित करके सबको व्रत ग्रहण कराया।

योग्य समय पर मृगावती ने उठ कर प्रभु को शीश झुकाते हुए कहा कि 'चण्डप्रद्योत राजा की आज्ञा पाकर मैं दीक्षा लूंगी।' तत्पश्चात् चण्डप्रद्योत के पास आकर कहा कि 'यदि आपकी संमति हो तो मैं दीक्षा लूं क्योंकि मै इस संसार से उद्धेगित हुई और मेरा पुत्र भी आपको सौंप ही दीया है।' यह सुनकर प्रभु के प्रभाव से प्रद्योत राजा का वैर शांत हो गया सो उसने मृगावती के पुत्र उदयन को कौशांबीनगरी का राजा बनाया और मृगावती को दीक्षा लेने की आज्ञा दी। तत्पश्चात् मृगावती ने प्रभु से दीक्षा ली। उसके साथ अंगारवती वगैरह राजा की आठ स्त्रियों ने भी दीक्षा ली। प्रभु ने कइयों को शिक्षा देकर उन्हें चंदना साध्वी को सौंप दिया। उन्होंने साध्वीजी चन्दनबाला की सेवा करके सर्व जानकारी पाली।

भव्यजनो को प्रतिबोध करते हुए श्री वीर भगवंत फिर से कौशांबी नगरी में पधारे दिन के आखिर प्रहर पर चन्द्र, सुर्य शाश्वत विमान में बैठकर प्रभु को वंदना करके आये, उनके तेज से आकाश में उद्योत हुआ देखकर लोग कौतुक से वही बैठे रहे। रात्रि जानकर अपने उठने का समय जानकर चंदना साध्वी अपने परिवार के साथ वीर प्रभु को वन्दना करके उपाश्रय पहुँच गयी, लेकीन मृगावती सूर्य के उद्योत के तेज के कारण दिन के भ्रम से रात्रि हुई जानी नहीं। इससे वह वहाँ ही बैठी रही। तत्पश्चात् जब सूर्य-चन्द्र चले गये तब मृगावती 'रात्रि हो गई' जानकर कालातिक्रमण के भय से चकित होकर उपाश्रय पर आयी। चन्दना ने उसको कहा, 'अरे। मृगावती। तेरे जैसी कुलीन स्त्री को रात्रि में अकेला रहना शोभा देता है?' ये वचन सूनकर मृगावती चन्दना से बार बार क्षमापना करने लगी इस प्रकार शुभ भाव से घाती कर्मों के क्षय से मृगावती को केवलज्ञान उत्पन्न हुआ। उस समय निद्रावश बनी हुई चन्दना के समीप से एक सर्प जा रहा था। उसे केवलज्ञान की शक्ति से देखकर मृगावती ने उनका हाथ संथारे पर से उठा लिया, इससे चन्दना ने जागकर पूछा कि 'मेरा हाथ तूने क्यों उठाया?' मृगावती बोली, 'यहाँ से एक बड़ा सर्प जा रहा था।' चन्दना ने पूछा, 'अरे मृगावती। ऐसे अंधेरे में तूने सर्प को किस प्रकार देखा ? उसका मुझे आश्चर्य होता है।'' ' मृगावती बोली, 'हे भगतवी सती। मुझे उत्पन्न हुए केवलज्ञान चक्षु से उसको मैंने देखा। यह सुनकर वह बोल उठी: ' अरे केवली की आशातना करनेवाली एसेमें - मुझे धिक्कार है!' इस प्रकार अपनी आत्मा की निंदा करने से चंदना को भी केवलज्ञान हुआ

# ७२ श्री शुभंकर

पृथ्वीपुर नामक नगर में शुभंकर नामक एक ब्राह्मण रहता था । उसको धर्म का मर्म जाननेवाली जैनमति – गुणवंती नामक भार्या थी । वह विद्याभ्यास करने के लिये परदेश गया । वहाँ उसने चार वेद, अठ्ठाराह पुराण, व्याकरण, अलंकार, न्याय, साहित्य, कोश वगैरह कई शास्त्रों का अभ्यास किया । तत्पश्चात् स्थान स्थान पर अनेक विद्वानों को वाद-विवाद में जीतकर जय पाता हुआ अपने घर लौटा । वहाँ भी वह अपने शास्त्रज्ञान का आडम्बर सब लोगों को दिखाने लगा । वह देखकर उसकी जैन धर्मी भार्या ने सोचा कि 'यह मेरा पति एकांतिक शास्त्र पढ़ा है, परंतु स्याद्वाद मार्ग को नहीं जाननेवाला मनुष्य वस्तु का यथायोग्य विवेचन जानता नहीं है, इसलिये मै उसको कुछ पूछुं ।' ऐसा निर्णय करके अपने पति को पूछा, 'हे स्वामी ! सर्व पाप का बाप कौन ?' ब्राह्मण ने कह , 'हे प्रिया ! मैं शास्त्र में देखकर बताऊंगा ।' इसके बाद जितने शास्त्र का अभ्यास किया था वे सब उसने देखे मगर उसमें से पाप का बाप कहाँ भी निकला नहीं । इससे खेद पाकर उसने स्त्री को कहा, 'हे प्रिया ! तेरे प्रश्न काउत्तर तो किसी शास्त्र में से निकलता नहीं है परंतु तूने यह प्रश्न सुना कहाँ से ?' वह बोली, 'रास्ते जाते हुए कोई जैन मुनि के मुख से सुना था कि 'सर्व पापो का एक पिता है' सो मैं आपको उसका नाम पृछती हूँ ।' विप्र बोला, 'मैं साधु के पास जाकर पूछ आऊं ।' बाद में वह विप्र जैन साधू के पास जाकर बैठा और संस्कृत भाषा में कई प्रश्न किये; उसके यथोचित उत्तर सुनकर वह बड़ा खुश हुआ । तत्पश्चात् उसने पूछा, 'हे स्वामी ! पाप के बाप का नाम कहो ।' गुरु ने कहा, 'संध्या समय पर आप यहाँ आना, उस समय मैं उसका नाम कहूंगा ।' ब्राह्मण अपने घर लौटा ।

गुरु ने सोचा, 'इस ब्राह्मण को प्रतिबोध कराने के लिये जरुर इसकी भार्या ने भेजा लगता है, इसलिये कोई भी उपाय से उसे प्रतिबोधित करुं'। यों सोचकर एक श्रद्धालु श्रावक को गुरु ने कहा, 'अपने घर से दो अमुल्य रत्न लाकर मुझे दीजिये, एक व्यक्ति के प्रतिबोधित करने के लिये जरुरत है और दूसरा कोई चाण्डाल से एक गधे का मूर्दा उठवाकर इस उपाश्रय से सो गज की दुरी पर एकांत जगह रखवा दे ।' श्रावक ने दोनों कार्य शीघ्र कर दिये । संध्या समय होते ही वह ब्राह्मण गुरु के पास आया । गुरु ने उसे एकांत में कहा, 'हमारा एक कार्य करना कबूल करे तो वह एक रत्न दूं और कार्य समाप्त करने के बाद दूसरा रत्न भी दूंगा। ' ब्राह्मण ने रत्न देखकर हर्ष से कहा, 'हे पूज्य ! काम बताइये ।' गुरु ने कहा, 'इस उपाश्रय के नज़दीक एक गधे का शव पडा हुआ है जिसके पड़े होने के कारण हमें हमारे स्वाध्याय वगैरह धर्म कार्य में विघ्न होता हैं, अर्थात हम कर सकते नहीं है, इसलिये तू उसे उठाकर गाँव बाहर फेंक आ' ब्राह्मण ने सोचा, 'इस समय अंधेरा हो चूका है जिससे मुझ वेदपारगामी को कौन पहचान सकेगा ? ' इसलिये स्वार्थ साध लूं ।' ऐसा सोचकर चाण्डाल जैसा भेष बनाकर वह शव कंधे पर चढ़ाकर यज्ञोपवित छुपाकर उसे गाँव बाहर फेंक आया । तत्पाश्चात स्नान करकें जल्दी से गुरु के पास आया और कहा, 'हु स्वामी ! आपका कार्य कर आया ! इसलिये आपका वचन आप पालो और दूसरा रत्न दे दों' गुरुजी ने दूसरा रत्न भी उसे दिया । तत्पश्चात ब्राह्मण ने सूरि को अपने प्रश्न का उत्तर पूछा, तब गुरु ने कहा, 'क्या अब भी तू तेरे प्रश्न का उत्तर नहीं समझ पाया हैं ?' यह सूनकर लघुकर्मी और सुलभ बीधि होने तथा

*अनेक शास्त्रों का ज्ञाता होने से अच्छी तरह सोच-विचार करन से उसकी समझ में आया, अहो ! मै ब्राह्मण ! जिसका अर्थ' ब्रह्मवत्त जानकार' होता हैं, तथा गायत्री का जप करनेवाला फिर लोभवश ऐसी निंदनीय दशा पाया । धर्मशास्त्रो में कहा है कि' अत्यंत पापकर्म को उत्पन्न करनेवाला पाप का बाप यदि लोभ होवे तो अन्य पाप से क्या ? यदि सत्य हो तो तप की क्या जरुरत है ? यदि मन पवित्र होवें तो तीर्थ में घुमने से विशेष क्या ? यदि सुजनता हो तो आप्त मनुष्य का क्या काम है ? यदि महिमा हो तो अलंकार पहनने से क्या विशेषता है ? यदि अच्छी विद्या होवे तो धन की क्या जरुरत ? और यदि अपयश हो तो फिर मृत्यु से बढ़कर क्या हैं ? अथवा अपयश ही मृत्यु है ।'*

*ऐसा विचार करके वह ब्राह्मण अपने घर जाकर अपनी स्त्री को कहने लगा, 'हे प्रिया ! जैन साधू ने मुझे अच्छा बोध प्राप्त करवाया । लोभ पाप का बाप है - यह मुझे समझ में आया । जैन धर्म सर्व धर्म में उत्तम और लोकोत्तर है। मात्र एक लोभ नहीं जीतने पाने से सर्व धर्मकृत्य व्यर्थ हे ।' लोभी मनुष्य सर्व प्रकार के पाप करता है ।' बाद में वह ब्राह्मण गुरु के पास आया और गुरु को कहा, 'हे स्वामी ! आपकी कृपा से मुझे ज्ञान, दर्शन और चारित्ररुपी तीन रत्न प्राप्त हुए हैं' इत्यादि गुरु की प्रशंसा करके उनका अत्यंत उपकार माना ।*

*इस बात का तात्पर्य यह है कि 'लोभ का नाश करने जैसा अन्य कोई धर्म नहीं है लोभ के वश होने जैसा अन्य कोई पाप नहीं है ।'*

❀ ❀ ❀

THE COMMERCIAL CO-OPERATIVE BANK LTD. JAMNAGAR

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી *જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક*ને હાર્દિક શુભેચ્છા

# ધી કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લિમીટેડ - જામનગર

રજીસ્ટર્ડ / એડમીનીસ્ટ્રેટીવ ઓફીસ,
૬ ઠે માળે, અંજારિયા ચેમ્બર્સ, કે. વી. રોડ, જામનગર - ૩૬૧ ૦૦૧.

**બેંકની નાણાંકીય સ્થિતિ**
**તા. ૩૦-૬-૨૦૦૮, (રકમ રૂ. લાખમાં)**

| | | | |
|---|---|---|---|
| શેર ભંડોળ | ૧૬૮.૪૪ | ધિરાણો | ૩૭૭૮.૪૪ |
| રિઝર્વ ફંડ | ૨૩૦૨.૮૯ | થાપણો | ૯૪૦૯.૧૯ |
| રોકાણો | ૭૫૪૨.૯૩ | ચોખ્ખો નફો | ૧૨૫.૦૮ |
| ઓડીટ વર્ગ -અ | | (તા. ૩૧-૦૩-૨૦૦૮) | |

અન્ય જવાબદારીઓ........................................NIL
NET N.P.A.........................................................NIL
શાખાઓની સંખ્યા.............................................સાત

**બેંકની વિવિધ ધિરાણ યોજનાઓ**

| | |
|---|---|
| હાઈપોથીકેશન અથવા પ્લેજ | રૂ. ૬૦.૦૦ લાખ |
| માર્ગ અને જળ પરિવહન સાધનો માટે | રૂ. ૨૦.૦૦ લાખ |
| ઔદ્યોગિક શેડ બાંધકામ માટે | રૂ. ૧૫.૦૦ લાખ |
| નવી મશીનરી ખરીદવા માટે | રૂ. ૨૦.૦૦ લાખ |
| ઘર/ફ્લેટ ખરીદવા માટ | રૂ. ૨૫.૦૦ લાખ |
| બિલ્સ પરચેઈઝડ | રૂ. ૦૮.૦૦ લાખ |
| એજ્યુકેશન લોન | રૂ. ૦૫.૦૦ લાખ |
| સોના પર ધિરાણ | રૂ. ૦૧.૦૦ લાખ |
| એન.એસ.સી. સામે ધિરાણ | |
| કે.વિ.પી. સામે ધિરાણે | |

૭૩

# शियलवती

जंबूद्वीप के नंदन नामक नगर में रत्नाकर नामक एक श्रेष्ठी रहता था । उसको पुत्र न था । इस कारण उसने अजितनाथ भगवंत की शासनदेवी अजितबाला की आराधना की, जिससे अजितसेन नामक पुत्र हुआ । वह बड़ा होकर शियलवती नामक स्त्री से ब्याह किया। शियलवती ने शकुन शास्त्रादि का अभ्यास किया था । शकुन शास्त्र अनुसार व्यापार करने से अनेक प्रकार से द्रव्य बढ़ता जाता था जिससे वह घर की विशेष चहेती और अधिष्ठात्री बन चुकी थी । उसका स्वामी अजितसेन बुद्धि बल से राजा का मंत्री बना था ।

एक बार सरहद के राजा पर चढाई करने जा रहे थे तब अजितसेन को साथ चलने की आज्ञा दी। मंत्री ने शियलवती को पूछा, 'प्रिया ! मुझे राजा के साथ जाना पड़ेगा, तू अकेली घर कैसे रह सकेगी ?' कारण स्त्रि का शील तो पुरुष समीप रहने से ही रहता है । जो स्त्री प्रोषितभर्तूका (जिसका पति परदेश गया हो ऐसी) हो तो वह उन्मत्त गजेन्द्र के समान कई बार स्वेच्छा से क्रिडा करती है ।' पति के ऐसे वचन सूनकर नेत्र में अश्रु लाकर शियलवती ने शील की परीक्षा बतानेवाली एक पुष्प की माला स्वहस्त से गूंथ कर पति के कण्ठ में आरोपित की और बोली, 'हे स्वामी ! जब तक यह माला मुरझायेगी नहीं तब तक मेरा शील अखण्ड है ऐसा मानना ।' तत्पश्चात मंत्री निश्चीत होकर राजा के साथ बहारगाँव गया ।

थोडे दिनों के बाद राजा ने मंत्री के कण्ठ में न मुरझाती हुई माला को देखकर उसके बारे में अपने आदमियों को पूछा, तब उसकी स्त्री के सतीत्व का वर्णन किया । बाद में कौतुकवश राजा ने राजसभा के बीच परस्पर हास्यवार्ता करनेवाले मंत्रियो को कहा, 'हमारे अजितसेन मंत्री की पत्नी का सतीत्व वाकई बहुत बढिया है ।' यह सुनकर अन्य एक अशोक मंत्री बोल उठा, 'महाराजा ! उनको इनकी स्त्री ने भरमाया है । स्त्रियों में सतीत्व है ही नहीं । कहा है कि एकांत या समय मिले नहीं तब तक ही स्त्री का सतीपना है । इसलिये यदि परीक्षा करनी हो तो मुझे वहाँ भेजो ।' अशोक नामर हँसी उडानेवाले मंत्री को आधा लाख द्रव्य देकर राजा ने शियलवती के पास भेजा ।

अशोक उज्जवल भेष धारण करके नगर में गया । वहाँ कोई मालन स्त्री को मिलकर कहा, 'तू शियलवती के पास जाकर कह कि कई सौभाग्यवान पुरुष तुमसे मिलने की इच्छा रखता है ।' मालन ने कहा, 'इसके लिए द्रव्य अधिक चाहिये क्योंकि धन ही मनुष्य का वशीकरण है ।'अशोक ने कहा, 'यदि कार्य सिद्ध हो जायेगा तो अर्ध लक्ष द्रव्य दूंगा ।' इससे मालन संतुष्ट होकर शियलवती के पास गई और शियलवती को सब वृतांत बताया । शियलवती ने मन से सोचा, 'परस्त्री के शील का खण्डन करने की इच्छा रखनेवाला यह पुरुष अपने पाप का फल भोगे ।' ऐसा मानकर उसने मालन की बात स्वीकार कर ली और मालन से अर्धलक्ष द्रव्य माँगा । मालन ने वह देना स्वीकार किया । इसलिये मिलने का दिन तय किया । तत्पश्चात शियलवती ने अपनी बुद्धि से विचार करके घरके एक कमरे में कुंए जितना गहरा खड्डा खुदवाया । उसके उपर निव बिना की चारपाई रखकर उपर चादर बांधकर ढिला रखा । मिलने का समय होते ही अशोक मंत्री अपनी आत्मा को कृतार्थ मानकर अर्धलक्ष्य द्रव्य लेकर वहाँ आया । पूर्व से सिखाई हुई दासी ने कहा, 'लाया हुआ द्रव्य मुझे दीजीये और अन्दर चारपाई पर जाकर बैठो ।' अशोक अर्ध लक्ष्य द्रव्य देकर जल्दी अंधेरे कमरे में जाकर चारपाई पर जाकर बैठा, संसार में बहुकर्मी प्राणी गिरती हैं उस प्रकार तुरंत ही खड्डे में गिरा ।

खड्डे में पड़ा अशोक जब क्षुधातुर होता तब उपर से शियलवती खप्पर पात्र में अन्नपानी देती थी और इस प्रकार

बहुत दिन रहने से अशोक में से 'अ' निकल गया और मंत्री शोक रूप बन गया।

एक माह बीतने पर भी अशोक मंत्री वापिस न लौटा तो कामांकुर नामक दूसरा मंत्री वैसी ही प्रतिज्ञा लेकर आया। शियलवती ने उसके पास से भी अर्धलक्ष्य द्रव्य लेकर उसी खड्डे मे डाल दिया। तत्पश्चात एक माह बाद ललितांग नामक एक तीसरा मंत्री आया। उससे भी अर्ध लाख द्रव्य लेकर उसी खड्डे में डाल दिया। चौथे माह रतिकेली नामक एक मंत्री आया, उसको भी सबके भांति लक्ष द्रव्य लेकर एक खड्डे में डाला। इस प्रकार चारों मंत्री चतुर्गतिरुप संसार दुःख का अनुभव करने लगे।

कालक्रमानुसार राजा शत्रु पर विजय पाकर वापिस लौटा और बड़े उत्सव के साथ उसने नगरप्रवेश किया। उस समय उन मंत्रियो ने शियलवंती को कहा, 'हे स्वामीनी! हमने आपका माहात्म्य देखा, हमारे कृत्य का फल भी भोगा, अब हमें बाहर निकालो।'

शियलवती ने कहा, 'जब मैं भवतु (हो)' कहूँ तब आपको 'भवतु' कहना पड़ेगा। मंत्रियों ने वह स्वीकृत किया। तत्पश्चात् शियलवती ने अपने पति को कहकर राजा को भोजन का आमंत्रण दिया। अगले दिन सर्व भोजनसामग्री तैयार करके खड्डेवाले कमरे में रखी। राजा के भोजन करने आने के दिन रसोईघर में अग्नि भी जलाया नहीं और जल के स्थान पर जल भी रखा नहीं। और कोई भी भोजन करने पधारे तब उसने कोई भोजन सामग्री देखीनहीं, उससे आश्चर्य पाकर वह बैठा। शियलवती स्नान करके कमरे में जाकर पुष्पमाला हाथ में रखकर धूप-दीप करके बैठी और बोली, 'राजा भोजन करने आये है इसलिये नाना प्रकार के पकवान भवतु (हो जाये)।' ऐसा बोलने पर चारों मंत्रियो ने उच्च स्वर में कहा, 'भवतु।' तत्पश्चात मोदक वगैरह सामग्री उस कमरे में से बाहर लाई गयी। फिर घृत, सब्जी वगैरह के लिए भी वैसा ही कहा और हरेक बार भवतु शब्द कहा। इस प्रकार राजा का भोजन पूर्ण हुआ। बाद में तांबुल वगैरह देकर मंत्री अजितसेन राजा के चरणों में गिरा। राजा ने मंत्री को पूछा: 'इस प्रकार रसोई कैसे तैयार हो गयी? मंत्री ने कहा, उस कमरे में मुझे प्रसन्न हुए चार यक्ष हैं - वह देते है।' राजा ने कहा, वे हमें देदो, क्योंकि हमें नगर के बाहर जाना पड़ता है तब वहाँ भोजन माँगे तो वचन मात्र में हो जाये।' राजा के आग्रह से मंत्री ने उन्हें देना स्वीकृत किया।

तत्पश्चात राजा से छिपाकर गुप्त ढंग से चारों को खड्डे में से निकालकर एक बड़े टोकर में बंद करके अच्छे वस्त्रों से ढककर राजा को अर्पण करते हुए कहा 'इस यक्ष का स्वरूप किसीको दिखाना नहीं। राजा ने टोकरे को रथ में छोड़कर स्वयं पैदल चलकर रास्ते में पवित्र जल छिड़कवाते हुए दरबार में लाया। अंतपुर की स्त्रियाँ पीछे पीछे चलती हुई यक्ष के गुण गाने लगी। इस प्रकार उन्हें दरबार में लाकर एक पवित्र स्थान पर रखवाये और प्रातः होते ही भोजन के समय बड़ी पवित्रता से राज ने पूजा की। राजा ने विज्ञप्ति की, हे स्वामी! पकवान तथा दाल-चावल दीजिये।' इसलिये उन चारों ने 'भवतु' कहा लेकिन कुछ हुआ नहीं। इस कारण राजा ने टोकरा खोला तो उसमे पिशाच के समान चार मनुष्य देखने में आये। दाढी, कुछ मूछ व सिर के केश बढ़ गये थे। मुख गल गये थे। क्षुधा से कृश हो गये थे और नेत्र गहरे धँस गये थे। राजा ने उनको पहचाना तो हँसमुखे मंत्री कौए की तरह उपहास के पात्र बने। राजा ने हकीकत पूछी तो उन्होंने सर्व वृंतात बताया। इससे राजा आश्चर्यचकित होकर मस्तिष्क हिलाने लगा। शियलवती का शील, उसकी बुद्धि का प्रकाश और पुष्पमाला मुरझायी नहीं इसका कारण राजा की समझ में आया। इस कारण शियलवती की प्रतिष्ठा लोगों मे बढ़ गई। तत्पश्चात वे दम्पती क्रमानुसार दीक्षा लेकर मृत्यु पाकर पाँचवें देवलोक में गये और क्रमानुसार मोक्ष भी प्राप्त करेंगे।

## ७४ श्री भोगसार

कांपिल्यपुर में भोगसार नामक बारह व्रत को धारण करनेवाला श्रावक रहता था । उसने श्री शांतिनाथ भगवान का प्रासाद बनवाया था । वहाँ वह हंमेशा किसी भी प्रकारकी लालसा बगैर भगवान की तीन काल की पूजा करता था । एक बार उसकी स्त्री का आयुष्य पूर्ण हो जाने से मृत्यु हो गइ । तब ' स्त्री के बिना घर का निर्वाह चलेगा नहीं' ऐसा मानकर उसने दूसरी स्त्री से ब्याह किया । वह स्त्री स्वभाव से अति चपल थी इस कारण उसने गुप्त ढंग से धन इकट्ठा करने लगी और अपनी इच्छानुसार खाने-पीने लगी । क्रमानुसार श्रेष्ठी का सर्व धन खत्म हो गया इससे वह दूसरे गाँव में रहने गया । परंतु दोनों प्रकार की जिनपूजा (द्रव्य पूजा तथा भाव पूजा) वह भूलता न था । उसमें भी वह भावपूजा तो हंमेशा त्रिकाल करता ।

एक बार उसकी स्त्री तथा अन्य कोई लोगों ने उसे कहा 'हे श्रेष्ठि ! निग्रह या अनुग्रह के फल को न देनेवाले वीतराग देव को आप क्यों भजते हो ? उसकी भक्ति करने से उलटा आपको प्रत्यक्ष दारिद्र प्राप्त हुआ । इसलिये हनुमान, गणपति, चण्डिका, क्षेत्रपाल वगैरह प्रत्यक्ष देवों की सेवा करो जिससे वे प्रसन्न होकर तत्काल मन चाहा फल दे ।'

इस प्रकार की सुनते ही श्रेष्ठिनै विचार किया, 'अहो ! ये लोग परमार्थ से अनजान है और मोहरूपी मदिरा का पान किया होने के कारण ज्यों त्यों बोल रहे है । पूर्व जन्म में न्यून पुण्य के फल भोगने की स्पृहा करते है । यह सर्व मिथ्यात्व की मूढ़ता की चेष्टा है । यहाँ हनुमान, गणेश वगैरह देव क्या निहाल कर देते हैं । जैसा बोलो वैसा ही काटो, इसमें उनका कोई दोष नहीं है परंतु संसार के दुःखो का विस्मरण करने के लिये परमात्मा का स्मरण अहर्निश करना चाहिये, क्योंकि वीतराग के गुणो को याद किये बिना संसार का मोह कैसे नाश पाये ? मिथ्यात्व में मगन बने मूढ़ पुरुषो को धिक्कार है, जो सांसारिक इच्छा पूर्ण करने के लिये देव-देवीयों को भजते हैं और मानते है कि मेरी इच्छा इन देवों ने पूर्ण करी । यह मिथ्या भ्रमणा है । ऐसा सोचकर श्रेष्ठि ने अपने मन में जरा भी विचिकित्सा धारण नहि की । धन अभाव के कारण श्रेष्ठि खेती करने लगा । उसकी स्त्री हंमेशा पकवान वगैरह मनपसंद भोजन करती है और श्रेष्ठि को चौरा वगैरह कुत्सित अन्न देती है । इस कारण श्रेष्ठि तो मात्र नाम से भोगसार ही रहा परंतु उसकी स्त्री तो वाकई भोगवती बनी । यथाक्रम कुलटा बनी और पर पुरुष के साथ यथेष्ट भोग भोगने लगी ।

एक बार शांतिनाथ प्रभु के अधिष्ठायक देव ने सोचा, 'इस समय अनेक लोगों के मन को आनन्द देनेवाली और उदार ऐसी, धूपादिक सुगंधी द्रव्यो से भगवान की पूजा होती क्यों नहि है?' तत्पश्चात अवधिज्ञान के उपयोग से भोगसार की दरिद्रता और उसका कारण जानकर उसने सोचा, 'यह श्रेष्ठि जिनेश्वर का पूर्णभक्त है और आज उसे चौरे की फसल काटने का समय आया है; और उसकी स्त्री कुल्टा बन गई है और आज वह श्रेष्ठी पर जरा सा भी भक्तिभाव रखती नहीं है सो मुझे इस श्रेष्ठि का सांनिध्य करना चाहिये ।' एसा सोचकर देवता ने श्रेष्ठि के भानजे का रुप लिया और मामा के घर जाकर मामी को प्रणाम किये व पूछा, 'मेरे मामा कहाँ है ? ' मामी बोली, 'तेरे मामा खेत में गये है, वहां हल जोत रहे होंगे।' यह सुनकर वह खेत में गया । वहाँ मामा ने पूछा 'तू क्यों आया है ?' भानजे रूपी देवता बोला 'मैं सहायता करने आया हूँ ।' मामा ने कहा, 'घर जाकर खा ले । ' भानजा बोला, 'हम साथ ही खायेंगे ।' मामा ने कहा, 'आज खेत में कटाई का काम चल रहा है, जिससे बडी देर हो जायेगी और तू बालक है तो भुख कैसे

सहन कर पाएगा ?' भानजेने ने कहा, ' कुछ हरकत नहीं, मैं भी आपके साथ कटाई का कार्य करूंगा ।' ऐसा कहकर उसने दैवी शक्ति से सम्पूर्ण खेत की फसल कटाई थोड़े समय में पूर्ण करके एकत्र कर ली । तत्पश्चात मामा बोला, 'ये सब चौरे घर किस प्रकार ले जायेंगे ?' यह सुनकर वह देवता सर्व चौरे उठाकर घर की ओर चला ।

उन्हें आता देखकर उस स्त्री ने घर में आया हुआ जार पुरुष चरनी में छुपा दिया और लापसी वगैरह मिष्ठान एक कोठी में छिपा दिये । इतने में भानजे ने मामी को जुहार करते हुए कहा, 'मामा पधारे हैं उनके स्वागत करे ।' ऐसा बोलते बोलते चौरा का भारा जोर से चरनी में ड़ाला और दाने निकालने के लिये चौरे कूटने लगा । उसके प्रहार से वह जार पुरुष को मृतप्राय: होता देखकर अपने भानजे को कहा, 'आप दोंनो थक गये होंगे, इसलीये पहले भोजन कर लो ।' यह सुनकर मामा – भानजा दोनों भोजन करने बैठे, तो मामी चौरा आदि कुत्सित अन्न परोसने लगी । तब भानजा बोला, 'एसा कुत्सीत अन्न मैं नहीं खाऊंगा ।' मामी बोली, 'अच्छा खाना मैं कहां से दूं ?' भानजा बोला, 'हे मामी ! मैं यहाँ बैठे बैठे कोठी में प्रत्यक्ष लपसी देख रहा हूँ वह क्यों नहीं परोस रही हो ? स्वामी से अधिक कोई नहीं है एसा निश्चय जानना ।' यह सुनकर मामी तो चकित ही हो गयी । बाद में लपसी परोस कर उसने विचार किया,'यह तो बड़ा आश्चर्य ! मेरी गुप्तता इसने कैसै जान ली ? वाकई में इसमें कोई भूत, प्रेत, व्यंतर या डाकीनीपना होना चाहिये, नहीं' तो वह छिपाया हुआ किस प्रकार जान सका ?' तत्पश्चात् भोजन करके दोनों सो गये । उस समय मौका देखकर वह जारपुरुष निकल गया । यह सब देवता था जानता था फिर भी उसने मौन रखा ।

तत्पश्चात भानजे ने मामा को पूछा, 'यह आपके शामले का विवाह क्यों नहीं करते ?'तब मामा ने कहा, 'हे भानजे ! यह मनोरथ धन बगैर कैसे पूर्ण होगा ?' भानजा बोला, 'हे मामा ! ऊठो । मैं तुम्हें पृथ्वी में छिपा धन बताऊंगा। ऐसा कहकर स्त्री के देखते ही उसने भूभि मे गाढा हुआ धन निकाल दिया ।' देखकर स्त्री बिलख पडी और मन में बोली, 'मैंने चोरी करके जितना धन गुप्त रखा था वह सर्व इसने प्रकट कर दिया । इसलीए वाकई में यह कोई डाकिनी ही है । ' ननन्द का पुत्र नहीं है, वह यहाँ आया कहाँ से ? तो भी उसका अनुनय अच्छी तरह से करुं ।नही तो कोपित हुआ है तो मेरी सब गुप्त बात प्रकट कर देगा।' एसा सोचकर अंदर से कालुष्य भाव रखकर बाहर से मीठी वाणी बोली : 'हे भानजे ! तुम्हारी बुद्धि को धन्य है, हमारी दरिद्रता का तुमने नाश कर दिया ।'

श्रेष्ठि ने शुभ दिन देखकर पुत्र विवाह उत्सव का प्रारंभ किया । उस समय अपने इष्ट जारपति को उस स्त्री ने आमंत्रण दिया और समझाया, तूं स्त्री वेष धरकर सब स्त्रियों के साथ भोजन करने आना ।' शादी के दिन वह जार पुरुष स्त्री वेष पहिनकर आया । उसे स्त्रियों के मध्य में बैठा देखकर भानजा बोला, 'मामा ! आज परोसने के लिए मैं रहूँगा ।' मामा ने कहा, 'बहुत अच्छा ।' वह परोसने लगा । परोसते परोसते जब वह उस जार के पास गया तब उसने धीमे से कहा, 'तुझे चरनी में जर्जरित किया था वही तू है न ? उसके 'ना' कहने पर इस प्रकार दो तीन बार कहा तब अन्य लोगों ने भानजे को पूछा, 'तू बारबार इस मुग्धबाला को क्या पूछता है ? ' तब भानजा बोला, 'इस स्त्री को मै परोसने जाता हूँ तब वह कुछ भी लेती नहीं है और सर्व पकवान का निषेध करती है । तब मैं उसे कहता हूँ 'हे स्त्री जब तू थोड़ा भी खा नहीं रही है तो स्त्रियों के मध्य बैठना तेरे योग्य नहीं है । तू थोडी भूखी नही लग रही है । इस प्रकार बोलकर देवता ने उसको छ भी परोसा नहीं । तब भोगवती को उसके लिए बडा उचाट हआ । वहाँ से वह उठ कर और गुप्त रीत से लड्डु लेकर उसकी थाली में परोस दिये जार ने थोड़े खाये और चार लड्डु अपनी कुक्षि में छुपा लिये ।

सर्व स्त्रियाँ खा चुकी तब भानजा बोला, 'हरेक स्त्री मेरे मामा के मंडप को अक्षत से बधावे । यह सुनकर स्त्रियों ने मांगलिक के लिए मण्डप की अक्षत से पूजा की तब वह जार मण्डप बधाने आये नहीं । तब भानजा बोला, 'हे माता ! आप क्यों मण्डप बधाती नहीं है ?' स्त्रियों की पंक्ति में भोजन करने बैठी थी अब उस पंक्ति से अलग नहीं है ।' यह सुनकर वह मण्डप बधाने नीचे झुकी तो उसकी कुक्षि में छिपाये हुए मोदक गिर पड़े । जिससे वह खूब शरमाकर एक दम भाग गया । मामा ने भानजे को पूछा, 'यह मोदक कहाँ से आये ? ' वह बोला 'आपके पुत्रविवाह उत्सव में मण्डप ने मोदक की वृष्टि की ।' मामा बोला, 'हे भानजे ! इतना ज्ञानी कैसे बना ? ' वह बोला सर्व बात एकान्त में बताऊंगा ।'

विवाह का सर्व कार्य पूर्ण हुआ तब अपना देव स्वरुप प्रकट करके श्रेष्ठि को सर्ववृतांत कहा । श्रेष्ठि की स्त्री को देवता ने कहा, 'हे स्त्री ! तेरा पति कैसा परमात्मा की भक्ति में तत्पर है ? वैसो तू भी बन । तू जारपति के साथ हंमेशा क्रीडा करती है, आदि सर्व वृतांत मे जानता हूँ परंतु तीन भुवन के अद्वीतीय शरणस्वरुप, श्री वीतराग के भक्त की तू भार्या है इससे आज तक मैंने तेरी उपेक्षा की है । इसलीए अब तू समग्र दंभ छोडकर धर्मकार्य में प्रवृत्ति कर । मनुष्य पूर्व में अनंत बार भोगभोगता हैं फिर भी अज्ञान व भ्रम के कारण – सोचता है कि ' मैंने कोई भी समय भोग भोगे ही नहीं है । ऐसा होने से मुर्ख मनुष्यो की काम भोग सम्बन्धी तृष्णा कदापि शांत होती ही नहीं है । उसका वैराग्य होना भी अति दुर्लभ ही है । श्री अध्यात्मसार में कहा है कि 'जिस प्रकार शेरों को सौम्यपना दुर्लभ ही हैं और सर्पों को क्षमा दुर्लभ है उसी प्रकार विषय मे प्रवृत हुए जीवों को वैराग्य दुर्लभ है । इससे हे स्त्री ! आत्मा के बारे में वैराग्य धारण करके अनेक भव में उपार्जन किये पापकर्म का क्षय करने के लिये और अनादि काल की भ्रांत के नाश के लिये सर्वथा द्रव्य औ र भाव से दंभ का त्याग करके अनेक उत्तम और शुभ कार्यों के लिए उद्यम कर । दंभ ही सर्व पाप का मूल है तथा अनेक सद्गुणो का नाश करनेवाली है । और समुद्र को पार करनेवालों को नाव में एक लेशमात्र भी छिद्र होवे तो वह डूबने का कारण है, उसी प्रकार जिसका चित्त अध्यात्म ध्यान में आसक्त है उसे थोडा सा भी दंभ रखना उचित नहीं है क्योंकि वह संसार में डूबने वाला है ।

उपदेश सुनकर उस स्त्री ने प्रतिबोध पाया और श्रावक के बारह व्रत अंगीकार किये । देवता श्रेष्ठि को लाख सुवर्णमुद्राएँ देकर अंतर्धान हुआ। क्रमानुसार भोगसार श्रेष्ठि अपनी पत्नी सहित श्रावक धर्म पालकर स्वर्ग में गया और वहाँ से क्रमानुसार थोडे ही भव करके मुक्ति सुख को पायेंगे ।

भोगसार श्रेष्ठि की भाँति धर्म क्रिया में दि चिकित्सा का त्याग करना, ऐसे जीवों का देवता भी सेवक की भाँति सान्निध्य करते हैं ।


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને
હાર્દિક શુભેચ્છા

K. L. Maru
C. K. Maru

**M/s. Shah & Shah Co.**

WHOLESALE DEALERS IN :-

- ✦ New Light Ceramics - Sanitayware
- ✦ Sweta Pottery Works - Sanitayware
- ✦ Deep Ceramics Industries - Glaze Tiles
- ✦ Almbice Glass Ware - Glass & Jar
- ✦ La Opala & Solotaires Glass -cup & Saucer & Glass
- ✦ Borosil Glass Ware - Micowave Bowel

C-31, Super Market, Jamnagar - 361 001.
Ph. : 0288-2554397

મેસર્સ શાહ એન્ડ શાહ કં.

७५

# निर्मला

राजा प्रजापाल के राजकुल में मोदी धर्ममित्र का चलन था । धर्म मित्र प्रामाणिक व्यापारी थी । राजदूत में महारानी से लेकर एक सामान्य दासी को भी उसकी दुकान में ठगा जाने का भय नहीं था । गाँव में भीं धर्ममित्र का नाम आया तो उसके माल या भाव के लिये किसीको कुछ पूछने की जरुरत नहीं । राजा के मोदी की प्रामाणिकता के लिये यदि कोई प्रेरणामूर्त्ति थी तो वह धर्ममित्र की सुशील पत्नी निर्मला थी।

निर्मला रुप रुप का अंबार रूपी रति का अवतार थी, फिर भी उसके देह सौन्दर्य के पीछे आत्मा का सौन्दर्य अनुपम था । स्त्री शरीर का शीलहीन सौन्दर्य अवश्य विकृत पुरुषों के संसार के लिये श्रापरुप है लेकिन यदि उस सौन्दर्य के साथ सुशीलता भरी पडी हो तो वह स्त्री के शरीर की महामूल्य सम्पति है।

प्रजापाल की राजसभा में कई हजूरिये थे, उसमें एक विघ्नसंतोषी नाई था । अयोग्य मनुष्य का संसर्ग भी अच्छे मनुष्यों के जीवन में दाग लगानेवाला बनता है । प्रजापाल राजा के लिए भी ऐसा ही हुआ।

एक बार राजा के यहाँ गाँव की गपशप चल रही थी, उस समय जीवा नाई ने धीमे से बात रखी, 'मालिक ! कहता हूँ, शायद ज्यादा मान जायेगा फिर भी हुजूर के समक्ष कहने मे क्या शर्म ?' हमारे पूरे राज्य में मोदी के घर में जैसा मनुष्य है वैसा तो कोई स्थान पर मिलेगा ही नहीं । अरे खुद मालिक के अंतपुर में भी नहीं।

नाई की जीभ पर ताला न था। आँखो का चमकार करते हुए बात का मुरमुरा रखा । राजा के निकट उस समय ऐसे ही खुशामतखोरों के सिवा अन्य कोई भी न था । सबने नाई की बात में हामी भरी । राजा का चंचल मन पल भर में विचारों के झुले में झुलने लगा । जीवा विकार का विष बढ़ाने लगा 'अप्सरा'। हुजूर ! ऐसा रुप तो जीवनभर में देखा नहीं होगा । नाई को बोलने की कला किसीसे सीखनी नहीं पड़ती है।

राजा की मनोवृति में विकार का जहर यो धीरे धीरे घुसता गया ।' 'ऐसी सुन्दर स्त्री मेरे मोदी के यहाँ । एक बार तो उसे देख ही लेनी चाहिये, और इसके बाद उसकी ताकत भी क्या है कि मेरी 'हाँ' में 'ना' कह सके?''

राजके मुँह में पानी आ गया है ऐसा जानकर मौका पाकर जीवा नाई कहा करता था कि 'मालिक ! ऐसा स्त्री रत्न तो आपके राजमहल में ही शोभा देगा । कौए के कण्ठ में मोती की माला न होवे । हीरे का हार तो राजा के गले में ही शोभेगा ।'

राजा ने मोदी की स्त्री को लालायित करने के पेंतरे प्रारंभ कर दिये । अपने खास दास-दासियों द्वारा कीमती वस्तु निर्मला को वह उपहार रुप भेजने लगा । शाणी निर्मला राजा की बूरी भावना पहचान गई । ऐसे हृदयहीन राजवी की मेहरबानी भी अग्नि की ज्वाला के साथ खेलने समान है, वह तुरंत समझ गयी । अपने महामूल्य शीलधन की रक्षा के लिए वह सजग थी । अवसर आने पर बल के बजाय अक्ल से काम लेने का उसने निश्चय किया।

हंमेशा भेजे जाते उपहार निर्मला आनाकानी बगैर स्वीकार लेती है ऐसा जानने के बाद राजाने तय किया : 'पंछी जरूर जाल में आ गया है ।' कारण - विकारवश आत्माओं की सृष्टि, उनके अपने मानसिक, विकारों की प्रतिक्रिया रूप ही लगती है

। 'जैसी दृष्टि ऐसी सृष्टि' – यह लोकोक्ति ऐसी आत्माओं के मानस का प्रतिबिम्ब रखती है।

राजा ने निर्मला को मिलने के लिये नयी तुक लडायी। उसने खास काम बताकर मोदी को एक सप्ताह के लीए बाहरगाँव जाने का आदेश दिया। धर्ममित्र ने जब निर्मला को बहारगाँव जाने की बात कही तब चतुर ऐसी निर्मला राजा की मनोभावना पहचान गयी उसने जाते समय पति के सम्मुख अथ से इति तक सर्व हकीकत कह सुनाई।

धर्ममित्र को निर्मलाता की पवित्रता, दृढता तथा धीरता के प्रति श्रद्धा थी। वह बाहरगाँव गया। घर के दास दासीयों को निर्मला ने सावधान रहने की सूचना दे दी।

राजा ने दूसरे दिन खास व्यक्ति द्वारा गुप्त संदेशा भेजा, 'आज सायं राजाजी आपके यहां आनेवाले है।' निर्मला पहले से ही जानती थी कि ऐसा कुछ होगा। उसने राजा के योग्य सब तैयारीयाँ करवाई।

प्रजा के पालक माने जाते राजा के दिल में पाप भावना का अंधेरा ज्यादा गाढ़ बना। सांय गुप्त रूप से मोदीके घर में अकेला घूसा। निर्मला ने राजाजी के आतिथ्य के लिये सब तैयारी कर दी थी। राजा एकांत चाह रहा था। निर्मला के देहसौन्दर्य के पीछे पागल बने हुए राजा को आज कोई होश न था। निर्मला के साथ एकांत भोगने के लिए बावला बना था।

निर्मला के आदेश अनुसार घर के नोकर सुवर्णजड़ित थाल में एक के बाद एक व्यंजन परोसने लगे। महामूल्यवान कटोरों में सुंदर गुलाबजामून परोसे। राजा के मुख में पानी छूटा और मन से समझा कि खास मेरे लिए ही मेरी प्रियतमा ने व्यंजन तैयार किये हैं। भोजन प्रारंभ करने से पूर्व हरेक मीठाई थोड़ी थोड़ी खाई हुई तथा किसीकी झूठी की हुई मालूम पड़ी।

तुरंत राजा सत्तावाही आवाज में बोला, 'कौन है यहाँ ?' 'जी हुजूर मैं हूँ' कहती हुई दासी हाजिर हुई। राजा ने पूछा, 'यह सब थाल किसने भेजे है ?' 'मालिक! सेठानी ने।' 'कहाँ है तेरी सेठानी' राजा ने पूछा।

दासी ने कहा, 'खुंदाविंद ! आप नामदार के स्वागत की योग्य तैयारी करने के लिए...'

राजा ने समझा, अभी थोड़ी देर में सुंदर श्रृंगार सज-धज कर निर्मला वहां आयेगी। इतने में राजा के लिये पेय चीजें हाजिर हुई। -'१५-२० महामूल्य प्यालों में केसरी दूध रखा हुआ था। राजा प्याला उठाकर दूध देखने लगा।' दूसरा, तीसरा यों प्याले उठाकर देखने लगा पर उसे लगा कि हरेक प्याले में एक ही चीज थी। उसने चखकर देखा की कोई भी प्याले में अन्य पेय न था। राजा ने दासी को हुक्म दिया, 'जा तेरी सेठानी को बुला ला।' शीघ्र ही निर्मला पास के कमरे से वहाँ आ पहुँची।

उसका अनुपम तेजस्वी देहलावण्य देखकर राजा की विकारी दृष्टि में यह तेज असह्य बनता जा रहा था। पवित्र तथा सत्त्वशाली निर्मला की भव्य देहलता, तेजपुंज मुखाकृति और मधुर स्मित प्रजापाल को मुर्च्छित बनाने लगे।

थोडी देर चुपकीदी छा गई। मौन तोड़ा। कुछ श्वास धोंते हुए मीठे शब्दों में हँसते वह बोला, 'यह सब क्या खेल हैं ?'

'किसे आप खेल कह रहे हो ?' निर्मला ने हृदय के भावों को गूढ रखकर छोटा सा जवाब दिया।

'क्यों ! इतना नहीं समझा जा सकता ?' प्रजापाल ने दुबारा मीठी आवाज में कहा।

निर्मला अपनी चाल में थी। मार्ग भूले हुए राजा को राह पर लगाने का मौका उसने जानबुजकर खड़ा किया था

। उसने व्यंग में जवाब दिया : 'मालिक ! समझ में आता है वह नहीं समझ सकती और नहीं समझ में आता हैं वह समझ सकती हूँ' राजा मोदी की स्त्री में रही हुई गजब की चालाकी प्रथमबार देखकर चकित हो गया । रुप के साथ चतुराई के तेज का मिश्रण देखकर वह दंग हो गया। ऐसी चकोर स्त्री की वाणी मे रही गूढता को समझने के लिए उसने खूब कोशिश की । अंत मे चिढकर वह बोला : 'यह किसीकी खाई हुई झुठी मीठाई यहाँ क्यों रखी है ?' मैं क्या यहाँ कीसीकी झुठन खाने आया हूँ?'

'महाराज ! इसमें नया क्या है ?' आप यहाँ किसलिए आये हो ? यह मै और आप ही जानते हैं । परायी झुठन को अपवित्र करने ही आप यहाँ पधारे हो । अब यहा कहाँ अनजाना है ?' निर्मला ने मोहक लेकिन वेधक जबान में राजा को स्पष्ट शब्दो में सुना दिया ।

उत्तर सुनकर राजा हक्का बक्का रह गया । उसने नहीं सोची हूई परिस्थिति यूं सहसा खडी हो गयी, वह विचारमग्न बना । निर्मला ने राजा को कहा, 'राजन् ! आप प्रजा के मालिक हो, प्रजा के पालक पिता हो । प्रजा आपके पुत्र-पुत्री रुपी संतति है । प्रजा के शील, प्रजा की पवित्रता और उसका धर्म – इन सबके रक्षक आप, आज आपकी पुत्री समान कही जाऊं ऐसी 'मेरा शीलधन लूंटने आप यहाँ आये हैं ; यह आपके जैसे प्रजापालक को लांछन रूप नहीं है ? आपके जैसा पिता, मोदी की झूठन जैसी मुझे, -सुनकर मोहवश बनकर अकार्य करने के लिये आप तैयार हुए हो – यह समझ में आता है, लेकिन आप जैसे नहीं समझते यह आश्चर्य जैसा है ।'

राजा के दिल में ये शब्द आरपार हो गये । उसके बंध विवेक – चक्षु खुलने लगे । उसने फिर से पूछा, 'इन विविधरंगी कीमति कटोरों में एक सा दूध क्यों थोडा थोडा रखा है ? एक ही प्याले में सब समा सके ऐसा था, तो सब प्याले बेकार क्यों बिगडे ? नरम स्वर में राजा ने हृदय की गुत्थी बताई ।

निर्मला जवाब देने के लिये तैयार थी । राजा की सुध-बुध खोयी हुई आत्मा को ठिकाने लगाने के लिये सावधान थी । उसने स्पष्टता की, 'महाराज ! ये प्याले बिगाड़े परंतु उसकी किंमत क्या है ? प्याले बिगड़े वह आप समझ सके परंतु आपके करोड़ों-अरबो की संपत्ति से भी अधिक मूल्यवान यह मानवभव बिगाड़ने के लिये तैयार हुए हो; इसका क्या ? अलग अलग रंग के प्यालों में चीज तो एक ही थी, यह आप जान सके; तो रूप-रंग या देहाकृति से अलग अलग मानी जाती स्त्रियों में चीज तो एक ही है; फिर भी आप इस प्रकार पागल बनकर अधम मार्ग पर जाने के लिये तैयार हुए हो- यह आपके जैसे नवपुंगव राजा को कलंकरूप अपकृत्य नहीं है क्या ? आपके अंधेपन को टालने के लिए ही मैंने यह सब किया है । इसके सिवा आपके अंतर्चक्षु पर से यह मोह का आवरण किसी भी प्रकार से हट सके ऐसा न था ।'

निर्मला जैसी सुशील सती स्त्री के दृढतापूर्वक कहे शब्द राजा के अंतर को प्रकाशित कर गये । उसकी अज्ञानता के पटल दूर हुए और तबसे उसका जीवन राह बदल गया । खराबे में चढ़ी अपनी जीवन नैया के राह पर लाकर अपने लिये मार्गदर्शक गुरु बननेवाली मोदी की स्त्री निर्मला के किये हुए अनन्य उपकार को राजा प्रजापाल जीवनभर कदापि न भूल पाया ।

वह वापिस लौटा सदैव के लिये ऐसे अकार्य से । धन्य हो नारीशक्ति की पवित्रता को । वाकई में ऐसी पवित्र नारी, नारायणी है ।

# ૭૬ પૃથ્વીપાળ રાજા અને યાને સુનંદ

ક્ષિતિપ્રતિષ્ઠ નગરના રાજા પૃથ્વીપાળે મોરનો શિકાર કરવા બાણ છોડયું. બાણ વાગતાં જ ઝાડ ઉપર બેઠેલો મોર એક ચીસ સાથે ભોંય પર પડયો. તીર શરીરમાં ખૂંપેલું હતું પરંતુ પ્રાણ હજુ નહોતો ગયો. તીરના ઘાથી મોર જીવન અને મરણ વચ્ચે તરફડિયાં ખાતો હતો. તેના ગળામાંથી દર્દ ટપકતું હતું.

મોરના મૃત્યુની કારમી વેદના જોઈ પૃથ્વીપાળના હૈયે કરૂણા ફૂટી. 'અરેરે ! મેં આ કેવું દુષ્કૃત્ય કર્યું ? આ નિર્દોષ જીવને મેં નાહક તીરથી વીંધી નાખ્યો. આવી જ રીતે મારાથી કોઈ વધુ બળવાન માણસ કે પશુ મને વીંધી નાખે કે ફાડી નાખે તો મારી હાલત પણ આ મોર જેવી જ થાય ને ? ખરેખર મને ધિક્કાર છે ! મને આ રીતે કોઈનો જીવ લેવાનો કોઈ જ અધિકાર નથી.'

રાજા મોર પાસે ગયો, તેણે હળવેથી મોરના દેહમાં ખૂંપેલું તીર ખેંચી કાઢયું અને લોહી બંધ કરવાનો પ્રયત્ન કર્યો. મોરને પંપાળી તેની ક્ષમા માગવા લાગ્યો. રાજાની સારવાર અને પ્રેમથી મોરને કાંઈક શાતા વળી. તે શુભ ધ્યાન કરવા લાગ્યો. તેનું આયુષ્ય હવે પૂરું થયું હતું. થોડીક ક્ષણોમાં તેનો આત્મા દેહ છોડી ગયો અને ત્યાંથી તે વિશાળપુર નગરમાં મનુષ્ય ભવને પામ્યો.

મોરના મડદાને ત્યાં જ રહેવા દઈ રાજા પૃથ્વીપાળ પાછો નગર તરફ આવવા નીકળ્યો. રસ્તામાં તેણે એક મુનિરાજને શિલા ઉપર બેઠેલા જોયા. રાજા તેમની પાસે ગયો. પ્રણામ કર્યા અને તેમની સામે બેઠો. મુનિએ તેને કહ્યું :

"જીવદયા એ ધર્મની જનેતા છે. આ જનેતાને દેવતાઓ પણ માને છે. આથી બુદ્ધિમાન ડાહ્યા જનો જીવદયાની વૈરિણી હિંસાનો આદર કરતા નથી."

મુનિના મુખેથી આ વાત સાંભળી રાજા વિચારમાં પડી ગયો, 'શું આ મુનિએ મેં મોરનો શિકાર કર્યો તે જોયું હશે ? ન જોયું હોય તોપણ તેમણે આડકતરો નિર્દેશ તો કર્યો જ છે અને તેઓ કહે છે તે બરાબર છે. જીવદયા ધર્મની માતા જ છે.' રાજાના અંતરના ભાવ જાણીને મુનિએ તેને વધુ ધર્મ-પ્રેરણા આપી. રાજાએ તરત જ તેમની પાસે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો.

શ્રાવક બની મહેલમાં પાછા ફરેલા રાજા પૃથ્વીપાળે જાળ, ધનુષ્યબાણ જેવાં જીવહિંસાનાં તમામ સાધનો બાળી નાખ્યાં. ઉપરાંત પર્વના દિવસોએ દળવું, ખાંડવું, ધોવું, પીસવું વગેરે બંધ કરાવ્યું. આમ અનેક રીતે શ્રાવક ધર્મનું પાલન કરતાં કરતાં રાજા મૃત્યુ પામીને વિશાળપુર નગરમાં સુનંદ નામે ખૂબ જ શ્રીમંત અને ધનાઢય વેપારી થયો.

મોરનો જીવ પણ વિશાળ પુર નગરમાં જ મનુષ્યભવ પામ્યો હતો. તે રાજાનો સેવક હતો. આ સેવકે સુનંદ વેપારીને એક દિવસ જોયો. પૂર્વભવના સંસ્કારથી સુનંદને જોતાં જ સેવકના મનમાં તેની હત્યા કરવાનો વિચાર આવ્યો, અને તે દિવસથી સેવક સુનંદની હત્યાની તક જોવા લાગ્યો.

થોડા દિવસો બાદ સેવકે રાણીનો રત્નહાર ચોરી લીધો. આ ચોરેલો હાર લઈ તે સુનંદ પાસે ગયો અગાઉથી તેણે બધી પાકી માહિતી ભેગી કરી લીધી હતી. અને તે જ પ્રમાણે તે બધાં પગલાં ભરતો હતો, જેથી સુનંદની હત્યાનો આરોપ પોતાના માથે ન આવે અને હત્યા થઈ જાય.

સુનંદે તે દિવસે પૌષધ લીધો હતો. પૌષધશાળામાં સુનંદ એકલો જ હતો અને આંખ બંધ કરી સ્થિર ચિત્તે અને સ્થિર શરીરે પંચ પરમેષ્ઠિનું ધ્યાન ધરતો હતો. સેવકે રાણીનો ચોરેલો હાર કાળજી પૂર્વક સુનંદના ગળે પહેરાવી દીધો.

આ બાજુ રાણીને રત્નહાર ગુમ થયાની ખબર પડી. તેણે હાર માટે કાગારોળ કરી મૂકી. સેવકોએ મહેલનો ખૂણેખૂણો શોધી જોયો. ક્યાંય રત્નહાર ન મળ્યો. રાજાએ તરત જ સેવકોને ઘરે ઘરમાં જડતી લેવા મોકલી દીધા. મયૂરના જીવવાળો સેવક અને બીજા સેવકો પણ રત્નહારની શોધમાં નીકળ્યા. આ સેવક બીજા સેવકોની સાથે

પૌષધશાળામાં આવ્યો. ત્યાં સૌએ સુનંદ શ્રાવકને ધ્યાનમાં ઊભેલો જોયો અને સાથોસાથ તેના ગળામાં પહેરેલો રત્નહાર પણ જોયો. રાજસેવકો તેને બાંધીને રાજા પાસે લઈ આવ્યા.

રાજાએ પૂછ્યું, 'સુનંદ ! રાણીનો રત્નહાર તારી પાસે કેવી રીતે આવ્યો ? સુનંદે આ કે બીજા કોઈ જ પ્રશ્નનો જવાબ ન આપ્યો. રાજાએ કોપાયમાન થઈ સુનંદનો વધ કરવાનો હુકમ કર્યો.

બીજે દિવસે સુનંદને વધસ્થાને લઈ જવાયો. રાજાની આજ્ઞાથી મયૂરના જીવવાળો સેવક સુનંદનો વધ કરવા માટે ગયો. સુનંદનું માથું ધડથી જુદું કરવા તેણે જેવું ખડ્ગ ઉપાડ્યું કે તરત જ ખડ્ગના ટુકડે ટુકડા થઈ ગયા. બીજા સેવકોએ આવી બીજા હથિયારોથી સુનંદનો વધ કરવા પ્રયત્ન કર્યો, એ બધાં જ હથિયારોની દશા પેલા ખડ્ગ જેવી થઈ. ઘા ઉગામતા જ તે દરેક શસ્ત્રના ટુકડેટુકડા થઈ જતા.

સેવકોએ આ હકીકત તરત જ રાજાને જણાવી. રાજા ક્રોધરહિત થઈ તરત જ ત્યાં આવ્યા અને સુનંદને છોડી દેવાની આજ્ઞા આપી. મુક્તિ મળતાં સુનંદે પૌષધ પાર્યો અને પોતાના ઘરે ગયો. પરવારીને પાછો રાજા પાસે આવ્યો અને વિનયથી કહ્યું, 'રાજન્ ! હું શ્રાવક છું અમે શ્રાવકો કદિ ચોરી નથી કરતા. પૂછ્યા વિના તણખલાને પણ હાથ નથી અડકાડતા. પૂર્વભવની પુણ્યાઈના પ્રતાપે આવા તો ઘણા રત્નહાર મારા ભંડારમાં છે. આપને તે જોવા માટે હું અત્યારે નિમંત્રણ આપવા આવ્યો છું.'

રાજા સુનંદની સાથે ગયો. સુનંદનો ધનભંડાર જોઈ રાજા અજાયબી પામ્યો. રાણીના રત્નહારથી વધુ કીમતી હાર તેના ભંડારમાં પડ્યા હતા. છેવટે તેણે સુનંદને પૂછ્યું 'સુનંદ ! તો પછી ગઈ કાલે રાતે તમને બાંધીને લાવ્યા અને મેં હાર વિષે પૂછ્યું ત્યારે તમે કેમ કંઈ જણાવ્યું નહીં ?'

સુનંદ કહે - 'રાજન્ ગઈ કાલે પર્વનો દિવસ હતો. પર્વના દિવસોએ હું પૌષધ કરૂં છું. પૌષધમાં કંઈ પણ સાવદ્ય આભૂષણ વગેરેની વાત કરી શકાય નહીં.'

સુનંદનો આ નિયમ જાણી રાજાને તેના પ્રત્યે માન થયું, રાજાએ તેની ખૂબ જ પ્રશંસા કરી અને તે પોતાના મહેલમાં પાછો ફર્યો.

સમય જતાં સુનંદે પોતાને કારભાર પોતાના પુત્રને સોંપી દીધો અને પોતે દીક્ષા લઈ લીધી. કાળક્રમે તેને કેવળજ્ઞાન થયું. એક દિવસ વિહાર કરતાં કરતાં તેઓ વિશાળપુર નગરીમાં પધાર્યા. પેલો મયૂરનો જીવ સેવક તેમને જોઈ દુષ્ટ ધ્યાન ધરવા લાગ્યો. આ સમજી કેવળીએ તેને ઉદ્દેશીને કહ્યું:

"તું પૂર્વભવે મયૂર હતો અને મારા છોડેલા બાણથી તું મૃત્યુ પામ્યો હતો. હવે તું મનુષ્ય-ભવ પામ્યો છે, તો સંસારમાં રઝળાવતી દુષ્ટતાનો તું ત્યાગ કર."

આ સાંભળી સેવકને જાતિસ્મરણ જ્ઞાન થયું અને નિખાલસપણે તેણે રત્નહારની ચોરીની વાત બધાને જણાવી અને ખમાવીને પોતે દીક્ષા લીધી. વિશાળપુરના રાજાએ પણ ધર્મને અંગીકાર કર્યો અને પર્વતિથિએ પૌષધ કરવા લાગ્યો.

આમ, જે ભવ્ય જીવો આનંદથી પૌષધવ્રતથી પર્વની આરાધના કરે છે અને અંતરમાંથી ધર્મપર્વોને ત્યજતા નથી તેઓ સર્વસંપત્તિ પામે છે.


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

MAHENDRA ENTERPRISE
Bardanwala Road, Grain Market,
JAMNAGAR - 361 001 (Gujarat)
Ph. : (O) 2552594, 2592594 (R) 2561442
Mob. : 94272 80696

મહેન્દ્ર એન્ટરપ્રાઈઝ
સુકો મેવો, કરીયાણા, કઠોળના છુટક તથા જથ્થાબંધ વેપારી
બારદાનવાલા રોડ, ગ્રેઈન માર્કેટ, જામનગર - ૩૬૧ ૦૦૧.

# ધન સાર્થવાહ

મહાવિદેહ ક્ષેત્રમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં પ્રસન્નચંદ્ર નામે રાજા હતો. તે નગરમાં ધન નામે એક સાર્થવાહ રહેતો હતો. કોઈ માને નહિ એટલી લક્ષ્મી હતી. ઉપરાંત તેનામાં ગાંભીર્ય, ઔદાર્ય તથા ધૈર્ય વગેરે ગુણો હતા. તેની પાસે અન્નના ઢગલાની માફક રત્નોના ઢગલા હતા. ગુણોની ગુણો ભરાય એટલા દિવ્યવસ્ત્રોના ઢગલા હતા. જળજંતુઓથી જેમ સમુદ્ર શોભે તેમ ખચ્ચર, ઘોડા, ઊંટ વગેરે પ્રાણી-વાહનોથી તેનું ભવન શોભતું હતું.

એક વખત તેણે ધંધાર્થે વસંતપુર જવા વિચાર્યું. તેણે પોતાના માણસો પાસે પડહ વગડાવીને એવી ઘોષણા કરાવી કે જેણે વસંતપુર આવવું હોય તે ધન સાથે આવી શકે છે. જેની પાસે વાહન ન હોય તેને તે વાહન આપશે અને દરેક જાતની સહાય આપશે, ઉપરાંત બધી રીતે તેઓનું રક્ષણ કરશે.

સારા મુહૂર્ત રથમાં બેસી તેણે પ્રસ્થાન આરંભ્યું. વસંતપુર જવાની ઈચ્છાવાળા સર્વે લોક નગર બહાર નીકળ્યા. એ સમયે સાધુચર્યાથી અને ધર્મથી પૃથ્વીને પવિત્ર કરતા આચાર્યશ્રી ધર્મઘોષ સાર્થવાહ પાસે આવ્યા. સાર્થવાહે રથમાંથી ઊતરી તેમને વંદન કરી આગમનનું કારણ પૂછ્યું. એટલે 'અમે તમારી સાથે આવીશું' એમ આચાર્ય મહારાજે જણાવ્યું. આ સાંભળી સાર્થવાહે કહ્યું, 'હે ભગવન્! આજે હું ધન્ય થયો કે આપ જેવા સાથે લઈ જવા લાયક મારી સાથે આવો છો.' પછી સાર્થવાહે ત્યાં જ પોતાના રસોઈયાને આજ્ઞા કરી કે 'આચાર્યને માટે તમારે હંમેશા અન્નપાનાદિક તૈયાર કરવું.' આ સાંભળી આચાર્યશ્રીએ કહ્યું, 'સાધુઓને પોતાના માટે તૈયાર કરેલ આહાર ખપતો નથી. ઉપરાંત વાવ, કૂવા આદિનું પાણી અગ્નિથી અચેત થયેલું જ ખપે છે એવી જિનેન્દ્ર શાસનમાં આજ્ઞા કરેલી છે.' આ વખતે કોઈ પુરૂષે આવીને સુંદર વર્ણનાં પાકેલાં આમ્રફળ ભરેલો થાળ સાર્થવાહની પાસે મૂક્યો. ધન સાર્થવાહે ઘણા હર્ષવાળા મનથી આચાર્યને કહ્યું, 'આપ આ ફળો ગ્રહણ કરીને મારા ઉપર અનુગ્રહ કરો.' આચાર્યે કહ્યું કે, 'હે શ્રદ્ધાળુ! આવા સચિત્ત ફળને સ્પર્શ કરવો પણ મુનિને કલ્પે નહીં, તો તેનું ભોજન કરવું તો કેમ જ કલ્પે? સાર્થવાહે કહ્યું, 'અહો! તમે તો કોઈ મહાદુષ્કર વ્રતને ધારણ કરનારા છો. આવા વ્રતો પ્રમાદી પુરૂષ એક દિવસ પણ ધારણ કરી શકે નહીં. તથાપિ આપ સાથે ચાલો. જેવું આપને કલ્પતું હશે તેવું અન્નાદિક હું આપને આપીશ.' આમ કહી નમસ્કાર કરી સાર્થવાહ પોતાના આવાસ પ્રત્યે ગયો. તેની પછવાડે જ બે સાધુઓ વહોરવા માટે ગયા. પણ દૈવયોગે તેના આવાસમાં સાધુઓને વહોરાવવા યોગ્ય કાંઈ પણ અન્નપાનાદિક તે સમયે હતું નહીં. સાર્થવાહે આમ તેમ જોવા માંડ્યું. તેવામાં તાજા ઘૃતથી[1] ભરેલો ઘડો તેના જોવામાં આવ્યો. તે જોઈ તેણે કહ્યું, 'આ તમારે કલ્પશે? એટલે સાધુએ 'ઈચ્છું છું' એમ કહી પાત્ર ધર્યું. પછી 'હું ધન્ય બન્યો, હું કૃતાર્થ થયો, હું પુણ્યવંત થયો' એવું ચિંતવન કરવા સાથે રોમાંચિત થયેલા દેહવાળા એવા સાર્થવાહે સાધુને સ્વહસ્તે ઘૃત વહોરાવ્યું. જાણે આનંદાશ્રુ વડે કરીને પુણ્યાંકૂરને ઉત્પન્ન કરતો હોય તેવા તે સાર્થવાહે ઘૃતદાન કર્યા પછી તે બે મુનિઓને વંદના કરી, એટલે તે મુનિઓ કલ્યાણની સિદ્ધિમાં સિદ્ધમંત્ર જેવો ''ધર્મલાભ'' આપી નિજાશ્રય પ્રત્યે ગયા. સાર્થવાહને એ દાનના પ્રભાવથી મોક્ષવૃક્ષના બીજ રૂપ અને દુર્લભ એવું બોધીબીજ પ્રાપ્ત થયું. રાત્રે ફરીને સાર્થવાહ મુનિઓના આશ્રમમાં ગયો. ત્યાં આજ્ઞા માગી, ગુરુમહારાજને વંદન કરીને બેઠો એટલે ધર્મઘોષસૂરિએ તેને મેઘના જેવી ગિરાથી શ્રુત કેવળીના જેવી નીચે પ્રમાણે દેશના આપી:'

''ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે, સ્વર્ગ અને મોક્ષને

૧. ઘી.

આપનાર છે અને સંસારરૂપી વનનું ઉલ્લંઘન કરવામાં માર્ગદર્શક છે. ધર્મ માતાની માફક પોષણ કરે છે, પિતાની પેઠે રક્ષણ કરે છે, મિત્રની જેમ પ્રસન્ન કરે છે, બંધુની પેઠે સ્નેહ રાખે છે, ગુરુની પેઠે ઉજ્જવળ ગુણોને વિષે ઉચ્ચપણે આરૂઢ કરે છે. જીવ ધર્મથી રાજા થાય છે, ધર્મથી ચક્રવર્તી થાય છે, ધર્મથી દેવ અને ઈન્દ્ર થાય છે અને ધર્મથી તીર્થંકર પદને પણ પ્રાપ્ત કરે છે. જગતમાં ધર્મથી સર્વપ્રકારની સિદ્ધિ થાય છે. ધર્મ-દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારનો છે. તેમાં જે દાનધર્મ છે તે જ્ઞાનદાન, અભયદાન અને ધર્મોપગ્રહદાન એવા નામથી ત્રણ પ્રકારે કહ્યો છે. ધર્મને નહી જાણનારા પુરૂષોને વાચના અને દેશનાદિકનું દાન આપવું અથવા સાધનોનું દાન આપવું એ જ્ઞાનદાન કહેવાય છે. જ્ઞાનદાન વડે પ્રાણી પોતાનું હિતાહિત જાણે છે અને તેથી જીવાદિ તત્ત્વોને જાણી વિરતિને કરે છે. વળી જ્ઞાનદાનથી પ્રાણી ઉજ્જવળ કેવળજ્ઞાન પામી મોક્ષ પદને પામે છે.''

''મન, વચન અને કાયાએ કરીને જીવનો વધ કરવો નહીં, કરાવવો નહી એ અભયદાન કહેવાય છે. અભયદાન દેવાથી મનુષ્ય પરભવે મનોહર શરીરવાળો દીર્ઘાયુષી, આરોગ્યવંત, રૂપવંત, લાવણ્યવાન તથા શક્તિમાન થાય છે.''

''સ્થૂળ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ અણુવ્રત જિનેશ્વરે કહ્યાં છે. દિગ્વિરતિ, ભોગોપભોગવિરતિ અને અનર્થદંડવિરતિ એ ત્રણ ગુણવ્રત કહેવાય છે અને સામાયિક, દેશાવગાશિક, પૌષધ તથા અતિથિસંવિભાગ એ ચાર શિક્ષાવ્રત કહેવાય છે. સ્થાવર અને ત્રસ્ત જીવોની હિંસાદિકનું સર્વથા વર્જવું એ સર્વવિરતિ કહેવાય છે અને તે સિદ્ધિ રૂપી મહેલ પર ચડવાની નિસરણી છે.''

''જે કર્મને તપાવે તે તપ કહેવાય છે. તેના બાહ્ય અને અભ્યંતર એવા બે ભેદ છે. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ છ પ્રકારનાં બાહ્ય તપ કહેવાય છે તથા પ્રાયશ્ચિત્ત, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ અને શુભધ્યાન એ છ પ્રકારનાં અભ્યંતર તપ કહેવાય છે.''

''જ્ઞાન, દર્શન, ચારિત્ર્યરૂપ રત્નત્રયીના ધારણ કરનારને વિષે અદ્વિતીય ભક્તિ, તેના કાર્યને કરવું, શુભની જ ચિંતા કરવી અને સંસારની નિંદા કરવી એ ભાવના કહેવાય છે.''

''ઉપર્યુક્ત ચાર પ્રકારનો ધર્મ અપાર ફળ (મોક્ષફળ) ને આપવામાં સાધનરૂપ છે, તેથી ભવભ્રમણાથી ભય પામેલા મનુષ્યોએ સાવધાન થઈને તે સાધવા યોગ્ય છે.''

ઉપર પ્રમાણે દેશના સાંભળી ધનશેઠે કહ્યું, ''સ્વામિન્ ! આ ધર્મ ઘણે કાળે મારા સાંભળવામાં આજે આવ્યો છે. આટલા દિવસ સુધી હું મારા કર્મથી ઠગાયો છું.'' આ પ્રમાણે કહી ગુરુનાં ચરણકમળને તથા બીજા મુનિઓને વંદન કરી પોતાના આત્માને ધન્ય માનતો તે પોતાના નિવાસસ્થાને ગયો.

સાર્થવાહે તે રાત્રિ પસાર કરી સવાર થતાં મંગળ ધ્વનિ સાંભળતાં તે જાગી ગયો અને આગળ પ્રસ્થાન કરવા તૈયાર થયો. થોડા દિવસોના પ્રસ્થાન પછી બધા વસંતપુર પહોંચી ગયા ત્યાં ધનશેઠે કેટલોક માલ વેચ્યો અને ત્યાંથી કેટલોક નવો માલ ખરીદ કર્યો. દ્રવ્યાદિકથી ભરપૂર થઈ ધનશેઠ પુનઃ ક્ષિતિપ્રતિષ્ઠિત પુરે આવ્યો. કેટલાક કાળે આયુષ્ય પૂર્ણ થતાં તે કાળધર્મ પામ્યો.

મુનિદાનના પ્રભાવથી તે જ્યાં સર્વદા એકાંત સુસમ નામનો આરો વર્તે છે એવા ઉત્તરકુરુક્ષેત્રમાં સીતા નદીના ઉત્તર તટ તરફ યુગલિયા તરીકે ઉત્પન્ન થયો. ત્યાં યુગલિયાનું આયુષ્ય પૂર્ણ કરી તે ધનશેઠનો જીવ પૂર્વજન્મના દાનના ધર્મથી સૌધર્મ દેવલોકમાં દેવતા થયો. કાળે કરી ધન સાર્થવાહનો જીવ તેરમા ભવે મરુદેવા માતાની કુક્ષીએ જન્મી ચાલુ ચોવીસીમાં પહેલા તીર્થંકર ઋષભદેવ થયા.

# રુદ્રસૂરિ આચાર્ય

પૂર્વકાળમાં સુશોભિત દેહવાળા, જ્ઞાની, સેંકડો સાધુઓના પરિવારવાળા તથા સાધુના પાંચે આચાર[1] પાળવામાં ઉત્કૃષ્ટ[2] રુદ્રસૂરિ નામના આચાર્ય મહારાજ થઈ ગયા. તેમના ગચ્છમાં ચાર સાધુઓ બહુ પ્રખ્યાત હતા : બંધુદત્ત, પ્રભાકર, સોમિલ અને કાલિક.

તે ચારમાં પહેલા બંધુદત્ત નામના મુનિ વાદલબ્ધિમાં બહુ હોશિયાર હતા. પોતાના તથા પરદર્શનના અભ્યાસી તે મુનિરાજ વિકટ તર્કને ઉકેલી શકવાની પોતાની અસાધારણ શક્તિથી બધા વાદીઓને હરાવી દેતા હતા. તેમને માટે પંડિત લોકો કલ્પના કરતા કે 'તે મુનિથી વાદમાં જિતાવાથી જ મનથી હલકા બનેલા ગુરુ તથા ભાર્ગવ (શુક્ર) ગ્રહરૂપે જાણે આકાશમાં ફરે છે.' તે મુનિ દોષરહિત તથા અલંકારયુક્ત ગદ્ય તથા પદ્ય લખવામાં કવિત્વ-શક્તિવાળા હતા. શબ્દનો ઉચ્ચાર કરવામાં તેમનો એવો અદ્‌ભુત કાબૂ હતો કે 'પ' વર્ગ તથા 'ત'વર્ગનો એક પણ શબ્દ ન આવે તે રીતે હોઠને તેમ જ દાંતને જીભ અડાડ્યા સિવાય પ્રતિવાદી સાથે વાદ કરતા એક વર્ષ સુધી પણ હારતા નહિ.

બીજા મહાતપસ્વી માસક્ષમણ વગેરે દુષ્કર તપ કરવાવાળા પ્રભાકર નામના મુનિ હતા. તે મુનિરાજ રત્નાવલી, મુક્તાવલી, લઘુ અને બૃહત્સિંહ નિષ્ક્રીડિત, આચામ્લ વર્ધમાન, ભદ્ર, મહાભદ્ર વગેરે ભિક્ષુપ્રતિમાદિ તપશ્ચર્યાઓ અનેક વખત કરી ચૂક્યા હતા. આ પ્રમાણે તે શાસનનો ઉદ્યોત કરાવાવાળા મહાન તપસ્વી હતા.

ત્રીજા સોમિલ નામના મુનિ નિમિત્ત કહેવામાં સર્વથી કુશળ હતા. તે નિમિત્તશાસ્ત્રનાં આઠે અંગો, હાથની ત્રણ રેખાની જેમ ભૂત, વર્તમાન તથા ભવિષ્યની વાતોને કહી શકતા હતા. તે સોમિલ મુનિ આઠ અંગોમાં અંતરિક્ષવિદ્યામાં - આકાશમાં દેખાતી શુભ કે અશુભને સૂચવનારી ચેષ્ટાઓ સંબંધી, ભૂમિવિદ્યામાં પૃથ્વીકંપ વગેરે ક્યારે થશે તે તથા અંગવિદ્યામાં ડાબી જમણી આંખ ફરકવાના ફાયદા અથવા નુકશાન, સ્વરોદયમાં સૂર્યનાડી કે ચંદ્રનાડી વહેવાની શી અસર થશે, સામુદ્રિક વિદ્યામાં પુરૂષ - સ્ત્રીનાં સારાં ખરાબ લક્ષણો સંબંધી અને સ્વપ્ન શાસ્ત્રમાં શુભ-અશુભ સ્વપ્ન સંબંધી જ્ઞાનવાળા હતા. આ પ્રમાણે નિમિત્તશાસ્ત્રમાં તેમનું કથન યથાર્થ સત્ય પડતું; જેથી રાજા, મંત્રી ઈત્યાદિ સર્વને તેઓ પ્રતિબોધ આપી ધર્મ પમાડતા અને બોધ કરી શકતા હતા.

ચોથા કાલિક નામના મુનિ હતા. તેમણે દુષ્કર ધર્મકૃત્યો કરીને ત્રણે જગત માટે કાંટા સમાન પ્રમાદરૂપી ચોરને વશ કર્યો હતો. ઈર્યા સમિતિથી આગળની ભૂમિને

---

૧. પાંચ આચાર = ૧. જ્ઞાનાચાર ૨. દર્શનાચાર ૩. ચારિત્રાચાર ૪. તપાચાર ૫. વીર્યાચાર

૨. ઉત્કૃષ્ટ = સર્વથી અધિક

જોઈને ઉપયોગપૂર્વક, જાણે કે નરકના જીવોને ઉદ્ધાર કરવાની ચિંતાવાળા હોય તેમ નીચું મોઢું રાખી ધીમે ધીમે ચાલતા હતા. બહુકાળ પર્યંત વિનયની સાથે મુખપાઠ કરેલ વિદ્યા વહી જવાની જાણે બીક લાગતી હોય તેમ મોઢું ઉઘાડીને બોલતા જ નહીં. પાત્રા આદિ પૂજ્યા પ્રમાજ્યા સિવાય લેતા કે મૂકતા નહીં. ધ્યાન રાખીને નિર્જીવ પવિત્ર ભૂમિ ઉપર તેઓ મળ-મૂત્રને પરઠવતા.

જિનેશ્વરની આજ્ઞાથી અધિત સત્ય વચન જ તેઓ બોલતા અને સમ્યક્‌શાસ્ત્રને અનુકૂળ મનોયોગપૂર્વક સર્વ આચારો તેઓ આચરતા. આમ પવિત્રતાના નિધાન જેવા તે મુનિ સર્વને પ્રશંસા કરવાને યોગ્ય હતા. પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિરૂપી' આઠ પ્રવચનમાતાઓની તેઓ હંમેશા આરાધના કરતા.

ગુણ પારખી શકનાર ગુણાનુરાગી મનુષ્યો આ બધા મુનિવરોનાં પૂજાસત્કાર જ્યારે વિશેષ કરવા લાગ્યા ત્યારે તેઓને મળતાં આદરસત્કાર જોઈ નહિ શકવાથી રુદ્રાચાર્ય હૃદયમાં બળવા લાગ્યા. ઈર્ષ્યાળુ માણસો કોઈને પણ ગુણોથી પૂજાતા તથા પ્રભાવ ફેલાવતા જોઈ શકતા નથી, ઊલટું અશુભ કરવાનો જ વિચાર કરે છે. આ મુનિઓ તો પોતાના જ શિષ્યો હતા. એમના સત્કારથી કે એમની પ્રસિદ્ધિથી તો આચાર્ય મહારાજને આનંદ થવો જોઈએ. પરંતુ સ્વભાવનું ઔષધ નથી.

એક વખત પાટલીપુત્ર નગરમાં ભિદુર નામના એક વાદી આવ્યો, જે દર્શનાશાસ્ત્રમાં નિપુણ હતો. તેનું નામ ભિદુર હતું. તેને જૈન મુનિઓને પણ વાદમાં જીતવાની ઈચ્છા હતી. તેની સાથે વાદ કરી બંધુદત્ત મુનિએ ભિદુરને હરાવ્યો. તેને હરાવી બંધુદત્તમુનિ ખૂબ મહોત્સવપૂર્વક શ્રી સંઘની સાથે પોતાના ગુરુદેવ આચાર્યશ્રી રુદ્રદત્તસૂરિજીની પાસે આવ્યા. ઉપાશ્રયમાં દાખલ થતાં જ બધાં ભાઈબહેનોએ તેમની પ્રશંસા કરવા માંડી. સૌએ તેમના વિજયનો ઉદ્‌ઘોષ કર્યો. આવાં વાક્યો સાંભળીને, કુશળ હોવા છતાં પણ તેમના ગુરુ રુદ્રદત્તસૂરિના કાનમાં જાણે શલ્ય ઘૂસતું હોય તેમ થયું અને તેમના મોઢા ઉપર રોષની છાયા ફરી વળી.

સંઘ સહિત બંધુદત્ત મુનિએ ગુરુને વંદન તથા સ્તુતિ કર્યાં, છતાં રુદ્રાચાર્ય ઈર્ષ્યાથી કાંઈ બોલ્યા જ નહિ. બંધુદત્તના ગુણની પ્રશંસા કરવાનું તો દૂર રહ્યું, પણ શું બન્યું તે અંગે પણ કંઈ પૃચ્છા કરી નહીં. મોટા મોટા માણસો પણ ઈર્ષ્યા આવતાં વિવેકશૂન્ય બની જાય છે. મોટા મોટા જ્ઞાનીઓ પણ જેને વશ થતાં પલટાઈ જાય છે તેવા કષાયોને ધિક્કાર હો!

આ પ્રમાણે ગુરુની ઉપેક્ષા તથા દુર્ભાવથી પઠન-પાઠન આદિ જ્ઞાન ઉપરથી બંધુદત્ત મુનિનું ચિત્ત ખસવા લાગ્યું. તેમણે લગભગ જ્ઞાનાદિનો અભ્યાસ એવી રીતે છોડી દીધો કે ક્રમે ક્રમે વિદ્યાના અભ્યાસ વિના તેઓ જડ જેવા બની ગયા. પાણી ન પાવાથી નાના બાગમાંથી જેમ પાંદડાં, ફળ અને ફૂલોનો નાશ થઈ જાય છે તેમ ગુરુ તરફના ઉત્સાહરૂપી જળના સિંચન વિના બંધુદત્ત મુનિનાં જ્ઞાનરૂપી પુષ્પો સૂકાઈને ખરી જવા લાગ્યાં. જ્ઞાન અને ક્રિયા બંનેમાં તેઓ શિથિલ થઈ ગયા.

એ સમયે સાકેતપુર નામના નગરમાં નિષ્કૃપ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે

૧. મન ગુપ્તિ = આર્ત કે રૌદ્ર ધ્યાનથી મનને અટકાવવું તે
૨. વચન ગુપ્તિ = સાવદ્ય વચન ન બોલવું તે
૩. કાય ગુપ્તિ = જગ્યાને પુંજી પ્રમાર્જીને ઉઠવું બેસવું તે.

દયાહીન, કૃપણ તથા ક્રૂર હતો. તે પાપ કરવામાં પાછું વાળી જોતો ન હતો. શિકાર વગેરે રૂપ હિંસા કરતો, જૂઠું બોલતો, ચોરી કરતો અને વ્યભિચાર વગેરે સર્વ મોટાં પાપો તે આચરતો.

ભ્રષ્ટ બુદ્ધિવાળો તે રાજા પુરોહિતની પાસે જુદી જુદી જાતના યજ્ઞ કરાવતો અને બ્રાહ્મણોને વિના સંકોચે સોનું, જમીન મીઠું, તલ વગેરેનું તે દાન કરતો. દયાહીન અને અધર્મી રાજા જૈન મુનિઓને અનેક પ્રકારની પીડા કરતો. આ કારણોથી જૈન મુનિઓ સાકેતપુર નગરમાં આવતા ન હતા.

આવી સાકેતપુરની વાત સાંભળીને નિમિત્તજ્ઞાનમાં કુશળ સોમિલ મુનિ પોતાના ગુરુમહારાજ રુદ્રદત્તસૂરીશ્વરજી કહેવા લાગ્યા કે 'ભગવાન ! જો આપ આજ્ઞા આપો તો હું નિમિત્તશાસ્ત્રની કળાથી સાકેતપુરના રાજાને બોધ કરવા પ્રયત્ન કરું.' ગુરુએ તે દુષ્ટ રાજાને બોધ આપવા માટે જવાની તેમને આજ્ઞા આપી.

દયાના સમુદ્ર તે સોમિલ મુનિ સાકેતપુર જઈને મુખ્ય મંત્રીને ઘેર વસતિ યાચીને રહ્યા. તે જ દિવસે પોતે કરાવેલા નવા આવાસમાં બ્રાહ્મણોએ બતાવેલાં મુહૂર્તે રાજા ગૃહપ્રવેશની સર્વ તૈયારી કરાવતો હતો. નિમિત્ત શાસ્ત્રમાં કુશળ સોમિલ મુનિએ પોતાના જ્ઞાનથી ભવિષ્યમાં થનારો અનર્થ જાણીને તે રાજાના મંત્રીને કહ્યું, 'મંત્રીશ્વર ! તમારા રાજાને તે ગૃહમાં પ્રવેશ કરતા અટકાવો, કારણ કે અકાળે વીજળી પડવાથી તે મહેલ પડી જવાનો છે. આજે રાત્રે વીજળી પડશે અને તેનું નિવારણ કોઈથી શકે તેમ નથી. બનનાર વસ્તુને કોઈ રોકી શકે તેમ નથી. આ અંગે વધારે ખાતરી કરવી હોય તો ગઈ રાત્રિએ રાજા સ્વપ્નમાં મૂર્તિમંત કાળ જેવો સર્પ જોયો હતો તે વિશે રાજાને પૂછીને ખાતરી કરજો અને હું જે કહું છું તે સત્ય માનીને તમને જે કલ્યાણકારી જણાય તે તમે કરજો.'

મંત્રીએ રાજસભામાં આવી રાજાને સર્વ હકીકત જણાવી. રાજા પણ આશ્ચર્યચકિત થઈ વિચારવા લાગ્યો : 'અહો ! આ મુનિનું કેવું અદ્ભુત જ્ઞાન ! રાત્રિનાં મેં જોયેલું સ્વપ્ન તેમણે કઈ રીતે જાણ્યું ? એ વાત સાચી છે, તેથી આજે વીજળી પડવાની વાત પણ ચોક્કસ સત્ય જ હોવી જોઈએ. માટે નવા મહેલમાં હું આજે તો પ્રવેશ નહિ જ કરું.'

નિમિત્ત પ્રમાણે તે રાત્રિએ વીજળી પડવાથી રાજાએ કરાવેલો નવો મહેલ પડી ગયો. મુનિના જ્ઞાન માટે રાજાને મુનિ પ્રત્યે અહોભાવ ઉત્પન્ન થયો. તેને પ્રતીતિ થઈ કે જૈનધર્મના ત્યાગી મુનિવર્ય સિવાય અન્ય કોઈને આવું યથાર્થ જ્ઞાન હોતું નથી.

બીજા દિવસે તે રાજાએ સોમિલ મુનિને બોલાવ્યા અને પોતાના મસ્તકનો મુકુટ ભોંય પર લગાડીને શુદ્ધ મન, વચન તથા કાયાથી નમસ્કાર કરી મુનિએ બતાવેલા જૈન ધર્મનો સ્વીકાર કર્યો. ત્યારથી તે રાજા અરિહંત ધર્મનો આરાધક બન્યો. ધર્મ પસાયે તેની ભારે ઉન્નતિ થઈ. ગામના પણ ઘણા લોકોએ મિથ્યાત્વનો ત્યાગ કર્યો અને જૈન ધર્મ સ્વીકાર્યો.

ત્યારબાદ રાજાએ શાસનની ઉન્નતિ કરવા તથા પોતાની ભક્તિ પ્રદર્શિત કરવા સોમિલ મુનિને ખૂબ જ આદરપૂર્વક મંત્રીઓ, અધિકારીઓ ઈત્યાદિ સહિત પોતાના ગુરુદેવની સેવા માટે વિહાર કરાવ્યો.

પાસે પહોંચ્યા. પહોંચતાં જ સોમિલ મુનિ તથા સાથે આવેલ સર્વેએ ગુરુ રુદ્રસૂરિને વિધિપૂર્વક વંદન કર્યું. તથા સાથે આવેલ મંત્રી વગેરેએ તે આચાર્ય મહારાજની નવે અંગે પૂજા કરી. બધા લોકો બહુમાનપૂર્વક સોમિલ મુનિની પ્રશંસા કરવા લાગ્યા.

ફરી ફરી થતી સોમિલ મુનિની પ્રશંસાની વાતો સાંભળીને આચાર્ય મહારાજના હૃદયમાં ઈર્ષ્યાનો અગ્નિ બળવા લાગ્યો. પરંતુ લોકલજ્જાને લીધે તેઓ કાંઈ બોલી શક્યા નહીં. પણ જેમ જેમ સોમિલ મુનિએ કરેલી શાસન ઉન્નતિની વાતો સાંભળતા ગયા તેમ તેમ કળથી કરમાયેલા કમળની માફક તેમનું મોઢું પડી જવા લાગ્યું. મનમાં રોષાગ્નિથી બળતા તેમણે સુખશાતાના સમાચાર પણ સોમિલ મુનિને પૂછ્યા નહિ. આથી સોમિલ મુનિનો ઉત્સાહ મંદ થયો.

એ રીતે પ્રભાકર મુનિ આદિ ગચ્છના સારા સારા સાધુઓ પોતાના આચાર્ય મહારાજ રુદ્રાચાર્યની ઈર્ષ્યા તથા ઉપેક્ષાના કારણે પોતે સમર્થ છતાં યોગ્ય પ્રોત્સાહનના અભાવે ઉત્સાહ ઠરી જવાથી પોતપોતાના ગુણોમાં શિથિલ થવા લાગ્યા.

આ બાજુ રુદ્રાચાર્ય ગુણદ્વેષના પાપથી તથા પાછળથી તે પાપનું પ્રાયશ્ચિત ન કરવાથી ત્યાંથી મરીને દેવજાતિમાં ચાંડાળનું કામ કરનારા કિલ્વિ જાતિના કુળમાં ઉત્પન્ન થયા. હલકી જાતિ તથા લાંબા આયુષ્યને લીધે અપમાનાદિ પુષ્કળ સહન કરતા તેઓ ત્યાંથી ચ્યવીને એક બ્રાહ્મણને ઘેર જન્મથી મૂગા પુત્રરૂપે ઉત્પન્ન થયા. પૂર્વના પાપના ઉદયથી રોગથી ભરેલા, દરિદ્રી અને અનેક દુઃખોથી વિટંબણા ભોગવીને તેઓએ ત્યાંથી મરીને અનેક ભવોમાં પરિભ્રમણ કર્યું.

આ કથા આપણને સમજાવે છે કે આપણે ગુણોના અનુરાગી બનવું જોઈએ, કોઈના ગુણ જોઈ-સાંભળી તેના દ્વેષી બનીએ તો ભયંકર પાપમાં પડીએ છીએ.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી અમૃતવેલની સજ્ઝાયમાં જણાવે છે :

**"થોડલો પણ ગુણ પર તણો**
**સાંભળી હર્ષ મન આણ રે.**
**દોષ લવ પણ નિજ દેખતાં**
**નિરગુણ નિજાતમાં જાણ રે."**

આ પ્રમાણે અન્ય ગુણીજનોનો નાનો પણ ગુણ જોઈ હર્ષિત થવું જોઈએ અને પોતાનો અલ્પ પણ દોષ જોઈને પોતાને અવગુણી માનવો જોઈએ.


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

Sandeep Shah
Mehul Shah

**Shah Shantilal Devshi**
**(શાહ શાંતિલાલ દેવશી)**

Wholesaler and semiwholesaler of all kinds of grain & Pulses

ગ્રેઈન માર્કેટ, ત્રણ દરવાજા પાસે, જામનગર - ૩૬૧ ૦૦૧.

Grain Market, Near Three Gate, JAMNAGAR - 361 001.

Ph. : (0288) (O) 2679497 (R) 2679246

૭૯

# નંદ મણિકાર

રાજગૃહ નગરીમાં નંદનામનો એક હોશિયાર મણિકાર રહેતો હતો. તે ઝવેરાતનો ધંધો કરતો હતો. દેશવિદેશના ઘણા ગ્રાહકો તેની દુકાનેથી માલ ખરીદી સંતોષપૂર્વક વ્યવહાર કરતા હતા.

એક દિવસ નંદ પોતાની દુકાને બેઠો હતો ત્યારે તેણે ઘણા માણસો એક ઉદ્યાન તરફ થઈ રહ્યા હતા તે જોયું અને ત્યાંથી પસાર થતાં એક મહાનુભાવને પૂછ્યું, 'આ બધા લોકો ક્યાં જાય છે ?'

તે મહાનુભાવે કહ્યું, 'ગુણશીલ ઉદ્યાનમાં પ્રભુ મહાવીર પધાર્યા છે. તેમનાં દર્શન કરવા તથા દેશના સાંભળવા બધા ત્યાં જઈ રહ્યા છે.'

નંદે વિચાર્યું : ભગવાન મહાવીર આત્મકલ્યાણ અને શાંતિનો માર્ગ બતાવે છે, તો હું પણ એમની દેશના સાંભળવા જાઉં.

તે પોતાના કેટલાક સેવકો સાથે ભગવાન મહાવીરની દેશના સાંભળવા પહોંચી ગયો. પહોંચતા જ તેણે દૂરથી જ ઊભા ઊભા વંદના કરી અને પુરૂષો જ્યાં બેઠા હતા ત્યાં તે સેવકો સાથે બેસી ભગવાનનું પ્રવચન સાંભળવવા લાગ્યો.

ભગવાન પ્રવચનમાં સમજાવતા હતા : 'પેટની ભૂખ તો બહુ ઓછી હોય છે, શેર-બશેર ધાન્યથી પેટ ધરાઈ જાય છે; પણ મનની ભૂખમાં મનુષ્ય કદિ ધરાતો નથી. મેરુ પર્વત જેટલાં સોનાચાંદી મળે તોપણ તેને મનથી તૃપ્તિ થતી નથી. આથી તે સદા અશાન્ત રહે છે. મનની શાન્તિ મેળવવા ઈચ્છાના ઘોડા ઉપર સંયમની લગામ રાખો, જરૂરિયાત ઓછી કરી, મળ્યાં હોય તે સાધનોથી સંતોષ માનો.'

ભગવાનના પ્રવચનની નંદના મન ઉપર સારી અસર થઈ. તે ભગવાન સન્મુખ આવીને બોલ્યો : "ભગવાન આપની વાત સાચી છે. મારો પણ અનુભવ એવો જ છે. મન ઉપર સંયમ રાખવાથી આત્માને શાંતિ મળે છે. આપના ઉપદેશોનો હું સ્વીકાર કરૂં છું."

ભગવાને કહ્યું, 'જો આ વાત તમને સ્વીકાર્ય હોય તો તેને અમલમાં મૂકતાં વિલંબ ન કરવો જોઈએ.' નંદ મણિકારે પ્રભુ પાસે શ્રાવકના બાર વ્રત ગ્રહણ કર્યાં અને વ્રતધારી શ્રાવક બન્યો.

તેણે ધર્મ-આરાધના કરવા માંડી. ખાવામાં સંયમ રાખતો, આઠમ-ચૌદશે તે ઉપવાસ સાથે પૌષધ કરતો. વેપારમાં બહુ જ પ્રામાણિકતા રાખતો.

ત્યારબાદ ઘણાં વર્ષો સુધી પ્રભુની દેશનાનો અવસર ન મળ્યો એટલે નંદ ધીરે ધીરે ધર્મશ્રદ્ધામાં શિથિલ થતો ગયો.

એક વાર તેને ત્રણ દિવસના નિર્જળ ઉપવાસ (પાણી પણ લેવાનું નહીં) કરવાનો ભાવ જાગ્યો. પૌષધશાળામાં બેસી અઠમનું પચ્ચક્ખાણ લઈ ધર્મઆરાધનામાં બેસી ગયો. ઉનાળાના દિવસો હતા. ગરમી સખત પડતી હતી. તેથી નંદ મણિકારને સખત તરસ લાગી. પચ્ચક્ખાણના લીધે પાણી તો પીવું નથી. તે પરસવે રેબઝેબ થઈ ગયો. તે મનમાં ને મનમાં વિચારે છે - જો પાણી પીવાનું હોય તો એક ઘડો પાણી પી લઉં. તે વિચારે ચડી ગયો. પાણીની કીંમત તેને સમજાઈ અને તે બોલી ઊઠ્યો, "ધન્ય છે તેમને કે જેઓએ જનકલ્યાણ અર્થે કૂવા, વાવ, તળાવ અને સરોવર તેમ જ પરબો વગેરે બનાવ્યાં છે. મારે આવું કોઈ સરસ પુણ્યનું કામ કરવું જોઈએ." એણે નિશ્ચય કર્યો. ત્રીજા ઉપવાસની છેલ્લી રાત્રે ધર્મચિંતન તે ભૂલી ગયો અને વ્યાકૂળ મને પાણીના જીવોના આરંભ-સમારંભનું ભાન ભૂલીને કૂવા તળાવોની યોજના ઘડતો રહ્યો.

બીજે દિવસે સવારે અઠમ તપનું પારણું કર્યા પછી તે શ્રેણિક મહારાજની રાજસભામાં ગયો. રાજાને યોગ્ય ઉપહાર ધરી રાજાની જય બોલાવી.

મહારાજાએ કુશળતાના સમાચાર પૂછી આવવાનું કારણ પૂછ્યું.

નંદ મણિકારે હાથ જોડી કહ્યું, 'મહારાજ ! મારી ઈચ્છા રાજગૃહીમાં વૈભારગિરિ પર્વતની તળેટીએ એક વિશાળ વાવ લોકોપયોગ માટે

બાંધવાની છે. આપ એ અંગે યોગ્ય જગ્યા આપો એવી મારી અરજ છે.'

રાજા શ્રેણિકે પ્રસન્નતાપૂર્વક જણાવ્યું, 'રાજ્ય આવાં લોકસેવાનાં કામ માટે તૈયાર છે. જોઈએ એટલી જગ્યા આ કામ માટે મારા તરફથી ભેટ આપું છું.'

નંદ મણિકારે રાજાને ધન્યવાદ આપતાં જણાવ્યું, 'રાજગૃહીની શોભા વધે એવી વાવ હું બંધાવીશ.'

'શુભસ્ય શીઘ્રમ્' એ ન્યાયે બીજા દિવસથી વાવ માટે ખોદવાનું કામ શરૂ થયું થોડા જ દિવસોમાં વાવ તૈયાર થઈ ગઈ. નામ આપ્યું 'નંદાપુષ્કરિણી', તેની પૂર્વ દિશાએ એક મોટી ચિત્રસભા બનાવી, જ્યાં જુદાં જુદાં ચિત્રોનો સંગ્રહ કરી ગોઠવ્યાં. સાથે ચિત્રશાળામાં બેસવા માટે બાંકડા વગેરેની યોગ્ય સગવડો કરી. દક્ષિણ દિશામાં એક ભોજનશાળા બનાવી, જ્યાં કોઈ પણ જાતના વળતર લીધા વગર યાત્રી, બ્રાહ્મણ, અતિથિ આદિ ભોજન કરતા હતા. પશ્ચિમ દિશામાં એક રુગ્ણાલયમાં બનાવ્યું, જ્યાં વૈદ્ય રોગીઓને દવા આપતા અને યોગ્ય ચિકિત્સા કરતા હતા. ઉત્તર દિશાએ એક આરામશાળા બનાવી, જ્યાં હજામો તેલમર્દન આદિ કરતા. નંદાપુષ્કરિણી ઉપર હવે દરરોજ ભારે ભીડ રહેવા લાગી.

નંદ મણિકાર પોતાના મહેલના ઝરૂખામાં બેઠો બેઠો આ જોતો અને ખૂબ જ રાજી થતો.

ગામના લોકો તથા બહારગામથી આવતા લોકો આ વાવ જોઈ તેના બનાવનાર નંદની બહુ જ પ્રશંસા કરતા : ધન્ય છે એ ધર્માત્માને જેણે પરોપકાર માટે આવું પુણ્યનું કામ કર્યું.

બીજાઓના મોઢે પોતાની પ્રશંસા સાંભળી નંદ ફૂલણજીની માફક ફુલાતો, 'મેં કેવું સરસ કામ કર્યું છે. રાજગૃહીમા જ નહીં પૂરા મગધ રાજ્યમાં મારા નામનો ડંકો વાગે છે.' તે વાવડીની ચારે બાજુ ફરતો, મનમાં ને મનમાં હરખાતો વારંવાર પોતાની વડાઈ વિચારતો : 'હજારો આત્માઓને આથી શાંતિતૃપ્તિ મારા કામથી થાય છે. વાહ!'

યશ માટેની તીવ્ર કામના, અહંકારની પ્રબળ ભાવના, વાવ પ્રત્યે ઊંડી આસક્તિ, અપ્કાય જીવોના આરંભસમારંભ વગેરે કારણે નંદ રાતદિવસ વાવડીના વિચારોમાં જ રચ્યોપચ્યો રહેતો.

થોડાં વર્ષો બાદ નંદ માંદો પડ્યો. ઝેરી તાવ લાગુ પડ્યો. વૈદ્યોએ ઘણી દવાઓ કરી, કંઈક જાતના લેપ વગેરે કર્યા પણ રોગમાં કંઈ ફાયદો ન થયો. આવા રોગમાં પીડાતો હોવા છતાં કોઈ વાવ માટે તેનાં વખાણ કરતું તો તે હર્ષિત થઈ જતો. વાવ પ્રત્યેની ઘેરી આસક્તિ ચાલુ રહી. મરતી વખતે પણ વાવનાં દેડકાઓનો ટર્ર ટર્ર અવાજ સાંભળતો અને આ જન્મમાં પોતે કેવું કામ કર્યું છે તેની મગરૂબી સમજતો.

મર્યા પછી તેનો જીવ તે જ પુષ્કરિણી વાવમાં દેડકારૂપે ઉત્પન્ન થયો. વાવના કાંઠે રહે. કોઈ વાર તે વાતો સાંભળતો. એક વાર કોઈ બોલ્યું કે, 'આ વાવ નંદ મણિકારે બનાવી છે.' તે સાંભળી તે દેડકાને થયું : 'હેં! નંદ મણિકાર ? આ નામ તો મેં સાંભળેલું છે.' આમ વિચારતાં વિચારતાં તેને પૂર્વભવ સાંભર્યો. 'ઓહ! ગયા જન્મમાં હું નંદ મણિકાર નામનો શેઠ હતો. ભગવાન મહાવીરનાં દર્શન કરી મેં ધર્મ ગ્રહણ કર્યો હતો. અઠમની તપસ્યામાં ભૂખતરસથી પીડાતો હતો ત્યારે મનથી એક સુંદર વાવ બનાવવાનો મેં નિર્ણય કર્યો હતો.' વિચારોમાં તે ઊંડો ઊતરતો જ ગયો. તેને પૂર્વજન્મનો વધુ ને વધુ ખ્યાલ આવતો ગયો : 'પોતે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો હતો પણ પૂર્ણ રીતે તેનું પાલન નહોતો કરી શકતો. વાવ પુષ્કરિણીના નિર્માણમાં પોતે પોતાની બધી ધર્મ-આરાધના ભૂલી ગયો હતો અને અંતિમ સમયે પુષ્પકરિણીની ઘેરી આસક્તિને લીધે જે પોતે માનવદેહ ત્યાગી દેડકારૂપે એ જ વાવમાં ઉત્પન્ન થયો હતો. અરે રે! મેં ધર્મઆરાધના ચાલુ રાખી હોત તો હું સ્વર્ગનો દેવ બન્યો હોત પણ નામ અને યશની ભૂખમાં મેં બધું ગુમાવ્યું અને તિર્યંચનો ભવ હું પામ્યો.'

તેને પૂર્વભવમાં કરેલાં પાપોનો પશ્ચાત્તાપ થયો. ભગવાન મહાવીરની દેશના તેને યાદ આવી, એટલે ભાવપૂર્વક ભગવાન મહાવીર સામે જ છે. એમ સમજી પોતાના બે પગ ઊભા કરી તે દેડકાએ ભગવાનને ભાવનસ્કાર કર્યા.

હવે આ દેડકાનો જીવ ખાલી માટીનો આહાર કરતો. બબ્બે દિવસના વ્રત લઈ કંઈ ખાતો નહીં, અને દિનરાત ભગવાન મહાવીરનું સ્મરણ કરતાં શાંતિપૂર્વક જીવતો.

એક દિવસ લોકો જતાં જતાં વાતો કરતા હતા કે પ્રભુ મહાવીર રાજગૃહીમાં પધાર્યા છે. આ સાંભળી દેડકો હર્ષિત થયો અને લોકો જે તરફ જતા હતા તે તરફ કૂદકા મારતો જવા લાગ્યો. મનમાં ધ્યાન પ્રભુ મહાવીરનું જ હતું. ત્યાં એક બાજુથી રાજા શ્રેણિકની સવારી પણ નીકળી, પ્રભુ મહાવીરને વાંદવા. કાળનું કરવું તે દેડકાનો દેહ શ્રેણિકના ઘોડાના પગ નીચે આવી કચડાઈ ગયો. આવી ભયંકર વેદનાના સમયે પણ મરતા દેડાકાએ ભગવાન મહાવીરને ભાવવંદના કરી અને તે અવસાન પામ્યો.

મરીને આ દેડકાનો જીવ સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. અહીં જન્મતા બધા જ દેવો તરુણ અવસ્થામાં હોય છે, બાળક નથી હોતા. ત્યાં જન્મ લેતાં કેટલાંક દેવદેવીઓ તેની તરફ ફૂલો વરસાવતાં પૂછવા લાગ્યાં, 'મહાનુભાવ, તમોએ એવાં ક્યાં પુણ્યો કર્યાં હતાં કે દેવતાનો ભવ પામ્યા ?'

દેવકુમારે જ્ઞાનથી બન્ને પૂર્વભવો જોયા. નંદ મણિકારના ભવમાં યશ, નામની તીવ્ર આસક્તિના કારણે મરી દેડકાના ભવમાં ગયો. ત્યાં તપત્યાગના કારણે અને મરતી વખતે ભગવાનનું સ્મરણ કરેલું તેથી આ દેવગતિ મળી છે. આ બધું તેણે દેવદેવીઓને જણાવ્યું.

દેવકુમાર સિંહાસનથી નીચે ઊતર્યો. ભગવાન મહાવીરને ભાવભરી વંદના કરી તે મનોમન બોલ્યો, ''ધન્ય પ્રભુ ! તમારા શરણે આવ્યાથી મારો ઉદ્ધાર થયો.''

એક વાર ભગવાન મહાવીર રાજગૃહીના ગુણશીલ ઉદ્યાનમાં બિરાજ્યા હતા. ત્યાં દિવ્ય પ્રકાશ સાથે એક દેવતાં બીજાં કેટલાંક દેવદેવીઓ સાથે ઊતર્યો અને ભગવાનને વંદના કરી કહ્યું : 'ભગવાન ! હું આપની ધર્મસભામાં દિવ્ય નૃત્યસંગીતથી ભક્તિભાવના કરવા ઈચ્છું છું.' ભગવાન તરફથી કોઈ જવાબ ન મળતાં મૌનને જ સ્વીકૃતિ સમજી તેણે નવા નવા વૈક્રિય દેહો બનાવી જમણા હાથ બાજુ અનેક દેવતાઓ તથા ડાબા હાથ બાજુ અનેક દેવીઓ પ્રગટ કરી, નૃત્યસંગીત શરૂ કર્યું. અનેક પ્રકારનાં વાજિંત્રો દેવો વગાડી રહ્યા હતા. ઘણા વખત સુધી દૈવી નૃત્ય સંગીત ચાલ્યું. હાજર હતા તે બધા 'વાહ ભાઈ, વાહ !' પોકારી ઊઠ્યા : 'આવું નૃત્યસંગીત તો કદિ જોયું નથી.'

નૃત્યની માયા સમેટી લેતા મુખ્ય દેવતાએ પ્રભુને હાથ જોડી કહ્યું, 'પ્રભુ ! મારી ભક્તિ સ્વીકારી આપે મારા ઉપર અપાર કૃપા કરી છે, હું ધન્ય બની ગયો.'

ફરી ફરી વંદના કરી એ દેવતા સ્વર્ગ તરફ પ્રયાણ કરી ગયો.

આ બધું જોઈ ભગવાન મહાવીરના પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિએ પૂછ્યું : 'ભગવાન ! આ દેવ કે જેણે આપ સમક્ષ ઉપસ્થિત થઈ આવું અપૂર્વ નૃત્યસંગીત કર્યું તે કોણ દેવ હતા ?'

ભગવાને જવાબમાં કહ્યું, 'ગૌતમ ! એ સૌધર્મ દેવલોકનો દર્દુર નામનો દેવ હતો. હાલમાં જ તે દેવરૂપે ત્યાં ઉત્પન્ન થયો છે. ચાર હજાર દેવો અને અનેક દેવીઓ તેની સેવામાં હાજર છે. તે અવધિજ્ઞાનથી રાજગૃહી નગરીમાં હું આવ્યો છું તે જાણી લઈ ભક્તિવશ પોતાની દિવ્ય રિદ્ધિ બતાવવા અત્રે આવેલ.'

ગૌતમ સ્વામીએ પૂછ્યું, 'ભન્તે ! એ દેવે એવાં તે ક્યાં શુભ કર્મો કર્યાં હતાં કે તેઓ આવી વિશાળ રિદ્ધિ સિદ્ધિનો સ્વામી બન્યો ?'

ભગવાન મહાવીરે જવાબમાં આ નંદ મણિકારના બન્ને ભવોની વાત કહી સંભળાવી.

# ૯૦ ધન્ના શેઠ અને વિજય ચોર

ધન્ના શેઠ રાજગૃહી નગરમાં રહેતા હતા. તેઓ ધનવાન તથા ઘણી પ્રતિષ્ઠાવાન વ્યક્તિ હતા. તેમને ભદ્રા નામની પત્ની હતી. બધી જાતનું સુખ હોવા છતાં તેઓ નિ:સંતાન હતા અને તેનું દંપતીને ભારે દુ:ખ હતું.

તેમની પત્નીએ ઘણી બાધા-આખડી રાખી, અનેક દેવદેવીઓની પૂજા-અર્ચના કરી. આખરે તેમને પુત્ર પ્રાપ્તિ થઈ. દેવદેવીઓની કૃપાથી પુત્રપ્રાપ્તિ થઈ છે એમ સમજી તેમણે પુત્રનું નામ દેવદત્ત રાખ્યું.

દેવદત્ત થોડો મોટો થયો. એક દિવસે નવરાવી, સારાં વસ્ત્રો-અલંકારો પહેરાવી પુત્રને નોકર ચેટક પંથક સાથે રમવા મોકલ્યો. નોકર ચેટક પંથક લાપરવાહ હતો. તે પોતે બીજા છોકરાઓ સાથે રમત રમતો હતો. તે વખતે લાગ જોઈ રાજગૃહીનો પ્રખ્યાત ડાકુ વિજય તે બાળકને અલંકારસહિત જોતાં ઉપાડી ગયો. નગર બહાર દેવદત્તના બધા દાગીના ઉતારી લીધા અને તેને ગામ બહારના એક અંધારા કૂવામાં નાખી દીધો, જ્યાં દેવદત્તનું મૃત્યુ થયું.

થોડા વખત પછી ચેટક પંથકને દેવદત્ત યાદ આવ્યો. ચારે બાજુ તપાસ કરી પણ ક્યાંય ન દેખાતાં તેણે ઘર જઈ ભદ્રા શેઠાણીને દેવદત્ત ખોવાઈ ગયાના ખબર આપ્યા. ધન્ના શેઠે તપાસ કરાવી. ચારે બાજુ માણસો મોકલ્યા. રાજાજીના સેવકોની સહાય લીધી. આખરે કૂવામાંથી દેવદત્તની લાશ મળી. માતાપિતાને સખત આઘાત લાગ્યો. જાણે તેમના ઉપર વીજળી પડી. નગરરક્ષકોએ ચોરનાં પગલાં ઉપરથી જંગલામાં જઈ વિજય ચોરને પકડી પાડ્યો. રાજાએ એનું માથું મુંડાવી આખા ગામમાં ફેરવી અંતે જેલમાં નાખ્યો.

કેટલાક દિવસો પછી એક સાધારણ અપરાધ માટે ધન્ના શેઠ પકડાયા અને તેમને તે જ જેલ કે જેમાં વિજય ચોર હતો ત્યાં રાખવામાં આવ્યા.

જેલના અમલદારે કંઈ સમજ્યા વિના ધન્ના શેઠને અને વિજય ચોરને એક જ બેડીથી બાંધ્યા. એક નો જમણો હાથ, બીજાનો ડાબો હાથ, બેડી એક. ધન્ના શેઠ પોતાના દીકરાના હત્યારાને જોતાં ઘણા દુ:ખી થયા. પણ શું કરે ? કર્મ બળવાન !

ધન્ના શેઠ માટે ભોજન તેમના ઘરેથી ભદ્રા શેઠાણી મોલકતી. ધન્ના શેઠે જમવાનું શરૂ કર્યું ત્યારે ચોરે થોડું ખાવાનું માગ્યું. પણ ધન્ના શેઠે કંઈ પણ આપવાનો ઈન્કાર કર્યો.

થોડા વખત બાદ ધન્ના શેઠને જાજરૂ જવાની જરૂર લાગી. તે માટે તેમણે વિજયને સાથે આવવા કહ્યું. વિજયે સાથે આવવા ઈન્કાર કર્યો. ઘણી સમજાવટ પછી, બીજે દિવસે ઘરેથી આવતા ટિફિનમાંથી ખાવાનું ખાવા વિજય ચોરને ધન્ના શેઠ આપશે એવી સમજુતી થઈ અને એકબીજાને સહાયભૂત થવાનું નક્કી થયું. ધન્ના શેઠ તો કંઈ પણ આપવા રાજી ન હતા પણ પોતાની લાચારી સ્વીકારી, પોતાના માટે આવતા ભોજનમાંથી વિજય ચોરને યોગ્ય પ્રમાણમાં ખાવાનું આપવા લાગ્યા.

નોકર ચેટક પંથક ખાવનું આપવા જેલમાં જતો હતો. તેણે ત્યાં ઉભા ઉભા જોયું કે શેઠ પોતાના ખાવાનામાંથી વિજય ચોરને ખાવાનું આપે છે. એ જો તે આશ્ચર્ય પામ્યો. તેણે ઘરે જઈ ભદ્રા શેઠાણીને વાત કરી કે શેઠ વિજય ચોરને પોતાના ભોજનમાંથી ભોજન આપે છે.

શેઠાણીથી આ કેમ સહન થાય ? પોતાના દીકરાના હત્યારાને પોતાના ભોજનમાંથી ભાગ કેમ અપાય ? તે ક્રોધથી ભભૂકી ઉઠી. પોતાનું રાંધેલું અનાજ પેલો હત્યારો કેમ ખાય ?

ધન્ના શેઠને થોડા જ દિવસની જેલની સજા હતી. સજા પૂરી થતાં તેઓ ઘરે આવ્યા. બધાંએ તેમનું સ્વાગત કર્યું પણ પત્નીએ તેમની સામે જોયું સુધ્ધાં નહીં. આથી ધન્નાએ ભદ્રાને પૂછ્યું, 'કેમ તું પ્રસન્ન નથી ? હું જેલમાંથી આવ્યો એનો રાજીપો પણ તું દેખાડતી નથી !'

ભદ્રાએ કહ્યું, 'હું શી રીતે રાજી હોઉં ? મારા દીકરાના હત્યારાને તમે મારા મોકલેલા ભોજનમાં ભાગ આપ્યો. એ મારાથી કેમ સહન થાય ?'

ધન્ના શેઠ ભદ્રાનું દુઃખ સમજી ગયા. પરિસ્થિતિ સમજાવતાં કહ્યું, 'દેવાનુંપ્રિયે ! મેં એ વેરીને ખાવાનામાંથી ભાગ જરૂર આપ્યો છે. હું લાચાર હતો. મારૂં એ વખતે એ કર્તવ્ય હતું. ન્યાય કે પરોપકાર અર્થે મેં ભોજન નથી આપ્યું.' બધી વાત સમજતાં ભદ્રાનો કોપ શાંત થયો. વિજય ચોર પોતાના ઘોર પાપને લીધે મરીને નરકનો મહેમાન બન્યો. ધન્ના શેઠે થોડા વખત પછી ધર્મઘોષ મુનિ પાસે દીક્ષા લીધી. અંતે સ્વર્ગમાં દેવતા થયા.

આ વાર્તાનો સાર એ છે કે ધન્ના શેઠે આસક્તિના કારણે વિજય ચોરને આહાર નહોતો આપ્યો, પણ શારીરિક સ્થિતિને કારણે ભોજન ચોરને આપવું પડ્યું હતું. વળી, નિર્ગ્રંથ મુનિ શરીર પ્રત્યે આસક્તિથી ભોજન નથી લેતા, પણ શરીરની સહાયની સમ્યક્ જ્ઞાન, દર્શન, અને ચારિત્ર્ય માટે અને એમની વૃદ્ધિ માટે, શરીરના પાલનપોષણ માટે એમણે ભોજન લેવું પડે છે.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

હિતેષભાઇ કામદાર

PRINTERS
Screen & Offset Printers

17-B, Digvijay Plot, Summair Club Road, Jamnagar - 361 005.
(O) 0288 - 2676960 (M) 98242 50931

# ૮૧ બાહડ મંત્રી

બાહડ મંત્રીના પિતા ઉદયન મંત્રી મરતી વખતે મહા મૂંઝવણ અનુભવતા હતા. શત્રુંજયગિરિ ઉપર જીર્ણ થયેલ પ્રાસાદને નવો પથ્થરમય બનાવવા ધાર્યું હતું, પણ મોતનું તેડું વહેલું આવ્યું. તેઓ જિર્ણોદ્ધાર કરાવી ન શક્યા. પુત્ર બાહડ નવું મંદિર શત્રુંજયગિરિ ઉપર જરૂર બાંધશે એવી હૈયાધારણ મળ્યા બાદ તેઓ શાંતિથી સમાધિમાં અવસાન પામ્યા.

પિતાજીની આખરી ઈચ્છા પૂરી કરવા બાહડે શત્રુંજય ઉપરનું જિર્ણ મંદિર તોડી નવું પાષાણમય બનાવવા નિશ્ચય કર્યો. જ્યાં સુધી મંદિરનો પાયો ન ખોદાય ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન, દરરોજ એકાસણું, પૃથ્વી પર શયન અને તાંબુલનો ત્યાગ એવા અભિગ્રહો ગ્રહણ કર્યા.

વખત ગુમાવ્યા વગર શત્રુંજયતીર્થે સંઘ સાથે જવા નક્કી કર્યું. બીજે દિ' પાટણમાં ઘોષણા કરાવી કે ''બાહડ મંત્રી શત્રુંજયનો સંઘ કાઢે છે. જેણે આવવું હોય તે આવી શકે છે. દરેકે આ પ્રમાણે છ નિયમો પાળવા પડશે : (૧) બ્રહ્મચર્યનું પાલન, (૨) ભૂમિશયન, (૩) દિવસમાં એક જ ટંક ભોજન, (૪) સમકિતધારી રહેવું પડશે, (૫) સજીવ વસ્તુનું ભોજન નહીં કરાય અને (૬) પદયાત્રા. દરેકની ભોજન આદિની વ્યવસ્થા બાહડ મંત્રી કરશે.''

આ ઘોષણા સાંભળી ધર્મપ્રેમી જનતા હર્ષઘેલી બની ગઈ. હજારો નર-નારીઓ શ્રી શત્રુંજયતીર્થે યાત્રામાં જોડાયા. શુભમુહૂર્તે મંગળ પ્રયાણ શરૂ થયું.

ગામે ગામ યાત્રિકોનું સ્વાગત થતું. દરેક ગામથી બીજા યાત્રિકો જોડાતા. દરેક ગામે મહામંત્રી મોકળા મને દાન કરતા, જિનમંદિરોમાં ઉલ્લાસથી પૂજા-ભક્તિ કરતા.

આ યાત્રાનો શુભ ઉદ્દેશ્ય સૌ સમજતા હતા. ગિરિરાજ ઉપર નવું ભવ્ય જિનમંદિર બનાવવા મહામંત્રી સંઘ સહિત જઈ રહ્યા છે. પિતા ઉદયનની અંતિમ ઈચ્છાને પુત્ર બાહડ પૂરી કરશે ! કરોડો રૂપિયાનો સદ્વ્યય થશે.

સંઘ ગિરિરાજની પવિત્ર છાયામાં પહોંચ્યો. સંઘ સહિત મહામંત્રી શત્રુંજયનો ડુંગર ચડી ગયા. હજારો યાત્રિકોએ બુલંદ અવાજથી દાદા આદીશ્વરનો જયનાદ કર્યો. બધા ભાવપૂર્વક દર્શન-પૂજા-ચૈત્યવંદન આદિ કરી ધન્ય બન્યા.

મહામંત્રી બાહડ પોતાની સાથે પાટણથી શિલ્પીઓને લાવેલા. તેમની સાથે તેમણે ચોર બાજુથી મંદિરનું નિરીક્ષણ કર્યું, જિર્ણોદ્ધાર માટે પ્રાથમિક વિચાર-વિમર્શ કર્યો. ડુંગર ઉતરી સૌ તળેટીએ આવ્યા, પ્રેમથી ભોજન આરોગ્યું.

શત્રુંજય ડુંગર ઉપર જિનમંદિર બે વર્ષે તૈયાર થયું. બાહડ મંત્રીને સમાચાર મળ્યા કે મંદિર તૈયાર થઈ ગયું છે. સમાચાર આપનાર કર્મચારીને સુવર્ણમુદ્રા ભેટમાં આપી રાજી કર્યો.

પણ કાળનું કરવું, બીજે દિવસે ખબર આવ્યા કે સખત પવનને લીધે મંદિરનો કેટલોક ભાગ તૂટી ગયો છે. તાબડતોડ બાહડ મંત્રી ગિરિરાજ પર પહોંચ્યા. શિલ્પીઓ નિરાશ વદને તૂટેલાં મંદિરનાં પથ્થરો જોઈ રહ્યા હતા. મંત્રીશ્વરે પૂછ્યું, 'આમ કેમ બન્યું ?'

મુખ્ય શિલ્પીએ જવાબ આપ્યો, 'આ ઊંચો પહાડ છે. પહાડ પરના મંદિરમાં ભમતી નહિ બનાવવી જોઈએ. પણ અમોએ બનાવી. તેમાં હવા ભરાઈ ગઈ તેના જોરે આ મંદિર તૂટ્યું.'

બાહડ મંત્રીએ કહ્યું, 'કંઈ વાંધો નહીં. ફરીથી ભમતી વગરનું મંદિર બનાવો.'

'પણ મંત્રીશ્વર ભમતી વિના મંદિર કેવી રીતે બનાવી શકાય ?'

'કેમ ? શી તકલીફ છે એમાં ?'

'ઘણી મોટી તકલીફ છે. મંત્રીશ્વર !'

'શું ?'

'વગર ભમતીનું મંદિર બનાવનારનો વંશ નિર્વંશ રહે છે. તેમને ત્યાં વંશવૃદ્ધિ થતી નથી.'

''ઓહ ! આ જ તકલીફ છે ને ?' મહામંત્રીએ હસતાં હસતાં કહ્યું. 'એમાં ચિંતા શું કરો છો ? મુંઝાઓ છો શા માટે ? મને વંશની કામના નથી. ભવ્ય મંદિર બનવું જ જોઈએ. હું નિર્વંશ રહું તેની મને ચિંતા નથી. કોને ખબર છે - સંતાન સંસ્કારી રહેશે કે કુસંસ્કારી ? અને કોણ જાણે છે કે મારાં સંતાનો મારી કીર્તિને ઉજ્જવલ જ રાખશે ? સંતાન સારાં ન નીવડ્યાં તો એ મારી કીર્તિને ધૂળમાં પણ મેળવી દે. એટલે હું નિર્વંશ રહું તો ભલે ! મારે મન આ મંદિર એ જ સર્વસર્વા છે.

ફરીથી શરૂ કરો. જેમ બને તેમ જલ્દી મંદિર પૂરૂં કરો.''

મહામંત્રીની આ નિષ્કામ ભક્તિની વાત ગુજરાત ને સૌરાષ્ટ્રના ઘરેઘરમાં વહેતી થઈ ગઈ.

બાહડ મંત્રીએ મંદિરનું કામ પૂરૂં કરાવ્યું. પ્રભુ આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવા મહામંત્રીએ પોતાના આરાધ્ય ગુરુદેવ શ્રીહેમચંદ્રાચાર્યને પ્રેમપૂર્વક વિનંતી કરી.

વિક્રમ સંવત ૧૨૧૧ના એક શુભ શનિવારે આચાર્યદેવે ધામધૂમથી પ્રતિષ્ઠા કરાવી. આ મહોત્સવમાં ભાગ લેવા ભારતભરમાંથી હજારો ભાવિકો આવ્યા. સૌએ બાહડ મંત્રીની, તેમની જિનભક્તિ - પિતૃભક્તિ અને દાનશૂરતાની ભારોભાર પ્રશંસા કરી. સૌ એક જ વાત કરતા હતા : 'ધન્ય પિતા ! ધન્ય પુત્ર !'

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

ગુઢકા પરિવાર




પ્રવિણ દેવચંદ પુંજાભાઇ ગુઢકા
દીનાબેન પ્રવિણ ગુઢકા
જસ્મીન પ્રવિણ ગુઢકા
રીટા જસ્મીન ગુઢકા
પ્રવિણ ગુઢકા
અવનિ જીજ્ઞેશ ગુઢકા
ખુશી જસ્મીન ગુઢકા
માહી જીજ્ઞેશ ગુઢકા

Beauty Corner School Uniform

Specialist in :
School Uniform Clothes & Readymade Black & White Shoes (Branded Co.)
Socks. Tie Belt, School Bags, Woolen Garments, Shawls, Caps.Sweaters etc.

A-2, New Super Market, Jamnagar - 361 001. Ph. : 02679277 Fax : 2711278

૮૨

# ભીમા કુલડિયા

બાહડ મંત્રી પાટણથી સિદ્ધાચળનો સંઘ લઈ આવ્યા હતા. સંઘમાં આવેલ સર્વેએ શત્રુંજયની જાત્રા કરી. બધાને સમાચાર મળી ગયા કે બાહડ મંત્રી પ્રભુ આદિનાથનું શત્રુંજય ઉપરનું દહેરું પાષાણથી બાંધે છે, લાખો રૂપિયા તેઓ ખરચવાના છે.

આ અંગે કેટલાક શ્રેષ્ઠીઓ વિચારવા લાગ્યા. આ પુણ્યકામમાં આપણે પણ કંઈ ભાગ લઈએ. આવા વિચારે રાત્રે કેટલાક શ્રેષ્ઠીઓએ બાહડ મંત્રીના ઉતારે આવી વિનંતી કરી કે, 'આપ ગિરિરાજ પર ભવ્ય જિનમંદિરનું નવનિર્માણ કરાવી રહ્યા છો. અલબત્ત, આપ એકલા જ મંદિરનું નવનિર્માણ કરવા સાધનસંપન્ન છો. પરંતુ આ પુણ્યકામમાં અમને પણ ભાગીદાર બનાવો. અમે ફૂલ નહીં ને ફૂલની પાંખડી પણ આપીએ એવો અમારો ભાવ છે. અમે માનીએ છીએ કે અમારી આ વિનંતી આપ સ્વીકારી લેશો અને અમને પણ પુણ્યલાભ લેવાની તક આપશો.'

મહામંત્રીએ આ વિનંતીનો સહર્ષ સ્વીકાર કર્યો. બીજા દિવસે શત્રુંજયની તળેટીએ વિશાળ સભા મળી. તેમાં મહામંત્રીએ જાતે ઘોષણા કરી :

'જે કોઈ ભાઈ-બહેનને શત્રુંજય ઉપર બનનાર ભવ્ય જિનમંદિરના નવનિર્માણના કાર્યમાં પોતાના ધનનો સદ્વ્યય કરવો હોય તે પ્રેમથી પોતાનું દાન આપે. સૌ પોતાના દાનની રકમ લખાવે. મુનીમજી તે ભાગ્યશાળીનું નામ અને રકમ લખી લેશે.'

ઘોષણા પૂરી થતાં જ દાતાઓનાં દાન લખાવા લાગ્યાં. કોઈ બે લાખ, કોઈ એક લાખ, કોઈ પચાસ હજાર એમ લખાવવા લાગ્યા. દાતાઓની દાન-ભાવના અને જિનભક્તિ જોઈને મહામંત્રીનું હૈયું હરખાઈ ઉઠ્યું. એવામાં તેમની નજર સભાની એક બાજુએ એક સામાન્ય માનવી ઉપર મંડાઈ, જે ભીડમાં અંદર આવવા માટે પ્રયત્ન કરી રહ્યો હતો. પણ તેનો મેલોઘેલો વેશ જોઈ કોઈ તેને અંદર આવવા નહોતું દેતું. માનવપારખું બાહડ મંત્રીએ જોયું કે એ આગંતુકના હૈયે પણ દાન કરવાની ભાવના ઉછળી રહી છે. એટલે મહામંત્રીએ એક અનુચર મોકલી તેને પોતાની પાસે બોલાવ્યો. તેણે આવીને પ્રણામ કર્યા.

મંત્રીએ પૂછ્યું : 'પુણ્યશાળી ! તમારૂં નામ શું?'

'ભીમા કુલડિયા. પાસેના ટીમાણા ગામમાં રહું છું.'

મંત્રી વધુ પૂછપરછ કરે છે, 'શો ધંધો કરો છો?'

'મહામંત્રીજી ! પુણ્યહીન છું. અશુભ કર્મનાં બંધનો હજી તૂટ્યાં નથી. મહેનતમજૂરી કરું છું. ઘરે એક ગાય છે તેનું ઘી અત્રે ઘરેઘરે ફરીને વેચું છું. તેમાં જે કંઈ મળે તેનાથી અમારો, પતિ-પત્ની બન્નેનો જીવનનિર્વાહ થાય છે.'

'અહીં શા માટે આવ્યા છો?'

'બજારમાં ઘી વેચતાં જાણ્યું કે ગુજરાતના મહામંત્રી વિશાળ સંઘ લઈ અહીં પધાર્યા છે. આથી થયું કે લાવ, આજે ગિરિરાજની યાત્રા કરૂં. યાત્રા કરીને આવ્યા બાદ જાણ્યું કે આપ ગિરિરાજ ઉપર ભવ્ય જિનમંદિરનું નવનિર્માણ કરાવી રહ્યા છો અને સૌને પુણ્યલાભ મળે એ માટે આપ દાન લઈ રહ્યા છો. આથી મને ભાવના થઈ કે હું પણ કંઈક...'

ભીમો વધુ બોલી ન શક્યો. દાનની રકમ બોલતાં તે અચકાયો. 'ભીમજી ! દાન દેવામાં શરમાવાની જરૂર નથી. તમારે જેટલું દાન કરવું હોય તેટલું પ્રેમથી કરો.' બાહડે પ્રેમથી કહ્યું.

'મંત્રીશ્વર ! મારી પાસે અત્યારે માત્ર સાત પૈસાની મૂડી બચી છે. મારી પાસે એક રૂપિયો હતો. તેનાં પુષ્પો ખરીદી ભગવાન આદિનાથને ચડાવ્યાં. હવે મારી પાસે ફક્ત સાત પૈસા વધ્યા છે. આટલી નાની રકમ આપ સ્વીકારી શકો તો મને હું ભાગ્યશાળી સમજીશ.' એમ કહેતાં ભીમાની આંખમાં આસું આવી ગયાં.

બાહડની આંખ પણ ભીમાની ભાવનાથી ભીની થઈ. કેવી ઉદાત્ત ભાવના ! મંત્રીશ્વર ઉભા થઈ ગયા અને મુનીમજીને કહ્યું :

'મુનીમજી ! દાતાઓની નામાવલીમાં સૌ પહેલું નામ ભીમા કુલડિયાનું લખો.'

મહામંત્રીની આ ઘોષણા સાંભળી સભામાં ઘેરો સન્નાટો છવાઈ રહ્યો. સૌ વિચારતા રહ્યા : 'આ ભીમાજીએ કેટલું દાન લખાવ્યું. હશે કે તેમનું નામ દાનની નામાવલીમાં પહેલું?'

મહામંત્રીએ જાહેર કર્યું : 'આ ભીમા કુલડિયા આજે પોતાની તમામ સંપત્તિનું દાન કરી રહ્યા છે. તેમની પાસે હતી તે બધી જ મૂડી આજે તેઓ આ પુણ્યકામમાં આપી રહ્યા છે. ધન્ય છે તેમની ઉદારતાને ! અને ધન્ય છે તેમની ભાવનાને...!'

સભાજનોએ પણ ભીમાને ધન્યવાદ આપ્યા.

ભીમાએ પોતાની કેડમાં ખોસેલા સાત પૈસા કાઢ્યા અને આનંદથી મહહામંત્રીને આપ્યા. એ સાત પૈસા ખખડાવીને મહામંત્રીએ કહ્યું, 'સભાજનો ! જુઓ, ભીમાજીની આ સંપૂર્ણ મૂડી ! તેમની આ કમાણી તેઓ પૂરેપૂરી દાનમાં આપી રહ્યા છે. આપણે બધા દાન કરીએ છીએ, લાખ હોય તો પાંચ-દશ હજારનું, પરંતુ આ ભીમાજી તો પોતાની પૂરી મૂડી જ આપી રહ્યા છે. પાસે કંઈ જ રાખ્યા વિના, કાલની કશીય ચિંતા કર્યા વિના દાદાને ચરણે પોતાની મહામૂલી પૂરેપૂરી કમાણી ધરી રહ્યા છે. મારા મતે ભીમાજીનું દાન મારા કરતાં પણ અનુપમ અને અદ્વિતીય છે.

સર્વોત્તમ છે.'

'ધન્ય ભીમાજી ! ધન્ય !' પ્રચંડ હર્ષનાદ કરતી સભા વિખરાઈ. ભીમાજી પોતાના ગામે પાછો ફર્યો. હરખાતાં હરખાતાં તેણે ઘરમાં પ્રવેશ કર્યો.

'ઓહો ! આજે કંઈ બહુ ખુશ છો ?' ઘરમાં દાખલ થતાં જ ભીમાને પત્નીએ સવાલ કર્યો.

'પ્રિયે ! મારી ખુશી તને શી રીતે સમજાવું ? મારૂં તો જીવન આજે ધન્ય બની ગયું.'

'એવું તે શું બન્યું ? મને કહો તો ખરા.'

ભીમાએ હરખાતા મને બધી વાત કરી. વાત હજી પૂરી થાય તે પહેલા જ પત્ની બોલી ઉઠી :

'બધી કમાણી દાનમાં દઈ આવ્યા ? ધન્ય થઈ ગયું તમારૂં જીવન, કેમ ? તમને ઘરનો વિચાર સરખોય ન આવ્યો ? શું ખાશો સાંજે ?' પત્ની ગુસ્સાથી હાંફી રહી હતી. તેના મગજની કમાન છટકી ગઈ હતી. ભીમાનું દાન તેનાથી સહન ન થયું.

'ગુસ્સે ન થા, દેવી ! શાંતિથી વિચાર કર ! જ્યાં લાખો રૂપિયાનાં દાન કરનાર હોય ત્યાં આપણી સાત દમડીનો શો હિસાબ ? અને સાત પૈસા તો કાલે કમાઈ લેશું. પણ દાનની આવી તક કંઈ ફરી ફરીને થોડી મળે છે. ! સાત પૈસાના બદલામાં કેટલો બધો પુણ્યલાભ થયો છે મારા હૈયે કેટલો બધો આનંદ છલકાય છે તેનો તું જરા હિસાબ માંડ.'

'માંડો તમે બધો હિસાબ, મારે નથી માંડવો. આપણે ગરીબ છીએ. એવાં દાન દેવાનો શોખ આપણને ના પરવડે. આપણે પહેલાં પેટનો વિચાર કરવો જોઈએ, પુણ્યનો નહીં...'

'જો દેવી ! એ સાત પૈસા દાનમાં દીધા ન હોત તો તેનાથી કેટલું સુખ મળત ? સાત પૈસા જેટલું ને ? હવે મને તું એ કહે કે મારા આત્માને સુખ અને આનંદ મળે તો તું રાજી થાય કે નહીં ?'

'તમે તો કેવા ગાંડા પ્રશ્ન પૂછો છો ?'

'તો ગાંડી ! જે સાત પૈસાથી આપણી ગરીબી દૂર થવાની ન હતી તે સાત પૈસા દાનમાં આપી દેવાથી મને બેહદ સુખ અને અપૂર્વ આત્માનંદ થયો છે તે જાણીને તારે તો મારા દાનની અને ભાવનાની અનુમોદના કરીને મહા પુણ્યલાભ મેળવવો જોઈએ.' ભીમાએ સભામાં મહામંત્રીએ કેટલા પ્રેમથી તેને આવકાર્યો હતો અને આખી સભાએ તેની ભાવનાનો કેવો જયનાદ કર્યો હતો તે બધું વિગતે કહી સંભળાવ્યું.

'ક્ષમા કરો, નાથ ! મારી ભૂલ થઈ ગઈ. તમે સાચે જ મહાપુણ્ય ઉપાર્જન કર્યું છે.'

પત્નીને પ્રસન્ન થયેલી જોઈ ભીમો અતિ હર્ષ પામ્યો અને પોતાના કામે વળગ્યો. તે દિવસે સાંજે પત્ની ગાય દોહવા ગઈ. ગાય દોહી પાછી આવીને તેણે ભીમાને કહ્યું, : 'ગાયને બાંધવાનો ખીલો નીકળી ગયો છે. તેને જરા બરાબર ઠોકી દો ને !' તે ભીમો ગમાણમાં ગયો. ત્યાં જઈ તેણે ખીલો ઊંડે સુધી દાટવા જમીન ખોદી. ખોદતાં કોદાળી કશાક વાસણ સાથે ભટકાઈ હોવાનું તેને લાગ્યું. તેણે જોયું તો તે ખાડામાં એક સુવર્ણકળશ હતો. બહાર કાઢીને જોયું તો તેમાં સોનામહોરો ભરેલી હતી. કળશ લઈને તે પત્ની પાસે આવ્યો અને બોલ્યો, 'જોયું ! દાદાનો ચમત્કાર કેવો છે ? ક્યાં સાત પૈસા અને ક્યાં આ સોનાનો કળશ, સોનામહોરોથી ભરેલો ?'

'આપણી ગરીબી દૂર થઈ ગઈ.' પત્ની હર્ષાવેશથી બોલી.

'ના દેવી ! આપણું ન હોય તે નહિ લેવાની મારી પ્રતિજ્ઞાને તું જાણે છે. આ સોનામહોરો આપણી નથી.'

'તો શું કરશો આ સોનામહોરોનું ?'

'જઈને મહામંત્રીજીને આપી આવીશ. તેઓ તેનું જે કરવું હશે તે કરશે.' ભીમો વ્રતધારી શ્રાવક હતો. તે લલચાયો નહી. વ્રતમાં તે ઢીલો ન થયો.

બીજા દિવસે સુવર્ણકળશ લઈને ભીમો બાહડ મંત્રી પાસે પહોંચ્યો. તેણે બધી સોનામહોરો સાથેનો કળશ તેમના ચરણે ધરી દીધો અને જે બન્યું હતું. તે બધું કહ્યું. બાહડ મંત્રી તો ભીમાની નિઃસ્પૃહતા અને વ્રતપાલનની દઢતા જોઈ અહોભાવથી સ્તબ્ધ બની ગયા. બોલ્યા : ''ધન્ય છે ભીમાજી ધન્ય છે તમારી વ્રતપાલનની દઢતાને ! ખરેખર તમે મહાશ્રાવક છો ! આ સોનામહોરો પર તમારો જ અધિકાર છે. તમને તે તમારા ઘરમાંથી જ મળી છે. તમારો પુણ્યોદય જાગવાથી તમને આ સંપત્તિ મળી છે. તમે જ ખરા માલિક છો. આથી તમે એને પ્રેમથી પાછી લઈ જાઓ.'' પણ ભીમાએ તે લેવાનો ઈન્કાર કર્યો. મહામંત્રીએ ફરી તેને સમજાવ્યો. ભીમો એક નો બે નહોતો થતો ત્યાં ઓચિંતા જ કપર્દિ યક્ષ પ્રગટ થયા. તેમને જોઈને બંનેએ ઉભા થઈ નમસ્કાર કર્યા. યક્ષરાજે કહ્યું :-

'ભીમા ! આ ધન તમે તારા પુણ્યોદયથી મળ્યું છે. તારાં અશુભ કર્મો હવે પૂરા થયાં. આ ધન હું તને પ્રેમથી આપું છું, લઈ લે તું...' એટલુંબોલી કપર્દિ યક્ષ અદશ્ય થઈ ગયા.

હવે ભીમો ના પાડી શકે તેમ ન હતો. મહામંત્રીનું ભાવભીનું આતિથ્ય માણી સોનામહોરો ભરેલો કળશ લઈ તે પોતાને ઘરે પાછો ફર્યો. 'લો દેવી ! કપર્દિ યક્ષે આપણને આ ભેટ આપી છે. ખરેખર શ્રી આદિનાથનો પ્રભાવ અચિંત્ય છે એમાં કોઈ શંકા નથી.'

સંતુષ્ટ પત્નીએ કહ્યું, 'નાથ ! આ તો આપની વ્રતદઢતાનું જ ફળ છે.'

# ૪૩ દેવાનંદા અને ઋષભદત્ત

બ્રાહ્મણ કુણ્ડગ્રામ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણ તેની પત્ની દેવાનંદા સાથે રહેતો હતો. બન્ને ધર્મિષ્ઠ અને વેદ તથા જીવાજીવ નવતત્ત્વ આદિનાં જ્ઞાતા શ્રમણોપાસક શ્રાવક શ્રાવિકા હતાં.

એક દિવસ તેમણે સાંભળ્યું કે ભગવાન મહાવીર આ નગરના બહુશાલ ઉદ્યાનમાં પધાર્યા છે. તેથી તેઓ ભગવાનને વંદન કરવા નીકળ્યાં.

બન્ને ભગવાન પાસે પહોંચ્યા, ભગવાનને વંદન કરી ભગવાનની સામે હાથ જોડી ઊભા રહ્યાં. દેવાનંદાએ ભગવાનની સામે જોયું અને તેના દિલમાં વાત્સલ્યનો સાગર ઉછળી રહ્યો. હર્ષવિશમાં તેના સ્તનમાંથી દૂધ વહેવા લાગ્યું. માના વાત્સલ્યને અને દૂધનો ઘેરો સંબંધ છે. મહાવીર પ્રભુને પ્યારથી તે જોતી રહી અને તેના સ્તનમાંથી દૂધ ઝરતું રહ્યુ. તેનું આખું શરીર રોમાંચિત થઈ ગયું. રોમરોમમાં સુખની વર્ષા તે અનુભવતી રહી. તે એકીટશે પ્રભુને નીરખતી રહી.

ભરી સભામાં બનેલી આ આશ્ચર્યકારક ઘટનાને જ્ઞાનથી જાણીને ભવ્ય જીવોના હિત માટે ગૌતમ સ્વામીએ પ્રભુ મહાવીરને પૂછ્યું, 'ભન્તે ! આ શું બન્યું ? દેવાનંદા બ્રાહ્મણીનાં સ્તનોમાંથી દૂધ કેમ ઝરવા માંડ્યું ? આ કેવો સ્નેહભાવ ?'

પ્રભુએ કહ્યું, 'ગૌતમ ! આ દેવાનંદા બ્રાહ્મણી મારી માતા છે. હું દેવાનંદાનો આત્મજ પુત્ર છું.' વધુ ખુલાસો કરતાં પ્રભુએ સમજાવ્યું કે 'હું દેવલોકથી ચ્યવ્યા પછી એની કુક્ષીમાં બ્યાસી દિવસ રહ્યો હતો. એટલે સ્નેહ અને અનુરાગવશ આમ બનવું સ્વાભાવિક છે.'

ભગવાનના સ્વમુખે આ વૃત્તાંત સાંભળી ઋષભદત્ત અને દેવાનંદા અતિ હર્ષ પામ્યાં. ત્યારબાદ પ્રભુની આત્મહિતકારી દેશના એક ચિત્તે સાંભળી. વૈરાગ્યભાવ પ્રગટતાં એ જ વખતે પોતાનાં આભૂષણો ઉતારી સાધુ-સાધ્વીનો વેશ પહેરી પંચમુષ્ટિ કેશલોચ કર્યો અને પ્રભુ પાસે દીક્ષા લઈ ઉત્કૃષ્ટ સંયમની આરાધના કરી અંતે સિદ્ધ થયાં.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

શ્રી જયાબેન ગુલાબચંદ મૂલચંદ મારૂ પરિવાર
મોટા માંઢા, હાલ - લંડન

હસ્તે : નિલેશ, તથા રાજેશ

20-Ardew Road, Ficheley, London N-3, 3AN (U.K.)

૮૪

# ચાંપો વણિક

ચાંપો નામનો એક વણિક એક ગામથી બીજે ગામ જવા જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. તેની પાસે તે વખતે પુષ્કળ ધન હતું. ઘણું ધન તેણે કેડે બાંધેલું હતું. રસ્તામાં તેને ત્રણ લૂંટારુ મળ્યા.

લૂંટારુઓએ બૂમ પાડી, 'એય કોણ છે ? ઊભો રહી જા.' ચાંપાએ ઊંટ ઊભો રાખ્યો. મુખ્ય લૂંટારુએ પૂછ્યું, 'તારી પાસે ધન હોય તે આપી દે. કેટલું ધન છે ? બોલ.'

ચાંપો કહે, 'ધન તો ઘણું છે. આ શરીર ઉપર ઘણા દાગીના છે તેમ જ કેડે પણ ઘણું ધન બાંધેલું છે. પણ તમે કોણ છો એ તો કહો.' ચાંપો ભારે સત્યવાદી અને એટલો જ નિર્ભીક* હતો.

લૂંટારુ કહે : 'અમે લૂંટારા છીએ અને તને લૂંટવા માગીએ છીએ.'

ચાંપો કહે : 'તમે ભીખારી હો તો હું કંઈક દાન આપી શકું. પણ તમે મને લૂંટવા માંગતા હો તો એક કોડી પણ નહિ મળે.'

સરદાર કહે : 'લૂંટારુ છીએ – કોઈનું દાનધર્માદા લેતા નથી. અમે મર્દ છીએ, લૂંટીને લઈએ છીએ.'

ચાંપો કહે : 'તો લડવા તૈયાર થઈ જાઓ. હું પણ મર્દનો બચ્ચો છું.'

લૂંટારા અને ચાંપો સામાસામા લડવા તૈયાર થયા. ચાંપો છલાંગ મારી ઊંટ ઉપરથી નીચે ઉતર્યો. એક લૂંટારુ કહે 'શું તને ઊંટ ઉપરથી બાણ ચલાવતાં નથી આવડતું ?'

ચાંપો કહે : 'આવડે તો બધું છે, પણ તમે નીચે ઉભા હો અને હું ઊંટ ઉપર બેઠો હોઉં એ લડવામાં અનીતિ કહેવાય. અનીતિનું યુદ્ધ મારાથી ન થાય.'

લૂંટારુનો સરદાર વાણિયાની આ વીર વાણી સાંભળી દંગ થઈ ગયો. એટલામાં પોતાના ભાથામાં પાંચ બાણ હતાં તેમાંથી ચાંપાએ બે બાણ ફેંકી દીધાં. આ ચેષ્ટા જોઈને સરદારનું આશ્ચર્ય વધી ગયું. 'અલ્યા ! આ શું કર્યું. ? બે બાણ કેમ ફેંકી દીધા ?'

ચાંપાએ કહ્યું : 'જુઓ તમે ત્રણ જણા છો. મારાં ત્રણ બાણ તમોને પૂરા કરી જ દે એની મને ખાતરી છે. બીજું એ કે મારે અનિવાર્ય પ્રસંગે લડવાનું બને તો એક જણ ઉપર એક જ બાણ મારવાનો નિયમ છે. રખેને એક બાણ ભૂલથી વધારે મરાઈ જાયતો મારા નિયમનો ભંગ થાય. એટલે બે બાણ ફેંકી દીધાં, ત્રણ બાણ બસ છે.'

સરદાર કહે : 'તો શું તું એવો તીરંદાજ છે કે તારું નિશાન ખાલી ન જ જાય ?'

'હા... જરૂર!'

એક લૂંટારો કહે : 'તો ઉપર ઉડતા પક્ષીને મારી બતાવ!'

ચાંપો કહે : 'હું જૈન શ્રાવક છું. નિરપરાધી જીવને મારવાનો મારો અભિગ્રહ (નિયમ) છે. છતાં મારી તીરંદાજીની ખાતરી કરવી હોય તો આ મારા ગળાની માળા તમારા માથા ઉપર રાખો અને દૂર ઉભા રહો. મારું બાણ એ માળા લઈને ચાલતું થશે અને તમારો વાળ પણ વાંકો થશે નહિ. મારૂં એક બાણ જરૂર ઓછું થશે, પણ એને તો પહોંચી વળીશ.'

ચાંપાના કહ્યા મુજબ કરવામાં આવ્યું અને સડસડાટ કરતું તીર સરદારના માથા ઉપર રહેલી માળાને લઈને ચાલી ગયું.

લૂંટારુઓનો સરદાર ચાંપા શેઠની મર્દાનગી, સાહસિકતા, નીડરતા, સત્યપ્રિયતા, લક્ષ્યવેધકતા અને

---

* ભય વગરનો

નીતિમત્તા જોઈ ખૂબ જ આનંદ પામ્યો અને બોલ્યો : 'શેઠ! તમારા જેવા નરવીરની આ ધરતીને જરૂર છે. આવા મર્દોની અમારે ખાસ જરૂર છે.'

ચાંપાએ સરદારની વાત સાંભળીને કહ્યું, 'તમે લૂંટારુ નથી લાગતા, પણ કોઈ ઉચ્ચકુળના લાગો છો. તમારી વાણીની સભ્યતા એમ જ કહે છે. તમે કોણ છો તે કહો.'

સરદારે કહ્યું, 'મારૂં નામ વનરાજ ચાવડો રાષ્ટ્રની રક્ષા કાજે અમારે લૂંટ ચલાવીને ધન ભેગું કરવું પડે છે, બીજો ઉપાય નથી. ચાંપાભાઈ ! જ્યારે તમે એવું સાંભળો કે વનરાજ ચાવડો રાજા થયો છે ત્યારે તમે જરૂર આવજો. તમારી શક્તિનો લાભ રાષ્ટ્રને મળે એમ હું ઈચ્છું છું.'

ચાંપો કહે : 'શું આપ પોતે જ વનરાજ છો ? તો આ મારૂં સર્વસ્વ ધન લઈ લો અને રાષ્ટ્રની રક્ષા કાજે તેનો ઉપયોગ કરો.' એમ કહી ચાંપાએ પોતાની પાસે જે કાંઈ તે વખતે હતું તે બધું જ ધરી દીધું અને 'વધું જોઈએ તો ઘરે ઘણું ધન છે તે પણ આપને મળી રહેશે' એમ વચન આપ્યું.

ચાંપાનું આ ધન વનરાજને ઘણું ઉપયોગી થયું. તેણે રાજ્ય પરત મેળવ્યું અને પાટણ નગરી વસાવી. નગર મધ્યે ભવ્ય મંદિર બંધાવ્યું અને પંચાસર પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી.


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
**પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની**
પ્રેરણાથી *જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક* ને હાર્દિક શુભેચ્છા

**શ્રી દેમતબેન સોજપાર કરમણ ચંદરિયા પરિવાર**
હસ્તે
**જયંતિલાલ સોજપાર ચંદરિયા**
મો. ૯૩૭૬૧ ૫૫૧૦૦/૯૪૨૮૭૨૬૬૦૨
**ઓફીસ :** રૂપેશ બ્રાસ ઈન્ડસ્ટ્રીઝ, કે-૧/૨૪૪લ જી.આઈ.ડી.સી., જામનગર.
**નિવાસ :** ''સ્વપનીલ'', એપાર્ટમેન્ટ, પાર્ક કોલોની, ગુરૂદતાત્રેય મંદિર સામે, જામનગર.
ફોન : (૦૨૮૮) (ઓ.) ૨૫૬૦૬૨૭, (રેસી.) ૨૫૫૨૨૩૯


શ્રી સોજપાર કરમણ ચંદરિયા

**મેનેજીંગ ટ્રસ્ટી**
શ્રી હાલારી વિશા ઓશવાળ આદિજિન સેવા ટ્રસ્ટ
(કસ્તુરધામ) પાલિતાણા
શ્રીમદ વિજય કુંદકુંદ સૂરીશ્વરજી સ્મૃતિમંદિર, ખંભાળીયા
**ડાયરેક્ટ**
ધી કોમર્શિયલ કો. ઓપરેટીવ બેંક લી., જામનગર


શ્રી દેમતબેન સોજપાર ચંદરિયા

# આર્ય રક્ષિત સૂરિ

દશપુર નામના નગરમાં સોમદેવ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને સોમા નામની પત્ની હતી. તે બન્ને જૈનધર્મી હતા. તેમને આર્યરક્ષિત અને ફલ્ગુરક્ષિત નામે બે પુત્રો હતા. તેમાં મોટો પુત્ર પાટલીપુત્ર જઈ સાંગોપાંગ વેદાદિ શાસ્ત્રોનો અભ્યાસ કરીને પોતાના નગરમાં પાછો આવ્યો. તે વખતે રાજાએ મોટા ઉત્સવપૂર્વક તેને હાથી પર બેસાડી નગરપ્રવેશ કરાવ્યો. નગરના લોકો તેનું આગમન જોવા મોટી સંખ્યામાં આવ્યા.

આર્યરક્ષિત ચારે બાજુ નજર ફેરવતો કંઈક શોધતો હતો. તેની નજરમાં ક્યાંય પોતાની મા ન દેખાઈ. તેને થયું, મારા સન્માનાર્થે આખું ગામ આવ્યું છે પણ મારી મા કેમ નથી આવી ? આથી ઉતાવળો બધુ છોડી તે પોતાના ઘરે આવ્યો. મા સામાયિકમાં બેઠી હતી.

સામાયિક પારી માએ આર્યરક્ષિતને પૂછ્યું, 'મજામાં છે ને ?'

આર્યરક્ષિતને આ આવકાર ઠંડો લાગ્યો. તેણે પૂછ્યું, 'મા ! કેમ નારાજ છે ? સારું ગામ મારા આગમનથી પ્રસન્ન છે અને તું કેમ પ્રસન્ન નથી ? મારી વિદ્યાથી તને આનંદ નથી થતો ?'

માએ કહ્યું, 'બેટા ! તું ચૌદ વિદ્યાનું જ્ઞાન ભણીને આવ્યો છે પણ તેં આત્મવિદ્યા પ્રાપ્ત નથી કરી. જો તું આત્મવિદ્યા અને દષ્ટિવાદનું જ્ઞાન શીખીને આવે તો મને અવશ્ય આનંદ થાય.'

'માં ! તે મને કોણ શીખવે ? હું જરૂર ત્યાં જઈ શીખી આવીશ.' માતાએ કહ્યું, 'તારા મામા તોસલિપુત્ર આચાર્ય તે તને શીખવી શકે.'

માતાનું વચન અંગીકાર કરી પ્રાતઃકાળે માતાની રજા લઈ આર્યરક્ષિત મામા પાસે ભણવા ચાલ્યો ગયો.

આર્યરક્ષિત પોતે ગુરુને વંદનાદિક કરવાની વિધિથી અજ્ઞાન હતો તેથી તે ઢઢ્ઢરથ નામના શ્રાવકને સાથે લઈને ગુરુ પાસે ગયો અને શ્રાવકની વિધિ પ્રમાણે ગુરુને વાંદીને બેઠો. પછી તે ઢઢ્ઢરથે ગુરુને આર્યરક્ષિતની જાતિ, કુળ વગેરે કહીને વિશેષમાં એટલું કહ્યું કે, 'આ ચૌદ વિદ્યામાં પારગામી થયો છે અને તેને ગઈ કાલે રાજાએ હાથી પર બેસાડીને પુરપ્રવેશ કરાવ્યો છે.' પછી આર્યરક્ષિતે ગુરુને કહ્યું કે, 'હે ગુરુ ! હું દષ્ટિવાદ ભણવા માટે આપ પૂજ્યના આશ્રયે આવ્યો છું. તે ભણાવીને આપ મારા પર કૃપા કરો.' તે સાંભળી ગુરુએ કહ્યું કે, 'જો દષ્ટિવાદ શીખવું હોય તો તું દીક્ષા ગ્રહણ કર, જેથી અનુક્રમે તને દષ્ટિવાદનો અભ્યાસ કરાવી શકાય.' તે સાંભળીને આર્યરક્ષિતે ગુરુ પાસે દીક્ષા લીધી. પછી તેણે ગુરુને કહ્યું કે, 'મારા અહીં રહેવાથી રાજા, સ્વજનો તથા ગામના લોકો રાગને લીધે બળાત્કારે મને ચારિત્ર્યથી ભ્રષ્ટ કરી લઈ જશે.' તે સાંભળીને ગુરુ પોતાના ગચ્છ સહિત આર્યરક્ષિતને લઈને અન્ય સ્થાને ગયા.

તોસલિપુત્ર ગુરુને જેટલું જ્ઞાન હતું તે સર્વ આર્યરક્ષિતે ગ્રહણ કર્યું. પછી ગુરુની આજ્ઞાથી, વધારે ભણવા માટે તે શ્રી વજસ્વામી પાસે જવા નીકળ્યા. માર્ગમાં કોઈ ગામમાં શ્રીભદ્રગુપ્ત નામના સૂરિ હતા. તેમની પાસે જઈ આર્યરક્ષિતે વંદના કરી. સૂરિજી આર્યરક્ષિતને સર્વગુણયુક્ત જોઈને તેને હર્ષથી આલિંગન આપીને બોલ્યા કે 'હે વત્સ ! મારું જીવન અલ્પ રહ્યું છે. તેથી હું અનશન કરવા ઈચ્છું છું. માટે તું મારી પાટે બેસ એવી હું યાચના કરું છું.' આર્યરક્ષિતે તેમનું વચન માન્ય રાખ્યું. પછી શ્રીભદ્રગુપ્તસૂરિએ અનશન લઈને આર્યરક્ષિતે કહ્યું : 'હે વત્સ ! તું વજસ્વામીની સાથે એક જ ઉપાશ્રયમાં રહીશ નહીં, પણ ભિન્ન સ્થળે રહીને તેમની પાસે શ્રુતનો અભ્યાસ કરજે; કેમ કે જે આયુષ્યવાળો જીવ વજસ્વામીની સાથે એક રાત્રિ પણ રહે તે વજસ્વામી સાથે મૃત્યુ પામે એમ છે.'

આ પ્રમાણેનું તેમનું વચન અંગીકાર કરી, તેમના મૃત્યુ પામ્યા બાદ આર્યરક્ષિતમુનિ વજસ્વામીએ અલંકૃત કરેલી નગરીમાં આવ્યા. પ્રથમ રાત્રિ ગામની બહાર રહ્યા. તે રાત્રિએ પાછલા પહોરે વજસ્વામીને સ્વપ્ન આવ્યું કે તેમના પાત્રમાં રહેલું સર્વ દૂધ કોઈ અતિથિ પી ગયો.

પ્રાતઃકાળે આર્યરક્ષિત મુનિ વજસ્વામી પાસે આવ્યા. તેમને વિધિપૂર્વક વંદના કરીને તેમની પાસે બેઠા અને કહ્યું, 'હું તોસલિપુત્રનો શિષ્ય આપની પાસે અભ્યાસ માટે આવ્યો છું.

મારૂ નામ આર્યરક્ષિત છે. રસ્તામા આવતા શ્રીભદ્રગુપ્તસૂરિના કહેવાથી હું ભિન્ન ઉપાશ્રયમાં રહીશ.' આ સાંભળીને વજસ્વામીએ ઉપયોગ મૂકી નિમિત્ત જાણીને બોલ્યા કે, 'જ્ઞાનના સાગર સમાન તે પૂજ્ય સૂરિજીએ તને યુક્ત જ કહ્યું છે.' પછી વજસ્વામીએ તેને પૂર્વની વાચના આપવા માંડી અને આર્યરક્ષિતે ગ્રહણ કરવા માંડી. અનુક્રમે નવ પૂર્વનો અભ્યાસ કરી લીધો. પછી દશમું પૂર્વ ભણવાને પ્રવર્તેલા આર્યરક્ષિત મુનિને ગુરુએ કહ્યું કે 'હવે દશમા પૂર્વને જલદી ભણ' એટલે આર્યરક્ષિત તે કઠિન પૂર્વને શીઘ્ર ભણવા લાગ્યા.

પેલી બાજુએ, દશપુરમાં આર્યરક્ષિતનાં માતાપિતા પુત્રના વિયોગથી પીડા પામતાં નાના પુત્ર ફાલ્ગુરક્ષિતને આર્યરક્ષિતને બોલાવવા મોકલ્યો. તે નાનો ભાઈ મોટા ભાઈ પાસે આવીને બોલ્યો કે 'હે ભાઈ ! તમે આપણા કુટુંબને પ્રતિબોધ આપવા મારી સાથે ઘેર ચાલો અને મને પણ દીક્ષા આપો.' આર્યરક્ષિતે નાના ભાઈને દીક્ષા આપીને ગુરુને વિનંતી કરી કે 'હે ગુરુદેવ ! આપની આજ્ઞા હોય તો હું મારાં સંસારી માબાપને પ્રતિબોધ કરવા માટે મારે ગામ જાઉં.' ગુરુ બોલ્યા કે 'હે વત્સ ! તું અભ્યાસ કર, ઘેર ન જા.' દશમા પૂર્વના અઘરા પાઠો ભણતાં આર્યરક્ષિત ઠીકઠીક થાક્યા હતા. તેમણે ગુરુજીને પૂછ્યું, 'મેં દશમાંપૂર્વનો કેટલો અભ્યાસ કર્યો અને હવે કેટલું બાકી છે ?'

ગુરુએ હસીને કહ્યું કે 'હે વત્સ ! દશમાં પૂર્વનું એક બિંદુમાત્ર તેં ગ્રહણ કર્યું છે અને સમુદ્ર જેટલું બાકી છે. પરંતુ ખેદ કેમ કરે છે ? તું ઉદ્યમી છે, વળી બુદ્ધિશાળી છે, તેનાથી જલદી દશમું પૂર્વ પણ તું શીખી લઈશ.'

આ પ્રમાણે ગુરુએ વધુ અભ્યાસ કરવા માટે તેને ઉત્સાહિત કર્યો, તોપણ તે નાના ભાઈ સાથે ગુરુ પાસે જઈ વારંવાર કહેવા લાગ્યો કે 'આ મારો ભાઈ મને બોલાવવા આવ્યો છે માટે મને ત્યાં જવાની આજ્ઞા આપો.' ત્યારે ગુરુએ શ્રુતનો ઉપયોગ કરીને જાણ્યું કે 'આ આર્યરક્ષિત અહીંથી ગયા પછી શીઘ્ર પાછો નહીં આવે અને મારૂં આયુષ્ય બહુ થોડું રહ્યું છે; તેથી દશમું પૂર્વ મારામાં જ રહેશે, કોઈ ગ્રહણ કરશે નહીં.' આ ભાવિભાવ જાણીને શ્રી વજસ્વામીએ આર્યરક્ષિતને જવાની રજા આપી.

રજા મળવાથી આર્યરક્ષિત પોતાના નાના ભાઈ સાથે દશપુર નગરે આવ્યા. ત્યાં ધર્મદેશના આપીને પોતાના સમગ્ર કુટુંબને પ્રતિબોધ પમાડ્યું અને ત્યાંનો રાજા પણ સમકિત પામ્યો.

એકદા શ્રી સૌધર્મેન્દ્ર મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા શ્રી સીમંધર જિનેશ્વરને વંદન કરવા ગયા. ત્યાં પ્રભુના મુખેથી નિગોદનું સ્વરૂપ સાંભળીને ઈન્દ્રે પ્રભુને પૂછ્યું કે 'હે સ્વામી ! ભરત ક્ષેત્રમાં આવું સૂક્ષ્મ નિગોદનું સ્વરૂપ કહેનાર કોઈ છે ?' પ્રભુએ કહ્યું કે, 'આર્યરક્ષિત છે.' આ સાંભળીને ઈન્દ્ર ભરત ક્ષેત્રમાં આવ્યા. ત્યાં આર્યરક્ષિતસૂરિને વંદના કરીને તેમણે સૂક્ષ્મ નિગોદનું સ્વરૂપ પૂછ્યું. સૂરિજીએ સૂક્ષ્મ નિગોદનું સ્વરૂપ જેવું છે તેવું કહી બતાવ્યું. સૂરિજીની પ્રશંસા કરીને તુષ્ટ થયેલો ઈન્દ્ર સ્વસ્થાને ગયો.

એ પછી આર્યરક્ષિત સ્વામીએ કેટલીક ધાર્મિક વિધિઓ ત્યાંના રહેવાસીઓને શીખવી અને પોતે આયુષ્ય પૂર્ણ થતાં અનશન કરીને સ્વર્ગે ગયા.

જ્ઞાની હોવા છતાં શ્રી આર્યરક્ષિત માતાનાં વચનોને માન આપી દષ્ટિવાદનું જ્ઞાન મેળવવા ઘર છોડી ગુરુ પાસે ગયા. આ રીતે માતાનું મહત્ત્વ સ્વીકારી સારો દાખલો બેસાડ્યો.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને
હાર્દિક શુભેચ્છા

નવીનભાઈ શાહ
ભાવિનભાઈ શાહ

મે. નવીનચંદ્ર રમેશચંદ્ર
એન્ડ કંપની

અનાજ, કરીયાણા તથા પૌવા, મમરાના
વેપારી અને કમીશન એજન્ટ

ત્રણ દરવાજા પાસે, ચેમ્બર રોડ,
ગ્રેઈન માર્કેટ, જામનગર - ૩૬૧ ૦૦૧.
ફોન : દુકાન : ૨૫૯૨૫૩૮, ૨૬૭૭૫૩૮
ઘર : ૨૬૭૭૪૪૩, મો. : ૯૩૭૭૬ ૭૭૪૪૩

# ખેમો દેદરાણી

ગુજરાતમાં હડાળા નામે એક નાનું ગામ. ગામમાં દેદરાણી નામના એક શ્રાવક. તેમનો દીકરો તે ખેમાશાહ.

ચાંપાનેરથી મહંમદ બેગડો ગુજરાતનું રાજ્ય સંભાળે. કાળનું કરવું રાજ્યમાં ભયંકર દુકાળ પડ્યો. મહંમદ બેગડાને ખૂબ ચિંતા હતી. દુષ્કાળના નિવારણ માટે કોઈ ઉપાય શોધવાની ગડમથલમાં તેઓ હતા. આ સમયે તેમના દરબારમાં એક ભાટ આવ્યો. કંઈક વાત નીકળી ને ભાટે શાહ લોકોના ગુણગાનની શરૂઆત કરી, 'શાહ એ તો શાહ ! બાદશાહ કે પાદશાહ એ તો પા એટલે કે ચોથા ભાગના શાહ; અને જરા અર્થે વિચારીએ તો શાહમાંથી બાદ એ બાદશાહ. બાદશાહ શાહની તોલે ન જ આવે.'

મહંમદ બેગડાને આથી ખોટું લાગ્યું; પણ તેઓ આવી કોઈ તક શોધતા હતા. તેમણે આ તક ઝડપી લેતાં કહ્યું, 'આ શાહ લોકો જો ગુજરાતના દુકાળનું નિવારણ કરે તો હું તેમને સાચા શાહ કહું અને તો જ આ ભાટની વાત સાચી છે એમ માનું.'

ચારણ કે ભાટ માટે આ વાત એક આહ્વાનરૂપ હતી, એક પડકાર હતી. ચારણ સ્વાભિમાની હતો. આ ઉપરાંત શાહોની ઉદારતા માટે તેના મનમાં ભરપૂર વિશ્વાસ હતો. આથી બાદશાહના પડકારને તેણે ઝીલી લીધો.

ચારણ દરબારમાંથી બહાર નીકળ્યો. મહાજનો (શાહો) પાસે આવીને બાદશાહે કરેલા પડકાર અને પોતે કરેલા સ્વીકારની વાત તેણે અથથી ઈતિ સુધી કહી સંભળાવી. એ સમયના શાહો ઘણા સ્વાભિમાની હતા. પોતાની પ્રતિષ્ઠા સાચવવા માટે પોતાના પ્રાણની આહુતિ આપવામાં પાછી પાની ન કરે તેવા એ લોકો હતા. તેમણે ચારણને આશ્વાસન આપતાં કહ્યું : 'તમે જે કંઈ કર્યું છે તે બરાબર જ કર્યું છે. બાદશાહને જઈને અમારો સંદેશો કહો કે, આ દુકાળમાંથી પાર ઉતારવા માટે જોઈતી બધી ગોઠવણી કરવાની જવાબદારી શાહો પોતાના ઉપર લે છે.'

ચાંપાનેરના મહાજનોએ પોતાની દાનવીરતાનો પરિચય આપીને, આઠ માસ સુધી ચાલે તેટલું અનાજ ભેગું કરી લીધું. બાકીના ચાર માસ માટેની જોગવાઈ કરવા માટે તેમનું એક પ્રતિનિધિમંડળ અમદાવાદ, પાટણ તરફ રવાના થયું. પ્રત્યેક સ્થળે શાહોનો ખૂબ સારો સત્કાર થયો. ત્યાંથી વળતાં સૌરાષ્ટ્ર તરફ જતાં હડાળા ગામે આવી પહોંચ્યું, ખેમાશાહ ત્યાં વસવાટ કરતા હતા.

ખેમાશાહે સાધર્મિકોનું ભક્તિપૂર્ણ શાનદાર સ્વાગત કર્યું. બધા સારી રીતે જમીને બેઠા એટલે ખેમાશાહે પ્રતિનિધિમંડળની આ દોડધામ માટેનું પ્રયોજન જાણવા માગ્યું.

ત્યાં સુધી પ્રતિનિધિમંડળ વિસામણમાં હતું કે, ખેમાશાહને સાચું કારણ કહેવું કે કેમ ? તે લોકોને એમ કે, ખેમાશાહ સાવ સાધારણ સ્થિતિના લાગે છે. તેમને કહીને શા માટે શરમાવવા ?

પણ ખેમાશાહ જેમનું નામ ! તે એમ કાંઈ છોડે ? તેમણે ખૂબ આગ્રહ કર્યો, એટલે પ્રતિનિધિમંડળે આખી વાત સમજાવી.

આ પ્રસંગે ખેમાશાહના વૃદ્ધ પિતા દેદરાણી પણ આ સાંભળતા હતા. તેમણે ખેમાશાહને બાજુ ઉપર લઈ જઈ કહ્યું, 'બેટા ! સંપત્તિનો સદુપયોગ

આપી કે તરત જ તેઓ બોલ્યા : 'બારે માસ જનતાને અનાજ પૂરૂ પાડવા માટે તથા પશુઓને પૂરતો ચારો મળી રહે એ માટે જોઈએ તેટલું હું એકલો આપીશ. બધા પાસે હાથ લંબાવવાની જરૂર નથી. આ કામ માટે તમારે હવે આગળ જવાની જરૂર નથી. આપ નિશ્ચિંત બનો અને આરામ કરો.'

આ શબ્દો સાંભળીને પ્રતિનિધિમંડળ તો નવાઈના સાગરમાં ગરકાવ થઈ ગયું. ખેમાશાહનો પોષાક અને રહેવાની પદ્ધતિ એટલી બધી સાદી હતી કે તેમની પાસે અઢળક સંપત્તિ હોય એવી કલ્પના પણ ન થાય. તેમના મોં પર આશ્ચર્યના ભાવો સ્પષ્ટ દેખાતા હતા. ખેમાશાહ આખાયે પ્રતિનિધિમંડળને પોતાના ધનભંડાર પાસે લઈ ગયા. તેમના ધનભંડારમાં મબલખ પ્રમાણમાં સોનું અને અગણિત સુવર્ણમહોરો હતી. પ્રતિનિધિમંડળ તો આભું બનીને જોતું જ રહ્યું, જોતું જ રહ્યું.

બધા શાહોએ ખેમાશાહ અને તેમના પિતાશ્રીની દાનવૃત્તિ માટે ખૂબ ખૂબ આભારની લાગણી વ્યક્ત કરતાં કહ્યું : 'ખેમાશાહ! તમને ધન્ય છે. તમે તો ખરેખર શાહોની આબરૂ બચાવી લીધી, તમે તો શાહોનું નામ ઉજ્જવળ કરી દીધું. યુગો સુધી ઈતિહાસ તમારી આ ઉદારતાને યાદ કરતો રહેશે.'

એકલા ખેમાશાહની સંપત્તિ અને દાનના પુણ્યપ્રતાપે ગુજરાત આખુયે મહાભીષણ દુષ્કાળના ઓળામાંથી ઉગરી ગયું. મહંમદ બેગડાએ જાહેરમાં ખેમાશાહનું સન્માન કરવા એક સમારંભ યોજ્યો અને કહ્યું : 'શહેનશાહના શહેનશાહ પણ શાહો છે. બાદશાહ તેમની આગળ કશી વિસાતમાં નથી. તેમની નિઃસ્વાર્થ દાનવૃત્તિને હું મારા હૃદયથી સલામી આપું છું અને તેમનું ઉજ્જવળ ભવિષ્ય ઈચ્છું છું.'


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

કમલ સિરામીક

હસ્તે : શ્રી કાલીદાસ હંસરાજ નગરીયા પરિવાર

44/54 - Rajaji nagar
Industrial Town, 3rd Main Road
BANGALORE - 560044

# ૪૭ રાજા પુરંદર

સિદ્ધપુર નગરમાં પુરંદર રાજા. તેમને સુંદર નામનો એક મિત્ર. સુંદર જુગારી હતો. તેની સંગતે રાજા પણ જુગારી બન્યો. કોઈ વખત બન્ને આપસમાં જુગાર રમતા. રાજાનું જુગારીપણું રાણીથી સહન ન થયું તેથી દુઃખી હૃદયે તેણે રાજાને વિનંતી કરી કહ્યું, ''મહારાજ ! આ લત સારી નથી. જુગારથી તો મોટાં રાજ્ય પણ ભયમાં મૂકાઈ જાય. આ માટે પાંડવો તથા નળરાજાનાં ઉદાહરણ જગજાહેર છે. તેમણે કેવાં ને કેટલાં દુઃખો જોયાં ? માટે તમે આ જુગારની લત છોડી દો.''

પણ રાજા ન માન્યો. તેણે જુગાર ન છોડ્યો. એક વાર રાજા પોતાના નાના ભાઈ સાથે જુગાર રમતાં બધું હારી ગયો. નાના ભાઈએ રાજ્યનો કબજો લીધો અને મોટા ભાઈને રાજ્ય છોડી જવા ફરમાવ્યું. નાછૂટકે રાજારાણી પોતાના એકના એક કુમારને લઈ જંગલની વાટે ચાલી નીકળ્યા. ઘણાં કષ્ટો વેઠયાં. પણ રાજાને જુગાર વગર ચેન પડતું નથી.

એકવાર કોઈ એક ભીલ સાથે જુગાર રમવાનો અવસર મળ્યો. ભીલે પોતાની પત્ની દાવમાં લગાડી ને તે હારી ગયો. કાળીમેશ ભીલડીને સાથે લઈ રાજા આગળ ચાલ્યો. રસ્તામાં ભીલડીએ વિચાર કર્યો : 'મારો આ નવો ધણી તો ઘણો સારો ને રૂપાળો છે પણ આ મારી શોક (રાણી) હશે ત્યાં સુધી મને આનું સુખ મળવાનું નથી. માટે આ વૈરિણીને મારી નાખું ને એકલી આનંદ માણું.' આમ વિચારીને તે રાણીને પાણી પીવાના બહાને કૂવે લઈ ગઈ અને અવસર મળતાં રાણીને ધક્કો દઈ કૂવામાં પાડી. ડોળ કરતી ભીલડી રાજા પાસે આવી કહેવા લાગી, 'કોઈ રૂપાળો પુરૂષ કૂવા પાસે મળ્યો ને રાણી તો તેની સાથે ચાલી ગઈ.'

આ સાંભળી રાજાને ઘણો જ ખેદ થયો. પણ કરે શું ? પોતાના કુમાર અને ભીલડી સાથે તે આગળ વધ્યો. માર્ગમાં એક મોટી નદી આવી. કુમારને કાંઠે રાખી ભીલડીને સામે કાંઠે પહોંચાડવા રાજા તેને લઈને પાણીમાં ઉતર્યો. એવામાં ત્યાંકથી મોટો મગર આવ્યો ને પુરંદર રાજાને ગળી ગયો. રાજાની પકડમાંથી છૂટી ગયેલી ભીલડી તણાઈને મરણ પામી. આ ઘરડો મગર પેટ ભારે થવાથી તરી ન શક્યો ને કાંઠે આવી પડ્યો અને થોડીવારમાં સૂઈ ગયો. બે-ત્રણ માછીમારોએ આ મગરને જોયો ને તેનુ ચામડું ઉતારી લેવા તે મગરને પકડીને ચીરી નાખતાં તેમાંથી મૂર્છા પામેલો રાજા નીકળ્યો. થોડી વારે રાજા ભાનમાં આવ્યો. માછીમારો તેને પોતાને ત્યાં લઈ ગયા અને દાસ તરિકે રાખ્યો. રાજાને ત્યાં માછીમારોની સેવા કરવી પડતી. તેમની સાથે જાળ લઈ મોટી નદીમાં માછલા લેવા રખડવું પડતું. એક વાર નદીમાં પૂર આવ્યું. તેમાં તણાઈને રાજા મૃત્યુ પામ્યો.

આ તરફ કૂવામાં પડેલી રાણીને કોઈ વટેમાર્ગુએ બહાર કાઢી અને તેને તે પોતાના સાર્થવાહ પાસે લઈ ગયો. સાર્થવાહે પૂછતાં રાણીએ પોતાનો સઘળો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. સાર્થવાહ સજ્જન અને ધર્મિષ્ઠ હતો. તેણે રાણીને સાંત્વના આપી. બહેન કરીને રાખી.

આ તરફ નદીકાંઠે ઊભા ઊભા રડતા કુમારને કોઈ વિદ્યાધરીએ જોયો ને તેને લઈ તે વૈતાઢ્ય પર્વત ઉપરના પોતાના નિવાસસ્થાને આવ્યો. તેની પાસેથી બધી વાત જાણી અને વિદ્યાધરીએ તેને પોતાના પુત્ર તરીકે રાખ્યો. અનેક કળાઓ અને વિદ્યાઓ શીખવી તેને સમર્થ બનાવ્યો. તેણે પોતાનું રાજ્ય પાછું મેળવ્યું ને રાજા બન્યો.

એવામાં એક વાર પેલો સાર્થવાહ સિદ્ધપુર નગરમાં આવ્યો. રાણી પોતાનું નગર જાણી પુરૂષવેશે સાર્થવાહ સાથે રાજસભામાં આવી. ત્યાં પોતાના દીકરાને સિંહાસન પર બેઠેલો જોઈ અતિ આનંદ અને વિસ્મય પામી. રાજકુમારે પોતાની માતાના જેવા આકારવાળા પુરૂષને જોઈ સાર્થવાહને પૂછ્યુ કે 'આ કોણ છે ?' સાર્થવાહે આખો વૃત્તાંત કહી સંભળાવ્યો. માતાને ઓળખી કુમાર ભરસભામાં ઊભો થઈ માતાને પગે લાગ્યો ને તેને સિંહાસને બેસાડી. રાણી રાજમાતાનું ગૌરવ પામી. નગરમાં બધે આનંદ આનંદ વર્તાઈ રહ્યો. રાજમાતા સુખપૂર્વક રહેવા લાગ્યાં. જુગારનાં માઠાં પરિણામ માતા પાસેથી જાણી રાજાએ નગરમાં સદંતર જુગાર આદિ વ્યસનોની મનાઈની ઘોષણા કરાવી. પોતે પણ અનર્થ દંડથી બચી સ્વર્ગે ગયો અને સુખી થયો.

કૌતૂકવશ માણસોએ નૃત્યાદિ, નટનાં નર્તન, ગીત, મુજરા, ખેલ-તમાશાં, ભાંડ-ભવાઈ, જાદુના ખેલો,હોડ-દોડ કે જાનવરોની લડાઈ, માણસોની કુસ્તી, સિનેમા-સરકસ આદિ જોવા નહીં; કેમ કે તેનાથી અનર્થ દંડ જન્ય પાપ લાગે છે. માટે તેનાથી બચવું.

૮૮

# બળદેવ મુનિ

શ્રીકૃષ્ણ અને બળરામ બળતી દ્વારકાને છોડી ચાલ્યા નીકળ્યા. ઘણા દિવસ સુધી તેમણે બળતી દ્વારકાને એક પર્વત ઉપર ચડીને જોઈ. ત્યાંથી હસ્તિનાપુર જવા નીકળ્યા. ચાલતા ચાલતા તેઓ કૌસાંબી નગરી પાસેના વનમાં આવ્યા. વનમાં ઝાડ નીચે બન્ને બેઠા. કૃષ્ણને તરસ લાગી હતી. બળરામે તેમને ત્યાં જ આરામ કરવા કહ્યું અને પોતે ભાઈ માટે પાણી લેવા ગયા. અહીં કૃષ્ણ પીતાંબર ઓઢી, ઢીંચણ ઉપર ડાબો પગ મૂકીને ઝાડ નીચે સૂઈ ગયા. કાળનું કરવું, જરાકુમાર ફરતા આ જંગલમાં આવી ચડયા. તેને ઝાડ નીચે કોઈ હરણ સૂતું છે એમ લાગ્યું અને શિકાર માટે તેણે બાણ છોડ્યું. બાણ સરરરર કરતું શ્રીકૃષ્ણના ડાબા પગમાં ઘૂસી ગયું, 'ક્યા દુષ્ટે આ બાણ છોડયું ?' તે રાડ પાડી ઉઠ્યા.

જરાકુમારનો ભ્રમ ભાંગ્યો. પોતાના હાથે ભાઈને કષ્ટ થયું જાણી તેના પસ્તાવાનો પાર ન રહ્યો. ભાઈ કૃષ્ણ પાસે જઈ ક્ષમા માગી અને પોતાના કૃત્યને ધિક્કારવા લાગ્યો.

કૃષ્ણે કહ્યું, 'ભાઈ, રડ નહિ, તારા આત્માને હવે વધુ ન ધિક્કારીશ. જે થવાનું હતું તે જ થયું છે. ભગવાને આ થવાનું કહ્યું જ હતું. હવે તું હસ્તિનાપુર જા અને બધાને દ્વારકાદાહની વાત કરજે; અને તું હમણાં જ અહીંથી દોડ. નહિ તો બળરામ આવશે અને એ જાણશે કે તેં મને બાણ માર્યું છે તો કદાચ તે ગુસ્સામાં તારી હત્યા કરી નાખશે.' જરાકુમાર રડતી આંખે ચાલ્યા ગયા.

જરાકુમારના ગયા બાદ કૃષ્ણ પોતાની વેદનાને સમતાભાવે વિચારવા લાગ્યા : 'આ તીર મને નથી વાગ્યું, મારા શરીરને વાગ્યું છે. આથી દેહને પીડા થાય છે, મને નહીં. ગજસુકુમાલની વેદનાની સરખામણીમાં મારી આ વેદના તો કંઈ જ નથી. ધન્ય છે તેમને કે જેમણે અંગારાને ફૂલની જેમ વધાવ્યા.'

આ શુભ ભાવના તેની ચરમ સીમાએ પહોંચે છે ત્યાં જ અંતિમ સમયે આ ભાવના બદલાઈ, વેદના અસહ્ય બનતાં કૃષ્ણને વિચાર આવ્યો, 'અરેરે ! મારી સુંદર નગરી દ્વારકાનો તાપસે સાચે જ વિનાશ કર્યો. એ જો હવે મને અત્યારે મળી જાય તો તેને મારીને જ મારો શ્વાસ છોડું.'

આ અશુભ ભાવના - દુર્ધ્યાન સાથે કૃષ્ણે પોતાના પ્રાણ છોડ્યા. દેહ છોડીને તેઓ ત્રીજી નરકે ગયા.

ત્યાં થોડી વારમાં કમળના પાંદડાના પડિયામાં પાણી લઈને બળરામ આવ્યા. કૃષ્ણના મોઢા ઉપર પીતાંબર ઓઢેલું હતું તેથી તે ઊંઘે છે એમ સમજી બળરામે કહ્યું, 'ભાઈ, ઊઠો જુઓ હું ઠંડું પાણી લઈ આવ્યો છું.' એમ બે-ત્રણ વાર કૃષ્ણને બૂમ મારી. પણ કૃષ્ણનો જવાબ ન મળતાં તેમણે તરત જ પીતાંબર ખેંચી લીધું. પીતાંબર હટતાં જ કૃષ્ણનું ખરું અંતિમ સ્વરૂપ જોવા મળ્યું : ડાબો ચરણ વીંધાઈ ગયો હતો અને કૃષ્ણનું શરીર નિશ્ચેત્ હતું. બળરામનું હૈયું તે જોઈ ધ્રૂજી ઉઠયું, 'ના, ના. આવું. કદિ બને. કૃષ્ણ ! કૃષ્ણ ! મારા ભાઈ ! તમે ઊઠો. બોલો કહો કે હું જે જોઉં છું તે સત્ય નથી. ભ્રમ છે.' બળરામની આંખોમાંથી અનરાધાર આંસુ પડવા લાગ્યાં.

કૃષ્ણના શોકમાં બળરામ કૃષ્ણના મૃતદેહને લઈ છ-છ માસ સુધી ઠેર ઠેર ફરતા રહ્યા.

બળદેવના મિત્ર સિદ્ધાર્થ, જે હાલ દેવભવમાં હતા તેમને આની જાણ થતાં તેઓ બળદેવને બોધ પમાડવા રૂપ બદલીને ધરતી ઉપર આવ્યા. કૃષ્ણના મૃતદેહને લઈને બળદેવ એક રસ્તેથી પસાર થઈ રહ્યા હતા ત્યાં ખેડૂત રૂપે આવીને ઊભા રહ્યા અને ખડક ઉપર કમળનાં બીજ વાવવા લાગ્યા. આ જોઈ બળદેવ તેમને ઠપકો આપતાં કહ્યું, 'મૂર્ખ ! પથ્થર ઉપર તે કંઈ કમળ ઉગતાં હશે?'

ખેડૂતે કહ્યું, 'ભાઈ ! એ પણ ઉગશે. જે દિવસે તારા આ ખભા ઉપરનું શબ જીવતું થશે ત્યારે આ પથ્થર ઉપર કમળ જરૂર ખીલશે.'

ખેડૂતનો જવાબ બળદેવને હૈયાસોંસરો ઉતરી જાય તેવો હતો પણ બળદેવે ત્યારે કશું વિચારવાના મિજાજમાં ન હતા. તેઓ આગળ વધ્યા.

આગળ જતાં તેમણે એક માણસને બળી ગયેલા ઝાડને પાણી પાતો જોયો. તેમણે તેને કહ્યું, 'બેવકૂફ ! બળી ગયેલા ઝાડને પાણી પાવાથી શું તે કદિ નવપલ્લવિત થઈ શકવાનું છે ?'

પેલા માણસે જવાબ આપ્યો, 'તમારા ખભા ઉપરનું

શબ જીવતું થવાનું હોય તો શા માટે બળેલું ઝાડ નવપલ્લવિત નહિ થાય ?'

બળભદ્રને આ જવાબ સ્પર્શી ગયો. ભાઈ ઉપરનો મોહ ઘટતો ગયો. બુદ્ધિ આડેનો પડદો ખસી ગયો અને તેમને પ્રતીતિ થઈ કે જરૂર મારો ભાઈ કૃષ્ણ મરણ પામ્યો છે.

એ જ સમયે પેલા દેવ પ્રકટ થયા અને બોલ્યા, 'હે બંધુ ! હું સિદ્ધાર્થ, એક વખતનો તમારો મિત્ર. આંધળા મોહથી તમને મુક્ત કરવા મેં જ આ બધી માયા કરી હતી. તમને સત્ય સમજાયું તેથી જ પ્રકટ થયો છું.' અને પછી તેમણે જરાકુમારના બાણથી કૃષ્ણનું કઈ રીતે મૃત્યુ થયું તેની વાત સમજાવી. એ જાણી બળભદ્રે કૃષ્ણના મૃતદેહને ખભા ઉપરથી ઉતારી તેનો સમુચિત અગ્નિસંસ્કાર કર્યો.

આ સમયે ભગવાન શ્રી નેમિનાથ વિચારતા હતાં. તેમણે જ્ઞાનબળે બળભદ્રના અજ્ઞાનનો અંધકાર દૂર થયેલો જાણ્યો. તેમણે એક ચારણમુનિને તેમની પાસે મોકલ્યા. મુનિની વાણીથી પ્રેરણા પામી બળદેવે દીક્ષા અંગીકાર કરી અને બાજુના પર્વત ઉપર જઈ તેઓ ધ્યાન ધરવા લાગ્યા.

ધ્યાન પૂરું થતાં, માસક્ષમણના પારણાના દિવસે બળભદ્ર મુનિ એક નગરમાં ગોચરી માટે જઈ રહ્યા હતા. ત્યાં એક કૂવા ઉપર સ્ત્રીઓ પાણી ભરી રહી હતી. તેમાં એક નાનાબાળક સાથે પાણી ભરવા આવી હતી. તેણે મુનિને જોયા. જોતાં જ તેની આંખોમાં વિકાર ઉદ્ભવ્યો. એકીટશે તે મુનિના રૂપ અને યૌવનને જોઈ રહી. ઝગારા મારતું મુનિનું મુખારવિંદ જોઈ તે ભાન ભૂલી ગઈ અને તે મોહાંધ નારી ઘડાને ફાંસો બાંધવાના બદલે પોતાના બાળકને ગળે ફાંસો બાંધી રહી. મુનિથી આ કેમ સહન થાય ? તેમણે તરત જ તે સ્ત્રીને સાવધ કરી.

આ પ્રસંગથી મુનિ બળભદ્રનું અંતર ધ્રૂજી ઉઠ્યું, 'અરેરે ! મારા રૂપના પાપે આવો અનર્થ ? ધિક્કાર છે મારા રૂપ અને દેહસૌષ્ઠવને!' એમ વિચારી તેમણે નક્કી કર્યું કે કદિ નગરમાં ગોચરી માટે જવું નહીં. વનમાં આવતા કઠિયારા આદિ પાસેથી ગોચરી વ્હોરવી.

વનમાં તપ કરતા મુનિની કીર્તિ નગરમાં પ્રસરી. એમની પ્રશંસા ત્યાંના રાજાના કાને પણ પહોંચી. રાજાએ વિચાર્યું, 'આ કોઈ સાધુ તપ કરીને પોતાના બળથી મારૂં રાજ્ય લઈ લેવાનો ઈરાદો રાખતો હોવો જોઈએ.' એમ વિચારીને રાજાએ મુનિને મારી નાંખવા કેટલાક મારાઓ મોકલ્યા.

મુનિ બળભદ્ર ઉપર તોળાયેલી આ આપત્તિની પેલા સિદ્ધાર્થ દેવમિત્રને ખબર પડી. આથી તેણે હજાર સિંહો વિકુર્વ્યા. એ સિંહોથી ભય પામી રાજાના મારાઓ ભાગી ગયા. આ પ્રસંગથી મુનિનું નામ નૃસિંહ પડ્યું.

નૃસિંહમુનિ યા બળભદ્ર મુનિની દેશના સાંભળવા પશુ-પંખીઓ પણ આવતાં. અનેક જંગલી પશુઓ તેમની ધર્મવાણી સાંભળી અહિંસક જીવન જીવવા લાગ્યાં. આમાં એક મૃગ પણ હતો. મુનિના પૂર્વભવનો તે મિત્ર હતો. તેને જાતિસ્મરણ જ્ઞાન થયેલું.

આ મૃગ નૃસિંહ મુનિની અદ્ભુત ભક્તિ કરતો. નજીકમાં કોઈ સાર્થવાહ આવે તો તે મૃગ મુનિને સાર્થવાહ પાસે લઈ જતો અને તે ગોચરીનો યોગ કરાવી આપતો.

એ જ પ્રમાણે એક દિવસે મુનિને ગોચરી માટે તે મૃગ એક સાર્થવાહ કે જે ઝાડનાં લાકડાં કાપતો હતો તેની પાસે સંજ્ઞાથી લઈ ગયો. ઝાડ ઉપરથી સાર્થવાહ જમવા માટે નીચે ઉતર્યો હતો. ત્યાં મુનિરાજ ગોચરી માટે પધાર્યા. બહુ રાજી થઈ ભક્તિભાવથી સાર્થવાહે મુનિરાજને ગોચરી વ્હોરાવી. આ જોઈ મૃગ વિચારે છે, 'હું કોઈક પાપના ઉદયથી પશુ બન્યો છું. હું મનુષ્ય હોત તો મેં પણ સાધુઓને ગોચરી વ્હોરાવવાનો લહાવો લીધો હોત. હું પાપી છું અને તેથી જ મૃગ થયો છું.'

કાળ પણ પોતાનો ભાગ ભજવે છે. આ મૃગ, બળભદ્ર મુનિરાજ અને કઠિયારો – આ ત્રણે ઝાડની ઓથે ઉભા છે. ત્યાં જોરશોરથી પવન ફૂંકાયો. ઝાડ હચમચી ઉઠ્યું અને થોડું કપાયેલું ઝાડ પવનના જોરથી તૂટીને આ ત્રણે ઉપર પડ્યું. વજનદાર ઝાડ પડતાં જ ત્રણેના પ્રાણ ઉડી ગયા. શુભ ભાવનાના પરિણામે મૃગ, સાર્થવાહ અને બળભદ્ર મુનિ બ્રહ્મ નામનાં પાંચમાં દેવ લોકમાં દેવપદ પામ્યા.

શુભ કરણી કરનાર, કરાવનાર અને અનુમોદના કરનાર ત્રણેય શુભ કર્મયોગ પામી શુભ ગતિ પામે છે તેનો આ સરસ દાખલો છે.

*(નોંધ : બળરામ, બળદેવ, બલભદ્ર અને નૃસિંહ મુનિ – એક જ વ્યક્તિનાં આ જુદાં જુદાં નામ છે.)*

૪૯

# શ્રિયક

કામવિજેતા સ્થૂલિભદ્રનું નામ વંદનીય અને વિખ્યાત છે. તેમને એક સંસારી ભાઈ હતા. નામ તેનું શ્રીયક. પિતાના મુત્યુ બાદ શ્રીયક મંત્રી બન્યા, પણ રાજખટપટ ન રૂચવાથી વૈરાગ્ય પામી તેમણે પણ દીક્ષા લીધી.

શ્રીયક મુનિ ધર્મનું સુંદર પાલન કરતા. પરંતુ તેમનાથી તપ થઈ શકતો નહિ. પર્યુષણ પર્વ આવ્યું. વાતવાતમાં સાધ્વીબહેન યક્ષાએ તેમને કહ્યું, 'આ મહાન પર્વમાં કંઈક તપ તો અવશ્ય કરવું જોઈએ.'

શ્રીયક મુનિ શરમાઈએ પોરિસીનું પચ્ચક્ખાણ[૧] લીધું. પારવાનો સમય થયો. બહેન સાધ્વીએ પ્રેરણા આપતાં કહ્યું, 'જુઓ ! તમે પોરિસીનું તો પચ્ચક્ખાણ કર્યું. હવે તેને પારવાને બદલે પરિમુટ્ઠનું પચ્ચક્ખાણ કરો.' આમ સાતે બહેનોની પ્રેરણા પામીને શ્રીયક મુનિએ આખા દિવસનો ઉપવાસ ખેંચી કાઢ્યો.

સાધ્વીબહેનના પ્રેમાળ આગ્રહથી તેમણે ઉપવાસ તો કર્યો, પરંતુ તેમનું નાજુક શરીર ભૂખ સહન ન કરી શક્યું. રાતના તેમને ભૂખ ખૂબ જ સતાવી રહી હતી, છતાંય તેમણે મન મજબૂત કરીને મનને શુભધ્યાનમાં જ રાખ્યું. પણ તેમની વેદના જીવલેણ બની. ઉપવાસમાં જ તેઓ કાળધર્મ પામ્યા.

આ સમાચાર સાંભળીને યક્ષા સાધ્વીને ભારે આઘાત લાગ્યો. તેમને થયું કે 'મારા નિમિત્તે જ ભાઈ મુનિ કાળધર્મ પામ્યા. હું સાધુની હત્યારી બની. મેં તેમને આવી રીતે ઉપવાસ ન કરાવ્યો હોત તો આવું અમંગળ ન જ બનત...' આમ વિચારીને યક્ષા સાધ્વીએ ચારેય આહારનો ત્યાગ કર્યો.

આ જાણીને શ્રી ચતુર્વિધ સંઘે સાધ્વીજીને સમજાવ્યાં, 'તમે આમાં નિર્દોષ છો. જે બન્યું તે આકસ્મિક છે. તમારા ભાવ તો નિર્મળ અને ઊંચ્ચ હતા. એમનું આયુષ્ય-કર્મ પૂરૂં થયું અને એ કાળધર્મ પામ્યા.' પરંતુ સાધ્વીજી માન્યાં નહિ. ફરી ફરીને તે એક જ વાત કહેતા રહ્યા. 'મારે આ પાપનું પ્રાયશ્ચિત કરવું છે. તમે મને મુનિહત્યાના પાપનું પ્રાયશ્ચિત આપો.'

સાધ્વીને અડગ જોઈને શ્રી સંઘે શાસનદેવીનું ધ્યાન ધર્યું. દેવીએ પ્રકટ થઈને કહ્યું, 'મને શા માટે યાદ કરી ?' સંઘે વિનયથી કહ્યું, 'યક્ષા સાધ્વીજીને આપ શ્રી સીમંધર પરમાત્મા પાસે લઈ જાઓ અને તેમની શંકાનું નિવારણ કરાવો.' દેવી બોલ્યા, 'જેવી શ્રી સંઘની આજ્ઞા. પણ હું જ્યાં સુધી પછી ન ફરૂં ત્યાં સુધી તમે કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ લીન રહેજો.'

યક્ષા સાધ્વીએ શ્રી સીમંધર પરમાત્માને વંદના કરી અને પોતાની શંકાનું નિવારણ કરવા વિનંતી કરી. ભગવંતે કહ્યું, 'સાધ્વી તમે નિર્દોષ છો.' આથી તેમને સંતોષ થયો. આ પ્રસંગે આ સીમંધર પરમાત્માએ સાધ્વીજીને સૂત્રની ચાર ચૂલિકા (ગાથા) આપી. તે લઈને સાધ્વીજી શાસનદેવી સાથે ભરતક્ષેત્રમાં પાછાં ફર્યાં. 'નમો અરિહંતાણં' બોલીને કાઉસ્સગ્ગ પાર્યો. ત્યારે યક્ષા સાધ્વીજીએ કહ્યું, 'કૃપાળુ ભગવંતે મારા મુખે શ્રી સંઘને આપવા સૂત્રપદો અને ચાર અધ્યયનો પાઠવ્યાં છે. ચાર અધ્યયનોનાં નામ આ પ્રમાણે છે : ૧. ભાવના, ૨. વિમુક્તિ, ૩. રતિકલ્પ, ૪. એકાંત ચર્યા. આ ચાર અધ્યયનો મેં એક જ વાર સાંભળીને કંઠસ્થ-હૃદયસ્થ કરી લીધાં છે અને જેવા મેં સાંભળ્યાં છે તેવાં જ હું તમને સંભળાવું છે.' એ પછી યક્ષા સાધ્વીજીએ શ્રીસંઘ સમસ્તને એ અધ્યયનો સંભળાવ્યાં અને સમજાવ્યાં.

નોંધ : આ અંગે 'પરિશિષ્ટ પર્વ'માં જણાવ્યું છે કે આ ચાર અધ્યયનોમાંથી પ્રથમનાં બે અધ્યયનો શ્રી આચારાંગ-સૂત્રની ચૂલિકા રૂપે તથા છેલ્લાં બે અધ્યયનો દશ વૈકાલિકની ચૂલિકા રૂપે શ્રીસંઘ દ્વારા નિયોજિત કરવામાં આવ્યાં છે.

૧. કોઈ પણ જાતનાં નિયમ લેવામાટે બોલાતું સૂત્ર

# ૯૦ અશ્વાવબોધ

વીસમાં તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામી પૃથ્વી પર વિહાર કરતા કરતા ભૃગુકચ્છ (ભરૂચ) નગરે સમવસર્યા. તે નગરનો રાજા જિતશત્રુ જાતિવંત અશ્વ ઉપર ચઢી પ્રભુને વંદન કરવા આવ્યો અને દેશના સાંભળવા બેઠો. તે વખતે જિતશત્રુ રાજાના અશ્વે પણ રોમાંચિત થઈ પોતાના કાન ઉંચા કરી પ્રભુની દેશના સાંભળી. દેશનાને અંતે ગણધરે પ્રભુને પૂછ્યું કે, 'હે સ્વામી ! આ સમવસરણમાં અત્યારે ધર્મને કોણ પામ્યું ?' પ્રભુ બોલ્યા : 'આ સમવસરણમાં જિતશત્રુ રાજાના જાતિવંત અશ્વ વગર બીજું કોઈ ધર્મને પામ્યું નથી.' તે સાંભળી જિતશત્રુ રાજાએ વિસ્મયથી પૂછ્યું, 'હે વિશ્વનાથ ! આ અશ્વનું ચરિત્ર કહો કે જેને ધર્મ પ્રાપ્ત થયો.' પ્રત્યુતરમાં પ્રભુએ નીચે પ્રમાણે કથા કહી :

''પદ્મિનીખંડ નગરમાં પૂર્વે જિનધર્મ નામે એક શ્રેષ્ઠી શ્રાવક હતો. તે જ નગરમાં સાગરદત્ત નામે તેનો એક મિત્ર હતો. તે ભદ્રકપણાથી પ્રતિદિન જિનધર્મ સાથે જિનચૈત્યમાં આવતો. એક વખતે સાધુઓની પાસેથી તેણે સાંભળ્યું કે 'જે અર્હંત પ્રભુનાં બિંબ કરાવે તે જન્માંતરમાં સંસાર પાર કરે તેવા ધર્મને પામે.' તે સાંભળી સાગરદત્તે એક સુવર્ણનું અર્હંત બિંબ કરાવી ધામધૂમપૂર્વક સાધુઓની નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવી. સાગરદત્ત પહેલાં મિથ્યાત્વી હતો. તેણે તે નગરની બહાર એક મોટું શિવાલય કરાવ્યું હતું. ઉત્તરાયણનું પર્વ આવતાં સાગરદત્ત ત્યાં ગયો. ત્યાં શિવપૂજકો ઘૃતપૂજાને માટે પ્રથમ સંચય કરી ઠરેલા ઘીથી ભરેલા ઘડાઓ ત્વરાથી ખેંચતા હતા. ઘણા દિવસથી પડી રહેલા તે ઘડાઓની નીચે પિંડાકાર થઈને ઘણી ઉધઈ ચોંટેલી હતી. તે ઘડા ખેંચવાથી અને તે ઉપર પૂજકો આમતેમ ચાલતા હોવાથી ઉધઈઓને ચગદાતી જોઈ સાગરદત્ત દયા લાવીને તેમને વસ્ત્રથી દૂર કરવા લાગ્યો. તે વખતે 'અરે ! શું તને ધોળિયા યતિઓએ આ નવી શિક્ષા આપી છે ?' એમ બોલતા એક પૂજારીએ એ ઉધઈઓને પગથી ઘસીઘસીને ચગદી નાખી. સાગરદત્તે તેને શિક્ષા થાય એવા ભાવથી પૂજારીઓનાં મુખ્ય આચાર્યના મુખ સામું જોયું. આચાર્યે પણ તે પાપની ઉપેક્ષા કરી, એટલે સાગરદત્તે વિચાર્યું : 'આ પાપીઓને ધિક્કાર છે, જે આ દારુણ હૃદયવાળા પુરૂષો પોતાના આત્માને અને યજમાનને દુર્ગતિમાં નાખે છે. તેમને ગુરૂબુદ્ધિએ શા માટે પૂજવા ?' આવો વિચાર કર્યા છતાં પણ તેણે શિવપૂજન કર્યું. પરિણામે સાગરદત્ત શેઠ સમક્તિને ગુમાવી બેઠા. તેમનો દાનશીલ સ્વભાવ ન હોવાથી અને મોટા આરંભ કરીને ઉપાર્જન કરેલા ધનની રક્ષાને માટે જ એકનિષ્ઠા ધરી હોવાથી મૃત્યુ પામીને તે આ જાતિવંત અશ્વ થયેલ છે અને તેને બોધ કરવાને માટે જ હું અહીં આવ્યો છું. પૂર્વજન્મમાં તેણે જિન પ્રતિમા કરાવેલી હતી. તેના પ્રભાવથી અમારો ધર્મોપદેશ સાંભળીને તે ક્ષણવારમાં પ્રતિબોધ-ધર્મ પામ્યો છે.''

ભગવંતના આવાં વચનથી તથા લોકોએ વારંવાર સ્તુતિ કરતાં રાજાએ એ અશ્વને ખમાવીને છોડી મૂક્યો.

એ અશ્વ છૂટ્યા પછી ભગવાન સામે નાચ્યો. તેણે ભગવાનની ત્રણ પ્રદક્ષિણા કરી અને ત્યાં જ મૃત્યુ પામ્યો અને આઠમા દેવલોકમાં દેવ થયો. તે અશ્વ પ્રભુ મુનિ સુવ્રત સ્વામીનો આગળના ભવનો મિત્ર હતો. તેનો ઉદ્ધાર કરવા પ્રભુ એક રાત્રે ૬૦ યોજન ચાલીને અહીં પધાર્યા હતા. તે અશ્વ દેવ થઈને ત્યાં આવ્યો અને તેણે ભક્તિથી શ્રી મુનિ સુવ્રત સ્વામીનું વિશાળ જિનાલય બનાવ્યું.

આ અશ્વ અહીં ભરૂચમાં બોધ પામ્યો ત્યારથી તે અશ્વદેવે બનાવેલું દહેરાસર અને ભરૂચ શહેર પણ 'અશ્વાબોધ તીર્થ' નામે લોકમાં પ્રખ્યાત થયેલ છે.

૯૧



# શિવા મહાસતી

ચેટક રાજાની પુત્રી શિવા ઉજ્જૈનના રાજા ચંડપ્રદ્યોતની પટરાણી હતી. એ અતિ રૂપવાન હતી, પણ તેવી જ ગુણવાન હતી.

એક દિવસ શિવા શ્રી વીરભગવાન પાસે ધર્મોપદેશ શ્રવણ કરવા ગઈ. ત્યાં ધર્મદેશના સાંભળી તેણે ધર્મ અંગીકાર કર્યો.

રાજા ચંડપ્રદ્યોત રાજકારભાર માટે વારંવાર રાણીની સલાહ લેતા. રાજાનો મંત્રી એક ભૂદેવ હતો. રાજાને તેના પ્રત્યે ઉંડો પ્રેમ હતો. બન્ને અરસપરસ સાથે રહેવાનું પસંદ કરતા. ન રાજા ભૂદેવને છોડી શકતો, ન ભૂદેવ રાજાને છોડતો. રાજાને ભૂદેવ ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. તે કોઈ પણ જાતના રોકટોક વગર રાજાના અન્તઃપુરમાં પણ જઈ શકતો.

જયારે જયારે આ મંત્રી અંતઃપુરમાં આવે ત્યારે રાણી શિવા તેનું એક ભાઈ તરીકે સન્માન કરતી. પણ ભૂદેવનું મન મેલું હતું. તે શિવાના રૂપથી મોહિત થયો હતો. તેની અતૃપ્ત વાસનાની તરસ છિપાવવા તે વારંવાર અન્તઃપુરમાં આવવા લાગ્યો અને શિવા દેવીને કેમ ફસાવવી તેનો ઉપાય વિચારતો રહ્યો.

શિવા તો તન અને મનથી અતિ પવિત્ર હતી. ભૂદેવ ઉપર તે ભાઈની માફક પ્રેમ કરતી હતી. તે તેની સાથે પ્રેમપૂર્વક વાતચીત કરતી હતી, પણ ભૂદેવ એ સ્વચ્છ પ્રેમ સમજી ન શક્યો. એની નજર તો વાસનામય જ હતી.

એક દિવસ રાજાને નગર બહાર જવાનું થયું. તેણે મંત્રી ભૂદેવને સાથે આવવા કહ્યું, પણ તે પોતે બિમારીનું બહાનું બતાવી સાથે ન ગયો. રાજા એકલો જ બીજા સૈનિકોને લઈ બીજા ગામ ગયો. રાજાને વિદાય કરી ભૂદેવ સીધો રાજાના અંતઃપુરમાં આવ્યો. શિવા અંતઃપુરમાં એકલી બેઠી હતી. આ અવસર ભૂદેવને સારો લાગ્યો. તે શિવાની પાસે બેઠો અને પોતાની મલિન ભાવના તેણે વ્યક્ત કરી. થોડું સાહસ કરવું જ રહ્યું તેવું વિચારી ભૂદેવે શિવાનો હાથ પકડયો અને રાણીની સામે જોયું. શિવાની આંખો લાલચોળ બની હતી. અંગારા જેવી આંખો જોઈ ભૂદેવ ઠરી ગયો, તે કાંપવા લાગ્યો. રાણીએ હાથ ઝટકો મારીને છોડાવી લીધો અને તે બહાર નીકળી ગઈ. અસહાયપણે મંત્રી પોતાના ઘરે જતો રહ્યો. ઘરે આવી તે મનોમન પસ્તાવા લાગ્યો, 'મેં કેવી મોટી ભૂલ કરી ? હવે શું ? રાણી ભાંડો ફોડી નાખશે' એવી બીક તેને સતાવવા લાગી.

બહારથી પરત આવેલા રાજાએ ભૂદેવને બોલાવવા માણસ મોકલ્યો, પણ નરમ તબિયતનું બહાનું બતાવી તે રાજા પાસે ન આવ્યો. એક-બે દિવસ પછી રાજા રાણીને લઈને ભૂદેવના ઘરે તેની ખબર લેવા ગયો. રાજા-રાણીને સાથે આવેલાં જોઈ ભૂદેવ ગભરાયો. પણ રાણીએ પ્રેમથી તેને પૂછયું, 'ભાઈ ! હવે કેમ છે ?' ભૂદેવની આંખ જવાબ આપવાને બદલે બંધ થઈ ગઈ.

ભૂદેવ રાજાના રાજમહેલમાં આવ્યો. રાણી શિવા તેની ચાકરી સારી રીતે કરવા લાગી. બે-ત્રણ દિવસ બાદ રાણીએ ભૂદેવને પૂછયું, 'ભાઈ, હવે તબિયત સારી છે ને ?' પણ મંત્રીના મોંએ તો જાણે તાળું લાગ્યું હતું. તેની આંખમાંથી આંસુ પડતાં હતાં. રાણીએ રૂમાલથી તેનાં આંસું લૂછતાં કહ્યું, 'ભાઈ ! માણસથી ભૂલ થઈ જાય. પણ જો તેને પોતાની ભૂલ સમજાય અને તે પશ્ચાત્તાપ કરે તો તે પવિત્ર થઈ શકે છે. તમે ગભરાશો નહીં. મેં એ ભૂલની વાત કોઈને કહી નથી. પણ હવે પછી જિંદગીમાં આવી ભૂલ ન કરતા. પરસ્ત્રીને પોતાની મા-બહેન સમજજો. હું તમારી બહેન છું. બહેનનો ધર્મ છે કે અગર ભાઈની ભૂલ દેખાય તો ભાઈને સમજાવી સાચો રાહ બતાવે. તે જ રીતે અગર બહેન જો અંધકારમાં અટવાય તો ભાઈ તેને પ્રકાશને રસ્તે દોરે.'

રાણીને અંતઃકરણપૂર્વક નમસ્કાર કરી તેનો આભાર માની ભૂદેવ પોતાને ઘરે ગયો.

આ નગરમાં વારે વારે અગ્નિનો ઉપદ્રવ થયા કરતો હતો. ઘણા ઘણા ઉપચારો કર્યા છતાં અગ્નિ શહેરને પ્રજ્વાળતો જ રહ્યો. રાજાએ બુદ્ધિના ભંડાર એવા અભયકુમારને મહાપ્રયાસે બોલાવ્યા અને 'અગ્નિ શમતો નથી એનું શું કરવું ?' એમ પૂછ્યું. મંત્રીશ્વરે જવાબ આપ્યો, 'જો શીલવતી નારી પોતે અહીં આવી જળ છાંટે તો અગ્નિ શાંત થઈ જાય.' આ જાણી બહુ બહુ સ્ત્રીઓ ત્યાં આવી જળ છાંટી ગઈ. છેવટે શિવાદેવીએ અગ્નિ શાંત કરવા વિચાર્યું. તે પોતાના મહેલ ઉપર ચઢી અને હાથમાં પાણી લઈ બોલી, 'દેવી ! જો હું તન, મન અને વચનથી પવિત્ર હોઉં અને મારો શીલધર્મ નિર્મળ હોય તો આ જળથી અગ્નિ શાંત થઈ જાય.' એમ કહી તેણે ચારે બાજુ હાથથી જળ છાંટવા માંડ્યું અને આગ શાંત થતી ગઈ. લોકોમાં શાંતિ પ્રસરી અને બધાએ 'સતી શિવાદેવીનો જય'ના જોરથી પોકારો કર્યા.

૯૨

# વજ્રકર્ણ

મહારાજા દશરથના પુત્ર શ્રીરામ રાજરાણી કૈકેયીના વચનથી સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે વનવાસે નીકળ્યા. પંચવટીથી અવંતી નગર જતાં વચમાં તેમણે અતિસમૃદ્ધ પણ માણસ વગરનું એક નિર્જન નગર જોયું, શોધતાં શોધતાં એક વટેમાર્ગુ મળી ગયો. તેણે નગરની નિર્જનતાનું કારણ જણાવતાં કહ્યું -

'આ દશપુર નગર છે. અહીં રાજા વજ્રકર્ણ રાજ કરતાં હતાં. તે સમજુ અને સાત્ત્વિક હતા, પણ તેમને શિકારનું વ્યસન હતું, તેઓ એક વાર પોતાના સાથીઓ સાથે શિકારે ગયા. તેમણે એક મૃગના નાસતા ટોળા ઉપર બાણ છોડ્યું, આ રાજાના બાણથી એક હરણી ઝપટમાં આવી ગઈ. તે ગર્ભવતી હતી. તેનો ગર્ભ પડી ગયો ને તે ગર્ભ તરફડવા લાગ્યો. આ દૃશ્ય એટલું કરૂણ હતું કે રાજા પણ કમકમી ઉઠ્યા. તેમને દયાની લાગણી ઉત્પન્ન થઈ અને તે પોતાની જાતને ધિક્કારવા લાગ્યો.'

આ હત્યાથી વ્યથિત થયેલા રાજા 'અરેરે ! મેં અતિઘોર પાપ કર્યું, હવે આ પાપથી કેવી રીતે છુટકારો થશે ?' એમ બોલતો રાજા આમતેમ દોડવા લાગ્યો. દોડતાં દોડતાં તેણે એક શિલા ઉપર સૌમ્ય દૃષ્ટિવાળા એક મુનિરાજને જોયા અને તે તેમની પાસે ગયો. વંદન કરી પૂછવા લાગ્યો, 'તમે આવા ઘોર જંગલમાં એકલા એકલા શું કરો છો ?' મુનિએ કહ્યું, 'હું મારું હિત કરૂં છું.' રાજા બોલ્યો, 'તો મારૂં પણ કોઈ હિત થાય તેવું કરો ને.' મુનિએ કહ્યું, 'હે ભદ્ર ! સમ્યક્ત્વપૂર્વકની અહિંસામાં જ આત્માનું હિત સમાયેલું છે. જિનેશ્વરદેવ કે જે રાગદ્વેષ રહિત છે તેમને તરણતારણ ભગવાન માનવા, ચારિત્ર્ય પાળવામાં ઉદ્યમ કરે એવા ગુરુને ગુરુ જાણવા, સર્વજ્ઞ ભગવંતે ભાખેલા ધર્મ ઉપર તથા જીવ-અજીવ વગેરે નવ તત્ત્વોમાં[1] શ્રદ્ધા રાખવી તેને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. પરમાત્માએ આને જ પ્રધાનતા આપેલી છે. જેમનું મસ્તક શ્રી અરિહંત પરમાત્મા તથા તેમના આજ્ઞાધીન મુનિઓ સિવાય ક્યાંય કોઈને નમતું નથી તેનું સમ્યક્ત્વ નિર્વાણ સુખના નિધાન જેવું વિશુદ્ધ કહેવાય.'

આવો આત્મકલ્યાણનો ઉપદેશ સાંભળી, રાજાએ બોધ પામી પોતે સમ્યક્ત્વયુક્ત બાર વ્રત ગ્રહણ કર્યાં અને એવી પ્રતિજ્ઞા કરી કે આજથી શ્રી વીતરાગ અને તેમના સાધુઓ સિવાય કોઈને નમસ્કાર કરવા નહીં.

એક વાર પોતાના મહેલમાં બેઠો બેઠો રાજા વજ્રકર્ણ વિચાર કરે છે કે 'હું અવંતીનરેશ સિંહરથ રાજાનો ખંડિયો રાજા હોઈ જ્યારે જ્યારે એમની પાસે જવાનું થશે ત્યારે ત્યારે એમને નમસ્કાર કરવા પડશે. જો તેમ થાય તો મારા નિયમ જાય. માટે મારે કાંઈક રસ્તો શોધવો પડશે.' તેણે આ કારણે વીંટીમાં નાનકડી રત્નમય મુનિ સુવ્રત સ્વામીની પ્રતિમા જડાવી. જ્યારે સિંહરથ રાજાને નમન કરવાનો અવસર આવે ત્યારે તે વીંટીમાં જડેલા ભગવાનને માથું નમાવે.

એક વાર કોઈ ચાડિયાએ આ વાત સિંહરથને કહી. આથી રાજાને ખીજ ચડી કે 'મારા તાબાનું રાજ્ય ભોગવે છે ને નમસ્કાર કરવામાંય કપટ કરે છે. આ દુષ્ટતાનું ફળ તેને અવશ્ય મળવું જોઈએ.' એમ વિચારી તેણે વજ્રકર્ણના નગર તરફ આક્રમક પ્રસ્થાન કર્યું, યુદ્ધના નાદ સાથે સૈન્ય આંધીની જેમ આગળ વધવા લાગ્યું.

આ તરફ વજ્રકર્ણ રાજાને કોઈકે આવી કહ્યું, 'હે સહધર્મી ! સિંહરથ રાજા મોટા સૈન્ય સાથે વેગપૂર્વક તમારા ઉપર ચડાઈ કરવા ધસી આવે છે, માટે તમે સાવધાન થઈ જે ઉપાય લેવો હોય તે લો.'

રાજાએ પૂછ્યું, 'તમે કોણ છો ?' આવનાર વ્યક્તિએ કહ્યું, "હું કુંડિનપુરનો રહેવાસી, નામે વૃશ્ચિક, નાતે વણિક અને ધર્મે શ્રાવક છું. એક વાર ઘણો બધો માલ લઈ વ્યાપાર ત્યાં અર્થે હું ઉજ્જૈની નગરી ગયો. ત્યાં વસંતોત્સવ જોવા હું ઉપવનમાં ગયો. તયાં અનંગલતા નામની અતિ સુંદર ગણિકાના પરિચયમાં આવ્યો અને પરિણામ એ આવ્યું કે હું એના સહવાસે જડ બની ગયો. એના વિના કાંઈ દેખાય નહીં. એ જે કહે તે પ્રાણના જોખમે પણ હું કરૂં. કમાવાનું તો દૂર રહ્યું, પણ મારી પાસે હતું તે બધું ખલાસ

૧. નવ તત્ત્વ = ૧. જીવ, ૨. અજીવ, ૩. પુણ્ય, ૪. પાપ, ૫. આશ્રવ, ૬. સંવર, ૭. નિર્જરા, ૮. બંધ, ૯. મોક્ષ.

કર્યું, એક દિવસ અનંગલતાએ મને રાણીનાં ઘરેણાં સરસ છે એમ જણાવી તે લાવી આપવા કહ્યું. મેં તેને તેવાં જ નવાં ઘરેણાં બનાવી આપવા કહ્યું, પણ તેણે જીદ લીધી. તે કહે 'મને તો એ જ રાણીનાં ઘરેણાં ગમે તેમ કરી લાવી આપો.' એના પ્રેમમાં આંધળો થયેલો હું છેવટે ચોરી કરવા રાજમહેલમાં પહોંચ્યો અને રાજાના શયનકક્ષ નજીક પહોંચી ગયો. રાજારાણી જાગતાં હતાં અને પલંગમાં વાતો કરતાં હતાં. હું અવસરની રાહ જોતો હતો. ત્યાં રાણી બોલી, 'મહારાજ ! આજ આપને શી અકળામણ છે કે ઊંઘ આવતી નથી ?' રાજાએ કહ્યું, 'રાણી ! જગતમાં કેવા કેવા લોકો હોય છે ? પેલો વજ્રકર્ણ મોટો ધર્માત્મા થયો છે, તે મને નમન-નમસ્કાર કરવામાં એનો ધર્મ ચાલ્યો જતો માને છે ને એ માટે એ પ્રપંચીએ પોતાની વીંટીમાં ભગવાન જડ્યા છે. માથું તેમને નમાવી અને નમન અમને જણાવે ! હું એને મારી એનું માથું મારા પગમાં મૂકીશ ત્યારે જ મને ચેન પડશે. કહે છે કે તેણે નિયમ લીધો છે કે વીતરાગ સિવાય કોઈને નમવું નહીં, એ જ મારા સાચા સ્વામી છે. પણ કાલે સવારે જ સૈન્ય સાથે પ્રસ્થાન કરવાની મેં આજ્ઞા આપી છે.'

રાજા-રાણીની આ વાત સાંભળી, હે મહારાજ ! મને વિચાર આવ્યો, 'અહો ક્યાં એ દૃઢધર્મી મહારાજ વજ્રકર્ણ અને ક્યાં એક બજારુ સ્ત્રીના કહેવાથી દુઃસાહસ કરનાર હું કુળવાન સદ્‌ગૃહસ્થ છતાં ચોર ?' પછી ત્યાંથી નીકળી તરત હું અનંગલતા પાસે ગયો અને તેની પાસેથી વિદાય લીધી. તેણે મને ખૂબ મનાવ્યો ને મમતા બતાવી પણ મેં મારો નિર્ણય કરી લીધો હતો. હું સાંઢણી પર બેસી ઉતાવળે તમને ચેતવવા આવ્યો છું. હું પણ હવે આવાં પાપી કામો છોડી, ધર્મના માર્ગે વળવા માગું છું. સારું, પ્રણામ ! હવે હું જઈશ. તમારે ધર્મની રક્ષા માટે જે ઉપાય લેવો હોય તે લો.''

આ સાંભળી પ્રસન્ન થયેલા વજ્રકર્ણે વૃશ્ચિક વણિકને ઉચિત સત્કાર કરી સારું ઈનામ આપી વિદાય કર્યો.

વજ્રકર્ણ રાજાએ નગર બહાર રહેતા લોકોને નગરમાં બોલાવી લીધા. નગરમાં બધી સામગ્રી ભેગી કરી, નગરના દરવાજા બંધ કરાવી દીધા. રાજા સિંહરથે નગરને ઘેરી લીધું, તેણે દરવાજાની બારી વાટે દૂત મોકલી વજ્રકર્ણને કહેવડાવ્યું કે, 'હજી કાંઈ બગડ્યું નથી. તું અમને નમસ્કાર કરી જા અને સુખે તારું રાજ્ય ભોગવ. નહિતર તારું મૃત્યુ નક્કી છે.'

વજ્રકર્ણે ઉત્તરમાં કહેવડાવ્યું કે, 'મને ધર્મ વ્હાલો છે. ધર્મથી મને સુખ-શાંતિ છે. ધર્મથી વધીને કોઈ રાજ્યવૈભવ નથી. મને ધર્મમાર્ગે જવા દો. ગમે ત્યાં જઈ ધર્મ આરાધીશ. રાજ તમે રાખો.'

પરંતુ સિંહરથે જવાનો માર્ગ ન આપ્યો, તે વજ્રકર્ણને મારવાની પેરવીમાં પડ્યો હતો. આથી આ ઉપનગર નિર્જન, ઉજ્જડ દેખાય છે. વસ્તી શહેરમાં ચાલી ગઈ છે.


આ સાંભળી શ્રીરામચંદ્ર લક્ષ્મણ સાથે સિંહરથ રાજાને મળ્યા. સમજાવવાથી તે ન માન્યો, એટલે તેને જીતી વજ્રકર્ણ સાથે સંધિ કરાવી.

આ રીતે વજ્રકર્ણે નિયમને બરાબર પાળ્યો. તેઓ એકાવતારી[1] દેવ થઈ, ત્યાંથી ચ્યવી, મનુષ્ય થઈ મુક્તિએ જશે.

આ વજ્રકર્ણ રાજાની અડગતાની કથા ઉપદેશે છે કે સાંભળી ભાવુક શ્રાવકોએ નિયમ લીધા પછી તે ગમે તેટલી આપત્તિ આવે તો પણ નિયમ ભાંગવો જોઈએ નહિ.

૧. એક જ અવતાર બાકી. દેવો સીધા મોક્ષે નથી જઈ શકતા તેમણે મોક્ષે જવા મનુષ્ય અવતાર લેવો પડે.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા



M/s. Raishi Devshi Shah
મે. રાયશી દેવશી શાહ
મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ
૧૫, ગ્રેઈન માર્કેટ, પો. બો. નં.-૬૩,
જામનગર - ૩૬૧ ૦૦૧.
ફોન : ઓ. : ૨૫૫૩૨૨૯, ૨૫૯૨૧૨૯
ઘર : ૨૫૬૫૪૦૧

# ૯૩ સમરાદિત્ય કેવળી

અગ્નિશર્મા અને ગુણસેન. નવ નવ ભવ સુધી બંને વચ્ચે વેર રહે છે. અગ્નિશર્માનું વેરી માનસ પોતાના નવ ભવોમાં ગુણસેન સાથે વેર રાખે છે. નવ ભવોની વાત વિસ્તારથી તો અહીં નથી આલેખાઈ શકી. ખરેખર બોધદાયક આ કથા 'સમરાદિત્ય મહાકથા' નામે ઘણી જાણીતી છે. અત્રે નવે ભવો ટૂંકાણમાં અત્રે લખ્યા છે.

પહેલા ભવમાં અગ્નિશર્મા એક તાપસ છે. સામે ગુણસેન એક યુવાન રાજા છે. તાપસ તપોવનમાં ઘોર તપશ્ચર્યા કરે છે. નાનપણમાં બન્ને સાથે રમ્યા છે. પણ હજારો વર્ષ પછી આ બાળપણના સાથીદારને ગુણસેન ભૂલી ગયો છે. એક વખત વસંતપુરના બાહ્ય તપોવનમાં બન્નેનું મિલન થયું. માસખમણનું પારણું કરવા માટે ગુણસેને અગ્નિશર્માને પોતાના મહેલે જમવા આવવા આમંત્રણ આપ્યું હતું, પણ આવું આમંત્રણ આપ્યા બાદ અગ્નિશર્મા મહેલને આંગણે આવ્યા છતા એક યા બીજા કારણે રાજા તેમને ત્રણ-ત્રણ વખત પારણું કરાવી ન શક્યો. આથી અગ્નિશર્મા ગુણસેન ઉપર ભયંકર દ્વેષી થયો. ક્રોધમાં ને ક્રોધમાં તેણે નિર્ણય કર્યો, ''રે દુષ્ટ ! તારા પાપથી ભલેને આ જન્મમાં ભૂખ્યો મરી જાઉં, પરંતુ આવનાર જન્મોમાં હું તને મારી તપશ્ચર્યાના પ્રભાવથી ત્રાસ-દુઃખ આપીને મારતો રહીશ.'' દેખીતી રીતે જ અગ્નિશર્માને રાજા પ્રત્યે કોઈ પ્રેમ-સ્નેહ રહ્યો ન હતો. પરંતુ રાજા ગુણસેનનો અગ્નિશર્મા પ્રત્યે સ્નેહ હતો. અગ્નિશર્મા મરીને તપના કારણે વિદ્યુત્કુમાર દેવ બન્યો. તેણે ધ્યાનસ્થ ગુણસેન ઉપર આગ જેવી તપેલી ધૂળ વરસાવી. રાજર્ષિનો દેહ બળી ગયો પણ પોતે જરા પણ ગુસ્સો ન કર્યો. આખરે પોતે સમભાવથી મૃત્યુને ભેટ્યો.

ગુણસેન બીજા ભવમાં રાજા સિંહ બને છે અને અગ્નિશર્મા બને છે રાજકુમાર આનંદ. બન્ને પિતા-પુત્ર બને છે. પિતાને પુત્ર ઉપર સ્નેહ હોય છે, જ્યારે પુત્રને પિતા ઉપર દ્વેષ થાય છે. ઘોર શત્રુતા તેના દિલમાં ઊભી થાય છે. તે પિતા સામે વિદ્રોહ કરે છે, પિતાને કારાગારમાં નાખી દે છે અને છેવટે તેમની હત્યા કરે છે. આ ભવમાં પણ સિંહ રાજા પોતાનો સમભાવ ગુમાવતા નથી.

ત્રીજા ભવમાં બન્ને માતા અને પુત્ર બને છે. અગ્નિશર્માનો જીવ માતા અને ગુણસેનનો જીવ પુત્ર ! માતાનું નામ છે જાલિની અને પુત્રનું નામ છે શિખીકુમાર. માતાને પુત્ર પ્રત્યે પ્રેમ ન હતો, જ્યારે પુત્રને માતા પ્રત્યે સાચો સ્નેહ હતો. શિખીકુમાર દીક્ષા લે છે અને મુનિ બને છે. માતા પ્રત્યે સ્નેહ હોવાને લીધે એના નગરમાં એની હવેલીમાં ભિક્ષા માટે આવે છે અને માતા જાલિનીના હાથે ભિક્ષા ગ્રહણ કરે છે. જાલિની પૂર્વના વૈરથી જાણી જોઈને વિષમિશ્રિત અન્ન વહોરાવે છે. આથી શિખીકુમારનું જાલિનીના હાથે મૃત્યુ થાય છે. શિખીકુમાર સમભાવથી જરાય ચલિત થતા નથી.

ચોથા ભવમાં તેઓ પતિ-પત્ની બને છે. ગુણસેનનો જીવ પતિ બને છે અને અગ્નિશર્માનો જીવ પત્ની બને છે. ધનકુમાર અને ધનશ્રી. એક સમુદ્રયાત્રા દરમિયાન ધનશ્રી ધનકુમારને સમુદ્રમાં ધક્કો મારી દે છે. પરંતુ સમુદ્રમાં પડતાંની સાથે એક લાકડાનું પાટિયું હાથ આવી જાય છે અને તેને સહારે તે બચી જાય છે. પરંતુ બચી ગયા બાદ ધનકુમાર સાધુ બને છે અને વૈરાગ્નિથી બળતી ધનશ્રી આ સાધુને જીવતા સળગાવી દે છે. સાધુમહાત્મા તો ગુનેગાર પ્રત્યે ક્ષમા ધારણ કરી રહે છે.

પાંચમા ભવમાં તે બન્ને જણ ભાઈઓ બન્યા. જય અને વિજય. ગુણસેનનો જીવ જય અને અગ્નિશર્માનો જીવ વિજય. જયને વિજય માટે પ્રેમ હતો, જ્યારે વિજયના મનમાં જય પ્રત્યે દ્વેષ હતો. બન્ને જણ કાલન્દી નગરીમાં રાજકુમારો હતા. પિતાના મૃત્યુ પછી જયકુમાર રાજા બને છે. પરંતુ પછી તેઓ દીક્ષા લે છે અને વિજય રાજા બને છે. વિજય રાજા ધ્યાનસ્થ મુનિ જય ઉપર તલવારનો ઘા કરીને તેમને મારી નાખે છે. ધ્યાનસ્થ મુનિ ઉપશમ રસનું અમૃતપાન કરે છે.

છઠ્ઠા ભવમાં એ બન્ને પતિ-પત્ની બને છે. ધરણ અને લક્ષ્મી. ધરણ શ્રેષ્ઠીપુત્ર હતો. ધરણને લક્ષ્મી પ્રત્યે પ્રેમ હતો. પણ લક્ષ્મીને ધરણ પ્રત્યે દ્વેષ હતો. ધરણ ચારિત્ર્ય સ્વીકારે છે. લક્ષ્મી ધરણમુનિ ઉપર ખોટો આક્ષેપ કરે છે, બદનામ કરે છે. પરંતુ દેવ મુનિ ઉપર પુષ્પવૃષ્ટિ કરીને તેમને નિર્દોષ સાબિત કરે છે. લક્ષ્મી જંગલમાં સિંહનો ભક્ષ્ય બની ગઈ. ધરણકુમાર મુનિ એક માસનું અનશન સ્વીકારીને મૃત્યુ બાદ અગિયારમાં દેવલોકમાં દેવ બન્યા.

સાતમા ભવમાં તે બન્ને પિતરાઈ ભાઈ બન્યા. કાકાના પુત્રો ભાઈ. સેન ગુણસેનનો જીવ અને વિષેણ અગ્નિશર્માનો જીવ. સેને દીક્ષા લીધી. વિષેણે સેનમુનિની હત્યા કરવાનો પ્રયત્ન તો કર્યો પણ દેવીએ એની રક્ષા કરી. વિષેણને માનવભક્ષી પશુઓએ મારી નાખ્યો. સેનમુનિએ અનશન કર્યું અને નવમાં ગ્રૈવેયક દેવલોકમાં ઉત્પન્ન થયા.

આઠમા ભવમાં રાજા ગુણસેનનો જીવ ગુણચંદ્ર બને છે અને અગ્નિશર્માનો જીવ વૈતાઢ્ય પર્વત ઉપર વાણવ્યંતર નામનો વિદ્યાધર પુત્ર બને છે. ગુણચંદ્ર રાજા દીક્ષા લે છે. વાણવ્યંતર વિદ્યાધર એમના પ્રત્યે દ્વેષ રાખે છે. મુનિ ધ્યાનસ્થ ઉભા હતા. વાણવ્યંતર વિદ્યાધરે એમની ઉપર પથ્થરની શિલાનો પ્રહાર કર્યો. મુનિ ઢીંચણ સુધી જમીનમાં ઉતરી ગયા. ઘોર વેદના સહન કરી ગુણચંદ્રમુનિ સમભાવે સમાધિમાં[૧] મૃત્યુ પામે છે. વાણવ્યંતર ઘોર રૌદ્રધ્યાનમાં મરીને સાતમાં નરકમાં ઉત્પન્ન થાય છે. મુનિ ગુણચંદ્ર 'સર્વાર્થસિદ્ધ' નામના અનુત્તર દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

નવમા ભવમાં - ગુણસેન રાજાનો જીવ સમરાદિત્ય નામનો રાજા બને છે અને અગ્નિશર્માનો જીવ ગિરિસેણ નામનો ચંડાળ બને છે. સમરાદિત્ય ચારિત્ર્ય ગ્રહણ કરે છે અને કેવળજ્ઞાની બને છે. પરંતુ એની પહેલાં ગિરિસેણ ચંડાળે દ્વેષભાવથી મુનિને સળગાવ્યા હતા. ક્ષેત્રદેવતા વેલંધર આગ હોલવી નાખે છે. સમરાદિત્ય કેવળજ્ઞાની બની મોક્ષે જાય છે અને અગ્નિશર્માનો જીવ સંસારમાં રખડી પડે છે.

નવ ભવની આ મહાકથા પૂરી થાય છે. ઈચ્છુક વાચકે ત્રણ મોટા ગ્રંથોમાં આ કથા 'સમરાદિત્ય મહાકથા'

૧. મૃત્યુ વખતે સમતા રહે - મન ધર્મ ધ્યાનમાં હોય આર્ત્ત કે રૌદ્રધ્યાન ન હોય તે સમાધિ મૃત્યુ કહેવાય.

# દુર્ગંધા રાણી

રાજગૃહીના મહારાજા શ્રેણિક એક વાર મોટા ઠાઠમાઠથી પ્રભુશ્રી મહાવીર-દેવને વાંદવા ચાલ્યા. રાજમાર્ગે થઈ સમવસરણ તરફ જતા માર્ગમાં સહન ન થઈ શકે તેવી દુર્ગંધથી શ્રેણિક રાજાને આશ્ચર્ય થયું. તેમણે તપાસ કરાવી કે આ શાની દુર્ગંધ છે ? સેવકોએ તપાસ કરી જણાવ્યું, 'મહારાજા ! આ નાળા પાસે નવજાત બાળા તજી દેવાઈ છે, તેના શરીરમાંથી આ અતિ તીવ્રતર દુર્ગંધ આવે છે, જે કોઈથી સહી શકાતી નથી.'

આ સાંભળી રાજા પોતે ત્યાં જઈ જોઈ આવ્યા. તેમને ઘણું આશ્ચર્ય થયું. પછી પ્રવચન બાદ તેમણે પ્રભુજીને વંદન કરી પૂછ્યું કે - 'ભગવન્ ! મેં હમણાં અતિ ગંધાતી બાળકી જોઈ છે. તેણે પરભવમાં શું પાપ કર્યું હશે કે જન્મતાં જ તેને તરછોડી દેવામાં આવી ?... ને ગંધ તો કેવી ? માથું ફાટી જાય તેવી !' ભગવંતે કહ્યું, "રાજા ! અહીં નજીકમાં વાણિજ્યગ્રામ નામનું ઉપનગર છે ને ! ત્યાં રહેતા ધનમિત્ર નામક શેઠને ધનશ્રી નામે એક દીકરી હતી. તેના લગ્નપ્રસંગે ઘરમાં તૈયારીઓ ચાલતી હતી. તેવામાં એક મુનિરાજ તેમના ઘરે વહોરવા પધાર્યા. શેઠે દીકરીને કહ્યું, 'બેટા ! ઘણો સરસ અવસર મળ્યો. તારો આજે લગ્નદિવસ છે, માટે તું લાભ લે.' ધનશ્રી નાહી-ધોઈ, સારાં કપડાં-ઘરેણાં પહેરી તૈયાર થઈ હતી. સુગંધી પદાર્થોથી તેણે પ્રસાધન કર્યું હતું. અંગવિલેપનની મહેક મહેકી રહી હતી. તે મહારાજજીને વહોરાવવા રસોડામાં ગઈ. તેમનાં મેલાં પરસેવાવાળા કપડાં અને શરીરમાંથી આવતી દુર્ગંધથી મોઢું મચકોડવા ને નાક ચઢાવવા લાગી.

એક તો યુવાવસ્થા, તેમાં વળી લગ્નનો દિવસ ! ખૂબ સારી રીતની સાજ-સજ્જા ને અંગરાગ કરવામાં આવેલાં. થોડી છકી ગયેલી તે વિચારવા લાગી : 'અરે, આ મુનિ કેવા ગંદા છે ? કેટલી વાસ મારે છે ! શરીર-કપડાં ચોખ્ખાં રાખતા હોય તો !' આમ તેને દુર્ગંછા થઈ આવી ને તેણે દુષ્કર્મ બાંધ્યું.

આ કર્મનો તેને પસ્તાવો પણ ન થયો ને તેણે આલોયણા પણ લીધી નહીં. છેવટે મૃત્યુ પામી તે આ નગરમાં જ એક ગણિકાની કૂખે ઉપની. તે ગર્ભમાં આવી ત્યારથી મા-ગણિકા બહુ પીડાતી. તેણે ગર્ભ પાડવાના ઉપાય પણ કર્યા પરંતુ ગર્ભપાત ન થયો ને બાળકી જન્મી. જન્મતાં એવી દુર્ગંધ ઘરમાં આવવા લાગી કે જેથી કંટાળીને ગણિકાએ તેને ગંદી વિષ્ઠાની જેમ તરત ગામ બહાર નાળામાં નંખાવી દીધી. એ જ બાળાને રાજા, તમે જોઈને આવ્યા છો !"

રાજાએ પૂછ્યું, 'ભગવન્ ! એ બિચારીનું શું થશે ?' ભગવાને જણાવ્યું, 'રાજા ! તેણે દુર્ગંછા કરી જે કર્મ બાંધ્યું હતું તે અતિ તીવ્રતાથી તેણે ભોગવી લીધું છે. ગયા ભવમાં ભાવપૂર્વક કરેલા સુપાત્રદાનના પ્રભાવથી હવે સારી સૌભાગી થશે. તે યુવતી થશે ત્યારે, રાજા ! એ તમારી રાણી બનશે. એક વાર તમે બન્ને સોગઠાં રમતાં હશો ત્યારે એવી શરત કરી હશે કે જે હારે તે જીતનારને ખભે બેસાડે. તેમાં તમે હારશો ને એ તમારા ખભે બેસશે.' - આવાં પ્રભુજીનાં વચન સાંભળી વિસ્મિત થયેલા રાજા મહેલમાં આવ્યા ને સુખે કાળ વિતવા લાગ્યો.

આ તરફ જ્યાં દુર્ગંધા કન્યા પડી હતી ત્યાં થોડી વારે એક ગોવાલણ આવી. હવે દુર્ગંધાની દુર્ગંધ નાશ પામી હતી. તે સુંદર બાળકીને જોઈને પુત્રી વિનાની એ ગોવાલણ તેને ઘેર લઈ આવી. તેણે પાળીપોષીને મોટી કરી. દિવસે દિવસે તેનું રૂપ તે લાવણ્ય ખીલવા લાગ્યું. તેનું મુગ્ધકર યૌવન આશ્ચર્ય ઉપજાવે તેવું હતું.

એક વાર કૌમુદી ઉત્સવમાં રાજા અને પ્રજા બધાં ભેગાં થયાં હતાં. અભયકુમાર સાથે રાજા શ્રેણિક ક્રીડા જોઈ રહ્યા હતા. તેવામાં કન્યા રાજાની નજરે ચઢી - તે યુવતીને જોતાં જ રાજા તેના ઉપર અનુરાગી થયા. ચત્તુર રાજાએ તે યુવતીના પાલવના છેડામાં ચપળતાથી પોતાના નામવાળી વીંટી બાંધી દીધી. ભીડમાં અભયકુમાર જેવાને પણ આ

બાબતની ખબર પડી નહીં. પછી, અભિનય કરતાં રાજા બોલ્યા - 'અરે મારી વીંટી ક્યાં ગઈ ? અમૂલ્ય વીંટી આટલામાં જ ક્યાંક પડી ગઈ છે.' પછી અભયકુમારને કહ્યું, 'મારી વીંટી શોધી કાઢજે.' અભયકુમારે નગરમાં પ્રવેશ કરતા લોકો માટે એક દરવાજો ઉઘાડો રાખી, બાકીના દરવાજા બંધ કરાવ્યા અને તપાસ શરૂ કરી. એમ કરતાં દુર્ગંધાના આંચલમાં બાંધેલી વીંટી અભયકુમારે પકડી પાડીને પૂછ્યું, 'આ વીંટી તું ક્યાંથી લાવી ?' તેણે કાન પર હાથ મુકતાં કહ્યું, 'મને કાંઈ ખબર નથી. આ વીંટી બાબત હું કાંઈ જાણતી નથી.' તેની નિખાલસતા અને દેખાવ પરથી અભયકુમાર કળી ગયા કે આ યુવતી સાચી છે. રાજાએ જ કપટ કર્યું લાગે છે. તેઓ તેને લઈ રાજા પાસે આવ્યા ને કહ્યું, 'લો, મહારાજા! આ ચોર પકડાયો. મને લાગે છે કે તેણે વીંટી તો નહિ કાંઈ બીજું જ ચોર્યું છે.' રાજાએ હસતાં કહ્યું, 'સાચી વાત છે.' પછી તે યુવતીના- મા-બાપની અનુમતિપૂર્વક શ્રેણિકે તેની સાથે લગ્ન કર્યાં. રાજાને તે એટલી બધી વ્હાલી થઈ ગઈ કે થોડા જ સમયમાં તે પટ્ટરાણી બની ગઈ.

એક વાર તેની સાથે રાજા સોગઠાબાજી રમતા હતા. રમતમાં એવી શરત કરવામાં આવી કે જે હારે તે જીતનારને ખભે બેસાડે. આ બાજીમાં રાજા જ હાર્યા. જીતેલી રાણી જરાયે ખચકાટ વિના રાજાના ખભા ઉપર ચઢી બેઠી.

સામાન્ય કુળમાં ઉત્પન્ન થયેલ, જો ઊંચા કુળનું ગૌરવ અને સન્માન પામે છે તોપણ પોતાના કૃત્યથી તે પોતાના કૂળને પ્રગટ કરે છે. મગધસમ્રાટ શ્રેણિકના ખભા ઉપર દુર્ગંધાએ પોતે ગણિકાની પુત્રી હોવાને કારણે પગ મૂક્યો, અર્થાત્ રાજાના ખભા ઉપર ચઢી પોતાનું કુળ છતું કર્યું. રાજા ને પ્રભુની વાણી યાદ આવી.

જરાયે ખચકાયા વિના પોતાના ખભા પર બેઠેલી રાણીની આ ચેષ્ટા જોઈ રાજા હસી ગયા. ખભાઉપરથી ઉતરેલી રાણીએ હાસ્યનું કારણ પૂછ્યું. રાજાએ પરમાત્મા પાસેથી સાંભળેલું તેનું ગયા ભવ સહિતનું આખું ચરિત્ર કહી સંભળાવ્યું. તે સાંભળતાં જ તેને જ્ઞાનનો પ્રકાશ લાધ્યો ને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. રાજાની અનુમતિ માગી, રાજાને મનાવી દેવી દુર્ગંધા રાણી પ્રભુ મહાવીર પાસે આવી અને અનન્ય ઉત્સાહથી ચારિત્ર્ય લીધું.

આ પ્રમાણે દુર્ગંધા રાણીનું ચરિત્ર સાંભળી પુણ્યશાળી જીવો સંયમી મુનિની કદી જુગુપ્સા - દુગંછા કરતા નથી.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

હસમુખભાઈ સાવલા

શાહ એન્ડ કું.

કોપરેલના વેપારી,
કમીશન એજન્ટ



ચેમ્બર હોલની લાઈનમાં,
ગ્રેઈન માર્કેટ, જામનગર.
ફોન : ઓ. : ૨૬૭૬૧૮૨
ઘર : ૨૬૭૦૬૮૩

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા



Mungani
Transport

હ. જમનલાલ નાથાલાલ

Transport Contractor & Commission Agent

Sikka Patiya, Ph. :
Jamnagar Office Ph. : 2559871, Mo. 98241 13236

# ૯૫ ભરત ચક્રવર્તી અને ૯૮ ભાઈઓ

ભગવાન ઋષભદેવ પોતાના સો પુત્રોને વિશાળ સામ્રાજ્ય વહેંચી દઈ અણગાર બની ગયા. પાછળથી ભરત, જે સો ભાઈઓમાં જ્યેષ્ઠ હતો તેનું ચક્રવર્તી બનવાનું નિશ્ચિત હતું. એને માટે ૯૯ ભાઈઓ કે જેઓ સ્વતંત્ર રાજા હતા તેમને પોતાની આજ્ઞામાં લાવવાનું જરૂરી હતું. એ સિવાય ચક્રવર્તી બની શકાય તેમ ન હતું. તે ગમે તેવા સંજોગોમાં પણ ચક્રવર્તી બનવાને પ્રયત્નશીલ હતો.

તેણે ૯૮ ભાઈઓની પાસે રાજદૂતો મોકલી દીધા. દૂતોએ જઈને ભાઈઓને કહ્યું, 'જો તમે નિર્ભયતાથી રાજ્ય કરવા ઈચ્છતા હો તો ભરત મહારાજાની સેવા કરો અને તેમની આજ્ઞામાં રહો.' આ કારણે બાહુબલી સિવાય ૯૮ ભાઈઓ એકત્ર થયા. ભરતના સંદેશા ઉપર વિચારવિમર્શ કર્યો અને દૂતોને સંદેશાનો પ્રત્યુત્તર આપતા કહ્યું, 'પિતાજીએ ભરતને અને અમને સૌને રાજ્ય વહેંચીને આપ્યું છે. હવે ભરતની સેવા કરવાથી તે અમને વધુ શું આપશે ? શું એ મહાકાળના આક્રમણને રોકી શકશે ? શું એ મનુષ્યના દેહને જર્જરિત કરી નાખનારી જરાને રોકી શકશે ? એ શું પોતાની ઉત્તરોત્તર વધતી રાજ્યતૃષ્ણાનો નાશ કરી શકશે ? જો તે આવું કશું કરી શકતો ન હોય તો પછી એ સેવ્ય અને અમે સેવકો કેવી રીતે બનીએ ? એની પાસે વિશાળ રાજ્ય છે, વિપુલ સંપત્તિ છે, તોપણ એને સંતોષ નથી. જો અસંતોષથી એ બળપ્રયોગ કરીને અમારાં રાજ્ય પડાવી લેવાનો પ્રયત્ન કરશે તો એને કહેજો કે અમે બધા એક જ પિતાના પુત્રો છીએ, અમે બધા એકત્ર થઈને એની સામે યુદ્ધ કરી શકીએ છીએ. પરંતુ હે દૂતો, અમે અમારા પિતાજીનો અભિપ્રાય જાણ્યા સિવાય તમારા માલિકની સામે અને અમારા જ્યેષ્ઠ ભાઈની સાથે યુદ્ધ કરવા ઈચ્છતા નથી.'

દૂતો ચાલ્યા ગયા. ૯૮ ભાઈઓ અષ્ટાપદ પર્વત ઉપર સમવસરણમાં બિરાજિત ભગવાન ઋષભદેવની પાસે ગયા. મસ્તકે અંજલિ રચીને તેમણે પરમાત્માની સ્તુતિ-સ્તવના કરી, ભગવાનને વિનયથી કહ્યું 'હે ભગવન્ ! આપે ભરતને અને અમને યોગ્યતા અનુસાર ભિન્ન ભિન્ન દેશોનાં રાજ્ય વહેંચીને આપ્યાં હતાં. અમે તો અમાર રાજ્યથી સંતુષ્ટ છીએ, પરંતુ અમારા મોટાભાઈ પોતાના રાજ્યથી અને બીજાનાં છીનવી લીધેલ રાજ્યોથી તૃપ્ત થયા નથી અને અમને બધાને તેમની સેવા કરવા અને તેમની આજ્ઞામાં રહેવા દૂતો દ્વાર કહેવડાવે છે.'

ભગવાને પોતાના ૯૮ પુત્રોને કહ્યું, 'વિવેકી પુરુષોએ અત્યંત દ્રોહી શત્રુઓની સાથે જ યુદ્ધ કરવું જોઈએ. એવા શત્રુઓ છે રાગ, દ્વેષ, મો અને કષાયો. એ શત્રુઓ જન્મજન્માંતરથી દુઃખ આપનારા છે. રાગ સદ્ગતિના માર્ગમાં લોઢાની શૃંખલાની જેમ અવરોધક છે, દ્વેષ નરકમાં લઈ જનારો પ્રચંડ શત્રુ છે, મોહ જીવોને સંસારસાગરમ ડૂબાડનારો છે અને કષાય દાવાનળની જેમ જીવોને બાળનાર છે. આ જ ખરા શત્રુઓ છે. આ શત્રુઓની સાથે યુદ્ધ કરીને વિજય પામવો જોઈએ. આ અંતરંગ શત્રુઓ સામે વિજય પામ્યા પછી બહારના શત્રુઓ રહેતા નથી, જીવ શિવ બની જાય છે અને તેને શાશ્વત્ પૂર્ણાનંદમય પદની પ્રાપ્તિ થઈ જાય છે.'

'રાજ્યલક્ષ્મી કરતાં મોક્ષલક્ષ્મી મહાન છે રાજ્યલક્ષ્મી તો દુર્ગતિમાં લઈ જનારી છે. તે અત્યંત પીડાકારી અને અલ્પકાલીન હોય છે. હે વત્સો દેવલોકમાં તમે દૈવી સુખ પ્રાપ્ત કર્યાં હતાં. એ સુખોથી પણ તમારી તૃષ્ણા શાન્ત થઈ ન હતી, તો પછી મનુષ્યલોકમાં તુચ્છ, અસાર અને અનિત્ય સુખોથી તૃષ્ણા કેવી રીતે શાન્ત થશે ? રાજ્યલક્ષ્મીથી એ તૃષ્ણા કેવી રીતે સંતુષ્ટ થશે ? તમે બધા વિવેકી છો. તમારે તો અખંડ આનંદસ્વરૂપ સંયમસામ્રાજ્ય ગ્રહણ કરવું જોઈએ કે જેનાથી પૂર્ણાનંદસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય.'

દાદાના ૯૮ પુત્રોએ સંયોગસ્વરૂપ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કર્યો અને ચારિત્ર્યધર્મનો સ્વીકાર કરીને આત્મભાવને નિર્મળ કર્યો. ભરત પ્રત્યે એમના મનમાં રજમાત્ર ખુભાંવ રહ્યો નહીં આત્મભાવ અત્યંત વિશુદ્ધ બન્યો, અને તે બધા સર્વજ્ઞ વીતરાગ પદ પામ્યા.

* * *

૮૯

# सुबुद्धि मंत्री

जितशत्रु राजा चम्पा के राज्य का स्वामी था । उसे धारिणी नामक पट्टरानी थी । अदीनशत्रु नामक उसका युवराज था । राज्य का कार्यभार सुबुद्धि नामक श्रमणोपासक उसका मंत्री चलाता था ।

सुबुद्धि विवेकशील श्रावक था । जितशत्रु राज्य कारभार में इस मंत्री की सलाह लेता । एक बार राजाने अपने यहाँ महोत्सव मनाया उस निमित्त पर उसने अपने यहाँ राज्य के अधिकारी सामंत एवं अग्रणी नागरिकों को भोजन के लिये निमंत्रण दिया ।

पांच पकवान, कई सब्जियाँ इत्यादि सुंदर प्रकार की रसवंती तैयार हुई । सबके साथ भोजन करते हुए राजा ने खूब रसपूर्वक अपनी रसोई की प्रशंसा की । सबने राजा की हाँ में हाँ मिलाई परंतु विवेकशील और गंभीर मंत्रीने थोडी देर बाद राजा को कहा, 'प्रभु ! आपने कहा था वह बराबर है । पुद्‌गल के इस प्रकार के स्वभाव में कुछ भी नया नहीं हैं फिर भी ये सब चीजें आमतौर से अच्छी ही हैं या आमतौर पर बुरी हैं यु नहीं कहा जा सकता । जो विषय आज मनोहर दिखता है, वह विषय दूसरे पल में खराब हो जाता है । जो पुद्‌गल एक पल श्रवण आये पसंद को ऐसा मधुर होता है, तो दूसरे पल श्रवण को नापसंद हो ऐसे कठोर और कर्णकटु बन जाते हैं और जो पुद्‌गल आँख को अत्यंत प्रसन्नता देनेवाले होते हैं वे कई बार देखने भी न चाहो ऐसे हो जाते हैं । सुगंधी पुद्‌गल सिर को तरबतर कर दे ऐसे सुवास देनेवाले भी बन जाते हैं । जीभ को स्वाद देनेवाले पुद्‌गल दूसरे पल बेस्वाद और चखना भी न चाहे ऐसे बन जाते हैं । तो कोई बार मधुर भी बन जाते हैं । जिन पुद्‌गलों को स्पर्श करने का हमें बार बार मन होता है वहीं पुद्‌गल कई बार छूना भी न चाहे ऐसे हो जाते हैं । इससे परिणाम भी कई बार आते हैं । अमुक वस्तु अच्छी और फलां वस्तु खराब है ऐसा - आमतौर पर नियम नहीं । कई बार अच्छी चीजे संजोगवशात् बिगड भी जाती है और खराब चीजे सुधर भी जाती है । वह तो मात्र पुद्‌गलों के स्वभाव और संयोग की विचित्रता है ।

विवेकशील सुबुद्धि की ये तत्त्व भरपूर बाते जितशत्रु को पसन्द आयी नहीं, क्योंकि उसके हृदय में उस समय मिथ्यात्व प्रवेश कर चुका था; मगर वह चर्चा न करके चुप ही रहा ।

एक बार जितशत्रु राजा घोडे पर सवार होकर बड़े परिवार के साथ नगर के बाहर एक खूब दुर्गंध फैलाती हुई खाई के समीप से गुजर रहा था, उसमें रहे पानी का रंग खराब था और सडे हुए मुर्दे जैसी गंध उसमें से आ रही थी । संख्याबद्ध कीडों से गंदा पानी खदबदा रहा था । वहाँ पानी की असह्य दुर्गंध से राजा को नाक दबाना पड़ा । इस दुर्गंध से उबकर थोडा आगे जाकर उसने कहा, 'कितना खराब है यह पानी ? सडे मुर्दे की तरह गंध मार रहा है । उसका स्वाद और स्पर्श भी कितना बुरा होगा ?' राजा की यह बात भी ज्ञाता और द्रष्टा मंत्री के सिवा सबने स्वीकृत की । सिर्फ सुबुद्धि मंत्री ने कहा, 'स्वामीन् ! मुझे तो इस बात में कुछ भी नवीनता नहीं लगती । मैंने पहले कहा था उस प्रकार पुद्‌गलों के स्वभाव की ही सब विचित्रता है ।

राजा जितशत्रु को बुरा लगा । उसने सुबुद्धि को कहा, 'तेरा अभिप्राय बुरा नहीं है । मुझे तो तेरा कथन ही दुराग्रह भरा ही लगता है । जो कुछ

अच्छा है वह अच्छा ही है और जो बुरा है वह बुरा ही है। उसका स्वभाव परिवर्तन हो जावे ऐसा तो होता होगा क्या ?

राज के कथन पर से सुबुद्धि को लगा, 'वस्तुमात्र परिवर्तनशील है' यह बात राजा जानता नहीं है; सो मुझे प्रत्यक्ष प्रयोग करके दिखाना चाहिये के जैन सिद्धांत में कही वस्तु का स्वरुप बराबर समझना चाहिये ?

ऐसा विचार करके मंत्रीने बाजार से नौ कोरे घड़े मंगवाये और सेवकों द्वारा उस गंदी खाई का पानी उन घड़ो में छानकर भरवाया। तत्पश्चात घड़े सात दिन तक बराबर बंद करके रखे। तत्पश्चात अन्य नौ घडे वह पानी छान कर भरवाया। इस प्रकार लगातार सात सप्ताह तक किया। सातवें सप्ताह उस पानी को वर्ण, गंध, रस और स्पर्श स्वच्छ से भी स्वच्छ पानी जैसा हुआ। उस उत्तम पानी को – जल को ज्यादा उत्तम बनाने के लिये सुबुद्धि ने उसमे सुगंधित और द्रव्य मिलाये और राजा के सेवकों को वह पानी दिया और वह पानी भोजन समय पर राजा को देने की सुचना दी। राजा ने भोजन किया, राजा के सेवको ने वह पानी दिया। भोजन पश्चात राजा ने पानी के खूब बखान किये और भोजन करने साथ में बैठे हुए मनुष्यों को कहा, 'हमने जो पानी इस समय पिया वह उत्तमोत्तम है। क्या उसका स्वाद ! क्या उसका रंग ! क्या उसकी सुगंध और क्या उसकी हीम से भी अधिक शीतलता ! मै तो ऐसे पानी को सर्वश्रेष्ठ जल कहता हूँ' प्रशंसा करते करते राजा ने सेवक को पूछा, 'यह पानी तू कहाँ से लाया ?'

सेवक बोला : 'महाराज ! यह पानी मंत्रीश्वर के यहाँ से आया है।' राजा ने सुबुद्धि को बुलाकर पूछा, 'तू इतना अच्छा पानी कहाँ से लाया ?'

सुबुद्धि ने जवाब दिया, 'महाराज ! यह पानी वही गंदी खाई का ही है।'

राजा ने विस्मय से पूछा : 'क्या उसी गंदी खाई का है ?' सुबुद्धि ने कहा : 'महाराज ! यह उसका ही पानी है। जैन शासन कहता है – वस्तु मात्र परिवर्तनशील है। जब आपने भोजन के बखान किये और पानी की निंदा की तब आपको जैन सिद्धांत का परमार्थ समझाने का मैंने प्रयत्न किया मगर आपके मानने में यह बात आयी नहीं, इसलिये मैंने खाई के गंदे पानी पर प्रयोग प्रत्यक्ष कर दिखाया।' तथापि राजा को सुबुद्धि मंत्री की बात पर विश्वास न आया। उसने अपनी देखरेख में खास आदमियों द्वारा जल मंगवाकर सुबंद्धि मंत्री के कहे अनुसार वह प्रयोग कर देखा। इसके बाद उसे पूरा भरोसा बैठ गया कि सुबुद्धि का कहना पूर्णस्वरूपेण सही है। इसलीये उसने सुबुद्धि को बुलाकर पूछा : 'वस्तु के स्वरुप विषय का ऐसा ज्ञान तुमने पाया कहाँ से ?' सुबुद्धि ने नम्रता से कहा, 'प्रभु जिनेश्वर देव के वचनों से मैं वह सिद्धांत समझा हूँ। इस कारण सुन्दर चीजें देखकर मै उत्तेजित नहीं होता, और खराब चीजें देखकर उब भी नहीं जाता। वस्तु के पर्यायों का यथार्थ ज्ञान होने से विवेकी आत्मा अपना समभाव टिकाकर बराबर मध्यस्थ रह सकती है। इससे रागद्वेष तथा कषायों के योग से मलिनता उनकी आत्मा में प्रवेश नहीं करती।'

श्रमणोपासक सुबुद्धि मंत्री की ऐसी उमदा बातें सुनकर राजा को जैन सिद्धांत का रहस्य समझने की तीव्र उत्कण्ठा हुई। तत्पश्चात सुबुद्धि मंत्री ने राजा को जैन सिद्धांत में रहे जीवादि तत्त्वों का रुप समझाया। राजा ने जैन धर्म अंगीकार किया।

क्रमश : सद्गुरु की निश्रा में रत्नत्रयी की आराधना करके उन दोनों ने कर्म क्षय करके मुक्तिपद पा लिया।

९७

# श्री उदयन मंत्री

एक बार श्री कुमारपाल राजा ने सोरठ देश के राजा समरसेन को जीतने के लिये – अपने मंत्री उदयन को भेजा। पालिताणा पहुँचने पर तलहटी के दर्शन करके श्री ऋषभदेव भगवान की वंदना करने की इच्छा होने से वह अन्य सैनिकों को आगे बढ़ने का कहकर वह शत्रुंजय पर्वत पर चढ़ा। दर्शन वंदन करके तीसरी – निसीहि कहकर चैत्यवंदन करने वह बैठा।

चैत्यवंदन करते हुए उसकी नज़र के समक्ष एक चूहा जलती बत्ती लेकर अपने बील की ओर दौडता देखा। मंदिर के पूजारीयों ने दौड़कर चुहे से बत्ती छुडवाकर बुझा दी। यह सब देखकर मंत्री ने मन से सोचा – मंदिर तो काष्ठ का है। काष्ठ के स्तंभ, छत बगैरह होनेके कारण कोई बार ऐसी घटना से आग लगने का संभव हो सकता है।

राज्य के राजा तथा समृद्ध व्यापारी काष्ठ मंदिर को पत्थर का बनाकर जीर्ण चैत्य को नूतन क्यों न बनाये ? ऐसा वे न करें तो मुझे इस मंदिर का जीर्णोद्धार कराना चाहिये। ऐसी भावना से जहाँ तक जीर्णोद्धार न हो तब तक ब्रह्मचर्य, एकासना पृथ्वी पर शयन करना। पर्वत से उतरकर प्रयाण करते हुए अपने सैनिक के साथ हो गये।

समरसेन राजा के साथ युद्ध होने पर अपना सैन्य भागने के कारण उदयन मंत्री संग्राम में उतरकर शत्रु सैन्य को घायल करने लगे। खुद शत्रुके बाणों से बड़े घायल हुए पर अपने बाण से समरराजा पर विजय पायी। इस कारण शत्रु सैनिक भाग खडे हुए और उस देश में अपने राजा कुमारपाल की अहिंसा की आज्ञाएँ देकर मंत्री स्वदेश की ओर लौटे।

मार्ग में शत्रु के प्रहार की पीडा से मंत्री की आँखो में अंधेरा छा जाने से मूर्च्छित होकर पृथ्वी पर गिर पडे और करुण स्वर में रोने लगे। सामंतो ने उन पर जल छिड़का और अपने वस्त्रों से पवन डालकर, कुछ शुद्धि में लाकर उनको पूछा, 'आपको कुछ कहना है ?' तब उदयन मंत्री ने करुणता से कहा, 'मेरे मन में चार शल्य हैं।' छोटे पुत्र अंबड को सेनापति पद दिलाना, शत्रुजय गिरि पर पत्थरमय प्रसाद बनाना, गिरनार पर्वत पर चढने के लिए नयी सिढीयाँ बनवानी और अंत समय पर मुझे कोई मुनि महाराजा पुण्य सुनाकर समाधिचरण कराये।

मंत्री की ये चार इच्छाएँ सुनकर सामंतो ने कहा, 'चार में से तीन तो आपका बड़ा पुत्र बाहडदेव जरुर पूर्ण करेगा। परंतु यहाँ जंगल में धर्म सुनानेवाले मुनिराज हो तो तलाश करके जल्दी से लाने का प्रबन्ध करते है।'

थोडी दूर गाँव में एक भाँड रहेता था जो बहुरुपिये का पेशा करके धन कमाता था। सैनिको ने वहाँ जाकर बताया कि एक जैन मुनि महाराज की जरुरत है। भाँड बोला, 'मुझे चौबीस घण्टें का समय दो, मैं जैन मुनि के बारे में सब जानकर, जैन मुनि का वेष जरुर अच्छा निभा लूंगा।'

जैसे तैसे अतिशय पीडा से पीडित मंत्री ने अर्धबेहोशी में रात गुजार दी। भाण्ड सुबह में ठीक साधू महाराज जैसा भेष बनाकर आया, मुहपत्ती के साथ आ पहुँचा और 'धर्मलाभ' कहकर खडा रहा। कुछ होश में आते ही मंत्रीश्वर ने बैठकर गौतम स्वामी की तरह

पुण्यकारी की अनुमोदना करते हुए मुनिराज से धर्म सुनने लगे।

तीन बार नवकार मंत्र सुनाया। भक्तमार स्तोत्र की पहली तथा दूसरी गाथा बड़े मधुर स्वर से गायी। भक्तामर की दूसरी गाथा पुरी होते ही 'स्तोष्ये किलाहमपितं प्रथमं जिनेन्द्रम्' बोला। उस समय मंत्री गुरु को वंदन हेतु झुकते हो उस प्रकार झुके और उनका प्राणपंखेरु उड गया। समाधिचरण होते ही उदयन – मंत्री स्वर्ग गये।

सामंतो ने साधू के वेशवाले भाण्ड को सुंदर अभिनय से वेष करने का अच्छा पुरस्कार धरा और अब साधू भेष उतार देने के लिए कहा। परंतु वह तो सोच रहा था कि अहा! साधूवेष की कैसी महिमा है ? मैं भिक्षुक हूँ और ये सैनिक वगैरह जिनकी पूजा करते हैं, वंदना करते हैं, उन्होने मेरी वंदना की; सो यह वेश अब नहीं छोडा जा सकता। उसको सद्‌गुरु के पास जाकर भाव से विधिपूर्वक दीक्षा लेकर वाकई मे साधू बनकर साधूवेष शोभायमान करने की भावना जाग्रत हुई उसने पुरस्कार अस्वीकार करते हुए कहा : 'मंत्रीश्वर की आँखें बंद हो गई लेकिन मेरी आँखे खुल गयी।''

'मेरी तो सचमुच दीक्षा लेकर भव पार करने की एक मात्र इच्छा है' यु कहकर एक आचार्य से दीक्षा लेकर गिरनार पर्वत पर जाकर दो माह का अनसन करके कालानुसार देव लोक गया।

मृत्यु समय पर मंत्रीश्वर ने जो अन्य तीन इच्छाएँ की थी वह पाटण लौटने पर बाहड मंत्री ने पूर्ण कर दी।

❖ ❖ ❖

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

મોહનલાલ નથુભાઈ શાહ (કરણિયા)

ત્રણ દરવાજા પાસે, ખાંડ બજાર,
ગ્રેઈન માર્કેટ, જામનગર – ૩૬૧ ૦૦૧
ફોન : (ઓ.) ૨૫૫૪૪૩૯
(ઘર) ૨૫૬૫૦૯૯
E-mail : Kanteas@yahoo.com

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને
હાર્દિક શુભેચ્છા



શ્રી ગુણવંતીબેન હંસરાજ શાહ

હસ્તે કંચનબેન

ઓશવાળ કોલોની, જામનગર.

शैलक राजर्षि पांचसौ शिष्य के साथ विचर रहे थे । ज्ञान, ध्यान के साथ वे उग्र तपश्चर्या करते थे । लगातार आंयबील का तप और रुखासुखा भोजन करने से, उनके शरीर में 'दाहज्वर' का रोग हुआ । परंतु उनको तो शरीर पर ममत्व ही नहीं था । रोग होने पर भी वे इलाज नहीं कराते थे ।

पांचसौ शिष्यों के परिवार के साथ वे शैलकपुर पधारे, जहाँ राजा - मंडुक राज्य करते थे । वे एक दिन आचार्य का दर्शन करने आये । दर्शन वंदन करके उन्होंने आचार्य देव की कुशलता पूछी और ज्ञात कर लिया कि गुरुदेव दाहज्वर से पीडीत है और शरीर निरा कृश बन चुका है ।

राजा ने आचार्य श्री को बिनती की, 'हे कृपावंत ! आप यहाँ स्थिरता करें । रोग की चिकित्सा करने का मुझे लाभ दीजीये । आप निरोगी होगें तो अनेक जीवों को उपदेश द्वारा उपकारी होंगे । इसलीये मेरी प्रार्थना स्वीकारे ।'

कुशल वैद्यो द्वारा आचार्य श्री की चिकित्सा प्रारंभ हुई, परंतु कुछ दिन की चिकित्सा के बाद कुछ फर्क न दिखा तो वैद्यो ने मुनियों को कभी भी खपता नहीं हो परंतु रोग निवारण के लिये 'मद्यपान' करने के लिए कहा । हरेक नियम का अपवाद हो सकता है ऐसा समझकर आचार्यश्री ने दवाओं के साथ मद्यपान करना शुरु किया ।

शरीर निरोगी बनता गया परंतु कमजोरी तो थी । राज्य के रसोईघर से घी - दूध के साथ साथ पुष्टिकारक व्यंजन भी आने लगे । मद्यपान के साथ ये स्वादिष्ट व्यंजन और पूर्ण आराम के कारण शरीर आलसी बनता गया । धीरे धीरे प्रतिक्रमण पडिलेहन भी छूटता गया । स्वादिष्ट व्यंजन खाना, मद्यपान करना और आलस के कारण सोना-ऐसा नित्यक्रम हो गया शैलकाचार्य का ।

मद्यपान वाकई में अच्छे-अच्छें का पतन कराता है । आचार्य तो भूल गये कि 'मैं साधू हूँ ।' मैं पांचसौ शिष्यों का गुरु हूँ । भूल गये कि' मै जैन धर्म का आचार्य हूँ ।

सब शिष्य सोचने लगे कि अब क्या करना । साधारण संयोग में गुरु को उपदेश नहीं दीया जा सकता । शायद दो अक्षर कहे तो नशे मे चकचूर गुरु कुछ सुने ऐसे न थे । धीरे धीरे शिष्य गुरु को छोड़कर अन्य आचार्यों के पास चल गये । उन्हें अपना चारित्र संभालना था ।

परंतु एक शिष्य 'पंथक मुनि' ने गुरु को किसी भी प्रकार से पुन: सन्मार्ग पर लाने की आशा के कारण गुरु का त्याग न किया वह मार्ग भूले गुरु से सटा रहा । उनकी सेवा सुश्रुषा जारी रखी। 'गुरु परम उपकारी है । इस समय उनका पापोदय है । परंतु ऐसे समय पर गुरु का त्याग ठीक नहीं है । एक दिन जरुर उनकी आत्मा जागेगी और पुन: संयम में स्थिर हो जायेंगे । इस प्रकार कई दिन बीत गये । पंथक मुनि गुरु की वैयावच्च बराबर करते रहे ।

इस तरह चातुर्मास पूर्ण हुआ । शैलकाचार्य की स्थिति तो वही बनी रही, खाना पीना और सोना ।'

चौमासी प्रतिक्रमण का समय हुआ । पंथक मुनिवर ने समयोचित प्रतिक्रमण प्रारंभ किया । प्रतिक्रमण की क्रिया में जब महाराज से क्षमापन की क्रिया आयी तो पंथक मुनि ने धीरे से गुरुदेव के चरणों पर हाथ रखा ।

*शैलकाचार्य चीडा उठे : 'क्यों मुझे जगाया । परेशान क्यों करता है ?*


*'गुरुदेव ! क्षमा चाहता हूँ मै अविनीत हूँ । मैंने आपकि निन्द्रा में बाधा डाली । आज – चौमासी चौदहवी का प्रतिक्रमण करते हुए क्षमापना के लिये आपके चरणों पर हाथ रखा है ।'*

*चौमासी प्रतिक्रमण का नाम सुनकर गुरुदेव चौंके ,' हैं ? आज चौमासी चौदहवीं । चातुर्मास पूर्ण हो गया ।'*

*राजर्षि खड़े हो गये । पंथक मुनि से क्षमापना की और शीघ्र ही प्रतिक्रमण करने बैठ गये । आत्मसाक्षी से खूब आत्मनिंदा कीऔर प्रतिक्रमण किया ।*

*दूसरे दिन राजा मंडुक को कहकर शैलकाचार्यने पंथक मुनि के साथ विहार किया । पंथक मुनि बड़े प्रसन्न हुए । मार्ग भूले गुरुदेव पुन: मोक्षमार्ग पर चढ़ गये । विहार करते करते ४९९ शिष्य धीरे धीरे शैलकाचार्य के पास आ गये । पुन: पुन: एक दूसरे से क्षमापना की । सबने पंथक मुनि को लाख लाख अभिनंदन दिये । भले प्रकार से संयम की आराधना की, शैलकाचार्य शत्रुंजय पर पहुँचे । एक माह का अनशन किया । सर्व कर्मो का क्षय किया । सबने निर्वाण प्राप्त किया । धन्य प्रमाद त्यागी गुरु, धन्य शिष्य पंथक...*


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા



**જયશ્રીબેન નવનીતરાય શાહ**

સહકાર સોસાયટી–૯,
મુ. બોટાદ–૩૬૪ ૭૧૦
જિ. ભાવનગર

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ . શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા



**પુષ્પાબેન અમૃતલાલ શાહ**

રાજદર્શન દશમા માળે, સર્વોદયનગર,
જવાહરલાલ નેહરૂ માર્ગ, મુલુન્ડ
(વેસ્ટ) મુંબઈ–૪૦૦ ૦૮૦

८८

# क्षुल्लक शिष्य

वसंतपुर में देवप्रिय नामक श्रेष्ठि रहता था । युवावस्था में उसकी स्त्री का मरण हुआ और उसमे उसे वैराग्य हुआ । इस कारण अपने आठ वर्षीय पुत्र सहित उसने दीक्षा ग्रहण की । देवप्रिय बहुत अच्छी तरह से चारित्र पालते थे परंतु बालक जिसका नाम क्षुल्लक था वह जैन आचार पालने में शिथिल था । वह परिषहों को सहन नहीं कर पाता था । जूते बिना चलना उसको मुश्किल लगता था इसलिये एक बार अपने साधू पिता को उसने कहा, 'ब्राह्मणों का दर्शन श्रेष्ठ लगता है, जिसमें पावों की रक्षा हेतु जूते पहनने की विधि है । यह सुनकर देवप्रिय मुनि ने क्षुल्लक तो बालक है और कुछ अंश में पुत्र के प्रति राग के कारण उसे जूते पहनने की छूट दी ।'

थोडे दिन बाद क्षुल्लक ने अपने गुरु पिता को कहा, 'हे पिता ! धूप में बाहर निकलते ही मेरा सिर तप जाता हैं । तापसों का धर्म ठीक हैं क्योंकि वे सिर पर छत्र रखते हैं । यह सुनकर गुरु ने – कहा इस क्षुल्लक में परिपक्वता नहीं है और यदि छाते की अनुमति उसकी जरुरत अनुसार नहीं दुंगा तो शायद दीक्षा छोड देगा ।'

कई माह के पश्चात क्षुल्लक ने पुन: कहा 'गोचरी के लिये घर घर भटकना बडा मुश्किल लगता है । पंचाग्नि साधन करनेवाला आचार मुझे श्रेष्ठ लगता है क्योंकि कई लोग – उनके समक्ष आकर भिक्षा दे जाते हैं । गुरु ने पूर्वानुसार सोचकर भिक्षा लाकर स्वयं उसे देने लगा । इससे क्षुल्लक मुनि ने गोचरी के लीए जाना बंद कर दिया । एक दिन सवेरे उठकर क्षुल्लक मुनि ने शाक्यमत की प्रशंसा करते हुए कहा, 'पृथ्वी पर संथारा करने से मेरा शरीर दुखता है , सो सोने के लिये एक पलंग हो तो कितना अच्छा ।' इस कारण गुरु ने उपाश्रय में से लकड़े की चौकी सोने के लिए उसे दी। तत्पश्चात पुत्र मुनि को स्नान बिना ठीक न लगा तो उसने शौचमूल धर्म की प्रशंसा की । तब पिता ने उबाला हुआ पानी लाकर उससे स्ना न उस्त्रे से मुण्डन कराने की भी अनुमति दी।

इस प्रकार करते क्षुल्लकर मुनि युवावस्था में पहुँचे । एक बार उसने गुरु पिता को कहा, 'गुरुजी मैं ब्रह्मचर्य पालने में समर्थ नही हूँ' एसा कहकर उसने गोपी और कृष्ण लीला की प्रशंसा की । यह सुनकर पिता ने सोचा, 'वाकई, यह पुत्र सर्वथा चारित्र पालने में असमर्थ है । मोहवश इतने समय तक उसने जो माँगा वह दिया । परंतु यह माँग तो किसी भी तरह से स्वीकृत नहीं की जा सकती । यह यदि मैं स्वीकृत करकर उसे अनुमति दूं तो वह तो नर्क मे जायेगा, मैं भी नर्क मे जाऊंगा ।'

इस जीव को अनंत भवो में अनंत पुत्र हुए है तो उस पर किसलिये मोह रखना चाहिये ? इत्यादि विचार करके क्षुल्लक मुनि को उन्होंने गच्छ बाहर निकाल दिया । इस प्रकार पिता से दूर होते ही अपनी मर्जी अनुसार जीवन बीताने लगा । क्रमानुसार वह अन्य भव में भैंस बनी और उसने पिता स्वर्ग लोक में देवता बने ।

देवता नें अवधिज्ञान से पुत्र को भैंस बना देखकर सार्थवाह का रुप धारण करके उस भैंस को खरीदा और उसका पानी की मशक भर लाने के लिये उपयोग


करने लगा। उबड खाबड मार्ग पर चलते हुए भैंस खडा रहता तब सार्थवाह कोडे से कडी मार मारता, तब भैंस जोरो से चीखता तब सार्थवाह भी जोरो से चिल्लाता, 'अरे ! क्यों चीखता है ? पूर्व जन्म में मैं यूं करने में शक्तिमान नहीं हूं, वो करने में शक्तिमान नहीं हूं - यों बारबार कहता था, अब कह, भुगत तेरे कर्मों के फल।' इस प्रकार कहते हुए जोर से कोडा मारा।

कोडे की मार और सार्थवाह के ऐसे वचन सुनकर भैंस को जातिस्मरण ज्ञान हुआ। पूर्व भव नजर समक्ष आया और उसके नेत्र में से अश्रुपात करते हुए सोचने लगा, 'पूर्व भव में पिता के कहे अनुसार मैने चारित्र पालन नहीं किया और महामुश्किल से प्राप्त मनुष्य भव मैंने गँवा दिया। धिक्कार है मुझे। मेरे कर्मों से मैं भैंस बना हूँ।'

भैंस को ज्ञान हुआ जानकर देवता ने कहा, 'मेरे तेरे पूर्व भव का पिता हूं और तुझे पूर्वभव का स्मरण दिलाने आया हूँ। अभी भी यदि शुभगति की इच्छा हो तो अनशन ग्रहण कर।' यह सुनकर भैंस ने अनशन ग्रहण किया और वहाँ से मरकर वैमानिक देवता बना। इसलीए हुए व्रत का शुद्धतापूर्वक पालन करना और क्षुल्लक मुनि की भाँति दूसरे दर्शन के आचार देखकर उनकी अपेक्षा आकांक्षा करनी नहीं। श्री जिनेश्वर भगवान ने कहा वह सत्य है, उसमें किसी प्रकार से शंका न करनी।


પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

જાગૃતી ડી. મહેતા
ધૈર્ય ડી. મહેતા
Dhiran H. Mehta



VARDHMAN Marketing

ઝેડ બ્લેક તથા અન્ય બ્રાન્ડેડ કંપનીના ઓથોરાઈઝડ ડીલર

Wholesaler & Retailer of Bangalore's Famous Agarbati

Panjab National Bank Street, Opp. Ram Bhuvan
Jamnagar - 361 001. Ph. (R) 2664967
Mo. : 94283 17480

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા



હર્ષદરાય જેશંગલાલ મેતા - પરિવાર

TOYS
PRESENTATION ARTICLES
PLASTIC GOODS
CUTLERY ITEMS

JITEN 93748 38773
RUPESH 99045 93980
SANJAY 98795 17005



PRO. HARSHADRAI
H.J. MEHTA

24, HAVELI MARKET, G.D. SHAH HIGHSCHOOL ROAD,
NR. SETAVAD, JAMNAGAR-361 001.
Ph. O. 2677476, R. 2672835

# १०० श्री कुरगडु मुनि

एक दृष्टिविष सर्प था। उसको किसी भी तरफ से देखने वाले की मृत्यु हो जावे ऐसा विषयुक्त उसका शरीर था। पूर्व भव में किये हुए पापों का जाति ज्ञान होने से उसे याद तो आया तो उस कारण से वह बिल मे ही मुँह रखने लगा – मुँह बाहर निकाले और कोई देखे तो लोगों की मृत्यु हो जाय – ऐसा मुझे नहीं करना चाहिये – ऐसा सोच समझकर पूंछ बाहर रहे उस प्रकार से बिल में रहने लगा।

कुंभ नामक राजा के पुत्र को किसी सर्प ने डसलिया। जिससे उसकी तत्काल मृत्यु हो गयी। कुंभ राजा शत्रु पर बहोत क्रोधित हुए और उन्होंने हुक्म दिया जो कोई सर्प को मारकर उसका शव ले आयेगा तो हरेक शव के लिए एक एक सुवर्णमुद्रा इनाम में दी जायेगी। इस ढंढेरे से लोग ढूंढ ढूंढ कर साँप मारकर उनके मृत शरीर को लाने लगे। एक व्यक्ति ने दृष्टिविष सर्प की पूंछ देखी। वह जोर से पूंछ खींचने लगा मगर दयालु सर्प बाहर न निकला। पूंछ टूट गयी। सर्प वह वेदना समता से सहन कर रहा था। और टूटी हुई पूंछ का थोडा भाग दीखते ही उस व्यक्ति ने काट लिया। सर्प सोचने लगा इस प्रकार मत समझ कि यह मेरा शरीर ही कट रहा है परंतु ऐसा समझ कि यह कटने से तेरे पूर्व किये हुए कर्म कट रहे है। यदि उनको समता से सहन करेगा तो यह दर्द भविष्य में तेरा भला करनेवाला होगा' ऐसा सोचकर उसने अंत में मृत्यु पायी।

एक रात्रि को कुंभ राजा को स्वप्न आया कि तेरा कोई पुत्र नहीं है उसकी लगातार चिंता तूं करता है। यदि मै अब कोई सर्प को नहीं मारुंगा ऐसी प्रतिज्ञा तूं लेगा तो पुत्र रत्न की प्राप्ति होगी। इस कारण कुंभ राजा ने अब किसी सर्प को न मारने की किसी आचार्य से प्रतिज्ञा ली।

दृष्टिविष सर्प मरकर इस कुंभराजा की रानी की कुक्षी से अवतरित हुआ। उसका नाम नागदत रखा। यौवन अवस्था में पहुँचने पर एक बार अपने झरोखे में खडे खडे नीचे जैन मुनियों को जाते हुए देखा और सोचते सोचते जातिस्मरण होते ही उसको सर्प का अपना पूर्व भव याद आया। उसने नीचे उतरकर साधू महाराज को वंदन किया। वैराग्य उत्पन्न होने से दीक्षा लेने के लिये भी तैयार हुआ। मातापिताने उसे बड़ा समझाया पर किसीकी बात न मानते हुए महाप्रयास से उनकी आज्ञा लेकर उसने सद्गुरु से दीक्षा ग्रहण की। वह तिर्यंच योनि से आया होने के कारण, वेदनीय कर्म का उदय होने से वह भूख सहन नहीं कर पाता था। इस कारण एक पोरसी मात्र का भी पच्चकखाण उससे नहीं कीया जाता था। ऐसी उसकी प्रकृति होने से गुरु महाराज ने योग्यता जानकर उसको आदेश दिया कि 'यदि तुझसे तपश्चर्या नहीं हो सकती तो तुझे समता ग्रहण करनी, इससे तुझे बडा लाभ होगा।'

वह दीक्षा का पालन भली प्रकार करने लगा। परंतु हररोज सुबह में उठकर एक गडुआ (एक प्रकार का बर्तन) भरकर कुर (चावल) लाकर रोज उपयोग करे तब ही उसे होश–कोश आता था। ऐसा हररोज करने से उनका नाम कुरगडु पड गया।

जिन आचार्य से कुरगडु ने दीक्षा ली थी उनके गच्छ में अन्य चार साधू महातपस्वी थे। एक साधू एक माह के लगातार उपवास करते। दूसरे साधू लगातार दो माह के उपवास करते थे। तीसरे साधू तीन माह के उपवास के बाद पारणा करते थे और चौथे साधू चार माह के उपवास बिना रुके कर सकते थे। ये

चारों साधू महाराज इन कुरगडु मुनि की 'नित्यखांऊ' कहकर हररोज निन्दा करते थे। परंतु कुरगडु मुनि समता रखकर सह लेते थे। उन पर तिलमात्र द्वेष नहीं करते थे।

एक बार शासन देवी ने आकर 'कुरगडु' मुनि को प्रथम वंदन किये। यह देखकर एक तपस्वी मुनिने कहा, 'तुमने प्रथम इन तपस्वी मुनियों की वंदना न करके इन तुच्छ मुनि की वंदना क्यों की ?' तब शासन देवी ने कुरगडु मुनि को स्तुति करते हुए कहा, 'मैं द्रव्य तपस्वीयों' की वंदना नहीं करती, मैंने भाव तपस्वी की वंदना की है।

✍ एक महापर्व के दिन प्रात: कुरगडु मुनि गोचरी लेकर आये और जैन आचार अनुसार उन्होंने हरेक साधू को बताकर कहा, 'आप मे से किसीको उपयोग करने की अभिलाषा हो तो ले लें।' इतना सुनते ही तपस्वी मुनि क्रोधायमान होकर ज्यों - त्यों बोलने लगे और कहा, 'इस पर्व के दिन भी आप तप नहीं करते ? धिक्कार है आपको, और हमे भी प्रयोग में लेने के लिए कहते हो ?' इस प्रकार लाल पीले होकर क्रोध से 'हाख थूं' कहकर उनके पात्र में थूंके। फिर भी कुरगडु को बिलकुल गुस्सा आया नहीं और मन से सोचने लगे 'मैं प्रमाद में गिरा हुं। छोटा सा तप भी नहीं कर सकता, धिक्कार है मुझे। ऐसे तपस्वी साधूओं की योग्य सेवा भी करता नही हूँ। आज उनके क्रोध का साधन मै बना।'

✍ आत्मनिंदा करते हुए पात्र में रहा आहार नि:शंक से प्रयोग करने लगे और शुक्ल ध्यान में चढ़ कर तत्काल केवलज्ञान पाया। देवता तुरंत दौडे आये और उनको सुवर्णसिंहासन पर आरुढ कराकर केवलज्ञान महोत्सव मनाने लगे।

✍ चारों तपस्वी मुनि अचरज में पड गये और 'अहो! यह सच्चे भाव तपस्वी हैं। हम तो सिर्फ द्रव्य तपस्वी ही रहे। वे तैर गये! आह! धन्य है उनकी आत्मा को।' एसा कहकर केवलज्ञान कुरगडु मुनि से क्षमापना करने लगे। त्रिकरण शुद्धि से उनकी सच्चे भाव से क्षमापना करने से उन चारों को भी केवलज्ञान प्राप्त हुआ।

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા



શ્રી હાલારી વિશા ઓશવાળ એ. મૂ. તથા
જૈન સંઘ - બશ્વેશ્વર નગર

C/o. શ્રી વિમલનાથ જિન મંદિર
No. 8, 4th Main Road, Rajajinagar
Industrial Town, BANGALORE - 560 044.

१०१

# जीरणसेठ

विशाला नगरी में एक श्रेष्ठि रहता था। वह परमार्हत श्रावक थे।

एक बार भगवान महावीर चौमासी तप करके इस नगरी के उपवन में काउसग्ग ध्यान कर रहे थे। प्रभु पधारे है ऐसा ज्ञात होते ही श्रेष्ठि ने वहाँ आकर प्रभु को वंदना की और कहा, 'स्वामी ! आज मेरे घर पारणा (गोचरी हेतु) करने आप पधारना।' ऐसा कहकर अपने घर गया मगर प्रभु उसके घर आये नहीं। जिससे दूसरे दिन वहाँ आकर 'छठ्ठ तप' होगा ऐसा सोचकर प्रभु के प्रति ऐसी अर्ज की, है कृपावतार!' आज मेरे घर पधारके मेरा आंगन पवित्र करना।' ऐसा कहकर घर गया। परंतु भगवंतने तो हाँ या ना का कोई उत्तर नहीं दीया। इस प्रकार हररोज निमंत्रण करते हुए चार माह बीत गये। चोमासी पारणे के दिन वह मन में सोचने लगा कि आज तो अवश्य प्रभु को पारणा होगा ही, इस कारण प्रभु के पास जाकर बोला, कि 'दुर्वार संसारमय धन्वंतरी (दुःख जिसमें से दूर नहीं कीये जा सकते ऐसे संसाररुपी रोग को दूर करने में साक्षात् धन्वतरी बैद्य) जैसे हे प्रभु ! कृपामय ! आपके इन लोचनों से मुझे देखकर, आप मेरी अरज अवश्य स्वीकार करना।' ऐसा कहकर अपने घर गया। समय होने पर मध्याहन काल में हाथ में मोती से भरा थाल लेकर प्रभु को बधाने के लिए घर के दरवाजे पर खडे होकर सोच रहा है, 'आज जरुर जगबंधु पधारेंगे, तब मैं उनको परिवार सहित वंदन करुंगा। घर में बहुमान सहित ले जाऊंगा, उत्तम प्रकार के अन्नपानी अर्पण करुंगा, अर्पण करने के पश्चात शेष अन्न मै मेरी आत्मा को धन्य मानकर खाऊंगा।'

इस प्रकार मनोरथ की उच्च श्रेणी पर चढता गया। जिससे उसने बारहवे देवलोक के योग्य कर्म उपार्जित किया। उस समय श्री महावीर प्रभु अभिनव नामक एक श्रेष्ठि के घर पहुँचे। उस समय उसने नौकर द्वारा भगवान को आहार - पानी दिलवाए।

इस दान के प्रभाव से वहाँ पाँच दिव्य प्रगट हुए। (फुल की वृष्टि, वस्त्रो की वृष्टि, सुवर्णमुद्राओ की वृष्टि एवं देवदुंदभी बजे 'अहोदान अहोदान' देवता आकाश से बोले उसे पाँच दिव्य कहा जाता है।) यहाँ जीरण सेठ ने भावना करते करते देवदुंदभि सुनी। उसने सोचा मुझे धिक्कार है। मैं अधन्य हूं। अभागी हुं सो प्रभु मेरे घर नहीं पधारे। इस प्रकार ध्यानभंग हुआ और मनदुःख के साथ भोजन किया।

तत्पश्चात् कोई ज्ञानी गुरु उस नगर में पधारे। उनको वंदन करके राजा ने कहा, 'मेरा नगर प्रशंसा के पात्र है क्योंकि प्रभु महावीर स्वामी को चौमासी पारणा करानेवाले महाभाग्यशाली अभिनव श्रेष्ठी यहीं पर रहते हैं। एसे पुण्यात्मा से मेरा नगर शोभित है। ज्ञानी गुरु बोले कि 'एसा कहना योग्य नहीं है। क्योंकि अभिनव सेठ ने तो द्रव्य भक्ति की मगर भावभक्ति तो जीरण श्रेष्ठी ने की हैं। इसलिये उनको अधिक पुण्यवंत मानना चाहिये। जीरण सेठ ने देवदुंदुभी की आवाज कुछ क्षणों के लिये सुनी नहीं होती तो वे उस श्रेणी पहुँच चुके थे कि उनको तत्काल केवलज्ञान हो जाता। राजा इस कारण जीरण सेठ की भूरी भूरी अनुमोदना करने लगे और जीरण सेठ कालानुसार बारहवें देवलोक में देव बने। वहाँ से कालक्रमानुसार मोक्ष पायेंगे।''

***

# ૧૦૨ સુમિત્ર અને પ્રભવ

સુમિત્ર રાજકુમાર હતો. પ્રભાવ એ જ નગરનાશેઠનો પુત્ર હતો. બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી. રાજાના મૃત્યુ બાદ સુમિત્ર રાજગાદી ઉપર આવ્યો. સુમિત્ર રાજા બનતા મિત્ર પ્રભવને પોતાનો પ્રધાન બનાવ્યો. બંન વચ્ચે મિત્રતા વધતી ગઈ. એક બીજા વગર ન ચાલે. કોઈ દિવસ એક બીજાને ન મળાય તો ચેન ન પડે.

એક દિવસ સુમિત્ર રાજા ઘોડા ઉપર બેસી ફરવા નીકળ્યો. ઘોડાને ખૂબ દોડાવ્યો. ઘોડો ભાગતાં જંગલમાં પહોંચી ગયો. અહીં ભીલ રાજાનું રાજ્ય ચાલતું હતું. આ રાજાની નાનીશી પણ સુંદર મઢુલી આગળ આવી ઘોડો ઊભો રહ્યો.

ભીલ રાજાએ સુમિત્ર રાજાનો આતિથ્ય - સત્કાર સારી રીતે કર્યો. નાહવા માટે ગરમ જળ આપ્યું અને સારી રીતે જમાડ્યો. આ ભીલ રાજાને વનમાલા નામની એક સુંદર યુવાન કન્યા હતી. કન્યાએ સુમિત્રને જોયો અને સુમિત્રે વનમાલાને જોઈ એક બીજા આંખના ઈશારે જ મોહી પડ્યા.. અરસ પરસ શિષ્ટાચાર, વાર્તાલાપ અને પરિચય વિધિ પૂરો થયા બાદ ભીલરાજાએ પોતાની પુત્રી વનમાલાનો વિવાહ સુમિત્ર સાથે કર્યો. રાજા પોતાની પત્ની વનમાલાને લઈને પોતાના મહેલમાં આવ્યા અને આનંદથી રહેવા લાગ્યા.

એકવાર પ્રભવ સુમિત્ર રાજાને મળવા રાજાના મહેલમાં આવ્યો. વનમાલા આ વખતે સ્નાન કરી શૃંગાર સજતી હતી. વનમાલાનું અભૂતપૂર્વ સૌંદર્ય જોઈને, પ્રભવ તો આભો જ બની ગયો. આટલું બધું રૂપ ! રૂપનો માદક દરિયો છલકાતો તેને લાગ્યો અને એથી તેના મનમાં વનમાલાનું સૌંદર્ય વસી ગયું. પ્રભવ ઘેર પાછો ફર્યો. ત્યારે એક અકથ્ય દર્દ તેના હૃદયમાં ઘર કરી બેઠું હતું. તેની શાંતિ હરામ થઈ ગઈ હતી તે ઉદાસ, વ્યગ્ર અને ખિન્ન રહેવા માંડ્યો. વનમાલાનું સૌંદર્ય તેનાથી ભૂલ્યું ભુલાતું ન હતું.

માણસનું મન અને તેની ઈન્દ્રિયો ખૂબ ચંચળ છે. એ વાતને લક્ષમાં રાખીને, વિવિધ મયાર્દાઓ નિયત કરવામાં આવી છે. સદાચાર માટે આનું પાલન અનિવાર્ય છે.

એક સંસ્કૃત શ્લોકમાં કહેવાયું છે કે કોઈ પણ સ્ત્રી, પછી ભલેને માતા, બહેન અથવા પુત્રી હોય પણ એની સાથે એકાંતમાં રહેવું ન જોઈએ. કારણ કે ઈન્દ્રિય બળવાન અને ચંચળ છે, તેથી ભલભલા વિદ્વાનોને પણ તે મૂંઝવી મારે છે.

પ્રભવ અંતપુરમાં ગયો અને વનમાલા તરફ દષ્ટિ નાંખી તેણે અતિક્રમણ ક્યું. તેની પરિણામે શાંતિ નાશ પામી. તે દુઃખની આગમાં સળગવા લાગ્યો. તેનું શરીર ક્ષીણ થતું ગયું. તેનું મન ઉદ્વેગમાં રહેવા લાગ્યું. બોલવામાં એકના બદલ. બીજા શબ્દો બોલાવા લાગ્યા. આમ, તેનાં બધાં કામો અસ્તવ્યસ્ત થઈ ગયાં.

પોતાના અતિપ્રિય મિત્રની આવી અવસ્થા જોઈને રાજા ખૂબ દુઃખ અનુભવવા લાગ્યા. જ્યાં સાચી મિત્રતા હોય છે ત્યાં મિત્રનાં દુઃખ પોતાના દુઃખ બની જાય છે. રાજાએ જુદા જુદા ઉપાયો દ્વારા આ પ્રભવના દુઃખનું કારણ સમજવા પ્રયાસ કર્યો, પણ પ્રભવ શી રીતે પોતાના દુઃખનું કારણ જણાવે. વનમાલાના સૌંદર્યની યાદ તેના તન અને મનને રિબાવી રહી હતી.

રાજા સુમિત્રે ખૂબ જ આગ્રહ કર્યો ત્યારે પ્રભવે પોતાના મનની વાત બહુ જ સંકોચ પૂર્વક કહી કે, વનમાલા મારા મનમાં વસી ગઈ છે. તેને જોયા વગર મારા જીવને પળવાર પણ સુખ થાય તેમ નથી.

આ સાંભળી થોડીવાર તો સુમિત્ર ખૂબ જ બેચેન અને સ્તબ્ધ બની ગયો. કારણ આ કલ્પનાતીત વાત હતી. પણ તે ગંભીર અને વિચક્ષણ હતો. તેના સંસ્કારો ઘણા ઊંડા હતા. અધૂરો ઘડો છલકાય છે. ભરેલો છલકાતો નથી.

સુમિત્રે વિચાર્યું કે મારો મિત્ર ન્યાયમાર્ગ ભૂલી રહ્યો છે. પણ ઉત્તમ કુળમાં જન્મેલો હોવાથી પોતાની ભૂલ તરત સમજી શકશે. એક મિત્ર જ્યારે માર્ગ ભૂલી રહ્યો છે ત્યારે બીજાએ તેને સાચો રસ્તો બતાવવો જ રહ્યો.

સુમિત્રે બહુ જ સાવધાનીથી આપ્યો : 'બસ આટલી નાની અમસ્તી વાત છે. આ માટે આટલી બધી ખિન્નતા રાખવાની અને દુઃખી થવાની શી જરૂર છે ? આ બધી ચિંતા અને વ્યગ્રતા ભૂલી જા. જા હું વનમાલાને તારી પાસે મોકલું છું એ તને સંતોષ આપશે.'

પ્રભવ આ સાંભળી દંગ થઈ ગયો. સુમિત્ર આ પછી પોતાના મહેલમાં આવ્યો. જાણતો હતો કે વનમાલા પવિત્રતાની મૂર્તિ છે. આ સાથે તેનામાં ગંભીરતા અને વિચક્ષણતા રહેલાં છે. એ મિત્ર પ્રભવને ત્યાં જઈ કુશળતાથી તેની ભૂલ સમજાવી તેને સન્માર્ગ પર લાવવામાં સમર્થ નીવડશે જ. રાજાએ વનમાલા સંપૂર્ણ બીનાથી વાકેફ કરીને, પોતાના મિત્રને સુધારવાની જવાબદારી તેને સોંપી. વનમાલાએ તેનો સ્વીકાર કર્યો.

વનમાલા પ્રભવને ઘેર પહોંચી. તેણે સંકલ્પ કર્યો કે મારા શીલનું રક્ષણ કરીને, હું પ્રભવને જરૂર સુધારીશ. તે સતી સ્ત્રી હતી. તેના જીવનમાં પવિત્રતા હતી આથી તે સતી સ્ત્રીની પવિત્રતાનો પ્રભાવ પ્રભવ ઉપર પડ્યા વિના ન રહ્યો.

પ્રભવ ભાન ભૂલ્યો હતો, પણ તેના સારા સંસ્કારોનાં મૂળિયા મરી પરવાર્યાં ન હતાં. પોતાના મિત્રની અગાધ વિશાળતા જોઈને તેના હૃદયમાં પરિવર્તન આવી ગયું. તેના મનમાં રહેલી દુષિત ભાવના ચાલી ગઈ. તેને પોતાની ભૂલ માટે ખૂબ પસ્તાવાની આ આગમાં તેનું હૃદય નિર્મળ થઈ ગયું. વનમાલા સામે જોવામાં પણ એ અનહદ શરમ અને સંકોચ અનુભવવા લાગ્યો. તેના ચરણોમાં પડીને પોતાના અશ્રુથી એ ચરણો ધોઈ નાંખ્યાં અને ગદ્ગદ શબ્દોમાં એ બોલ્યો - ''દેવી ! તમને ધન્ય છે. મારા પરોપકારી મિત્ર સુમિત્રને પણ ધન્ય છે. હું મહા પાપી છું. અને મેં અક્ષમ્ય અપરાધ કર્યો છે. દેવી ! મારા નીચ સંકલ્પ પર હું ખૂબ શરમિંદો છું મને ક્ષમા કરો. મારો અપરાધ માફ કરો.''

વનમાલાએ પ્રભવને આશ્વાસન આપતાં કહ્યું, 'આટલા બધા બેચેન ન બનો. માણસ માત્ર ભૂલને પાત્ર છે. તમારા અસત્ સંકલ્પ માટે તમને જે પશ્ચાત્તાપ થાય છે, તે તમારા જીવનને શુદ્ધ કરવા માટે સમર્થ છે આથી ભૂતકાળ ભૂલી જાવ અને ભવિષ્ય માટે સંકલ્પ કરો.'

આ પ્રકારે ધર્મમાર્ગમાંથી પતિત થતી વ્યક્તિને ઉગારી, ધર્મમાં સ્થિર કરમી વનમાલા પોતાના મહેલમાં પાછી આવી. સુમિત્ર રાજાને એણે પ્રયોજન - સિદ્ધિના સુખદ સમાચાર આપ્યા. દંપતીએ ખૂબ હર્ષનો અનુભવ કર્યો. કારણ કે પોતાના પરમ મિત્રને પતનની ઊંડી ખીણમાં પડતો તેઓ બચાવી શક્યા હતા.

❖ ❖ ❖

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

હિરજીભાઈ પ્રેમચંદ દેઢિયા પરિવાર



સી-૫ ''લીંકન એપાર્ટમેન્ટ'' ઉત્તમ નગર, ગાર્ડનની સામે,
મણીનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮
ફોન નં. ૨૫૪૬૯૯૯૪, મો. ૯૩૨૭૦ ૧૦૩૦૨

૧૦૮

# નૈગમ

(આ કથા આભીરીવંચક વણિક નામે પણ જાણીતી છે)

*નૈગમે એક નારી ધૂતી,*
*પણ ઘેબર ભૂખ ન ભાંગી.*
*જમી જમાઈ પાછો વળિયો,*
*જ્ઞાન દશા તવ જાગી.*

પંડિત વીર વિજય કૃત અંતરાયકર્મ નિવારણ પૂજામાં ઉપર પ્રમાણે ની એક કડી છે. વાત જરા વિસ્તારથી માંડીને કરીએ તો સમજાશે.

નૈગમ એટલે એક વાણિયો....નાનકડા ગામમાં કરીયાણાની દુકાન ચલાવે. દરરોજ વહેલી દુકાન ખોલે, માંડ માંડ ગુજરાન ચલાવે.

એક દિવસની વાત છે. ગામમાં એક ડોશી રહે. કાને બરાબર સંભળાય નહીં. આંખે પૂરું દેખાય નહીં. મરણની રાહ જોઈ રહી હતી. ખપ પૂરતું અનાજ વગેરે લઈ આવી માંડ ગુજરાન ચલાવે. એક દિવસ એના ઘરે એની નાની બહેન બે ભાણેજોને લઈને અચાનક આવી ચડી. બહેન અને ભાણેજો આવ્યાં તેથી રાજી રાજી થઈ ગઈ. હવે તેમને બરાબર રાખવા જ પડે. ઘરમાં ઘી-ગોળ વગેરે આ બધાને જમાડાય એટલા તો છે નહિ. એટલે થોડા ભેગા કરેલા પૈસા એક નાની થેલીમાં નાખી ઉપડી બજારમાં અને આ નૈગમ ગાંધીને ત્યાં આવી, અને ઘી, ગોળ, મરી, મસાલા વગેરે જે જોઈતું હતું તે બધું વિચારી વિચારી લખાવ્યું. નૈગમને લાગ્યું, 'આ સારો લાગ છે. બધો માલ તોલી તોલીને કાઢી આપ્યો. ડોશી બરાબર દેખતા નથી એટલે તોલમાં ઓછું જ જોખ્યું. હિસાબ કરતાં પૈસા પણ વધારે લઈ લીધા. ડોશીએ કરગરીને કહ્યું, 'ભાઈ મને હિસાબ તો સમજાવ. નૈગમ કહે, ડોશીમાં બરાબર છે. તમેન હિસાબમાં ન સમજ પડે. ડોશી માલ સમાન લઈ ત્યાંથી વિદાય તો થઈ પણ તેનું દીલ ઘણું દુભાયું. નિરાશ થઈ ઘેર જઈ બહેન, ભાણેજોને રસોઈ કરી નિરાંતે જમાડ્યાં.

અહીં દુકાનમાં નૈગમને આજે સારો હાથ પડી ગયો છે. ન ધારેલી રોકડ રકમ હાથમાં આવી ગઈ છે. એટલે તે વિચારે ચડ્યો. અડધી જિંદગી પૂરી થઈ ગઈ પણ કોઈ દિવસ ઘેબર ખાવા મળ્યો નથી. ઘણા વખતની ઘેબર ખાવાની ઈચ્છા આજે પૂરી થાય છે એમ વિચારી તેણે પોતાના ઘરે એક માણસને મોકલ્યો અને પોતાની સ્ત્રીને કહેવડાવ્યું કે આજે રસોઈમાં ઘેબર બનાવજે.

ઘરે એની સ્ત્રીએ ઘેબર બનાવ્યો. બે જણ ખાઈ શકે એટલો બનાવ્યો.

બરાબર એ જ દિવસે અચાનક જ તેમનો જમાઈ તેના નાના ભાઈને લઈને એ ગામમાં કોઈ કામ માટે આવેલ. તે આ નૈગમના ઘરે આવ્યા. નૈગમની પત્ની ઘણી જ રાજી થઈ. સાસુ ઘણા વખતે જમાઈને જુએ તો સાધારણ રીતે તે હરખાય એમ નૈગમની પત્ની હરખાઈ અને ભાવપૂર્વક બંનેને જમવા બેસાડ્યા અને બનાવેલ ઘેબર બંનેને ખવડાવી દીધો. નિરાંતે જમી જમાઈ તો પોતાના ગામે જવા ઘરેથી વિદાય થઈ ગયા.

હવે જમવા રસોઈ તો કરવી જ રહી એટલે નૈગમની પત્ની લોટ કાઢી રોટલા ઘડવા બેઠી. તે રોટલા ઘડતી હતી ત્યારે નૈગમ ઘરે આવી પહોંચ્યો. મનમાં તો હરખ છે, આજે તો ઘેબર, બસ ઘેબર ખાશું. માંડ માંડ અવસર મળ્યો છે. પણ ઘરે પહોંચતા પત્નીને રોટલા ઘડતી જોઈ ખીજાઈને બોલ્યો કેમ આજે ઘેબર કરવાનું તેને કહેવડાવ્યું હતું ને રોટલા કેમ કરે છે ? પત્ની જવાબ આપે છે. ઘેબર તો બનાવ્યો હતો બે જણ માટે પણ આજે જમાઈ આપણા ઘરે તેમના નાના ભાઈ સાથે આવેલા. તેમને જમાડતાં બધો ઘેબર ખલાસ થઈ ગયો. એટલે જમવા માટે રોટલા ઘડું છું.

અરેરે ! નૈગમના મોંએથી હાય હાયના ઉદ્‌ગાર સરી પડ્યા. ઘેબર ખલાસ ! થોડીવાર અફસોસ કરતાં કરતાં તે વિચારવા લાગ્યો. કર્મમાં ન હોય તો ક્યાંથી મળે ? કિસ્મત રોટલા જ લખ્યા હોય તો ઘેબર ક્યાંથી મળે ? આંબલી વાવી અને આંબાની આશા રાખી તે કેમ ફળે ? એક ડોસીને ધૂતી લીધી. એ કર્મ બાંધ્યાં. એ હરામના પૈસાથી ઘેબર ખાવાની આશા રાખી. અરે જીવ ! આ તે શું કર્યું ? કેવું કર્મ બાંધ્યું. હવે આ કર્મ ભોગવ્યા વિના છૂટકો જ નથી. એમ ખરા દિલથી પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત કરવા લાગ્યો. ઈ સદ્‌ગુરુ પાસે સંયમ અંગીકાર કરીને સમાધિમાં મરીને સદ્‌ગતિમાં પહોંચી ગયો.

૧૦૪

# શાણી સુમતિ

શ્રાવિકા સુમતિ ખરેખર સુંદર મતિવાળી હતી. વીતરાગના ચરણમાં જેની અનન્ય શ્રદ્ધા છે, સમ્યક્ત્વ ભવાની જેની આરાધિકા છે, આત્મનિર્મળતામાં જેનું ચિત્ત રમી રહ્યું છે, પ્રભુનાં વચનોમાં જેને પૂર્ણ શ્રદ્ધા છે, શ્રદ્ધા સાથે આચારનો જેનામાં સમન્વય થયેલો છે એવી તે શ્રવિકા સુમતિનો પતિ બહાર ગયો છે અને આંખનાં રતન સમા બે યુવાન પુત્રોનું અકસ્માતે એક સાથે મૃત્યુ થાય છે. ક્ષણભર તો સુમતિ સ્તબ્ધ થઈ જાય છે. પણ વીતરાગનાં ચરણો જેણે પૂજ્યાં છે એવી અનન્ય શ્રદ્ધાવાન એ નારી થોડી જ ક્ષણોમાં સ્વસ્થ થઈ જાય છે.

બન્ને પુત્રોને એક ઓરડામાં સુવરાવી ઉપર સફેદ ચાદર ઓઢાડી દીધી અને ઉંબરામાં પતિની રાહ જોતી ઊભી રહી. કેટલાક સમય બાદ પતિ આવે છે. રોજની હસતી નારીનું મુખ ઉદાસ જુએ છે. પતિના મનમાં પ્રશ્ન ઉઠે છે : શું થયું હશે ? પત્નીનું મુખ કેમ ઉદાસ ? અને એ પૂછે છે, ''સુમતિ ! શું થયું ? કેમ ઉદાસ છે ?''

''કંઈ નહીં, દેવ ! પાડોશી સાથે જરા ઝઘડો થઈ ગયો !''

''અરે, સુમતિ ! તું આ શું બોલે છે ? ઉંચે અવાજે બોલતાં પણ તને કદી કોઈએ સાંભળી નથી. તું ઝઘડો કરી શકે કઈ રીતે ?''

''નાથ ! થોડા સમય પહેલાં, પ્રસંગે પહેરવા પાડોશીને ત્યાંથી બે રત્નકંકણ લાવી હતી. મને બહુ ગમ્યાં ને મેં રાખી લીધાં. આજે પાડોશી માગવા આવ્યા. પણ મારે નહોતા આપવાં. તેથી ઝઘડો થયો.''

''અરે, પાગલ ! એમાં તે ઝઘડો થાય ? જેનું હોય તે માગવા આવે તો આપી જ દેવું જોઈએ ને ? પારકું કેટલા દિવસ રખાય ? લાવ, હું આપી આવું !''

''ના, પણ મને આપવાં નહીં ગમે, મારે તો એ રત્નકંકણ રાખવાં છે. બહુ ગમે છે એ મને ! ન આપું તો !''

''અરે ! આજે તને થયું છે શું ?''

''પારકી વસ્તુ આપણાથી ન રખાય.. જેની હોય તેને તે આપી દેવી જ પડે ?''

''હા, હા. તેમાં પૂછવાનું શું ?''

''પણ શું આપને દુઃખ નહીં થાય ? હું પાછાં આપી દઈશ તો આપને દુઃખ નહીં થાય ને ?''

''ના, ના. તેમાં દુઃખ થવા જેવું શું છે ? આપણું કામ થઈ ગયું. સમય થઈ ગયો. પાછાં દઈ જ દેવાં પડે.''

''એમ ? તો ચાલો, હું એ રત્નકંકણ બતાવું !''

અને સુમતિ પોતાના પતિને હાથ ઝાલી અંદર ઓરડામાં દોરી ગઈ, જ્યાં બન્ને પુત્રો ચિરનિંદ્રામાં પોઢી ગયા હતા. મુખ પરથી સહેજ કપડું દૂર કરી સુમતિએ ધીરેથી પતિને કહ્યું, ''જુઓ નાથ ! આ બે રત્નકંકણ તેનો સમય પૂરો થઈ ગયો અને તે રવાના થઈ ગયા !''

પતિ તો અવાક્ રહી ગયો. પુત્રોના મૃત્યુને આ સ્ત્રી આ રીતે મૂલવી શકે ? એ માતૃહૃદય આટલી સમતા દાખવી શકે ? કઈ હશે એ શક્તિ ? અને સુમતિનો પતિ ત્યાં જ તેની પત્નીનાં ચરણમાં ઢળી પડ્યો. કહ્યું, ''સુમતિ ! તેં ખરેખર વીતરાગનાં ચરણ-શરણની સાચી ઉપાસના કરી છે. આટલા મોટા આઘાતને જીરવવાની શક્તિ, વીતરાગિતા, વીતરાગ પ્રત્યેની તારી અનન્ય ભક્તિએ જ તને આપી છે !''

પ્રિય વાચક ! આ છે હર્ષશોકથી પર દશા ! સમકિતી જીવને રોમે-રોમે વીતરાગિતાની શ્રદ્ધ ભરી હોય, તેથી જ આવા મહાભયંકર આઘાતમાં પણ તે સમતા ટકાવી રાખી શકે.

પ્રભુને પ્રક્ષાળ કરતાં ગાઈએ છીએ કે :

જ્ઞાન કળશ ભરી હાથમાં, સમતા રસ ભરપૂર,
શ્રી જિનને નવરાવતાં કર્મ થયાં ચકચૂર.

૧૦૫

# ધીવર

પૃથ્વીપુર નગરમાં એક ધીવર નામનો માછીમાર રહેતો હતો. તે માછીમારના કુળમાં જન્મ્યો હતો છતાં દયા, લાગણી તેના હૃદયમાં જીવતી હતી. તેથી તે કદી માછલાં મારવા તૈયાર થતો નહીં. પરંતુ તેના પિતા ગુજરી ગયા પછી કુટુંબીઓએ તેને જાળ પકડાવી, જીવિકાનો ભય બતાવી, પરાણે માછલાં પકડવા મોકલ્યો અને તેના હાથમાં ધારદાર છરી મોટાં માછલાં કાપવા આપી.

દુઃખાતા હૃદયે તે જળાશયે ગયો ને કેટલાંક માછલાં કાપવા બેઠો. ટેવ ન હોવાથી છરીથી તેની આંગળી કપાઈ ગઈ ને લોહી વહેવા લાગ્યું. અસહ્ય વેદના થતાં તે વિચારવા લાગ્યો કે, ''નિર્દય માણસોને ધિક્કાર છે ! 'તું મરી જા.' એમ કહેવા માત્રથી જીવને દુઃખ થાય છે, તો વધ આદિથી તો કેવું દુઃખ થાય ? તે લોહીથી ખરડાયેલા હાથે વિચાર ચડી ગયો કે, આટલી આંગળી કપાતાં આટલું બધું દુઃખ થાય છે તો બીજા જીવોને કાપતાં તેમને કેટલું અસહ્ય દુઃખ થતું હશે ?''

તે વખતે ત્યાંથી કોઈ ગુરુ-શિષ્ય જંગલમાં જતા હતા. શિષ્યે આ ધીવરને જોઈ ગુરુ મહારાજને પૂછ્યું, ''ગુરુજી ! આવા પાપી જીવોનો ઉદ્ધાર કોઈ રીતે જણાતો નથી !''

ગુરુશ્રીએ કહ્યું, ''ભદ્ર ! તીર્થંકર પરમાત્માએ જીવોની વાસ્તવિકતા જોઈ છે. તેથી જ તેઓએ એકાંતે નહીં પણ સર્વાંગીણ અપેક્ષાએ જગતને અનેકાંતવાદ (સાપેક્ષવાદ) સમજાવ્યો છે. તેમણે ફરમાવ્યું છે કે અનેક ભવોમાં ઉપાર્જિત કરેલાં દુષ્કર્મોને આ જીવ અધ્યાત્મ બોધિ સદ્‌ભાવના અને શુભ પરિણામથી અલ્પકાળમાં નષ્ટ કરી શકે છે. જીવ જે સમયે જેવા ભાવમાં વર્તતો હોય, તે સમયે તેવાં શુભાશુભ કર્મને મેળવે છે.'' આ પ્રમાણે શિષ્યને આત્માની પરિસ્થિતિ સમજાવી અને પછી બોલ્યા, '''જીવવાહો મહાપાવો' અર્થાત્ જીવવધ એ મહાપાપ છે.''

ધીવરે આ સાંભળ્યું.

ગુરુ-શિષ્ય ચાલ્યા ગયા.

ધીવરે નક્કી કર્યું કે, આજથી મારે જીવવધ કરવો નહીં; અને દયાની ચિંતવનામાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. વીતી ગયેલો પૂર્વભવ સ્મૃતિપટ પર ઉપસી આવ્યો. તે જાણી શક્યો કે પૂર્વે કરેલી ચારિત્ર્યની વિરાધનાથી નીચ કુળમાં પોતાને અવતાર મળ્યો. તેને ત્યાં ને ત્યાં દીક્ષા લેવાની દૃઢ ભાવના ભાવી. પરભવ તથા આ ભવની વિરાધના, પાપવૃત્તિની નિંદા-ગર્હા કરવા લાગ્યો. પરિણામે થોડી જ વારમાં ભાવચારિત્ર્યની રમણતાએ શુક્લ ધ્યાન પ્રગટતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. સમીપમાં રહેલા દેવોએ મહિમા કર્યો, આકાશમાં દુંદુભિ ગડગડી ઉઠ્યાં. તે સાંભળી પેલા શિષ્યે ગુરુજીને પૂછ્યું, ''ભગવાન ! આ શું ?''

ગુરુએ કહ્યું, ''મહાનુભાવ ! પેલા માછીમાર ધીવરને કેવળજ્ઞાન થયું. દેવો મહિમા કરવા આવ્યા છે. તે નિમિત્તે દુંદુભિ વાગી રહ્યાં છે.'' તે સાંભળી શિષ્ય હર્ષ અને વિસ્મય પામ્યો.

ગુરુ બોલ્યા, ''તું તે કેવળી મહારાજને મારા ભવો કેટલા છે તે પૂછી આવ.'' ગુરુઆજ્ઞાથી શિષ્ય ગયો; પણ તેના અચરજનો પાર ન હતો. જ્ઞાનીએ તેને બોલાવતાં કહ્યું, ''મુનિ ! એમાં શું આશ્ચર્ય થાય છે ? હું એ જ ધીવર છું. દ્રવ્ય-ભાવ બંને પ્રકારની હિંસામાંથી મારો આત્મા છૂટી જવાથી, તે સંસારનાં સર્વ બંધનોમાંથી છૂટી ગયો છે. તમારા ગુરુજીને કહેજો કે તેઓ જે વૃક્ષ નીચે ઉભા છે તે વૃક્ષનાં જેટલાં પાંદડાં છે તેટલા તેમને ભવ કરવાના છે. તમે (શિષ્ય) આ ભવમાં જ મુક્ત થશો.'' આ સાંભળી હર્ષ અને અચંબો પામતો શિષ્ય ગુરુ પાસે આવ્યો ને કેવળીએ કહેલી વાત જણાવી. આ સાંભળી ગુરુ અતિહર્ષિત થઈ નાચી ઉઠ્યા ને બોલ્યા, ''અતિ આનંદની વાત છે કે હવે મારે ગણતરીના જ ભવો કરવાના છે. ખરે જ હું ધન્ય છું. જ્ઞાનીનાં વાક્યો સત્ય છે.'' અને ગુરુ-શિષ્ય સંયમમાં સાવધાન થઈ આગળ વધ્યા અને શ્રેય સાધ્યું.

આ રીતે ધીવર એ માછીમાર હોવા છતાં અહિંસાના પ્રતાપે ક્ષણ વારમાં કેવળીજ્ઞાની બન્યા. માટે જ સર્વ વ્રતોમાં પ્રથમ અહિંસા વ્રત છે.

* * *

૧૦૧

# શેઠ નથુશા

ગુજરાતનું એક નાનુશું ગામ, વડગામડા. એક ઘરના ઓટલે એક શેઠ, નામ એમનું નથુશા, સવારે બેઠા બેઠા દાતણ કરે. સવારમાં ઉઠી ભગવાનનું નામ લઈ, જન્મે જૈન હોવાથી નોકારશીનું પચ્ચક્ખાણ લઈ આરામથી બેઠેલા. સવારનું દાતણ એટલે નિરાંતે બેસવાનું. કોઈ હાયહાય નહીં, કોઈ ઉતાવળ નહીં. જતા-આવતાને જોતા જાય, કોઈને બોલાવે, કોઈની સાથે વાતો કરે. આ એમનો નિત્યનિયમ.

એક મુસ્લિમ મિત્ર મહમ્મદ હંમેશા ક્રમ પ્રમાણે આવતો દેખાયો, એને બોલાવ્યો. મહમ્મદ પોતાની બંદૂક બાજુમાં મૂકી નાથુશા શેઠ પાસે બેઠો.

આ મહમ્મદ રોજ બંદૂક લઈને ફરે. કોઈના ખેતરનું રખોપું કરે. મહમ્મદનું રખોપું એટલે માલિકને નિરાંત, તે નિશ્ચિંત થઈને સૂઈ શકે.

નથુશા આ મહમ્મદને રોજ જુએ અને વિચારે : 'આ મહમ્મદ બંદૂક છોડી દે તો સારું. જોકે એ કોઈ ઉપર હથિયાર ઉપાડતો તો નથી, પણ ઉપાડે તો એ કોઈને માર્યા વિના ન રહે. અને એવું થાય તો ?' નથુશા હિંસાની કલ્પના માત્રથી હેરાન થઈ જતા. તેઓ રોજ આ અંગે વિચારતા, પણ મહમ્મદને કહેવું શી રીતે ?

પણ આજની સવાર કંઈ ઓર લાગી હતી.

નથુશાએ મોહમ્મદને પ્રેમથી પૂછ્યું, 'કેમ છો, મહમ્મદ ?'

મહમ્મદે હાથ જોડ્યા અને કહ્યું, 'સારું છે, શેઠિયા. તમારી દયા જોઈએ.'

શેઠે કહ્યું, 'મહમ્મદ ! આ બંદૂક તું ન રાખે તો ન ચાલે ?'

'ચાલે શેઠ, પણ હું કોઈ દિવસ તેનો ઉપયોગ કરતો નથી.'

'એ સાચું.' શેઠે કહ્યું, 'પણ કોઈક વાર ક્રોધ ચઢી આવે ને મન તારું ઝાલ્યું ન રહે અને બંદૂકનો ઉપયોગ કરી નાખે તો ? તો તો દુર્ઘટના સર્જાય ને ?'

આ બંનેની વાતો સાંભળતાં ત્યાં થોડા માણસો ભેગા થઈ ગયા. નથુશાના શબ્દોમાં નરી સદ્ભાવના હતી. એ મહમ્મદને સ્પર્શી ગઈ. થોડી વાર વિચાર કરીને એણે જે કાંઈ કહ્યું તે સાંભળી સૌ ચમકી ગયા.

'શેઠ ! હું મારી પ્રાણપ્રિય બંદૂક છોડી દઉં તો તમે શું છોડશો ?'

નથુશા કહે, 'મારે વળી શું છોડવાનું હોય ?'

મહમ્મદ કહે, 'હું જો મારી વહાલામાં વહાલી વસ્તુ છોડી દઉં તો તમારે પણ તમારી વહાલી વસ્તુ છોડવી જોઈએ. થાઓ કબૂલ.'

નાના ગામડામાં પણ આવો સંવાદ સાંભળવા થોડા વધુ માણસો ભેગા થઈ ગયા.

થોડી વાર વિચાર કરી શેઠ બોલ્યા, 'બોલ મહમ્મદ ! શું છોડું ?'

મહમ્મદ કહે, 'શેઠ ! હું મારી બંદૂક છોડું, તમે તમારું ઘર છોડો.'

હવામાં કંપ આવી ગયો. સાંભળનારા સૌ સ્તબ્ધ બની ગયા. નથુશા પળવાર તો મહમ્મદની સામું તાકી રહ્યા. પછી ઉઠ્યા અને ઘરમાં ગયા.

મહમ્મદ હસ્યો. તેને જોરથી કહ્યું, 'કેમ શેઠ ! ગભરાઈ ગયા ને ?' થોડી પળોમાં જ નથુશા બહાર આવ્યા. તેમના મુખ પર અલૌકિક તેજ હતું.

'મહમ્મદ ! ભાઈ તારા કહેવાથી આ પળથી જ મારા ઘરનો ત્યાગ કરું છું, અને ભાઈ ! તારી વાત સાચી છે, કોઈ પણ વસ્તુનો મોહ જ શા માટે રાખવો ? ભાઈ ! સાંભળ. આજથી આ ઘર સાથે આ ગામનો પણ હું ત્યાગ કરું છું ! હવે હું અહીંથી દૂર જઈશ, અજાણી ભૂમિમાં રહીશ, આમરણ-ઉપવાસ કરીશ ને જીવમાત્રનું ભલું થાય તેવી પ્રાર્થના કરીશ. ભાઈ ! તેં આજે ઘણું સારું કર્યું !'

અને નથુશા ચાલી નીકળ્યા ધાનેરાની દિશા ભણી – બનાસકાંઠા જિલ્લાનું એ ગામ.

વડગામડાના પ્રત્યેક માનવીનાં નેત્ર સજળ થઈ ગયાં. સૌએ વીનવ્યા કે 'આ તો ઘડીભરની મજાકની વાત હતી, પાછા વળો.' પણ નથુશાએ કહ્યું : 'માનવીની જબાન એક હોય. આ દેશની ધરતીના સંસ્કાર જુદા છે. પ્રતિજ્ઞા પાળવા માટે મસ્તક મૂકનારા વિરલા આ ધરતીએ આપ્યા છે !' ને એમને ઉમેર્યું કે 'હું મારી પ્રતિજ્ઞામાં એક ડગલું આગળ વધું છું. હું જીવશ ત્યાં સુધી મૌન પાળીશ.'

નથુશા ચાલી નીકળ્યાં, એ ચાલતા જ રહ્યા. જે

કોઈ પરિચિતો મળે તે તેમને બોલાવે છે, પણ નથુશા તો મૌન રાખીને ચાલ્યા જાય છે. એમના અંતરમાં રૂડા ભાવ પ્રકટે છે : 'ઓહ ! કેવું સારું કાર્ય થયું ! મહમ્મદ જેવો સન્મિત્ર સૌને મળજો. સૌનું ભલું થજો. આજે જે મેં ત્યાગ કર્યો તે તો નાનો છે ! આજ સુધીમાં કેટલાયે મહાપુરુષો થયા છે ! કેવા એ ત્યાગી !'

માર્ગમાં કુઆ ગામ આવ્યું. કુઆમાં સુંદર જિનાલય છે, ઉંચું અને શિખરબંધી, ભગવાન શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનનું. નથુશાએ જિનમંદિરની જાત્રા કરી અને પ્રાર્થના કરી, 'પ્રભુ, સૌનું કલ્યાણ કરજે.'

નથુશા ધાનેરા પહોંચ્યા. એમણે આજ સુધીમાં આ ગામ જોયેલું નહીં. એમને માટે આ અજાણી ધરતી અને અજાણ્યા લોકો. ધાનેરાના ઉગમણે દરવાજે એમણે ખૂણાની જગ્યા પસંદ કરી અને ત્યાં એ કાઉસગ્ગ મુદ્રામાં ઉભા રહી ગયા.


ધાનેરા નાનુ ગામ. વાત ફેલાતી ગઈ અને લોકો એમનાં દર્શને આવવા લાગ્યા. એ ઉપવાસ કરે છે અને મૌન પાળે છે. આજુબાજુનાં ગામોથી પણ લોકો દર્શનાર્થે આવવા લાગ્યા.

વડગામડામાં મહમ્મદને કાને એમના અપૂર્વ ત્યાગની ભાળ મળી. એ પણ દોડી આવ્યો. એણે હાથ જોડી નથુશાને પાછા વળવા વિનંતી કરી. પરંતુ નથુશા તો પ્રભુનું નામ લેતા મૌન ખડા હતા. મહમ્મદે એમના ચરણોમાં ઝૂકીને કહ્યું, 'હે ત્યાગી શેઠ ! મને ક્ષમા કરજો. તમે તો મોટા તપસ્વી નીકળ્યા ! હું પણ આજથી જીવ પ્રત્યે પ્રેમ રાખીશ. માંસાહાર નહીં કરું. મારો વંશજ પણ માંસાહાર નહીં કરે.'

થરાદ સ્ટેટના મહારાજા દોલતસિંહજી ત્યાં દોડી આવ્યા. એમણે વિરલ ત્યાગી નથુશાની અનુમોદના કરતાં કહ્યું, 'શેઠ ! તમારા સ્મરણમાં પાંચ વિઘા જમીન ગૌચર માટે અર્પણ કરું છું.'

તપસ્વી નથુશા કાળ સામે ઝઝૂમતા રહ્યા. એ ઉપવાસી હતા. બોંતેર દિવસના ઉપવાસ પછી એમણે નશ્વર દેહ ત્યજ્યો. સહુએ જૈન ધર્મના તપ, ત્યાગનો જયજયકાર કર્યો.

તપસ્વી નથુશાની સ્મૃતિમાં ખડું થયેલું 'સ્મૃતિમંદિર' ધાનેરાના દરવાજે આજે પણ ઉભું છે. સહુ ત્યાં ભક્તિભાવથી ફૂલ ચઢાવે છે અને સહુના અંતરમાં નથુશાના આ બલિદાનનું સ્મરણ પવિત્ર ભાવના પ્રકટાવે છે. ❋ ❋ ❋

# ૧૦૭ શેઠ જાવડશા

પંડિત શ્રી વીરવિજયજી નવ્વાણું પ્રકારી પૂજામાં કહે છે કે 'સંવત એક અઠલંતરે રે જાવડશાનો ઉદ્ધાર.' પૂજામાં આપણે આ ઘણી વાર સાંભળ્યું છે. પણ આ ઉદ્ધાર કરતાં જાવડશાને કેવી મુશ્કેલીઓ આવી અને કેવી ધીરજથી મુશ્કેલીઓનો સામનો કરી પાર ઉતર્યા તે કથા પુરુષાર્થનો મહિમા કેવો છે તે સમજાવે છે.

કથા કંઈક આવી છે : જાવડશાના પિતાજી ભાવડશાએ વિક્રમ રાજાને ઉંચી ઓલાદના ઘોડા ભેટ કરેલા તેથી રાજી થઈ વિક્રમરાજે મધુમતી સાથે બીજાં બાર ગામ ગામ ભાવજ્ઞાડશાને ભેટ આપેલા. મધુમતી એટલે આજનું મહુવા. આ મહુવામાં જાવડશાનો જન્મ.

શત્રુંજયની તળેટીમાં આવેલ ઘેટી ગામના શૂર નામના એક વણિકની પુત્રી સુશીલા સાથે તેમનું લગ્ન થયું. એક વાર જાવડશા સાસરે આવ્યા. શત્રુંજયની જાત્રા કરી. જાત્રા કરતાં તેમણે જોયું કે દાદા આદીશ્વર પરમાત્માનું મંદિર જર્જરિત બની ગયું છે અને બીજાં મંદિરોની પણ આવી દુર્દશા ખુદ તીર્થનો અધિષ્ઠાયકદેવ મિથ્યાદષ્ટિ બની જતાં તેણે જ કરી છે. એ વખતના યુગપ્રધાન આચાર્યશ્રી વજ્રસ્વામી આ વાત જાણતા અને પોતે પણ શું કરવું તેની ચિંતામાં હતા.

એક દિવસ જાવડશા અને આચાર્યશ્રી ભેગા થઈ ગયા. બન્ને ભેગા થઈ શત્રુંજયનો ઉદ્ધાર કરવા સજ્જ બન્યા.

ગુરુજીના ઉપદેશ અને શ્રેષ્ઠીની સંપત્તિથી કાર્યનો શુભારંભ થયો. પહાડ ઉપર જ નૂતન પ્રતિમાઓનું નિર્માણ કાર્ય શરૂ થયું. વર્ષોની મહેનતે પ્રતીમાઓ તૈયાર થઈ. બીજે દિવસે પ્રતીમાઓને મંદિરમાં પ્રતિષ્ઠિત કરાવવાની વિધિ હતી; પણ અરે આ શું ? સવારના પહોરમાં જ્યાં જાવડશા તળેટીથી પહાડ ઉપર ચઢવા પગ મૂકે છે ત્યાં એ બધી પ્રતિમાઓ પોતાના જ પગ આગળ ખંડિત થયેલી જોવા મળે છે ! જાવડશાને ક્ષણ એક તો કારમો આઘાત લાગ્યો પણ પછી તરત દુષ્ટદેવનું તોફાન તેઓ સમજી ગયા. જરાય હિંમત હાર્યા વગર નવેસરથી પહાડ ઉપર પ્રતિમાઓ બનાવવાનું કાર્ય શરૂ કર્યું. પણ ફરી એ જ દશા. ફરી નવ નિર્માણ અને ફરી એ જ ટુકડાઓમાં રૂપાંતર ! આમ એક-બે વાર નહીં પણ વીસ વાર બન્યું.

એકવીસમી વખત પ્રતિમાઓ તૈયાર થઈ. હવે જાવડશાએ જાનની બાજી લગાવવા નિશ્ચય કર્યો. પ્રતિમાઓને રથમાં પધરાવી. રથનાં બે પૈડાં આગળ જાવડશા અને તેમનાં પત્ની સુશીલા સૂઈ ગયાં. દુષ્ટદેવને આહ્વાન કરી જણાવ્યું કે હવે અમારી ઉપર પૈડાં ચલાવીને જ આ પ્રતિમાઓથી ભરેલો રથ હાંકજો. દેવે નમતું જોખ્યું. બત્રીશલક્ષણાનો ભોગ લેવા જેટલો તે ક્રૂર ન બની શક્યો.

શ્રી વજ્રસ્વામીજીના શુભ હસ્તે જ રંગેચંગે પ્રતિષ્ઠા પૂર્ણ થઈ. એ દિવસે જાવડશા અને તેમનાં પત્ની પ્રભુજીની પ્રતિષ્ઠા કરીને ધજા ફરકાવવા શિખર ઉપર ચડ્યાં. કાર્યસિદ્ધિનો હર્ષાવેશ બંનેના ઉરમાં સમાતો ન હતો. ધજા ફરકાવતાં હૃદયમાં આનંદનું પૂર ઉછળતું હતું, ત્યારે શિખર ઉપર જ એ દંપતીનું હૃદય બંધ થઈ ગયું અને તેઓ મૃત્યુ પામ્યાં. બન્ને શુભ ધ્યાનમાં દેવાત્મા તરીકે ઉત્પન્ન થયાં.

આવી શક્તિ માનવમાં ભરી હોય છે. દૈવી તત્ત્વોને પણ આ શક્તિ નમાવી શકે છે.

# ૧૦૮ શ્રી સિદ્ધર્ષિ ગણિ

લક્ષ્મીના ધામ ગૂર્જર દેશમાં શ્રીમાલ નામનું શહેર. ત્યાં શુભંકર નામનો શ્રેષ્ઠી હતો. તેને લક્ષ્મી નામની પત્ની હતી અને સિદ્ધ નામનો પુત્ર હતો. ધન્યા નામની એક ખાનદાન કુળની કન્યા સાથે સિદ્ધનાં લગ્ન થયાં. દેવલોકના જેવા વિષયસુખને તે ભોગવતો હતો. વખતના વહેવા સાથે તે જુગટું રમવાનો અત્યંત શોખીન થઈ ગયો અને પોતાની પત્ની સાથેના સંસાર-વહેવારથી દૂર થતો ગયો.

તેના માતાપિતાએ અને ગુરુજનોએ તેને જુગટું ન રમવા ઘણો સમજાવ્યો, પણ એ હરામચસકાથી એ પાછો હટ્યો નહિ. સારી વાત એ હતી કે તે સારાનરસાને સમજતો હતો. ભલા માણસના કંઈક કહેવાથી હજુ ડરતો હતો.

અડધી રાત વીતવા છતાં પણ તે પોતાના ઘરે આવતો ન હતો. તેની પત્ની તેની રાહ જોતી જાગતી રહેતી હતી. ઘણી રાતોના ઉજાગરાથી ધન્યાની તબિયત તદ્દન બગડી ગઈ. ઉપરાંત, આખા દિવસના ઘરકામને લીધે એ શરીરે ઘણી લેવાઈ ગઈ હતી. તેની આવી સ્થિતિ જોઈને એક દિવસે તેની સાસુ લક્ષ્મીદેવી તેને કહેવા લાગી, 'તને શી તકલીફ છે ? કહે, શું તારો કોઈએ તિરસ્કાર કર્યો છે યા તારૂં કોઈએ અપમાન કર્યું છે ? શી હકીકત છે તે જણાવ, તો તેનો હું ઉપાય કરૂં !' ધન્યાએ જવાબ આપ્યો. 'કંઈ નથી.' ,પણ સાસુએ જ્યારે ઘણો આગ્રહ કર્યો ત્યારે તે નાછૂટકે બોલી, 'તમારા પુત્ર અડધી રાત ગયા પછી બહુ મોડા ઘેર આવે છે. હું શું કરૂં ?'

પુત્રવધૂની હકીકત સાંભળી સાસુજીએ કહ્યું, 'અરે ! આ વાત તેં મને અત્યાર સુધી કેમ ન કહી ? હું જાતે જ છોકરાને કડવાં કે મીઠાં વચનોથી ઠેકાણે લાવી દઈશ. દીકરી ! તું આજે નિરાંતે સૂઈ જજે. તારા મનમાં જરા પણ ચિંતા રાખીશ નહીં. આજે રાત્રે હું જ ઉજાગરો કરીશ અને બધી વાત સંભાળી લઈશ.'

પુત્રવધૂને આ વાત ઠીક લાગી. તે રાત્રે માતા ઉજાગરો કરીને દીકરાના આવવાની રાહ જોતી રહી. રાત્રિના છેલ્લા પહોરે, ત્રણ વાગ્યા પછી પુત્ર આવ્યો. તેણે બારણા



ઉપર ટકોરા મારતાં કહ્યું, 'બારણું ઉઘાડો, બારણું ઉઘાડો. એટલે અંદરથી માતાએ દીકરાને સંભળાય એવી રીતે કહ્યું 'અરે ! આટલી મોડી રાત્રે કોણ આવ્યો છે ?' બહારથી સિદ્ધે જવાબ આવ્યો, 'એ તો હું સિદ્ધ છું.' માતાએ ખોટો ક્રોધ કરી અંદરથી જવાબ આપ્યો, 'આવ વખતે આવનારા ઠેકાણા વગરના રખડું એવ કોઈ સિદ્ધને હું ઓળખતી નથી.' 'અરે ! પણ અત્યારે હું ક્યાં જાઉં ?' એમ બહારથી સિદ્ધે કહ્યું. એટલે

ફરી વાર એ વખતસર આવી જાય એવા હેતુથી વધારે કડક ભાષામાં માતા અંદરથી જ બોલી : 'આટલી રાત્રે જેનાં બારણાં ખુલ્લાં હોય ત્યાં તું જા.' 'ભલે તેમ કરીશ' એમ કહી સિદ્ધ ચાલ્યો ગયો. તે જોતો જોતો ચાલે છે કે ક્યાં કોનાં બારણાં ખુલ્લાં છે. ''તેણે જૈન સાધુઓના આણગારોનાં બારણાં ઉઘાડા જોયાં અને તેથી તે ત્યાં અંદર ગયો.'' ઉઘાડા રહેતા બારણાંવાળા મોટા ઓરડામાં તેણે નજર નાખી. ત્યાં તેણે મહાત્મા મુનિઓને જોયા. તેઓ જુદી જુદી ધાર્મિક ક્રિયાઓ કરતા હતા. એ જોઈ તે વિચારવા લાગ્યો : 'ધન્ય છે આ મુનિરાજો ! આ બધા મોક્ષના અર્થી છે અને હું વ્યસનમાં આસક્ત છું. મારું જીવતર નકામું છે. હું ભાગ્યશાળી છું કે અહીં આવી પહોંચ્યો. ઉપકારી તો મારી માં કે એણે ગુસ્સો કરી મારા ઉપર ખરેખર ઉપકાર કર્યો.' આ પ્રમાણે વિચાર કરતો તે ઉપાશ્રયના મધ્ય ભાગમાં આવ્યો. ત્યાં ગુરુમહારાજ બેઠેલા હતા. તેમને તેણે નમસ્કાર કર્યા એટલે ગુરુમહારાજે 'ધર્મલાભ' કહી પૂછ્યું, 'ભાઈ ! તમે કોણ છો ?'

સિદ્ધે જવાબ આપ્યો, 'સાહેબ ! હું શુભંકર શ્રેષ્ઠીનો પુત્ર છું. મારું નામ સિદ્ધ છે. મોડી રાત્રે જુગટું રમી ઘેર જવાથી માએ બારણાં ન ખોલતાં જ્યાં બારણાં ખુલ્લાં હોય ત્યાં જવા કહ્યું, એટલે આ દરવાજા ખુલ્લા જોતાં અહીં આવ્યો છું. હવે હું તમારા શરણે છું.'

ગુરુમહારાજે શ્રુતજ્ઞાનનો ઉપયોગ કર્યો અને આ સિદ્ધ ભવિષ્યમાં પ્રભાવક થશે એમ જાણી મનમાં ઘણા રાજી થયા. તેમણે કહ્યું, 'અહીં ગમે તે કોઈ રહી શકતું નથી. અહીં રહેવું હોય તો અમારા જેવો વેશ પહેરવો પડે. પણ તેમ કરવું તારા જેવા, મરજીમાં આવે તેમ ભટકતા માણસ માટે બહુ મુશ્કેલ છે. મુશ્કેલ એટલા માટે છે કે અહીં રહેનારે નબળા માણસોને આકરું લાગે એવું અખંડ બ્રહ્મચર્યવ્રત ધારણ કરવું પડે છે, માથાના વાળનો લોચ કરવો પડે છે, વિહાર ચાલીને કરવો પડે છે.' જૈન સાધુપણું કેટલું મુશ્કેલ છે તે તેમણે વિસ્તૃત રીતે સમજાવ્યું.

સિદ્ધે કહ્યું, 'મારા જેવા વ્યસનીને જેનો પોતાનાં જ માણસો તિરસ્કાર કરતાં હોય છે તેવાને માટે આવું સરસ સંયમ કેમ મુશ્કેલ પડે ? આવું સંયમ કે જે નમસ્કાર કરવા યોગ્ય છે તે હું સ્વીકારીશ. માટે મારા માથા પર હાથ મૂકી મને દીક્ષા આપી ઉપકાર કરો.'

ગુરુમહારાજે ઉત્તરમાં કહ્યું, 'કોઈએ અમને નહીં આપેલું અમે કાંઈ લેતા નથી. માટે તું એક દિવસ રહે. અમે તારાં માતાપિતાને ખબર આપીએ.'

'આપનો હુકમ મારે પ્રમાણ છે, માન્ય છે.' એમ કહી તે ત્યાં રહ્યો. આવા સારા શિષ્યનો લાભ થવાથી સૂરિજી મહારાજને ઘણો આનંદ થયો.

આ બાજુએ, શુભંકર શેઠે સવારમાં પોતાની પત્ની પાસેથી રાત્રે બનેલી બીના જાણીને પત્નીને ઠપકો આપ્યો અને સમજાવ્યું કે જે માણસ વ્યસની થયો હોય તેને આકરાં વચનો ન કહેતાં ધીમે ધીમે શીખામણ આપવી જોઈએ. ત્યારબાદ શેઠ સિદ્ધને શોધવા નીકળ્યા. ઘણી જગ્યાએ તપાસ કરી છેવટે ઉપાશ્રયમાં આવ્યા અને પુત્ર સિદ્ધને ત્યાં જોઈને આનંદ પામ્યા, કારણ કે તેમનો દીકરો ગમે તેવા વ્યસનીની સાથમાં નહીં, પણ અહીં સારા આચારવાળા સાધુઓની સંગતમાં હતો. પછી તેમણે સિદ્ધને કહ્યું, 'ચાલ ભાઈ ! તારી માતા અત્યંત ચિંતાતુર થઈને તારી રાહ જુએ છે.'

સિદ્ધે જવાબ આપ્યો, 'હવે ઘેર આવવાની વાત જ નથી. ઘણું થયું. મારું હૃદય હવે મહારાજના ચરણકમળમાં લીન થઈ ગયું છે. માટે પિતાજી ! આપ હવે મોહ ન કરો. મારી માતાજીનું વચન હતું કે જેનાં બારણાં આટલી મોડી રાત્રે ઉઘાડાં હોય ત્યાં તું જા. માતાજીની એ વાત મેં સ્વીકારી છે. હવે તો આ સાધુપણું જીવનપર્યંત પાળું તો જ મારું કુલીનપણું મેં સાચવ્યું ગણાય'

શુભંકર શેઠે સિદ્ધને સમજાવવા ઘણો પ્રત્યન કર્યો અને કહ્યું, 'મારું આટલું જે ધન છે તે તું નહીં સંભાળે તો કોણ સંભાળશે ? હું ઘરડો થયો છું અને તારી પત્નીને કોઈ

સંતાન નથી. આ બધાનો વિચાર કરીને તું ઘરે ચાલ.'

સિદ્ધે આખરમાં જવાબ આપ્યો કે 'આવી લાલચ આપનારી વાણી મારે હવે સાંભળવી નથી. મારૂં મન તો હવે બ્રહ્મમાં લીન થઈ ગયું છે. માટે મારા ગુરુ મહારાજને પગે પડીને વિનવો કે તેઓ મને દીક્ષા આપે.'

સિદ્ધનો અત્યંત આગ્રહ જોઈને શુભંકર શેઠે ગુરુમહારાજને સિદ્ધને દીક્ષા આપવા વિનંતી કરી અને સિદ્ધે દીક્ષા લીધી. ગુરુમહારાજે પોતાની ગુરુ-પરંપરા સંભળાવી અને પોતે ગુરુ સૂરાચાર્યના શિષ્ય ગંગર્ષિ છે એમ જાહેર કરીને સિદ્ધ મુનિને ચારિત્ર્ય બરોબર પાળવા સમજાવ્યું. ગુરુમહારાજનો ઉપદેશ સિદ્ધે બરાબર ગ્રહણ કર્યો અને તે ઉગ્ર તપ કરવા માડ્યો. સાથે સાથે તે વખતે મળી શકતા બધા આગમોનો પણ પાકો અભ્યાસ કર્યો. તેણે ઉપદેશમાળા ગ્રંથ ઉપર હેયોપાદેયા નામની ટીકા રચી. તેના ગુરુભાઈ દાક્ષિણ્યચંદ્રે શ્રૃંગારરસથી ભરપૂર કુવલયમાળા નામની કથા રચી હતી. તે ગુરુભાઈએ સિદ્ધ મુનિની વક્રોકિત[1] કરતાં કહ્યું, 'એવી રીતે લખેલા આગમના અક્ષરોને ફરી લખી જવાથી શું નવો ગ્રંથ બની જતો હશે ?'

સિદ્ધ મુનિએ આવાં આકરાં વચનો સાંભળી લીધા. મનમાં ઉદ્વેગ તો થયો, પણ ઉત્સાહપૂર્વક એક નવો ગ્રંથ રચવા માંડ્યો અને તે ગ્રંથ 'ઉપમિતિ ભવ પ્રપંચા' નામે જૈન સંપ્રદાયમાં અતિ જાણીતો બન્યો. આ ગ્રંથ વિદ્વાન માણસોના પણ મસ્તકને ડોલાવે તેવો બન્યો. સંઘે આથી સિદ્ધ મુનિને વ્યાખ્યાતાની પદવી આપી. દાક્ષિણ્યચંદ્રે સિદ્ધ મુનિને સમજાવ્યું કે 'મેં તમને આકરાં વચનો તમારા ભલા માટે કહ્યાં હતાં. તેની ચાનક ચડવાથી જ આવો ઉત્તમ ગ્રંથ તમે રચ્યો.'

ત્યારબાદ સિદ્ધ મુનિએ વિચાર કર્યો કે હજુ પણ કેટલીક વાતો અહીં જાણવામાં આવી નથી, માટે મારે હજુ વધુ અભ્યાસ કરવો જોઈએ. ખાસ કરીને બૌદ્ધ શાસ્ત્રો અત્રે મળતાં નથી. તેથી તે જાણવા સમજવા મારે દૂર દૂરના દેશાવરમાં જવું જોઈએ. એટલે તેમણે ગુરુમહારાજ પાસે દૂર દેશાવરમાં બૌદ્ધ ધર્મ સમજવા માટે જવાની રજા માગી.

ગુરુમહારાજે શ્રુતજ્ઞાનનો ઉપયોગ મૂકીને નિમિત્ત જોઈ લીધું અને કહ્યું, 'તેઓની ઊલટીસુલટી સાબિત કરવાની પદ્ધતિમાં તારૂં ચિત્ત મુનિએ મક્કમપણે એ જ માગણી કરી ત્યારે ગુરુજીએ 'જવું જ હોય તો જા' એમ કહીને એ વાત તેને નહિ ભૂલવા કહ્યું કે 'અમારૂં રજોહરણ તારી પાસે છે તે તારે કોઈ પણ સંજોગ હોય તો પણ પાછું આપવા અહીં આવવું' સિદ્ધ મુનિએ એમ કરવાનું વચન આપ્યું અને કોઈ ન ઓળખે એવો વેશ ધરીને પોતાની ઈચ્છા મુજબ દેશાવર જવા પ્રયાણ કર્યું. તેઓ મહાબોધિ નામના બૌદ્ધોના જાણીતા નગરમાં ગયા અને ત્યાં છાત્રોમાં ભળી ગયા. ત્યાં તેમણે સારી રીતે શાસ્ત્રો મોઢે કર્યા.'

ઘણા વખત પછી બૌદ્ધાચાર્યે સિદ્ધ મુનિને ગુરુપદે સ્થાપવાની તૈયારી કરી ત્યારે સિદ્ધને પણ બૌદ્ધ ધર્મ પ્રત્યે શ્રદ્ધા થઈ. પણ એક વખત પોતે જૂના ગુરુજીને વચન તેમણે નક્કી કર્યું અને પોતાની ઈચ્છા સહાધ્યાયીઓને જણાવી વચન પાળવું જ જોઈએ એમ બૌદ્ધ શાસ્ત્ર પણ જણાવતું હોઈ રાજીખુશીથી જૂના ગુરુજી પાસે જવાની સિદ્ધને રજા આપવામાં આવી.

સિદ્ધ સંસારી કપડાંમાં અસલ ગુરુ ગંગર્ષિ પાસે આવ્યા. બૌદ્ધ ધર્મનું જ્ઞાન પોતે મેળવ્યું હતું એનું તેમને મનમાં અભિમાન હતું. ગુરુજી પાસે આવતાં જ સિદ્ધ જોરથી બોલ્યા, 'આપ આટલા ઊંચે બેઠા છો તે સારૂં લાગતું નથી.' ગંગર્ષિ સ્વામી તરત સમજી ગયા કે નિમિત્તમાં જે હતું તે ખરેખર બન્યું જ છે, પણ હવે કોઈ પણ ઉપાયે તેને બોધ કરી ઠેકાણે લાવવો જોઈએ.' આમ વિચારી તેમણે સિદ્ધને પોતાની પાસે બેસાડ્યો અને નમુત્થુણંસૂત્ર ઉપર રચાયેલી શ્રી હરિભદ્રસૂરિકૃત 'લલિતવિસ્તરા' નામની ટીકા તેને આપી અને કહ્યું કે 'અમે જરા દેરાસરે નમસ્કાર કરી આવીએ ત્યાં સુધી અહીં તું બેસ

---

૧. ટોણો મારતા.

અને આ ગ્રંથ જોઈ જા.' આ પ્રમાણે કહીને ગુરુમહારાજ બહાર ગયા. મહાન બુદ્ધિમાન સિદ્ધે તે ગ્રંથ વાંચતાં વિચાર કર્યો કે 'અહો ! વિચાર કર્યા વગર કેવા ખોટા ભ્રમને મેં પંપાળ્યો ? પોતાના સ્વાર્થને હાનિ કરે તેવાં બૌદ્ધમતનાં પારકાં વચનોથી કોણ લોભાઈ જાય ? કાચનો કટકો'લઈને કોણ રત્ન ખોઈ બેસે ? ખરેખર મહાન ઉપકારી શ્રી હરિભદ્રસુરિ મારા ખરેખર ઉપકારી છે કે જેઓએ મારા માટે જ જાણે આ ગ્રંથ લખી રાખ્યો છે. તેઓશ્રીને મારા નમસ્કાર હોં ! મારા ગુરુજીએ મારા ઉપર ઉપકાર કરવા જ મને આ રીતે પાછો બોલાવ્યો છે. હવેથી હું દરરોજ તેઓના ચરણકમળની રજથી મારા માથાને પવિત્ર કરીશ. 'લલિતવિસ્તરા' વાંચ્યા પછી મારા મનમાં તથાગત બુદ્ધના મતે બુદ્ધિનો જે ભ્રમ ઉત્પન્ન થયો હતો તે ચાલ્યો ગયો છે.'

થોડી વારે ગુરુજી આવ્યા અને તેમણે સિદ્ધને ગ્રંથ ઉપર એકાગ્રતાથી વિચાર કરતાં જોયા ત્યારે તેમને ઘણો આનંદ થયો.

ગુરુમહારાજને આવેલા જાણી સિદ્ધ ઊભો થઈ ગુરુજી પગે પડ્યો અને પોતાનું માથું ગુરુજી ચરણે રાખી દીધું. ગુરુજીનો ઉપકાર માનતાં કહ્યું, 'ગુરુદેવ ! તમે મને ખોટે રસ્તે જતાં ઉગારી દીધો છે. તમારો ઉપકાર જિંદગીભર નહીં ભૂલું. આ ભૂલ માટે મને યોગ્ય પ્રાયશ્ચિત્ત આપો.' ગુરુ મહારાજે યોગ્ય પ્રાયશ્ચિત્ત આપી, તેની યોગ્યતા જોઈ પોતાની પાટ ઉપર સિદ્ધ મુનિને બેસાડ્યા અને સંઘ સમક્ષ 'ગણિ' પદવી આપી. ગચ્છનો ભાર સિદ્ધર્ષિ ગણિને સોંપીને ગુરુ મહારાજે જંગલનો આશ્રય લીધો અને ભારે તપ કરી છેલ્લે અણસણ કરી સ્વર્ગે ગયા.

ધર્મની સારી પ્રભાવના કરી ઘણાં તીર્થોની જાત્રા કરી સિદ્ધર્ષિ ગણિ આયુષ્ય પૂર્ણ થતાં સદ્‌ગતિને પામ્યા.


---

૧. કર્મરૂપી રજને જે સાફ કરે, જૈન મુનિ જેને ઓઘો પણ કહે છે – જૈન શાસનમાં સાધુ માટેનું એક પ્રતીક.

પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા


**શ્રી સોજપાર મેપાભાઈ નાગડા પરિવાર**

ગામ-ગાગવા-હાલ-બેંગ્લોર



પ. પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજની
પ્રેરણાથી જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક ને હાર્દિક શુભેચ્છા

**શ્રી જે. વી. શાહ**



બી-૨ પંચરત્ન એપાર્ટમેન્ટ - ૧ માળે,
એ.વી. શોપીંગ સેન્ટર પાછળ, મહાલક્ષ્મી,
ચાર રસ્તા પાસે, પાલડી - અમદાવાદ-૩૮૦૦૦૭

# જૈન શાસન ૧૦૮ ધર્મકથા વિશેષાંક

## વાર્તાઓની અનુક્રમણિકા


| ક્રમ | વાર્તા નં. | વાર્તાનું નામ | પેજ નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | મહામંત્ર આરાધક શિવકુમાર | ૧ |
| ૨ | ૨ | સતી શ્રેષ્ઠ શ્રીમતી | ૨ |
| ૩ | ૩ | કુમારપાળનો પૂર્વભવ યાને નરવીર | ૩ |
| ૪ | ૪ | ચંપા શ્રાવિકા | ૫ |
| ૫ | ૫ | શ્રી હીર વિજય સૂરિ | ૬ |
| ૬ | ૬ | સવૈયા શેઠ સવા-સોમા | ૮ |
| ૭ | ૭ | ચંપક શ્રેષ્ઠી | ૧૦ |
| ૮ | ૮ | અજબ અર્જુન માળી | ૧૧ |
| ૯ | ૯ | નાગદત્ત શ્રેષ્ઠી | ૧૩ |
| ૧૦ | ૧૦ | અગર્ષિ ઋષિ | ૧૪ |
| ૧૧ | ૧૧ | કૌમુદી યાને અચ્ચંકાર ભટ્ટિકા | ૧૫ |
| ૧૨ | ૧૨ | કલિશ્રેષ્ઠ શ્રી કાલિકાચાર્ય અને દત્ત | ૧૯ |
| ૧૩ | ૧૩ | પશ્ચાતાપ અને દેવદત્ત | ૨૦ |
| ૧૪ | ૧૪ | ચાંખાનો સ્વાદ અને શુભંકર શ્રેષ્ઠી | ૨૧ |
| ૧૫ | ૧૫ | વિદ્યાબલી લોહખુર | ૨૩ |
| ૧૬ | ૧૬ | જિનદાસ શેઠ | ૩૧ |
| ૧૭ | ૧૭ | લક્ષ્મણા સાધ્વી | ૩૨ |
| ૧૮ | ૧૮ | કાર્તિક શેઠ | ૩૩ |
| ૧૯ | ૧૯ | રાજા શિખિધ્વજ અને ચૂડાલા | ૩૪ |
| ૨૦ | ૨૦ | સદ્દાલ પુત્ર | ૩૬ |
| २१ | २१ | श्री रहनेमि | ३८ |
| २२ | २२ | श्री सुकोशल मुनि | ३९ |
| २३ | २३ | श्री प्रसन्नचंद्र राजऋषि | ४० |
| २४ | २४ | श्री त्रिपृष्ठ वासुदेव | ४१ |
| २५ | २५ | श्री नयसार | ४२ |
| ૨૬ | ૨૬ | સુદર્શના (શકુનિકા વિહાર) | ૪૩ |
| ૨૭ | ૨૭ | મુનિ ધનશર્મા | ૪૫ |
| ૨૮ | ૨૮ | મૌન એકાદશી આરાધક સુવ્રત શેઠ | ૪૭ |
| ૨૯ | ૨૯ | ધર્મવીર | ૫૦ |
| ૩૦ | ૩૦ | સર્વજ્ઞસૂરિજી અને કમલ | ૫૧ |
| ૩૧ | ૩૧ | જિનદાસ અને શાંતનુ શેઠ | ૫૯ |
| ૩૨ | ૩૨ | સિંહ શ્રેષ્ઠી | ૬૧ |
| ૩૩ | ૩૩ | બ્રહ્મદત્ત ચક્રવર્તી | ૬૩ |
| ૩૪ | ૩૪ | વરદત્ત મુનિ | ૬૯ |
| ૩૫ | ૩૫ | સિદ્ધાચલનો મહિમા યાને દ્રાવિડ અને વારિખિલ્લ | ૭૦ |
| ૩૬ | ૩૬ | માસતુસ મુનિ | ૭૧ |
| ૩૭ | ૩૭ | સુવ્રત મુનિ | ૭૩ |
| ૩૮ | ૩૮ | પ્રજાપાલ અને સુમિત્ર | ૭૫ |
| ૩૯ | ૩૯ | રજ્જા સાધ્વી | ૭૭ |
| ૪૦ | ૪૦ | કેશરી ચોર | ૭૮ |
| ૪૧ | ૪૧ | દુંદલ ચારણ | ૮૦ |
| ૪૨ | ૪૨ | શય્યંભવ સૂરિ | ૮૯ |
| ૪૩ | ૪૩ | સુશીલા-સુભદ્રા | ૯૧ |
| ૪૪ | ૪૪ | શેઠ જગડુશા | ૯૩ |
| ૪૫ | ૪૫ | રાજા યશોવર્મા | ૯૫ |
| ४६ | ४६ | सेवामूर्ति नंदीषेण | ९७ |
| ४७ | ४७ | चंदनबाला | ९९ |
| ४८ | ४८ | श्री चिलाती पुत्र | १०२ |
| ४९ | ४९ | श्री भद्रसेन | १०४ |
| ५० | ५० | श्री अषाढाचार्य | १०७ |
| ૫૧ | ૫૧ | કેશી ગણધર | ૧૦૮ |
| ૫૨ | ૫૨ | તરંગવતી | ૧૧૩ |

## વાર્તાઓની અનુક્રમણિકા


| [illegible] | [illegible] | વાર્તાનું નામ | પેજ નં. |
|---|---|---|---|
| ૫૩ | ૫૩ | સુરસેન-મહાસેન | ૧૨૬ |
| ૫૪ | ૫૪ | આનંદ શ્રાવક | ૧૨૮ |
| ૫૫ | ૫૫ | દ્વિમુખ (પ્રત્યેક બુધ્ધ) | ૧૨૯ |
| ૫૬ | ૫૬ | ક્ષપક મુનિ | ૧૩૦ |
| ૫૭ | ૫૭ | શ્રમણભદ્ર | ૧૩૧ |
| ૫૮ | ૫૮ | પ્રદેશી રાજા | ૧૩૩ |
| ૫૯ | ૫૯ | કુંતલાદેવી | ૧૩૬ |
| ૬૦ | ૬૦ | આરોગ્ય દ્વિજ | ૧૪૫ |
| ૬૧ | ૬૧ | દ્રમક મુનિ | ૧૪૬ |
| ૬૨ | ૬૨ | કરકંડુ (પ્રત્યેક બુધ્ધ) | ૧૪૭ |
| ૬૩ | ૬૩ | નિર્ગતિ (પ્રત્યેક બુધ્ધ) | ૧૫૦ |
| ૬૪ | ૬૪ | હરિકેશબલ | ૧૫૨ |
| ૬૫ | ૬૫ | સુલસ | ૧૫૭ |
| ૬૬ | ૬૬ | તેતલિ પુત્ર | ૧૫૮ |
| ૬૭ | ૬૭ | રતિ સુંદરી | ૧૬૧ |
| ૬૮ | ૬૮ | શેઠ મોતીશા | ૧૬૨ |
| ૬૯ | ૬૯ | રાજા સૂર્યયશા | ૧૬૬ |
| ૭૦ | ૭૦ | શીતલાચાર્ય | ૧૭૩ |
| ૭૧ | ૭૧ | मृगावती | ૧૭૪ |
| ૭૨ | ૭૨ | श्री शुभंकर | ૧૭९ |
| ૭૩ | ૭૩ | शियभलती | ૧૮૩ |
| ૭૪ | ૭૪ | श्री भोगसार | ૧૮૫ |
| ૭૫ | ૭૫ | निर्मला | ૧૮९ |
| ૭૬ | ૭૬ | પૃથ્વીપાલ રાજા અને જે સુનંદ | ૧૯૩ |
| ૭૭ | ૭૭ | ધન સાર્થવાહ | ૧૯૫ |
| ૭૮ | ૭૮ | રુદ્રસૂરિ આચાર્ય | ૨૦૦ |
| ૭૯ | ૭૯ | નંદ મણિકાર | ૨૦૪ |
| ૮૦ | ૮૦ | ધન્ના શેઠ અને વિજય ચોર | ૨૦૭ |
| ૮૧ | ૮૧ | બાહડ મંત્રી | ૨૦૯ |
| ૮૨ | ૮૨ | ભીમા કુલડિયા | ૨૧૧ |
| ૮૩ | ૮૩ | દેવાનંદા અને ઋષભદત્ત | ૨૧૩ |
| ૮૪ | ૮૪ | ચાંપો વણિક | ૨૧૪ |
| ૮૫ | ૮૫ | આર્ય રક્ષિત સૂરિ | ૨૧૬ |
| ૮૬ | ૮૬ | ખેમો દેદરાણી | ૨૧૮ |
| ૮૭ | ૮૭ | રાજા પુરંદર | ૨૨૦ |
| ૮૮ | ૮૮ | બળદેવ મુનિ | ૨૨૧ |
| ૮૯ | ૮૯ | શ્રિયક | ૨૨૩ |
| ૯૦ | ૯૦ | અશ્વાવબોધ | ૨૨૪ |
| ૯૧ | ૯૧ | શિવા મહાસતી | ૨૨૫ |
| ૯૨ | ૯૨ | વજ્રકર્ણ | ૨૨૬ |
| ૯૩ | ૯૩ | સમરાદિત્ય કેવલી | ૨૨૮ |
| ૯૪ | ૯૪ | દુર્ગંધા રાણી | ૨૨૯ |
| ૯૫ | ૯૫ | ભરત ચક્રવર્તી અને ૯૮ ભાઈઓ | ૨૩૧ |
| ९६ | ९६ | सुबुद्धि मंत्री | ૨૩૨ |
| ९७ | ९७ | श्री उदयन मंत्री | ૨૩૪ |
| ९८ | ९८ | शैलकराजर्षि एवं पंथक मुनि | ૨૩६ |
| ९९ | ९९ | क्षुल्लक शिष्य | ૨૩૮ |
| ૧૦૦ | ૧૦૦ | श्री कुरगडु मुनि | ૨૪૦ |
| ૧૦૧ | ૧૦૧ | जीरण शेठ | ૨૪૨ |
| ૧૦૨ | ૧૦૨ | સુમિત્ર અને પ્રભવ | ૨૪૩ |
| ૧૦૩ | ૧૦૩ | નૈગમ | ૨૪૫ |
| ૧૦૪ | ૧૦૪ | શાણી સુમતિ | ૨૪૬ |
| ૧૦૫ | ૧૦૫ | ધીવર | ૨૪૭ |
| ૧૦૬ | ૧૦૬ | શેઠ નથુશા | ૨૪૮ |
| ૧૦૭ | ૧૦૭ | શેઠ જાવડશા | ૨૫૦ |
| ૧૦૮ | ૧૦૮ | શ્રી સિદ્ધર્ષિ ગણિ | ૨૫૧ |

૧૦૮ ધર્મકથા વિશેષાંક   જૈન શાસન (અઠવાડિક) વિશેષાંક ✧ અંક : ૧ ✧ વર્ષ : ૨૧ ✧ તા. ૪-૧૧-૨૦૦૮ ✧ રજી. નં. GRJ-૪૧૫
Valid up to 31-12-09

## ૧૦૮ ધર્મકથા વિશેષાંક

# શ્રી જૈન શાસન

## અઠવાડિક

હાલાર દેશોદ્ધારક કવિપ્રભાવક સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજા**ના પટ્ટધર પરમ ઉપકારી પૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ**ના પરમ ઉપકાર અને પરમ ઉપદેશથી વિવિધ પ્રકારના શાસનના ધર્મના કાર્યો, અંજનશલાકા, જિનમંદિર, ઉપાશ્રય, પ્રતિષ્ઠા, યાત્રા સંઘો, શ્રુત જ્ઞાન ભવન, જૈન ધર્મશાલા આદિના વિવિધ લાભોની પવિત્ર અનુમોદનાર્થે... તેઓશ્રીના પરમ સદુપદેશથી...



શ્રી મેઘજીભાઈ વીરજીભાઈ દોઢીયા



શ્રી વેલજીભાઇ વીરજીભાઇ દોઢીયા

જૈન શાસન અઠવાડિકને
**હાર્દિક શુભેચ્છા**



જયંતિભાઇ મેઘજીભાઇ દોઢીયા



શ્રીમતિ ડાહીબેન વેલજી વીરજી દોઢીયા



સ્વ. પાનીબેન મેઘજી વીરજી દોઢીયા



સરોજબેન જયંતિભાઇ દોઢીયા

**: વિશેષાંક સૌજન્ય ધન્ય દાતાઓ :**

(૧) સ્વ. શાહ વીરજી હેમરાજ દોઢીયા
(૨) સ્વ. શ્રીમતિ જશમાબેન વીરજી હેમરાજ દોઢીયા
(૩) સ્વ. ભાઈ વેલજી વીરજી હેમરાજ દોઢીયા
(૪) સ્વ. શ્રીમતિ ગંગાબેન હીરજી પેથરાજ
(૫) સ્વ. શ્રીમતિ પાનીબેન મેઘજી વીરજી દોઢીયા
(૬) ભાઈ મેઘજી વીરજી હેમરાજ દોઢીયા તથા શ્રીમતિ ડાહીબેન વેલજી વીરજી દોઢીયા સર્વ પરિવાર

કનસુમરા (હાલાર) બોક્સ નં. ૪૯૬૦૬ નાઈરોબી (કેન્યા)

માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫-દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી-મુદ્રક-પ્રકાશક : ભરત એસ. મહેતા (ગેલેક્ષી ક્રીએશન)એ, રાજકોટમાં જૈન શાસન છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યુ.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च

सवि जीव करूं शासन रसी

शासन अने सिद्धांत रक्षा तथा प्रचारनुं पत्र

जइ कहमवि-जीव ! तुमं, जिणधम्मं हारिऊण पडिवडिआ।
पच्छाणंतेणावि हु कालेणं वि जीव ! जिणधम्मं ।
पाविहिसि वा न वा ? तं, को जाणइ ? जेण सो अइदुलंभा।
इअ नाउं सिवपयसा-हणेण रे ! होसु कयकिच्चो ।।

હે જીવ ! જો કોઈપણ પ્રકારે તું પામેલા જિનધર્મને હારીને પડી જઈશ, તો પછી અનંતાકાળે પણ તું ફરીને જિનધર્મ પામીશ કે નહીં ? તે કોણ જાણે છે ? કેમ કે તે ધર્મ અતિ દુર્લભ છે. આ પ્રમાણે જાણીને રે જીવ ! મોક્ષપદને સાધવા વડે (સાધીને) તું કૃતાર્થ થા. ।।

# જૈન શાસન

## અઠવાડિક


વર્ષ ૨૧

અંક ૩



શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર – ૩૬૧૦૦૫. (સૌરાષ્ટ્ર) INIDA
ફોન : ૦૨૮૮ – ૨૭૭૦૯૬૩

# સર્વત્ર ભાગ્ય ફળે છે



आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન

(અઠવાડિક)

**લવાજમ**
વાર્ષિક રૂા. ૧૦૦ • આજીવન રૂા. ૧,૦૦૦
વાર્ષિક પરદેશમાં રૂા. ૫૦૦ • આજીવન રૂા. ૬,૦૦૦

**તંત્રીઓ**
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૨૧ ★ સંવત ૨૦૬૫, પોષ સુદ – ૩, મંગળવાર, તા. ૩૦-૧૨-૨૦૦૮ ★ અંક : ૩

## પ્રવચન

## ૯૮મું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

સં ૨૦૪૪, પોષ વદિ -૫, રવિવાર, તા. ૯-૧-૧૯૮૮
શેઠશ્રી મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય, મુંબઈ-૪.

**પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા**

दुष्ट: कर्मविपाक भूपतिवश: कायाह्वय : कर्मकृद्
बद्ध्वा कर्मगुणैर्हृषीकचषकै : पीतप्रमादासवम् ।
कृत्वा नारक चारकाय दुचितं त्वां प्राप्य चाशु च्छलं,
गंते ते स्वहिताय संयमभरं तं वाहयाल्पं ददत् ।।

**દરિદ્રી પણ પાપના વિચાર ન કરે તો સારો. સુખી પાપના વિચાર કરતો હોય તો ભૂંડો જ!** તમે વખાણ કોના કરો? સુખીના. સુખી કેટલા પાપ કરે છે? એવા દુઃખી છે કે દુઃખ મજેથી ભોગવે છે અને પાપ કરતા નથી–તેના વખાણ કરો? ઘણા પાપ કરી ખૂબ પૈસા કમાય તે સારો કે પાપ ન કરી થોડા પૈસા કમાય તે સારો? તમને છોકરો કેવો ગમે? 'આપણી પાસે આજીવિકા માટે ઘણું છે તો કમાવાની જરૂર નથી, શા માટે આ પાપ કરવા' તેમ છોકરો કહે તો ગમ? આવું છોકરો કહે તો થાય કે, મારો સારો પાકયો! આવું કહેનાર છોકરો પાકે નહિ માટે તેને ધર્મનું ભણાવતા નથી? છોકરો તમે જે પૈસા કમાવ તેનાથી વધારે કમાય તો આનંદ થાય છે. તે વખતે થાય કે મારા કરતાં સવાયો પાકયો. પણ તે મરીને કયાં જશે તે ચિંતા થાય છે?

જેને શરીર, ધન–ધાન્યાદિ પરિગ્રહ સારો લાગે તો સમજી લેવું કે તેને સંસારમાં ભટકવાનું બાકી છે. જેને શરીર–પૈસા–ટકાદિ ન ગમે, કુટુંબ બંધન લાગે, સાધુ થવાનું ગમે, ઝટ મોક્ષે જવાનું ગમે તો તે ધર્મ પામેલો કહેવાય. મોક્ષની ઈચ્છા થાય એક પુદ્‌ગલ પરાવર્ત્તથી વધારે સંસાર નહિ. સમકિત પામે તો અડધા પુદ્‌ગલ પરાવર્ત્તથી વધારે નહિ, ભાવથી ચારિત્ર પામે તો સાત–આઠ ભવથી વધારે નહિ. તમને મોક્ષની ઈચ્છા પેદા થઈ છે? તમારે વહેલામાં વહેલા સંસારથી છૂટી મોક્ષે જવું છે? આવી ઈચ્છા મને રોજ થાય છે – આવું કહેનારા કેટલા મળે? આવું હૈયાથી માનનારા–બોલનારા મળે તેને સમકિત વગર ચેન ન પડે. તમારે સમકિત જોઈએ છે? સમકિત મેળવવા શું કરવું પડે?

સમકિત વિના કરેલો ધર્મ નકામો જાય છે – આ કેટલી વાર સાંભળ્યું છે? મોક્ષ પામવાના મનવાળાને સમકિત પામવાનું મન થાય, થાય ને થાય જ. સમકિત પામવા શું શું મહેનત કરો છો? દુનિયાના સુખ ઉપર રાગ થાય છે? દુનિયાના સુખ ઉપર રાગ થાય તે ભૂંડો ન લાગે તો સમકિત આવશે નહિ. આપણા જ પાપના ઉદયથી જે દુઃખ આવે છે તેના ઉપર દ્વેષ થાય છે તો પણ સમકિત નહિ આવે. દુઃખ શાથી આવે?

પાપ કર્યું માટે પાપને સાફ કરવા દુઃખ આવે તો તેના ઉપર ગુસ્સો શેનો આવે છે ? દુઃખ ઉપર દ્વેષ ન થાય, ગુસ્સો ન આવે અને દુન્યવી સુખ ઉપર રાગ ન થાય; થાય તો કાઢવા મથે તેને સમકિત થાય. સમકિતીને દુનિયાનું સુખ ગમે નહિ. આપણને દુનિયાનું સુખ ગમે કે સમકિત ? જરાક દુઃખ આવે તો તેનો નાશ કરવા કેટલાં પાપ કરો છો ? ધર્મ કરવાનો વખત આવે તો થાય ખરો અને ન પણ થાય. આવી દશા હોય તો સમકિત આવે ?

આ શરીર-ધન-કુટુંબાદિની મમતાએ માર્યા. શરીર-ધન-કુટુંબાદિ બધી ચીજો કેવી છે ? મારે એકલો મોક્ષ જ જોઈએ છે. તેને માટે ધર્મ જ કરવો છે આ વાત નહિ માનો તો ઠેકાણું નહિ પડે. આત્માને કર્મ ડૂબાડનાર છે. કર્મને લઈને ભટકવું પડે છે. તે કર્મ ઘટે નહિ તો મુક્તિ થશે નહિ. જેને આત્મા પરલોક પર શ્રદ્ધા નથી, માનતા નથી તેવા મૂરખાની વાત પર વિચાર નહિ કરવાનો દરેક દરેક દર્શનકારો મુક્તિને માને છે, મોક્ષનું પ્રતિપાદન કરે છે, મોક્ષ માટે ધર્મ કરવાનું કહે છે. જૈન ધર્મ તો મોક્ષ માટે કહે છે. આ ઊંચામાં ઊંચો ધર્મ છે. તમને તે ધર્મ મળ્યો છે, સમજાવનાર મળે છે પણ નહિ સમજવાનો નિર્ણય કર્યો છે ને ? આ સમજાઈ જાય, હૈયામાં બેસી જાય તો જીવન પલટાઈ જાય. જે જેમાં નુકશાન જૂએ તેમાં મહેનત કરે ? મજેથી કરે કે ન છૂટકે કરવી પડે માટે કરે ? આ શ્રદ્ધા બેસે તો તેને સંસારમાં પ્રવૃત્તિ કરવી પડે છે, કરતો નથી. વેપાર-ધંધાદિ કરવા પડે છે પણ ગમતા નથી. ઘરમાં રહ્યા છો તે ભૂંડું લાગે છે ? વેપાર કરો છો, પૈસા મેળવો છો તે ભૂંડા લાગે છે ? ખાવા-પીવાદિમાં મજા કરો તો તે ભૂંડી લાગે છે ? ખૂબ પરિગ્રહ ભેગો કરો તે ખોટું કરો છો તેમ લાગે છે ? આપણા માટે ય પાપ ન થાય, કોઈના માટે ય પાપ ન થાય. સમજુને પાપ કરવું પડે છે પણ કરવા જેવું નથી તેમ માને છે, તેને સમકિતી કહેવાય. સંસારમાં રહેવા જેવું લાગે તે સમકિત પામ્યો નથી કે પામવાનો ય નથી.

તમને સંસારમાં રહેવા જેવું લાગે છે ? રહ્યા છો તે સારું છે ? છોડવા જેવો છે ? નથી છૂટતો તે પાપનો ઉદય છ ? તમારા ઘરમાં આવી વાત થાય ? ક્યાં સુધી આ સંસારમાં રહેવું છે ? તમને પરસ્પર સલાહ આપે તેવું મળ્યું નથી ? વિજયા શેઠ અને વિજયા શેઠાણીની વાત યાદ નથી કે બંને પરસ્પર એક-બીજાના ધર્મને સાચવવામાં સહાયક થયા. લગ્ન કરતાં કરતાં પણ કેવળજ્ઞાન પામ્યા શાથી ? લગ્ન કરવાનો ભાવ ન હતો પણ કરવા પડેલા માટે. ધર્મ સહેલો છે કે કઠીન ? ધર્મ કરવો બહુ કઠીન છે તેમ બધા માને છે. તપ કરવો કઠીન કે ખાવું ? જેને તપમાં આનંદ આવે તેને ખાવાનું ફાવતું નથી. તેવા તપસ્વી થોડા છે. બધા આવા થાય તો ઘર સુધરી જાય.

તમે સંસારને ખરાબ માનો છો ? સંસારમાં રહ્યા તે પાપથી તેમ વાત કરો ને ? સંસારથી વહેલામાં વહેલા છૂટવું છે ? બધાએ સાધુ જ થવા જેવું છે તેવી વાત પણ ઘરમાં થાય ખરી ? જે વસ્તુ ખોટી છે તે સારી લાગી છે તેની આ બધી મુશ્કેલી ઊભી થઈ છે. આ સંસાર ભૂંડો લાગે, છોડવા જેવો લાગે, મોક્ષ જ મેળવવાનું મન થાય પછી ઠેકાણું પડે. મોક્ષની રૂચિવાળાને મોક્ષે જવું છે પણ ઝટ જવાની ઈચ્છા તો સમકિતીને જ. સમકિતી ઘરમાં રહેતો હોય તે ન રહેવા માટે. કોઈ તેને રાજ્ય આપે, બધી મૂડી આપે તો ય લેવાનું મન ન થાય. જૈનકુલમાં જન્મેલો સંસારને છોડવા જેવો જ માને, ન માને તો તેનો જનમ ફોગટ. તેનું જૈનકુળ જૈન નથી. આજે તમારા ઘરમાં જન્મ્યો તે મર્યો. સંસારનું બધું ભણાવે પણ ધર્મનું કશું ભણાવો નહિ. તમારાં સંતાનોને દુનિયાદારીનું ભણાવવા ઘણા પૈસા ખર્ચ્યા પણ ધર્મનું ? તમે ઘરમાં રહ્યા છો તો રોજ છોડવાની મહેનતમાં કે વધારવાની ? જેમ જેમ દા'ડા જાય તેમ તેમ તમારા ઘરમાં સંસાર વધે કે ઘટે ? વેપાર ક્યારે છૂટે, ઘર ક્યારે છૂટે તે ચિંતા છે ? અહીં આવનાર સાધુ થવા જેવું છે તેમ સમજાઈ ન જાય તેની ચિંતાવાળો છે. સાધુ પાસે છોકરો જાય તેનો વાંધો નહિ, બહુ બેઠતો થાય તેનો વાંધો ! આવી દશા હોય તો જૈનપણું આવે ? શ્રાવકપણું આવે ? સંઘમાં ય નંબર આવે ? વાસ્તવિક રીતે નવકારશી જમવાનો ય અધિકાર ખરો ? ભગવાનની આજ્ઞા માને તેને જમવાનો અધિકાર છે. સંસાર છોડવા જેવો છે તેમ માને તેને આવવાનો અધિકાર છે. સંસાર છોડવા જેવો ન લાગે તેને આમંત્રણ નથી આમ કહે તો શું થાય ? *(ક્રમશઃ)*

# બાળદીક્ષા અંગે કેટલાક પ્રશ્નોત્તરો

(હપ્તો - ૧)

- પ. પૂ. નિર્મલયશ વિજયજી મ. - મુંબઈ

પ્ર. : ૧ બીજાઓની સેવા કરે તે મહાન ગણાય, બીજાઓ પાસે સેવા કરાવે તે નહીં. દીક્ષા લીધા પછી બીજાઓની સેવા લેવાનું કમ્પલસરી થઈ જાય છે. આહાર, વસ્ત્રો, પાણી અને અન્ય આવશ્યકતાઓ માટે સાધુ - સાધ્વીને પરાવલંબી થવું જ પડે છે. તો બાળવયે (કે અન્ય કોઈ વયે) દીક્ષા લેવાની જરૂરી જ શી છે ?

ઉ. : ૧ ઉપર મુજબ પ્રશ્ન કરનારનો આશય જો એ હોય કે 'સાધુ - સાધ્વીજી બીજાઓની સેવા લે છે પણ બીજાઓની સેવા કરતા નથી.' તો એ વિચારણા અત્યંત ગેરસમજ ભરેલી છે. સાર્થ ગુજરાતી જોડણી કોશમાં 'સેવા'નો એક અર્થ 'નિષ્કામ ભાવથી પારકાનું કામ કરવું તે' એમ પણ જણાવ્યો છે. અને 'નિષ્કામ ભાવ' એટલે 'ફળની ઈચ્છા વિનાની લાગણીઓથી સેવા કરવી' એટલે 'ફળની ઈચ્છા વિનાની લાગણીથી પારકાનું કામ કરવું' એમ પણ એક અર્થ થાય છે. આ અર્થ અનુસાર વિચારીએ તો સાધુ મહાત્માઓ જગતના જીવોની અનેક પ્રકારે સેવા કરે છે. દા.ત.

(૧) ક્રોધથી ધમધમતા કોઈ ઘરના વડીલને ઉપદેશ આપીને તેનો ક્રોધ ઘટાડે છે કે તેને અત્યંત શાંત બનાવે છે. જેને કારણે એના પુત્રો, પુત્રીઓ, પત્ની વગેરેને પણ શાંતિ થાય છે એના ક્રોધથી થતો ત્રાસ દૂર થવાથી. આ કૌટુંબિક શાંતિ પ્રવર્તાવવા પાછળ સાધુ મહાત્માનો કોઈ સ્વાર્થ પણ નથી હોતો. આ શું સેવા કરી અર્થાત્ ફળની ઈચ્છા વિનાની લાગણીથી પારકાનું કામ કર્યું એમ ન કહેવાય ? કહેવાય જ.

(૨) દુકાળ, અતિવૃષ્ટિ, ધરતીકંપ વગેરે કુદરતી હોનારતો વખતે નુકશાન સામે લાખો, કરોડો રૂપિયાના રાહતકાર્યો સાધુ મહાત્માના ઉપદેશથી થાય છે. આવા સમયે ફળની ઈચ્છા વિનાની લાગણીથી રાહતકાર્ય માટે ઉપદેશદાન એ શું સેવા નથી ? છે જ.

અત્રે તો ટુંકમાં બે જ દાખલા આપ્યા છે. બાકી સાધુ મહાત્માઓ ફળની ઈચ્છા વિનાની લાગણીથી પારકાનું જે કામ કરે છે તેનું જો લીસ્ટ બનાવવામાં આવે તો અનેક પાનાઓ ભરાય અહીં એ ખાસ ધ્યાન રાખવું કે ફળની ઈચ્છા એટલે પૈસા, માન-પાન, પ્રતિષ્ઠા વગેરેની ઈચ્છા વિના સાધુ મહાત્માઓ ઉપદેશ દ્વારા પારકાનું કામ કરે છે. પણ પોતાનું આત્મ કલ્યાણ થાય એ સ્વરૂપ ફળની ઈચ્છા તો તેઓને હોય છે જ.

સાધુ મહાત્માઓના ઉપદેશથી કોઈકે ક્રોધને, કોઈકે માનને, કોઈકે માયા-કપટને તો કોઈકે લોભને, કોઈકે કામ વાસનાને, કોઈકે ક્રૂરતાને, કોઈકે કંજુસાઈને, કોઈકે માતા-પિતા સામેના ઉદ્ધતવર્તનને, કોઈકે વહુઓએ સાસુઓ સામેના ઝઘડાઓને, કોઈક શેઠીયાઓ ગુમાસ્તા સાથેના કડક વર્તનને, કોઈકે વેશ્યાગમનને, કોઈકે પરસ્ત્રીગમનને, કોઈકે જુગારને, કોઈકે ચોરીને, કોઈકે પ્રાણીઓના શિકારને, કોઈકે માંસ ભક્ષણને, તો કોઈકે લાંચરુશ્વતને - વગેરે અનેકાનેક દોષોને દૂર કર્યા છે, દૂર કરે છે અને ભવિષ્યમાં પણ દૂર કરશે. જેને કારણે યથાસંભવ માનસિક શાંતિ, કૌટુંબિક શાંતિ, સામાજિક શાંતિની સાથે આનુષાંગિક રીતે શરીર સ્વાસ્થ્ય, આર્થિક લાભ, સામાજિક પ્રતિષ્ઠા, બુદ્ધિની તીક્ષ્ણતા વગેરેની પ્રાપ્તિ થાય છે. કે જે લાખો, કરોડો રૂપિયા ખર્ચતા પણ મળી શકતા નથી.

ફળની ઈચ્છા વિનાની લાગણીથી પારકાનું કામ કરનાર, સેવા કરનાર, બીજા શબ્દોમાં કહીએ તો અનેક રીતે ઉપકાર કરનાર સાધુ-સાધ્વી મહાત્માઓને આહાર, વસ્ત્રો, પાણી વગેરે આપવું (જૈન પરિભાષાનુસાર આહાર વગેરે વહોરાવવું)એ એમણે કરેલી સેવાની સામે, અન્ય રીતે જણાવીએ તો એમણે ઉપકારની સામે સાવ નગણ્ય છે. જેમ ઉપકારી એવા માતા-પિતાની આહાર - પાણી વગેરે દ્વારા સેવા ભક્તિ કરનાર સમજુ દિકરો માતા-પિતાને પોતાના પર પરાવલંબી નથી માનતો. માને તો એ એની દુર્બુદ્ધિ છે. એમ

ઉપકારી એવા સા-સાધ્વી મહાત્માઓની આહાર-પાણી દ્વારા સેવા ભક્તિ કરનાર વ્યક્તિએ પણ સાધુ-સાધ્વીને પરાવલંબી માનવા જોઈએ નહીં. માને તો એ એની દુર્બુદ્ધિ છે. ઉપર જણાવ્યા મુજબ સાધુ-સાધ્વીના ઉપકારોને નહીં માનનારો વ્યક્તિ તો કૃતઘ્ની છે.

હવે સાધુ-સાધ્વી મહાત્માઓ અન્યએ કરેલી આહાર-પાણી વગેરે દ્વારા સેવા ભક્તિને સ્વીકારે છે. તેનું કારણ તેમનો સાધ્વાચાર છે. આહાર, પાણી, વસ્ત્રો વગેરે પોતાની જરૂરિયાતો જો પોતે જાતે જ પુરી કરવાની હોય તો એ માટે પૈસા રાખવા પડે, કમાવા જવું પડે, ઘર રાખવું પડે, કમાવા માટે જુઠું પણ બોલવું પડે, ઘર બાંધવા માટે હિંસા પણ કરવી-કરાવવી પડે. જે એમના સાધ્વાચારને અનુરૂપ નથી. આહાર પાણી વગેરે ગ્રહણ કરતી વખતે પણ જૈન શાસ્ત્રોમાં જણાવેલા દોષો ન લાગે તેનું ધ્યાન રાખવાનું હોય છે.

આમ સ્વકલ્યાણ અને જગતના જીવો ઉપર અનેક રીતે ઉપકાર જે દીક્ષાને કારણે થાય છે, તે દીક્ષા જો યોગ્યતા હોય તો - બાળવયે (કે અન્ય કોઈ વયે) લઈ શકાય છે, લેવાની ચોક્કસ જરૂર છે.

પ્ર : ૨ આ રીતે ઉપદેશ દ્વારા જગતના જીવો ઉપર ઉપકાર કરનારા બાળસાધુઓ નથી, પણ મોટે ભાગે બાળસાધુ સિવાયના સાધુઓ છે. માટે પુખ્તવયે જ દીક્ષા લેવી જોઈએ. બાળવયે દીક્ષા શા માટે લેવી ?

ઉ. : ૨ એ વાત તો અમે ય સમજીએ છીએ કે K.G. માં બેઠેલો સીધો, સી.એ., ડૉક્ટર, વકીલ કે એન્જીનીયર વગેરે થતો નથી. એને કેટલાક કાળ સુધી અભ્યાસ વગેરે કરવા પડે છે. પછી એ સી.એ., ડૉક્ટર વગેરે બને છે. એમ બાળવયે દીક્ષા લેનાર પણ મોટેભાગે તરત જ ઉપદેશક, લેખક, ચિંતક વગેરે નથી બની શકતો. કેટલાક કાળ સુધી અભ્યાસ વગેરે કરીને તે ઉપદેશક, લેખક વગેરે બની શકે છે. અને એના દ્વારા સ્વકલ્યાણ અને જગતના જીવો ઉપર અનેક રીતે ઉપકાર કરી શકે છે. વળી બાળક અને પુખ્તવયના કોઈકે સાથે દીક્ષા લીધી હોય, બંને અભ્યાસ વગેરે કરીને સાથે જ સારા ઉપદેશક વગેરે બન્યા હોય અને બંનેનું આયુષ્ય વગેરે લગભગ સરખું હોય તો બાળસાધુને સ્વકલ્યાણ અને જગતોપકાર માટે પુખ્તવયના દીક્ષિત સાધુ કરતાં વધુ સમય મળવાનો છે. વળી સ્વકલ્યાણ અને જગતના જીવો ઉપર ઉપકાર માટે જીવનમાં વધુ સમય મળે તે સારું જ છે. એ 'વધુ સમય'નો ચાન્સ બાળવયે દીક્ષિત સાધુને વધુ છે. તેથી પણ યોગ્યતા હોય તો બાળવયે દીક્ષા લેવી જોઈએ.

*(ક્રમશઃ)*

## મુક્તિ માર્ગ

મુનિ વહોરે છે, સુથાર વહોરાવે છે અને મૃગલો અનુમોદના કરે છે.

ક્યાં કઠોર સંયમ અને માસક્ષમણ ને પારણે માસક્ષમણ કરનાર મુનિ ? ક્યાં સુથાર ? અને ક્યાં મૃગ ? પરંતુ જિનેશ્વર દેવે કરવું કરાવવું અને અનુમોદવું એ ત્રણ કારણના સમાન ફળ જણાવ્યું છે.

શક્તિ હોય તો કરે, ન હોય તો કરાવે. શક્તિ ન હોય તો અનુમોદના કરે, આ રહસ્યનો ચિતાર આ મૃગલાના જીવનમાં દેખાય છે. મૃગલો મહામુનિની જેમ દેવલોક પામ્યો. અનુમોદનાના પ્રતાપે.

*(જૈનધર્મ પ્રાણી કથાઓ માંથી)*

આદર્શ પતિ એ છે જે, પોતાની પત્નીએ ન કહેલો એકએક શબ્દ બરાબર સમજતો હોય.

પોતાની પત્ની સાથે જીભાજોડી કરતા કેટલાક પુરુષો હજીયે નીકળશે; બાકી ઘણાખરાએ તો એમ કહેતાં શીખી લીધું હોય છે કે, ''તારી વાત બરાબર છે.''

# મર્યાદા-પાલનનું મહત્વ

હપ્તો - ૨

– પૂ. સાધ્વીજી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મહારાજ

આ ઘટના ઉપરથી એટલું તો નક્કી થયું કે એમ.સી. નહિ પાળતી બહેનોને આવા અપંગ બાળકો જન્મે છે. તે સમયે સ્ત્રીઓનો, બહેનોનો સ્પર્શ કરવાથી, બગીચા જેવા બગીચા સુકાઈ જાય છે. શરીરમાં રોગો ઊભરાઈ જાય છે. પાપડ-વડી વગેરે કાળા પડી જાય છે. ઓછાયાથી લાલ લાલ બની જાય છે. ખાંડ બગડી જાય છે કાળી પડી જાય છે. એમ.સી. વાળી સ્ત્રીઓના શરીરમાંથી સતત પોઈઝન-ઝેર (ટોક્ઝીન) નો પ્રવાહ વહ્યા કરે છે. એટલે એમ.સી. નહિ પાળતી બહેનોના સ્પર્શ વડે દરેક ચીજો ઝેરી બની જાય છે અને તેણે બનાવેલી રસોઈ જમતાં તે પોઈઝન (ઝેર) તમારા શરીરમાં ચામડી દ્વારા પ્રવેશી જાય છે. અનેક રોગો પેદા થાય છે. ઓછામાં ઓછા તે સ્ત્રીથી ૩ દિવસ ૩ા હાથ દૂર રહેવું જોઈએ. નહિંતર ભયંકર રોગોના ભોગ બનશો. પાપના ભાગીદારને પવિત્રતાના નાશ કરનારા બનશો.

પહેલાં આપણા પૂર્વજોના આ કુલાચારો રીત-રીવાજને બરાબર પળાતા હતાં. આજે કોણ જાણે ક્યાં જનમના પાપો ઉદયમાં આવ્યા છે કે, સેંકડો પેઢીઓથી ચાલ્યા આવતા મહા લાભકારી કુલાચારોના આમ ભાંગીને ભુક્કા કરી દીધાં છે. શીલ-સદાચારના ટુકડે ટુકડા કરી નાખ્યા છે અને સુંદર સુંસ્કારોના ચીંથરે ચીંથરા ઉડાડી દીધાં છે.

''અંદર ખાલી, બહાર ભપકાની લાલી'' નો દુષ્ટ ઝેરી જમાનો બધાને ગળી જવા આવ્યો છે. જે આર્યદેશની નારીઓ ચુસ્તપણે એમ.સી. નું પાલન કરતી હતી, તે આજે ઠઠાર-મઠાર કરી સર્વિસ કરવા, બીઝનેસ કરવા જાય છે. કોલેજોમાં અને સ્કુલોમાં ભણવા જાય છે, બીજાને ઘેર ટયુશનો કરવા જાય છે. આ બધું કરવા જતાં ઘોર જ્ઞાનાવરણીય કર્મો બાંધી રહી છે. કદાચ આર્થિક સ્થિતિ નબળી હોય, તો ઘેર બેસી એમ.સી. વિનાના ટાઈમમાં કોઈ કાર્ય હજી કરી શકાય ! પણ આવા ભારે પાપની સુગ તો હોવી જ જોઈએ. કર્મસત્તા જયારે વિફરશે, ત્યારે તમારા આ બધા સુખના ટુકડે ટુકડા કરી નાખશે. પાપનુબંધી પુણ્યનો હાલ ઉદય વર્તતો હશે, તો આજે કરેલાં પાપનું ફળ આજે કદાચ ન પણ આપે. પરંતુ ભાવિ જરૂર ભૂંડું છે, તે ભૂલી જવા જેવું નથી.

મનમાં કોઈ જાતનો ખચકાટ રાખ્યા વગર મન ફાવે તેમ ઘૂમતી-હરતી-ફરતી અને બધાને અડતી, જાતને અભડાવતી, બુફેમાં ઊભી ઊભી જમતી, મોજ-મજા ઉડાવતી, મર્યાદાઓની પાળને તોડતી, બંધનના ચૂરેચૂરા કરતી આવી નારી અંતે ક્યાં જઈને અટકશે ? કાંઈક તો વિચાર કરા ? જડબેસલાક મર્યાદાઓનું પાલન કરો ! પહેલા જૈન બહેનો કે વૈષ્ણવ બહેનો આ બધું બરાબર પાળતી. ઘેર ઘેર પૂજા પાઠ હતાં. ધર્માનુષ્ઠાનનો કરાતા. લગભગ આજે આ બધું ઊડી ગયું લાગે છે. ૩ દિવસ ન પાળો, એટલે ઘરમાં બધું જ અડેલું હોય, સ્પર્શેલું હોય, પછી દેરાસર જતાં તે ચોખા-બદામ-નૈવેદ્ય ફળ લઈ જાય, તો આવા ઝેરી બનેલા ફળ-ફલાદિ દેરાસરમાં મૂકાય ? બોલો, આમાં તમને જરાય ખચકાટ થાય છે ?

આજે સંયુક્ત કુટુંબો વિભક્ત બનતા ગયા, એટલે આ મોટો પ્રોબ્લેમ ઊભો થયો છે. ભલે તમે કદાચ એકલા હો, તો પણ કોઈપણ રીતે આ સાચવી શકાય છે. સગા-સ્નેહી-પાડોશી વગેરેની સહાય લઈ ત્રણ દિવસ કેમેય કરીને સાચવી લેવા જોઈએ. અગર ઘરમાં રહેલા પુરુષોને પણ આમાં થોડું સમજાવી શીખવાડી દેવાય તો વાંધો ન આવે. પણ આજે તો અનુભવ એમ કહે છે ઘરમાં સાસુ, દેરાણી, જેઠાણી, ઘરઘાટી રસોઈ કરનાર વગેરે હોવા છતાં તે પુણ્યવાન શેઠાણીને આવું પાળવું ગમતું નથી. અરે ! આ બધું શું ? એમ સંપત્તિના મદમાં છકી જઈ, ભગવાને કહેલા તત્ત્વોને અને કુલાચારોને સો ગાઉ દૂર ફેંકી દે છે.

*(ક્રમશઃ)*

## प्रतिभामूर्ति सिद्धसेन दिवाकर

- पं. सुखलाल संघवी

मैं ऐसे विद्वान को भी नहीं जानता कि जिस अकेले ने एक बतीसी में प्राचीन सब उपनिषदो तथा गीता का सार वैदिक और औपनिषद भाषा में ही शाब्दिक और आर्थिक अलङ्कार युक्त चमत्कारिणी सरणी से वर्णित किया हो। जैन परम्परा मैं तो सिद्धसेन के पहले और पीछे आज तक ऐसा कोई विद्वान हुआ ही नहीं है जो इतना गहरा उपनिषदो का अभ्यासी रहा हो और औपनिषद भाषा में ही औपनिषद तत्त्व का वर्णन भी कर सके। पर जिस परम्परा में सदा एक मात्र उपनिषदो की तथा गीता की प्रतिष्ठा है उस वेदान्त परम्परा के विद्वान भी यदि सिद्धसेन की उक्त बत्तीसी को देखेंगे तब उनकी प्रतिभा के कायल होकर यही कह उठेंगे कि आज तक यह ग्रन्थ रत्न द्रष्टिपथ में आने से क्यो रह गया। मेरा विश्वास है कि प्रस्तुत बत्तीसी की और किसी भी तीक्ष्ण-प्रज्ञ वैदिक विद्वान का ध्यान जाता तो वह उस पर कुछ न कुछ बिना लिखे न रहता। मेरा यह भी विश्वास है कि यदि कोई मूल उपनिषदो का साम्नाय अध्येता जैन विद्वान होता तो भी उस पर कुछ न कुछ लिखता। जो कुछ हो, मैं तो यहाँ सिद्धसेन की प्रतिभा के निदर्शक रुप से प्रथम के कुछ पद्य भाव सहित देता हूँ।

कभी-कभी सम्प्रदायाभिनिवेश वश अपढ़ व्यक्ति भी आजही की तरह उस समय भी विद्वानो के सम्मुख चर्चा करने की धृष्टता करते होंगे। इस स्थिति का मजाक करते हुए सिद्धसेन कहते है कि बिना ही पढ़े पण्डितंमन्य व्यक्ति विद्वानो के सामने बोलने की इच्छा करता है फिर भी उसी क्षण वह नहीं फट पड़ता तो प्रश्न होता है कि क्या कोई देव-शक्तियां दुनिया पर शासन करने वाली है भी सही ? अर्थात् यदि कोई न्यायकारी देव होता तो ऐसे व्यक्ति को तत्क्षण ही सीधा क्यों नहीं करता ?

यदशिक्षितपण्डितो जनो विदुषामिच्छति वक्तुमग्रत: ।
न च तत्क्षणमेव शीयते जगत: किं प्रभवन्ति देवता ।।

विरोधी बढ़ जाने के भय से सच्ची बात भी कहने में बहुत समालोचक हिंचकिचाते है। इस भीरु मनोदशा का जवाब देते हुए दिवाकर कहते है कि पुराने पुरुषो ने जो व्यवस्था स्थिर की है क्या वह सोचने पर वैसी ही सिद्ध होगी ? अर्थात् सोचने पर उसमें त्रुटि दिखेगी तब केवल उन मृत पुरुखो की जमी प्रतिष्ठा के कारण हाँ में हाँ मिलाने के लिए मेरा जन्म नहीं हुआ है। यदि विद्वेषी बढ़ते हों तो बढे।

पुरातनैर्या नियता व्यस्थितिस्तत्रैव सा किं परिचिन्त्य सेत्स्यति।
तथेति वक्तुं मृतरुढगौरवादहन्न जात्त: प्रथयन्तु विद्वेष: ।।

हंमेशा पुरातन प्रेमी, परस्पर विरुद्ध अनेक व्यवहारो को देखते हुए भी अपने इष्ट किसी एक को यथार्थ और बाकी को अयथार्थ करार देते हैं। इस दशा से ऊब कर दिवाकर कहते हैं कि-सिद्धान्त और व्यवहार अनेक प्रकार के है, वे परस्पर विरुद्ध भी देखे जाते है। फिर उनमें से किसी एक की सिद्धि का निर्णय जल्दी कैसे हो सकता है ? तथापि यही मर्यादा है दूसरी नहीं ऐसा एक तरफ निर्णय कर लेना यह तो पुरातन प्रेम से जड़ बने हुए व्यक्ति को ही शोभा देता है, मुझ जेसे को नहीं।

बहुप्रकारा: स्थितय: परस्परं विरोधयुक्ता: कथमाशु निश्चय:।
विशेषसिद्धावियमेव नेति वा पुरातनप्रेमलस्य युज्यते ।।

जब कोई नई चीज आई तो चट से सनातन संस्कारी कह देते हैं कि, यह तो पुराना नहीं है। इसी तरह किसी पुरातन बात की कोई योग्य समीक्षा करे तब भी वे कह देते हैं कि यह तो बहुत पुराना है, इसकी टीका न कीजिए। इस अविवेकी मानस को देख कर मालविकाग्निमित्र मैं कालिदास को कहना पड़ता है कि-

पुराणमित्येव न साधु सर्व न चापि काव्यं नवमित्यवद्यम् ।
सन्त: परीक्ष्यान्यतरद् भजन्ते मूढ: परप्रत्ययनेयबुद्धि: ।।

*(क्रमश:)*

# મહામુનિ અનાથી

મુનિ શ્રી જિનરત્ન સાગરજી ''રાજહંસ''

હપ્તો - ૨



# ગતાનુગતિક ઉપર મદનની મૃત્યુકાણની વાર્તા



કોઈક નગરમાં કુંભારની સ્ત્રી સાથે રાજાની રાણીને બેનપણાં હતાં. કુંભારની સ્ત્રીને એક ગધેડી અત્યંત વહાલી હતી. એ ગધેડીને પુત્ર જન્મે છે. પરંતુ તે જન્મતાં જ મરી જાય છે.તેથી કુંભારની સ્ત્રી હંમેશા ઝૂરે છે. એકવાર તે ગધેડીને પુત્ર જન્મ્યો તે અત્યંત સુંદર રૂપવાળો છે. તેણીને તેના ઉપર ઘણો સ્નેહ છે. તેથી તેનું નામ મદન એવું પાડ્યું, મદનને તેણી સારી રીતે પાલન કરે છે. એક વર્ષ થયે છતે તે મદન પણ મરણ પામ્યો. ત્યારે તે કુંભારણ બહુ જ રડે છે. તે રડતે છતેં તેનો પરિવાર પણ રડે છે. તે સમયે રાજાની સ્ત્રી કાંઈ કારણ માટે કુંભારણને ઘેર દાસીને મોકલે છે. તે દાસી ત્યાં આવી. સપરિવાર કુંભારણને રડતી જોઈને વિચાર કરે છે,- 'નક્કી આને ઘેર કોઈપણ મરણ પામ્યું છે તેથી બધા રડે છે.' તે વખતે દાસી જલદી ત્યાંથી નીકળી રાણીને કહે છે- 'તેણીને ઘેર કોઈ મરણ પામ્યું છે.' તે સાંભળીને દાસી સહિત રાણી કુંભારણને ઘેર જઈ રડતી તેણીની નજીક બેસીને તે રડવા લાગી. રાજા પણ ત્યાં પટરાણીનુ જવું સાંભળીને તે પ્રધાન સહિત ત્યાં ગયો. પછી સેનાપતિ, કોટવાલ, નગર શેઠ છેક નગરના માણસો પણ જઈને રડવા લાગ્યા. 'કોણ અહીં મરણ પામ્યું' એમ પૂછતા નથી, બધાં રડતાં હોય છે - તેટલામાં ત્યાં એક પરદેશી તે બીજા નાગરિકને પૂછે છે- 'કોણ અહીં મરી ગયું' તે કહે છે - 'હું મિત્રની પાછળ આવ્યો, તેથી મારો મિત્ર જાણે છે.' તે મિત્રને પૂછે છે. તે બીજાને બતાવે છે. એમ ક્રમે કરીને એક નાગરિકે કહ્યું-'નગર શેઠની પાછળ હું આવ્યો.' નગર શેઠ કોટવાલને, કોટવાલ સેનાપતિને, સેનાપતિ પ્રધાનને બતાવે છે, પ્રધાન પણ કહે-'રાજાની પાછળ હું આવ્યો, પ્રધાન રાજાને પૂછે છે- 'અહીં કોણ મરણ પામ્યું ?' રાજા કહે છે. હું જાણતો નથી કારણ કે હું પટરાણીની પાછળ આવ્યો. રાજા પટરાણીને પૂછે છે અહીં કોણ મરણ પામ્યું ?' તેણી કહે છે. 'હું જાણતી નથી. પરંતુ દાસી જાણે છે.' ત્યારે રાણી દાસીને પૂછે છે-'કોણ અહીં મરણ પામ્યું ? દાસી કહે હું જાણતી નથી. પરંતુ તમારી સખી કુંભારણને રોતી જોઈને મેં કહ્યું- 'તમારી સખી ઘેર કોઈક મરી ગયું.' ત્યારે પટરાણી પોતાની કુંભારણ સખીને પૂછે છે - 'કોણ તારે ઘેર આજે મરી ગયું ?' તેણી કહે છે. - 'આજ મારી ગધેડીનો પુત્ર મદન નામનો બાળ ગધેડો મરી ગયો એ મને બહુ વહાલો હતો. તેથી હું રડું છું.' આ પ્રમાણે મદનના મરણની મોકાણમાં પરમાર્થ નહિ જાણીને ગતાનુગતિક બધા આવ્યા છતાં હસવા લાયક થયા.'

તેથી લોકોત્તમ ધર્મમાં સદ્ધર્મને સારી રીતે જાણી પ્રવર્તવું પરંતુ ગતાનુગતિકપણાથી નહિં.

ઉપદેશ : ગધેડાના મરણની મોકાણમાં મોહ ગર્ભિત પ્રવૃત્તિ જોઈને 'કોઈપણ કામ સારી રીતે પરીક્ષા કરીને સાધવું જોઈએ.'

# ખોટું નો લગાડતા હો ને ?

**આવી મજબૂરી ? મને તો ન જ ખપે.** - ભદ્રંભદ્ર

પ્ર. ભદ્રંભદ્ર ! તમે કોઈ શ્રાવક પાસે ઉપદેશ સાંભળો ખરા ?

જ. જો હું સાધુ હોઉં તો શ્રાવક ઉપદેશ આપે ને તે મારે સંભળાય જ નહિ અને જો હું શ્રાવક હોઉં તો તો સાધુ ભગવંત પાસે જ ઉપદેશ સાંભળવો જોઈએ.

પ્ર. તો તમે છો કોણ સાધુ કે શ્રાવક ?

જ. આ પ્રશ્નને ઉપરના પ્રશ્ન સાથે કશો સંબંધ નથી અને હું કંઈપણ હોઉં શ્રાવક પાસે ઉપદેશ ન સંભળાય તે તો નક્કિ જ કીધું છે.

પ્ર. તો તમે ઉપદેશ આપો કે નહિ ?

જ. જો હું સાધુ હોઉં તો અમુક યોગ્યતા-અમુક અધ્યયન કર્યા વિના ઉપદેશ ન જ દઈ શકું અને શ્રાવક હોઉં તો તો મારે ઉપદેશ દેવાનો કોઈ કરતા કોઈ જ અધિકાર નથી.

પ્ર. પણ તમે ૧૨ વ્રતનો ઉપદેશ કેમ ના આપો ?

જ. મારો અધિકાર.....અરે ! મિત્ર તેં મને ફસાવવા માટે, હું કોણ છું તે જાણવા માટે આ પ્રશ્ન પૂછ્યો છે તે તારા મનોભાવે હું સારી રીતે સમજી શક્યો છું હાં તું એમ ના સમજતો કે મને કશી ખબર નથી પડતી.હું સાધુ છું ? શ્રાવક છું ? સમકિતી છું ? કે શું છું ? તે જાણવા માટે તેં આ પ્રશ્ન પૂછ્યો છે, પણ જવાબ સંભાળ.

અરે ! પણ સાંભળતો ખરા. ઉતાવળ ના કર. અચ્છા પૂછી લે પ્રશ્ન.

પ્ર. અચ્છા મૂળ સીધો જ પ્રશ્ન પૂછી લઉં બસ કે શ્રાવકે સાધુની હાજરીમાં ઉપદેશ અપાય ?

જ. ના, ન જ અપાય. શ્રીપાળ રાજાનો રાસ પણ ના ઉપદેશાય કે પાપ સ્થાનકો પણ ના ઉપદેશાય. અરે ! આ સાવ સીધો જવાબ છે છતાં તું કેમ પૂછે છે તે મને સમજાતું નથી.

પ્ર. પણ કેમ ન અપાય ?

જ. ભગવાનની પ્રતિમાજી હાજર હોય ત્યારે સાધુ ભગવંતો ઉપદેશ નથી દેતા અથવા તો પડદો કરી છે. એમ સાધુ ભગવંતોની હાજરીમાં શ્રાવક ઉપદેશ ના આપી શકે. (શ્રાવક શ્રાવકોની સભામાં પણ ઉપદેશ દઈ ના શકે છતાં તે વાતને હમણાં ગૌણ રાખીએ તો ય પંચમહાવ્રતધારી, ભગવંતોને જા ગુણઠાણાવાળા નીચલી કક્ષાના શ્રાવકો ઉપદેશ આપી જ કેમ શકે ?

પ્ર. તો એવી પ્રવૃત્તિ કેમ ચાલે છે ?

જ. જો એવું ના પૂછીશ. આ પાછુ ફસામણમ થ જશે. લોકો શું કરે છે શું નહિ ? એ જોવાનું માંડીવા આપણે આપણું જ સંભાળવું. તેમાં જ મજા છે "હું કરૂં એ જ બરાબર" એવા જમાનામાં આપણ જૂનવાણી ગણાઈએ સમજ્યો. આવી પ્રવૃત્તિ ચા કરનારે જ પહેલા કોઈને આમ ઉપદેશ દેતા અટકાવ્ય હોય અને તે જ એવી જ પ્રવૃત્તિ ચાલુ કરે તો તેમ તેવું કરવાનો હક્ક સમજવો શું ? એમણે કંઈ સમજીને જ પહેલા બંધ કરાવી હશે અને હવે કંઈ સમજી-વિચારીને જ ચાલુ કરાવી હશે ને ? એવ તટસ્થ ભાવના વડે આત્માને ભાવિત કરવો એ જ હિતકારી છે.

પ્ર. પણ આવું કેમ ચાલે ?

જ. ચાલે જ છે ને ? હું ત્યાર પછી એમની યે કંઈને ક મજબૂરી હશે. બોલ સંસારમાં ય જે પિતા પુત્રન તોફાન/મસ્તી સામે ગુસ્સો કરતા હોય. મારત ટીપતા હોય તે જ પિતા, પુત્રની કમાણી આવવ માંડે પછી પુત્રની બધી હવે પછીની ભૂલોને ખમ ખાતા હોય છે કે નહિ ? હું ત્યારે એવું જ અહીં પણ સમજી ગ્યો. (ક્રમશ

# જાહેર નિવેદન

*મેટ્રોન્યુઝ અમદાવાદ ૯/૮/૨૦૦૮ શનિવાર*

પત્રિકા મારા સરનામે આવેલ છે. આ પત્રિકા અગાઉ પણ આવેલ, પત્રિકા મોકલનાર કોણ ? તપાસ કરતાં આવી નનામી પત્રિકા એક સમુદાયના સાધુઓ દ્વારા વ્યવસ્થિત ષડ્યંત્ર, કાવતરું, ચાલે છે. આવી બોગસ પત્રિકાઓની કાંઈ કિંમત નથી. લખનાર ઉપર દયા કરવા જેવી છે. છતાંય ધ્યેય ઘણું મલીન લાગે છે. સામાન્ય, ભોળા, ભદ્રિક અજ્ઞાન જીવોને ગુમરાહ કરી સત્યમાર્ગથી ખસેડી, ઉન્માર્ગમાં ધકેલવા માગે છે.

ભગવાન મહાવીરની હાજરીમાં પણ આવું હતું જ એનું આશ્ચર્ય નથી. પરંતુ મારા પરમ ગુરૂદેવની ભરપેટ નિંદા કરનાર તેમની હાજરીમાં જ હતા કાંઈ નવું નથી. પરમ ગુરૂદેવે આવી હજારો પત્રિકાનો જવાબ વ્યાખ્યાનપાઠ ઉપરથી આપ્યો છે અને સત્યપક્ષની રજુઆત જીવનના જોખમે કરી છે અને અનેકાનેક જીવોને સત્યમાર્ગના પક્ષપાતિ બનાવ્યા છે તે કાંઈ ભુતકાળ નથી બની ગયો ! વર્તમાનમાં નજરસમક્ષ દેખાય છે.

ખરેખર : - પૂજ્યશ્રીને ગેરહાજરીથી આજે શાસન ધણીધોરી વગરનું બન્યું છે. જેને જેમ કરવું તેમ છુટ છે. બાવ. પકડનાર કોઈ નથી. એવું વિચાર કરતાં નથી લાગતું ? પરમ ગુરૂદેવના દ્વેષીઓને સારી તક મળી છે. છતાં શાસનમાં આવા દ્વેષીઓને વ્યવસ્થિત જવાબ આપનાર જીવે છે. પણ નનામી અનામી પત્રિકાથી જીવો ભરમાઈ ન જાય તે માટે પૂજ્યશ્રીની ગેરહાજરીમાં પણ તેમન જ પ્રવચનોની ફાઈલ-પુસ્તકો અનેક રીતે ઉપલબ્ધ છે. ગુરૂમહારાજો શિષ્ય પ્રશિષ્યો વિચરે છે. તો આરાધક ભાઈઓ થોડા સાવધ બની થોડું વાંચન કરે. વિચારે તો મોક્ષમાર્ગની આરાધનાની વાસ્તવિકતા સમજશો એજ પ્રાર્થના.

દા. : નગીનદાસ ભાઈચંદ શાહ
મુલુંડ (વેસ્ટ) - મુંબઈ

---

# જૈન શાસનમાં નવો મળેલ સહકાર

**આજીવન :**

(૧) રાજેશભાઈ રસીકલાલ શાહ - સુરેન્દ્રનગર

(૨) શ્રી વિમલકુમાર સુજાનમલ - પિત્તલીયા- નિકુંભ - રાજસ્થાન

(૩) શ્રી હિરજી પ્રેમચંદભાઈ દોઢિયા - અમદાવાદ

રૂ. ૧૦૦૦/- શ્રી પાનાચંદભાઈ પદમશીભાઈ ગુઢકા - (લાખાબાવળ) - રાજકોટ હસ્તે : અશોકભાઈ પદમશીભાઈ ગુઢકા પરિવાર સુપુત્રી ચિ. જીનલ ના સગપણ નિમિતે.

રૂ. ૧૦૦૦/- શ્રી અમૃતલાલ નરશીભાઈ નાગડા - ગામ - વાવળેરાજા પ.પૂ. આ.શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.સા.ના હાલ : સુરત ઉપદેશથી

રૂ. ૫૦૦/- શ્રી વિનેશ મગનલાલ - જામનગર
વર્ષિતપના પારણા કરતા સિદ્ધચક્ર પૂજન ભણાવતા તેમજ નવગૃહમાં પ્રવેશ કરતા પંચકલ્યાણ પૂજન ભણાવતા. નવા ભગવાનના અભિષેક કરતા.

રૂ. ૨૦૧/- શ્રી દિનેશચંન્દ્ર કાલીદાસ નગરીયા - લાખાબાવળ, હાલ : બેંગ્લોર ચિ. વૈશાલી તથા ચિ. રાહુલના લગ્ન નિમિત્તે તથા તા. ૨-૧૧-૨૦૦૮ના રોજ લગ્ન નિમિત્તે પંચકલ્યાણક પૂજા ભણાવતા ખુશીભેટ.

રૂ. ૧૦૧/- જશોદાબેન દેવચંદભાઈ માલદે તરફથી મુંગણી - મુંબઈ હ. પરેશભાઈ પ.પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્યા પૂ.સા. શ્રી પ્રશાંતદર્શનાશ્રીજી મ. ના શિષ્યા સા. શ્રી ધૈર્ય દર્શનાશ્રીજી મ. સા. ના સિધ્ધિતપ નિમિત્તે.

# સમાચાર સાર

**શ્રી હાલારી વિશા ઓશવાળ સમસ્ત સમાજ જોગ :**

સવિનય જણાવવાનું જે પાલીતાણા ઓશવાળ યાત્રિક ગૃહ તા. ૨૮/૧૦/૦૮ દિવાળીના શુભદિને ઉપાશ્રયમાં પ.પૂ. મુનિરાજ શ્રી તત્ત્વ સુંદર વિજયજી મ.સા. એ પધારીને સવારના ૯/૩૦ વાગ્યે વ્યાખ્યાન આપેલ હતું.

વ્યાખ્યાન દરમ્યાન શ્રી આદિનાથ જીનાલયની ત્રીજી વર્ષ ગાંઠ સવંત-૨૦૬૫ પોષવદ-૮ તા. ૧૮/૦૧/૦૯ ના આવે છે. ત્યારે મુખ્ય શિખર અને અન્ય ચાર શિખરની ધ્વજા લહેરાવવા અંગે બોલી બોલીને ઉછામણી કરવામાં આવેલ તેમાં પાંચ પરિવારોએ લાભ લીધેલ છે. તેની વિગત આ મુજબ છે તે દિવસે ૧૮ અભિષેકના પુજાનો રૂા. ૧૫૦૦૦/- નો નકરો હજુ બાકી છે. શ્રી આદિનાથ જીનાલય ધ્વજારોહણનાં પ્રસંગે પાલીતાણા પધારવા ટ્રસ્ટી મંડળ હાર્દિક આમંત્રણ પાઠવે છે.

## ૨૦૬૫ પોષવદ-૮ તા. ૧૮/૦૧/૨૦૦૯ ના ધ્વજારોહણ અંગે

| | ધ્વજા લહેરાવવાની વિગત | લાભ લેનાર પરિવારનું નામ | નકરાની રકમ |
|---|---|---|---|
| (૧) | મુખ્ય શિખરની ધ્વજા લહેરાવવાનો લાભ લેનાર પરિવાર | માતુશ્રી કસ્તુરબેન નરશી વીરજી જાંખરીયા પરિવાર હઃ અરવિંદ નરશી જાંખરીયા (વડાલીયા સિંહાણ) મુંબઈ | રૂા. ૩૧,૫૦૦/- |
| (૨) | ગભારાની આગળના ભાગે રંગમંડપની ધ્વજાનો લાભ લેનાર પરિવાર | શ્રીમતી રડીયાબેન સોમચંદ પેથરાજ ગોસરાણી પરિવાર (કનસુમરા) જામનગર | રૂા. ૨૧,૨૨૨/- |
| (૩) | જિનાલયની ફ્રન્ટની સન્મુખ ચોકીની ધ્વજા લહેરાવવાનો લાભ લેનાર પરિવાર | શ્રી રાયચંદ મેરગ ગડા પરિવાર (સોડસલા) મુંબઈ | રૂા. ૧૧,૫૦૦/- |
| (૪) | ભગવાનની જમણી તરફની ચોકીની ધ્વજા લહેરાવવાનો લાભ લેનાર પરિવાર | શ્રી કચરા ગોસર સાવલા પરિવાર હ. : ખીમજીભાઈ તથા શ્રી વેલજી કચરા સાવલા (ચેલા) જામનગર/મુંબઈ | રૂા. ૧૦,૫૦૦/- |
| (૫) | ભગવાનની ડાબી તરફની ચોકીની ધ્વજા લહેરાવવાનો લાભ લેનાર પરિવાર | શ્રીમતી જયાબેન દેવચંદ ભારમલ ગુઢકા પરિવાર હ.: શ્રીમતી કુસુમબેન મુકેશ દેવચંદ ગુઢકા પરિવાર (નાગડા) મુંબઈ | રૂા. ૮,૦૦૧/- |

**જામનગર - દિગ્વિજય પ્લોટ :**

અત્રે હાલારે દેશોદ્ધારક પ.પૂ. આ. શ્રી વિજયામૃત સૂરીશ્વરજી મ. ના હસ્તે પ્રતિષ્ઠિત થયેલ શ્રી વિમલાનાથ જૈન દેરાસર (હાથીવાળું દેરાસર) ની ૫૧ મી વર્ષગાંઠ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ.મ. નિશ્રામાં ઉજવાઈ.

કારતક વદ-૧૪ ના કુંભસ્થાપન, દીપક સ્થાપન, જવારા રોપાણ થયું. માગશર સુદ દ્વિ.- ૪ ના નવગ્રહાદિ પાટલા પૂજન, સુદ-૫ ના શ્રી લઘુશાન્તિસ્નાત્ર, સુદ-૬ ના સત્તરભેદી પૂજા અને ધજારોપાણ થયું. મુમુક્ષુ પાયલબેન ચંદુલાલ નગરિયા વર્ષીદાનનો વરઘોડો કામદાર કોલોનીથી ચઢી ઓશવાળ કોલોની થઈ અત્રે ઉતર્યો. ત્યારબાદ પૂજયશ્રીએ માંગલિક સંભળાવ્યું અને આવેલ સર્વે ભાવિકોની સાધર્મિક ભક્તિ કુંવરભાઈ જૈન ધર્મશાળામાં થઈ. વિધિકારશ્રી વિજયભાઈ (ખંભાત)એ પૂજનો ખૂબ ચીવટથી ભણાવ્યા. સંગીતકાર શ્રી અંકુરભાઈ પાટણવાળા એ ત્રણ દિવસ પૂજા-પૂજન તથા ભાવનામાં રંગ જમાવ્યો. મહોત્સવ ખૂબ સારી રીતે ઉજવાઈ ગયો.

**હાલર દેશોદ્ધારક પ.પૂ.આ.ભ. જિનેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં :**

પ.પૂ. આ.ભ. જિનેન્દ્રસૂરી મ.સા. ના આજ્ઞાવર્તી સા. અનંતપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્યા સા. પ્રશાન્તદર્શનાશ્રીજી મ.સા. ના શિષ્યા સા. ધૈર્યદર્શનાશ્રીજી મ.સા.ના સિદ્ધિ તપની અનુમોદનાર્થે ત્રિદિવસીય મહોત્સવ – આસો સુદ-૮ મંગળવાર શત્રુંજય ભાવયાત્રા બપોરે ૩ થી ૫ કલાકે સુશ્રાવિકા નલીલાબેન જયસુખભાઈ મુલુન્ડવાળા તરફથી ૫ રૂા. પ્રભાવના થઈ.

આસો સુદ-૯ બુધવાર : સાંજી બપોરે ૩ થી ૫ કલાકે શાંતિ ભુવન ઉપાશ્રય સંઘની બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ વિમલનાથ મંડળની બહેનોએ માહોલ સારો સર્જન કર્યો હતો. નાની ૫ બાલિકાઓએ નૃત્ય કર્યું હતું. તેઓને પ્રોત્સાહિત ઈનામ ૨૫-૨૫ રૂા. મંડળને ૧૦૦૦ રૂા. ભેટ. પરમાત્માને ભવ્ય આંગી રચાઈ હતી.

કાચના ગ્લાસની પ્રભાવનાનો લાભ લીધો. આસો સુદ પ્ર.-૧૦ ગુરૂવાર : સવારે ૭-૦૦ કલાકે વિમલનાથ દેરાસરેથી પ.પૂ. ઉ. યોગીન્દ્રવિજયજી મ. આદિ મહાત્માઓ સાથે વાજતે-ગાજતે ચતુર્વિધ સંઘ સાથે દેવચંદ વેલજી કુંભા માલદેના ગૃહ આંગણે પાવન પગલા થયા. શાન્તિભુવન, કામદાર કોલોની, ઓશવાળ કોલોની, પાઠશાળાએથી મહાત્માઓ તથા સાધ્વીજી ભગવંતો પધાર્યા. હતા. ૪ મહાત્માઓએ તપનો મહિમા સમજાવ્યો.

માંગલિક પ્રવચન પૂર્ણ થયા બાદ શ્રીફળની પ્રભાવના થઈ. છેલ્લા ૭ દિવસ દરરોજ સાંજે પ્રતિક્રમણ બાદ મહેનોની સાંજી ગવાતી હતી. તેમાં વિવિધ પ્રભાવનાઓ થઈ હતી. સુશ્રાવિકા જશોદાબેન દેવચંદભાઈ માલદે, પ્રજ્ઞાબેન ભરતભાઈ હરિયા, અલ્પાબેન ચંદુભાઈ દોઢિયા હ : પરેશભાઈ લાભ લીધેલ.

પ.પૂ. સા. અનંતપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્યા સા. ભવ્યદર્શનાશ્રીજી મ.સા. ના ભદ્રતપની અનુમોદનાર્થે ત્રિદિવસીય મહોત્સવ.

આસો સુદ - ૧૧ શનિવાર : શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણક પૂજા દેવચંદ ગોસર ગડા તરફથી ઠાઠથી ભણાવાઈ. શ્રીફળની પ્રભાવના કરાવાઈ.

આસો વદ-૪ શનિવાર : બપોરે ૩ થી ૫ કલાકે શાન્તિભુવન ઉપાશ્રય મોમ્બાસા નિવાસી શિલ્પાબેન શાંતિલાલ તરફથી લાભ લીધો. તેમાં વિમલનાથ મંડળની બહેનોએ તપના સારા ગીતોની રમઝટ બોલાવી. નાટક તથા નૃત્ય થયા. મંડળને ૨૦૧ રૂા. ભેટ તથા બાલિકાઓને સેટ આપ્યો. મોટા પતાસા બે-બે ની પ્રભાવના થઈ. પરમાત્માને ભવ્ય આંગી રચાઈ હતી.

આસો વદ- ૫ રવિવાર સવારે ૭-૦૦ કલાકે વિમલનાથ દેરાસરેથી પ.પૂ. યોગીન્દ્રવિજયજી મ.સા. આદિ મહાત્માઓ ચતુર્વિધ સંઘ સાથે શાન્તિભુવન ઉપાશ્રયમાં માંગલિક ફરમાવ્યું. બાદ દેવચંદ ગોસર ગડા તરફથી ૧ રૂા. પ્રભાવના તથા વાજતે-ગાજતે સોજપાર કચરા ગોસરાણી પરિવાર તરફથી તેમના ગૃહ આંગણે ચતુર્વિધ સંઘના પાવન-પગલા થયા. ત્યાં ૪ મહાત્માઓએ તપનો મહિમા સમજાવ્યો. પ્રવચન પૂર્ણ થયા બાદ સોજપાર કચરા ગોસરાણી પરિવાર

તરફથી ૧૮ રૂા. સંઘપૂજન તથા લંડન નિવાસી મોતીચંદ પરબત તરફથી ૫ રૂા. સંઘપૂજનનો લાભ લેવાયો.

છેલ્લા ૪ દિવસ બહેનોની સાંજી ગવાઈ હતી.

| | |
|---|---|
| સુશ્રાવક ચ.ચા તરફથી સાતક્ષેત્રમાં | ૭૭૭ રૂા. |
| સર્વ સાધારણમાં | ૯૯૯ રૂા. |
| જીવદયામાં | ૧૧૧ રૂા. |
| કસ્તુરબેન ગુલાબચંદ દેવરાજ તરફથી જીવદયામાં | ૫૦૧ રૂા. |
| મુકેશ પ્રેમચંદ ગડા તરફથી જીવદયામાં | ૨૫૧ રૂા. |

બન્ને સાધ્વીજી ભગવંતીની અનુમોદનાર્થે લાભ લીધો હતો.

**હાલોલમાં શાશ્વતી ઓળીની ભવ્ય આરાધના :**

પૂ. મુનિરાજ શ્રી મંગલવર્ધન વિ.મ. અને પૂ.મુ. હિતવર્ધન વિ.મ. આદિ શ્રમણ-શ્રમણીવૃંદ હાલોલ-નવકાર આરાધના ભવનમાં ચાતુર્માસ બિરાજમાન છે અને તેઓશ્રીની નિશ્રામાં ચાતુર્માસિક આરાધનાઓની પરંપરા સરજાઈ રહી છે.

આસો માસની શાશ્વતી ઓળીની આરાધના પણ હાલોલ સંઘમાં અત્યંત સુંદર રીતે સંપન્ન થઈ છે. ૧૫૧ ભાગ્યશાળીઓએ સામુદાયિક ઓળી કરીને જીવનને આરાધનામય બનાવ્યું છે. ઓળી અને એ પૂર્વે વર્ધમાન તપના મંડાવવાના સંપૂર્ણ લાભ ખંડપ નિવાસી મોહનલાલજી ઉત્તમકુમાર વિનાયકીયા પરિવારે મેળવ્યો હતો અને આ દિવસો દરમ્યાન ૧૬૦૦ થી ૧૭૦૦ જેટલાં આયંબિલ કરાવી પોતાની નશ્વર સંપત્તિનો ઉત્તમ સદ્વ્યય કર્યો હતો.

ઓળી દરમ્યાન નિયમિત ૯-૩૦ થી ૧૧-૦૦ પર્યંત નવપદનો પરિચય કરાવતું પ્રવચન સાંભળવા ભાવિકો સારી સંખ્યામાં ઉપસ્થિત થઈ જતાં. આસો-સુદ-૯મે પૂ. ગુરૂદેવ ભવ્યવર્ધન વિ.મ.ની ૪ થી સ્વર્ગતિથિને અનુલક્ષીને તેઓશ્રીજીના ગુણાનુવાદ વ્યાખ્યાન દરમ્યાન થયાં. આસો સુદ-૧૨+૧૩ ના ૨૦૦ જેટલાં ભાવિકોને ૧૨ વ્રતોના ઉચ્ચારણની સામુદાયિક ક્રિયા નાણ સમક્ષ કરાવવામાં આવી. આસો સુદ ૧૫ મે ઓળીના લાભાર્થી પરિવાર તરફથી સિદ્ધચક્ર પૂજન ભણાવવામાં આવ્યું. આસોવદ-૧ મે તપસ્વીઓના પારણા તેમજ સકળ સંઘનું સાધર્મિક વાત્સલ્ય પણ આ ઉદારદિલ પરિવારે ઉત્સાહપૂર્વક યોજ્યું હતું. તેમજ તપસ્વીઓને વિશિષ્ટ પ્રભાવના અર્પણ કરી હતી.

**ૐ કાર તીર્થે ભદ્રંકર નગરે શાસન પ્રભાવના :**

પ.પૂ. સૂરિમંત્ર પૂ.આ.દે. શ્રી પુન્યાનંદ સૂરીશ્વરજી મ.સા. તથા પ્રવચનકાર પ.પૂ. મહાસેન સૂરીશ્વરજી મ.સા. આદિ ૫૬ સાધુ-સાધ્વીજી ભગવંતની નિશ્રામાં થયેલ.

આરાધના - અનુષ્ઠાન

ભાદરવા વદ - ૭ જિજ્ઞાબેન યોગેશભાઈના માસક્ષમણ નિમિત્તે પાર્શ્વનાથ છત્રીશ મહાપૂજન તેમના પરિવાર તરફથી.

ભાદરવા વદ - ૧૦ થી આસો સુદ-૩ સુધી શ્રી મંત્રાધિરાજ શ્રી નમસ્કાર મહામંત્રના નવા-નવા અનુષ્ઠાનો દ્વારા નવ એકાસણા થયા. તેમાં આરાધકો સારી સંખ્યામાં જોડાયા.

આસો સુદ-૫ તપાગચ્છ રક્ષક શ્રી : મણિભદ્રવીર પૂજન

આસો સુદ - ૭ થી ૧૫ સુધી નવપદજી મહારાજાની શાશ્વતી ઓળી તથા ગુરૂભગવંતોની નિશ્રામાં નવપદની આરાધના પ્રાતઃસમયે જિનમંદિરમાં થતી હતી તથા સિદ્ધચક્ર મહાપૂજન, પાર્શ્વનાથ પદ્માવતી પૂજન અને તરણ-તારણ ગિરિરાજ શ્રી શત્રુંજયના વધામણા આદિ નવા-નવા અનુષ્ઠાનો દ્વારા આરાધકો ભક્તિમાં ભીંજાઈ ગયા હતા.

આસો સુદ - ૧૧ પૂ. ગુરૂદેવની નિશ્રામાં ચાણસ્મા હાલ (સુરત) નિવાસી મુમુક્ષુ કુ. ખુશ્બુ રોહિતભાઈની દીક્ષા મુહૂર્ત ની ઉદ્ઘોષણા જોરદાર આનંદ-ઉલ્લાસ અને ઉત્સાહની સાથે ચતુર્વિધ સંઘની નિશ્રામાં પૂજ્યશ્રીના વરદ હસ્તે માગસર સુદ ૩ નો પાવન દિન અર્પણ કરાયો.

આસો સુદ-૧૪ આચાર્ય ભગવંત વિશિષ્ટ આરાધનાર્થે સૂરિમંત્રની પીઠિકામાં પ્રવેશ.

મૌન સહ ૧૬ દિનની આરાધના.

આસો વદ- ૪ મહામંગલકારી ઉપધાન તપની આરાધનામાં નાની-નાની બાળિકાઓ, ભાઈઓ, બહેનોનો ભવ્યાતિભવ્ય પ્રવેશ.

આસો વદ - ૧૦ શાસન પ્રભાવક પ્રખર પ્રવચનકાર પ.પૂ.

વીરસેન સૂરીશ્વરજી મ.સા. ની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે વ્યાખ્યાનમાં ગુણાનુવાદ. ૧૫ રૂા. નું સંઘપૂજન, બપોરે પાર્શ્વનાથ સત્તાવીશ અભિષેક મહાપૂજન. વડોદરા નિવાસી શાંતિભાઈ વાઘ પરિવાર તરફથી ભણાવેલ.

કારતક સુદ - ૧ પૂ. ગુરૂદેવશ્રી ૧૬-૧૬ દિવસની મૌન પૂર્વકની આરાધના કરી ચતુર્વિધ સંઘને દર્શન આપ્યા. પૂજ્યશ્રીના પગલે-પગલે ચાંદીના સિક્કા અને રૂપિયા મૂકી ગુરૂ ભક્તોએ લાભ લીધો. પછી ચતુર્વિધ સંઘની સાથે જિનાલય પધાર્યા. ત્યાં દ્વારોદ્ઘાટન થયું. દ્વારોદ્ઘાટન તથા ગુરૂપૂજન સાથે પ્રથમ વાસક્ષેપ ગ્રહણ કરવાનો લાભ રામજી દેવરાજ ગુટકા પરિવાર તથા હંસરાજ નાથાભાઈ હરિયા પરિવારે લાભ લીધો.

કારતક સુદ - ૫ જ્ઞાન પંચમીની આરાધના ચતુર્વિધ સંઘની સાથે દેવવંદન.

કારતક સુદ - ૧૫ ચાતુર્માસ પરિવર્તનનો લાભ પ્રવિણાબેન રાજેન્દ્રભાઈ છાણીવાળાએ લીધો.

કારતક વદ - ૨ થી ૭ સુધી તપસ્વી મુનિવર્ય શ્રી સિધ્ધસેન વિ.મ. ની ૭૩ થી ૭૯ લગાતર વર્ધમાન તપની ઓળી ૫૩૨ આયંબિલની સાથે નિર્વિધ્ન પૂર્ણાહૂતિ. તેમના તપની અનુમોદનાની સાથે ૨૦ સાધ્વીજી ભગવંતોના ઓળીના પારણા તથા સાધુ-સાધ્વીજી ભગવંતોના યોગોદ્વહનની પૂર્ણાહૂતિ આલબંનમાં

કારતક વદ ૨-૩ -૪૫ આગમ મહાપૂજા

કારતક વદ ૩-૪-૫ શ્રી અર્હન્મહાપૂજન

કારતક વદ - ૬ વિશિષ્ટ પ્રોગ્રામ Who Am I (હું કોણ છું)

કારતક વદ -૭ સવારે ૭-૦૦ કલાકે તપસ્વીઓના પગલા ચતુર્વિધ સંઘની સાથે વાજતે-ગાજતે લબ્ધિ ભુવન-ભદ્રંકર હોલમાં થયા. માંગલિક પ્રવચન બાદ પૂ. આચાર્ય ભગવંત તથા તપસ્વીઓને ઓવારણાની બોલી થઈ. તેમાં ગુરૂ ઓવરણાનો લાભ પૂ. સિધ્ધસેન વિ.મ.સા. ના સંસારીબેન સૌ. લીનાબેન અશોકભાઈ શાહ પાદરાવાલાએ લીધો અને તપસ્વીને સહુ પ્રથમ વ્હોરાવવાનો લાભ : જે. લાલચંદ સરાફ એન્ડ કું. રત્નાગિરિવાળાએ લીધો. ૪૫ આગમ મહાપૂજા સંગીતકાર અલ્પેશ રાગીએ શાસ્ત્રીય રાગોમાં સુંદર ભણાવેલ. શ્રી અર્હન્ મહાપૂજનમાં પંડિતવર્ય પરેશભાઈએ પરમાત્મા આપણા શું ઉપકારી છે. એ વિષે ખૂબ જ સુંદર શબ્દોમાં સમજાવ્યું હતું. પાટણવાળા અંકુરભાઈ પોતાની પાર્ટી સાથે પધારી પૂજનમાં ભક્તિની રમઝટ જમાવી હતી.

વિટા નિવાસી મુમુક્ષુ વિશાલકુમાર તથા ચાણસ્મા (સુરત) નિવાસી મુમુક્ષુ ખુશ્બુ કુમારી ની દીક્ષા નિમિત્તે રત્નત્રયી મહોત્સવ નહિ કલ્પેલો, નહિ ધારેલો ભવ્યાતિ ભવ્ય ઉજવાયો.

માગશર સુદ - ૧-૧૨-૩૯ દિક્ષાર્થીનું આગમન. બપોરે ૨-૩૦ કલાકે મુમુક્ષુઓને કેશર છાંટણા દ્વારા કપડા રંગવાનો પોગ્રામ.

માગશર સુદ - ૨ સવારે ૮-૩૦ કલાકે બંને મુમુક્ષુઓનો હાથી, રથ, બગી, શરણાઈ, બેન્ડ આદિ સાજન-માજન સાથે વરસીદાનનો વરઘોડો અદ્‌ભૂતપૂર્વક નીકળ્યો ઉત્સાહથી ઉદારતાથી વરસીદાન કરેલ.

બપોર ૨-૩૦ કલાકે પાર્શ્વ પદ્માવતી મહાપૂજન ઠાઠથી ભણાવેલ.

માગશર સુદ-૩ સવારે ૮-૩૦ કલાકે વિભુ વિરના પંથે પ્રયાણ કરતા મુમુક્ષુ વિશાલકુમાર તથા મુમુક્ષુ ખુશ્બુ કુમારીનું ઘરથી લબ્ધિ ભુવન ભદ્રંકર પ્રવ્રજ્યા મંડપમાં પ્રયાણ. છેલ્લું વિદાય તિલક કરવાનો લાભ ચાણસ્મા (સુરત) નિવાસી મંગળદાસ પ્રેમચંદ પરિવારે લીધો. બીજા પણ ઉપકરણોની બોલી ખૂબ જ સુંદર થઈ.

દીક્ષા મહોત્સવમાં અક્ષયગ્રુપ પારસભાઈ, રાજુભાઈ નાશિકવાળા પોતાની પાર્ટી સાથે પધારી મહોત્સવને દીપાવ્યો. નૂતન મુનિનું નામ : રત્નસેન વિ.મ., નૂતન સાધ્વીનું નામ જિનાંગનિધિ શ્રીજી મ. રાખ્યું.

માગશર સુદ - ૪ - ૪- ૫ જગ જનના આસ્થાના સ્થાનરૂપ, પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાની તથા શ્રી મનમોહન પાર્શ્વનાથ પ્રભુ આદિ જિનબિંબોની અંજનશલાકા મહોત્સવ કોલ્હાપુર નિવાસી શા. જયંતિલાલ કાલીદાસ પરિવારે સ્વ. રમિલાબેનના આત્મશ્રેયાર્થે ઉદારતા પૂર્વક મહોત્સવનો સંપૂર્ણ

લાભ લીધો વિધિ વિધાન માટે કોલ્હાપુર નિવાસી પંડિતવર્ય નવીનભાઈ તથા બેલગામ નિવાસી સતીષભાઈ પંડિત આવેલા અને સંગીતકાર કરાડ નિવાસી રોશનભાઈ પધારી ભક્તોને ભક્તિમાં ભીંજાવી દીધેલા.

માગશર સુદ - ૬ સવારે માળારોપણ બોલી, બપોરે શાન્તિ મહાઅભિષેક મહાપૂજન ઠાઠથી થયું.

પ્રથમ માલ : શા. જયંતિભાઈ બાલુભાઈ છાણી પરિવારે લીધો.

માગશર સુદ - ૭ સવારે ૮-૩૦ કલાકે રથયાત્રા તથા ઉપધાન તપના તપસ્વીઓનો વરઘોડો બાદ મંગલ માળા રોપણ વિધિ પ્રારંભ થયેલ. અંતમાં શ્રી સંઘ સ્વામિવાત્સલ્યનો લાભ લેવાયો.

માગશર સુદ - ૯ વિશ્વાકુમારી તથા શિલ્પાબેન ધર્મેશભાઈના ઉપધાન તપની અનુમોદનાર્થે શ્રી પાર્શ્વ અભિષેક પૂજન, સંઘ જમણ આદિ ૐકાર તીર્થમાં ઠાઠથી ઉજવાયું. પૂજ્યશ્રીના હસ્તે દમણ નિવાસી વિશાખાબેન મોહનભાઈની દીક્ષા થઈ. નુતનસાધ્વીનું નામ વંદનરસાશ્રીજી મ. રાખ્યું.

પોષ દશમીની આરાધના અઠ્ઠમ તપ દ્વારા પૂજ્યશ્રીની નિશ્રામાં સામૂહિક મુંબઈ નિવાસી મદનજી સિંગવી પરિવાર દ્વારા થશે. સર્વને અઠ્ઠમતપમાં જોડાવા ભાવભર્યું આમંત્રણ.

**સુરત : શ્રી અઠવાલાઈન્સ - લાલબંગલામાં અંજન શલાકા - પ્રતિષ્ઠા - દીક્ષા - ઉપધાન માળા પ્રસંગે દીક્ષાદાનેશ્વરી આ. ભ. શ્રી ના હાથે ત્રણ મુનિવરો આચાર્યપદથી અલંકૃત થયા.**

સુરતના શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘમાં તા. ૨૩ નવેમ્બરથી ચાલી રહેલ શ્રી વાસુપૂજયસ્વામી અંજનશલાકા પ્રતિષ્ઠાના નવાહ્નિકા મહોત્સવે તા. ૩૦ નવેમ્બર સવારે ૧૦ કલાકે પૂજય દીક્ષા દાનેશ્વરી આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા., આ. શ્રી પુણ્યરત્ન સૂ. મ. આદિ ૨૫૦ સાધુ-સાધ્વી ભગવંતોની શુભનિશ્રામાં ૐપુન્યાહં પુન્યાહં પ્રીયન્તાં પ્રીયન્તાં ના મંત્રોચ્ચારો વિધિવિધાનો સાથે ઉલ્લાસભેર પરમાત્મા શ્રી વાસુપૂજ્ય સ્વામી, શ્રી ચંદ્રપ્રભસ્વામી, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન, તપાગચ્છાધિનાયક શ્રીમણિભદ્રવીર તથા પદ્માવતીદેવીને ગાદીનશીન કરવામાં આવ્યા.

ત્યારબાદ જે ચંપાપૂરીનગરીમાં પાંચ કલ્યાણકોના સ્ટેજ પ્રોગ્રામ કરવામાં આવેલા હતા. તે નગરીમાં પૂજય દીક્ષાદાનેશ્વરી આ.ભ. શ્રી ગુણરત્ન સૂરીશ્વરજી મ.સા. પોતાના ૨૫૦ સાધુ-સાધ્વી ભગવંતો સાથે મંડપમાં પધારી બિરાજિત થયા. નાણ રચાઈ. ચર્તુમુખી પરમાત્માને બિરાજિત કર્યા. દીવો ધૂપ ચાલુ કર્યુ. સંગીત અને સુંગધની હોડ જામી. સોનામાં સુગંધ મળે તેમ વિદ્વાન પંન્યાસ શ્રી યશોરત્ન વિ.મ. તપસ્વી પંન્યાસ શ્રી રવિરત્ન વિ.મ. તથા પ્રવચન પ્રભાવક પંન્યાસ શ્રી રશ્મિરત્ન વિજયજી મ.સા. ને પૂજયશ્રીએ જિનશાસનની મહામહિમાવંતી આચાર્યપદથી અલંકૃત કર્યા. ત્રણેય નૂતન આચાર્યભગવંતોને સૂરિ મંત્ર પટ્ટ વહોરાવવાનો લાભ તખતગઢ નિવાસી સંઘવી પુખરાજજી છોગાજી ત્રોણી બાગરાવાલા પરિવાર હાલ વિશાખાપટ્ટનં એ લીધો (પૂ. પં. શ્રી રશ્મિરત્ન વિ. ના સા. પિતાશ્રી પરિવાર)

આસન વહોરાવવાનો ઉમરાવાલા સેવંતીભાઈ મોરવાડી, દિલીપ બાબુભાઈ, ચંપાલાલ મંછાલાલજી ગ્રુપે લીધેલ. નવકારવાળી વહોરાવવાનો લાભ સંઘવી અશોકકુમાર મૂલચંદજી, વિશાખાપટ્ટમ્‌વાળા (પૂ.પં. રશ્મિરત્ન વિ. ના સાં. ભાઈ) એ લીધો. કામળી વહોરાવવાનો લાભ માંડવલા નિવાસી સંઘવી હંસરાજ રમેશકુમાર, સુરેશકુમાર મુથા પરિવારે લીધેલ. રેકોર્ડ બ્રેક ઉછામણીની સર્વત્ર અનુમોદના થયેલ.

૨૦ હજાર જેટલી જંગી મેદનીનો ઉત્સાહ અભૂતપૂર્વ હતો. આખું અઠવાલાઈન્સ કિડિયારાની જેમ ભક્તમાનવોથી ઉભરાઈ ગયું હતું.

પૂજ્ય દીક્ષાદાનેશ્વરી આ. ભ. શ્રી એ ધર્મદેશના આપતાં જણાવ્યું કે આચાર્યપદવી લેવાની ચીજ નથી, આપવાની હોય છે. જેમ અયોગ્યને પદ આપવો ગુન્હો છે, તેમ શાસ્ત્રની દષ્ટિએ યોગ્યને ન આપે તો પણ ગુન્હો બને છે. ત્રણેય મહાત્માઓ સુયોગ્ય છે. આ પદને પામી શાસનની

ધુરાને વહન કરે. પંચગનીમાં ભણેલ તખતગઢના વતની અને ૮ શિષ્યોના ગુરુદેવ નૂતન આ. શ્રી યશોરત્ન સૂ. મ. એ કહ્યું કે જે પદને ગણધરોએ વહન કરેલ છે, એવી યોગ્યતા તો અમારામાં ક્યાંથી હોય ? પણ સંઘના આર્શીવાદ કાંઈક પ્રગટશે. તેવી આશા છે. મૂળ સિરોડીના વતની અને પાંચ શિષ્યના ગુરુ એવા તપસ્વી આ. ભ. શ્રી રવિરત્નસૂરીશ્વરજી મ.સા. એ જણાવ્યું કે દ્રવ્યાચાર્યપણું ભાવાચાર્યપણાને પ્રગટ કરો. વિશાખાપટ્ટનમ્‌માં ભણેલ તખતગઢના વતની અને ૩૨ સુયોગ્ય શિષ્યોના ગુરુવરા પ્રવચન પ્રભાવક આ. ભ. શ્રીમદ્ વિજયરશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા. એ જણાવેલ કે 'તીર્થંકર સમાન સૂરિ ' આ પદે જવાબદારી અનેકગણી વધારી દે છે. જિનશાસન ૨૧ હજાર વર્ષ સુધી નિરાબાધ ચાલશે. એમાં સુવિહિત આચાર ચુસ્ત આચાર્ય ભગવંતોની પરંપરાનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. સૂરિવરોની એક આંખ વાત્સલ્યથી ભીની હોય છે. તો બીજી અંગારા વરસતી હોય એને શાસ્ત્રીય ભાષામાં ભીમકાંતગુણ કહેવાય. ૧૨૯૬ ગુણોથી યુક્ત આચાર્યપદ છે. ગુરુકૃપા પ્રસાદીરૂપે જે મહામૂલ પદની પ્રાપ્તિ થઈ છે તો સકલ સંઘને અને ગુરુભગવંતોને મારી નમ્ર યાચના છે કે પદ જોડે મદ ન આવે. જિનશાસનની આન, બાન અને શાન વધારું, જિનશાસન આરાધના પ્રભાવના અને રક્ષાના કર્તવ્યને સુપેરે બજાવી શકુ એવા આશીર્વાદ ભારતના સકળશ્રી સંઘો તથા ગુરુભગવંતોને પાઠવવા વિનંતી. અમરાલી મુકામે યોજેલ ઉપધાન તપની મોક્ષમાળા પણ ભવ્ય રીતે થઈ. ૬૩ બાળકોએ અને ૯૦ ભાઈ-બહેનોએ માળા પહેરી. નવસારીના મુમુક્ષુ સેજલ અને કોમલકુમારી (નાતપુરા) ની દીક્ષા થઈ. સા. દેવરેખાશ્રીજી તથા ક્ષમાર્થરિખાશ્રીજી નામ રાખવામાં આવેલ. ડો. સંજયભાઈ શાહે મંચ સંચાલન કરેલ. વિશ્વવ્યાપી સમૂહ રાત્રિભોજન બંધ અભિયાન તથા ઓક્સિજન પુસ્તકનું વિમોચન સંઘવી રમેશભાઈ મુથાએ કરેલ.

## જાણવા જેવું

**શ્રાવક સંબંધી :**

| | |
|---|---|
| ✲ જો શ્રાવકને સાધુ જેવા ૨ ઘડી માટે થવું હોય તો તે શું કરે ? | - સામાયિક |
| ✲ ઉંબરરાણા-શ્રીપાળે જીવનમાં કઈ આરાધના કરી હતી ? | - સિદ્ધચક્રજીની |
| ✲ મૌન અગ્યારસની ઉત્તમ પ્રકારે દ્રઢતાથી ક્યા શ્રાવકે આરાધના કરી ? | - સુવ્રત શેઠ |
| ✲ મન, વચન, કાયાની શુદ્ધિથી ક્યા શ્રાવકે ૩૨ દોષ રહિત સામાયિક કર્યું | - પુણીયા શ્રાવકે |
| ✲ રત્ના બનાવેલા ૨ બળદોની મૂર્ચ્છાના કારણે કોણ નરકે ગયા ? | -મમ્મણ શેઠ |
| ✲ રાજાના ઘરે જન્મ લેવા છતાં ઘણા દુઃખો સહન કરવા પડ્યા. | - મૃગાપુત્ર લોઢીયો |
| ✲ ભ. મહાવીરના પરમ ભક્ત હતા છતાં કર્મે નરક જવું પડ્યું. | - શ્રેણીક રાજા |
| ✲ ગૌતમ સ્વામી ક્યા શ્રાવકને મિચ્છામી દુક્કડં આપવા ગયા ? | - આનંદ શ્રાવક |

*(શ્રુત સાગરના રહસ્યો ભાગ - ૨ માંથી)*

### સૂરિ પરંપરા સ્તવના

*- રચયિતા - પ. પૂ. શ્રી મુનિ હિતવર્ધન વિજય મ.*

पुण्येन पारितोलोको – विद्यया पारिताऽऽगमः । अपार सद्‌गुणग्रामं, रामचन्द्रं स्तुवे सूरिम् ।।

ભાવાર્થ : પુન્ય દ્વારા સમગ્રલોકના શ્રેષ્ઠસ્થાને બિરાજનારા, વિદ્યા દ્વારા સકળ આગમોનો પાર પામનારા, નિઃસીમ ગુણોના સ્વામી, પૂ.આ. રામચંદ્રસૂરી મહારાજને હું સ્તવું છું.



# પરિમલ

- પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી
મહારાજા

★ સંસારી જીવ એટલે મોટામાં મોટો કેદી ! આ કેદની મુદત પણ નહિં, આ કેદ અનાદિ કાળથી ચાલુ છે.

★ સંસારી અને મોક્ષના એમ જીવના બે ભેદ સાંભળતાં જેને પોતાનું સંસારીપણું ખટકે અને મોક્ષની ઈચ્છા થાય તે ઊંચ્ચ કોટિનો જ્ઞાની છે.

★ એકેન્દ્રિયાદિ જીવો માનો તો તમને ખાવાનું ય ન ભાવે.

★ 'સંસાર અસાર લાગે નહિં, મોક્ષ સાર લાગે નહિં, ધર્મ પણ મોક્ષ માટે જ કરવાનો' આમ જેને લાગે નહિં તે બધા ગમે તેટલા ભાણેલા-ગણેલા હોય તો પણ અજ્ઞાન છે.

★ ગમે તેટલું ભણ્યો હોય પણ સંસારનું સુખ ભૂંડું ન લાગે તે અજ્ઞાની ! ભલે ઓછું ભણ્યો હોય પણ સુખ ભૂંડું લાગે તો તે જ્ઞાની !

★ કષાય કોના જોરદાર હોય? જેની વિષયવાસના જોરદાર હોય તેના. બધું મારે જ સારું સારું જોઇએ તે કષાયનું અને વિષય વાસનાનું જોર છે

★ જેને યોગ પામવો હશે તેણે જે જે ચીજવસ્તુને દુનિયા સારી માને છે, તે બધી ચીજ-વસ્તુને ભૂંડી જ માનવી પડશે.

★ જેને અર્થ અને કામ જ સારા લાગે છે, તે માટે જ ધર્મ કરવા જેવો લાગે છે તે બધા સંસારના મુસાફર છે.

★ આ દુનિયાની ચીજ-વસ્તુની જેને જરૂર પડે છે તે મારા રોગનું ફળ છે, મારે એવા નિરોગી થવું છે કે કશાની જરૂર ન પડે એવી અવસ્થાને મોક્ષ કહ્યો છે. જ્યાં સુધી જરૂર પડે ત્યાં સુધી સંસાર છે. કશાની જરૂર ન પડે તેવી અવસ્થા આવે ત્યારે મોક્ષ થશે.

★ મારે આ શરીરની પણ જરૂર નથી એમ હૈયાથી લાગશે ત્યારે આ શરીર તપ કરવા કામ લાગશે, બાકી આ શરીર જ તમારી પત્તર ખાંડશે. વાત-વાતમાં આ તે જોઈએ, આના તેના વિના તો ચાલે જ નહિ આવું આ ભિખારી શરીર પણ મારે જોઇતું નથી. આવો જીવ મોક્ષનો અર્થી કહેવાય, મોક્ષને સમજ્યો કહેવાય.

★ તે જ જીવને મોક્ષનો ખપ પડશે, જેને પૈસાનો અને ભોગનો શોખ ખરાબ લાગશે, તેના માટે મરી જઇએ પણ ધર્મ ન જ થાય તેમ લાગશે તેને.

★ એક કાળે જે જીવો દેવ-ગુરુ- ધર્મ માટે મરનારા હતા આજની હવાએ તે આજે અર્થ-કામ માટે મરનારા પાક્યા !

★ જેને પાપ જ કરવા છે, કરાવવા છે. પાપનું અનુમોદન કરવું છે તેવા પાપાત્માઓ ધર્મશાસ્ત્રોમાંથી મરજી આવે તેવી ફાવતી વાતો ઉઠાવી અધર્મનો પ્રચાર કરે છે, કરાવે છે.

★ સાચી સમજણ પૈસામાં ફસાવા ન દે. પૈસા આવે તો કહે આ પરિગ્રહ નામનું પાપ આવ્યું. તેને વળગવા જતો નહિ. તેનાથી અલગો અને આઘો રહેજે. જેમ પરિગ્રહ વધે તેમ માથાનો બોજો વધે, બહુ વધે તો ભાર વધશે. દશ લાખ બોલતા આનંદ ન થાય. તે તો કહે કે દશ લાખ બોજો છે! દશ લાખ હૈયામાં રાખીને, મૂર્છા લઈને જાય તો તે મૂર્છા ન જાય ત્યાં સુધી ભટક્યા જ કરે !

જૈન શાસન અઠવાડિક : માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા - ગેલેક્ષી કીએશનમાંથી છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.